" સાચી વાણીએ ભાવના ભાવે, સહુને અચરત થાવે,
વાજીંત્ર નાદ વજાવે. પ્રભુ. ૨

" હું તો કાબરી બાબર દ્વીપની, સાસ ભરી એ રેહી;
" સ્વામી બરાબર કો નહીં દીઠો, તુંહી અનેહી[1] અદેહી[2] પ્રભુ. ૩

" તું નિષ્કલંક અને નિર્મોહી, તું અરોહી ઉદાસી;
" મારા મન માંહેથી કેણીપરે, કહો હવે કેમ ફરી જાસી. પ્રભુ. ૪

" જેમ પંકજમાં[3] મધુકર[4] પેસે, તેમ મનકજમાં[5] પેઠો;
" તુમ દર્શન પામી નવિ હરખે, તે નિગુણો ને ધીઠો.[6] પ્રભુ. ૫

" હું તિર્યંચણી ને વળી પંખણી, લાખેણી તુમ સેવા;
" પામીએ તો એ અનુપમ ભાગ્યે, જિમ ભુખ્યા વરમેવા. પ્રભુ ૬

" ભવ ભવ તારી આજ્ઞા[7] સુરગવી, હોજો અવિચલ ભાવે;
" તેહથી ગોરસ[8] સમકિત સુધું, જ્ઞાનને ચરણ[9] જમાવે. પ્રભુ. ૭

" જેમ ધૃત આપ સ્વભાવે નિર્મળ, રસ શોધ્યો કહ્યો ન જાવે;
" તેમ તુંમ હેતે નિજ સ્વરૂપ તે, નિરાવરણ પ્રગટાવે. પ્રભુ. ૮

---

* આ સ્તુતિ અસલ પુસ્તકમાંથી લીધેલી છે. રાગ કાફી રાગમાં ગવાય છે.
" હરીએ આપીરે વૃંદાવનમાં માઝ "—એ દેશી.

૧ સ્નેહ વિનાના—રાગ રહિત—વિતરાગ. ૨ નિરાકાર. ૩ કમળમાં. ૪ ભમરો.
૫ મનરૂપ કમળમાં. ૬ નિર્લજ્જ. ૭ તમારી આજ્ઞારૂપ કામધેનુ. ૮ તે કામધેનુનું ગોરસ-
રૂપ સમકિત છે. ૯ ચારિત્ર.

" ઇંદ્ર ઇંદ્રાણી, મળી મનમાંહે, ભક્તિ કરે બહુ ભાવે;
" શાશ્વત પ્રભુ ગુણ ગાન કરે તે, તે શું દીસિયે હેતે. પ્રભુ. ૯

" સારિકા એ પ્રભુવરની આગળ દેવી, ગુણ પૂર્ણ કરવાં લાગી;
" સહુ શ્રોતાને મુઝ્યો એ અભિલાષ, ધ્યાન વિવેક મંગલ વાદી. પ્રભુ. ૧૦

આ પ્રમાણે મધુર કંઠથી સારિકાએ પ્રભુની સ્તુતિ કરી, તેના મધુર ધ્વનિથી સર્વ મંડપ ગાજી રહ્યો, સર્વ શ્રોતાઓના હૃદયમાં તેણીએ ભક્તિ ભાવના જાગ્રત કરી દીધી, ભક્તિના સ્તવનમય સંગીતથી સર્વ જન સમાજ સ્તબ્ધ થઇ ગયો, વાટિકાની રમણીય ભૂમિમાં તેના પ્રતિધ્વનિ પડયા, ગંધર્વની સભામાં પડેલો રાગ મંદ થઇ, તેને કાંઇક ગર્વ લાગ્યો, પોતાની જાતિનું તેમને અભિમાન થયું હોય, તેમ તેઓ પરમ આનંદને પ્રાપ્ત થઇ ગયાં. શકુનિકાના સુંદર સ્વરથી આકર્ષાયેલાં મૃગબાળોનાં વૃંદ તે સ્થળ ભૂમિની આસપાસ સ્થિર થઇ ગયાં, ઉદ્યાનમાં સર્વ સ્થલે શાંત રસને આપનારી શાંતિ પ્રસરી ગઇ. ઋષભદત્ત શેઠ અને તેનો પુત્ર શ્રીચંદ્રકુમાર ભક્તિ રસમાં મગ્ન થઇ ગયા, સારિકાના સ્તવનથી તેઓ આનંદમય થઇ, પરમાત્માની સાથે એકતાન થઇ ગયા, તેમની નિર્મલ મનોવૃત્તિ શુભ પરિણામના શિખર ઉપર આરૂઢ થઇ.

સ્તવન કર્યા પછી સારિકા એક વાપિકામાં સ્નાન કરી આવી, પછી પોતાની ચંચુ શુદ્ધ કરી, પુષ્પકરંડમાં આઠ અંગના હેતે પૂરી દીધાં, તે પુષ્પના પગર ભરવા લાગી, ધૂપ દીપનાં પાત્ર સજ્જ કરી દીધાં, પછી સારિકાએ અંબર અને કસ્તુરી મિશ્ર પવિત્ર જલથી પ્રભુને સ્નાત્ર કરાવ્યું, પ્રભુની પવિત્ર પ્રતિમાને નિર્મલ કરી, પોતે કર્મમલથી નિર્મલ થઇ, જન્મ, જરા અને મરણરૂપ રજ દૂર કરવામાં આવી. અવસરે શ્રીચંદ્રે પૂજા આરંભી. ચડતા પરિણામ પ્રગટ કર્યા, પૂજા અંગ કરી, પ્રભુના મનોહર મુખ સામું જોઇ, હેતે ચૈત્ય પ્રણામ કર્યા. સારિકાની આવી અદ્ભુત પ્રવૃત્તિ જોઇ, શ્રીચંદ્રકુમાર ચકિત થઇ ગયો. તે માનવ જીવનની કોટીમાં તિર્યંચના જીવનને ગણવા લાગ્યો, માનવનો જન્મ તિર્યંચથી ઉતરતો કહેવામાં તેને શંકા પડી. આ સારિકા જેવી તિર્યંચની ભક્તિ કેવો લાભ મેળવે છે! અને આવી મનુષ્યોથી તે કેવી ચઢીઆતી છે! એમ મનની સાથે તર્ક વિતર્ક કરવા લાગ્યો.

પ્રકરણ ૧૯ મું.

નિદાન અથવા નિયાણું.



રિકા પ્રભુની સર્વ પ્રકારની ભક્તિ કરી નિવૃત્ત થઇ, પ્રેમપૂર્વક પ્રણામ કરતી પાછી હઠવા લાગી. અત્યાર સુધી નિર્નિમેષ દ્રષ્ટિથી તેણીએ સર્વ ક્રિયા કરી હતી, હવે તેણીની દ્રષ્ટિ પ્રતિમાના ધ્યાનથી નિવૃત્ત થઇ હતી. ત્યાં એક તરફ જોયું, ત્યાં શ્રીચંદ્રકુમાર તેણીની દ્રષ્ટિએ પડયો. કુમારના સૌંદર્યે તેની દ્રષ્ટિને આકર્ષી, અકસ્માત્ તેના નિર્મોહ હૃદયમાં મોહનો ઉદય થઇ આવ્યો, ધર્મ ભાવનામાં ભવ ભાવના જાગ્રત થઇ. તેણે વિચાર્યું, આ સુંદર કુમાર કોણ હશે ! તેનું મનોહર મુખ, વિશાળ લોચન, શુક સમાન નાસિકા, બિંબ તુલ્ય હોઠ, ગુલાબી ચહેરો, આજાનુ ભુજા, ભ્રમરવત્ શ્યામ અને વાંકડીઆ કેશ, નમણા પગ અને મરોડદાર સર્વ અવયવે સરખી આકૃતિ મને મોહ ઉપજાવે છે. આ બાળકનું તારૂણ્ય કેવું સુંદર થશે ! ગમે તે જાતિનો એ બાળક હોય, પણ તે સર્વોત્તમ છે. તેનાં શારીરિક લક્ષણો ધર્મ ભાવનાને પણ સૂચવે છે. આવું વિચારી તે સારિકાની પરિણતિ બદલાઇ ગઇ.

કર્મની ગતિ વિચિત્ર છે; શુભાશુભ કર્મ ક્યારે ક્યારે અને સમયે સમયે વિવિધ પરિણતિ બંધાવે છે. કર્મની પ્રકૃતિઓ પ્રાણીને વિવિધ સ્થિતિમાં મુકી દે છે, ઉચ્ચ ભાવનામાંથી ક્ષણવારમાં નીચ ભાવનામાં લાવે છે, ચડતા પરિણામમાં આવેલા જીવનને અવનતિને માર્ગે દોરે છે. કર્મની જાળ *ઉર્ણનાભિની જેમ પામર પ્રાણીને ગુંચવણમાં નાંખી દે છે, કર્મરૂપ પ્રચંડ ચક્રવાક પ્રાણીને ભૂતલ ઉપર ભમાવી પાડે છે, કર્મરૂપ મહાસાગરના મોજામાં સપડાએલો જીવાત્મા અનેક વિટંબનાને અનુભવે છે, કર્મની મહાન્ શક્તિ અનંત અને અનિવાર્ય છે, એ મહા શક્તિને પરાભવ કરનાર કોઇ વિરલાજ હોય છે. આ ભવરૂપ રણ ભૂમિમાં કર્મરૂપ મહાન્ યોદ્ધાની સાથે યુદ્ધ કરનારા વીર પુરૂષોને જન્મ આપનારી વીર માતાઓ થોડી છે. તેવા વીર નરોથીજ આ ભૂમિ વીરવતી, ધર્મવતી, અને પ્રભાવવતી છે.

એવી કર્મની અચિંત્ય શક્તિએ સારિકાને પરાસ્ત કરી દીધી. તે પક્ષિણી શ્રીચંદ્રના મોહમાં સપડાઇ ગઇ, તત્કાળ પાછી પ્રભુની સન્મુખ થઇ, ઉંચે સ્વરે બોલી—હે સર્વ કામ પૂરક પ્રભુ ! હે દેવાધિદેવ ! જો મેં કાંઇ પણ ધર્મ આરાધ્યો હોય, તો પૂર્વ ભવે આ સુંદર કુમાર મારો ભર્ત્તા થજો, તે સાથે વળી તમે દેવ, નિર્ગ્રંથ મુનિ, ગુરૂ, અને અહિંસા લક્ષણ ધર્મ મને પ્રાપ્ત થજો. આ પ્રમાણે કહી સારિકાએ પ્રભુના શરણ આગળ સાગારી અનશન ગ્રહણ કર્યું.

પક્ષિણીનું આવું નિદાન-નિયાણું સાંભળી, શ્રીચંદ્રકુમાર વિચારમાં પડયો. તેના મનમાં આવ્યું કે, આ સારિકાએ શું કર્યું ? તેણીએ આખરે પોતાનું તિર્યંચપણું બતાવ્યું.

---

* ઉર્ણનાભિ=કરોળીઓ.

મોહનીય કર્મની તેજ મદન પ્રકૃતિએ તેને ભ્રમમાં નાખી દીધી. ક્ષણ વાર પછી ધર્મચંદ્રને મનમાં વિચાર આવ્યો, કે આવી સાધ્વીને આવું નિયાણું કરવું કારણ હું જ થયો. જો આ વખતે તેની સમીપમાં હું ન હોત તો, તેને આવો વિપરીત વિચાર થાત નહીં. શુભ પરિણામનાં ઉચ્ચ શિખર ઉપર ચાલતી એ પતિવ્રતાનું પતન મારે લીધેજ થયું. હવે મારે આવી પવિત્ર રમણી જાણવી જોઈએ. જો પતિવ્રતા પદથી પતિત છે, તેને મારા જેવો મુગ્ધ માણસ બોધ આપવાને યોગ્ય નથી પણ મારે તેને યથાર્થ બોધ આપવો. આવા હલકા નિયાણાથી તેણીએ પોતાનું ચારિત્ર્ય તે ગુમાવ્યું છે. આવું વિચારી ધર્મચંદ્રકુમાર બોલ્યો—સતિરત્ન! તમે આ શું કર્યું! તમારા જેવું કોઈ પ્રાણી આવું કાર્ય કરે નહીં. આ કાર્યથી તમે તમારી નિર્મળ જાતિને લજ્જાવી આપી છે. પવિત્ર પતિવ્રતા! તમારી ચતુરતામાં મોટી ખામી આવી. શ્રીમાન્ પ્રભુના શાસનના તમે રત્ન છો. તમે તેમાં સાંભળ્યું હશે કે, “ નિદાન—નિયાણા વગર કરેલો ધર્મ મુક્તિને આપે છે. ” ઉત્તમ ધર્મ જાણી, તેમાં નિયાણું કરનાર પ્રાણી પંચામૃત જમીને ઉપર ખારા જળની અંજલિ પીવે છે, એ દ્રષ્ટાંત તમે યથાર્થ કરી બતાવી છે. જિન ભગવંતનો આદેશ વાંચવા સહિત આચાર ઉત્તમ કર્યો, કે જેને અનુમોદન કરનાર પણ ઉચ્ચ સદ્ગતિને પ્રાપ્ત કરે. તે બધું આવા નિયાણાથી તમે વ્યર્થ કરી દીધું છે. સતિરત્ન! હું બાળક તમને વધારે શું કહું! પણ તમે મોટી ભૂલ કરી છે, અથવા કર્મની ગતિ વિચિત્ર છે. ભાવી આગળ કોઈ પણ ભાવ ચાલતો નથી.

ધર્મચંદ્રનાં આવાં વચન સાંભળી સાધ્વી બોલી—ભદ્ર! તમે કહ્યું, તે યથાર્થ છે. બુદ્ધિકુમાર! મેં અજાણતાં ભૂલ કરી નથી. મારો હેતુ તમારા જાણવામાં આવ્યો નથી, તેથી તમે મારે વિષે બુરો મત બાંધો છો. સુંદર કુમાર! કૃપા કરી મારો એક પૂર્વ વૃત્તાંત સાંભળો. પૂર્વે એક સંયમધારી સાધુની પાસે મેં સમકિત પ્રાપ્ત કર્યું હતું. તે જ્ઞાની મુનિએ મને તે વખતે જણાવ્યું હતું કે, પવિત્રા! તું આવતે ભવે એક રાજપુત્રી થઈશ. મુનિની તે ભવિષ્યવાણી મારા મનમાં સ્ફુરાયમાન છે. આ વખતે તમારું સૌંદર્ય જોઈ, મને તે વાણી સ્ફુરી આવી. મેં વિચાર્યું કે, જ્યારે સ્ત્રીનો અવતાર તો અવશ્ય થવાનો છે, ત્યારે સ્ત્રીએ પ્રેમ પતિની સાથે રહેવું, એ તેનો પવિત્ર વ્યવહાર છે. મિથ્યાત્વની જેમ સહવાસી વ્યવહાર માનીનું ઉલ્લંઘન કરવું, તે યોગ્ય નથી; તેથી મેં આવાં શુભ પરિણામમાં પણ નિયાણું કરેલું છે. ભદ્ર! તમારી આકૃતિ જોઈ, મને મોહનીય કર્મનો ઉદય થઈ આવ્યો છે. તે સાથે તમારામાં ધાર્મિકપણાનાં શુભ ચિન્હો કે જે હું શુભ દ્રષ્ટિએ જોઈ શકું છું, તે મારા જોવામાં આવ્યાં. પરભવમાં પણ ધાર્મિક પતિ સાથે સંગ થાય, તો ધર્મની સંપૂર્ણ સામગ્રી પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વીના સંબંધથી કષ્ટ પંચાગ્નિની વિડંબના જેવું થાય છે. કુમાર! આવો દીર્ઘ વિચાર કરી, આ જાતની મતિની પવિત્રાએ નિયાણું કરેલું છે. હું સારી રીતે સમજું છું કે, નિદાન રહિત ધર્મની સાધના મુક્તિનું કારણ છે, પણ મારે તેમ થવાનું નથી. તેથી જેથી પરભવમાં શ્રી જિન ભક્તિ, જિન મતનો રાગ, સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય, તેવો યોગ શા માટે ન મેળવવો! ભદ્ર! વળી મેં અશુભ નિયાણું કર્યું નથી. જિનવાણીમાં શુભ અને અશુભ એવા નિયાણાના ભેદ દર્શાવ્યા છે. અશુભ

નિયાણાથી પ્રાણી ચાર ગતિના વમળમાં પડી અથડાય છે, અને શુભ નિયાણાથી પ્રાણી ધર્મસામગ્રી સંપાદન કરે છે.

સારિકાનું આવું ભાષણ કાંનમાં શ્રીચંદ્રકુમાર ખુશી થયો. તેણીના ઉત્તમ બોધ અને વાક્ચાતુર્ય જોઈ તેનું હૃદય આનંદ સાથે ચમત્કાર પામી ગયું. તેના મનમાં આવ્યું કે, આ પક્ષિણી ખરેખરી ધર્મના રહસ્યને જાણનારી છે. એના હૃદય કમળમાં સ્યાદ્વાદ મતનો ઉત્તમ સિદ્ધાંત ઠસી ગયો છે. આ પક્ષિણીનું પાંડિત્ય પૂર્ણ રીતે પ્રકાશિત છે ભારતવર્ષમાં આવાં સુબોધી પક્ષીઓ પ્રત્યેક સ્થાને રહેતાં હોય, તો કેટલો બધો લાભ થાય ? રાણી સૂર્યવતીને પણ ધન્ય છે કે, જેના સહવાસમાં આવાં પક્ષીને સતત્ રહેવાનું છે. મહારાજા પ્રતાપસિંહે આવી ઉત્તમ ભેટ મોકલી પોતાની પ્રિયાનો મોટો ઉપકાર કરેલો છે. શ્રીચંદ્રકુમાર આવું ચિંતવતો હતો, ત્યાં સેંદ્રીએ આવી ખબર આપ્યા કે પંડિતા સારિકા ! જુઓ, આ મહારાણી સૂર્યવતી અહીં આવે છે. સારિકાએ પ્રેમથી અવલોકન કર્યું. સૂર્યવતી તે સ્થળે આવી પહોંચ્યાં. સારિકાને ઉદ્દેશી મહારાણી બોલ્યાં—પ્રિય બેન ! શાતા છે ? કેમ વિલંબ થયો ? તમારા શિવાય મને એક ક્ષણવાર પણ મહેલમાં ગમ્યું નહિ, એટલે સ્વયં જોવાથી તમારી પાછળ હું અહીં આવી છું. ચાલો સત્વર કરો. તમારૂં શરીર તપસ્યાથી દુર્બળ છે; મહેલમાં આવી ક્ષણવાર શાતા મેળવો. સૂર્યવતી એમ કહેતાં હતાં, ત્યાં વચ્ચે સેંદ્રી બોલી ઉઠી—આ સાહેબ ! તમે સાંભળી નાખુશ ન થાઓ, તો એક બીજી વાત નિવેદન કરૂં. આ સારિકાએ પણ બીજું સાહસ કર્યું છે. તે સાંભળી સૂર્યવતી ચમકીને બોલી—સખી ! કહે, વળી શું કર્યું છે ? સેંદ્રી બોલી—જુઓ, જે આ સુંદર કુમાર ઉભા છે, તેમને જોઈ સારિકાને મોહ ઉત્પન્ન થઈ આવ્યો. પ્રભુની ભક્તિ પ્રેમ ભાવથી કર્યા પછી તેઓએ પ્રભુની સન્મુખ અનશન કરી નિયાણું કર્યું કે, જો હું આવતે ભવે રાજકુમારી થાઉં, તો આ સુંદર કુમાર મારા પતિ થજો, અને તે ભવમાં અર્હત દેવ, સંયમશીળ મુનિ ગુરૂ, અને અહિંસા લક્ષણ ધર્મ મને પ્રાપ્ત થજો. આ સાંભળતાંજ સૂર્યવતીને લાગી આવ્યું. તે બોલી—અરે સારિકા ! તેં પણું આવું સાહસ કેમ કર્યું ? અનશનના પચ્ચખાણનું કાર્ય અતિ દુષ્કર છે. બેન ! આ તપસ્યામાં તારા જીવનનો છેડો છે. આવું મહા દુષ્કર વ્રત લેવું ન હતું. પક્ષીની જાત સાહસી હોય છે, પ્રથમથી તે તારૂં શરીર તપના કષ્ટથી ગાળી નાખ્યું છે. હવે આ વ્રત તારા શરીરનો અંત લાવશે. સખી ! તારો વિયોગ મારાથી સહન થઇ શકશે નહિ. તારા વિના મારૂં જીવન ભારરૂપ થઇ પડશે. અટ્ઠાઇ તપનું પારણું કરી તારે તો મને આનંદ આપવો હતો. હવે કૃપા કરી તે વ્રત છોડી દે. મારા જીવનને ધર્મમય બનાવ, હું તારો ઉપકાર માનીશ. જિન શાસનમાં કહ્યું છે કે, આયુષ્યનું માન જાણ્યા વિના અનશન વ્રત કરવું ન જોઇએ. તું તારા આયુષ્યનું માન જાણતી નથી, તે વિષે કોઇએ તને જ્ઞાત કરી નથી. વળી તું પક્ષીની જાત છું. તને વ્રત છોડવામાં એવો મહાન દોષ લાગશે નહિ. બેન ! અમારૂં વચન માન્ય કર. જે હઠ કે આગ્રહ ન રાખે, તેણેજ જિનમત જાણ્યો છે.

સુરસુંદરીનાં આવાં વચન સાંભળી કલિકા બોલી—મહારાણી ! આ શું બોલો છો ! શુદ્ધ મન, વચન અને કાયાથી પ્રભુની આરાધના જે મેં પ્રતિજ્ઞા લીધી છે, તે હું શા રીતે છોડું ! જ્ઞાનીનાં એવાં પણ વચન છે કે, " કાંઇ પણ ભાગ્યમાં આવ્યું હોય તો, સમયને અનુસારે અલ્પતર મહત્ ફળ છે. " મહારાણી ! હવે આગ્રહ કરશો નહીં, ધર્મ ધ્યાનમાં તત્પર રહેલીઓએ કાંઇ સ્વરૂપને લઇ શું કરવું હોય. તે નિષ્ફળ રૂપનું હવે છેવટ એટલું કહેવું કે, આ તેજસ્વી કુમાર જે તમારી પાસે ઉભા છે, તેમનો [illegible] છે, તે ઘણાં લાયક છે, તેમના પવિત્ર સમાગમથી તમને ઘણો લાભ થશે. કલિકાનાં વચન સાંભળી, સુરસુંદરીએ કુમારની સામું જોયું. કુમારનું તેજ, લાવણ્ય અને રૂપ જોઇ, તે ચમત્કાર પામી ગઇ. તેના અંતઃકરણમાંથી સુરસુંદરીને પોતાનો પૂર્વ ભવનો કુમાર સાંભરી આવ્યો. નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી. [illegible] અવસ્થા તે અનુભવવા લાગી. [illegible] કુમારનું [illegible] આવ્યું. પોતાનો કુમાર પણ આવ્યો, અને [illegible] વચનો લઇ, એમ તે બોલવા લાગી—ઓ [illegible] કુમારની સામે [illegible]

સુરસુંદરી બોલી—કલિકા ! આ કુમાર કોણ છે ! અને અહીં ક્યાંથી આવ્યા છે ! કલિકાએ કહ્યું. પ્રિય બેન ! ચંપા નગરમાં ઋદ્ધિશીલ [illegible] છે, તેમના પુત્ર છે. જુઓ, તેમના પિતા પણ અહીં [illegible] ઉભા છે, તે સાંભળી સુરસુંદરીએ કુમારને કહ્યું, ભદ્ર ! કલિકાએ તમારી [illegible] આપી, તેથી હું તેનો ઉપકાર માનું છું. [illegible] ધર્મ [illegible] પવિત્ર [illegible] જિન ધર્મ અને જિન ધર્મની [illegible] છે. એ ઉપકાર આ [illegible] કલિકાએજ છે. સુરસુંદરીનાં આ વચન સાંભળી કુમારે [illegible] કરી, અને [illegible] સુરસુંદરીના [illegible] કલિકાએ [illegible] [illegible]

[illegible]

સંભારી સંભારી રૂદન કરતી સુરૂપવતીને શ્રીચંદ્રે બોધના ઉદ્ગાર વચનોથી ખુશી કરી દીધી. સૈી વિગેરે જે સારિકાના સહવાસી હતા, તેઓને પણ શ્રીચંદ્રે શોક રહિત કરી દીધા. શ્રીચંદ્રકુમારના કહેવાથી રાણી સૂર્યવતીએ સ્નેહથી સારિકાના મૃત શરીરને ચંદન કપૂરથી સંસ્કૃત કર્યું, અને તેની પુંઠે અગ્રાણી તેની સર્વ ઉત્તર ક્રિયા સંપાદન કરી.

આ બધો વૃત્તાંત નજરે જોઇ લક્ષ્મીદત્ત શેઠ ચમત્કાર પામી ગયો હતો. સારિકાની સાથે પોતાના પુત્રની વાતચિત ઉપરથી તેને સંયોગ હર્ષ થયો હતો. પુત્રની બાલ્યાવસ્થામાં આવી શક્તિ જોઇ, તે પોતાના આત્માને કૃતાર્થ માનતો હતો. આ વૃત્તાંત શેઠના મુખથી જાણી, શ્રીયશા લક્ષ્મીવતીને, પણ અપાર આનંદ થયો હતો. જ્યારથી સારિકા સંબંધી વૃત્તાંત ઉદ્યાનમાં બન્યો, ત્યારથી રાણી સૂર્યવતી શ્રીચંદ્રકુમારને પોતાના મહેલમાં પ્રતિદિન બોલાવતી હતી. શ્રીચંદ્ર, અને સૂર્યવતીનો માતા પુત્રનો સંબંધ પરસ્પર અજ્ઞાત હતો. સ્વાભાવિક રીતે સૂર્યવતીને શ્રીચંદ્ર ઉપર પુત્ર વાત્સલ્ય પ્રગટ થયું, પણ તે ગુપ્તપણામાં હતું. શ્રીચંદ્રકુમાર પણ સૂર્યવતીને માતૃ દ્રષ્ટિથી જોતો હતો, પણ અંતરનો ભેદ પ્રગટ થયો નહોતો. શ્રીચંદ્રકુમાર પ્રતિદિન પોતાનાં માતાપિતાની આગળ સૂર્યવતીની પ્રશંસા કરતો, અને મહારાણીના સમાગમનું કારણરૂપ બનેલી સારિકાનો તે અંતરથી આભાર માનતો હતો. સારિકાને કરેલા નિર્યામણાની વાર્તા કુશસ્થલીમાં ઘેર ઘેર ચાલી, અને છેવટે રત્નજડિત મહેલાતના તીર ઉપર મહેલ કરી રહેલા મહારાજા પ્રતાપસિંહના કાન સુધી તે પહોંચી હતી, જેથી શિરોમણિ પ્રતાપસિંહે હજુરમાં ઠીક કરી તેની અનુમોદના કરી હતી.

પ્રકરણ ૨૦ મું.

વિશાલપુરમાં નિવાસ.



કુશસ્થલ નગરથી થોડે દૂર લક્ષ્મીપુર નામે એક નાનું ગામડું હતું. તેના આસપાસ સુંદર બગીચા, અને ઠેકાણે ઠેકાણે નાની નાની વાડીઓ આવેલી હતી, ગામમાં વસતી ઓછી હતી. તેમાં એક કૃષિકાર રહેતું હતું, તેઓ એ વાડીઓમાંથી પોતાનો નિર્વાહ ચલાવતા હતા. તેની સુંદર રચના હોવાથી અનેક જાતના ફળ પુષ્પ થઈ રહ્યા હતાં, તેની આસપાસનો કુદરતી દેખાવ જોઈને આનંદ આવે તેવો હતો. કુદરતના વિલાસના અને શોભાના મહત્વને, [illegible] હૃદયમાં આનંદ વેદને જાણતા હતા. રાજા પ્રતાપસિંહના વિશ્વાસી લક્ષ્મીદત્ત શેઠે પોતાના [illegible] ખરીદ કરી, એ ગામ વસાવ્યું હતું; તેની ઉપર [illegible] હતી. [illegible] તે ગામમાં એક [illegible] અને સુંદર [illegible] હતા. [illegible] હોવાથી [illegible] હતું. [illegible]

કાળેથી કંટાળી ગયેલા લોકોને તે ઉત્તમ પ્રકારની શાન્તિ આપતું હતું. આ સ્થળે વિવેકી લક્ષ્મીદત્તે પોતાના શ્રીચંદ્ર કુમારને વિદ્યાભ્યાસ કરવાને રાખ્યો હતો. તેને અભ્યાસ કરાવવાને માટે ગુણંધર નામના એક ઉપાધ્યાયને રોકવામાં આવ્યા હતા. તે ઉપાધ્યાય ઘણી વિદ્યાઓમાં અને કળાઓમાં પ્રવીણ હતા, નીતિ શાસ્ત્રના જાણ હતા; શાસ્ત્રમાં જે ગુણ શિક્ષકના કહેલા છે, તે બધા ગુણ તેનામાં આવી વસેલા હતા. જે શાન્ત હોય, નીતિમાં કુશલ હોય, દૃઢ પરંપરાએ આવેલ હોય, નિર્લોભી હોય, ગુણનો નિધિ હોય, વિષય તથા પ્રમાદને સેવનાર ન હોય, અને ન્યાયને પગલે ચાલનાર હોય, તે પાઠક કહેવાય. એ શાસ્ત્ર કથિત સર્વ લક્ષણ ગુણંધર ઉપાધ્યાયમાં પ્રત્યક્ષ દેખાતાં હતાં. બીજાના ચિત્તને જાણનારા જે પૂર્વે ચર પુરુષો વખણાઇ ગયા છે, તેમના પણ એ ગુરુ હતા. તેઓ જૈન ધર્મના ઉત્તમ ઉપાસક હતા.

પ્રથમ જ્યારે લક્ષ્મીદત્ત શેઠે એ ગુણંધર ઉપાધ્યાયને પોતાને ઘેર નિમંત્રણ કરી બોલાવેલ, તે વખતે એ વિદ્વાન્ શિક્ષકે પોતાના શિક્ષકપણાના ગુણ સારી રીતે જણાવી દીધા હતા. શેઠે તેની પહેલી મુલાકાત લીધી, ત્યારે તે શિક્ષક શિરોમણિએ આ પ્રમાણે કહ્યું હતું. શ્રેષ્ઠિવર્ય ! તમારા પુત્રને જોઇ મને ઘણો આનંદ થાય છે, તેનામાં વિનય ગુણ સર્વોત્તમ દેખાઇ આવે છે. જુવો, પ્રથમ તેણે આવી મારા ચરણમાં પ્રણામ કરી પછી તમને નમી પોતાને યોગ્ય એવું આસન ગ્રહણ કર્યું. કેવો તેનો ઉત્તમ વિનય છે ? વળી તેની કાંત મુખમુદ્રા ઉપર સત્પુરુષનાં સર્વ લક્ષણ દેખાય છે. આ કુમારને જોઇ મારું મન ઘણું પ્રસન્ન થયું છે, હું તમારી પાસેથી કાંઇ દ્રવ્યની ઇચ્છા રાખતો નથી. વિદ્યાનો વિક્રય કરનારા શિક્ષકો ઉત્તમ કહેવાતા નથી. હું સર્વ રીતે નિઃસ્પૃહ છું. જે વિનયવાન્ શિષ્ય હોય, તેના ઉપર મને ઘણી પ્રીતિ છે. વિનય એ સર્વથી ઉત્તમ ગુણ છે, વિનય. ગુણને લઇ બીજા ગુણો વધે છે, ધર્મનું મૂળ પણ વિનય છે. પિતા, માતા, ગુરુ, અને સ્વામી એ વિનયથી વશ થાય છે. એ મહાન ગુણ તમારા પુત્રે જન્મથીજ સંપાદન કરેલો છે. વિદ્યા ગ્રહણ કરવાના ત્રણ પ્રકાર છે. વિનયથી, બદલે વિદ્યા આપવાથી અને દ્રવ્યથી,— એ ત્રણ પ્રકારે વિદ્યા લેવાય છે: તેમાં વિનયથી વિદ્યા લેવી એ સર્વોત્તમ પક્ષ છે, અને વિદ્યાને બદલે વિદ્યા લેવી, એ મધ્યમ પક્ષ છે, અને દ્રવ્યથી વિદ્યા લેવી એ અધમ પક્ષ છે. પહેલા બે પક્ષ પુણ્યાત્મા જીવને, અને છેલ્લો પક્ષ પુણ્યહીન જીવને હોય છે.

ઉપાધ્યાય ગુણંધરનાં આવાં વચન સાંભળી શેઠ લક્ષ્મીદત્ત ઘણો ખુશી થયો હતો, અને તે ગુણંધર ઉપાધ્યાયને વિનયથી પ્રાર્થના કરી, પોતાના શ્રીચંદ્રકુમારને સોંપ્યો હતો. તે ગુણંધર શ્રીચંદ્રની સાથે આ લક્ષ્મીપુર ગામમાં વિદ્યાગૃહ કરી રહેલો હતો. કુશસ્થલી નગરીમાં તે વખતનો ધીરજ નામે એક મંત્રી હતો, તેને મતિરાજ અને સુધીરાજ નામે બે પુત્ર હતા. તેઓમાં મતિરાજ હાલ પ્રતાપસિંહ રાજાના મંત્રિપદ ઉપર નિમાએલો હતો, તેનો અનુજ બંધુ સુધીરાજ હતો, તેને કમલા નામે એક સ્ત્રીથી ગુણચંદ્ર નામે એક પુત્ર થયો હતો, એ ગુણચંદ્ર સર્વ ગુણ સંપન્ન હોવાથી શ્રીચંદ્રકુમારનો મિત્ર થયો હતો. ગુણચંદ્ર અને શ્રીચંદ્રની બન્ને ક્ષીર અને નીરની પેઠે ગાઢ મૈત્રી જામી હતી, તેમની

વય પણ સમાન હતી. શ્રીચંદ્ર ગુણચંદ્રના ચિત્તનો, અને ગુણચંદ્ર શ્રીચંદ્રના ચિત્તનો ચે હતો, નખ અને માંસની જેમ તેઓ ક્ષણવાર પણ અળગા રહી શકતા નહતા. બંને જીવ એક હતો, માત્ર દેહજ જુદા હતા. ગુણચંદ્રનો પિતા સુધીરાજ પોતાના પુત્રને શ્રીચંદ્રનો સહવાસ થવાથી ઘણોજ ખુશી થતો હતો, તેથી તેણે પોતાના પુત્ર ગુણચંદ્રને શ્રીચંદ્રની સાથે લક્ષ્મીપુરના વિદ્યાગૃહમાં અભ્યાસ કરવાને રાખ્યો હતો. બંને મિત્રો આનંદપૂર્વક વિદ્યાભ્યાસ કરતા હતા, તેમને જે જે પદાર્થ જોઇએ, તે તે પદાર્થ લક્ષ્મીદત્ત શેઠ ત્યાં મોકલાવતો હતો. તે સ્થળે વિદ્યાગૃહની નજીક પાકશાળા, સ્નાનશાળા, પૂજનગૃહ, પુસ્તકાલય, અને વ્યાયામશાળા વિગેરે સર્વ સામગ્રી ગોઠવવામાં આવી હતી. કોઇ કોઇ વાર લક્ષ્મીદત્ત શેઠ પુત્રને મળવા રથમાં બેશી આવતો, અને કોઇ નિમિત્તે શ્રીચંદ્રને ઘરથકીમ પણ બોલાવતો હતો. શિક્ષા ગુરૂ ગુણધર જે કહે તેમ લક્ષ્મીદત્ત તત્કાળ કરતો હતો. જ્યાં વિદ્યા ગૃહ સ્થાપવામાં આવ્યું, ત્યારે શિક્ષક શિરોમણિ ગુણધરે કહ્યું હતું કે, શેઠજી અભ્યાસને માટે યોગ્ય વિદ્યાગૃહ કરવામાં પાંચ બાહેરનાં અને પાંચ અંતરનાં એમ દશ * સાધનો રાખવાં જોઇએ. ૧ આચાર્ય, ૨ પુસ્તક, ૩ નિવાસ, ૪ સહાય, અને ૫ ભોજન એ પાંચ બાહેરનાં અને ૧ આરોગ્ય, ૨ બુદ્ધિ, ૩ વિનય, ૪ ઉદ્યમ, અને ૫ શાસ્ત્ર પ્રીતિ એ પાંચ અંતરનાં એ દશ સાધન કહેવાય છે. આવાં સાધનોની પૂર્ણ સામગ્રી હોય તો સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરાય છે. જ્યારે શ્રીચંદ્રને વિદ્યા ગૃહમાં પ્રવેશ કરાવ્યો, ત્યારે વિદ્યા ગુરૂ ગુણધરના કહેવા પ્રમાણે શુભ મુહુર્ત, શુભ ચંદ્રયોગ, અને લગ્ન બળ જોવામાં આવ્યાં હતાં. લેખશાળામાં પ્રવેશ કરવાનો મહોત્સવ એ શ્રદ્ધાળુ શેઠે મોટા ઠાઠમાઠથી કર્યો હતો.

શ્રીચંદ્ર અને ગુણચંદ્ર બંને વિદ્યાગૃહમાં સાથે રહેતા હતા. ઉપાધ્યાયની આજ્ઞામાં રહી નિત્યના નિયમ પ્રમાણે ચાલતા હતા. ગુણચંદ્રના કરતાં શ્રીચંદ્રકુમાર બુદ્ધિબળમાં ઘણોજ ચઢીઆતો હતો. ઓંકારથી માંડી સર્વ વર્ણ જ્ઞાન મેળવી શ્રીચંદ્રે અનુક્રમે શાસ્ત્રીય જ્ઞાનમાં પ્રવેશ કરવા માંડયો. વ્યાકરણ, ન્યાય, કાવ્ય, અલંકાર, જ્યોતિષ, છંદ, ગણિત શાસ્ત્ર, લક્ષણ શાસ્ત્ર, સામુદ્રિક અને વાસ્તુ શાસ્ત્રમાં તે પ્રવીણ થઇ ગયો. ઘણી કળાઓ તેણે સંપાદન કરી લીધી. રસમંજરી, શૃંગાર, શાલિહોત્ર, (અશ્વ પરીક્ષા) આર્યવેદ, અને તેના છ અંગમાં તે કુશળ થયો. જ્યોતિષમાં હોરા, લગ્ન, નાડી વિગેરે તથા સ્વરોદય, કાળજ્ઞાન, શિલ્પવિદ્યા, પિંગળ, નાટય શાસ્ત્ર, અને અક્ષર ગણિત તેણે હાથ કરી લીધાં, લેખન, ગ્રંથન વિગેરે બોતેર કળાઓ તેણે પ્રાપ્ત કરી, તે સાથે ગુણચંદ્ર પણ તેની બુદ્ધિની શક્તિ પ્રમાણે શીખી ગયો. શ્રીચંદ્રકુમારની પૂર્ણ વિદ્વતા જોઇ શ્રી ગુણધર ઉપાધ્યાયને સંતોષ થતો, અને પોતાની વિદ્યા અને કળાં એક ઉત્તમ પાત્રમાં પ્રાપ્ત થઇ તેને

---

* તે વિષે આ પ્રમાણે શ્લોક છે— " आचार्य पुस्तक निवास सहाय भोज्यं वाह्याश्च पंच पठनं परिवर्द्धयन्ति । आरोग्य बुद्धि विनयोद्यम शास्त्ररागाः पंचांतराः पठनसिद्धिकरा भवंति " ॥ १ ॥

મને તેને અતિશય આનંદ આવતો હતો. કોઈ વાર શ્રીચંદની પરીક્ષા કરવાને તે ઘણા કઠિન પ્રશ્નો કરતો. પણ શ્રીચંદ પોતાના ગુરુથી તેનું ઉત્તમ પ્રકારે સમાધાન કરતો હતો. કોઈ વાર શ્રીચંદ નવું કરી પોતાના વિદ્યાગુરુને એવા પ્રશ્ન પૂછતો કે, જેનો પ્રત્યુત્તર કરવામાં ઉપાધ્યાયને પણ પૂર્ણ વિચાર કરવો પડતો હતો.

એક વખતે ઉપાધ્યાય ગુરુવરે શ્રીચંદ્રકુમારને બોલાવી આ પ્રમાણે કહ્યું. વત્સ ! મારી પાસે જે વિદ્યા અને કળા હતી, તે બધી તેં પ્રશંસનીય રીતે શીખી લીધી છે. હવે તારી અભ્યાસકાળ સમાપ્ત થઈ છે, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો સમય તને પ્રાપ્ત થયો છે, અને મેં મારો શિક્ષક ધર્મ બજાવી લીધો છે, તેથી હવે હું તને તારા પિતાને સોંપી, મારા સ્વસ્થાન પ્રત્યે જવાને ઉત્સુક થયો છું. વત્સ ! ઉપરાંત મારી એટલી શિક્ષા સ્મરણમાં રાખજે. લક્ષ્મીમદ, યૌવનમદ, ઐશ્વર્યમદ અને વિદ્યામદ—એ ચાર જાતના મદ કહેવાય છે. તે મદની અધિકતાથી વિદ્યા વિગેરે ગુણો મલિન થઈ જાય છે, તો તારે એ ચાર પ્રકારના મદથી હંમેશાં દૂર રહેવું. પૂર્વનાં પુણ્યથી તારામાં વિનય ગુણે પ્રથમથીજ વાસ કરેલો છે, એ તારી ભાગ્યની નિશાની છે. એ મહાન ગુણને તું કદિ પણ છોડીશ નહીં. આ-ર્હત ધર્મને તું સારી રીતે જાણે છે, આવકના ઉપાયનો તું પૂર્ણ અભ્યાસી છું. એ ઉદા-ર પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરજે, પતિ-પૂજ્ય જનની સેવા કરજે, અને પારમાર્થિક આર્હત ધર્મની ઉપાસના કરજે, આ પ્રમાણે વર્તવાથી ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ તને પ્રાપ્ત થશે. વત્સ ! હવે તારાથી છુટા પડતાં, તારા જેવા વિનયી અને સત્પાત્ર શિષ્યથી છુટા પડતાં મને અતિ ખેદ આવે છે, એમ કહી ઉપાધ્યાયે ગુણચંદ્રને પણ પરોક્ષ બોધ આપ્યો.

પોતાના વિદ્યાગુરુનાં આ વચન સાંભળી શ્રીચંદ્રકુમારના મુખ ઉપર શોકની છાયા પ્રસરી ગઈ. આવા મહોપકારી ઉપાધ્યાયનો વિયોગ તેને દારુણ જેવો લાગ્યો. નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી. કંઠ રુંધાઈ ગયો. તે વિશેષ બોલવાને સમર્થ થયો નહીં. છેવટે ઘણા પ્રયત્નથી આ પ્રમાણે બોલ્યો—મહોપકારી કૃપાળુ ગુરુ ! આપે આ બાળક-ની ઉપર જે ઉપકાર કર્યો છે, તેનો બદલો વાળવાને હું કોઈ રીતે પણ સમર્થ થઈ શકું તેમ નથી. મારા જીવનને આપે સુધારી કૃતાર્થ કરેલું છે. માનવ જીવનના ઉદયમાં ઉંચા માર્ગ ઉપર મને ચડાવ્યો છે. મૂઢતા ભરેલા નિરક્ષરતા અંધકારના માર્ગમાંથી મને બચાવ્યો છે, તે આપનો જેવો તેવો ઉપકાર નથી. આપે ભણાવેલા વિદ્યામાર્ગે ચાલી હું મારા આત્માને જ્ઞાન માર્ગનો અધિકારી કરી શકીશ. એટલુંજ નહીં, પણ જો પુરુષનો પ્રભાવ હશે, તો ધર્મની ઉત્તમ સામગ્રી પણ સંપાદન કરી શકીશ. મહાત્મા ! આપે મને જે અમૂલ્ય બોધ આપેલો છે, તે પ્રમાણે વર્તવાને હું સર્વદા પ્રયત્ન કરીશ. આપે કહેલાં શિક્ષાના વચનો મારા હૃદય કમળમાં કોતરી રાખીશ. આટલું કહી શ્રીચંદ ઉપાધ્યાયના ચરણમાં નમી પડ્યો. સત્કૃત્ય શિક્ષાગુરુએ તેને બેઠો કર્યો, અને અંતરની આશીષ ઉચ્ચારી તેના શિર ઉપર હાથ મુક્યો. તેવીજ આશીષ ગુણચંદ્રે પણ સંપાદન કરી.

આ પ્રમાણે ગુરુ શિષ્ય વાત કરતા હતા તે પ્રસંગે શેઠ રથમાં બેસી વિદ્યાગૃ-હમાં આવી ચડ્યા. શેઠજી ઉપાધ્યાયને પ્રણામ કર્યા. પાછળ આવી ગુણચંદ્રે શેઠને પ્રણામ

કર્યાં. આસનપર બેઠા પછી લક્ષ્મીદત્ત શેઠની દ્રષ્ટિ શ્રીચંદના મુખ ઉપર પડી. પુત્રના મુખ કમળ ઉપર ગ્લાનિ જોવામાં આવી. નેત્રમાંથી નીકળતી અશ્રુની ધારા નજરે ચડી. પિતાએ પુત્રને પુછ્યું—વત્સ ! મુખ ઉપર ગ્લાનિ કેમ દેખાય છે ? નયનમાંથી નીર ધારા કેમ વહે છે ? તને અકસ્માત્ શું દુઃખ પ્રાપ્ત થયું છે ? તારા શરીરમાં કાંઇ વ્યથા તો નથી થઇ ? પ્રિય પુત્ર ! જે સત્ય હોય તે કહે. શ્રીચંદકુમાર મંદ સ્વરે બોલ્યો—પુજ્ય પિતાજી ! મને કોઇ પણ જાતનું દુઃખ થયું નથી. વિદ્યાગુરૂના પ્રતાપથી શરીર પણ નિરાબાધ છે. આજે મારા વિદ્યાગુરૂ અહીંથી જવાની ઇચ્છા રાખે છે. મારો સર્વ વિદ્યાભ્યાસ સમાપ્ત થયો છે. આવા ઉપકારી અને વિદ્વાન ગુરૂનો વિયોગ થશે—એ મારા મનને દુઃખદાયક થઇ પડ્યું છે. પિતાજી ! એ મહાશયને જરા સમજાવો, છેવટે થોડા દિવસ રહે તેવી પ્રાર્થના કરો. શ્રીચંદનાં આવાં વચન સાંભળી લક્ષ્મીદત્ત શેઠ ખુશી થયા. પુત્રની ગુરૂભક્તિ જોઇ, તેના ધાર્મિક હૃદયમાં આનંદ થયો. તેણે વિચાર્યું કે, ગોત્ર દેવીએ ખરેખરો મારો ઉપકાર કર્યો. આવો ધાર્મિક પુત્ર આપી, મારા જીવનને કૃતાર્થ કર્યું છે. તેનામાં કૃતજ્ઞતાનો ગુણ કેવો ઉત્તમ છે ! ગુરૂ ભક્તિની ઉત્તમ ભાવના કેવી જાગ્રત છે ! વિદ્યા ગુરૂ કેવા ઉપકારી છે ! જેઓ મનુષ્યને જડતા કે મુઢપણામાંથી બચાવે છે, અને મનના જીવનને ઉચ્ચ વૃત્તિમાં મુકે છે,—આ બધું શ્રીચંદકુમાર સારી રીતે સમજે છે. આવી ઉત્તમ બુદ્ધિ પુત્રમાં પ્રાપ્ત થાય, એ કેવાં ભાગ્ય ! આવા કૃતજ્ઞ અને ભાવિક પુત્રોના માતા પિતાને ધન્યવાદ મળે, એમાં શું આશ્ચર્ય ! પિતાના જીવનની સાર્થકતા આવા પુત્રોથીજ થાય છે. જે લાભ મને મારાં પૂર્વનાં પુણ્ય યોગે પ્રાપ્ત થયો છે. વિદ્યાદાન કરનારા શિક્ષકોના મહોપકારની પ્રશંસા જૈન શાસ્ત્રમાં વર્ણવેલી છે, આર્હત વાણી તથા શિક્ષકોની સ્તવદાન શ્લાઘા કરે છે, એક અક્ષરને આપનાર પુરૂષને પણ મહોપકારી ગુરૂ જાણવા. તેના ઉપકારને વિષે કદિ પણ ભુલવો નહીં. આવા વચન જૈન આગમમાં પદેપદે દર્શાવ્યાં છે. વિદ્યા ગુરૂની એવી મહત્તા શ્રીચંદ જાણે છે, એ જાણી મને અતિ આનંદ થાય છે.

આ પ્રમાણે વિચાર કરી, આનંદ પૂર્વક લક્ષ્મીદત્તે ઉપાધ્યાયને વિનયથી કહ્યું. મહાશય ! આપના શિષ્યની વિનતી ધ્યાનમાં લ્યો. અને થોડા દિવસ રહી, શિષ્યને ગુરૂ ભક્તિનું ફલ આપો. હું પણ આપને તે વિષે વિશેષ વિનતી કરૂં છું. શિષ્યની મનોવૃત્તિ પ્રસન્ન કરવી, એ પણ ગુરૂનું કર્તવ્ય છે, અને ગુરૂએ શિષ્ય ઉપર તેવો અનુગ્રહ કરવો જોઇએ. શેઠની એવી વિનતિથી ગુણધર ઉપાધ્યાયે તે વાત ધ્યાન ઉપર લીધી, અને શિષ્યની ગુરૂ ભક્તિથી પ્રસન્ન થઇ, તેઓએ કેટલાક દિવસ વધારે રહેવાને કબુલ કર્યું. દયાદાનના ગુણને વશ થએલા ઉપાધ્યાયજી કેટલાક દિવસ આનંદથી રહ્યા, તેથી શ્રીચંદકુમારને હર્ષ થયો. ગુરૂના મુખચંદ્રને નીરખી, શ્રીચંદનો હર્ષસાગર ઉલ્લાસ કરવા લાગ્યો.

છેવટે અવધિ પુરી થતાં ઉપાધ્યાય શ્રીચંદને આશીષ આપી વિદાય થયા. શિક્ષક ગણે ગુણધર ગુરૂએ આપેલી હજાર મણકાની મનોહર માળા કંઠમાં ધારણ કરી, શ્રીચંદકુમાર કુશસ્થલીમાં રહેવા લાગ્યો, અને પોતાના પ્રિય મિત્ર ગુણચંદની સાથે જ્ઞાન ગોષ્ટી કરતો સમય ધર્મ અને આનંદમાં નિર્ગમન કરવા લાગ્યો.

———

પ્રકરણ ૨૧ મું.

શ્રીચંદ્રકુમારને ઇનામ.

આ જે કુશસ્થળીમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો છે, ઘેર ઘેર ધવલ મંગળ ગવાય છે, ચૌટામાં ધ્વજ પતાકા ફરકી રહ્યાં છે, નવરંગિત [illegible] કમાનોની ગોઠવણો કરવામાં આવી છે. તે ઉપર " સ્વાગતં વઃ " " कुशस्थली पार्विजयताम्. " એવાં જુદાં જુદાં વાક્યો ગોઠવવામાં આવ્યાં છે. પ્રજાના આવેશને અનુસાર મંડપાકારે સભા થઈ રહ્યા છે, [illegible] કુસુમની રજ [illegible] ઉડી છે, પુષ્પના કરંડ લઈ કન્યાઓ [illegible] આવે છે, સર્વત્ર આ ભાગ્ય શહેરમાં રાજભક્તિનો રંગ દેખાય છે, રાજમહેલ ઉપર ઉભી [illegible] શૃંગાર કરવામાં આવ્યો છે, ચાંદનીનો મહેલ [illegible] રહે છે. શેરીએ શેરીએ [illegible] સુંદ- [illegible] છે. [illegible] આવે છે [illegible] સમુદ્રના નીર [illegible] એમ [illegible] છે. [illegible]

જયકુમાર પોતાના પિતાને અને પછી પોતાના ત્રણ બંધુઓને પ્રેમથી મળ્યો. ઘણી વાર સુધી રત્નપુરના યુદ્ધની અને ત્યાં અનુભવેલા આનંદની વાર્તાઓ ચાલી. એક તરફ સામંતો અને મંત્રીઓની પંક્તિ બેઠી હતી, બીજી તરફ પ્રજા વર્ગના અગ્રેસરોની શ્રેણી યોગ્યતા પ્રમાણે બેઠી હતી. મહારાજા પ્રતાપસિંહ સર્વનું નિરીક્ષણ કરતો હતો, અને સર્વને ઓળખી યોગ્યતા પ્રમાણે કુશળ વાર્તા પુછતો હતો. જ્યારે સર્વ પ્રજા વર્ગ ભેટ કરવાને તૈયાર થયો, તે વખતે લક્ષ્મીદત્ત શેઠ પોતાના પુત્ર શ્રીચંદકુમારને સાથે લઇ ભેટ કરવા આવ્યો. સર્વથી ઉત્તમ ભેટ અર્પણ કરી લક્ષ્મીદત્ત શેઠે પુત્ર સાથે પ્રતાપસિંહને નમન કર્યું. તે વખતે પ્રતાપની દ્રષ્ટિ શ્રીચંદ્ર કુમારની ઉપર પડી. કુમારનું અનુપમ સૌંદર્ય જોઇ, રાજા ચકિત થઇ ગયો, આ કોઇ રાજપુત્ર છે, એમ તેને નિશ્ચય થયો. તત્કાળ તેણે લક્ષ્મીદત્તને પુછ્યું, આ કુમાર કોણ છે ? અને તે તમારી સાથે ક્યાંથી આવ્યો છે ? શેઠ નમન કરી બોલ્યા—મહારાજ ! એ કુમાર આપના સેવકનો છે, તેનું નામ શ્રીચંદ્ર છે. પ્રતાપસિંહ સાનંદાશ્ચર્ય થઇ બોલ્યો—શેઠજી ! તમારે ઘેર પુત્રની ખોટ હતી, તે તમારા પુણ્યે પૂર્ણ કરી, તે આનંદની વાત છે. તમારા પુત્ર રત્નને જોઇ મને ઘણો સંતોષ થયો છે, તેની મનોહર અને વિનય ભરેલી મુખ મુદ્રા જોઇ; મારું હૃદય અતિ સંતુષ્ટ થાય છે. આવા પુત્ર રત્નથી તમે જગતમાં પૂર્ણ ભાગ્યશાળી બન્યા છો, સદ્‌ગુણી પુત્રોના પિતાઓ આ લોકમાં સત્કીર્તિ સંપાદન કરે છે, તમે કરેલી આર્હત ધર્મની ઉપાસના સફળ થઇ છે. આ સુંદર કુમારને જોતાંજ મારા હૃદયમાં સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થયો છે, તેના ઉત્તમ અંગના દરેક અવયવમાંથી જ્ઞાન અને ચાતુર્યનો પ્રકાશ પડે છે. શેઠજી ! હું કુમારને જોઇ ઘણોજ પ્રસન્ન થયો છું. રાજાઓની પ્રસન્નતા સફળ થવી જોઇએ, તેથી આ તમારા વિદ્વાન્ કુમાર શ્રીચંદ્રને મેં વિજયથી તાબે કરેલું કર્ણકોટ નગર ઇનામમાં આપું છું. આજથી શ્રીચંદ્ર કર્ણકોટ નગરનો અધિપતિ છે.

મહારાજા પ્રતાપસિંહની આવી ઉદારતા જોઇ લક્ષ્મીદત્ત શેઠ ખુશી થઇ ગયો. પોતાના પુત્રને મહારાજા તરફથી ઇનામ મળ્યું, તેથી તે પોતાની પ્રતિષ્ઠાને મોટી માનવા લાગ્યો. શ્રીચંદ્રકુમારે નમન કરી, મહારાજાનો ઉપકાર માન્યો. કુશસ્થલીના લોકોમાં તેથી વિશેષ આનંદ ઉત્પન્ન થયો. તે વાર્તા સર્વ સ્થાને પ્રસરી ગઇ. શ્રીચંદ્ર કુમારને ઇનામ આપી, મહારાજા પ્રતાપસિંહ મોટા ઠાઠમાઠ સાથે નગરમાં આવ્યો. કુશસ્થલીની વફાદાર પ્રજાએ પોતાના સ્વામીને પૂર્ણ સ્નેહથી વધાવી લીધો. આખા નગરમાં એક મોટા ઉત્સવનો દેખાવ થઇ રહ્યો.

પ્રકરણ ૨૨ મું.

અશ્વ પરીક્ષા.

રા[illegible] પ્રથમ પહોર હતો, એક મહેલમાં ચારે તરફ દીવાની જ્યોતી પ્રકાશ કરી રહી હતી, નવરત્નિત [illegible] અને [illegible] શોભી રહ્યા હતા, વિવિધ જાતની [illegible] સુંદર મહેલમાં રત્નજડિત [illegible] ઉપર એક નવરત્નિત [illegible] તેની આગળ [illegible] કાંતિમાન પુરૂષો ઉભા હતા. તે વિદ્વાન [illegible] તેમની સામે [illegible] બેઠો હતો. તે [illegible] તેને અનેક પ્રશ્ન પુછતી હતી, તે ચતુર [illegible] સારી રીતે સમજાવતો હતો. [illegible] સમયમાં [illegible] ધર્મની કથાઓની, અને [illegible] પુરાણની અને [illegible]

[illegible]

પ્રકાશિત થઇ, સંપૂર્ણ રીતે શોભતો હતો. આઠે અંગનાઓનાં પ્રતિબિંબ શ્રીચંદના હૃદય દર્પણમાં પ્રતિબિંબિત થયાં હતાં. તે પતિપ્રાણા પ્રિયાઓએ પ્રિયતમની અપૂર્વ પ્રીતિ મેળવી હતી.

આ વખતે શ્રીચંદ્ર પોતાની આઠ અંગનાઓની સાથે ઘણું ચર્ચા કરતો હતો. શ્રાવિકા ધર્મની જ્ઞાતા, એવી નવ વધૂઓ નવનવા રંગ કરી પતિના હૃદયને અપૂર્વ આનંદ આપતી હતી. એ શિક્ષિત સુંદરીઓની સાથે શ્રીચંદ્ર શૃંગાર રસ કરતાં શમ્યકત્વ રસનું વિશેષ સુખ મેળવતો હતો. એવી રીતે શ્રીચંદ્રકુમારનો મહસ્થાવાસનો આરંભ થતો હતો. પ્રતિદિવસ તેનાં પરિણામ વૃદ્ધિ પામતાં હતાં, સદ્ગુણરૂપ રત્નનો તે રોહણગિરિ હતો, ઈંદ્રની જેમ [1]વિબુધથી પરિવૃત રહેલો હતો. [2]સુમનસ્ જનનો નંદનવન હતો, દીન દુઃખી જનનો કલ્પવૃક્ષ હતો, ગાંભીર્ય ગુણથી તે સમુદ્રને અનુસરતો હતો, હમેશાં દાન પુણ્યનો પ્રવાહ વધારતો હતો, તે સિવાય બીજા અનેક ગુણો તેનામાં રહેલા હતા. તેના મહાન્ ગુણની પ્રશંસા કરવાને બૃહસ્પતિ પણ સમર્થ નહતા. આવા ઉત્તમ ગુણોથી તે કુશસ્થલીની પ્રજામાં ઘણો પ્રિય થઇ પડયો હતો.

એક વખતે શ્રીચંદ્ર પ્રાતઃકાળની આવશ્યક ક્રિયા કરી બેઠો હતો, તેવામાં તેનો પ્રિય મિત્ર ગુણચંદ્ર આવ્યો; ગુણચંદ્રે આવી શ્રીચંદ્રને કહ્યું કે, મિત્ર ! જો તમારી ઇચ્છા હોય, તો આપણે આજે નગરીની બાહેર ફરવા જઇએ. મારા સાંભળવામાં આવ્યું છે કે, બાહેરના ઉદ્યાન પાસે આવેલા સરોવરના તીર ઉપર જાતિવંત અશ્વોનું એક વૃંદ આવેલું છે, તે જોવાની જો ઇચ્છા હોય, તો સત્વર તૈયાર થાઓ. ગુણચંદ્રનાં વચન સાંભળી શ્રીચંદ્ર ખુશી થયો, પોતે શાલિહોત્ર (અશ્વ વિદ્યા) વિદ્યા જાણતો હતો, તેથી તેના મનમાં વિશેષ કૌતુક થયું; તત્કાળ પિતાની આજ્ઞા લઇ વાહન ઉપર ચડી તે ગુણચંદ્ર મિત્રની સાથે ચાલ્યો. તેઓ અનેક વાર્તાલાપ કરતા સરોવરના તીર ઉપર પહોંચ્યા, ત્યાં આવી ઉત્તમ સ્થાનમાં મુકામ કર્યો. એ તીરની પાસે અશ્વોનું મોટું ટોળું તેમના જોવામાં આવ્યું. જાણે સૂર્યના રથમાંથી છુટા પડ્યા હોય, તેવા ઉત્તમ જાતના અશ્વો તેમની નજરે પડ્યા. તેમને જોઇ શ્રીચંદ્ર ખુશી થયો. અશ્વ વિદ્યામાં જે જે અશ્વનાં ઉત્તમ લક્ષણો કહેલાં છે, તે બધાં અહીં પ્રત્યક્ષ દ્રષ્ટાંતરૂપે તેના જોવામા આવ્યાં. તત્કાલ શ્રીચંદ્રે પોતાના મિત્ર ગુણચંદ્રને કહ્યું, મિત્ર ! અશ્વ ઘણા ઉત્તમ છે, આવા અશ્વ ઉપર વાહન કરવાની ઇચ્છા થાય છે, જો કે, પિતાજીની આજ્ઞા મેળવી નથી, તથાપિ ખરીદ કરવાનું સાહસ ઉત્પન્ન થાય છે. આજ સુધી પિતાજીએ મારી ઇચ્છાનો કદિ નિરોધ કર્યો નથી, મારી મનોવૃત્તિમાં ઉત્પન્ન થયેલી કામના પૂર્ણ કરવામાં તેઓ પ્રથમથીજ કલ્પવૃક્ષ થતા આવ્યા છે, તેથી આ કાર્યમાં તેમની આજ્ઞાની અપેક્ષા હું જોતો નથી. માટે આ અશ્વવૃંદના નાયકને અશ્વનું મૂલ્ય પુછી જો. શ્રીચંદ્રનાં વચન સાંભળી ગુણચંદ્રે ત્યાં રહેલા એક વૃદ્ધ પુરૂષને તે વિષે પુછ્યું. તે વૃદ્ધ બોલ્યો—શેઠજી ! મે અનેક અશ્વ વેચ્યા છે; હવે માત્ર આ સોળ ઘોડા ઉત્તમ જાતિના

---

૧ ઇંદ્ર પક્ષે વિબુધ એટલે દેવતા, અને શ્રીચંદ્ર પક્ષે વિદ્વાનો. ૨ સુમનસ્ એટલે દેવતા, અને સજ્જન પુરૂષો.

ભારી રહેલા છે, તમારે લેવાની ઇચ્છા હોય તો જોઇ લ્યો. પછી શ્રીચંદ ને અશ્વોની આગળ ગયો. ગુણચંદ્રે કહ્યું. મિત્ર ! તમે અશ્વવિદ્યા જાણો છો, આ જાતિવંત અશ્વોમાં કયા કયા અશ્વ ઉત્તમ છે ? અને તેઓની શી શી જાતિ છે ? તે કૃપા કરી જણાવશો.

શ્રીચંદકુમાર બોલ્યો—મિત્ર ! જે આ અશ્વ સરલ અને મુખમાં ઉજ્વલ છે, તે અશ્વ ગંગાજલની જાતિ કહેવાય છે. જે પેલા અશ્વની ઉપર આઠ મંગળ રેખા છે, તે તાર્ક્ષ્ય જાતિનો અશ્વ છે. પેલો જે રક્ત વર્ણનો અશ્વ છે, તે કીયાહ જાતિનો છે, જે શ્યામનો અશ્વ છે, તે ખુંગાહ જાતિનો છે. આ ચિત્ર વર્ણનો અશ્વ હારાહ જાતિનો કહેવાય છે. પીના જેવી કાંતિવાળો જે આ નિર્મળો અશ્વ છે, તે સેરાહ જાતિનો છે, કાંઇક કૃષ્ણ અને કાંઇક શ્વેત જે અશ્વ છે, તે ઉરાહ જાતિનો છે. જે પેલો જાનુના ભાગમાં કૃષ્ણ અને કાંઇક પીળો છે, તે રોહનાહ જાતિનો છે, જે આ નીલ વર્ણનો છે, તે હરિક જાતિનો છે, જે શ્વેત અને પિંગળ વર્ણનો છે, તે હોલક જાતિનો અશ્વ છે. આ બે અશ્વ પંચભદ્રની જાતિના છે, તેઓ વેગમાં અતિ ઉત્તમ છે, તેમની છાતી, પૃષ્ઠ મુખ અને પડખામાં શુભ લક્ષણો વિરાજિત દેખાય છે, તેઓ પંચધારા ગતિના ચાલનારા છે, તે સાથે તેમનામાં બીજાં એવાં સૂક્ષ્મ લક્ષણો છે, કે જે અશ્વ વિદ્યામાં પ્રવીણ હોય, તેજ જાણી શકે. જેના ઘરમાં આવા અશ્વ હોય, તે ઉન્નતિને પામે છે. મિત્ર ! આ અશ્વની જોડ ખરીદવા લાયક છે. કદિ એક લાખ સુવર્ણ બેસે, તોપણ તે સસ્તા છે. ધૌરિત, વલ્ગિત અને પ્લુત—એવી ગતિએથી ચાલનારા આ અશ્વો તેના આરોહકને આનંદ આપનારા છે.

આ પ્રમાણે શ્રીચંદ અને ગુણચંદ વાતો કરતા હતા, ત્યાં રાજ્યવંશના કેટલાએક [illegible] રાજકુમારો આવ્યા. તેઓ અશ્વની સ્થૂલ પરીક્ષા જાણતા હતા, સૂક્ષ્મ પરીક્ષામાં તેઓ તદ્દન અજ્ઞાન હતા. તેમણે મોટા શરીરવાળા જે અશ્વ હતા, તેઓને પેલો લાખ તથા અર્ધલાખ દ્રવ્ય આપી ખરીદી લીધા. પેલા પંચભદ્ર જાતિના અશ્વો ભારી રહ્યા હતા. કારણ કે તે અશ્વો દેખાવે અતિ ઉત્કર્ષમાં ન હતા. તેમનાં સૂક્ષ્મ લક્ષણો [illegible] કોઇના લક્ષ્યમાં આવ્યાં નહિ. જે વાયુવેગ અને મહાવેગ નામે પંચભદ્ર જાતિના બે અશ્વ ભારી રહ્યા હતા, તેઓને રથ સાથે જોડવામાં યોગ્ય જાણી, શ્રીચંદકુમારે [illegible] લાખ સુવર્ણ જેનું મૂલ્ય આપી ખરીદી લીધા.

પેલા રત્નજીવ પ્રદેશમાંથી એક પુરૂષ પરદેશી રહેલ. તેણે આ બે અશ્વ એક લાખ સુવર્ણ દ્રવ્ય આપી શ્રીચંદે ખરીદ કર્યા. તે વાત જાણીને તેના પ્રિય લક્ષ્મીદત્ત [illegible] મિત્ર, [illegible] પ્રાપ્ત રહેલા છે, તેણે આવી કહ્યું. [illegible] ! તમારા પુત્રનું લક્ષણ જુઓ. તેણે બે અશ્વ પરીક્ષા કર્યા વગર એક લાખ સુવર્ણ આપી ખરીદ કર્યા. અશ્વના શરીરની ઉત્કૃષ્ટ [illegible] નથી; તે [illegible] દેખાય છે [illegible] તમારી [illegible] કરેલું છે. રાજકુમારે [illegible]

તે પુરૂષનાં વચન સાંભળી લક્ષ્મીદત્ત શેઠ બોલ્યા, ભાઇ ! તમે આટલું બધું મારે કહો છો ? શ્રીચંદ્ર અશ્વવિદ્યામાં પ્રવીણ છે. તેણે જે અશ્વ ખરીદ્યા હશે, તે બરા પરીક્ષા કરીનેજ લીધા હશે. તેણે જેટલું ધન આપ્યું, તે યોગ્યજ હશે. ભદ્ર ! તમે વિ ભકચાટ શા માટે કરો છો ? તમારે મારા દ્રવ્યની ચિંતા કરવી નહીં. આ મારા ઘરમાં વૈભવ સમૃદ્ધિ છે, તે શ્રીચંદ્રકુમારના પુણ્યબીજ છે. એ મહાનુભાવ પુત્રના પ્રભા મારી ગ્રહોજલાલી ઝળકે છે. શેઠનાં આવાં વચન સાંભળી, તે પિશુન પુરૂષ ઝિલખો થયો. શ્રીચંદ્રકુમારની ઉપર તેના પિતાની અપૂર્વ પ્રીતિ જોઇ, પોતે કરેલી પિશુન માટે તેને પશ્ચાત્તાપ થયો.

પિશુન પુરૂષો એવાજ હોય છે. બીજાના ગુણને તેઓ દોષરૂપે જુવે છે, કો વચ્ચે દ્વેષ ભાવ થાય, કે કોઇને હાનિ થાય, તે જોવાને તેઓ સર્વદા ઉતેજાર રહે અન્ય પુરૂષની ઉન્નતિ જોઇ, તેઓના હૃદયમાં શૂળ ઉત્પન્ન થાય છે, સુખ વૈભવમાં રહેનારા મનુષ્યોને તેઓ જોઇ શકતા નથી. તેમના મલિન હૃદયમાં કુવિચાર, કુતર્ક નઠારી ભાવના સર્વદા ઉદ્દભવે છે તેઓ બીજાઓનો કલહ જોઇ રાજી થાય છે, બીજ દુઃખી અવસ્થામાં જોવાથી તેમને સંતોષ થાય છે, તેમનું બધું જીવન ઇર્ષ્યાથી ભરેલું હોય છે.

આ વખતે શ્રીચંદ્રકુમાર ગુણચંદ્ર મિત્રની સાથે પેલા બે જાતિવંત અશ્વ ઘેર આવ્યો. પુત્રે પિતાના ચરણમાં પ્રણામ કર્યો, અને કહ્યું, પિતાજી ! આપની આ વિના એક લક્ષ સુવર્ણ આપી, હું આ બે અશ્વ ખરીદી લાવ્યો છું. તે ક્ષમા કર લક્ષ્મીદત્તે હરખ કરી કહ્યું, વત્સ ! બહુ સારૂં કર્યું. આ અશ્વ જોઇ હું ઘણો પ્રસન્ન થ છું. પુત્ર ! તમને યોગ્ય લાગે તેવા કાર્યમાં તમારે સ્વેચ્છાથી લક્ષ્મીનો વ્યય કરવો. તે મારી આજ્ઞાની જરૂર નથી. વત્સ ! તમે સર્વ રીતે ગુણ અને ઉત્તમ પરીક્ષક છો, વિચાર્યા વગર અનુચિત વ્યય કરો નહીં, એમ મને પૂર્ણ ખાત્રી છે. પિતાની સત્તા પુ ઉપર હોવી જોઇએ; પણ તે ક્યાં સુધી હોવી જોઇએ, તે વિષે નીતિ શાસ્ત્રની મર્યાદ ઉત્તમ પિતાએ પુત્રને પાંચ વર્ષ સુધી લાલન પાલનમાં રાખવો. પાંચથી દશ વર્ષ ર શિક્ષાથી વશ રાખવો, અને દશથી પંદર વર્ષ સુધી તેને વિદ્યા કે કળાના ઉત્તમ સાથે જોડવા પ્રયત્ન કરવો. જ્યારે સોળમું વર્ષ પ્રાપ્ત થાય, એટલે પિતાએ પુત્રને મિત્ર અનુસરી તેની સર્વ રીતે યોગ્યતા જોવામાં આવે, એટલે તેને પરતંત્રતાના પાશમાંથી મુ કરવો. પુત્રની પરતંત્રતા તેની યોગ્યતા ઉપર આધાર રાખે છે. તેમાં પણ જે સદ્ગુ અને વિનીત પુત્ર હોય છે, તેની તરફ પિતાએ મુક્ત દ્રષ્ટિથી જોવાનું છે. વત્સ ! ખરેખર પિતાનો આજ્ઞાંકિત પુત્ર છું, તારામાં મૂળથીજ ધાર્મિકપણે વાસ કરેલો છે, નય જેવા ઉત્તમ ગુણથી તું સર્વદા અલંકૃત છું, તેથી તારે તો મારી આજ્ઞાની જરૂ અપેક્ષા રાખવી નહીં તારા જેવા પુત્રોના પિતાઓ ધન્ય હશે, તારા જેવા પુત્રથી પિ જીવન કૃતાર્થ છે. પિતાનો જે પવિત્ર ધર્મ નીતિશાસ્ત્રમાં વર્ણવેલો છે, તે ધર્મ તારા જે પુત્રથીજ ચરિતાર્થ છે.

પિતાનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર ખુશી થયો. પછી તેણે ખરીદ કરેલા પંચભદ્ર જાતિના અશ્વનાં લક્ષણો પિતાને સમજાવ્યાં, અને પોતે કરેલી અશ્વ પરીક્ષા તે શાસ્ત્રસિદ્ધ છે, એમ સાબીત કરી બતાવ્યું. પિતાની આજ્ઞા લઇ શ્રીચંદ્રે સુવેગ નામે એક ઉત્તમ કારીગરીવાળો રથ કરાવ્યો. જાતિવંત કાષ્ઠની રચનાથી તે રથનો દેખાવ દિવ્ય અને અદ્ભુત કરવામાં આવ્યો હતો. પ્રતાપસિંહ રાજાના વંશપરંપરાએ ચાલતા આવતા સારથિ કુળનો ધનંજય નામે એક કુમાર હતો, તેને આ રથનો સારથિ નીમવામાં આવ્યો. તે ધનંજય રથશિક્ષક, ગંભીર, વિનયી અને કાર્યકુશળ હતો. સારથિમાં જે જે ગુણો હોવા જોઇએ, તે બધા ગુણોનો તે સ્થાનરૂપ હતો. શુભ દિવસે અને શુભ મુહૂર્તે તે સુવેગ રથની સાથે વાયુવેગ અને મહાવેગ અશ્વ જોડી, ધનંજય સારથિની પાસે રથચાલનનો સમારંભ કરાવ્યો હતો. શ્રીચંદ્રકુમાર ગુણચંદ્ર મિત્રની સાથે તે સુવેગ રથમાં બેસી ફરતો હતો, અને તે જોઇ પવિત્ર મનનો લક્ષ્મીદત્ત પિતા અતિ આનંદ પામતો હતો.

પ્રકરણ ૨૩ મું.

અંધકારિણી મૂલિકા.



વેગ રથમાં બેસી શ્રીચંદ્રકુમાર પ્રતિદિન પ્રત્યેક દિશામાં ફરતો હતો, વાયુવેગી અશ્વોને વહન કરાવી, અનેક આનંદ અનુભવતો હતો. કોઇ વાર ગુણચંદ્રની સાથે તે રથમાં બેસી ઘણેજ દૂર નીકળી જતો હતો. પુત્રનો પ્રેમી પિતા તેની રાહ જોઇ ચિંતા કરતો હતો; અને પુત્રને વિલંબ ન કરવા વિનતિ કરતો હતો. કોઇવાર વનમાં, કોઇવાર ગામડાંમાં અને સરોવરના તીર ઉપર, એમ જુદે જુદે સ્થળે તે મિત્રની જોડ વિચરતા હતા. તેમના રથનો વાયુવેગ જોઇ લોક આશ્ચર્ય પામતાં હતાં, અને શ્રીચંદ્રની અશ્વ પરીક્ષાની સારી પ્રશંસા કરતાં હતાં. જે માર્ગમાં શ્રીચંદ્રનો રથ આવતો હોય, તે માર્ગે લોકોની મેદની જોવાને એકઠી થતી, અને ધન્યવાદથી તેને અનુમોદન આપતી હતી.

કુશસ્થલી નગરીથી કેટલાક યોજન ઉપર ત્રિકૂટ નામે એક ઉંચો પર્વત હતો, તેનાં ઉંચાં શિખરો ગગનનો સમાગમ કરવા ઇચ્છતાં હોય, તેમ દેખાતાં હતાં. વિવિધ જાતનાં વૃક્ષોની ઘટાથી એ ગિરિરાજ અતિ રમણીય લાગતો હતો, રસસિદ્ધિ અને બુદ્ધિ કરનારી અનેક ઔષધિ તેના ઉપર થતી હતી, અનેક સ્થળે નિર્મળ જળનાં ઝરણાંઓ નીકળતાં હતાં. કેસરીસિંહ, વાઘ, વરુ અને સાબર વિગેરે હિંસક પ્રાણીઓ ત્યાં ઘણાં હતાં, ધર્મનિષ્ઠ વિવિધ દર્શનના સંન્યાસીઓ તે ગિરિરાજના શિખર ઉપર રહેતા હતા, ત્યાં [illegible] અનેક સ્થાન હતાં. તેની અંદર ગુફાઓ [illegible] [illegible] હતા, [illegible] [illegible] એ ગિરિરાજ [illegible] કરતા હતા.

આ સુંદર ગિરિમાં ભૈરવ નામે એક મહાન્ યોગી રહેતો હતો. તે યોગીરાજ અનેક વિદ્યાઓની સાધના તે સ્થળે રહી કરતો હતો. તેના ભવ્ય આશ્રમમાં વિદ્યા સાધનની અનેક સામગ્રી ગોઠવવામાં આવી હતી, તે કેવળ સ્વાર્થી ન હતો, બીજાનું હિત કરવામાં તત્પર રહેતો હતો, તેનામાં દયા, દાક્ષિણ્ય અને ગાંભીર્ય વિગેરે ગૌરવતાના ગુણો રહેલા હતા. તે ભૈરવ યોગીની આકૃતિ ભયંકર હતી, તેના દેહનું પ્રમાણ માનવ પ્રમાણથી ઘણું વિશેષ હતું, અલ્પ શક્તિવાળા બીરૂ લોકો તેની પ્રચંડ આકૃતિ જોઈ, ભય પામી જતા હતા, તેનાં વિશાળ લોચનમાં અગ્નિની જ્વાળા જેવી રતાશ દેખાતી હતી, ભ્રકુટીના દેખાવ દ્રષ્ટાને ભય આપે તેવો હતો, તેના પુષ્ટ શરીર ઉપર કૃષ્ણ વર્ણની પ્રભા પ્રસરેલી હતી. જ્યારે તે યોગાસન કરી બેસતો, ત્યારે નીલગીરિનો એક ભાગ હોય, તેવો દેખાતો હતો, તેને દૂરથી જોઇ શિકારી પ્રાણીઓ પણ નાશી જતાં હતાં. આસપાસ રહેલા અનેક તાપસો તેનાથી ભય પામી રહેતા હતા, તેના કંઠનો નાદ ઘણો કઠોર હતો. જ્યારે તે કાંઇ પણ બોલતો, ત્યારે તેના નાદના પ્રતિધ્વનિથી ત્રિકૂટ પર્વત ગાજી રહેતો હતો.

એક વખતે રાત્રિનો સમય હતો. શ્રીચંદકુમારની એવી ઇચ્છા થઇ કે, આજે રાત્રિમાં રથક્રીડા કરવાને બાહેર જવું. ઘણીવાર દિવસની ક્રીડા કરેલી છે, આ જાતિવંત અશ્વનો વેગ દિવસમાં જોયો છે, પણ તેઓનો વેગ રાત્રે કેવો હશે ? તે અનુભવવું જોઇએ. રાત્રિના અંધકારમાં માર્ગનો ક્રમ ભુલ્યા વગર વેગથી ચાલવાનું ચાતુર્ય આ અશ્વમાં કેવું હશે ? તે અવશ્ય જાણવું જોઇએ. આવો વિચાર કરી તે પોતાના પિતાની પાસે આવ્યો. પિતાને પ્રણામ કરી પુછયું, પિતાજી ! આજે રાત્રે રથક્રીડામાં જવાની ઇચ્છા થય છે, જો આજ્ઞા આપો તો, જવાને સજ્જ થાઉં. તમારા પુણ્યના પ્રતાપથી હું નિર્વિઘ્ને પાછો સત્વર આવીશ. મારા મનમાં રાત્રિની મુસાફરી કરવાની ઘણી હોંશ છે, આપ જરાપણ ભયની શંકા રાખશો નહિ. શ્રીચંદનાં આવાં વચન સાંભળી લક્ષ્મીદત્ત શેઠ બોલ્યા—વત્સ ! આ તારી ઇચ્છા પૂર્ણ કરવાને મારા મનમા શંકા રહે છે. તારા રથનો વેગ ઘણો છે, ઘોડાઓ પણ વેગવાળા છે, વખતે માર્ગની સ્ખલના થાય, તો પછી ઉપાધી થઇ આવે. કુશસ્થલીના આસપાસનો પ્રદેશ પહાડી છે, અનેક જંગલી પ્રાણી રાત્રે ફરવા નીકળે છે, તેથી વત્સ ! તારી આ ઇચ્છાને વિરામ પમાડ. તારી પ્રત્યેક કામના પૂર્ણ કરવાની મારી ધારણા પ્રયત્નથીજ છે, પણ આ કામના સર્વથી કઠોર અને વિઘ્નભરેલી છે. શ્રીચંદ્રે કહ્યું, પિતાજી ! જરાપણ ભય રાખશો નહિ. આર્હત ધર્મથી હું સર્વદા રક્ષિત છું, પંચ પરમેષ્ટીનું સ્મરણ મારી મનોવૃત્તિમાં પ્રવૃત્ત છે. હું આપને આગ્રહથી વિનંતિ કરૂં છુ કે, મારી આ ઇચ્છામાં આપ અંતરાયભૂત થશો નહિ.

શ્રીચંદની પ્રબળ ઇચ્છા જોઇ, લક્ષ્મીદત્ત શેઠે કચવાતે મને આજ્ઞા આપી, અને પુત્રની રક્ષા માટે શાસન દેવતાની સહાય માગી. પિતાની આજ્ઞા લઇ, શ્રીચંદ્ર એકલો રથમાં બેસી બહાર નીકળ્યો. જાતિવંત અશ્વો તેના રથને સ્ખલના શિવાય વહન કરવા લાગ્યા, તેનો પવનવેગી રથ ત્રિકૂટ પર્વતની તળેટીમાં આવી પહોંચ્યો. પોતાના ધનંજય સારથિને રથની પાસે રાખી, પોતે એકલો પર્વતના ગહન પ્રદેશમાં ફરવા લાગ્યો. રાત્રિના

અનેક દેખાવો જોતો જોતો કુમાર, જ્યાં પેલો ભૈરવ યોગી રહેતો હતો, તે સ્થાને આવી પહોંચ્યો. યોગી પદ્માસન કરી બેઠો હતો, અને કોઈ વિદ્યાની સાધનાની સામગ્રી કરતો હતો. આ તરફ કુમારને જોઈ, ભૈરવ ખુશી થયો, અને શ્રીચંદને પોતાની પાસે બેસાડ્યો. યોગી બોલ્યો—વત્સ ! તું ઘણુ વખતે પુ. પદ્માસન ધારણ કરી, અત્યારે અહીં ક્યાંથી આવે છે ! આ પર્વતની અટવી ભયંકર છે, અહીં એકલા આવવાનું શું કારણ છે ! શ્રીચંદે કહ્યું. યોગીરાજ ! હું કૌતુકને માટે અહીં રથ લઈ ફરવા આવ્યો છું. તમારા જેવા યોગીઓના પ્રભાવથી આ સ્થાને કોઈ જાતનો મને ભય નથી. શ્રીચંદનાં વચન ઉપરથી ભૈરવ યોગીએ વિચાર્યું કે, આ કોઈ સાહસી પુરુષ લાગે છે. આવા પુરુષને સાધક કર્યો હોય, તો વિદ્યા સધ થઈ શકે છે. આવું વિચારી ભૈરવ બોલ્યો—નરવીર ! તારી હિંમત જોઈને મને ઘણું સંતોષ થાય છે. તારા જેવા પુરુષથી ઘણાં લાભ થાય છે. જો તું સહાય થા તો, આવતી ચૌદશે એક વિદ્યા સાધવી છે. આજે મધ્ય રાત્રે તને ઉત્તર સાધક કરી, હું એક વિદ્યા સિદ્ધ કરી લઉં. તેથી તને પણ લાભ થશે. શ્રીચંદે હિંમત કરી તે વાત કબુલ કરી, એટલે ભૈરવ યોગી બોલ્યો—વત્સ ! હું તને જે મંત્ર આપું, તે મંત્રથી તું આહુતિ આપજે. તે વખતે અનેક ઘોર તથા ભૈરવ આવશે, તેમનાથી તું જરા પણ ડરીશ નહિ. તેમજ ... તેઓની ઉપર જરાપણ વિશ્વાસ રાખીશ નહિ.

યોગીરાજનાં વચન સાંભળી શ્રીચંદ બોલ્યો—મહારાજ ! તને જરાપણ મારી ચિંતા રાખવી નહિ. તમારે જેવી રીતે સાધના કરવી હોય, તેમ કરજો. હું મારી ફરજ ... ઉદ્દેશ નહિ. શ્રીચંદની આવી મોટી હિંમત જોઈ ભૈરવ યોગી પ્રસન્ન થઈ ગયો. ... કરી બોલ્યો—વત્સ ! તારા સાહસને ધન્ય છે. મેં તારા ધૈર્યની પરીક્ષા કરવાની ખાતર આમ કહેલું હતું. તું ખરેખર ધીર નર છું. સાહસિક નરનો શિરોમણી છું. ... જોઈ સંતુષ્ટ થયો છું. વત્સ ! આ અપહારિણી મુદ્રિકા ગ્રહણ કર. તે ... સિદ્ધ કરેલ છે. જેની પાસે એ મુદ્રિકા હોય, તેની આગળ ક્ષુદ્ર ... છે, તેના ઉપર શત્રુઓનું જોર ચાલતું નથી. શ્રીચંદકુમારે યોગીને નમન કરી તે અપહારિણી મુદ્રિકા ગ્રહણ કરી. ભૈરવ યોગીએ પીઠ ઉપર હાથ મુકી ... આશીષ આપી. પછી શ્રીચંદ યોગીરાજની આજ્ઞા લઇ ત્યાંથી ચાલી જ્યાં ... રથ હતો ત્યાં આવ્યો.

આ પ્રમાણે કુશળ શ્રીચંદ અપહારિણી મુદ્રિકા લઈ ... પોતાને ઘેર ... ત્યાં લક્ષ્મીદત્ત શેઠ પુત્રની ચિંતા કરતા હતા, ત્યાં શ્રીચંદ રથમાંથી ઉતરી પાસે આવી ચરણમાં નમ્યો. પુત્રને જોઈ પિતાને અપાર હર્ષ ઉત્પન્ન થયો. ભૈરવયોગીનો સર્વ વૃત્તાંત અને પોતે પ્રાપ્ત કરેલ અપહારિણી મુદ્રિકાનું શુભ ખબર ... શેઠને નિવેદન કર્યું. પુત્રની સાહસિકતા જોઈ પિતાને વિશેષ આનંદ થયો. ... માતાને પણ એ વૃત્તાંત કહી શ્રીચંદે ખુશી કર્યું.

આ પ્રમાણે પુણ્યનો અને વિદ્યા કળાનો રાશિરૂપ શ્રીચંદ્રકુમાર પોતાના મિત્રની સાથે તે સુવેગ રથમાં બેસી અનેક ક્રીડા કરતો હતો. ભ્રમરની જેમ પ્રત્યેક ઠામે તે ભ્રમણ કરી સારરૂપ સુગંધને સ્વીકારતો હતો. તે બહાદુર કુમાર પોતાના પુણ્યના પ્રભાવથી કોઇ સ્થાનેથી વિદ્યા, કોઇ સ્થાનેથી કળા, કયાંથી ઔષધી અને કયાંથી વિષહર મણિ એમ ચમત્કારી વસ્તુઓ મેળવતો હતો, અને પ્રતિદિન ધાર્મિક જ્ઞાન સાથે વિશેષ વિલાસ ભોગવતો હતો.

પુણ્યથી શું નથી થતું ? પુણ્ય એ કલ્પવૃક્ષ છે. જે જે વસ્તુ વાંછિત હોય, તે પુણ્યરૂપ કલ્પ વૃક્ષથી પ્રાપ્ત થાય છે. પુણ્યના પ્રભાવથી પ્રાણી સુખ સંપત્તિ અને વાંછિત ફળ પ્રાપ્ત કરે છે. શ્રીચંદ્રકુમાર પણ તેવાં પુણ્યથી યુક્ત હતો. તેનામાં જે જે ગુણો સ્વતઃ પ્રાપ્ત થયા હતા, તે બધા પુણ્યના યોગનુંજ ફળ હતું. જેણે પુણ્યરૂપ કવચ ધારણ કર્યું હોય, તે પ્રાણીને કોઇ પણ રાજા કે અંતરાય ભેદી શકતાં નથી. પુણ્યના તેજની આગળ સર્વે ભૌતિક પદાર્થ પરાસ્ત થઇ જાય છે. પુણ્યરૂપ ચિંતામણી જેની પાસે હોય, તે પુરૂષ સર્વ જાતની કામના પૂર્ણ કરવાને સમર્થ થાય છે. એ પુણ્યરૂપ ચિંતામણીના પ્રભાવથી શ્રીચંદ્રકુમાર પ્રતિદિન ઉન્નતિપર આવતો હતો. કુશસ્થલી નગરીમાં ઘેર ઘેર શ્રીચંદ્રકુમારના યશનુંજ ગાન થતું હતું. રાજા પ્રતાપસિંહ અને રાણી સૂર્યવતી, એ પુત્ર રત્નને જોઇ ઘણાંજ ખુશી થતાં, અને ઘણી વાર તેને પોતાની હજુરમાં બોલાવતાં હતાં.

પ્રથમ ખંડ સમાપ્ત.

પિતાનો ધર્મ છે. "ગાય અને દુહિતા દોરે ત્યાં જાય," એ કહેવત યથાર્થ છે. પુત્રીને જોઈ તેવા પતિને આપી દુઃખી કરવી, એ માતા પિતાનો અધમ માર્ગ છે. બાળાઓની ઉન્નતિનો સર્વ આધાર જેમાં રહેલો છે, તેના સંસારનો શુભાશુભ સમારંભ જેને આશ્રીને થવાનો છે, અને જે તેણીના સુખ દુઃખનો સમભાગી અને વ્યવહાર માર્ગનો ખરેખરો નેતા થવાનો છે, તેવા પુરૂષની યોગ્યતા જોયા વિના પુત્રીઓને ભવપાશમાં નાખનારાં માતા પિતાઓને સહસ્રવાર ધિક્કાર છે. પ્રાણનાથ ! તમને યથેષ્ટ ચિંતા ઘટિત છે. આ રાજકુમારીનો સંબંધ કોઇ યોગ્ય રાજકુમાર સાથે કરવો જોઇએ.

વાંચનાર ! અધીરા થશો નહીં. આ વાર્તા કરનાર દંપતી અને તે બાલિકાની ઓળખાણ તમને અહીંજ આપીએ છીએ. આ ભરતક્ષેત્રની દક્ષિણ દિશામાં રૂપસુંદરીના તિલક જેવું તિલકપુર નામે નગર છે, તેનો રાજા શ્રીતિલક નામે છે, તેને રતિ નામે ગુણવતી સ્ત્રી છે, એ રતિ સમાન રાનીના ઉદરમાંથી તિલકમંજરી નામે એક પુત્રી ઉત્પન્ન થઇ છે. રાજમેહેલના આંગણામાં સખીઓ તથા દાસીઓની સાથે ક્રીડા કરનારી મુગ્ધા તે આ તિલકમંજરી હતી, અને જે દંપતી તેની ક્રીડાને મેહેલ ઉપરથી જોતાં હતાં, તે તેણીનાં માતા પિતા રાજા શ્રીતિલક અને રાણી રતિ હતાં. રાજા શ્રીતિલકને પુત્રીને યોગ્ય વયે પહોંચેલી જોઇ, તેના વિવાહને માટે યોગ્ય વરની ચિંતા થઇ હતી, તે સંબંધી તે દંપતી અહીં વાર્તાલાપ કરતાં હતાં.

રાજા શ્રીતિલકના હૃદયમાં ત્યારથી તિલકમંજરીના વિવાહને માટે વિચાર શ્રેણી ઉત્પન્ન થવા લાગી હતી પોતાના ચતુર મંત્રીઓની સાથે રાજા તે વિષેનીજ મસલત ચલાવતો હતો. એક વખતે રાજા પોતાના ધીર નામના મુખ્ય મંત્રીને બોલાવી તે વિષેનો નિર્ણય કરવા બેઠો. તેણે નિશ્ચય કર્યો, કે હવે પુત્રી સંબંધી નિત્યની ચિંતામાંથી મારે મુક્ત થવું. અને તે ઉત્તમ પ્રકારનો નિર્ણય કરી, આત્માને ઉપાધિ મુક્ત કરવો. મને ખાત્રી છે કે, ધીર મંત્રી ઘણો બુદ્ધિમાન્ છે, તેથી તેની સલાહ મને શાંતિકારક થઇ પડશે. આવું ચિંતવી શ્રીતિલકે ધીર મંત્રીને બોલાવીને કહ્યું, મંત્રીશ્વર ! તમે મારા પરંપરાના મંત્રીકુળના મુખ્ય પુરૂષ છો. મારા રાજ્યની ધુરાને વહન કરવામાં પૂર્ણ સહાયભૂત છો. તમારા બુદ્ધિબળના પ્રભાવથીજ મારૂં રાજ્ય નીતિરાજ્ય કહેવાય છે. પોતાની પ્રશંસાનાં આવાં વચન સાંભળી ધીર મંત્રી બોલ્યો—રાજેંદ્ર ! એ સર્વ આપની કૃપાનુંજ ફળ છે. આપના વંશના મૂળ પુરૂષોએ અમારા કુળની પરંપરાથી કદર જાણી છે. સ્વામીમાં કૃતજ્ઞતા હોય, તો સેવકનું બુદ્ધિબળ, વા તનુબળ જણાઇ આવે છે. આપ કૃતજ્ઞ અને નીતિમાન્ છો, તેથી અમે સારી પ્રશંસાના પાત્ર થયા છીએ. કહો શી આજ્ઞા છે ! શ્રીતિલક બોલ્યો—મંત્રિવર્ય ! રાજકુમારી તિલકમંજરી વિવાહને યોગ્ય થઇ છે, તેનામાં વિદ્યા, કળા, અને સદ્ગુણો ઉત્તમ રીતે પ્રાપ્ત થયેલા છે, તેનામાં ચાતુર્યનો એવો ઉત્તમ ગુણ છે, કે જે કોઇજ રાજ્યકન્યા ધારણ કરતી હશે. એ રાજકુમારીને યોગ્ય એવો કોઇ રાજકુમાર જોવામાં આવતો નથી. ભારતવર્ષમાં અનેક ક્ષત્રિય વીરો હશે, પણ તેઓની શોધ કરવામાં કોઇ ઉત્તમ સાધન જોવામાં આવતું નથી. આથી મારા હૃદયમાં સતત ચિંતારૂપ

મહા આત્મા પ્રભાવિત જેવા કરે છે. કમળનાં ફૂલ કરતી તે રાજકુમારીને જોઈ મને વિશેષ ચિંતા ઉત્પન્ન થઈ છે. માટી ચિંતાથી મહા અજાણાને શાંત કરવા માટે તમારી અદ્દભુત સુંદર વિવેક ભેગવવા આવે તમને બોલાવ્યા છે. હવે શો ઉપાય કરવો ! તે હકીકતમાં વિચારી મને જણાવો.

શ્રી વિભ્રમ રાજાનો આ ધીર મંત્રી ઘણો વિચક્ષણ હતો. રાજ્યના કારભાર તેનું સારું વખણાતું હતું. જ્યારે જ્યારે રાજા સંકટમાં પડતો ત્યારે ધીર મંત્રી તેને નિષ્કંટક કરતો હતો, તેનામાં રાજભક્તિ રમી રહી હતી, સ્વામી અને સેવકના ધર્મ તે સારી રીતે જાણતો હતો. નીતિના રહસ્ય વિષયમાં તેની વિદ્વત્તા વિશેષ દેખાતી હતી, તે સાથે તેનું હાસ્ય ઘણું સારું હતું. દુઃખીઓને સહાય કરવાને તેને સુખ સમજાતું હતું, પરોપકાર કરવામાં તે પ્રીતિ રાખતો હતો. આવા આવા ઉત્તમ ગુણોને લઈ ધીર મંત્રી નિરંતર પ્રજાનો પ્રતિપાલ મનાતો હતો. રાજા અને પ્રજાની પ્રીતિનું તે કેન્દ્ર સ્થાન થઈ પડ્યો હતો.

ધીર મંત્રી વિચાર કરી બોલ્યો—મહારાજ ! ભરત વર્ષમાં અનેક રાજકુમારો વિદ્વાન, શૂરવીર અને રૂપવાન હશે, પણ તે સર્વની પરીક્ષા પ્રત્યેક સ્થાને આપણાથી થઈ શકશે નહિ. તેથી રાજકુમારી તિલકમંજરીનો સ્વયંવર કરો. સ્વયંવરમાં આપને યોગ્ય લાગે તેવું એક પણ કરો. જે પ્રમાણે પરીક્ષામાં રાજકુમારની ઉત્તમ કળા અને ગુણ જણાય આવે. ધીર મંત્રીનાં આવાં વચન સાંભળી રાજા સંતોષ પામ્યો. અને આ ઉત્તમ સલાહને માટે મંત્રીશ્વરને ઘણી શાબાશી આપી. સભા પછી વિભ્રમપુરના મહારાજાના હૃદયમાં એવો વિચાર સ્ફુરી આવ્યો કે, પૂર્વે જેમ રાજપુત્રીના સ્વયંવરમાં એક કન્યાને પરણવા માટે અર્જુને રાધાવેધ કર્યો હતો, તેમ આ સ્વયંવરમાં પણ ઉત્તમ રાધાવેધ રચવો. જે ક્ષત્રિય કુમાર આ રાધાવેધ સાધશે, તેને રાજકુમારી વરશે. તેથી ઉત્તમ રાજકુમારની પરીક્ષા થઈ શકશે. રાજાએ આ વિચાર ધીર મંત્રીને જણાવ્યો. ધીર મંત્રીએ તેને ઘણો અનુમોદન આપ્યું. છેવટે તેમણે નિશ્ચય કરી, સ્વયંવરનો વિચાર નિશ્ચિત કર્યો.

રાજકુમારી તિલકમંજરીએ દાસી દ્વારા પોતાના સ્વયંવરના શુભ સમાચાર સાંભળ્યા. એટલે તે વિશેષ આનંદ પામી. એ મુગ્ધા બાળા કોઈ વિચાર કરતી હતી. પોતાના ચિત્તમાં જોકે આ અસાધ્ય મહા પણ કર્યું હતું. પણ તિલકમંજરી તેને પસંદ કરતી હતી. તેણીના હૃદયમાં એવો વિચાર આવ્યો કે, સર્વ પતિઓમાં ઉત્તમ ક્ષત્રિય કુમાર જ મારો પતિ થશે. ક્ષત્રિય કન્યાએ ક્ષત્રિયના વીર પતિની પસંદગી કરવી જોઈએ. તે ક્ષત્રિયકુમાર ઉત્તમ હોવાથી વિશેષ શોભી નીકળે છે. પિતાએ જે સ્વયંવરનો વિચાર કર્યો છે તેથી કોઈ ઉત્તમ રાજકુમારની પ્રાપ્તિ થશે. અને રાજ સંસાર સુખનો

ઉત્તમ નમુનો મને પ્રાપ્ત થશે. આવો મનોરથ કરતી તિલકમંજરી મનમાં અતિ આનંદ પામતી હતી.

રાજા શ્રી તિલકે સ્વયંવરનો સમારંભ કરવા માંડ્યો. ભારતવર્ષના રાજકુમારોને આમંત્રણ કરવા દૂતોને તૈયાર કરવા માંડ્યા. મંડપની મનોહર રચના કરવાને ઉત્તમ કારીગરોને કામે લગાડ્યા. તિલકપુરની અંદરની અને બાહેરની ભૂમિ ઉપર ઉત્તમ ઉતારા રચવા માંડ્યા. રાજ મહેલને શૃંગારવાને અનેક જાતની તૈયારીઓ થવા માંડી. મંત્રીઓને જુદા જુદા કાર્ય ઉપર નિમી દીધા. રાધાવેધના સ્થાનમાં તેને જાણનારા ચતુર પુરૂષોને રોકવામાં આવ્યા. તિલકપુરની પ્રજા ઉમંગથી પોતપોતાના સ્થાનને સુશોભિત કરવા પ્રયત્ન કરવા લાગી. " તિલકપુરની રાજકુમારી તિલકમંજરીનો સ્વયંવર થવાનો છે. " એવી વાત સર્વ દેશોમાં પ્રસાર પામી.

પ્રકરણ ૨૫ મું.

સ્વયંવરની તૈયારી.



હસ્તગીના રાજમાર્ગમાં લોકોની ભીડ હતી, વાજિંત્રોના નાદ થતા હતા, રાજ્યની અનેક સામગ્રી સાથે મોટી સ્વારી નીકળી હતી. અશ્વોના હેષારવથી ભૂતળમાં પ્રતિધ્વનિ પડતા હતા. બાળથી તે વૃદ્ધ સુધીના લોકો તે જોવા ટોળાબંધ આવતા હતા. જય, વિજય, અપરાજિત અને જયંત એ ચારે કુમારો એ સ્વારીના નાયક હતા. લલાટમાં તિલક મંગળ કરી, શુભ મુહૂર્તે તેમણે પ્રયાણ કર્યું હતું. આ સ્વારી લક્ષ્મીદત્ત શેઠના મહેલની પાસે આવી. શ્રીચંદ્રકુમાર પોતાના પિતાની સાથે તે જોવાને ગોખ ઉપર આવ્યો, તેના મનમાં અનેક વિચારો થવા લાગ્યા. " આ રાજકુમારોની સ્વારી શા માટે ચડી હશે ! " એમ જાણવાનું તેને કૌતુક થયું. સ્વારી તે માર્ગે થઈ આગળ પ્રસાર થઈ ગઈ. શ્રીચંદ્રના હૃદયમાં કૌતુક વધવા માંડ્યું.

લક્ષ્મીદત્ત શેઠ અને શ્રીચંદ્રકુમાર તે વિષે વિચાર કરતા હતા, ત્યાં ગુણચંદ્ર આવ્યો. પોતાના મિત્રને નવીન સમાચાર આપવાના ઉમંગમાં તે વેગથી ચાલતો હતો. ગુણચંદ્રને જોઈ શ્રીચંદ્રકુમાર ખુશી થયો. તેના મુખ ઉપરથી તેને દેખાયું કે, તે પોતાનું કૌતુક શાંત કરી શકશે. લક્ષ્મીદત્ત શેઠ પણ તે જાણવા ઇંતેજાર થઈ રહ્યા હતા. ગુણચંદ્ર સ્મિત હાસ્ય કરતો બોલ્યો— મિત્ર ! એક નવા ખબર લાવ્યો છું, જે જાણીને તમને ઘણો આનંદ થશે. શ્રીચંદ્ર બોલ્યો—સખા ! તારી આકૃતિ ઉપરથીજ મેં જાણ્યું હતું. સત્વર કહે, તે શા ખબર છે ? ગુણચંદ્રે કહ્યું. પ્રિય ભાઇ ! અહીંથી દક્ષિણ દિશા તરફ

તિલકપુર નામે નગર છે. તે નગરનો રાજા શ્રીતિલક નામે છે. તેને તિલકમંજરી નામે એક કન્યા છે. એ આ સમયની રાજકુમારી અત્યારે ભારતવર્ષની સ્ત્રીઓના સૌંદર્યનો નમૂનો છે. તિલકમંજરીનાં ૧૪ વર્ષો [illegible] તેને યોગ્ય એવો પતિ મેળવવા તેના પિતા શ્રીતિલક એક સ્વયંવર કરે છે. તેમાં રાધાવેધનું પણ રાખવામાં આવ્યું છે. આજથી સત્તરમે દિવસે એ સ્વયંવરનું મુહૂર્ત છે. તે રાજાના આમંત્રણથી પ્રતાપસિંહના ચારે કુમાર આજે ત્યાં જાય છે. તેઓની સુંદર તૈયારી નગરે દરેકજ જોઈ હતી. રાજા પ્રતાપસિંહના મનમાં શંકા છે કે, આ રાજકુમારો રાધાવેધ કરી શકશે નહીં. તેઓ ઘણા [illegible] પાછા આવશે. ગુણના પરીક્ષક મહારાજા પોતાના પુત્રોને મોકલવા [illegible] ખુશી ન હતા, પણ કુમારોએ જવાનો આગ્રહ બતાવ્યો. એટલે તેઓ મોકલી રહ્યા. સર્વ કુમારોમાં જ્યેષ્ઠકુમારના મનમાં વિશેષ ગર્વ છે. રાધાવેધ કરવામાં તે પોતાને જરૂર સફળ માને છે, અને પોતે 'સર્વ કળાઓમાં નિપુણ છે' એવું અભિમાન ધરાવે છે.

અભિમાની પુરુષો પોતાના મિથ્યા અહંકારમાં તણાઈ જાય છે. તેઓ પોતાની અહંકૃતિમાં તદ્દન અંધ થઈ જાય છે. અહંકારરૂપ ગિરિ ઉપર ચડેલા પુરુષો પોતાની દૃષ્ટિ એ ગિરિ તરફજ રાખે છે, અને છેવટે તે ઉપરથી સત્વર પાછા પડે છે. અહંકારરૂપ અંધકારમાં ભ્રમણ કરનારા તેઓ ડગલે ડગલે સ્ખલના પામે છે, તે છતાં તેઓ પોતે ઠોકર ખાય છે, એમ માની સ્ખલનને બીલકુલ ગણતા નથી. અસત્યને તેઓ સત્ય માને છે, દુષ્ટને તેઓ શિષ્ટ માને છે, [illegible] માને છે, [illegible] ઉપર ઉપમતા જુએ છે, અવિચારીપણાને સુવિચારીપણું [illegible], નિરક્ષરને અને સાક્ષરનો તફાવત જોઈ શકતા નથી, અને સર્વવિરુદ્ધમાં તેઓ પવિત્રતાની બુદ્ધિ ધારણ કરે છે—અહંકારીપણાનું કડવું ફળ અનેક વાર અનુભવ્યા છતાં તેઓ દુરાગ્રહને છોડતા નથી.

મિત્રવર્ગ! જ્યેષ્ઠકુમાર પણ તેજ પ્રમાણે રાધાવેધ કરવાનું અભિમાન ધરાવે છે. રાજા પ્રતાપસિંહ હૃદયમાં જાણે છે કે, કુમારોનું આ સાહસ છે. રાધાવેધ કરનાર કોઈ વિરલ નર છે. તેથી તેઓ ઉદાસી ધારી રહ્યા છે. રાધાવેધની કળા અત્યંત [illegible] છે. [illegible] —વાહ! રાધાવેધની કળા એવી જેવી છે. [illegible] છે કે, [illegible] હોય તો, [illegible] અને રાધાવેધની [illegible] નગર [illegible] દૂર છે. [illegible]

[illegible]

ચોથી તિલકપુરની ભૂમિ જાણે ભારતવર્ષનું સંપદ સ્થાન હોય, તેમ દેખાવા લાગી. આ સર્વ વાતો શ્રીચંદ્રના જાણવામાં આવતાં તેને વિશેષ ઉત્કંઠા ઉત્પન્ન થઈ.

એક વખતે શ્રીચંદ્રે ગુણચંદ્રને પૂછ્યું, મિત્ર ! હવે તિલકપુરમાં ક્યારે જવું ? સ્વયંવરના મુહૂર્તનો દિવસ નજીક આવતો જાય છે. આપણે બરાબર સમય ઉપર ત્યાં પહોંચવું જોઈએ. રાધાવેધની કળા જોવાની મને ઘણી હોંસ છે. ગુણચંદ્ર બોલ્યો—મિત્ર ! ચિંતા કરો નહિ. આપણી પાસે ત્યાં જવાનું સાધન સર્વોત્તમ છે. આપણો સુવેગ રથ એક દિવસે ત્યાં પહોંચી શકશે. એંશી યોજનનો ગહન માર્ગ સુવેગ રથથી કાંઈપણ અસાધ્ય નથી. સુવેગ આપણા એ અસાધ્ય કાર્યને સહેલાઈથી સાધી શકશે. મહાવેગ અને વાયુવેગ અશ્વોની ગતિ પવનથી પણ અધિક છે. શ્રીચંદ્રે ફરીથી ગુણચંદ્રને પૂછ્યું, મિત્ર ! તમારૂં કહેવું યથાર્થ છે, પણ મને એક શંકા રહે છે. તિલકપુરનો માર્ગ આપણે જાણતા નથી, તો તેનું શું થશે ? ગુણચંદ્ર ગર્જનાથી બોલ્યો, મિત્રરત્ન ! એ ચિંતા કરશો નહિ. તિલકપુરનો માર્ગ આજે અજ્ઞાત રહેશે નહિ. તિલકમંજરીના સૌંદર્યે ભારતવર્ષના રાજસમાજને આકર્ષ્યો છે, એ માર્ગ ઉપર અખંડિત ગમનાગમન થતું હશે. કદિ આપણે ટુંકી મુદતમાં જવાના છીએ, એટલે તે માર્ગનો પ્રવાહ તુટ્યો હોય, તોપણ આપણને કાંઈ પણ હરકત આવશે નહિ. આપણો ધનંજય સારથિ સર્વ દેશના માર્ગનો જ્ઞાતા હશે; દરેક માર્ગનું જ્ઞાન સારથિને હોવું જોઈએ. ધનંજય સર્વોત્તમ સારથિ છે, ભારતવર્ષનાં પ્રખ્યાત નગર, ગામ અને અરણ્યનો એ ઉત્તમ જ્ઞાતા હશે. તો તે પણ શંકા રાખશો નહિ.

આ પ્રમાણે શ્રીચંદ્ર અને ગુણચંદ્ર વાતો કરતા હતા, ત્યાં લક્ષ્મીદત્ત શેઠ આવ્યા. પિતાને બંને મિત્રોએ માન આપ્યું. શેઠ બોલ્યા, વત્સ શ્રીચંદ્ર ! કેમ તિલકપુર જવા તૈયાર થતા નથી ? હવે માત્ર એકજ દિવસ બાકી છે. સો ત્રણ દિવસ થઈ ગયા, તોપણ કેમ તૈયારી કરતા નથી ? વત્સ ! આ અવસર ચુકવા જેવો નથી. રાધાવેધની કળા તારા જેવા ચતુર પુરૂષનેજ દર્શનીય છે. તારી એ કળા દર્શાવવાની મને પણ ઉત્કંઠા છે. પૂર્વના રાજાઓમાં રાધાવેધનું ચાતુર્ય સર્વોત્તમ ગણાય છે. ધનુર્વિદ્યામાં દર્શાવેલ લક્ષ્યવેધની કળાના ચાતુર્યની પરીક્ષા રાધાવેધ છે. ક્ષત્રિય કુમારોનું અદ્ભુત બળ, શક્તિ અને શસ્ત્ર અસ્ત્રનું ચાતુર્ય રાધાવેધમાં ચરિતાર્થ છે. પુત્ર ! જૈન મહાવીર પુરૂષોના ચરિત્રોમાં એ કળા વિષે મેં ઘણું સાંભળેલું છે, તદુપરાંત તે કળાને પ્રસંગે જોનારાઓના મુખથી મેં તેનું યથાસ્થિત વર્ણન હમણાં સાંભળેલું છે. વત્સ ! તું સત્વર તૈયાર થ. જો જવાની ઇચ્છા હોય તો, વિલંબ કરવો યોગ્ય નથી. આવો અવસર પુનઃ મળવો દુર્લભ છે. પિતાનાં વચન સાંભળી શ્રીચંદ્રને વિશેષ ઉત્સાહ થયો. તેણે તેજ રાત્રે જવાનો નિશ્ચય કર્યો. સંધ્યાકાળે સુવેગ રથને તૈયાર કરવા ધનંજયને આજ્ઞા આપી, અને મિત્રો તૈયાર થઈ સજ્જ થયા.

આરંભકાળ પછી સુવેગ રથમાં બેસી તેઓ કુશસ્થલીની બાહેર નીકળ્યા. લક્ષ્મીદત્ત શેઠ સિવાય બીજું કોઈ આ વાત જાણતું નહોતું. ચતુર ધનંજયે સુવેગ રથને વેગથી દક્ષિણમાં હાંક્યો. તિલકપુરનો માર્ગ તેના જાણવામાં હતો. સુવેગ રથ, પર્વત, વન, ન-

ગોપુર. નગર અને અનેક નદીઓને ઉલ્લંઘન કરતો તેઓની આગળ ચાલ્યો. અંત કાલે પૂર્વ દિશામાં સૂર્યની જેમ તિલકપુરના નજીકના પ્રદેશમાં પ્રવેશ કરવાને ઉત્સુક થયો. અનેક રાજકુમારોની ધ્વજપતાકાઓથી, ઉત્તમ રાજગૃહોના ઉપરથી અને વિવિધ રત્નના શોભાના સમૂહથી સુશોભિત એવું તિલકપુર શ્રીચંદ્રની દૃષ્ટિએ પડ્યું. તિલકપુરની શોભા જોઈ, શ્રીચંદ્રે ગુણચંદ્રને કહ્યું, મિત્ર! પુરની શોભા કેવી રચનામાં આવી જણાય છે! આ મહા નગર અત્યારે સ્વર્ગના જેવું રાજનગર જણાય છે. ગુણચંદ્રે પણ તેને અનુમોદન આપ્યું. પછી બન્ને મિત્રો એક જુદા સ્થાનમાં પ્રવેશ કરીને સ્નાનાદિ ક્રિયા કરી રાધાવેધ જોવા ગયા.

પ્રકરણ ૨૬ મું.

રાધાવેધ.

રાધાવેધનું સ્થાન સ્વયંવર મંડપની એક બાજુ રાખવામાં આવ્યું હતું. એક મજબુત અને ઉંચો સ્તંભ રોપવામાં આવ્યો હતો, તેની ઉપર અવળાં અને સવળાં આઠ ચક્ર ફરતાં હતાં, તેની મધ્યે રાધા નામની એક ફરતી પુતળી હતી, તે સ્તંભ નીચે તેલનો કુંડ હતો, તેમાં એ ફરતાં ચક્રની સાથે રાધાનું પ્રતિબિંબ પડતું હતું. નીચે દ્રષ્ટિ રાખી પ્રતિબિંબને જોઇ, ઉપર ફરતી એવી રાધાની વામ દ્રષ્ટિને જે પુરૂષ બાણથી વીંધે, તેણે રાધાવેધ કર્યો કહેવાય. આવી રીતે રાધાવેધ કરનાર ભાગ્યવાન્ પુરૂષને રાજકન્યા પ્રાપ્ત થાય—આ રાધાવેધની રચના જોઇ, શ્રીચંદ્રકુમાર મનોજ ખુશી થયો. તે ચતુર કળામાં પોતાના અગાધ બુદ્ધિબળને તે સ્ફુરાવવા લાગ્યો, અને દીર્ઘ વિચાર કરી, તે કાર્ય કરવાની હિમ્મત તેને પ્રાપ્ત થઇ.

રાધાવેધની ક્રિયાનું મનન કરતો શ્રીચંદ્ર પોતાના સ્થાન ઉપર પાછો આવ્યો. ક્ષણવાર પછી વાજિત્રોના નાદ સાથે રાજકુમારી તિલકમંજરી સુંદર પોશાક પહેરી હાથમાં વરમાળા લઇ સ્વયંવર મંડપમાં આવી. રાજકન્યાનાં સુખાસન આગળ અનેક દાસીઓ દેવીઓના જેવી ચાલતી હતી. સ્વયંવર મંડપ રાજકુમારોથી ચિકાર ભરાઇ રહ્યો હતો, રાજકન્યાના સૌંદર્યથી રાજમંડળ આકર્ષાઇ ગયું, આશાના તરંગમાં સર્વે રાજકુમારો ઉછળવા લાગ્યા. રાજા શ્રીતિલક પોતે પોતાનાં ખાસ માણસો સાથે ત્યાં હાજર થયા. તિલકમંજરીનાં મુખચંદ્ર ઉપર બધું રાજચક્ર ચકોરચેષ્ટા કરવા લાગ્યું, તે વખતે બધો સ્વયંવર મંડપ ખળભળી ચાલ્યો. બાણાવલી મદન ધનુષ્ય બાણ લઇ સર્વના મનોરાજ્ય પર તુટી પડ્યો. સર્વના હૃદયમાં કામવિકારનો પ્રૌઢ પ્રવાહ વહેવા માંડ્યો.

ક્ષણવાર પછી શ્રીતિલકની આજ્ઞાથી મુકુંદ નામના એક ભાટે ઉભા થઇ જાહેર કર્યું કે, જે કોઇ રાજકુમાર આ રાધાવેધ કરશે, તેને રાજકુમારી તિલકમંજરી પોતાની વરમાળા પહેરાવશે. તેનાં આવાં વચન સાંભળી રાજાઓ ઉચાનીચા થવા લાગ્યા. પ્રથમ શ્રીષેણ અને હરિષેણ રાજા ઉભા થયા. રાધાવેધ કરવાને ઘણો પ્રયત્ન કર્યો. પણ તે વ્યર્થ થયો. તે પછી બીજા રાજકુમારો ઉભા થયા. તિલકમંજરીના લાભને માટે સર્વે ઘણો પ્રયત્ન કરવા લાગ્યા, પણ કોઇ કૃતાર્થ થયા નહિ. કેટલાક જોરથી બાણ નાખતાં ભુમિ ઉપર પડી જતા, તે વખતે લોકો હાસ્ય કરતા હતા. કોઇ ધનુર્વિદ્યાના અભ્યાસી ગર્વથી ઉભા થતા, પણ છેવટે તેઓ વિલખા થઇ બેસી જતા હતા. કોઇના ધનુષ્યના પણચ તુટી જતી, એટલે તેઓને કન્યાને બદલે હાસ્યનો લાભ થતો હતો. કોઇ ઉંચા હાથ કરી બાણ ફેંકતા તેઓ પાછા નીચે પડી જતા, અને સર્વના ઉપહાસ્યનું પાત્ર થતા.

ક્ષણ વાર પછી કુસુમવતીના જય વિગેરે કુમાર બદ્ધ પરિકર થઇ ઉભા થયા. પ્રથમ જયકુમારે ગર્વથી બાણનો પ્રવાહ કર્યો. રાધાવેધ કરતાં પોતાનાજ અંગનો વેધ થઇ ગયો. બીજા જયંત વિગેરેનો પ્રયાસ પણ નિષ્ફળ થયો. તત્કાળ તેમનો મદ ઉતરી ગયો. વિલક્ષ મુખે તેઓ પાછા પોતાને આસને બેઠા, તે જોઇ શ્રીચંદ્ર અને ગુણચંદ્રને હાસ્ય આવ્યું. તે પછી કામપાળ, ધામાંગ, અને મુક્તાંગ રાજાઓ ઉભા રહ્યા. તેઓ ક્ષત્રિઓમાં ધન્વી ગણાતા હતા. ક્ષણ વાર પછી તેમને પણ નિસ્તેજ થઇ બે-

નો બનું પડ્યું. બ્રાહ્મણોમાં મુખ્ય એવા સોમદત્ત અને વરચંદ્ર [illegible] આવ્યા. તેઓ એવું પાછા ફરીને કુમારી અભિમુખ કરી, આગળ ચાલી બધા રાજાઓની આગળ ફરીને લેઈ નરવરમાં રાજાને કન્યા માટે તે સ્વયંવરમાં નિપુણ હતો. તેણે આઠ ચક્રમાં એક મારવો વેધ કર્યો. પણ ભાગ્ય ખોટું થયું. એટલે વિવાહ બંધ રહ્યો. બે રાજકુમારો રહ્યા હતા. તેઓ તો ફિકર કરતા નહીં. ભીમસેનની દયા હોય. [illegible] [illegible]

[illegible] નજરે નહિ [illegible] આવી [illegible] પોતાના [illegible] પછી [illegible] અને [illegible] [illegible] બંધ થયો. [illegible] [illegible] રાજા [illegible] [illegible] [illegible] નવરાત્રિ [illegible] [illegible] [illegible] રાજકુમારી [illegible] [illegible] [illegible] અને [illegible] રાજાઓ [illegible] [illegible] [illegible] રાજકુમારી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહીં. [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] નહીં [illegible] [illegible] રાજકુમારી [illegible] [illegible] રહી નહીં. [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] —

તેને પાછી સતેજ કરો. લક્ષ્મીદત્ત શેઠની પણ સમૃદ્ધિમાં વધારો કરો, અને તમારા અંતઃપુરમાં એક રાજ કન્યાનું સ્થાપન કરો. આવી રીતે ગુણચંદના આગ્રહથી, અને તેની પ્રબળ પ્રેરણાથી શ્રીચંદ્રકુમાર પોતાના સામાન્ય આસનમાંથી બેઠો થઇ રાધાવેધના સ્થાન પાસે આવ્યો. સર્વ સમાજ તેની સામે જોઇ રહ્યો. રાજા શ્રીતિલક અને તિલકમંજરીના હૃદયમાં પાછી આશારૂપ લતા પુનઃ સજીવન થઇ, શ્રીચંદની મનોહર મૂર્ત્તિ, અને તેનું અનુપમ સૌંદર્ય જોઇ, તિલકમંજરી મોહ પામી ગઇ. તેણીએ ચિંતવ્યું કે, આ મનોહર કુમાર પિતાશ્રીના કઠિન પણને પૂર્ણ કરજો, તેના પુણ્યની પ્રબળ લતા તેને અનુકૂળ થજો, અને શાસન દેવી તથા ગોત્ર દેવી મારા મનોરથને સફળ કરજો. તિલકમંજરી આમ ચિંતવતી હતી, ત્યાં શ્રીચંદ્રકુમાર રાધાવેધના સ્થાન આગળ આવી ઉભો રહ્યો. પ્રેક્ષકોની સહસ્ર દૃષ્ટિઓ એકી સાથે તેની ઉપર પડી. ' આ કુમાર શું પરાક્રમ કરશે ? ' તે કૌતુકથી સર્વે જોવા લાગ્યા. શ્રીચંદ્રે પ્રથમ ઇષ્ટનું સ્મરણ કરી, પોતાના વિદ્યા ગુરૂને નમન કરી, ધનુષ બાણ તૈયાર કર્યા. સમુદ્રની જેમ તેણે ધનુષ્યનો ટંકારવ કર્યો, જેના પ્રતિધ્વનિથી સ્વયંવર મંડપ ગાજી ઉઠ્યો. ચતુર શ્રીચંદ્રે અધોદૃષ્ટિ કરી સ્તંભ ઉપર અષ્ટ ચક્રમાં ફરતી રાધાના વામ ચક્ષુને તીર મારી વીંધી નાંખી. રાધાવેધ થતાંજ સર્વે જન સમાજે જય નાદ કર્યો, તે સાથે વાજિંત્રોનો મહા ધ્વનિ કરવામાં આવ્યો. રાજકુમારી તિલકમંજરીનું હૃદય હર્ષથી પ્રફુલ્લિત થઇ ગયું. રાજા શ્રીતિલક, તેનો સર્વ પરિવાર આનંદ સાગરમાં ઉછળવા લાગ્યો. " આ કોનો કુમાર છે ? " તેનાં ભાગ્ય, રૂપ, બળ, વિદ્યા, અને ધન્વીપણાને ધન્ય છે, એમ રાજાઓ પરસ્પર કહેતા, તેને જોવા ઉઠ્યા. રાજકુમારી તિલકમંજરી હાથમાં વરમાળ લઇ, સુખાસન ઉપરથી ઉતરી તેની પાસે આવવા તૈયાર થઇ. લોકોની ભીડ રાધાવેધના સ્થાન આગળ થઇ પડી. તે વખતે શ્રીચંદ્રકુમાર પોતાના મિત્ર ગુણચંદ્રને લઇ લોકોના સંમર્દમાં વચ્ચે પડી ગુપ્ત રીતે આગળ નીકળી ગયો, અને જ્યાં પવનવેગી સુવેગ રથ રાખ્યો હતો, ત્યાં આવી સત્વર તે તૈયાર કરાવી, તિલકપુરમાંથી ચાલ્યો ગયો. સુવેગ રથના ઉગ્ર સાધનથી તે ઘણે દૂર નીકળી ગયો.



પ્રકરણ ૨૭ મું.

શ્રીચંદ્રને ધન્યવાદ.



પ્રાતઃકાલે લક્ષ્મીદત્ત શેઠ નિત્ય વિધિ કરી બેઠા હતા, તેના મનમાં પુત્ર શ્રીચંદ્ર કુમારનાજ વિચાર આવતા હતા. "પુત્ર શ્રીચંદ્રનું શું થયું હશે ! તેના પ્રયાણ વખતે સ્વયંવરના દિવસનો એકજ દિવસ અવશેષ હતો, તે અવસર યોગ્ય સમયે પહોંચ્યો તો હશે, રાધાવેધની ઉત્તમ કળા તેના જોવામાં તે આવી હશે. કોઈ અંતરાય તો નહિ થયો હોય ! ભાગ્યવંત પુરુષોને સર્વત્ર વિજય રૂપ છે. તેનાં વાંછિત કાર્ય સિદ્ધ થયા વિના રહેતાં નથી. શ્રીચંદ્રનું પુણ્યબળ આશ્ચર્યકારક છે, તેના ધાર્મિક હૃદયના વિચારો નિર્વિઘ્ને સફળજ થાય છે." આ પ્રમાણે શેઠ લક્ષ્મીદત્તનું હૃદય ચિંતા અને આનંદની વચ્ચે આંદોલન થતું હતું, ત્યાં શ્રીચંદ્રકુમારને ગઢદ્વારમાં આવતો જોયો. શ્રીચંદ્રનાં દર્શનથી સમુદ્રની જેમ શેઠનું હૃદય ઉલ્લાસ પામી ગયું. હર્ષના આવેગથી બેઠા થયા, અને પુત્રને ભેટવા સામા આવ્યા. શ્રીચંદ્ર પિતાના ચરણમાં નમી પડ્યો. પુત્રને બેઠો કરી, પિતાએ આલિંગન આપ્યું, વિનયથી પ્રણામ કરતા એવા ગુણચંદ્રને પણ શેઠે અભિનંદન આપ્યું. પિતાએ પુત્રને સન્મુખ બેસાર્યો, અને રાધાવેધનો સર્વ વૃત્તાંત કહેવાને ઉત્સુકથી જણાવ્યું.

આ વખતે શ્રીચંદ્રની માતા લક્ષ્મીવતી પણ ઘરમાંથી આવી. પુત્રને કુશળતા પૂછી ખુશી થઈ. માતા પણ હર્ષિત થઈને તે વૃત્તાંત સાંભળવાને આતુર બેઠી. માતા પિતાની આવી ઉત્કંઠા જોઈ શ્રીચંદ્ર વિચારમાં પડ્યો. પોતે કરેલ રાધાવેધનું મહાન કાર્ય સ્વમુખે વર્ણન કરવું, તેને યોગ્ય લાગ્યું નહીં. તેણે ગુણચંદ્રની સામે દૃષ્ટિ કરી.

ઉત્તમ પુરુષો કદિ પણ આત્મ પ્રશંસા કરતા નથી. આત્મશ્લાઘા કરવી, એ મહાન અવિનય છે, પોતાને મુખે પોતાની પ્રશંસા કરવી, એ વ્યવહાર તથા ધર્મ નીતિથી વિરુદ્ધ છે. બીજાના ગુણ પરમાણુ જેવા હોય, તેને પ્રશંસાથી પર્વત સમાન કરનારા જે સજ્જન પુરુષો છે, તેઓ પોતાનામાં ગુણ દૃષ્ટિએ જોતા નથી. જેમ રત્નદીપ એવા મહેલમાં આવેલી પિપીલીકા (કીડી) છિદ્રજ જુવે છે, તેમ આત્મશ્લાઘી પુરુષો બીજામાં દોષજ જુવે છે, અને પોતાનામાં ગુણ જુવે છે. આત્મશ્લાઘા કરવાથી અહંકાર ઉત્પન્ન થાય છે, અને અહંકાર અનેક દુર્ગુણોને વધારે છે. "મારા જેવો કોઈ ઉદાર, ધાર્મિક અને પવિત્ર પુરુષ નથી, મેં અનેક મનુષ્યોના ઉપકાર કરેલા છે, મારી આગળ કોણ પુરુષ હોઈ શકે તેમ છે ?" આ પ્રમાણે આત્મશ્લાઘાના વચનો તેના વચનને વિષે [illegible] આવે છે.

આથી શ્રીચંદ્ર પોતે કરેલ રાધાવેધની વાત કહી શકે નહિ. સજ્જન શિરોમણી [illegible] તેથી તેનું [illegible] પોતાના મિત્ર ગુણચંદ્રની

સામું જોયું. પર હૃદય જાણનાર ગુણચંદ્રે લક્ષ્મીદત્ત શેઠને કહ્યું. શેઠજી ! તમારા પુત્ર શ્રીચંદ્રે ભારત વર્ષના રાજ મંડળની સમીપ રાધાવેધ કર્યો છે. પ્રથમ અનેક ધન્વી અને બળવાન્ રાજાઓ તે મહાન્ કાર્ય કરવા ઉઠયા હતા, પણ કોઇ ક્ષત્રિય પુત્રથી એ કાર્ય થઇ શક્યું નહીં. શ્રીતિલક રાજા ચિંતામાં પડી ગયો, સ્વયંવરની રચના વૃથા થવાનો સમય આવ્યો, તે વખતે મારા આગ્રહથી ભાગ્યવતી શ્રીચંદ્રે સર્વની સમક્ષ એ સર્વોત્તમ કળા દર્શાવી હતી. સર્વ જન સમાજે ઉંચા ધ્વનિથી જયનાદ કર્યો, વાજિંત્રોના શબ્દોથી ગગન મંડળ ગાજી ઉઠયું, આ સાંભળતાંજ લક્ષ્મીદત્ત શેઠને અતિ આનંદ થઇ આવ્યો. પુનઃ હર્ષના આવેશથી ઉભા થઇ લક્ષ્મીદત્તે પુત્રને આલિંગન આપ્યું, અને પ્રેમાશ્રુની ધારાથી તેના મસ્તકને આર્દ્ર કરી દીધું. લક્ષ્મીવતીને પણ તે સાંભળી અતિ આનંદ થયો. ગુણચંદ્રે પ્રયાણથી માંડીને રાધાવેધ સુધીનો બધો વૃત્તાંત સંભળાવ્યો. તે સાંભળી શ્રીચંદ્રનાં માતાપિતા સાનંદાશ્ચર્ય થઇ ગયાં. લક્ષ્મીદત્ત શેઠે ગુણચંદ્રને પુછ્યું, રાધાવેધ કરી પ્રાપ્ત થએલી તે રાજકન્યા ક્યાં છે ? ગુણચંદ્ર બોલ્યો, શેઠજી ! તમારી આજ્ઞા વિના રાજપુત્રીનું પાણિગ્રહણ કરવું, તે શ્રીચંદ્રને યોગ્ય લાગ્યું નહીં, રાધાવેધ કરી તત્કાળ ગુપ્ત રીતે અમે અહીં નાશી આવ્યા છીએ. તિલકપુરમાં પછવાડે શું થયું હશે ? તે જ્ઞાની જાણે. શ્રીચંદ્રકુમાર પોતાનો આજ્ઞાંકિત પુત્ર છે, એવું જાણી લક્ષ્મીદત્ત શેઠને વિશેષ આનંદ થયો. તેણે ચિંતવ્યું કે, પિતાની આજ્ઞામાં રહેવું, અને પિતાની સેવા કરવી, એ પુત્રનો પવિત્ર ધર્મ છે, એ ધર્મને યથાર્થ રીતે જાણનારા શ્રીચંદ્રના જેવા થોડા પુત્રો હશે. તિલકમંજરી જેવી સુંદર રાજકન્યા પ્રાપ્ત થવા છતાં જેણે પિતાની આજ્ઞા વિના તેને અંગીકાર કરી નહીં. એ કેવી આજ્ઞાંકિતતા ? શ્રીચંદ્ર ખરેખરો પુત્ર ધર્મનો નમુનો છે. પુત્રોએ પિતાની આગળ કેમ વર્તવું જોઇએ ? પિતૃ ભક્તિ કેવી રીતે કરવી જોઇએ ? અને પુત્રની પુત્રતા શેમાં રહેલી છે ? એ સધળું જાણનાર શ્રીચંદ્ર એકજ પુત્ર છે. પિતાનાં વચનને અનુસરી વર્તનારા પુત્રો સુપુત્રો છે, તેઓ ખરેખરા પિતૃભક્ત છે, કદિ પિતા અજ્ઞ, મૂઢ, ક્રોધી, કપટી અને દુરાચારી હોય, તથાપિ તેવા પિતા તરફ પૂજ્ય બુદ્ધિ રાખવી, એવો પુત્ર ધર્મ છે. પુત્ર યાવજ્જીવિત પોતાના ઉત્પાદક અને પોષક પિતાનો આભારી છે, ઉન્નતિમાં આવવાનાં સાધનો પુત્રને પિતાથીજ સંપાદન થાય છે. બાલ્યવયમાંથી વિદ્યા કળા અને ગૃહધર્મનું ઉત્તમ શિક્ષણ સંપાદન કરવામાં પુત્રને પિતાનીજ સહાય મળે છે, સદ્‌ગુણી અને પિતૃ ધર્મને જાણનારા પિતાઓ જે સહાય પુત્રને આપી શકે છે, તે અમૂલ્ય છે, તે સહાયને લઇ પુત્ર ભવિષ્યમાં પોતાની સર્વ પ્રકારની સુખ સામગ્રી સંપાદન કરી શકે છે.

એ અરસામાં જયકુમાર વિગેરે પ્રતાપસિંહના કુમારો તિલકપુરથી કુશસ્થલીમાં આવ્યા હતા. શ્રીચંદ્રકુમારે કરેલા રાધાવેધથી તેમના હૃદયમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ હતી. ઇર્ષ્યાને લઇ તેઓએ નિશ્ચય કર્યો હતો કે, જો તિલકમંજરી કુશસ્થલીમાં આવે, તો આપણે તે રાજકન્યાને તાબે કરવી. શ્રીચંદ્રકુમાર આપણી પ્રજા છે. આપણા સેવકનો પણ સેવક છે. વણિક જાતિને ઘેર રાજકુમારી કેમ શોભે ? આવો કુવિચાર કરી, તેઓ કુશસ્થલીમાં આવ્યા હતા. શ્રીચંદ્રકુમારે કરેલ રાધાવેધનો સર્વ વૃત્તાંત તેમણે પ્રતાપસિંહને જણાવ્યો. તે સાંભળી રાજા મનમાં ચમત્કાર પામી ગયો [illegible] કુદરતના પ્રતાપે હર્ષ પામી

અને લક્ષ્યવેધમાં અગ્રણી એવા ક્ષત્રિયોજ કહેવાતા હતા, તે ક્ષત્રિયોને શ્રીચંદ્રરૂપી ચંદ્રે આ ભારત ભૂમિમાં તારાની જેમ નિરતેજ કરી દીધા છે. શ્રીચંદ્રકુમારના આ પરાક્રમથી મને પણ સત્કીર્તિ પ્રાપ્ત કરાવનાર, અને વિશ્વમાં વિખ્યાત કરાવનાર એ કુમારનો હું ઉપકાર માનું છું. આવી ઉત્તમ કળાનું તેનું ચાતુર્ય જોઇ તેની વિદ્યા અને કળાના શિક્ષક ગુરૂને પણ ધન્યવાદ ઘટે છે. સુપાત્રમાં આપેલી વિદ્યા અને કળા કેવી ખીલી નીકળે છે ! એ કહેવત શ્રીચંદ્રે સિદ્ધ કરી આપેલ છે. મારા રાજ્યમાં આવા એક વિદ્વાન અને કળા કુશળ પુરૂષ હોવાથી હું મારી કુશસ્થળી રાજધાનીને અલંકૃત માનું છું, છેવટે રાધાવેધ કરનાર શ્રીચંદ્રકુમારને અભિનંદન સહિત આશિષ આપું છું કે, તેઓ સર્વદા આવા કીર્તિવંત કાર્યમાં વિજયી થાય, અને લક્ષ્મીદત્ત શેઠની રાજ્ય સમાન સમૃદ્ધિને સુખ સાથે ચિરકાળ ભોગવે.

પ્રતાપસિંહના આવા ભાષણથી જયકુમાર શિવાય સર્વે શ્રોતાઓ ખુશી થયા, પછી ગુણચંદ્રે શ્રીચંદ્રકુમારે કરેલા એ મહત્ કાર્યનું રાજા પ્રતાપની આગળ વર્ણન કરી બતાવ્યું. રાધાવેધ કરનારને રાજકન્યા મળવી જોઇએ, તો શ્રીચંદ્રકુમારને તેનો લાભ કેમ ન થયો ! એ રાજાના પ્રશ્નનો ગુણચંદ્રે ખુલાસો કરી બતાવ્યો, જે સાંભળી પ્રતાપસિંહે શ્રીચંદ્રની પિતૃભક્તિની પ્રશંસા કરી, તેમ વળી શ્રીચંદ્રકુમાર આઠ પહોરમાં ત્યાં પહોંચ્યા, અને પાછા તેટલાજ સમયમાં આવી પહોંચ્યા. એ સુવેગ રથનો ચમત્કાર ગુણચંદ્રે સર્વની સમક્ષ મહારાજાને જણાવ્યો. આ પ્રસંગે પ્રતાપસિંહે ગુણચંદ્રની મૈત્રીને પણ ધન્યવાદ આપ્યો.

ત્યાર પછી સભા વિસર્જન કરી પ્રતાપસિંહે શ્રીચંદ્રકુમારને પોશાક આપ્યો, અને ગાજતે વાજતે સર્વ સામંત તથા મંત્રી વર્ગ સાથે તેને ઘેર વિદાય કર્યો. આ પ્રસંગે લક્ષ્મીદત્ત શેઠનું ઘર ઉત્સવમય થઇ રહ્યું હતું, તેના સુશોભિત મંદિરમાં નૃત્ય, ગીત અને સંગીત થવા લાગ્યાં, નગરના લોકો ઉમંગથી શેઠની આગળ આનંદ દર્શાવવા આવવા લાગ્યા. પુત્રના વિજયથી હર્ષ પામેલા શ્રાવક મણી શેઠ લક્ષ્મીદત્તે જિનચૈત્યમાં પૂજા ભણાવી અને સ્નાત્ર કરાવ્યાં. કુશસ્થલી નગરીના બાળકથી તે વૃદ્ધ સુધી સર્વના મનમાં અત્યંત હર્ષ થયો હતો.

પ્રકરણ ૨૮ મું.

તિલકપુરમાં ખળભળાટ.



શ્રી ચંદ્રકુમાર રાધાવેધ કરી લોકોના સમજનારી એમ રીતે પ્રકાર થઈ રહ્યો હશે, તે કોઈના ધ્યાનમાં રહ્યું નહિ. રાજા શ્રીતિલક અને તેનો પરિવાર હર્ષના આવેશમાં જ મગ્ન થઈ રહેલો હતો, તિલકકુમારી પોતાને પ્રાપ્ત પતિના લાભના આનંદમાં મશગુલ હતી. સઘળું ધારે રાજમંડિતકે આતુર કરી કે, એ મહાવીર કુમારને અહીં લાવે. રાજકુમારી તિલકમંજરીના હૃદયમાં પરમાત્મા. આરોગ્ય કરે રાજલોક રાધાવેધની પાસે એ કુમારને લેવા આવ્યા. ના તે સ્થળમાં આવ્યો નહીં આશ્ચર્ય થયેલા લોકોને પૂછવા લાગ્યા કે, એ વીર કુમાર ક્યાં છે? સર્વને સંભ્રમ થઇ ગયો, રાધાવેધ કરનાર ક્યાં છે? તેની કોઇ ખબર પડી નહીં. [illegible] ખબર આપ્યા—મહારાજ! તે કુમાર [illegible] તેની ખબર નથી [illegible] સમજી ઉભો, સામન્ [illegible] લાગ્યા, [illegible]

શત્રુઓ તેને આધીન થઈ જતા હતા. જેવો તે ગાયન કળામાં નિપુણ હતો, તેવોજ તે રાજકાર્યમાં પણ હતો. રાજ્યની ખટપટ કરવાનું સામર્થ્ય તેની બુદ્ધિમાં રહેલું હતું, તે છતાં તે કોઈનો અપકાર કરતો નહીં હમેશાં ઉપકાર કરવાની તેની ટેવ હતી. કાંઈ પણ મુશ્કેલી ભરેલું કામ જો પરોપકારી હોય, તો તે સિદ્ધ કરવાને વીણારવ આગળ પડતો હતો. ભારત વર્ષના પ્રખ્યાત રાજ્યકર્તાઓને અને રાજકુમારોને તે ઓળખતો હતો. કોઈ રાજ્યમાં કાંઈ પણ નવીન બનાવ બને તે તરતજ વીણારવના જાણવામાં આવતો હતો.

જ્યારે શ્રીચંદ્ર રાધાવેધ કરવા ઉઠ્યો, ત્યારે તરતજ વીણારવે તેને ઓળખી લીધો હતો. તેણે જાણી લીધું કે, આ શ્રીચંદ્રકુમાર કુશસ્થલી નગરીના લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર છે, તે આઠ વણિક કન્યાઓની એકી સાથે પરણ્યો છે, ગુણધર નામના ઉપાધ્યાયની પાસે તે સર્વ કળા શીખ્યો છે, તેની પાસે સુવેગ નામે એક સુંદર રથ છે તેને વાયુવેગ અને મહાવેગ નામે બે અશ્વ છે. પ્રતાપસિંહ રાજાએ સંતુષ્ટ થઈ, તેને કર્ણોટ નગર ઈનામમાં આપ્યું છે, તે આ શ્રીચંદ્ર રાધાવેધ કરવા આવ્યો છે. શ્રીચંદ્ર રાધાવેધ કરી પલાયન કરી ગયો, તે પણ તે વીણારવ ગાયકના જોવામાં આવ્યું હતું.

રાજા શ્રીતિલકે શ્રીચંદ્રની પછવાડે શોધ કરવા અનેક સ્વારો અને પેદલ સૈનિકો મોકલ્યા હતા, તેઓ જ્યારે પાછા આવ્યા, એટલે શ્રીતિલકને ઘણી ગ્લાનિ થઈ ગઈ. આ સમયે જય વિગેરે કુમારોએ ઈર્ષાથી વિચાર્યું કે, શ્રીચંદ્ર રાધાવેધ કરી નાશી ગયો, તેનો લાભ આપણે લઈએ. રાજા શ્રીતિલકને શ્રીચંદ્રની ઓળખાણ આપી, આપણે એ રાજકન્યા લઈ જઈએ. આવા કુવિચારથી જય વિગેરે કુમારો શ્રીતિલક રાજાની પાસે આવ્યા. જેના મુખ ઉપર શોકની છાયા પ્રસરેલી છે, એવા શ્રીતિલકને જયકુમારે કહ્યું, રાજેંદ્ર ! ચિંતા કરો નહિ, રાધાવેધ કરી નાશી જનારનું નામ શ્રીચંદ્રકુમાર છે, તે અમારા નગરના નિવાસી લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર છે. અમારા પિતા પ્રતાપસિંહે પ્રસન્ન થઈ, તેને કર્ણોટ નગર આપેલું છે. તે કુમાર અમારી પ્રજા છે. રાજકન્યા તિલકમંજરીને અમારી સાથે મોકલો. અમે કુશસ્થલીમાં જઈ એ કુમારને સ્વાધીન કરી સુખી કરીશું. જયકુમારે આ ખબર આપ્યા, તે સાંભળી શ્રીતિલક અને તેનો પરિવાર ખુશી થયો. તેના મનમાં જે ગ્લાનિ હતી, તે દૂર થઈ ગઈ. જયકુમારે આપેલા આ ખબર પડતાં માણસને જેમ હાથનો ટેકો મળે, તેમ રાજાને તેમનો ટેકો મળ્યો. રાજાએ શોક કરતી તિલકમંજરીને આશ્વાસન આપી કહ્યું, બેટા ! શોક કરીશ નહિ, તારો સ્વયંવર સાર્થક થયો છે. તને રાધાવેધ કરી વરનાર પુરૂષ કુશસ્થલી નગરીમાં છે, ત્યાં તને મોટા પરિવાર સાથે મોકલાવું છું. જરાપણ ચિંતા કરીશ નહિ. આમ કહી તિલકમંજરીને શાંત કરી, પછી રાજાએ તિલકમંજરીને જયકુમારની સાથે મોકલવા તૈયારી કરવા માંડી. સ્વયંવરમાં આવેલા સર્વ રાજાઓને યોગ્યતા પ્રમાણે પોષાક આપી, વિદાય કરવામાં આવ્યા.

આ સમયે ધીર નામના મંત્રીએ આવી શ્રીતિલકને જણાવ્યું, સ્વામી ! સાહસ કરો નહિ. જયકુમાર શ્રીચંદ્રકુમારનો દ્વેષી છે, તે જયકુમારની સાથે તિલકમંજરીને મોકલશો નહિ. જો મોકલશો તો વિપરીત થશે. મારો એક સેવક જયકુમારની પાસે હતો,

ફળ બીજા પુરૂષને આપવામાં આવ્યું. તે બંને ફળ તેઓ ભક્ષણ કરી, પરમ તૃપ્તિને પ્રાપ્ત થયા.

અહીં વાચકવૃંદને અધીરાઇ થઇ હશે કે, એ બંને પુરૂષો કોણ હશે ? તેઓને એ ફળ ક્યાંથી મળ્યાં હશે ? અને તેમાં એક મોટું અને બીજું નાનું. બંનેએ જુદું જુદું ભક્ષણ કર્યું, તેમાં શો હેતુ હશે ? આ રમણીય વનમાં આવેલા બંને તરૂણ પુરૂષો તે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્રકુમાર અને તેનો મિત્ર ગુણચંદ્ર હતા. તિલકપુરથી ઘેર આવી તેઓ પાછા સાયંકાળે ક્રીડા કરવાને બહાર ફરવા ગયા હતા. દુર જઇ મધ્ય રાત્રી થતાં શ્રીચંદ્રને નિદ્રા આવવાથી કોઇ વૃક્ષ નીચે રથમાંથી ઉતરી એક વસ્ત્ર પાથરીને તે સુઇ ગયો હતો. ગુણચંદ્ર મિત્રની રક્ષા માટે જાગ્રત થઇ, તેની પાસે બેઠો હતો, તેવામાં એક શુક પક્ષીનું જોડું તે વૃક્ષ ઉપર આવ્યું. શુકીએ બે કુમારોને જોઇ શુકને કહ્યું, સ્વામી ! આ કોઇ તેજસ્વી કુમારો રાજપુત્ર છે. તેમનું લલાટ ભાગ્યથી પ્રકાશમાન છે. આપણી પાસે માતુલિંગ (બીજોરા) નાં બે ફળ છે, તે આ ધાર્મિક કુમારોને આપો તો ઠીક. તે બંને કુમારો આપણા અતિથી છે. આ બે ફળમાંથી જે કુમાર મોટું ફળ ખાશે, તે રાજા થશે, અને નાનું ફળ ખાશે, તે મંત્રી થશે. શુકીના કહેવાથી તે શુક પક્ષી નીચે ઉતર્યો, અને તે બંને ફળ તેણે તેમની પાસે મુક્યાં. પછી તે બંને પક્ષીનું જોડું ત્યાંથી ઉડીને બીજા વનમાં ચાલ્યું ગયું હતું. જાગ્રત એવા કુમાર ગુણચંદ્રે તે ફળ હાથમાં લીધાં, જ્યારે શ્રીચંદ્ર જાગ્રત થયો, એટલે ગુણચંદ્રે તે શુક પક્ષીનો સર્વ વૃત્તાંત જણાવ્યો, જે સાંભળી શ્રીચંદ્રને અતિ હર્ષ થયો. શ્રીચંદ્રે પોતાના મિત્રને કહ્યું કે, તે પક્ષીઓ જે માર્ગે ગયાં હોય, ત્યાં આપણે જઇ તેના સ્થાનનો શોધ કરીએ. પછી બંને રથમાં બેસી આગળ ચાલ્યા. પ્રાતઃકાળનો સમય થયો, ત્યારે આ સરોવરવાળા વનમાં આવ્યા હતા. અહીં નિત્ય આવશ્યક ક્રિયા કરી, બંને પેલા ચમત્કારી ફળનું ભક્ષણ કરતા હતા. જે રાજ્ય આપનાર મોટું ફળ હતું, તે શ્રીચંદ્રે ભક્ષણ કર્યું હતું. અને મંત્રીપદને આપનારું જે લઘુ ફળ હતું, તેનું આસ્વાદન ગુણચંદ્રે કર્યું હતું

આ સુંદર સરોવરનાં તીર ઉપર ફળ ભક્ષણ કરી તેઓ ત્યાંથી વનની રમણીયતા જોતા આગળ ચાલ્યા, ત્યાં એક મહા મુનિનાં દર્શન થયાં. એ પવિત્ર મુનિ શાંત અને દાંત હતા, તેમના અંતર અને બાહેરના પરિણામ નિર્વિકાર હતા, દયાવાન, સંયમ ગુણથી વિભૂષિત અને ચરણ કરણમાં ઉત્તમ હતા, ષટ્કાય જીવ ઉપર દયાવંત હતા, તેમની કાયા તેવી આચરણથી પવિત્ર હતી, વાયુની જેમ તે અપ્રતિબંધ વિહાર કરનારા હતા. તેમના નિર્મળ હૃદયમાં માયા-કપટ જરા પણ ન હતાં, ત્રિકરણ શુદ્ધિથી એ મહા મુનિ ધ્યાન કરતા હતા. આવા પરમ પવિત્ર મુનિનાં દર્શન કરી, શ્રીચંદ્ર અને ગુણચંદ્ર અતિ હર્ષ પામ્યા. એ પુજ્યના ચરણમાં જઇ નમીને વંદના કરી. શ્રીચંદ્રે હૃદયમાં ચિંતવ્યું કે, ઉત્તમ સાધુ એ જંગમ તીર્થ છે. તેમનાં દર્શન કરી આજે હું કૃતાર્થ અને ધન્ય થયો છું. પછી તેઓ તેમની આજ્ઞા વિનયથી યોગ્ય આસન ઉપર બેઠા. તેમની ભક્તિ અને ... હાર જોઇ મુનિ આનંદ પામ્યા. તે બંનેના દેહ જુદા છે, અને ... એક છે,

અવસરે સામાયિક વ્રતનું ગ્રહણ કરવું, તેમાં પંચપરમેષ્ટીમય નવકાર મંત્રનો જપ કરવો. સામાયિકનો અર્થ એવો છે કે, જેમાં સમ એટલે રાગ દ્વેષમાં સમાન રહી, સર્વ પ્રાણી ઉપર મૈત્રી ભાવ રાખે, તે સામાયિક કહેવાય છે. શુદ્ધ સામાયિક આચરવાથી વૈમાનિક દેવતાનું આયુષ્ય બંધાય છે. દેવતાના એકાવન સુવર્ણગિરિ એકઠા કરી આપે, અને એક સામાયિક કરે, તથાપિ તે સામાયિકની બરાબર થતું નથી. પ્રતિદિન એક લાખ સુવર્ણની ખાંડી આપે, અને સામાયિક આચરે, તે સરખું પુરૂં છે. ત્રસ અને સ્થાવર પ્રાણી ઉપર સમતા ભાવ કરવો, તે પણ સામાયિક કહેવાય છે. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, સામાયિકવાળો આત્મા નિરાવરણ, અને માયા રહિત છે. સમ એટલે આત્માના ગુણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર, તેનો આય એટલે લાભ તે સામાયિક કહેવાય છે. સામાયિકમાં દ્રવ્ય, ભાવ, લિંગ, પરિપત્તિ, નિશ્ચય, અને વ્યવહારથી ભેદાભેદ રહેલા છે, તેમાં પંચપરમેષ્ટીનો કાર્ય કારણ ભાવ સંબંધ છે; ગુણ, અને ગુણી અળગાં નથી, તેઓ આધાર અને આધેય ભાવે છે. ગુણથી અલંકૃત, અઢાર દોષથી રહિત, અને ઉજ્જવળ એવા શ્રી અરિહંત પ્રભુનું ધ્યાન ધરવું. નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ, એ ચાર નિક્ષેપરૂપે તેમાં સાર રહેલો છે. આઠ કર્મનો ક્ષય કરી, આઠ અનંત ગુણે યુક્ત એવા સિદ્ધને પદ્મરાગ મણિની જેમ રક્ત વર્ણના ધ્યાન કરવા, છત્રીશ ગુણવાળા, પ્રવચનના ગુણવાળા, અને પીળા વર્ણવાળા આચાર્યજીને ધ્યાવા, પચીશ ગુણરૂપ મણિથી વિભૂષિત, અને અધ્યયનના ઉપકારી એવા ઉપાધ્યાયને પ્રિયંગુ વર્ણના ધ્યાવા, સત્યાવીશ ગુણવાળા, અને લબ્ધિના ક્ષેત્ર રૂપ એવા અનગાર મુનિને અંજન વર્ણના ધ્યાવા. એ પંચપરમેષ્ટીને દ્રવ્ય, અને ભાવથી જે નમન કરે, અને તેમના મંગળરૂપ નામને જપે, તેનાં સર્વ પાપ નાશ પામી જાય છે. તીર્થ, સંઘ, અને પ્રવચન. એ ત્રણ લોકમાં શાશ્વત છે, અને તે ત્રિકાળ નિરાબાધ છે, એ પણ પંચ પરમેષ્ટી પદના ચિન્હ છે, જન્મ સમયે તેમનું સ્મરણ કરવાથી ભવિષ્યમાં ધર્મ પ્રાપ્ત થાય છે, અને અંત સમયે સ્મરણ કરવાથી સંસારનાં કર્મ છુટી જાય છે, આપત્તિમાં સ્મરણ કરવાથી આપત્તિનો નાશ થાય છે, અને સંપત્તિમાં સ્મરણ કરવાથી સંપત્તિનો સ્થિર વાસ થાય છે. જેમ ગરૂડના મંત્રનો અર્થ માત્ર જાણ્યા વિના કેવળ શ્રદ્ધા રાખવાથી તે વડે સર્પના વિષનો નાશ થઈ જાય છે, તેમ એ પંચ પરમેષ્ટી મંત્ર કેવળ શ્રદ્ધાથી ફળદાયક થાય છે. કામકુંભ, ચિંતામણિ, અને કલ્પવૃક્ષ તો એકજ ભવે વાંછિત ફળ આપે છે, અને એ મહા મંત્ર તો ભવોભવ વાંછિત ફળ આપે છે, યોગી, ભોગી, અને અનુભવી લોકો પણ એ નવકાર મંત્રનું ધ્યાન કરે છે. એ મહામંત્ર પરમ પદની પ્રાપ્તિનો હેતુ છે, તે પવિત્ર મંત્રમાં ઓંકાર વગેરે ઘણાં બીજો છે, તે તેનાં સાધન કરનારાં છે.

ભદ્ર ! આ જિન ભગવંતની પૂજા કરી, પવિત્ર મનથી એક લાખ નવકાર મંત્રને જપે, તો તે માનવ અવશ્ય તીર્થંકર પદ પ્રાપ્ત કરે છે. વળી કે પ્રતિમા સમીપ કરવર્ત (કરમાળા) થી જે નવકાર જપે છે, તેને ભૂત, પ્રેત, પ્રમુખ શત્રુઓ છળી શકતા નથી. નંદાવર્ત અને શંખાવર્તે જે જપે છે, તેને [illegible], [illegible], વૈર, અને મરકી કરી

પણ હોતાં નથી. તેનાથી દુરિત દૂર થઈ જાય છે. પવિત્ર મને ચિંતવેલો નવકાર મંત્ર પાપ અને સંકટને ચૂર્ણ કરી નાખે છે, અને જેમ પુત્રને માતા રાખે, તેમ તે જાપકને વાંછિત આપી સુખી રાખે છે.

જેના હૃદય કમળમાં નવ પદરૂપ કેશરી સિંહ વસે, તે કર્મરૂપી ગજેન્દ્રો ત્યાં રહી શકતા નથી. નવકારના એક અક્ષરથી સાત સાગરોપમનું પાપ દૂર થાય છે, એક પદ વડે પચાસ સાગરોપમનાં પાપ જાય છે, અને સર્વ પદવડે સર્વ અસંખ્ય પાપનો પ્રલય થાય છે. શ્રી જૈન શાસનમાં ચૌદ પૂર્વનો સાર એજ છે કે, જે પ્રાણીના મનમાં એ મહા મંત્રની આસ્થા હોય, તેને સંસાર શું કરી શકે? એ નવકાર મંત્રનો શુદ્ધ સ્થાપી તે [illegible] થાય છે, કે જે મંત્રિભેદ કરી વિધિવડે નવપદ કરી નવ તત્વનો જ્ઞાતા હોય, શુભ ધર્મથી, અભ્યાસથી, કરાવની મંદતાથી અને માયા—કપટના ત્યાગથી પુણ્ય પ્રવૃત્તિવાળા પુરૂષને એ મંત્રનો ગુણ [illegible] થાય છે. કર્મરૂપી શત્રુને નાશ કરવામાં યોદ્ધા જેવો આશ્રયનો રોધ જેમ જેમ કરવામાં આવે, તેમ તેમ એ મહા મંત્ર ગુણકારી થાય છે. [illegible] પ્રાંતીય, [illegible] વિધિથી એ મહા મંત્રને ભણવો, જેમાં [illegible] વશ કરનાર, જૈન [illegible]

ગરૂડાદિક સાત મુદ્રાઓ પ્રખ્યાત છે. સિદ્ધચક્રમાં નવ પદ અંતર્ભુત છે. તે ગુણ અને ગુણી ભાવે અદ્ભુત રીતે રહેલા છે. પ્રખ્યાત પંડિત શ્રી સિદ્ધસેન દિવાકરે તેનું તત્વ સારી રીતે નિરૂપણ કરી દર્શાવ્યું છે. આ પ્રમાણે એ મહા મંત્રનો જાપ ઉભય લોકમાં સુખદાયક છે. તેને આત્મરૂપે ભાવવાથી નિર્મળ અને સર્વોત્તમ આત્મ ગુણ પ્રાપ્ત થાય છે. ભદ્ર ! એવો એ મહા મંત્ર તને સમકિત સાથે આપવાની મારી ઈચ્છા છે. તારા ભાવિક હૃદયમાં ભાવિત કરેલા નવ પદજી અને પંચપરમેષ્ટીના નામથી અંકિત એવા સિદ્ધચક્રથી તારી સર્વ પ્રકારની ઉન્નતિ થશે. તું આર્હત ધર્મનો પ્રભાવક અને દીપક થઈશ.

મુનિરાજની આવી ધર્મ દેશના સાંભળી શ્રીચંદ્રકુમારનું હૃદય ભાવનાથી ભાવિત થઈ ગયું. મૈત્રીભાવના ઉદિત થઈ. અંતરમાં સત્ય ભાવ ઉલ્લાસ પામ્યો. ગણુ તત્વની વર્ત્તાથી તે ખુશી થઈ ગયો. ગુણચંદ્ર પણ આત્માને કૃતાર્થ માનવા લાગ્યો. પછી શ્રીચંદ્રે તે ગુરૂની સાક્ષીએ સમ્યક્ત્વ મૂળ સામાયિક વ્રત અંગીકાર કર્યું. પછી તે વિનયથી બોલ્યો—પ્રભુ ! મારાં મલિન નેત્રને આપે જ્ઞાનરૂપ અંજનથી નિર્મળાં કર્યાં છે. તમે અમારે સેવ્ય અને ધ્યેય છો, તેમજ અમારા હિતકારક છો. હિત કહેનારા ગુરૂ વિના ધર્મનો લાભ ક્યાંથી મળે ? ગુરૂ પ્રવચનના સાક્ષી છે. રસ, ધાતુ, કળા, વિદ્યા, ધર્મ, મંત્ર, તંત્ર અને દેવતા ગુરૂના ઉપદેશ વિના સફળ થતા નથી. જો કે, મણિ બહુ મુલ્યવાળો હોય, તોપણ તેને શરાણ ઉપર શોધન કર્યા વિના કોઈ પણ મુગટ વિગેરેમાં જોડતા નથી. તેમ ભવ્ય પ્રાણી ગુરૂની સમક્ષ શોધન કરી, ધારણ કરાય છે. માતા, પિતા, પતિ, બંધુ અને સખા તે આ ભવને વિષે સહાય બતાવે છે, તેથી પણ ધર્મની સહાય અધિક છે, કે જે ભવોભવ સુખદાયક થાય છે સ્વામી ! મને ધન્ય છે, અને હું પુણ્યવાન્ છું કે, મને તમારા દર્શન થયા. સર્વ જનમાં શ્રેષ્ઠ એવા તમારા સમાગમથી મારો અવતાર સફળ થયો છે. આ પ્રમાણે મુનિની સ્તુતિ કરી, ગુરૂના ચરણ કમળમાં નમન કરી, તેની અનુમોદના કરતો અને એ મહોપકારી મુનિરાજનું હૃદયમાં સ્મરણ કરતો, શ્રીચંદ્રકુમાર ઉત્તમ ગુરૂ ભક્તિની ભાવના ભાવવા લાગ્યો. પછી શ્રીચંદ્રે નિશ્ચય કરી, પંચપરમેષ્ટી પદને ગણવા સાથે સામાયિક વ્રત ગ્રહણ કર્યું. પોતે શ્રદ્ધા સાથે સમકિત શોભાથી વિભૂષિત થયો. આશંસા રહિત અને ત્રિવર્ગ (ધર્મ, અર્થ, કામ) ને બાધ ન આવે તેવી રીતે સાધન કરવા તત્પર થયો. આત્મના નેહ સાધક ગુણ વધારવા ઉત્સુક થયો.

આ પ્રમાણે મુનિરાજની દેશનાને સાર્થક કરતો શ્રીચંદ્રકુમાર તે મુનિને વંદના કરી, મિત્ર ગુણચંદ્રની સાથે ત્યાંથી બેઠો થયો. તુરત રથ જોડાવી ધનંજય સારથીને આજ્ઞા કરી. રથ સજ્જ થયો, એટલે તેમાં બેસી શ્રીચંદ્રકુમાર અનેક વનનાં કૌતુક અવલોકન કરતો આગળ ચાલ્યો.

પ્રકરણ ૩૦ મું.

ચંદ્રકળા પદ્મિની.



પૂર્વ દિશામાં એક સુંદર વન આવેલું છે, આંબા, કદંબ, જાંબુ, જંબીર, લેમડી, ધતુરો, કરેણ, વરખા, સુગંધી ચમેલી, ચંબેલી, નાગકેશર, હરિંગ, રસુસ, ખજૂર, સાલ, સાગ, તાલ, તમાલ, ખજુર અને મંદારનાં પ્રફુલિત વૃક્ષોની ઘટા જામી રહી છે, એક તરફ કેરડાં, આશોપાલવ, કિંશુક, અને ચંપા વૃક્ષો કેસુડિનાં ઉગ્યાં છે, શુક પક્ષી, મયૂર અને મેના નૃત્ય કરી રહ્યાં છે, કોકિલાના મધુર શબ્દો થઈ રહ્યા છે, ઝરણામાં શીતળ જળનું સિંચન થાય છે, શીત, મંદ અને સુગંધી પવન સુખ સ્પર્શ કરતો વાય છે, બીલીઓ, અંજીર, કંઠ, ક્ષત્રિણી, બીજપુર, ખારેકી, બેર, [illegible] ચંદન, તજપત્ર અને લોધ્રાનાં વૃક્ષો ઠામઠામ ઉગ્યાં છે.

તે વનની દક્ષિણ તરફ એક સ્વચ્છ જળનું સરોવર આવેલું છે, કમળના પરિમલથી તેની આસપાસનો પ્રદેશ સુગંધમય થઈ રહ્યો છે, તેના સ્વચ્છ અને શીતળ જળની [illegible] પવન અનુપમ સુખ આપે છે [illegible] સારસ, ચક્ર અને હંસની શ્રેણિથી [illegible] છે.

[illegible]

પરીક્ષા ઉપરથી તે વસ્ત્રના ધારકની પરીક્ષા થાય છે. ગુણચંદ્ર બોલ્યો—મિત્ર ! કહો, તેમાં શો ચમત્કાર છે ? શ્રીચંદ્ર બોલ્યો—આ સાડી કોઈ પદ્મિની સ્ત્રીની છે, પદ્મિની સ્ત્રીના શરીરનો પસીનો પુષ્પના સુગંધથી, પણ અધિક સુગંધી હોય છે. તે સુગંધને લઈ તેની ઉપર મધુકરોનું મહા વૃંદ ઉડે છે. ગુણચંદ્ર બોલ્યો—મિત્ર ! મને પદ્મિનીનાં લક્ષણ સમજાવો. શ્રીચંદ્ર બોલ્યો—સ્ત્રીઓની ચાર જાતિ છે, **પદ્મિની, હસ્તિની, ચિત્રિણી, અને શંખિણી.** પદ્મિની સ્ત્રીનો સ્વેદ પદ્મના જેવો સુગંધી હોય છે, હસ્તિનીનો સ્વેદ મદના જેવો, ચિત્રિણીનો ચિત્રકના જેવો અને શંખિણીનો મત્સ્યના જેવો ગંધાય છે. પદ્મિનીને અલ્પ નિદ્રા અને અલ્પ આહાર હોય છે. હસ્તિની, ચિત્રિણી અને શંખિણીને ઘણો આહાર હોય છે. પદ્મિની સદ્ગુણી પુત્રને જન્મ આપે છે, હસ્તિની ઉદ્ધત પુત્રને જન્મ આપે છે, ચિત્રિણી શાંત પુત્રને અને શંખિણી દિન અને હીન એવા પુત્રને જન્મ આપે છે. પદ્મિનીનો પ્રેમ પ્રૌઢ હોય છે, હસ્તિનીનો પ્રેમ લજ્જાથી ટકે છે, ચિત્રિણીનો પ્રેમ કાર્યને અંગે હોય છે, અને શંખિણીનો પ્રેમ ક્ષણિક હોય છે. પદ્મિની પોતાનો અપરાધ જુએ છે, હસ્તિની બીજાનો અપરાધ જુએ છે, ચિત્રિણી દંભ રાખી બેસે છે, અને શંખિણી કલહપ્રિયા હોય છે. પદ્મિની સર્વમાં ડહાપણવાળી હોય છે, હસ્તિની કામ-વિલાસમાં દક્ષ છે, ચિત્રિણી ભોજન કરવામાં અને શંખિણી સર્વદા શોક કરવામાં દક્ષ હોય છે. પદ્મિનીમાં અલ્પ કામ હોય છે, હસ્તિનીમાં દીર્ઘ કામ હોય છે, ચિત્રિણીમાં વિચિત્ર કામ હોય છે, અને શંખિણીમાં વારંવાર કામ હોય છે.

શ્રીચંદ્રે આ પ્રમાણે સ્ત્રીઓના પ્રકાર અને લક્ષણ કહી બતાવ્યાં, તે સાંભળી ગુણચંદ્ર આશ્ચર્ય પામી ગયો. જે પેલો પુરૂષ ઉભો હતો, તેની પાસે જઇ ગુણચંદ્રે પૂછ્યું, ભદ્ર ! તમે કોણ છો ? ક્યાં રહો છો ! આ વસ્ત્ર કોનાં છે ? તે પુરૂષ બોલ્યો—હું જાતે ધોબી છું, મારૂં નામ **નળ** છે. અહીંથી નજિક **દીપશિખા** નામે નગરી છે, તેમાં હું રહું છું. એ નગરીમાં શત્રુને વશ કરનાર **દીપચંદ્ર** નામે રાજા છે. આ પદ્મ સરોવર તેમનું છે, હું તેમનો ધોબી છું, અહીં રાજવસ્ત્રોને ધોવા આવ્યો છું. ગુણચંદ્રે પુનઃ પૂછ્યું, આ સુંદર સાડી કોની છે, તે જણાવશો ? નળ ધોબી બોલ્યો—અમારા રાજા દીપચંદ્રને **પ્રદીપવતી** નામે રાણી છે. અને **ચંદ્રવતી** નામે એક ભત્રીજી છે, તે શુભાંગ રાજાની રાણી થાય છે, તેમને **વામાંગ** નામે એક કુમાર અને **શશિકળા** તથા **ચંદ્રકળા** નામે બે પુત્રીઓ છે, તે રૂપ લાવણ્યની શાળારૂપ છે, મોટાં કુમારી શશિકળાને રત્નપુરના રાજા મહામલ્લની સાથે પરણાવ્યાં છે, અને લઘુકુમારી ચંદ્રકળા હજુ કુંવારાં છે. રૂપ લાવણ્યવતી એ બાળા પોતાના માતુલગૃહમાં રહે છે, તે રમણીની આ સાડી છે. જ્યારે ચંદ્રકળાનો જન્મ થયો, ત્યારે ભવિષ્યવેત્તા જોષીએ કહ્યું હતું કે, આ બાળા સૌભાગ્યમાં ચઢીયાતી અને રાજાધિરાજની પત્ની થશે. એક મહાત્મા સાધુના મુખથી સાંભળવામાં આવ્યું છે કે, કુશસ્થળીના મહારાજા પ્રતાપસિંહનાં પત્ની સૂર્યવતીને એક પ્રતાપી પુત્ર અવતરશે. અદ્યાપિ હજુ સૂર્યવતીની પુત્રઇચ્છા પૂર્ણ થઇ નથી, તેથી રાજા શુભાંગ ચિંતા કરતા હતા. તેને સ્વપ્નમાં આવી, કુળદેવીએ જણાવ્યું કે, ચંદ્રકળાને માતુલગૃહમાં રાખો, ત્યાં તેનો વિવાહ થશે, તેની માતા દીપવતી અને બંધુ વામાંગ કુમાર તેના પાણીમોચન

રહેલાં છે, બીજી દિશાએ નાગકેશર અને સાગનાં ઝાડ ઉગ્યાં છે, એક દિશાએ લવિંગ અને અગરૂ ચંદનનાં વૃક્ષ રહેલાં છે, એક દિશામાં વાસંતી લતા, અને નાગરવેલીના મંડપ છે, એક તરફ સોપારી, કેતકી, ગુલાબ, ચંપક, તિલક, અને આસોપાલવનાં વૃક્ષો શ્રેણીબંધ આવેલાં છે, એક તરફ દાડિમ, બીજોરાં, દ્રાક્ષ, બદામ વિગેરે મેવાનાં ઘેઘુંબંધ વૃક્ષો છે, એક તરફ વલ્લીરૂપ વનિતાઓ પોતાના તરૂવરરૂપ પતિને આલિંગન કરી ઉભી છે, જેને જોતાંજ કામી જનનાં મન સ્થિર રહેતાં નથી. એક તરફ માધવી મંડપની રચના કરેલી છે, આવાં મનોહર વૃક્ષો, પુષ્પના સુગંધથી, અને ફળથી પ્રવાસીઓનું આતિથ્ય કરવાને તાપસની જેમ ઉભાં હતાં. તેઓ પોતાનાં પલ્લવરૂપ હસ્તવડે લાંબી પધાર થતા અતિથિઓને આમંત્રણ કરતાં હોય, તેમ દેખાતાં હતાં. આ વાટિકાની સુંદર શોભા જોવાને શ્રીચંદ્રકુમારની ઇચ્છા થઇ. તે વાટિકાના દ્વાર આગળ ઉભો રહ્યો; તેના પુણ્યના પ્રભાવથી તે વાટિકાનો રક્ષક દયાર્દ્ર થયો, કુમારની સ્વાભાવિક પ્રભાએ તેને આંજી દીધો, જાણે ઇંદ્રનો પુત્ર જયંત આ બાગની શોભા જોવાને આવ્યો હોય, તેવા તે કુમારને જોઇ બાગવાન ઉભો થયો. વિનયથી પ્રણામ કરી, શ્રીચંદ્રને ગુણચંદ્રની સાથે વાટિકામાં આવવાને આમંત્રણ કર્યું. પોતાના વાસસ્થળ પાસે આસન આપી બેસારી, પોતે મધુર ફલાહાર લઇ આવ્યો, બન્નેને મધુર ફળનું પ્રાશન કરાવ્યું, ફલાહાર કરાવી તેમને પ્રાસુક જળનું પાન કરાવ્યું, પછી તેમને વાટિકા જોવા માટે અંદર જવા પ્રાર્થના કરી. શ્રીચંદ્રકુમાર પોતાના મિત્રને લઇ વાટિકાનું સૌંદર્ય જોવાને અંદર ગયો.

વનના એક ભાગમાં એક સુંદર કુમારી સખીઓની સાથે ક્રીડા કરતી હતી. પુષ્પના દલ પરસ્પર ઉછાળતી હતી, તેનામાં મુગ્ધ અને લલિત લાવણ્ય રમી રહ્યું હતું, તેણીએ મૃગનયના હસ્તમાં કમળ ઝાલી, મસ્તક ઉપર મચકુંદનાં પુષ્પની ભાતિ કરી, નેત્રમાં નીલ કમળની શોભા કરી, અધર-શોભામાં જાસુદીના પુષ્પનો ભ્રમ કરી અને કેશવેણીમાં પોતાના કેશ વર્ણની રચના કરી, ભમરાઓ તેના ઉપર ઉડી રહ્યા હતા, ગુંજારવ કરી તે ગૌરવર્ણી બાળાનાં સૌંદર્યનું વર્ણન કરતા હતા. આ સુંદર બાળાની દ્રષ્ટિ શ્રીચંદ્રકુમાર ઉપર પડી. દ્રષ્ટિ પડતાંજ પ્રથમ તો તેના મુગ્ધ હૃદયમાં મદને પ્રવેશ કર્યો. કુમારનાં અનુપમ સૌંદર્યે તેણીના હૃદયને ખેંચી લીધું, તે મનોહરતાના વનના મોહ પ્રગટ થયો. તે બાળાએ ચિંતવ્યું, આ શું થયું? આવો વિકાર કોઇ કાળે પણ મારા હૃદયમાં પ્રગટ થયો નથી. અનેક સુંદર રૂપ જોવામાં આવતાં, તથાપિ હજુ સુધી આ હૃદય વિકારથી અજ્ઞાત હતું. આજે આ શો બનાવ બને છે? આ કુમારને જોતાંજ મારા હૃદયમાં જુદીજ ભાવના પ્રગટ થઇ, આ દેવ જેવો સુંદર કુમાર શું મારો પતિ કેમ નહીં હોય? તેનું [illegible] હું [illegible] કેવી થઇ ગઇ છું, આવું ચિંતવી તે બાળા તેની સામે અનેક ચેષ્ટા કરવા લાગી. [illegible] કરે છે, [illegible] પ્રગટ કરે છે, [illegible] છે, [illegible] છે, [illegible] છે, [illegible] છે અને [illegible]

છે, વળી તેણીનાં સ્તન ઉપરનું વસ્ત્ર ખસી જાય છે, અને નીવિ વસ્ત્ર શીથિલ થઇ જાય છે, વિકારી ચામા પોતાના અધર ડસે છે, અને અંગ મરડે છે. આવી આવી પોતાની વિકારી ચેષ્ટા જોઇ તે માનીનીએ સખીને કહ્યું, મિત્ર સખી! જા, પેલા સુંદર કુમારને પુછી જો. મારા મનરૂપ ધન હરનારો એ ચોર કોણ છે? રૂપ લાવણ્ય અને લક્ષણયુક્ત એવા એ કુમારનું નામ, કુળ, ગોત્ર, દેશ અને નગર કોણ છે? તેનાં માતા, પિતા અને વંશની વિખ્યાતિ કેવી છે? એ બધો વૃત્તાંત જાણી પાછી સત્વર આવી મને જણાવ. તત્કાળ તે ચતુરા કુસુમચંદ્ર પાસે આવી, અને પ્રણામ કરી બોલી—ભદ્ર! પેલી રાજકન્યા ઉભી છે, તેનું નામ ચંદ્રકળા છે. રૂપથી ઉર્વશીને જીતનારી એ પદ્મિની છે, એ મારાં બાઇ છે, હું તેમની પ્રેમપાત્ર સખી છું. મારૂં નામ ચતુરા છે. તેમણે મને તમારી પાસે મોકલી છે. આ તમારા મિત્ર કુમારનું શું નામ છે? તેમનું કુળ, જાતિ, ગોત્ર અને માતા પિતા કોણ છે? તે કૃપા કરી જણાવશો. કુસુમચંદ્રે શ્રીચંદ્રની સર્વ હકીકત કહેવાની ઇચ્છા કરી, ત્યાં શ્રીચંદ્રકુમારે તેને અટકાવ્યો અને કહ્યું—આપણે પ્રયોજન વિના કાંઇ કહેવાની જરૂર નથી. કોઇ પણ શાણો નર સ્વમુખે પોતાનું ચરિત્ર કહેતા નથી, આપણો ઉત્કર્ષ બીજાને કહેવો, તે લજ્જા જેવું છે. આ પ્રમાણે કહી શ્રીચંદ્ર કુસુમચંદ્રનો હાથ પકડી ત્યાંથી [illegible] તેઓ નગરની શોભા જોતા આગળ ચાલ્યા. [illegible] સખીની સાથે પેલા વાહનમાં બેસી તેઓ [illegible]

" સિદ્ધ શુદ્ધ તું જગ જન સજ્જન, નયનાનંદન દેવ નમો;
" સકલ સુરાસુર નરવર નાયક, સાર અહર્નિશ સેવ નમો. અરિ. ૪

" તું તિર્થંકર શુભકર સાહેબ, તું નિષ્કારણ બંધુ નમો;
" શરણાંગત જીવન હિત વત્સલ, તુંહીં કૃપા રસ સીંધુ નમો. અરિ. ૫

" કેવળ જ્ઞાનાદર્શે દર્શિત, લોક લોક સ્વભાવ નમો;
" નાશિત સકળ કલંક કલુષ ગણુ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અરિ. ૬

" જગ ચિંતામણી જગ ગુરૂ જગ હિત, કારક જગ જન નાથ નમો;
" ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અરિ. ૭

" અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો;
" બોધ દીયો અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમળ સૂરિશ નમો. અરિ. ૮

શ્રીચંદ્રકુમાર આ પ્રમાણે ચૈત્યવંદન કરતાં મધુર ગીત ગાતો હતો. તેના કંઠ માધુર્યથી શ્રોતાના શ્રવણનું આકર્ષણ થતું હતું, ચૈત્યની બાહેર ચંદ્રકળા ચતુરા સાથે ઉભી ઉભી તે ગીત સાંભળતી હતી. કલકંઠના માધુર્યને દર્શાવનારા તે ગીતથી ગર્ભમંડપ ગાજી રહેલો હતો—ચંદ્રકળાના વિકારી હૃદયમાં આ ગીતે મોહનો વધારો કર્યો. તેણીનું મુગ્ધમન ધર્મ ભાવના સાથે મોહમાં મગ્ન થઇ ગયું. ચંદ્રકળાએ ચતુરાને કહ્યું, પ્રિય સખી ! મને હૃદયમાં વિશેષ ઉત્કંઠા થાય છે. આ જૈન ભક્ત પતિ મને શી રીતે પ્રાપ્ત થાય ! આવા ધાર્મિક પતિના સહવાસમાં સદા રહેનારી સુંદરીનો જન્મ સાર્થક થાય છે. પ્રિય બેન ! મારા આ ભવમાં તો એજ પતિ મળજો. હું મન વચનથી એનેજ વરી ચુકી છું. સખી ! જો તું મારી પરમ હિતકારિણી હું તો ગમે તે પ્રયત્ન કરી, આ કુમારનાં કુળગોત્ર અને માતા પિતાનાં નામ જાણી લે. મેં એનેજ પતિ ધાર્યો છે. સતી સ્ત્રીઓ ધારેલા પતિ સિવાય બીજાને વરતી નથી. બેન ! આ ચંદ્રકળા હવે એ ચંદ્રની સાથેજ મળવાની, અને તેના ઉદય અસ્તમાં તેનીજ સમભાગિની થવાની. એ મનોહર કુમાર અહીંથી ક્યાં જાય છે, તે આપણે ધ્યાનમાં રાખવું. આપણે હવે તેનો પીછો પકડવો છે. ચંદ્રકળાનો આવો નિશ્ચય જાણી ચતુરા ચૈત્યનાં દ્વાર આગળ આવી ગુણચંદ્રને મળી. તેની અતિ પ્રાર્થનાથી ગુણચંદ્રે શ્રીચંદ્રનાં નામ, ગોત્ર તથા માતા પિતા વિગેરે સમસ્યાથી ઓળખાવી દીધાં. શ્રીચંદ્ર ચૈત્યની બાહેર આવ્યો. પદ્મિની અનિમેષ દ્રષ્ટિએ તેના સામું જોઇ રહી. ચકોરી જેમ ચંદ્ર સુધાનું પાન કરે, તેમ ચંદ્રકળાએ શ્રીચંદ્રની આકૃતિરૂપ સુધાનું પાન કર્યું.

ગુણચંદ્રની ઇચ્છા પોતાના રાજમિત્રને પદ્મિની સ્ત્રી પ્રાપ્ત કરાવવાની હતી, પોતાનો મિત્રરત્ન શ્રીચંદ્ર પદ્મિનીનો પતિ થાય, એવી તેના મનની ધારણા હતી. આથી તેણે ચંદ્રકળાની સખી ચતુરાને શ્રીચંદ્રનાં નામ, કુળ વિગેરે સમસ્યાથી જણાવ્યાં હતાં. ચતુરાએ તે વાત જણાવી, એટલે ચંદ્રકળા ખુશી થઇ, તેણે ગુણચંદ્રનો ઉપકાર માન્યો. ચૈત્યની બાહેર નીકળતાં ચંદ્રકળાએ સમસ્યાથી ઉપકાર માની ગુણચંદ્રને સૂચવ્યું કે, તમારા મિત્ર શ્રીચંદ્રને અહીં વિલંબ કરાવજો, જેથી મારૂં કાર્ય સિદ્ધ થઇ જશે.

ચંદ્રકળાની યાચના ગુણચંદે સ્વીકારી, તેઓની આસપાસ રહેલા જિનબિંબને ગમન કરવા શ્રીચંદને સ્મરણ આપ્યું. શ્રીચંદ ચૈત્યની પ્રદક્ષિણામાં આવેલા પ્રત્યેક જિનબિંબને નમતો, અને ત્યાં ચિતરેલા ચમત્કારી ચિત્રોને જોતો જોતો ત્રિકોણી ચૈત્યદ્વારે આગળ બહાર નીકળતાં ગુણચંદે કહ્યું, મિત્ર! ઘડીવાર અહીં વિશ્રાંત થાઓ. ગુણચંદના કહેવાથી શ્રીચંદ ત્યાં બેઠો. તેવામાં વિદ્યુતની જેમ ચળકાટ મારતી ચંદ્રકળા જોવામાં આવી, કળાચતુર શ્રીચંદ તેને જોતાજ સમજી ગયો. એ ખરેખરી પદ્મિની છે, એમ તેના જાણવામાં આવ્યું. જેમ ચમક લોહને ખેંચે, તેમ તેણીના સૌંદર્યે શ્રીચંદના હૃદયને ખેંચી લીધું. સમુદ્રના તરંગ જેમ ચંદ્રની કાંતિ જોઈ ઉછળે, તેમ તેનું ચપળ ચિત્ત ચંદ્રકળાને જોઈ ઉછળવા લાગ્યું. પદ્મિની ચંદ્રકળાને જોઈ શ્રીચંદને મહા મોહનો ઉદય થયો. તેણે હૃદયમાં ચિંતવ્યું કે, "અહા! કેવું સુંદર મુખ છે! નયન, અને લલાટ કેવા વિશાળ છે! ચંદ્રમાં કલંક છે, અને આ રમણીનો મુખચંદ્ર નિષ્કલંક છે. તેણીના કાન હિંડોળા સમાન શોભે છે, [illegible] અમૃતનું સરોવર છે, અધરની રક્તતા અદ્ભુત છે, [illegible] ઉંચી વિગેરેને [illegible] હશે. મે અનેક [illegible]

મિત્રની મરજી રાખવા તે સ્થળની નજિક ગયો. તેઓ બાહેર ઉભા રહ્યા. ત્યાં સંગીતનો જમાવ થઇ રહ્યો હતો, વિવિધ જાતના અભિનય સાથે મનોહર નાચ થતો હતો. શ્રીચંદ્રે એક ચિત્તે સાંભળવા માંડ્યું, ત્યાં શ્રીચંદ્રની કીર્તિપુંજ ગાયન ધ્રુવ પદમાં આવતું હતું, જેનું નીચે પ્રમાણે પદ ગવાતું હતું.

" ભાગ્ય ધારી નવરંગ ધર્મમય તેજથી,
" લક્ષ્મીદત્ત સુત શ્રીચંદ્ર સપુત્રો તેજથી;
" લક્ષ્મીવતીનો નંદન ભાગ્ય નિધાન છે,
" જયવંતો તે ભાગ્ય ચતુરબુદ્ધિ નિધાન છે. "

આ પદ સાંભળતાંજ શ્રીચંદ્ર ચમકી ગયો. તેણે ગુણચંદ્રને કહ્યું. મિત્ર! આ કોનું ઘર હશે ! ગુણચંદ્ર વિચારમાં પડ્યો, ચાલો તપાસ કરીએ. તેઓ ઘરના દ્વાર આગળ આવ્યા, ત્યાં સામેજ બેઠેલો એક પ્રૌઢ વયનો પુરૂષ જોવામાં આવ્યો. શ્રીચંદ્રે તેને ઓળખી લીધો.

આ ઘર દીપશિખા નગરીના ધનાઢ્ય શેઠ વરદત્તનું હતું. એ શેઠ એક મુસાફર વ્યાપારી તરીકે પ્રખ્યાત છે. કુશસ્થળીપતિ પ્રતાપસિંહને દીપશિખા નગરીમાં લાવનાર પ્રથમ એ વરદત્ત હતો, તે વિષે પ્રથમ પ્રકરણમાં આવેલું છે. આ વરદત્ત શેઠને ઘણા વિદેશી વ્યાપારીઓ સાથે સબંધ હતો. પ્રત્યેક પ્રખ્યાત શેહેરોની અંદર તેના વ્યાપારની શાખાઓ હતી. તેવીજ શાખા કુશસ્થળીમાં પણ હતી, જેનો સંબંધ લક્ષ્મીદત્ત શેઠની સાથે પણ હતો. વરદત્ત વ્યાપાર અર્થે ઘણી વાર લક્ષ્મીદત્ત શેઠને ઘેર આવતો હતો, આથી શ્રીચંદ્રકુમારને તેની સારી રીતે ઓળખતા હતા [illegible] તે પણ શ્રીચંદ્રને ઓળખતો હતો. તે વરદત્ત શેઠનું આ ઘર હતું, તેને સંગીત [illegible] સારો શોખ હતો. તેની સેવામાં અનેક ગવૈયા હાજર રહેતા હતા, શ્રીચંદ્રકુમારની કીર્તિ તેના સબંધીઓમાં વિશેષ હતી. તેથી વરદત્ત શેઠના ઘરમાં શ્રીચંદ્રનું પદ ગવાતું હતું.

તે વરદત્ત શેઠને ઓળખ્યો, કે તરત શ્રીચંદ્રે ગુણચંદ્રને કહ્યું, મિત્ર ! મારા પિતાના [illegible] સબંધી આ તો વરદત્ત શેઠ [illegible] મને સારી રીતે જાણે છે. જો તે આપણને ઓળખશે, તો પછી તે કદિ જવા દેશે નહીં. આપણા આદરથી અતિથિ સત્કાર કરશે. આ પ્રમાણે તેઓ વાતચીત કરી, ત્યાંથી પાછા વળી ચાલતા થયા. તેમની આ વાર્તા દ્વારપાળે સાંભળી હતી. તે તરતજ વરદત્ત શેઠની પાસે આવ્યો. અને તે વાત શેઠને જણાવી. શ્રીચંદ્રનું નામ સાંભળતાંજ વરદત્ત સાનંદાશ્ચર્ય થઇ ગયા. તેના મનમાં આવ્યું કે, આ વાત અસંભવિત છે. લક્ષ્મીદત્ત શેઠનો કુમાર શ્રીચંદ્ર રાજકુમારના જેવી સમૃદ્ધિવાળો છે, તે આમ એકલો કેમ આવે ? તેની સાથે મનુષ્ય સેનાની સમૃદ્ધિ કેમ ન હોય ? આમ કેટલાએક વિચારો [illegible] હાથ જોડીને. આવું વિચારી વરદત્ત [illegible] બહાર આવ્યો. [illegible] શ્રીચંદ્ર અને ગુણચંદ્ર તેના જોવામાં આવ્યા. તરતજ [illegible] તે [illegible], આગે તે પ્રણામ કરી ઉભો રહ્યો. [illegible]

મેરા અતિ ખૂબ શ્રમતથી એકરો, અહા ! આ શો ચમત્કાર ! તમારા જેવા પ્રખ્યાત પુરૂષનાં મારે દર્શન થયાં. તે મારા ભાગ્યનો ઉદય. આજે પાંચ વર્ષનાં ઉદ્યમ અને પુણ્ય [illegible] ફળ આવ્યાં. આજની ઘડી અને આ ક્ષણ સફળ થયાં. મારા ગુરૂની ભૂમિ પણ આ [illegible] જેમાં તમારાં પવિત્ર ચરણ પડે છે. આજે મારા ગુરૂમાં [illegible] અને [illegible] [illegible] થયા મારા ગુરૂ પાસે આવી પાળા [illegible] છે. તે [illegible] ન [illegible] [illegible] અને વૈભવ તમારાજ છે. આ [illegible] ઉપર કૃપા કરી મારે ઘેર પધારી મારા ઘરને તમારા ચરણ કમળથી પવિત્ર કરો. અહીંજ આવી [illegible], તો હવે [illegible] સ્વીકારવું જોઈએ. [illegible] શેઠના [illegible] [illegible] વચનથી [illegible] પોતાના મિત્રને અહીં રોકવું પડ્યું. તે માટે [illegible] [illegible] ચંડકળા વિષેની વાતચીત [illegible] થવાની તેની આશા પાછી ઉત્પન્ન થઈ. પછી [illegible] [illegible] શેઠને [illegible] કે [illegible] [illegible] પાસે [illegible] છે. પછી [illegible] [illegible] કરી તે રથ [illegible] [illegible] લીધા.

[illegible] ઉભો રહી [illegible] પોતાની અને તેની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

રંગમાં તે રાજરમણીઓ રસમગ્ન બની હતી. જ્યારે શ્રીચંદ્રકુમારના રાધાવેધનો પ્રબંધ વીણારવે ગાયો, તે વખતે દીપવતીને શંકા થવાથી ચંદ્રવતીએ તેનું સમાધાન કર્યું હતું, તે સાથે જણાવ્યું કે, શ્રીચંદ્ર વણિક પુત્ર છે, અને એક ચતુર કળાધર તરીકે વિશ્વમાં વિખ્યાત છે, તે હાલ દીપશિખા નગરીમાં આવેલો છે. આ ખબર મને કોઈ દાસીએ આપેલા છે.

ક્ષણવાર પછી વીણારવનું ગાયન સમાપ્ત થયું. રાજા દીપચંદ અને તેનો સભ્ય સમાજ તે સાંભળી ઘણોજ ખુશી થઈ ગયો, વીણારવની ઉપર ધન્યવાદની વૃષ્ટિ થવા માંડી. વિશ્વમાં વિખ્યાત વીણારવને દીપચંદ્રે મોટું ઇનામ આપ્યું. તિલકપુરમાં આવાં ગુણી રત્નો રહે છે, તેને માટે રાજા પ્રતિલકને અભિનંદન આપ્યું. સર્વ સમાજ વીણારવની પ્રશંસા કરતો વિસર્જન થઈ ગયો.

પ્રકરણ ૩૧ મું.

ચંદ્રકળાની મોહદશા.



જે ચૈત્યમાં ચંદ્રકળાએ શ્રીચંદ્રને જોયો હતો, તે ચૈત્યમાંથી પસાર થઈ, શ્રીચંદ્ર વરદત્ત શેઠને ઘેર રહેલ છે. શ્રીચંદ્ર ચૈત્યમાંથી પસાર થઈ ગયો, તે ચંદ્રકળાના જાણવામાં નહતું. ચંદ્રકળાએ પોતાની સખી ચતુરાને આ વૃત્તાંત કહેવાને દીપવતી પાસે મોકલી હતી. પોતે શ્રીચંદ્રકુમાર સિવાય બીજા કોઈ પતિને વરવાની નથી, એવો નિશ્ચય પોતાના મોસાળનાં માતાપિતા જાણે, એવી તેની ઇચ્છા હતી. પોતાની પાસે પ્રિયંવદા નામે એક બીજી સખી હતી. ચંદ્રકળા ચૈત્યની બહાર આવી શ્રીચંદ્રકુમારનાં દર્શનની રાહ જોઈ ઉભી હતી, તે અનુરાગી રમણી જાણતી હતી કે, શ્રીચંદ્ર હમણાજ મને દર્શન આપશે, અને મારા અંતરની પ્રીતિની પરીક્ષા કરશે. પછી બેઘડી પહોર સુધી તેણી રમણની રાહ જોઈ ઉભી રહી, પણ તેણીને શ્રીચંદ્રના દર્શન થયાં નહિ. શ્રીચંદ્રરૂપ પૂર્ણચંદ્રને નીરખવા ઉભેલી ચંદ્રકળારૂપ ચકોરી આખરે નિરાશ થઈ. તેના અંતરમાં અનેક સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા. ચિંતામાં મગ્ન થયેલી ચતુરાએ પ્રિયવદાને કહ્યું, સખી ! જો, મારા હૃદયનો ચોર ક્યાં ગયો ? પુનઃ ચૈત્યમાં જઈ તપાસ કર, એ મનહર કુમાર ક્યાં છે ? તેની સુંદર આકૃતિ જોઈ, મારા નયનને સુધાંજન ક્યારે મળશે ? અહા ! શું અદ્ભુત રૂપ ! શી મનોહર કાંતિ ! કેવું અનુપમ લાલિત્ય ! કેવું દિવ્ય કંઠમાધુર્ય ! સખી ! ચૈત્યની બાહેર પણ જોઈ આવ, કોઈ રસિક રમણીએ તેને રોક્યો તો નહીં હોય ? પણ ગૌરાંગી ગોરીઓ તે ગૌર આકૃતિની ગ્રાહક થાય તેમ છે. વખતે કોઈ અતિ રૂપવતી રામાએ તેના હૃદયને ખેંચ્યું

હશે, કોઇ કપટી કામિનીએ તેમને પોતાના પ્રેમપાશમાં સપડાવ્યા હશે. પ્રિય બેન ! તે સાથે તેના મિત્ર છે, તે ઘણા ઉપકારી છે, તે દયાળુ મિત્રે મારો ઉપકાર કરવા કહે છે, તે ગુણચંદ ખરેખર ગુણી છે, જો તે મળે તો સત્વર મને ખબર આપજે, અ કહેજે કે, શ્રીચંદ્રરૂપ ચંદ વિના ચંદ્રકળા શૂન્ય છે. ચંદ કળા વિના અને કળા ચંદ વિ ક્ષણ પણ રહેતી નથી, ચંદનું ચંદત્વ કળાથી છે, અને કળાનું કળાત્વ ચંદથી છે, જ્યાં ચંદ કળા ઉપર ઉપેક્ષા કરે, એ કેવો જુલમ ! પોતાને આશ્રયે થઇ રહેલી કળ તિરસ્કાર કરે, તેવો ચંદ હોય નહીં.

ચંદ્રકળા શ્રીચંદનું સ્મરણ કરતી ઉભી રહી. પ્રિયંવદા તેનો શોધ કરવાને નીક ળી. ચૈત્યની અંદર, બહાર અવલોકન કર્યું, તે સાથે વાટિકા, ચત્વર અને પ્રખ દેશાઓ તપાસી, કોઇ સ્થળે શ્રીચંદનાં દર્શન થયાં નહીં. નિરાશ થઇ પ્રિયંવદા પ આવી. પ્રિયંવદાને જોઇ ચંદ્રકળા વિચારમાં પડી. પ્રિયંવદાનું મુખ હર્ષિત દેખાતું ન તેના સ્વરૂપના વેશ ઉપર આનંદનો વેશ ખીલતુલ નથી. મારાં ભાગ્ય એવાં ઉત્તમ ક્ય હોય ! પ્રિયંવદાએ મ્લાન વદને જણાવ્યું—બા સાહેબ ! હું નિષ્ફળ થઇ છું. કોઇ ઠેક શ્રીચંદ કે ગુણચંદ જોવામાં આવ્યા નહીં. હું પ્રિયંવદા ખોટી પડી છું, તમારી આ ફરવા થઇ છું. તે સાંભળતાંજ ચંદ્રકળા નિરાશ થઇ ગઇ, તેણીમાં ઉન્માદ આવ પ્રગટ થઇ, હૃદયમાંથી નિઃશ્વાસ મુકવા લાગી, અને પ્રલાપ કરવા લાગી. અરે અભ ચંદ્રકળા ! તું નિર્ભાગ્ય શિરોમણી છે. પ્રાપ્ત થયેલો તે ઉત્તમ વર તેં ગુમાવી દીધો અરે નેત્રદેવી ! અરે કુળદેવી ! તમે ક્યાં ગયાં ! મને દુઃખીયારીને શ્રીચંદ્રકુમાર બત આપો. ચૈત્યની પુતળીઓને પુછવા માંડ્યું—એ ! તમે શ્રીચંદને જોયા છે કે નહીં તમને તમારા સૌંદર્યમાં મોહ પમાડી ભુલાવ્યા હોય તો, કૃપા કરી જણાવો. તમારી પે એ સુંદર વર ઉપર મારો હક છે. પ્રથમથીજ તેમને પતિરૂપે હું વરી છું, તમે અન કરો છો, તે યોગ્ય નથી. તમે આવા પવિત્ર જિનાલયમાં વસી, એવું કામ કરશો ન તમે પવિત્ર છો, પવિત્રતાથીજ તમારો વાસ જિનાલયમાં થયો છે. આવાં ધર્મ સ્થાન નિર્વિકારી રહેવું જોઇએ. ક્ષણવારે ચૈત્યની બહાર આવી, મયૂર પક્ષિણીને જોઇ બોલી પ્રિય બેન ! તને આ વખતે નૃત્ય કેમ સુઝે છે ? તમે સ્ત્રી જાતિ છો, જાતે જાતને સ કરવી જોઇએ. શ્રીચંદ્રકુમાર ક્યાં છે ? તે જાણતાં હો તો કૃપા કરી જણાવો; કૃ ચંદ્રકળા તમારો ઉપકાર માનશે. મેના પોપટને જોઇ કહે છે—આયુષ્ય મેના ! નેત્રમણિને ક્યાંઇ તને જોયા છે ! તમે પક્ષી જાતમાં ચતુર છો, ચંદ્રકળાના હૃદયના ચો બતાવો. તમારાં જેવાં ચતુર પક્ષીની ચોરીમાંથી મારા હૃદયની ચોરી થઇ તમે મારી પેઠે રહો, પરંતુ કદી મારા ચતુર ચોરને દર્શાવો. જો તમે એમને હતા, તો કેમ બોલાવીને રાખ્યા નહીં ! મારા પ્રાણેશને તમે જવા દીધા, એ ખોટું ક

આ પ્રમાણે ચંદ્રકળા દરેક પક્ષીને, વૃક્ષને અને જે કાંઇ પદાર્થને દેખે, તેને ચંદના ખબર પુછતી હતી. વળી તે સાથે

જોઇ ચંદ્રવતી બોલી—ચતુરા ! ચંદ્રકળા ક્યાં છે ? તમે સાથેજ ઉદ્યાનમાં રમવાને ગયાં હતાં. ચતુરા બોલી—બાઇ સાહેબ ! ચંદ્રકળા હજુ ચૈત્ય દ્વારની પાસેજ છે, હું તમને એક અભિનવ વૃત્તાંત જણાવવા આવી છું. તે આપ સાવધાન થઇ સાંભળજો. હું અને ચંદ્રકળા પ્રથમ અંતઃપુરના ઉદ્યાનમાં રમવાને ગયાં હતાં, તેવામાં એક સ્વરૂપવાન્ અને ગુણવાન્ પુરૂષ આવી ચડ્યો. તેનું અનુપમ સૌંદર્ય જોઇ, ચંદ્રકળાને મોહ થયો. તે પુરૂષ ત્યાંથી ચૈત્યદર્શન કરવા ગયો. ચંદ્રકળા મને સાથે લઇને તેની પછવાડે ચૈત્યગૃહમાં આવી. ત્યાં ચૈત્યવંદન કરતા તે મનોહરનું વાગ્માધુર્ય સાંભળી ચંદ્રકળાને વિશેષ મોહ થયો છે. એ રાજકુમારી તન મનથી એજ પુરૂષને વરી ચુકી છે. આ વૃત્તાંત જણાવવા મને તમારી પાસે મોકલી છે; હવે શી આજ્ઞા છે ? તે કહો. ચંદ્રવતી બોલી—ચતુરા ! ચંદ્રકળાનો જેના ઉપર મોહ થયો છે, તે કુમારનો વૃત્તાંત મારા જાણવામાં આવ્યો છે. તેનું નામ શ્રીચંદ્ર છે, કુશસ્થલીના પ્રખ્યાત ધનાઢ્ય લક્ષ્મીદત્ત શેઠનો તે પુત્ર છે. જાતે વણિક છે. વણિકને રાજકન્યા શી રીતે અપાય ? કુળ શીળ જાણ્યા વિના કન્યા કેમ અપાય ? એથી ક્ષત્રિઓમાં આપણું ઉપહાસ્ય થાય; તથાપિ આ વિષે રાજા દીપચંદ્રનો અભિપ્રાય લઇએ.

આ પ્રમાણે ચંદ્રવતી અને ચતુરા વાતચિત કરતાં હતાં, ત્યાં દૈવયોગે રાજા દીપચંદ આવી પહોંચ્યા. ચંદ્રવતીએ પોતાના પૂજ્ય કાકાને ઉભા થઇ માન આપ્યું. દીપચંદ્રે હર્ષિત વદને જણાવ્યું, પુત્રી ચંદ્રવતી ! કેમ છો ? ચતુરા સાથે શી વાતચીત થાય છે ? કોઇ પણ વાતે મુંઝાશો નહીં, તમારી મુખમુદ્રા ઉપર કોઇ પણ જાતની ચિંતાનાં ચિન્હ જણાય છે. ચંદ્રવતીએ વિનયથી જણાવ્યું, કાકા ! આપના આશ્રય નીચે મને સંપૂર્ણ સુખ છે, બીજી કોઇ જાતની ચિંતા નથી, ચિંતા માત્ર ચંદ્રકળાની છે. હજુ સુધી સુવંતીના પુત્ર વિષે કાંઇ જાણવામાં આવ્યુ નથી, ચંદ્રકળા ચંદ્રકળાની જેમ વધતી જાય છે, આ વખતે આ ચતુરા એક નવીન ખબર લાવી છે. આજે અંતઃપુરની વાટિકામાં ચંદ્રકળાએ શ્રીચંદ્રકુમારને જોયો, અને તેને જોતાંજ તેણીના મુગ્ધ હૃદયમાં મોહનો ઉદય થઇ આવ્યો છે. તેણીએ આ ચતુરા સાથે કહેવરાવ્યું છે કે, હું શ્રીચંદ્રકુમારને વરી ચુકી છું.

આ ખબર સાંભળતાંજ મને ચિંતા થઇ પડી છે, મારી ચિંતાનો અંત લેવા માટે આપની પાસે આવવા વિચાર કર્યો હતો, ત્યાં દૈવયોગે તમે પોતેજ દર્શન આપ્યાં. પોતાની ભત્રીજી ચંદ્રવતીના આવાં વચન સાંભળી રાજા દીપચંદ્ર નાખુશ થઇને બોલ્યો—બેન ! એ કાર્ય બની શકે તેમ નથી. ચંદ્રકળા હજુ મુગ્ધા છે, તેના વિચાર પ્રમાણે આપણાથી કેમ વર્તાય ? બાળક જેમ ધુળનાં ઘર માંડી, પાછાં વિનાશ કરે છે, તેવી રીતનું આ સાહસ છે. શ્રીચંદ્રકુમાર વરદત્ત શેઠને ઘેર આવેલ છે, એ ખબર મને વીણારવના સંગીત વખતે મળ્યા હતા. શ્રીચંદ્રકુમાર સર્વ ગુણસંપન્ન છે, પણ તે વણિક પુત્ર છે. વણિક પુત્રોની સાથે ક્ષત્રિય કન્યાનો સંબંધ કેમ થાય ? વણિકને રાજકન્યા આપવાથી જગતમાં અપવાદ થાય, રાજ કુળની શોભાની હાની થાય, જો આ વાર્તા શુભાંગ રાજા સાંભળે, તો તેને ઘણોજ ખેદ થાય. ચંદ્રકળાની સાથે સૂર્યવતીના પુત્રનો સંબંધ થવાનો છે, એ

ઇત્યાંત ચંદ્રકળા જાણે છે, ત્યાં આવું અકાર્ય કેમ કરે છે ? દૈવયોગે એ આપણા મનોરથ મનમાંજ રહ્યા. યદ્યપિ સુંદરતી અપુત્રા છે. ચંદ્રકળા કૈરવનગરી ચાલી જાય છે, કર્મની ગતિ વિચિત્ર છે. બેન સંદરતી ! તમે ચંદ્રકળાને સમજાવજો, અથવા તેને મારી પાસે મોકલજો, મનમાં તે વિષેની ચિંતા રાખશો નહીં, ઉભરે આપણે ચંદ્રકળાનો સ્વયંવર કરશું. અને તેમાં ચંદ્રકળાને જે રાજપુત્ર યોગ્ય લાગે, તેની સાથે તેનો વિવાહ કરીશું.

આ પ્રમાણે રાજા દીપચંદ અને સંદરતી વાતચિત કરતાં હતાં, ત્યાં ચંદ્રકળા પ્રિયંવદાની સાથે આવી ચડી. ચતુરને ઈશારત બસ. એટલે ચંદ્રકળાની ધીરજ રહી નહિ. સોમચંદ્રકુમાર વિષે તેની ઉત્કંઠા વધી પામવા લાગી. ચંદ્રકળાને આવેલી જોઈ, રાજા દીપચંદે તેને પ્રેમથી બેસારી. પછી રાજ્યભાગ્ય વિનયથી માતાની પાસે આવી ઉભી રહી. પ્રેમથી ચંદ્રકળાને સંદરતીએ ખોળામાં બેસારી આ પ્રમાણે કહ્યું. વત્સે ' ધીરજ રાખ, ઉતાવળું શું કરી છે, સર્વ વાત સારી થશે. મનમાં ખેદ રાખીશ નહીં. બેન ! હું દેવ છું, તારા જાણનારી, બુદ્ધિવાન્ અને ડાહી છું. મનમાં દુઃખ લાવીશ નહીં, તારું શરીર કોમળ છે. નહિ [illegible] હવે તો અમે સ્વયંવર કરીશું. ઉતાવળી થઈશ નહીં. રાજકન્યાઓ દીર્ઘ વિચાર [illegible] [illegible] તેઓ [illegible] પોતાનો પવિત્ર પ્રેમ કોઈ અ- [illegible] નથી, [illegible] [illegible] છે, તે સિવાયની [illegible] [illegible] [illegible] કૃતિમાંથી [illegible] ઉકળે છે, [illegible] નથી

ધન્ય માનું છું. હવે પુત્રીનો નિશ્ચય ફેરવવો નહીં. દીપચંદ્ર રાજાને સમજાવી ચંદ્રકળાના મનોરથ પૂરા કરવા, સતી પદ્મિની ચંદ્રકળા સંતોષ પામે તેમ કરવું. આવું વિચારી ચંદ્રવતીએ ચતુરાને કહ્યું—ચતુરા ! રાજા દિપચંદ્રની આગળ જા, તેમને વિનંતી કરી કહેજે કે, ચંદ્રકળાએ જે પતિ ધાર્યો છે, તે ખરો છે. પદ્મિની ચંદ્રકળા પોતાનો નિશ્ચય ફેરવે તેમ નથી. શ્રીચંદ્રની જાતિ માટે જે શંકા છે, તે દૂર કરજો. ચંદ્રકળા સતી છે, જેનામાં તેણીએ પ્રેમબંધન કરેલું છે; તે કોઇ રીતે જાતિહીન નહીંજ હોય. મનથી તેનેજ વરેલી ચંદ્રકળાના પવિત્ર નિશ્ચયને આપણે દુષિત કરવો યોગ્ય નથી. ચંદ્રવતીનો આ સંદેશો લઇ ચતુરા દીપચંદ્રની પાસે આવી. તેણીને ચંદ્રવતીએ જે શબ્દો કહેલા, તે બધા યથાર્થ જણાવ્યા. તે સાથે વિશેષમાં જણાવ્યું કે, મહારાજા ! આ વિષે આગ્રહ રાખશો નહીં. શ્રીચંદ્રકુમાર કોઇ ક્ષત્રિય કુમાર લાગે છે, તેનો જન્મ વણીક જાતિમાં હોય, તે શંકા ભરેલું છે, ચંદ્રકળાનું પવિત્ર હૃદય તેની સાક્ષી પૂરે છે, ચંદ્રકળાએ એ મહાનુભાવને ખરેખરા પ્રેમપાત્ર બનાવેલ છે, તેણીના હૃદયમાં શ્રીચંદ્રનુંજ સ્મરણ છે, સર્વ વિશ્વને શ્રીચંદ્રમય દેખે છે, શયન, આસન, ગમન વિગેરે ક્રિયામાં પણ તે શ્રીચંદ્રને ભૂલતી નથી. મહારાજા ! આ વિષે આપે કાંઇ પણ આગ્રહ રાખવો નહીં, ચંદ્રકળાની આશા લતાને મૂળમાંથી છેદવા પ્રયત્ન કરવો નહીં, તમે તેના મોસાળના પિતા છો, તમે એ બાળાને વિવાહને માટેજ આશ્રય આપેલો છે, ગોત્ર દેવીનું વચન અન્યથા થશે નહીં, સૂર્યવતીના પુત્રની રાહ જોતી, તે હવે યુક્ત નથી, કન્યા વયનો કાળાતિક્રમ થઇ ગયો છે. ચતુરાનાં આવાં વચન સાંભળી રાજા દીપચંદ્ર વિચારમાં પડી ગયો. તેના મનમાં સ્ફુર્યું કે, કર્મની ગતિ વિચિત્ર છે, ચંદ્રકળાનો આટલો બધો પ્રેમ શ્રીચંદ્રમાં થયો, તેનું કાંઇક પ્રબળ કારણ હશે. પૂર્વના સંબંધ વિના દાંપત્યભાવ પ્રગટ થતો નથી, ક્યાં વણિક પુત્ર ! અને ક્યાં રાજકન્યા ! વિધિએ આ યોગ ઘટાવ્યો, તેમાં કાંઇ ચમત્કારી હેતુ હશે. હવે ચંદ્રકળાના નિશ્ચયનો આગ્રહથી ભંગ કરવો, તે યુક્ત નથી. ચંદ્રકળા પદ્મિની સ્રી છે. પદ્મિનીઓમાં સતી ધર્મ સ્વભાવીક રીતે હોય છે, તે દૃઢ નિશ્ચયા રાજબાળા પોતાનો નિશ્ચય ફેરવશે નહીં. ક્ષત્રિય કન્યાના દૃઢ નિશ્ચયમાં અંતરાય કરવો, તે રાજાનો ધર્મ નથી, જે હેતુ સ્વયંવરથી સિદ્ધ કરવાનો હતો, તે હેતુ સ્વતઃ સિદ્ધ થઇ ચુક્યો. આવું વિચારી ચંદ્રસિંહે ચતુરાને કહ્યું. ભદ્રે ! ચંદ્રવતીના વિચારને હું માનતો છું. ચંદ્રકળાનો દૃઢ નિશ્ચય ફેરવવાની મારી ઇચ્છા નથી, તું સત્વર જઇને નિવેદન કર કે, શ્રીચંદ્રકુમાર વરદત્ત શેઠને ઘેર અતિથિ થઇ રહેલ છે, હવે હું તે વિષેની ગોઠવણ કરીશ. ચતુરા ! તારી સખી ચંદ્રકળાને ધીરજ આપજે, અને કહેજે કે, તારા સદ્વિચારને ચંદ્રસિંહ અનુમોદન આપે છે. સુવર્ણની સાથે રત્નની જેમ શ્રીચંદ્રકુમાર અને ચંદ્રકળાનો યોગ થાઓ, એવું તે હૃદયથી ઇચ્છે છે.

રાજા ચંદ્રસિંહના વચન સાંભળી આનંદ પામેલી ચતુરા ઉતાવળી ઉતાવળી ચંદ્રવતી પાસે આવી રાજાનો ઉત્તમ અભિપ્રાય ચંદ્રવતીને જણાવ્યો, જેથી પુત્રીવત્સલા ચંદ્રવતી ઘણોજ આનંદ પામી. ચતુરાએ તે પછી આ શુભ ખબર ચંદ્રકળાને આપ્યા, અને શ્રીચંદ્રકુમાર વરદત્ત શેઠને ઘેર છે, એ પણ જણાવ્યું. રાજબાળા તે સાંભળી અત્

મંડપમાં મારે જવું જોઈએ. ... પક્ષિણી મેનાની જેમ તે શ્રીચંદના દર્શનની રાહ જોઈ રાજ-
મહેલમાં વિરહિણીનાથી રહેવા લાગી.

પ્રકરણ ૩૨ મું.

આખરે વિવાહ.



વરદત્ત શેઠને ઘેર શ્રીચંદ રહેલ છે, તે વિવિધ પ્રકારના અતિથિ સત્કાર મેળવે છે. રાજા દીપચંદ શ્રીચંદનો વૃત્તાંત જાણ્યા પછી શ્રીચંદને મળવાને ઉત્સુક થયો. તેણે વરદત્ત શેઠને ઘેર એક પુરુષ મોકલી કહેવરાવ્યું કે, " તમારે ઘેર આવેલ અતિથી સર્વ રીતે યોગ્ય છે, તેને મળવા માટે હું આજે સાંજે તમારે ઘેર આવીશ. એ ઉત્તમ અતિથિને મળવાથી મારા મનને સંતોષ થશે. રાજપુરુષે આવી વરદત્ત શેઠને એ સમાચાર નિવેદન કર્યા. પોતાને ઘેર મહારાજા દીપચંદનું આગમન જાણી, વરદત્ત શેઠને ઘણોજ હર્ષ થયો. તેના મનમાં સ્ફુરી આવ્યું કે, સત્સંગનો પ્રભાવ કેવો ઉત્તમ છે ! શ્રીચંદ જેવા ઉત્તમ અતિથિના યોગે મારે ઘેર દીપતિભૂપતિ પધારશે. રાજાના આગમનથી મારી પ્રતિષ્ઠામાં મોટી વૃદ્ધિ થશે. તત્કાળ તેણે પોતાના ભુવનને વિવિધ શણગારથી શણગાર્યું, રાજાને યોગ્ય આસને, તેણે રાજકીય પધરામણીની તૈયારી કરવા માંડી. પોતાના ઘરના આંગણામાં ઉત્તમ પ્રકારની શુદ્ધિ કરાવી, ચંદન જળનો છંટકાવ કરાવ્યો. જ્યારથી શ્રીચંદકુમાર આવેલ છે, ત્યારથી તેનું ઘર મહોત્સવમય તો હતુંજ, પણ રાજાના આગમનને માટે તેણે રાજાને ઘટતી વિશેષ રચના કરાવી. પોતાના ભુવનના એક ભાગને રાજમંદિર જેવો બનાવી દીધો. સાંયંકાળનો સમય થવા પહેલાં રાજા દીપચંદ વરદત્ત શેઠને ઘેર આવ્યો. કેટલોએક પરિવાર તેની સાથે આવ્યો હતો. વરદત્તે તે પ્રસંગ દીપાવવાને વીણારવ ગાયકને બોલાવ્યો હતો, રાજાનો યોગ્ય સત્કાર કરવા તેણે બીજી અનેક જાતની ગોઠવણો કરી રાખી હતી. રાજા દીપચંદને શ્રીચંદનો સમાગમ કરાવ્યો. પૂર્ણ ચંદ્રને તિરસ્કાર કરે, તેવી શ્રીચંદની કાંતિ, રૂપ અને લાવણ્ય જોઈ રાજા દીપચંદ અતિ ખુશ થયો. તેના મનમાં આવ્યું કે, ચંદ્રકળાનો પ્રેમ સફળ છે. કુમારનું અનુપમ સૌંદર્ય તેની સર્વ જાતની યોગ્યતા સૂચવી આપે છે. ચંદ્રકળાની પુણ્ય સંપત્તિ પ્રબળ હોય, તોજ તે આવા પતિની સહચારિણી થાય. સત્કર્મ અને પુણ્યના પ્રભાવે ચંદ્રકળા શ્રીચંદનો યોગ મેળવે, કલાધર ચંદ્રકળા વિના કેમ રહેશે ! " આવું વિચારી દીપચંદે શ્રીચંદની મુલાકાત અતિ પ્રેમથી લીધી. વરદત્ત શેઠે મહારાજાને સિંહાસનપર બેસારી ઉત્તમ ભેટ આગળ ધરી. દીપચંદે શ્રીચંદને પોતાના ઉત્સંગ આગળ બેસાર્યો, પછી પ્રસંગે આવી રાજા દીપચંદની આગળ શ્રીચંદનું સર્વ ચરિત્ર કહી સંભળાવ્યું. તે પછી વીણારવ ગાયકે તેના ચરિત્રને ગાયનમાં ઉતારી સંભ-

જાણ્યું. શ્રીચંદના પરાક્રમ સાથે મિશ્ર થએલા વીણારવના સંગીતે સર્વ સમાજને ચિત્રવત્ કરી દીધો. ગુણમણિ ધારક અને કળાકોવિદ શ્રીચંદના અદ્ભુત સંગીતના પ્રતિધ્વનિથી વરદત્ત શેઠનું સદન ગાજી ઉઠયું. વીણારવે ગાએલા રાધાવેધના પ્રબંધ તો હદ વાળી, તેણે છેવટે નીચેની ગાથા કહી પ્રબંધની સમાપ્તિ કરી.

" સુર ગુરૂ પણ નવિ કહી શકે, જસ ગુણ કેરો અંત;
" અર્થી પ્રાર્થિત સુરતરૂ, તિલકમંજરી કંત "

આ ગાથામાં ' તિલકમંજરી કંત ' એ સાંભળી સર્વ વિશેષ સાનંદાશ્ચર્ય થઇ ગયાં. રાજા દીપચંદની આજ્ઞાથી શ્રીચંદને જોવાને દીપવતી, ચંદ્રવતી, ચંદ્રકળા અને વામાંગ કુમાર વગેરે સર્વ રાજકુટુંબ વરદત્ત શેઠને ઘેર આવ્યું. વરદત્ત શેઠે યોગ્ય ભેટ આગળ ધરી, રાજકુટુંબનો સત્કાર કર્યો, અને વિનયથી કહ્યું કે, આજે મારૂં ઘર પવિત્ર થયું, આજે મારાં ભાગ્ય સફળ થયાં. મહારાજા કુટુંબ સાથે મારા જેવા સામાન્ય પ્રજાજનને ઘેર આવે, એ મારા ભાગ્યનો ઉદય. વિદેશના વ્યાપારથી જે મારી વિખ્યાતિ છે, તે વિખ્યાતિ આજે ટોચે ચડી. વિશ્વમાં વિખ્યાત દીપશિખા નગરીનો અધિપતિ મારે ઘેર કુટુંબ સાથે પધાર્યા, એ મને કેટલું માન ? આવાં વિનય વચન કહી વરદત્ત શેઠે સર્વનો સત્કાર કર્યો.

રાજકુટુંબ શ્રીચંદને જોતાંજ સ્તબ્ધ થઇ ગયું, તેના અનુપમ સૌંદર્યથી રાજમંડળને અતિ આનંદ આવ્યો. રાણી દીપવતીએ ચંદ્રકળાનાં ભાગ્યનાં વખાણ કર્યાં, ચંદ્રવતી ચંદ્રકળાની બુદ્ધિને ધન્યવાદ આપવા લાગી. ચંદ્રકળાના મોહમાં વધારો થવા માંડયો. વરદત્ત શેઠના મંદિરમાં રાજકુટુંબ સાથે રાજા દીપચંદ ઘણીવાર બેઠો, ક્ષણવાર પછી ગાયક તથા ઇતર જનને વિદાય કરી, રાજાએ શ્રીચંદકુમારને આ પ્રમાણે કહ્યું, “ગુણી વીર ! તમને એક નિવેદન કરવાનું છે, તે ઉપર પૂર્ણ ધ્યાન આપશો. આ મારૂં રાજકુટુંબ આપને જોવા માટે આવેલ છે. તમે વિદ્યા અને કળાથી વિશ્વમાં વિખ્યાત થયા છો, આ ચંદ્રવતી મારાં ભત્રીજી થાય છે તે રત્નપુરના શુભાંગ રાજાનાં રાણી છે, તેમને આ ચંદ્રકળા નામે પદ્મિની પુત્રી છે, તેના પિતા શુભાંગે વિવાહને માટે અહીં મોકલેલ છે, એ પદ્મ શરીરા પદ્મિની યૌવનરૂપ સરોવરના તીર ઉપર આવી છે, એ ગુણવંતી બાળાને માટે કોઇ યોગ્ય વરની શોધમાંજ અમે હતા, ત્યાં તમારાં અકસ્માત્ દર્શન થયાં છે; હવે એ બાળાને પાણિગ્રહણ કરી કૃતાર્થ કરશો. રાજાનાં વચનથી શ્રીચંદ વિચારમાં પડયો, ક્ષણવાર વિચારી નમ્રતાથી બોલ્યો, રાજેંદ્ર ! આપે આ પદ્મિની રાજકુમારી માટે જે કહ્યું, તેથી મને મોટું માન આપ્યું છે, પણ હું રાજકન્યાને યોગ્ય નથી. પૃથ્વીપતિ મહારાજાની કુમારી ક્યાં ! અને વણિક કુળનો અને આપના દાસનો પુત્ર હું ક્યાં ! અમારો સંયોગ અઘટિત છે. જ્યાં સમાન કુળ, શીળ અને ગુણનો યોગ થાય, તે સર્વોત્તમ સંબંધ છે. રત્નનો યોગ સુવર્ણ મુદ્રિકા સાથે શોભે છે, કાચ કે પાષાણની સાથે શોભતો નથી. સામાન્ય જાતિ સાથે ઉત્તમ જાતિની કન્યા, કાગના કંઠમાં રત્નમાળા જેવી, અને કુબ્જ પુરૂષના ગળામાં મુક્તાવળી જેવી છે. મને ગમે તેટલું માન આપો, પણ હું વણિક પુત્ર કહે-

નાયક થાય છે. રાજા દીપચંદ્રે તે સિવાય કેટલાએક આગ્રહ ભરેલાં વચનો ખુલ્લી રીતે કર્યા, પણ તે બધાં શ્રીચંદ્રકુમાર સાંભળી રહ્યા. લજ્જાથી કંઈ પણ તેણે પ્રત્યુત્તર આપ્યો નહીં.

વરદત્ત શેઠ પોતાને ઘેર રાજકુટુંબ આવવાથી વિશેષ ખુશી થયો હતો. તેણે આગ્રહથી ભોજન સામગ્રી તૈયાર કરાવી હતી. સર્વને માટે રાજ રીતિ પ્રમાણે થાળ પીરસવા માંડયા, અને રાજા દીપચંદ્રને કુટુંબ સાથે ભોજન કરવા વિનતી કરી. રાજા દીપચંદની ઇચ્છા રાજ કુટુંબ સાથે ભોજન લેવાની જરા પણ નહતી. એક ગૃહસ્થ વણિકને ઘેર દીપશિખાનો અધિપતિ કુટુંબ સાથે ભોજન કરવા બેસે, એ તેને સર્વ રીતે યોગ્ય લાગતું નહતું, પણ શ્રીચંદ્ર સાથે ચંદ્રકળાનો સંબંધ કરવાના હેતુથી તેમજ શ્રીચંદ્રના સમાગમના પ્રેમથી તેમને વરદત્ત શેઠનું નિમંત્રણ સ્વીકારવું પડયું. વરદત્તે ઉત્તમ પ્રકારની રસવતી રસોઇ કરાવી હતી. સર્વને સ્નાન કરાવી, ભોજન કરાવ્યું, પછી ચંદન વિલેપન અને પુષ્પ માળાથી અલંકૃત કરી, ઉત્તમ પ્રકારના પોશાક પહેરાવ્યા. રાજભક્તિથી વિભૂષિત એવા વરદત્ત શેઠે ઇષ્ટ દેવની જેમ રાજકુટુંબની પુજા ભક્તિ કરી, પછી સર્વે મેડીના ઉપરના ભાગમાં આવ્યા.

આ વખતે રાણી દીપવતીનો પુત્ર વરચંદ્રકુમાર અને પદ્મિની ચંદ્રકળાનો બંધુ વામાંગ કુમાર શ્રીચંદ્રની પાસે આવ્યા. તેઓ સર્વે સમાન વયના હોવાથી પરસ્પર નર્મ વચન કહેવા લાગ્યા. કેટલાએક કૌતુક વાર્તાઓ કર્યા પછી વામાંગકુમારે શ્રીચંદ્રકુમારને કહ્યું, ભદ્ર ! દીપચંદ્ર જેવા મહારાજા પોતાની જાતે તમને પ્રાર્થના કરે, તે તમારે સ્વીકારવી જોઇએ, તે કાર્યમાં વિલંબ કરવો ન જોઇએ. મહારાજાનાં વચનને માન આપવું, એ તમારો ધર્મ છે. વરદત્ત શેઠ મહારાજાની પ્રજામાં અગ્રેસર અને માન્ય છે, તેઓના અતિથિ થઇને પણ તે કાર્ય અવશ્ય કરવું જોઇએ કૃપમાં સાકરના જેવો, નાગરવેલમાં સોપારીનાં દળ જેવ, અને કલ્પલતાની સાથે કલ્પવૃક્ષ જેવો, ચંદ્રકળા અને તમારો યોગ છે. વામાંગકુમારનાં આવાં વચન સાંભળી, શ્રીચંદ્રે નમ્રતાથી કહ્યું. તમારૂં કહેવું યથાર્થ છે. રાજા દીપચંદ્ર મારા સ્વામી છે. સેવકે સ્વામીના વચનને અનુસરવું જોઇએ, પણ આ જન્મને હું પિતાની આજ્ઞાને આધીન છું, જ્યાં સુધી પૂજ્ય પિતા વિદ્યમાન હોય, ત્યાં સુધી પુત્ર સ્વતંત્ર નથી. પિતૃભક્ત પુત્રોએ પિતાની આજ્ઞાને સર્વદા તાબે રહેવું જોઇએ, વળી હું દિશાઓના કૌતુક જોવાને બાહેર નીકળ્યો છું. સામાન્ય રીતે બાહેર ગયેલો પુત્ર સ્વતંત્રપણે વિવાહ કરાવી, કન્યા લઇ ઘરમાં આવે, એ કેવું લજ્જા ભરેલું કાર્ય ? સત્પુરૂષે વડિલ વર્ગની મર્યાદા લજ્જા રાખવી જોઇએ. નિર્લજ્જ પુત્રોની જગતમાં નિંદા થાય છે. લજ્જા વિષે લખેલી કવિતા સર્વેને સ્મરણમાં રાખવા યોગ્ય છે.

" લજ્જા ગુણની માતા, લજ્જા રિદ્ધિ નિધાન, "
" લજ્જા હીન જે માનવી, નહીં તેહ વાન ન માન. "

શ્રીચંદ્રે આ કવિતા કહી, તે પાસે બેઠેલી ચંદ્રલેખાએ સાંભળી. તત્કાળ તેણીએ શ્રીચંદ્રને ઉદ્દેશીને કહ્યું કુમાર ! આ શું બોલો છો ? તમે વિદ્વાન્ અને ચતુર છો. આ

જેવી થઈ. ચંદ્રકળાની આ સ્થિતિ તેની સખીએ દીપવતીને જણાવી, એટલે રાણી દીપવતીએ ચંદ્રકળાને પોતાની પાસે બોલાવી. ચિંતાતુર ચંદ્રકળા ત્યાં આવી. રાણીએ તેને ઉત્સંગમાં બેસારી આ પ્રમાણે કહ્યું—વત્સે ! તને ધન્યવાદ ઘટે છે. તેં જે નરની સાથે પ્રેમ જોડવાની ઇચ્છા કરી છે, તે ખરેખર યોગ્ય છે. ગુણવાન્ અને સર્વ લક્ષણ સંપન્ન પતિને તેં બરાબર શોધ્યો છે. તારી ચતુરાઈ જોઈ અમને પૂર્ણ સંતોષ થાય છે. તારા પૂજ્ય કાકાજી પણ એથી ખુશી થયા છે. બેન ! મનમાં જરા પણ ચિંતા રાખીશ નહીં. પરિણામે સારૂં થશે, તારી આશાલતા નવપલ્લવિત થયા વિના રહેશે નહીં, તારા સદ્વિચાર, તારી એક નિષ્ઠા, અને તારી અલૌકિક પાત્ર પરીક્ષા જોઈ અમે સાનંદાશ્ચર્ય થયાં છીએ. બેન ! તું નિશ્ચિંત રહેજે, તારા પ્રબળ પુણ્ય એ પ્રતાપી પુરૂષને ખેંચી આણ્યાં છે, પ્રાણી માત્રને પુણ્યની સમૃદ્ધિ સર્વોત્કૃષ્ટ સુખ આપે છે. માનવ જીવનના ઉચ્ચ પ્રદેશમાં જવાનો માર્ગ પુણ્ય શ્રેણી દર્શાવે છે. પુણ્યના પવિત્ર પ્રભાવથી ગમે તેવું દુઃસાધ્ય હોય, તોપણ તે સાધ્ય થઈ શકે છે. પુણ્યની મહાન્ શક્તિ આગળ માનુષી કે દેવતાઈ, કોઈ પણ સુખ અસાધ્ય નથી. પ્રિય બેન ! તારૂં પુણ્ય પ્રબળ છે, પુણ્ય વિના આવા પતિનો યોગ ક્યાંથી થાય ! આ પવિત્ર પુરૂષથી તને દિવ્ય સુખ પ્રાપ્ત થશે. ભવિષ્યમાં તારો ગૃહ વ્યવહાર સર્વોત્કૃષ્ટપણે પ્રવર્તશે. વત્સે ! શાંત થા, તારા મનોરથ હવે સફળ થવાને ઉન્મુખ થયા છે, તું સહેલાઈથી ઇષ્ટ ફળ મેળવી શકીશ. તારી મનોગત ઇચ્છા અવશ્ય સફળ થશે, નિરાશ થઈશ નહિ. કોઈ જાતનાં વિઘ્નની શંકા રાખીશ નહીં. તને કોઈપણ અંતરાય કરશે નહીં. તારો ઉદયનો માર્ગ નિર્વિઘ્ને ખુલ્લો થયો છે. તારી મનોભાવના સર્વ રીતે નિરાબાધ થઈ છે.

દીપવતીનાં આવાં ઉત્સાહદાયક વચન સાંભળી ચંદ્રકળાને જરા આશ્વાસન મળ્યું. તે વખતે વરદત્ત શેઠ વચમાં બોલી ઉઠયા—વહાલી ! તમે યોગ્ય પરીક્ષા કરી છે જેની ઉપર તમે ભવિષ્યમાં ગૃહાવાસનો પાયો નાખવા ધાર્યો છે, તે ખરેખર સ્તુત્ય છે. જે અભિનવ પુરૂષને તમે માનસિક રીતિએ પતિપદ આપેલું છે, તે પુરૂષ ખરેખર રાજવીર છે. દૈવયોગે તેની ઉત્પત્તિ વણિક કુળમાં થઈ ગઈ હશે, પણ તેનામાં ઉત્તમ ક્ષાત્રિય ગુણ, સ્વભાવ સિદ્ધ રહેલા છે તમે તેના સહવાસમાં રહેવા નિશ્ચય કર્યો છે, તે યોગ્યજ છે. પદ્મિનીની પ્રસન્નતા અપાત્ર ઉપર થાયજ નહીં. હવે તમે તેને વરી ચુક્યાં છો. રાજ કન્યા પ્રત્યે એટલાં વચન કહી, તે ચતુર શિરોમણી શેઠે શ્રીચંદ્રને કહ્યું, કુમાર ! દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરજો. આ બાળા તમને મનથી વરી ચુકી છે. એ પદ્મિની પ્રમદા હવે અન્ય પતિને વરવાની નથી. તમે જાણો છો કે, કુલીન કન્યા એકજ વાર એકનેજ અપાય છે. તે વિષે નીચેનો દોહો યાદ કરો.

जाहेने जे मनमां वश्यो, परणे तेहिज कंत ।
एक वार कन्या दीये, एक वार वदे संत ॥ १ ॥

કુમાર રત્ન ! મારી વિનંતિ ધ્યાનમાં લ્યો. આ પદ્મિનીની પતિ પદવી અંગીકાર

પણ મનવાંછિત પ્રાપ્ત કરી શ્રીચંદ્રના સમાગમની ઉત્કંઠા ધરવા લાગી. શ્રીચંદ્ર તેને પ્રેમથી ચાહતો હતો, પણ તે પોતાના વિકારને દબાવી શકતો હતો. પુણ્યના પ્રેરક પ્રતાપથી કોઈ પણ વિકારી વસ્તુ તેને આકર્ષણ કરતી નહતી. ચંદ્રકળા જેવી પદ્મિની પણ તેની સ્વતંત્ર અને દૃઢ મનોવૃત્તિ તાબે કરવાને સમર્થ નહતી. તે અપૂર્વ આત્મબળનો ધારક હતો, કોઈ વિકારી વ્યસનો તેનો પરાભવ કરી શકતાં નહતાં. આ પ્રમાણે દૃઢ હૃદયવાળા શ્રીચંદ્રે ચંદ્રકળાનું પાણિગ્રહણ સ્વીકાર્યું હતું, તથાપિ તે ત્યાંથી પ્રયાણ કરવાના સમયની રાહ જોતો હતો, પણ માતા પિતાની આજ્ઞા વિના તે કામ કરવા તેની અંતરંગ ઇચ્છા નહોતી.

પ્રકરણ ૩૩ મું.

ચાતુર્ય પ્રકાશ.



રાત્રિનો સમય હતો, સર્વત્ર શાંતિ હતી, પણ તે શાંતિનો ભંગ થવાની તૈયારી થવાને થોડીકજ વાર હતી, પ્રાતઃ મુહૂર્તે જાગ્રત થનારા ઉદ્યોગી પુરૂષોના સૂક્ષ્મ કોલાહલ થતા હતા, પણ તે સમયને હજુ વિલંબ હતો. આર્હંત ભક્તોના મુખમાંથી પ્રભાતના મધુર રાગમય સ્તવનો પ્રકાશ થવો ન હતો, આવશ્યક ક્રિયાના ઉદ્ગારો હજુ નીકળતા ન હતા. આ સમયે શ્રીચંદ્રકુમાર જાગ્રત થયો, તેની મનોવૃત્તિમાં પ્રયાણ કરવાની ઇચ્છા હતી. પોતાની અભિનવ પ્રિયાને અહીં મુકી, તે ત્યાંથી ચાલ્યા જવાની ધારણા રાખતો હતો. આવી ધારણાથી જાગ્રત થઈ, તે તૈયાર થવા લાગ્યો. ચંદ્રકળા અંતઃપુરમાં શય્યા ઉપર અર્ધી નિદ્રામાં અને અર્ધી જાગ્રત થઈ અનેક મનોરથ કરતી હતી, મુગ્ધ હૃદયની બાળા શ્રીચંદ્રના આવા વિચારને જાણતી ન હતી. શ્રીચંદ્રે દેહ ક્રિયાનું બહાનું કરી મિત્ર ગુણચંદ્રને આગળ કરી નીચે જવા સૂચવ્યું. તે વાત અંગીકાર કરવામાં આવી, એટલે શ્રીચંદ્ર ડેલીને મહેલની નીચે ઉતર્યો.

શ્રીચંદ્રના વૃત્તને જાણનાર ગુણચંદ્રને આ વખતે વિચાર થયો કે, જરૂર શ્રીચંદ્ર મિત્ર કાંઈ પણ મિષ કરી ચાલ્યો જશે, કોઈપણ યુક્તિથી તેને થોડો વખત અહીં રોકવો જોઈએ. પદ્મિની ચંદ્રકળાના પ્રેમપાશમાં તેને બાંધી લેવો જોઈએ. યદ્યપિ કોઈ પણ રમણીના મોહ જાળમાં તે ફસાય તેમ નથી, હવે તેને ચંદ્રકળાના વિશેષ સહવાસમાં રાખવાની જરૂર છે. આ વિષયમાં જાણકારી જેમ એ સંબંધ મજબુત રહે છે, તે કોઈ પણ પ્રેમના, શૃંગારના, ક્રીડાના કે વિનોદના બંધનમાં આવતો નથી, કોઈ પણ સાંસારિક મોહક પદાર્થ તેને આકર્ષી શકતા નથી, પણ હવે તેને અહીં રોકવાની જરૂર છે. આવું વિચારી ગુણચંદ્ર મેડે ચડ્યો. તેણે ત્યાં રહેલી દાસીઓને ખબર આપ્યા કે, શ્રીચંદ્રકુમાર ગુપ્ત

એહવું બીડું મુખ ધરે, તસ સુગંધ મુખ વાસ,
અન્ય વાસ આવે નહીં, જિનવર ધ્યાન ઉલાસ. ૨

રાજકુમારી તે સાંભળી ખુશી થઈ, તેણે ચતુરા સખીને સંજ્ઞા કરી એટલે ચતુરા બોલી—સ્વામી ! અંતરંગ બીડીનું વર્ણન સંસ્કૃતમાં કરો. શ્રીચંદ્રકુમારે તેવાજ આશયનું વર્ણન સંસ્કૃતમાં કર્યું.

पुनागपत्राणि प्रियः प्रियंवचः
सत्प्रेमपूगानि सुदृष्टि चूर्णकः ।
संतोष कर्पूर सुगंधवर्तिका
तवेदं वीटकमस्तु मे विभो ॥ १ ॥

अथवा— सत्यं वचो नागरखंड वीटकम्
सम्यक्त्वपूगं शुभतत्त्वचूर्णकम् ।
स्वाध्यायकर्पूर सुगंधपूरितं
तदस्तु सख्यः शिवसौख्यकारकम् ॥ २ ॥

પરસ્પર પ્રિય વચન બોલવાં, તેરૂપ નાગરવેલનાં પાન છે, પ્રેમરૂપી તેમાં સોપારી છે, સમ્યગ્દૃષ્ટિરૂપ ચુનો છે, સંતોષરૂપ કપૂરની સુગંધી છે. હે વિભુ ! એવું તાંબુલ મારે હો.

સત્ય વચનરૂપ નાગરવેલનું પાન, સમ્યક્ત્વરૂપ સોપારી, શુભ તત્ત્વરૂપ ચુનો, અને સ્વાધ્યાયરૂપ સુગંધ પૂર્ણ એવું તાંબુલ હે સખી ! મને મોક્ષ સુખને આપનારૂં થાઓ.

પછી ચંદ્રકળાએ સુચના કરી, એટલે ચતુરા સખીએ કહ્યું, સ્વામી ! સ્નાનમાં કેટલા ગુણ રહેલા છે ? તે કૃપા કરી જણાવો. ચતુર શ્રીચંદ્ર નીચે પ્રમાણે બોલ્યો—

स्नानं नाम मनः प्रसादजननं दुःस्वप्नविध्वंसनं
सौभाग्यायतनं मलापहरणं संवर्द्धनं तेजसः ।
रूपोद्योतकरं शिरःसुखकरं कामाग्निसंदीपनं
स्त्रीणां मन्मथमोहनं श्रमहरं स्नाने दशैतेगुणाः ॥ १ ॥

સ્નાને પ્રસન્નતા આપનાર, દુઃસ્વપ્નને નિવારનારૂં, સૌભાગ્યનું સ્થાનક, મલને દૂર કરનાર, અને તેજને વધારનાર, રૂપને પ્રકટ કરનારૂં, મસ્તકને સુખ આપનારૂં, કામાગ્નિને

ગુડપર્પટિકા કહી દેવી, જડભાવન સાથે જેહી;
અનુકંપ ઉચિત કીર્તિદાન, એહના જિહાં ભાવપ્રધાન. ૧

અંતરંગે એહિજ જાણો, મન કૃપણપણું નવિ આણો;
એમ ભોજનની દુરસાય, નિત્ય કીજે તેહિ સદાય. ૨

કુમારે તેવુંજ વર્ણન સંસ્કૃતમાં કર્યું.

त्रिधा दानं प्रमानं यद् बहुमानेन संयुतम् ।
गुडपर्पटिका नूर्ण भुज्यतां मत्यहं सखे ॥ १ ॥

અર્થ—હે મિત્ર ! ઉચિતદાન, અનુકંપાદાન અને કીર્તિદાન—એ ત્રણ પ્રકારનું દાન બહુમાન સાથે કરવું, તેરૂપ ગોળપાપડીનું હમેશાં સત્વર ભોજન કર.

આ પ્રમાણે ચંદ્રકળા તે ચમત્કારી પ્રશ્નોત્તર સાંભળી ઘણીજ ખુશી થઇ ગઇ, આ વખતે વરદત્ત શેઠ વિગેરેએ પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરવાને દેવ, ગુરૂ અને ધર્મનાં તત્વ વિષે પ્રશ્ન કર્યા, તે સાંભળી ચતુરશિરોમણી શ્રીચંદ્રકુમાર અંગમાં ઉમંગ ધરી બોલ્યો, ભદ્ર ! તમારા પ્રશ્નોથી મને અપૂર્વ આનંદ આવે છે. હમણાંવાર પહેલાં જે પ્રશ્નોના ઉત્તર મેં આપ્યા છે, તે પ્રશ્નો સાંસારિક ભાવનાને વધારનારા હતા, અને આ તમારા પ્રશ્નો ધાર્મિક ભાવનાને વધારનારા છે, પૂર્વના પ્રશ્નોત્તરમાં જરા અશુદ્ધ થયેલી મારી બુદ્ધિ આ તમારા ઉત્તમ પ્રશ્નોત્તરની વાણીરૂપ ગંગામાં સ્નાન કરી પવિત્ર થશે. તમારા આ પવિત્ર પ્રશ્નોએ મારી ધર્મભાવના જાગ્રત કરી છે. ભવ વાસનામાં લુબ્ધ થયેલા મારા ચપળ ચિત્તને તમે શુભ માર્ગે દોર્યું છે. આ પ્રશ્નરૂપ ચંદ્રના ઉદયથી મારો હૃદયસાગર ઉલ્લાસ પામે છે. ગાઢ અંધકારમાં મગ્ન થયેલા મારા મલિન હૃદયને તમે તત્વજ્ઞાનરૂપ દીપકનો પ્રકાશ આપ્યો છે. મારા પરિતૃપ્ત હૃદયની ઉપર તમે સુધાસિંચન કરવાનો પ્રયોગ આરંભ્યો છે. આ પ્રશ્નોથી હું તમારો પૂર્ણ આભારી થયો છું આર્હત શાસ્ત્રમાં લખેલું છે કે, ધર્મ કરનારથી ધર્મનું સ્મરણ કરાવનાર અધિક છે, ભવ સંબંધી આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પડેલાં પ્રાણીને ભવમાંથી ઉદ્ધાર કરનાર. ધર્મનું સ્મરણ કરાવવું, એ કેવો ઉપકાર ? અનેક ભવિ પ્રાણીઓએ દેવગતિમાં ગયા પછી પોતાના પૂર્વ ઉપકારીના પ્રત્યુપકાર કરેલા છે. ધર્મભાવનાને જાગ્રત કરવા, તેનું યથાર્થ સ્મરણ કરાવવા, અનેક વૈક્રિય રૂપ ધર્યાં છે, અનેક ચમત્કારી ચેષ્ટાઓ કરેલી છે, અને વિવિધ જાતની શક્તિઓ દર્શાવી છે. આટલું કહી શ્રીચંદ્રે નીચે પ્રમાણે અનુક્રમે પ્રશ્નના ઉત્તર આપવા માંડ્યા.

જેનામાં અઢાર પ્રકારના દોષ ન હોય, જેનામાં ચોત્રીશ અતિશય પ્રકાશી રહ્યા હોય, ચારે નિક્ષેપ જયાં સત્ય છે, ચાર પ્રકારે જેમની વાણી સત્ય છે. જે ત્રણ લોકમાં પૂજ્ય છે, સર્વ જગતનું હિત કરવામાં જે તત્પર છે ઉત્તમ જ્ઞાન અને દર્શન જે ધારણ કરે છે, અને જે દેવતાઓના પણ દેવ છે, તે ખરેખરા શ્રી અર્હંતપ્રભુ શુદ્ધ દેવ છે, એ પ્રેમ પવિત્ર પ્રભુની હમેશાં સેવા કરવી. જે સમકિતે યુક્ત હોય, જેઓ સર્વજ્ઞ દર્શિતું

શ્રાવક ભાઇઓને આ અંતરંગ ભોજન પરમ તૃપ્તિને આપનારૂં છે. આ ભાવાત્મ ભોજન દ્રવ્યાત્મક ભોજનથી વધારે સ્વાદિષ્ટ છે. આ ભોજન કરનારા ભવિ પ્રાણીઓન કર્મરૂપ ક્ષુધા એવી રીતે શમી જાય છે કે, જે પુનઃ કદિ પણ ઉત્પન્ન થતી નથી. શ્રા જીવનને ટકાવનારૂં અને કદિ જીર્ણ નહીં થનારૂં આ ભાવાત્મક ભોજન જગતમાં સર્વ દુર્લભ છે. દ્રવ્ય ભોજન મળને વધારનારૂં અને પરિણામે વિરસ આપનારૂં છે, અને અ પવિત્ર ભોજન મળ રહિત અને સર્વદા પરમ રસ આપનારૂં છે.

શ્રીચંદના મુખથી આવાં ચાતુર્ય ભરેલાં વચન સાંભળી સર્વે ચમત્કાર પામી ગય તેની ધાર્મિક વિદ્વતા જોઇ સર્વને અદ્ભુત આનંદ થઇ ગયો. પાસે હુબેલો વામાંગકુમા આ ચાતુર્ય જોઇ વિસ્મય પામી ગયો. તેણે વિચાર્યું કે, આ વિદ્વાન્ કુમારે અંતરં ભોજનનું જે વર્ણન કર્યું, તે ચમત્કારી છે. આ મહાનુભાવ ખરેખર લોકોત્તર પુરૂષ છે તેની કુશાગ્રબુદ્ધિમાં દિવ્ય શક્તિ દેખાય છે. આવા મનુષ્યોનું જીવન જગતમાં કૃતાર્થ છે આવું વિચારી વામાંગકુમારે નમન કરી શ્રીચંદને કહ્યું, ચતુર શિરોમણિ કુમાર ! આપન ચાતુર્ય ભરેલા વિચાર સાંભળી અમને ઘણો આનંદ આવે છે. આપના ચાતુર્યનો વિશે આનંદ લેવાને મારે એક પ્રશ્ન પુછવાનો છે. સંસારી રસિક જીવો બુદ્ધિનું ચાતુર્ય ખીલા વવાને સોગઠાબાજી રમે છે. એ દ્રવ્ય બાજીમાંથી લોકો ઐહલોકનો ક્ષણિક આનંદ મેળ છે, તો અમારે આપના મુખથી ભાવબાજી અથવા અંતરંગ બાજી સાંભળવાની ઉત્કંઠા છે તો આપ અમને અંતરંગ બાજીનો આનંદ આપવા કૃપા કરશો. વામાંગકુમારનાં આવ વચન સાંભળી શ્રીચંદને હર્ષ થયો. તે મંદહાસ્ય કરી બોલ્યો—ભદ્ર ! આ ચતુર્ગતિ સંસારરૂપ એક ચોપાટ છે, તેમાં રાગ અને દ્વેષ બે પાસા છે. કષાયરૂપ સોળ સોગઠ છે, કૃષ્ણ, નીલ વિગેરે લેશ્યાઓરૂપ તે સોગઠાના રંગ છે, એ બાજીમાં ઉન્મત્ત એવે આત્મારૂપ રાજા ખેલ કરે છે, તેની સામે કુમતિરૂપ બેર રમવા બેઠી છે. જો પાધર દાવ ન આવે તો, એ ભવરૂપ ચોપાટમાં આત્મા જીતી શકતો નથી. ભવ પ્રપંચનો ખેલ તેને મુંઝાવે છે, અને દુર્મતિરૂપ ગર્જ તેને લાગી જાય છે.

તે ચોપાટનું બીજી રીતે એવું પણ વર્ણન છે કે, ચારિત્રરૂપ એક ચોપાટ છે બાર ભાવના તથા મૈત્રી પ્રમુખ ચાર—એમ મળીને સોળ તેની સોગઠીઓ છે. જ્ઞાન અ ને દર્શનરૂપ બે પાસા છે. શ્વેત, પીળો અને રાતો તેમાં રંગ છે. એ ચોપાટથી સંસાર નો ખેલ જીતાય છે. અવિરતિ, મિથ્યાત્વ, કષાય, પ્રમાદ, એ ચાર ચોકડ સામેના બેર થા ય છે. ત્રણ યોગ તથા રાગ અને દ્વેષ એ દુગથી સામે દાવ મંડાય છે. અજ્ઞાનરૂપ એકો પણ નાખવામાં આવે છે. ત્રણ દુગ, તથા પંચો નાખી એ રમતનો રંગ બરાબર જામે છે. જે આ ચમત્કારી રમત રમી જાણે, તે અંતર ભાવને જાણી શકે છે, અને જિનમતના રસમાં રસીલા કહેવાય છે. ભદ્ર ! આ ચોપાટને એવું પણ રૂપક અપાય છે કે, ચોવીશ દંડકનાં દ્વાર એ સોગઠાં છે. તેની અનુભાગ તે ચોસઠ ખાનાં છે. શુભ અને અશુભ અ ધ્યવસાયરૂપ પાસા છે. જે અવિરતિનાં દ્વાર છે, તે બે છો મળીને બાર થાય છે. વિરતિના દ્વારવડે બે ચોકે આઠ થાય છે. ગતિ, આગતિ, ચ્યવન અને ઉત્પાત, એ ચાર સોગઠાં પણ

સત્ય સુમિત્ર પવિત્ર, ભૂમિતલ પોઢીય સજ્જ,
ભોજન જ્ઞાન સુનરત્ન, દશેદિશિ વસ્ત્ર વસન્ન;
વિરતિ નારી દીપક વળી, ચંદ્ર ચિહું દિશિ ઝગઝગે,
જ્ઞાનવિમલ ગુરૂ સાધને, સયલ કુટુંબ સાથે મગે. ૧

નિજ ભુજ વર ઉપધાન, પવન અતિ વીંજણુ ભાવે,
ચંદ્રોદય આકાશ, વિપુલ જશ અંત ન આવે;
મુક્તા ફળ ઉપમાન, તાર માલા અતિ ધાવે,
દિશિ કન્યા અનુકૂળ, સુપરે જસ વાય ઢોળાવે;
ઋજુતા વિરતિ સુનારિશું નિશદિન સતી,
જ્ઞાનવિમલ કહે નૃપતિપરે, સુખે સેવે છે યતિ. ૨

નયર વિવેક ઉદાર, સાર સમકિત દઢ પાયો,
નવ તત્ત્વહ દરબાર, બોધ મહેં તો મન ભાવ્યો,
ધર્મ રયણ ભંડાર, દામ દમ ફલક નિપાયો,
રથ શીલાંગ અઢાર, સહસ્સ સેના સમવાયો;
આગમ નયની ગજ ઘટા, ધ્યાન મહાવન લહલહે,
નય કહે સમ સંતોષ, પરિમલ અંગે ચંદન મહમહે. ૩

આગમ પાઠ સુગીત, રીતિ તિહાં વંશ વજાવે,
નાટક સયલ સંસાર, જીવ નટ નૃત્ય દેખાવે,
વજ્જઇ મદ્દલ માન, તાન વળિ લોભ જ ગાવે,
નટ નાયક તિહાં મોહ, હાવભાવ ભલા સુણાવે;
એણીપરે રૂપિ રાગ સદા, જોવે તાન ઉલટ ધરી,
જ્ઞાનવિમલ મુનિરાજની, કીર્ત્તિ ચહુ દિશિ વિસ્તરી. ૪

કષ્ટ સહે કેમ એહ, જેહ એતાપર વરિયો,
શ્રી જિનવરની આણ, છત્ર શિર ઉપર ધરિયો,
પહેર્યો શીલ સંનાહ, તેહ સંવેગ કર લીધો,
જિન ઉપદેશ તુરંગ, ધરી સવિ થયો સુપ્રસિદ્ધો;
રાગ દ્વેષ દુશ્મન દળવા, દણી ચિંતા મન તણી,
જ્ઞાનવિમલ સુધા સાધની, અછે એ પ્રભુતા ઘણી. ૫

તે છપ્પાનું વિવેચન કરતાં શ્રીચંદ્ર બોલ્યો—ભદ્ર ! ધર્મરૂપ જેને પીતા છે, ક્ષમા જેની માતા છે, સંયમરૂપ ભ્રાતા છે, દયા જેની બેહેન છે, સત્યરૂપ પવિત્ર મિત્ર છે, ભૂમિરૂપ શય્યા છે, તત્વજ્ઞાનરૂપ ભોજન છે, દિશારૂપી વસ્ત્રો છે, વિરતિરૂપી સ્ત્રી છે, અને ચંદ્રરૂપ દીપક જેના ઘરમાં પ્રકાશી રહ્યો છે, એવા સર્વ કુટુંબની સાથે રહેલા મુનિને શી ન્યૂનતા છે ? તે સર્વદા કુટુંબનાં સુખે પૂર્ણ સુખી છે. ૧

નમન, એ રંગ જેમાં ઉત્સવ છે, અને શીલરૂપ અલંકારને જે ભજે છે, એવો જૈન ધર્મરૂપ દીવાળીનો ઉત્સવ તમારા સર્વને થાઓ. ૧

આ સુભાષિત બોલ્યા પછી શ્રીચંદ્રે તેનું નીચે પ્રમાણે વિશેષ વિવેચન કર્યું.

ભવિજનો ! એ દીવાળી પર્વ જગતમાં પ્રખ્યાત છે; પ્રભુના નિર્વાણની નિશાનીને સૂચવનારૂં એ મનોહર પર્વ છે, એ પર્વનો દિવસ ભગવંતના નિર્વાણ ઉત્સવનો પ્રકાશક છે, એ મહોત્સવમાં સ્યાદ્વાદરૂપ ઘર ધોળાય છે, દર્શનરૂપ શુદ્ધિ થાય છે, ચારિત્રરૂપ ચંદરવા બંધાય છે, તે વડે રજને દૂર કરવામાં આવે છે, જીનરાજની સેવારૂપ રમત રમાય છે, ભાવનારૂપ વિવિધ પદાર્થો અને પકવાન, તથા મેવાઓ જમાય છે, ગુણીજનના ચરણના નમનરૂપ નવા વર્ષના જુહાર થાય છે. વિવેકરૂપી રત્નનાં મેરાયાં કરી, તેમાં દીપકની શોભા કરવામાં આવે છે; તેની અંદર અનુમોદનરૂપ તેલ પૂરાય છે, મનરૂપ મંદિરમાં સુમતિરૂપ સુંદરી વિરતિરૂપ સાહેલીની સાથે વસે છે, અને અવિરતિરૂપ અળશ (અલક્ષ્મી) દૂર કરવામાં આવે છે. ધર્મવાસનારૂપ સુંદર શૃંગાર ધરવામાં આવે છે, દર્શન ગુણરૂપ રંગ દેવામાં આવે છે, પરોપકારરૂપ સુવાનો છંટકાવ થાય છે, આ મહોત્સવમાં શ્રી જિનેશ્વરરૂપ વરરાજા સિદ્ધિરૂપ કન્યાને પરણવા આવે છે, પ્રભુની સાથે અનગારરૂપ જાનૈયા થાય છે, સિદ્ધ શિલારૂપ ચોરીની વેદિકા વિવાહ મંગળની ક્રિયા માટે કરવામાં આવે છે, મુક્તિકન્યાને માટે અનંત ચતુષ્ટયરૂપ દાયજો પૂરાય છે, યોગ નિરોધરૂપ પોશાક અપાય છે, અને જીનવર એ પવિત્ર કન્યાને મોટા ઉત્સવ સાથે પરણે છે.

આ અંતરંગ દીપોત્સવીનું વર્ણન સાંભળી, સર્વ સાનંદાશ્ચર્ય થઇ ગયાં. ચંદ્રકળાની પ્રેરણાથી ચતુર પુરૂષોએ શ્રીચંદ્રને કહ્યું. મહાનુભાવ ! કૃપા કરી અંતરંગ ગેડીદડાની રમત સંભળાવો.

શ્રીચંદ્ર સસ્મિત વદને બોલ્યો—

મોહરૂપી રાજા, ક્રોધ, માન અને લોભરૂપ ત્રણ પુરૂષો અને માયારૂપ એક સ્ત્રીની સાથે ગેડીદડાની રમત રમે છે; એ ક્રીડા આ સંસારરૂપ કુંડમાં આવેલાં જંતુરૂપ દડાથી રમાય છે, અવિરતિરૂપ ગેડી તથા અજ્ઞાનરૂપ દંડવડે એ દડાને ઉછાળે છે. ભવ્ય અને અભવ્ય જીવ એ પક્ષીઓ દુર્વાસનારૂપ પવનના વંટોળીયાવડે તે દડાને વારંવાર સંસાર કુંડમાં ભેળે છે.

તે કંદુક ક્રીડાનો બીજો શુભ પ્રકાર પણ છે. ચારિત્રરૂપ રાજા, દાન, શીળ અને તપ એ ત્રણ પુરૂષ અને ભાવનારૂપ સ્ત્રીની સાથે કંદુક ક્રીડા કરે છે. શ્રદ્ધારૂપ ગેડીથી પ્રાણીરૂપ દડાને સિદ્ધિ કુંડમાં ઉછાળીને નાખે છે, એ રમતમા જીતી ભવના ભયથી ભવિ પ્રાણી મુક્ત થાય છે.

આ પ્રમાણે શ્રીચંદના મુખની વાણી સાંભળી, સર્વ સખી સમાજ સાથે ચંદ્રકળા ખુશી થઇ. તેણે આનંદ સાથે ચતુરાને ચંદ્રના સ્વરૂપને ચમત્કારી રીતે વર્ણન કરવાની

ઊતરે વરદત્ત શેઠ કુમારને સમજાવી પોતાને ઘેર લઇ ગયા, અને બીજાઓ કુમારનાં વચનામૃતથી અનુપ્ત થઈ પુનઃ તેના રસિક સમાગમની ઇચ્છા રાખી પોતપોતાને સ્થાને ચાલ્યાં ગયા.



પ્રકરણ ૩૪ મું.

પતિગૃહ પ્રયાણ.



રાજા દીપચંદના દરબારમાં આજે જુદી તરેહની ધમાલ હતી હતી, રાજલોક અનેક કામમાં ગુંથાયા હતા, દાસ અને દાસીઓ રાજદ્વારમાં ઉપરાઉપર આવજાવ કરતાં હતાં, અનેક જાતના પદાર્થો ગોઠવાઇને બંધાતા હતા. તે ઉપરથી પ્રયાણ કરવાની તૈયારીનો દેખાવ થઇ રહ્યો હતો; આ સમયે ચંદ્રકળાની પ્રેમપાત્ર સખી, અને દાસી ચતુરા રાજમહેલના ગોખ ઉપર ઉભી ઉભી ચિંતા કરતી હતી. તે વખતે એક બીજી જુવાન સ્ત્રી તેની પાસે આવી; તેનો દેખાવ દાસી વર્ગથી જુદો પડતો હતો, તેના કાન્ત અને કમનીય મુખ ઉપર કુલીનતા પ્રકાશતી હતી, તે સ્ત્રીનું નામ શાન્તા હતું. આ બાળા ચંદ્રકળાની સહાધ્યાયી સખી હતી. તે બન્ને એકજ ગુરૂની શિષ્યા હતી, વિદ્યા અને કળાના અભ્યાસમાં સાથેજ હતી. આજે ચંદ્રકળા પતિગૃહમાં જાય છે, એવું સાંભળીને પોતાની સહાધ્યાયી સખીને મળવાને આવી હતી. શાન્તા એક શ્રાવક કુળની કન્યા હતી, તેનો પિતા એક ખ્યાત ધનાઢ્ય વ્યાપારી હતો. રાજા દીપચંદની તેના ઉપર કૃપા હોઇ, રાજ માનને લઇ તેનું કુટુંબ રાજ કુટુંબની સાથે સબંધ ધરાવતું હતું. જ્યારે ચંદ્રકળાનો શ્રીચંદ્રકુમારની સાથે વિવાહ થયો, ત્યારે આ સદ્‌ગુણી શાન્તા પોતાને સાસરે ગઇ હતી. પોતાની રાજ સખી ચંદ્રકળાના વિવાહની વાર્તા જ્યારે તેણે સાંભળી, એટલે તે પતિની આજ્ઞા લઇ પોતાની સખીને મળવા આવી હતી. તેણીના સાસરાનું ગામ તે નગરથી દશ ગાઉ ઉપર હતું, તેનો પતિ એક વિદ્વાન ગૃહસ્થ હતો. પતિભક્તા શાંતાની ઉપર તેની અપ્રતિમ પ્રીતિ હતી. શાંતા પવિત્રી ચંદ્રકળાના સહવાસનું સુખ હમેશા તેની આગળ વર્ણવતી હતી, આથી ચંદ્રકળા ઉપર પણ તેને પરોક્ષ રીતે પ્રેમ ઉપજ્યો હતો તેને લીધેજ તેણે ચંદ્રકળાને મળવા શાંતાને આજ્ઞા આપી હતી.

અહીં શાંતા રાજમહેલમાં જ્યાં ચતુરા ઉભી હતી ત્યાં આવી. શાંતાને જોઇ ચતુરા ખુશી થઇ પ્રેમથી કુશળતા પુછી, અને તેને સન્માનથી આદરમાન આપ્યું. પછી ચતુરાએ ચતુરાઇથી પુછ્યું, બહેન શાંતા ! ક્યારે આવો છો ? અને કેમ દેખાતાં ન હતાં ! શાંતા બોલી—ચતુરા ! હું મારે સાસરે હતી. બહેન ચંદ્રકળાના વિવાહના અને પતિ ઘેર જવાના ખબર સાંભળી હું તેને મળવા આવી છું. વ્હાલી ચંદ્રકળા રાજકુમારી છે, તે એ

પંચમી છે, તે સિવાય બીજું ઉત્તમ લગ્ન આવતું નથી. આ લગ્નમાં વિવાહિત થએલાં દંપતિ સર્વોત્કૃષ્ટ સુખ મેળવશે અમારી પણ પ્રાર્થના છે કે, આવું ઉત્તમ લગ્ન જવા દેશો નહીં. આથી રાજા દીપચંદ વિચારમાં પડ્યા, પણ છેવટે તેને તેજ લગ્ને વિવાહ કરવાનો નિશ્ચય કરવો પડ્યો. તત્કાળ ઉમંગથી વિવાહની સામગ્રી તૈયાર કરવા માંડી, આખા નગરમાં ધામધૂમ ચાલી રહી. વફાદાર પ્રજા રાજાની આજ્ઞાથી નગરશોભા અને ગૃહશોભા કરવામાં મશગુલ થઇ.

બીજે દિવસે મહારાજાએ મોટી ધામધૂમથી વિવાહનો આરંભ કર્યો. શ્રીચંદ્રકુમારને વિવાહ શૃંગાર કરવામાં આવ્યો. સમય થયો એટલે એ સુંદર કુમારને ગજેંદ્ર ઉપર વરઘોડો ચડ્યો. વરઘોડામાં મહારાજાની રાજ્ય સમૃદ્ધિથી સુશોભિત એવી મોટી સ્વારી તેમાં સામેલ કરમાં આવી, અનેક સુભટો અશ્વ ઉપર આરૂઢ થઇ અશ્વોને ચમકાવતા ચાલવા લાગ્યા. ગજેંદ્રોની શૃંગારધારક શ્રેણી આગળ ચાલી. મધ્યભાગે વરરાજાનો ગજેંદ્ર જંગમ પર્વતના જેવો ચાલવા લાગ્યો, તેની આગળ બંદીજન જયધ્વની કરતા હતા શ્રીચંદ્રકુમાર ગજેંદ્ર ઉપરથી યાચકોને અગણિત દાન આપતા હતા. બત્રીશ પ્રકારના નાટકકારો વિવિધ જાતનાં નાટકો કરતા હતા. પ્રિય બહેન શાંતા ! તે વખતના દેખાવનું શું વર્ણન કરૂં ! તે અલૌકિક શોભા, તે દિવ્ય અને અદ્ભુત રચના, અત્યારે દ્રષ્ટિ આગળ ખડી થાય છે. તે પછી તે શ્રીચંદ્રકુમાર ચડી સ્વારીએ મંડપમાં આવ્યા, ત્યાં બરાબર લગ્નશુદ્ધિ વખતે સખી ચંદ્રકળાનું પાણીગ્રહણ કરવામાં આવ્યું. ચાર મંગળ વર્તાવવામાં આવ્યાં. હાથેવાળો છોડતી વખતે હાથી, ઘોડા, વિગેરે કીમ્મતી વસ્તુઓ વરને ભેટ કરવામાં આવી. ધરણેંદ્રે આવી કુમારને એક અમૂલ્ય હાર આપ્યો.

રાજા દીપચંદ્રે અગણિત દ્રવ્ય, તથા સુવર્ણના અલંકાર અર્પણ કર્યા. રાણી ચંદ્રવતીએ ઉદારતાથી અનેક અમૂલ્ય વસ્તુઓ ભેટ કરી, ચંદ્રકળાના ભાઇ વામાંગકુમારે સિંહપુરમાંથી આવેલી ભવ્ય વસ્તુઓ અર્પણ કરી, પ્રત્યેક પચવર્ણી અશ્વો, પલંગો, મુદ્રિકાદિ અલંકાર, સિંહાસન, મુગટ, શય્યા, ચંદરવા, ઉશીકા, મોટા થાળ, મેહેલ, ધ્વજા, છત્ર, તોરણ, દીપિકા, સુવર્ણકુંભ, ભાલા, ખડ્ગ, ધનુષ્ય, બાણ, લોહાસ્ત્ર, બખ્તર, અને સઘળી જાતનાં આભૂષણ વરરાજાને ભેટ કર્યા. રાણીએ ચંદ્રકળાની સાથે હુંપોને, કોવિદા અને પ્રિયંવદા વિગેરે સખીઓ, અને બીજી કળાપ્રવિણ દાસીઓ આપેલી છે. આ સિવાય શુભમાંગ રાજા પણ આવીને બીજી ભેટો આપવાના હતા

પ્રિય બહેન શાંતા ! આ સમયે એક કૌતુક ઉત્પન્ન કરે તેવો બનાવ બનેલો હતો તે તમારે સાંભળવા લાયક છે. શાંતાએ અધીરાઇથી કહ્યું, સખી ! સત્વર કહે, તે શું બન્યું હતું ! ચતુરા બોલી—ચંદ્રકળાનું પાણિગ્રહણ કરી પ્રાતઃકાલે શ્રીચંદ્રકુમાર ગજેંદ્ર ઉપર ચડી પાછા વળ્યા, તે વખતે વરકન્યા સાથે બેઠાં હતાં. પ્રજાજન એ વિવાહિત દંપતીનાં દર્શન કરવાને ઉમંગથી શ્રેણીબંધ ઉભાં હતાં, અનેક જાતનાં વાજિંત્રો વાગતાં હતાં, સર્વ સ્થળે જયધ્વનિ પ્રસરી રહ્યો હતો, વરકન્યાનો ગજેંદ્ર ચાલતો ચાલતો એક મહેલની પાસે આવ્યો. તે મહેલ રાજમહેલના જેવો સુંદર હતો. તેની આસપાસ

વટે જ્યારે વરકન્યાનો વરઘોડો પાછો ફર્યો અને તેના મેહેલની પાસે થઇ નીકળ્યો, ત્યારે તેણીએ ઉપરનું કાવ્ય લખી, તે પત્રિકા નાખી હતી.

શાંતા—સખી ! પછી પત્રિકાનો ઉત્તર મળ્યો કે નહીં !

ચતુરા—બહેન ! શ્રીચંદ્રકુમારે તે પત્રિકા ચંદ્રકળાના હાથમાં આપી, ચંદ્રકળાએ વાંચી પોતાની પાસે રાખી. મોટા આડંબર સાથે તે વરઘોડો ઉતારે આવ્યો, ત્યાં વરકન્યાએ પરસ્પર ભોજન વિધિ કર્યો. તે દિવસે આખા નગરને ભોજન આપ્યું હતું. વરકન્યા ભોજન લઇ બેઠાં હતાં, ત્યાં પેલી રૂપવતીએ એક દાસીને ચંદ્રકળાની પાસે મોકલી, દાસીએ આવી પત્રિકાનો જવાબ માગ્યો, ચંદ્રકળાએ હૃદયમાં વિચાર્યું કે, આ બાળા પણ મારી જેમ આતુર થઇ હશે, તેને નિરાશ કરવી તે યુક્ત નથી. આવું ચિંતવી દાસીને કહ્યું કે, દાસી! રૂપવતીને કહેજે કે, ચંદ્રકળાએ કહ્યું છે કે, વહાલી ! તું નિરાશ થઇશ માં. આગળ ઉપર તારી આશા સફળ થશે, અત્યારે તેનો અવસર નથી. દાસીએ ચંદ્રકળાનો આ સંદેશો રૂપવતીને કહ્યો. તે સાંભળી રૂપવતીને સંતોષ થયો. એ ઉત્સાહી બાળા આશાનું અવલંબન કરીને રહી. પણ તેના મનને ચેન પડ્યું નહીં. કુમાર શ્રીચંદ્રને મેળવવા તેની આતુરતા ઘણી હતી, તથાપિ છેવટે એ રમણી ચંદ્રકળાના શબ્દો ઉપર વિશ્વાસ મુકી શ્રીચંદ્રનું સતત ધ્યાન કરતી કરતી હાલ દિવસ નિર્ગમન કરે છે.

શાંતા—એ બાળાના મનોરથ સખી ચંદ્રકળાની જેમ સફળ થાઓ.

ચતુરા—બહેન ! તેવામાં વળી એવું બન્યું કે, પૂર્વે શ્રીચંદ્રકુમાર તિલકપુરમાં જઇને તિલકમંજરી નામે એક રાજકુમારીને સ્વયંવરમાંથી પોતાની કરેલ, પણ તે બાળાનું પાણિગ્રહણ કર્યા વના તે ગુપ્ત રીતે ચાલ્યા આવ્યા હતા. આથી તિલકપુરમાં હાહાકાર વર્તાઇ રહ્યો. શ્રીચંદ્રકુમારની સર્વ સ્થળે શોધ કરી, પણ તેનો પત્તો બીલકુલ લાગ્યો નહીં. છેવટે તિલકપુરના રાજાએ પોતાના ધીર નામના મંત્રીને તેની પાછળ શોધ કરવા મોકલ્યો. તેની સાથે વીણારવ કરીને એક ચતુર ગાયક હતો. તે શ્રીચંદ્રકુમારને ઓળખતો હતો અને સ્વયંવરમાં રાધાવેધ કરનાર તેજ કુમાર હતો. એવો નિશ્ચય હતો. આથી તે ધીરમંત્રી વીણારવને સાથે લઇ આપણી નગરીમા આવી ચડ્યો.

તે શ્રીચંદ્રકુમારને મળ્યો, અને તિલકપુર આવવાને પ્રાર્થના કરી. વિવેકી કુમારે ધીરમંત્રીને કહ્યું, મંત્રીરાજ ! તે વિષે મારા પિતા જાણે, હું પરતંત્ર છું. પિતાની આજ્ઞા શિવાય મારાથી કાંઇ પણ થઇ શકે નહીં. તે વખતે વીણારવ ગાયકે કહ્યું, સ્વામી ! આ વાત માન્ય કરો, હું તમારા ગુણોનાં ગીત ગાઉં. કુમારે કહ્યું, હમણાં ગાવાનો સમય નથી, જ્યારે સમય આવશે, એટલે તે વાત કરજો. આ પ્રમાણે શ્રીચંદ્રકુમાર તેમને ઉત્તર આપી ચાલ્યા ગયા. ત્યાર પછી બીજું કાંઇ નવીન બન્યું નથી. અત્યારે રાજકુમારી ચંદ્રકળાને બોલાવવાનો સમય છે, હમણાં ચંદ્રકળા અંતપુરના પરિવાર સાથે અહિં આવશે. બહેન શાંતા ! તમે બરાબર સમય ઉપર આવ્યાં છો. તમને તમારી સખીના સાસરે જવાના પ્રસંગની ઉત્તમ ભેટ મળશે.

જેવું છે, તથાપિ માતાની પવિત્ર ફરજને લઇ મારે કાંઇ પણ આ પ્રસંગે કહેવું જોઇએ. બહે ! હવે તારો પિતૃગૃહમાંથી પતિગૃહમાં પ્રવેશ થાય છે, તું એક જુદીજ સ્થીતિમાં આવે છે, તે તારે સ્મરણમાં રાખવાનું છે. પિયર અને મોશાળમાં રહેતાં જે તારે છુટ હતી, તે હવે તદ્દન રાખવાની નથી. તારા પવિત્ર અને સુંદર શરીરની આસપાસ વાડીની જેમ, હવે લજ્જા આવરી જોઇએ. બહેન ! તું હવે હવે મર્યાદા રાખવાને સાવધાન રહેજે. તારાં આચરણ ઉપરજ અમારા કુળની પ્રતિષ્ઠાનો આધાર રહેલો છે. પ્રિય બહેન ! સર્વની સાથે સંપથી ચાલજે, માનાપમાનને ગણીશ નહીં, સર્વ ઉપર સમાન ભાવ રાખજે, અભિમાની અને છોતાળા દેખાય, તેમને પણ પતિગૃહના સંબંધમાં હોય, તો પ્રીતિથી માન આપજે, સ્વામીની આજ્ઞામાં સર્વદા તત્પર રહેજે, તેમને ઇષ્ટવત્ ગણી માનજે, તારા તરફથી સ્વામીને કોઇ જાતની ચિંતા કે ઉપાધી ન થાય, તેમ તું વર્તજે; જેઓ પતિના માનેલા હોય, તેઓ કદિ દુર્ગુણી હોય, તથાપિ તું તેમની અવજ્ઞા કરીશ નહીં. તેવા લોકોની સાથે તકરાર રાખવાથી વખતે મોટી હાનિ થાય છે.

પુત્રી ! વડિલવર્ગને અંતઃકરણથી માન આપજે, તેઓની તરફ સર્વદા પૂજ્યભાવ રાખજે, વૃદ્ધ જનની સેવા કરવામાં તત્પર રહેજે, તેઓનાં વચનને માન્ય કરજે, તેઓના મુખથી હિતશિક્ષા શ્રવણ કરજે, કદિ વૃદ્ધ કે વડિલો ક્રોધાદિકને વશ થયા હોય, તથાપિ તેઓનો અનાદર કરીશ નહીં, તેઓની આજ્ઞા મસ્તકપર ચડાવજે, કદિ તેઓ અવજ્ઞા કરે, અથવા ઠપકો આપે, તો તે સહન કરજે, તેમના દોષ તરફ દૃષ્ટિ કરીશ નહીં, તેઓમાં ગુરુબુદ્ધિજ રાખજે.

પ્રિય પુત્રી ! તને વિશેષ શું કહેવું ? તું સર્વ શિક્ષામાં ચતુર છે, માતાઓએ પુત્રીઓને ઘણી જાતની શિક્ષા આપવાની છે, પણ હું તને સંક્ષેપમાંજ કહું છું કે, તારા જેવી પવિત્રીને વિશેષ શિક્ષાની જરૂર નથી. આપણા શાસ્ત્રકારોએ અનેક જાતની હિતશિક્ષા શાસ્ત્રદ્વારા જણાવી છે, તે તારા જાણવામાં છે. છેવટે પતિભક્તિ માટે સર્વ એ શિક્ષાનો સારરૂપ નીચેનો શ્લોક તું કંઠે કરી રાખજે.

अभ्युत्थानमुपागते निजपतौ तद्भाषणे नम्रता
तत्पादार्पितदृष्टिरासनविधिस्तस्योपचार्यः स्वयम् ।
सुप्ते तत्र शयीत तत्प्रथमतो मुंचेत शय्यामिति—
प्राच्यैः पुत्रि निवेदिताः कुलवधूसिद्धांतधर्मा अमी ॥ १ ॥

પોતાનો પતિ આવે, ત્યારે સામા ઉભા થવું, તેની સાથે ભાષણ કરતાં નમ્રતા રાખવી, તેના ચરણ ઉપર દૃષ્ટિ રાખવી, પોતે તેમને આસન આપવું, પતિ સુવે તે પછી સુવું. અને સવારે તેમની પહેલાં ઉઠવું. આ પ્રમાણે પૂર્વ પુરુષોએ કુળવધૂના ધર્મ કહેલા છે.

આટલું બોલી દીકરીની શિરામણ કરી. ચંદ્રકળા નમ્ર મુખ કરી તે બધું સાંભળી રહી. પછી નણંદ તથા બીજી સંબંધીઓને અને સખીઓને પ્રેમથી ભેટી રુદન કરતી

આ વખતે રાજમહેલના એક ભાગમાં જયંત વિગેરે રાજકુમારો એકઠા થયા હતા. ગાયનના સમયની રાહ જોઈ તેઓ રહ્યા હતા. રાજદ્વાર તરફ આવતા લોકોને જોઈ, તેઓ વિશેષ આનંદ પામતા હતા, અને કૌતુકથી તેઓ લોકોને જોતા હતા. આ સમયે જયંત કુમાર આનંદ પામતો, અને પોતાના મનોરથ સફળ થયા એમ માનતો બોલ્યો—બંધુઓ ! આજે આપણા વિજયનો દિવસ છે. કળાઓના વિશેષ જ્ઞાનથી અને સાધન સંપત્તિથી, અને સર્વ સ્થળે વિજય મેળવવાથી શ્રીચંદ્રકુમાર આગળ પડ્યો છે, તેણે રાધાવેધના સ્વયંવરમાં આપણી અવજ્ઞા કરાવી છે, તેના પરાભવનો આજે દિવસ છે, તેની પાસે દિવ્ય રથ, અને દિવ્ય અશ્વની જોડ અદ્ભુત છે, તે ઉત્તમ અને ચમત્કારી સાધનથી શ્રીચંદ્ર અતિ ગર્વિષ્ઠ થઈ ગયો છે, તેના ગર્વરૂપ પર્વતને ભેદવાનો આજનો આ મહોત્સવ છે, સર્વ સમાજની વચ્ચે શ્રીચંદ્રને નિસ્તેજ અથવા તો સાધન રહિત કરવાની યુક્તિ આજે ઉભી કરી છે.

જયંતનાં વચન સાંભળી બીજા કુમારો બોલ્યા—જ્યેષ્ઠ બંધુ ! આ યુક્તિ તમે ક્યારે કરી, અને તે યુક્તિ શું છે ? તે જણાવવા કૃપા કરશો. જયંત બોલ્યો—બંધુઓ ! આપણો પ્રતિસ્પર્ધી શ્રીચંદ્રકુમાર પાછો એક બીજો જય મેળવીને આવ્યો છે. તે દીપચંદ્ર રાજાના દરબારમાંથી એક ચંદ્રકળા નામે પદ્મિણીને પરણી લાવ્યો છે. ગઈ કાલે મોટી સેના સાથે પદ્મિણીએ આપણા પુરમાં પ્રવેશ કર્યો હતો. રાજા દીપચંદ્રે ચંદ્રકળાની સાથે ઘણો ઉંચા પ્રકારનો દાયજો આપેલો છે, તે સિવાય કેટલીએક સેના અને દાસદાસીઓનો મોટો પરિવાર સાથે આપ્યો છે, એથી શ્રીચંદ્રકુમારનો ઉત્કર્ષ ઘણો થયો છે. બંધુઓ ! તમને વધારે શું કહું ? પણ જ્યારે એ દાયજાની સ્વારી ઠાઠમાઠથી આવી, ત્યારે આપણી રાજસમૃદ્ધિ પણ તેની આગળ અલ્પ જણાતી હતી. શ્રીચંદ્રનાં માતાપિતા તો આશ્ચર્ય પામી ગયાં હતાં.

રાજકુમારો બોલ્યા—જ્યેષ્ઠ બંધુ ! શ્રીચંદ્રકુમાર તેમની સાથે હતો કે નહીં ? જયંતે ઉંચે સ્વરે કહ્યું, નહિ. તે તો પેલા પવનવેગી રથમાં બેસી પહેલેથી ઘેર આવ્યો હતો. ગુણચંદ્ર બધી સ્વારી લઈને પાછળથી આવ્યો હતો. જ્યારે શ્રીચંદ્ર એકલો ઘેર આવેલ, તે વખતે તેનાં માતાપિતા એ વૃત્તાંતથી તદ્દન અજ્ઞાત હતાં, તેઓ તો ચિરકાળે આવેલા શ્રીચંદ્રકુમારને ઉપાલંભ આપતા હતાં, અને પુત્રના વાત્સલ્યથી પુનઃ તેમ નહીં કરવાની વિનતી કરતાં હતાં.

એક વખતે શ્રીચંદ્રની માતાએ પુત્રને દક્ષિણ હાથે મંગળ દોરો બાંધેલો જોયો. તત્કાળ તે આશ્ચર્ય પામી, અને પુત્રને ઉમંગથી પુછવા લાગી. તેવામાંજ ગુણચંદ્ર બધી દાયજાની રીયાસતની સ્વારી લઈ આવી પહોંચ્યો. ગુણચંદ્રે આવી હકીકત વધામણી આપી કે, શ્રીચંદ્રકુમાર ચંદ્રકળા નામે પદ્મિનીને પરણી લાવ્યા છે, એ પદ્મિણી રાજા ગુણચંદ્રની રાજકુમારી છે, તેને તેમાળ તરફથી રાજા દીપચંદ્રે આ મોટો દાયજો આપેલો છે. આ ખબર સાંભળતાંજ શ્રીચંદ્રનાં માતાપિતાને આનંદનો પાર રહ્યો નહિ. તેઓએ ગુણચંદ્રને આશીર્વચનથી વધાવી લીધો, અને પોતાના ઘરમાં મોટો ઉત્સવ કરી

છતા ગુણની પ્રશંસા સાંભળતાં જે આનંદ ઉત્પન્ન થાય છે, તે અછતા ગુણના શ્રવણથી જરાપણ થતો નથી. અછતા ગુણનું વર્ણન તેના શ્રોતાને લજ્જા ઉત્પન્ન કરાવે છે, અને સર્વને તે હાસ્યનું પાત્ર થાય છે. શ્રીચંદ્રકુમારમાં તેમ ન હતું. તે પોતાના છતા ગુણોજ સાંભળતો હતો. તેથી તેને વિશેષ આનંદ થતો હતો. આ પ્રમાણે ઘણીવાર શ્રીચંદ્રના ગુણનું ગદ્યમાં વર્ણન કરી, છેવટે તેણે નીચે પ્રમાણે સંસ્કૃત કવિતા વીણામાં ઉતારી અને તેમાં તેનાજ ગુણનું વર્ણન કરવા માંડ્યું—

बुद्धिश्चेतसि भारती च वदने भाग्यं च भालस्थले
लक्ष्मीर्वेश्मनि शूरता भुजयुगे वाचि स्थितं सूनृतम् ।
दानं पाणितले रुचिस्तुतिमनस्यर्हन् क्रियायां दया
स्थानाप्राप्तिरुषेव यात्युरुदिशः श्रीचंद्र कीर्तिस्तव ॥ १ ॥

હે શ્રીચંદ્ર ! તારા ચિત્તમાં બુદ્ધિ છે, મુખમાં સરસ્વતી છે, લલાટમાં ભાગ્ય છે, ઘરમાં લક્ષ્મી છે, ભુજામાં શૌર્ય છે, વાણીમાં સત્ય છે, હાથમાં દાન છે, સ્તુતિમાં રૂચિ છે, મનમાં અર્હત પ્રભુ છે, અને ક્રિયામાં દયા છે. તેમજ તારી કીર્તિસ્થાનની પ્રાપ્તિ ન થવાના રોષથી હોય, તેમ મોટી દિશાઓમાં ફરે છે. ૧

आस्ये पद्मधिया गभीरहृदये वारांनिधेः शंकया
नाभौ पद्मनदभ्रमात्क्रमकरद्वंद्वेऽरुणाब्जेहया ।
फुल्लेंदीवरवांछया नयनयोर्दंतेषु वज्राकर-
भ्रांत्या कल्पतरुभ्रमेण वपुषि श्रीचंद्र ते श्रीरभूत् ॥ २ ॥

હે શ્રીચંદ્ર ! લક્ષ્મી તારા મુખમાં પદ્મની બુદ્ધિથી આવી છે, તારા ગંભીર હૃદયમાં સમુદ્રની શંકાથી આવી છે, નાભિમાં પદ્મદ્રહના ભ્રમથી આવી છે, હાથ પગમાં અરૂણ કમળની ઇચ્છાથી આવી છે, નેત્રમાં પ્રફુલ્લિત કમળની વાંછાથી આવી છે, દાંતમાં વજ્રની ખાણના ભ્રમથી આવી છે, અને શરીરમાં કલ્પવૃક્ષના ભ્રમથી આવી છે. ૨

क्षारो वारिनिधिः कलंककलुषश्चंद्रो रविस्तीक्ष्णरुक्
जीमूतश्चपलाश्रयोऽभ्रपटलादृश्यः सुवर्णाचलः ।
काष्ठं कल्पतरुर्दृषत्सुरमणिः स्वर्गोमधेनुः पशुः
श्री श्रीचंद्र सुधा द्विजिह्वविधुरा तत्केन साम्यं तव ॥ ३ ॥

સમુદ્ર ખારો છે, ચંદ્ર કલંકી છે, સૂર્ય તીક્ષ્ણ કાંતિવાળો છે, મેઘ ચપળા-વિજ

વિજયપતાકા ફરકાવે છે, આ વિશ્વમાં ઉદાર પુરૂષો ન હોત, તો ચંદ્રિકા જેવી ઉજ્વળ સત્કીર્તિનો જન્મજ ક્યાંથી થાત ? અને કવિઓની રસીક વાણીને અવકાશજ ક્યાંથી મળત ? કવિજીવનનો મૂળ પાયો ગુણજ્ઞ અને ઉદાર પુરૂષોનાં જીવનચરિત્ર ઉપરજ છે, તેમની પ્રતિભાનો મહાન્ પ્રભાવ પ્રભાવિક પુરૂષોનાં પરાક્રમી ચરિત્રનુંજ અવલંબન લઇ રહેલો છે. સંગીત વિદ્યા કવિ વિદ્યાની પ્રકાશક છે. કવિતારૂપ વનિતાનો ભર્તા ગીતજ્ઞ છે, અને તેનો ઉત્પાદક કવિ, તે વનિતાનો પિતા છે. આ પ્રમાણે કહી વિદ્વાન વીણારવ બોલ્યો—મહાનુભાવ ! કૃતજ્ઞ મહારાજાઓ, અને આપ જેવા પરિક્ષક પુરૂષોના પ્રતાપથી હું સર્વદા સુખી છું. ધન, વૈભવ, ગામ કે ક્ષેત્રની મારે ઇચ્છા નથી. હું મારા સંગીતના આનંદમાંજ મગ્ન રહી કાળ નિર્ગમન કરવાનું પસંદ કરૂં છું. પણ જો આપ કૃતજ્ઞ શિરોમણી મારી કળાથી પ્રસન્ન થયા હો, અને મને વાંછિત વર આપવામાં દૃઢ પ્રતિજ્ઞ હો તો, આપની પાસે વાયુવેગ નામનો જે અશ્વ છે, તે આપો. તે અશ્વરત્નથી હું મારા આત્માને કૃતાર્થ માનીશ, અને તેથી આપની કૃતજ્ઞતા અને આપનું વચન જગતમાં પ્રશંસનીય થઇ પડશે.

વીણારવનું આ વચન સાંભળી શ્રીચંદ્રકુમાર સ્તબ્ધ થઇ ગયો. તેણે વિચાર્યું કે, આ ગાયકે વાયુવેગ અશ્વની માગણી કરી, તો પછી તે મારૂં રથનું ઉપયોગી સાધન વ્યર્થ થવાનું. એક અશ્વ વિના તે સાધન તુટી પડશે. હવે જો ગાયકની ઇચ્છા પૂર્ણ ન કરૂં તો, સભા વચ્ચે આપેલું વચન વ્યર્થ જશે, અને હું લોકોમાં ઉપહાસ્યનું પાત્ર થઇશ. આવું વિચારી શ્રીચંદ્રકુમારે નિસ્તેજ વદને કહ્યું. ગાયકમણિ ! આ શું બોલે છે ? તારી ઇચ્છા પૂર્ણ કરવાને હું બંધાયેલો છું, પણ તે ઇચ્છા ઘટિત હોવી જોઇએ. તારી માગણી અવિચારી છે. એક અશ્વ માગી લેવાથી તારી અને મારી બન્નેની કાર્યસિદ્ધિ નહિ થાય. રથની ગતિ બે અશ્વથી ચાલે છે, તો એક અશ્વ જવાથી તે અશ્વરથ નકામો થઇ પડે. તારે જો અશ્વની ઇચ્છા હોય તો, તેને બદલે બીજા એકહજાર અશ્વ માગી લે. તારી ઇચ્છા પૂર્ણ કરવાની મારી ઇચ્છા છે. વીણારવે અંજલિ જોડી કહ્યું, ચતુરકુમાર ! મારે બીજા અશ્વોની જરૂર નથી. એ વાયુવેગ અશ્વ હોય, એટલે બસ થયું. એક ચંદ્ર હોય, તો સેંકડો તારાની શી જરૂર છે ? ચિંતામણી આગળ બીજા મણિ શા કામના છે ? શ્રીચંદ્રકુમાર ! તમારા મનની જો પ્રસન્નતા હોય, તમે ઉદારતાથી વચન આપ્યુ હોય, તો વાયુવેગ અશ્વને આપો, નહીં તો બીજા અશ્વની મારે જરૂર નથી. વીણારવની આવી દૃઢતા જોઇ ઉદાર મનનો ચંદ્રકુમાર બોલ્યો—સેવક ! જા ઘરમાંથી અશ્વોની સાથે જોડી રથ અહિં લાવ. સેવક સત્વર જઇ રથને લઇ આવ્યો. શ્રીચંદ્રકુમારે ગાયકને કહ્યું, સંગીતવીર ! જાઓ, આ બધો રથ તમને ભેટ કરૂં છું. તમે તો માત્ર એકજ અશ્વ માગ્યો છે, તો હું બધો રથ આપું છું. યાચનાથી વિશેષ આપે તેનું નામજ ઉદારતા છે. આટલું કહી વાયુવેગ અને મહાવેગ અશ્વોથી જોડાએલો સુવેગરથ શ્રીચંદ્રે વીણારવને અર્પણ કર્યો. શ્રીચંદ્રની ઉદારતા જોઇ રાજસભા આશ્ચર્ય પામી ગઇ.

ઉદારતા એ માનવભૂમિનો દિવ્ય ગુણ છે. એ મહાન્ ગુણ સત્કીર્તિરૂપ ગંગાનો

श्रीचंद्र त्वदनल्पशुक्लयशसा श्वेतीकृते विश्वे
यत्कार्ष्ण्यं शशिकज्जलादिषु हि तद्दुर्विद्विषां दुर्दशा ॥ १ ॥

હે વીર ! તું જય પામ. તે સાંભળી તેણે કહ્યું, તમે કોણ છો ? હું કવિ છું. આ તમારી પાસે શું છે ? પત્ર છે. તેમાં શું છે ? કાવ્ય છે. તેની અંદર વાચ્ય ગુણ કયો છે ? અદ્ભુત રસ છે. તે વાંચશો ? હા, સાંભળો. હે શ્રીચંદ્રકુમાર ! આ બધું જગત તમારા ઘણા ઉજ્વળ યશથી શ્વેત થઇ ગયું છે. તેમાં ચંદ્ર તથા કાજલ વિગેરેમાં જે કાળાશ છે, તે તારા શત્રુઓની દુર્દશા છે. ૧

બીજા કોઇ કવિએ તે કાવ્યનું ઉત્તરાર્દ્ધ આ પ્રમાણે કહ્યું.

वीरत्वं त्रिजगद्विभित्तव यशः सत्पुंडरीकं मदं ।
ब्रह्मस्थान मराल विपदं भृंगालिभिश्चुंबते ॥

તે કાવ્યનો ભાવાર્થ બીજો કવિ નીચેના કવિતથી બોલ્યો—

કવિત.

શ્રીચંદ મહીંદ ભાવ એક અવર કહીજે,
નવ જશ સિત પુંડરીક, ગણુ જગ ઉજ્વળ કીજે;
ગયો આકાશ તિહાં, થઇ કમળ વળી વાહન હંસ,
ધવલ થયા તસ સંગ, કૃષ્ણ ગુણથી જનરયા;
તિહાં ગજ કમળ માંહિ રહ્યા, ભ્રમર શ્રેણીરૂપે થયા,
અથ ચંદ્રમા ઉજ્વલ થયો, પણ અમંગીએ અસિતા રહી. ૨

આ કવિત બોલનાર કવિને એક લાખ સુવર્ણનું દાન આપ્યું. તે પછી ત્રીજો કવિ બોલ્યો—

છપ્પો.

નર ત્રીજો ભણે ભટ, એહ તો બોલ્યા મસ્તું,
એ નૃપનો જસરાશિ, એક રસનાએ કેમ વર્ણું.
કિં બહુના કહે હેમ, એહથી અવર ન દૂજો,
ભાગ, ત્યાગ, પર ભાગ, થાપ ગુણે એહીજ પૂજો.
જે જગ ઉજ્વળ વસ્તુ છે તે શ્રીચંદ યશ દેખ છે,
નરરૂપ ભૂપતિ લખ્યો ત્રમેં, એહ વાત અમ મન રૂચે. ૧

આ કવિત સાંભળી, એક લક્ષ દ્રવ્યનું દાન આપ્યું

તમારા પ્રસાદથી મારે કાંઇ પણ ન્યુનતા નથી. પૂજ્ય પુરૂષોનો પ્રસાદ કલ્પવૃક્ષની જેમ વાંચ્છિત ફળ આપે છે, તેથી આ વિષે જરાપણ ચિંતા કરશો નહિ.

કુમારનાં વચન સાંભળી લક્ષ્મીદત્ત શેઠ જરા શાંત થયા, પણ તેના હૃદયમાંથી એ દિવ્ય રથનો લાભ ઓછો થયો નહીં. સ્વજાતિને સ્વભાવે તે પાછા શ્રીચંદ્ર પ્રત્યે બોલ્યા—કુમાર ! તમે કહ્યું, તે યોગ્ય છે; પણ આવો દિવ્ય રથ તેવા સાધારણ ગાયકને આપી દેવો, તે મને યોગ્ય લાગતું નથી; ગમે તેમ કરીને પણ તે પાછો લેવો જોઇએ. આપેલી વસ્તુ પાછી ન લેવાય, એ ન્યાય રાજાઓને છે, આપણે વણિકને શું છે ! આપણે તો એક વ્યાપારી કહેવાઇએ. કોઇ યુક્તિ કરીને પણ તમારે તે રથ પાછો લેવો જોઇએ.

પિતાના આવા અયોગ્ય વિચાર જાણી, શ્રીચંદ્રના હૃદયમાં ક્ષોભ થયો, પોતે મૂળ ક્ષત્રિય જાતિનો હોવાથી તેના મનને તે વાત જરાપણ રૂચી નહિ કાંઇ પણ ઉત્તર આપ્યા વિના શ્રીચંદ્ર ચાલ્યો ગયો. પોતાના એકાંત સ્થાનમાં આવીને તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો. અહા ! લોભ શું નથી કરતો ? લોભરૂપ રાક્ષસ જેને વળગ્યો હોય, તે પુરૂષ રાક્ષસજ બની જાય છે. સદ્ગુણરૂપ અમૃતમાં લોભ એ વિષબિંદુ છે, ઉદારતા જેવા દિવ્ય ગુણને એ સદાને માટે કલંકિત કરે છે, અકાર્ય કરવાની પ્રેરણા લોભજ કરાવે છે, લોભના મલિન સંસર્ગથી ગમે તેવો પ્રતિષ્ઠિત કે માન પામેલો પુરૂષ અધમ વૃત્તિનો અંગીકાર કરે છે. પ્રાચીન વિદ્વાનોએ લોભને પાપનુ મૂળ કહ્યું છે, તે બરાબર છે. લોભરૂપ મૂળને આધારે વૃદ્ધિ પામેલું પાપરૂપ વિષવૃક્ષ પ્રાણીને મહાન્ હાની કરે છે, એ વિષવૃક્ષની છાયા નીચે રહેલાં પ્રાણી અનેક જાતની યાતનાઓ વેઠે છે. પિતાજીને એવા અધમ લોભનો સંગ થયો છે, એથી તેઓના હૃદયમાંથી વિપરીત વિચારમાળા પ્રગટ થાય છે. સર્વ રીતે મારે પિતાજી પૂજ્ય અને માન્ય છે, તેમની આજ્ઞા મારે શિરોધાર્ય છે, પણ આ વખતની આજ્ઞાને માન આપવું, તે મને યોગ્ય લાગતુ નથી. જો હું તેમની આજ્ઞાને માન નહીં આપું, તો પિતાશ્રીને ખોટું લાગશે, અને કદિ નહીં બનેલ, તેવો વિપરીત પ્રસંગ મને પ્રાપ્ત થશે, માટે હવે અહીંથી ચાલ્યા જવુંજ યોગ્ય છે. આવી પરાધીનતામાં પડ્યા રહેવું, તે યોગ્ય નથી. આવું ચિંતવતો શ્રીચંદ્રકુમાર આસન ઉપર બેઠો હતો, અને તે નીચેના સુભાષિતને મધુરતાથી બોલવા લાગ્યો.—

को विदेशः सुविद्यानां किं दूरं व्यवसायिनाम् ।
कोऽतिभारः समर्थानां कः परः प्रियवादिनाम् ॥ १ ॥

સદ્વિદ્યાવાળાને વિદેશ કયો છે ? ઉદ્યોગીને દૂર શું છે ? સમર્થને અતિ ભાર શો છે, અને પ્રિયવાદીને શત્રુ કોણ છે ? ૧

શ્રીચંદ્ર પુનઃ બીજું સુભાષિત બોલ્યો:—

देशाटनं पंडित मित्रता च
वारांगना राजसभा प्रवेशः ।

છે. એવા દિવ્ય રથની સમૃદ્ધિનો અધિકારી શ્રીચંદ્રકુમાર એકજ છે. હું ગમે તેવો ગુણી હું. પણ સેવક વર્ગ માહેલો છું. શ્રીચંદ્ર જેવા પ્રતાપી પુરૂષોના રાજ્યાદ કરવાનો હું અધિકારી છું. મેં એવા રથની માગણી કરી તે મોટી ભૂલ કરી છે. તે ભૂલ કરાવનાર અને તેની પ્રેરણા કરનાર રાજકુમાર તેમાં કારણભૂત થયો છે. માનવાર મહારાજ ! મારી ઉપર કૃપા કરી તે રથ પાછો શ્રીચંદ્રકુમારને સોંપી દો, અને મારો અપરાધ ક્ષમા કરો. તેમ કરાવશો, તો હું આપનો ઉપકાર માનીશ.

પીજુરાજની આવી પ્રાર્થનાથી હું તો આશ્ચર્ય પામી ગયો. રાજકુમારનું આ કારસ્તાં જાણી હું ચકિત થઇ ગયો. તત્કાળ પીજુરાજને સમજાવી શાંત કરી, અને વિદાય કરી સત્વર તમારી પાસે આવ્યો છું. મિત્રમણિ ! કહો શો વિચાર છે ? પીજુરાજ તમને આનંદ પૂર્વક તે રથ પાછો આપવા ધારે છે, અને તેણે કરેલા અપરાધની ક્ષમા માગે છે. ગુણચંદ્રનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર બોલ્યો, મિત્ર ! આ શું બોલો છો ? મને તેમ હોય, પણ આપેલું દાન પાછું લેવું, તે અનુચિત છે. સર્વ સમાજ વચ્ચે જે હું બોલ્યો છું. તે ફરી ફરવાનું નથી. મેં તેને રથ અર્પણ કરી દીધો, તે હવે મારે કદિ પણ સ્વીકારવા યોગ્ય નથી. તમે મારા પરમ મિત્ર થઇને એવી અધમ સલાહ આપશો નહીં. આવું કહેવું વચન સ્વયં કરી તમે મને લોકાપવાદથી કલંકિત કરાવશો નહીં. મારી કાર્યસિદ્ધિનાં તમારો સંપૂર્ણ જ્ઞાન છે. સુજ્ઞ મિત્ર ! તમે જાણો છો કે, સત્પુરૂષોનાં વચનની કિંમત કેવી છે ! તેમની જિહ્વામાંથી એકજ વચન નીકળે છે, અને તે વચનને બીજે રૂપે પ્રવર્તાવવા તેની સત્ય જિહ્વા કદિ પણ તત્પર થતી નથી, તે વિષે સાહિત્યકાર નીચેના શ્લોકની આયોજના કરે છે.

> जिह्वैका सतां मुखे फणभृतां द्वन्द्वं भतस्रोऽथवा
> ताः पञ्चैव त्रिमार्गगो निगदिताः षट् कार्त्तिकेयस्य च ।
> पौलस्त्यस्य दशैव ताः फणिपतेर्जिह्वासहस्रद्वयम्
> जिह्वा लक्षमहस्यकोटिगुणिता नो दुर्जनानां मुखे ॥ १ ॥

સત્પુરૂષોના મુખમાં એકજ જિહ્વા હોય છે, બ્રહ્માને ચાર, અગ્નિને સાત, કાર્તિકેયને છ, રાવણને દશ, શેષનાગને બે હજાર અને દુર્જનના મુખમાં તો હજારો, લાખો અને કરોડોની સંખ્યા પણ હોતી નથી, અર્થાત્ એથી પણ વધારે હોય છે.

મિત્ર ! હવે તે વિષે વિશેષ કહેવાનું નથી. તે દિવ્ય રથ જે આપેલ તે આપેલોજ, કદિ પણ પાછો લેવાશે નહીં. આવી બાબતમાં હઠ લેવી ગુણચંદ્ર આગ્રહ પણ નહીં; કે જેથી એક પણ વચન નિષ્ફળ નહીં. તથાપિ શ્રીચંદ્રનો આગ્રહ કરી ચૂપ થઇ બેસી રહ્યો.

ગુણચંદ્રના મનમાં પછી શ્રીચંદ્રકુમારની પાસે આવ વિચાર કરવા લાગ્યો. એ

ક્ત છો, તમારો સેવક ધર્મ પરાધીન છે. જે સ્વામી થાય, તેના તમારે સેવક થવું જોઇએ. આ પ્રમાણે અશ્વોને કહી શ્રીચંદ્રકુમારે વીણારવને કહ્યું, સંગીતાલંકાર ! આજથી આ અશ્વ તમને મળે છે. તે અશ્વ અસાધારણ છે. સાધારણ પશુ જેવા નથી. તેઓમાં ચમત્કારી દિવ્યતા રહેલી છે. તેઓની ઉપર સામાન્ય પશુના જેવી બુદ્ધિ રાખશો નહીં. તેમજ કેવળ સેવકની દ્રષ્ટિએ જોશો નહીં. આટલું કહી શ્રીચંદ્રે આજ્ઞા કરી, એટલે અશ્વ ચાલવાને તૈયાર થયા. વીણારવે અંજલિ જોડી શ્રીચંદ્રને પ્રણામ કરી અંતરની આશીષ આપી. સુવેગ રથ પોતાના ચમત્કારી અને પ્રબળ વેગથી આગળ ચાલ્યો. જેને શ્રીચંદ્રકુમાર એક દ્દષ્ટિએ જોઇ રહ્યા.

પ્રકરણ ૩૬ મું.

પ્રયાણ.



ત્રિનો પહેલો પહોર હતો, ચારે તરફ શાંતિના રાજ્યનો આરંભ થવાની તૈયારીઓ થતી હતી, વિકારપુરનો મહારાજા મદન વિજય કરવાની તૈયારી કરતો હતો; શૃંગારની શોભાના સમારંભ દંપતી ભૂવનમાં થતા હતા, ધાર્મિક વૃત્તિનાં મનુષ્યો એ સમયને પણ આત્મ સાધનમાં યોજતાં હતાં, ગૃહાવાસમાં દીપક શ્રેણીઓ પ્રકાશમાન થઇ રહી હતી, રાત્રિરૂપ કૃષ્ણગોપિકા તારામંડળનો શૃંગાર ધારણ કરી, પોતાના પતિ ચંદ્રની આગળ નૃત્ય કરતી હતી, વૃક્ષોથી ગહન એવા પ્રદેશમાં અંધકારે પોતાની ધાટી છાવણી નાંખી હતી.

આ સમયે ચંદ્રકળા પોતાના વાસગૃહમાં હીંડોળા ઉપર બેઠી હતી, અનેક દાસીઓ વાસગૃહની બાહેર રહી રહી હતી, ચંદ્રકળા એકલી પતિદર્શનની રાહ જોઇ અનેક મનોરથની માળા ગુંથતી હતી. શ્રીચંદ્રકુમારે વીણારવ ગાયકને રથ આપી દીધો, તે વાર્ત્તા તેણીએ દાસીના મુખથી સાંભળી હતી. તે સાથે પોતાના પતિના ઔદાર્ય ગુણની પ્રશંસાના ધ્વનિઓ પણ તેના કાનમાં આવ્યા હતા. આથી તેના હૃદયમાં વિશેષ આનંદ થતો હતો. સુંદર શૃંગાર ધારણ કર્યો હતો, નવરંગિત મહેલમાં તેના દિવ્ય શૃંગારનાં પ્રતિબિંબ પડતાં હતાં, તેથી વાસગૃહનો દેખાવ અદ્ભુત લાગતો હતો. પદ્મિણી ચંદ્રકળાને આજે પોતાના પતિની સાથે ઘણી વાતચિત કરવાની હતી. જે દિવ્ય રથનો પોતે લાભ લેવાના મનોરથ કરતી, તે રથ અર્પણ કરી દીધો, આથી તેના મનમાં જરા ક્ષોભ થયો હતો, અને તેથી તે પોતાના પતિને ઉપાલંભ આપવાનો વિચાર કરતી હતી, તથાપિ પતિની ઉદારતાની સત્કીર્ત્તિ સાંભળી તે પાછો જુદોજ વિચાર બાંધતી હતી. આ વખતે શ્રીચંદ્રકુમાર વાસગૃહમાં આવ્યો. ચંદ્રકળા પતિને જોઇ આનંદપૂર્વક હીંડોળા ઉપરથી ઉતરી દ્વારસુધી સામી આવી. વિનયથી નમન કરી

આવ્યું હશે ! સ્વામીના નેત્રમાં અશ્રુધારા કેમ આવી હશે ? શું કાંઇ કોઇનું સ્મરણ તો નહીં થયું હોય ? ક્ષણ વાર પહેલાં જેના મુખ ઉપર આનંદની પ્રભા દેખાતી હતી, હર્ષગર્ભિત મધુર શબ્દો બોલાતા હતા, અને વાણીમાં પ્રેમનો પ્રવાહ પ્રસરતો હતો, તેઓ અકસ્માત્ કેમ બદલાઇ ગયા ? તે સુંદર દેખાવનો ક્ષણમાં કેમ લોપ થઇ ગયો ? આ બાબતમાં કાંઇ પણ ભેદ છે. મારે તેનો નિર્ણય કરવો જોઇએ. પતિનાં સુખ દુઃખમાં ભાગ લેવો, એ પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે.

ચંદ્રકળા બોલી—પ્રાણેશ્વર ! શા વિચારમાં પડ્યા છો ? તમારા લલાટ ઉપર ચિંતાની ત્રિવલી દેખાય છે, મુખચંદ્રના લાલિત્ય ઉપર ગ્લાનિની આછી આછી છાયા પડેલી છે, કહો શી ચિંતા છે ?

શ્રીચંદ્રે કહ્યું, ગૃહેશ્વરી ! તમે કરેલી કલ્પના સત્ય છે. ઉદાર પુરુષ પોતાનો ઔદાર્ય ગુણ પ્રકાશથી વિશેષ આનંદ પામે છે, ઔદાર્ય ગુણનો ઉપયોગ થવાથી મને આનંદ પ્રાપ્ત થવો જોઇએ, પણ દૈવયોગે મારા આનંદમાં ભંગ પડ્યો છે. મારી આ ઉદારતા પિતાશ્રીને પસંદ પડી નથી. તેઓમાં લોભ ગુણનો પૂર્ણ ઉદય થયો છે, યાચક વીણારવને મેં સુવેગ રથ આપ્યો, તે તેમને પ્રતિકૂળ થઇ પડ્યું છે. પ્રતિકૂળ થયું છે એટલું જ નહીં, પણ તેઓ તે રથ પાછો લેવાની ઇચ્છા રાખે છે, અને તેમ કરવાની મને ફરજ પાડે છે. પૂજ્ય પિતાની આવી આજ્ઞા ઉલ્લંઘન કરવાનો સમય મને પ્રાપ્ત થયો છે. હવે શું કરવું તે વિચારવા યોગ્ય થઇ પડ્યું છે. ઉત્તમ પુરુષો કોઇને આપી પાછું લેવાની ઇચ્છા કરે, એ કેવું અધમ કૃત્ય ? આયુવલ્લભે ! આ ચિંતારૂપ અગ્નિજ્વાળા મને મસ્તકથી ચરણ સુધી દગ્ધ કરે છે. આ ગૃહવૈભવ, સમૃદ્ધિ સર્વ છોડી વિદેશ જવાનો મેં નિશ્ચય કર્યો છે, અને તે કાર્યમાં તમારી ઉત્સાહપૂર્વક આજ્ઞા મેળવવાને હું અત્રે આવ્યો છું. આયુપ્રિયા ! તમારા અંતરંગ પ્રેમના પાશથી હું બંધાયેલો છું. તમને છોડી વિદેશમાં જવાની મારી ઇચ્છાનો પ્રવાહ સ્ખલિત થઇ જાય છે, પણ બીજો ઉપાય નથી. પિતાની આજ્ઞા વિષમ છે. હું સારી રીતે જાણું છું કે, માતા પિતા જંગમ તીર્થ છે, તેઓની શિક્ષા પુત્રે માન્ય કરવી જોઇએ, તે વિષે મને નિચેનો શ્લોક વારંવાર યાદ આવે છે—

> अमृतरसादप्यधिका शिक्षा मातुः पितुर्गुरुजनस्य ।
> ये मन्यंते न मनाक् ते विहिताः सर्वदाकुधियः ॥ १ ॥

માતા, પિતા અને ગુરૂજનની શિક્ષા અમૃત રસથી પણ અધિક છે. જે પુરુષો તે શિક્ષાને જરાપણ માનતા નથી, તેઓની સર્વદા કુબુદ્ધિ છે. ૧

પ્રાણવલ્લભા ! આ શ્લોકનું સ્મરણ થવાથી મારા હૃદયમાં અત્યંત પીડા પ્રગટ થાય છે. હું મારા મલિન આત્માની નિંદા કરું છું કે, કર્મયોગે હું કેવો અધમ થયો કે, જેણે પિતાની આજ્ઞાની અવગણના કરી. હવે આજ્ઞા ભંગ કરનાર આ અધમ પુત્રને આ ગૃહાવાસમાં રહેવું ન જોઇએ, જો હું અહીં રહીશ, તો આ ચિંતાગ્નિ કદિ પણ નિર્વાણ

પામશે નહીં, તેની ભયંકર જ્વાળા મારા હૃદયને દહન કર્યા કરશે. પ્રિય ! તેથી હવે વિદેશમાં જઈ વસવાનો નિશ્ચય કર્યો છે. તમે મને ઉમંગથી આજ્ઞા આપો, તો હું વિદેશમાં સુખી થઈશ. વિદેશમાં નવનવાં કૌતુક જોઈ મારી ચિંતા પલાયન થઈ જશે. વળી કોઈ રસ્તે ભાગ્યની પરીક્ષા પણ સારી રીતે થઈ શકશે.

શ્રીચંદનાં આવાં વચન સાંભળી ચંદ્રકળા વજ્રાહત હોય, તેવી થઈ ગઈ. તેના મુખચંદ્ર ઉપર શોકની છાયા પ્રસરી ગઈ, થોડી વારે આત્માને શાંત કરી બોલી—પ્રાણેશ ! આ શું બોલો છો ! સાહસ કરો નહીં; તમારા જેવા ધીરવીરને આવી કાયરતા ઘટે નહીં. પૂજ્ય પિતાની મતિ વિપરીત થઈ ગઈ છે. કોઈક પુરુષને વૃદ્ધાવસ્થામાં બુદ્ધિ વિપરીત થાય છે. પિતાની આવી આજ્ઞા આચરણીય નથી, તેમજ અનાદરણીય નથી, પણ તેથી કોઈ ગૃહત્યાગ કરવાની જરૂર નથી. આ રાજ્ય સમાન ગૃહવૈભવનો ત્યાગ કરી વિદેશમાં ભ્રમણ કરવું, તે કેવું કષ્ટકારી ! આપ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરો, આપના વિના મારાથી કેમ રહી શકાય ! આપ વિદેશમાં સંકટ ભોગવો, અને હું ગૃહવૈભવ ભોગવું, તે કેમ બને ! જો આપ પિતાના દુઃખને લીધે ચિંતામુક્ત થવા વિદેશમાં જવા અવશ્ય ધારતા હો, તો મને પણ સાથે લઈ જાઓ. પતિ વિના પત્ની કેમ રહી શકે ! પતિના સુખ દુઃખમાં ભાગ લેવો, તે કુલીન કાંતાનો ધર્મ છે. ચંદ વિના ચંદ્રકળા કેમ રહી શકે ! કઠોર કષ્ટ ભોગવતાં પતિને જોઈ કઈ કામિની ભોગવિલાસની ઇચ્છા કરે ! આ પ્રમાણે કહેતી કહેતી ચંદ્રકળા રુદન કરવા લાગી, તેના નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી.

પ્રિયાને દુઃખી જોઈ પ્રેમી પતિને દુઃખ થઈ આવ્યું, તેનાં નયન પણ અશ્રુથી વ્યાપ્ત થઈ ગયાં, તે ગદ્‌ગદ્ કંઠે બોલ્યો—પ્રાણેશ્વરી ! શાંત થાઓ, રુદન કરો નહીં. તમને મારા સોગન છે. હૃદયપ્રિયા ! તમે સર્વ રીતે સુજ્ઞ છો, પવિત્ર હૃદયનાં પત્ની છો, મારા કલ્યાણનાં મંદિર છો, મહત્વની ખાણ છો, અને મારાં ગૃહલક્ષ્મી છો. તમારા સત્પ્રેમે મારા હૃદયમાં વાસ કરેલો છે. સદ્‌ગુણી સુંદરી ! તમે ક્ષત્રિય કન્યા છો, ક્ષત્રિયાણી કદિ પણ નાહિંમત થતી નથી. વીરાંગના ! તમારો અતુલિત પ્રતાપ મને સહાયરૂપ થવો જોઈએ. સંકટમાં સહાય આપવી. એ ક્ષત્રિય કન્યાનો ધર્મ છે. મને ચિંતામાંથી મુક્ત કરાવવો, એ તમારું કર્તવ્ય છે. ચિંતારૂપ ભયંકર રાક્ષસીએ મારી ઉપર હુમલો કર્યો છે, તેનો પરાભવ કરવા હું સમર્થ થઈ શકતો નથી, એ ઘોર રાક્ષસીની ઉત્પત્તિનું મૂળ કારણ પિતાજી છે; તેથી હું હતવીર્ય થઈ ગયો છું. આ વખતે મારે વિદેશ વિના બીજું કોઈ પણ શરણ નથી. પ્રાણપ્રિયા ! હવે મને તેમ કરવાની સંમતિ આપો. તમારી આજ્ઞારૂપ સહાયથી હું મારા પ્રત્યેક કાર્યમાં વિજયી થઈશ, અને પાછો નિશ્ચિંત થઈ તમને ઉત્કટ આલીંગને મળીશ. તમારા જેવી પ્રેમ પંડિતા પત્નીને શિક્ષા આપવાની કાંઈ જરૂર નથી, જેમ તમને ઉચિત લાગે તેમ વર્તજો. કુલીનતાના જે ધર્મ તમે સ્વભાવથીજ ધારણ કરેલા છે, તે ધર્મને સાચવી કર્તવ્યમાં પરાયણ રહેજો. મારાં સઘળાં સુખ તમારા સંવાસમાં સમર્પિત કરું છું. સંક્ષેપમાં એટલુંજ કહેવાનું કે, સર્વ પ્રકારના ગુણો સ્વાભિમાનની અંદર રહેલા છે, એક સ્વાભિમાનનો ત્યાગ કરવાથી સર્વ ગુણો દૂર થઈ જાય છે. એક વિદ્વાન

કરીને સ્વાભિમાનને વૃક્ષનું રૂપ આપ્યું છે, તે ઘણું મનન કરવા જેવું છે.

उड्डीना गुणपत्त्रिणः सुखफलान्याराद्विशीर्णान्यधः
पर्यस्ताः परितो यशस्तवकिताः संपल्लतापल्लवाः ।
म्लानेव प्रसृताः प्रमोदहरिणाः छाया क्वचांतर्गता
दैन्यारण्यमतंगजेन महता भग्नेऽभिमानद्रुमे ॥ १ ॥

દીનતારૂપ જંગલનો મહાન્ હસ્તી જ્યારે અભિમાનરૂપ વૃક્ષને ભાંગે છે, ત્યારે ગુણરૂપ પક્ષીઓ ઉડી જાય છે, સુખરૂપ ફળ વેરાઇને નીચે પડે છે, યશરૂપ પુષ્પવાળી સંપત્તિરૂપ લતાનાં પત્રો ચારે તરફ પથરાઇ જાય છે, હર્ષરૂપ હરિણ પ્રથમથીજ નાશી જાય છે; અને છાયા (કાંતિ)ની વાત તો અંતર્ધાન થઇ જાય છે.

પ્રાણેશ્વરી ! તેથી કદિ પણ સ્વાભિમાનને છોડશો નહીં. હું કોણ છું ? મારૂં કુલ કેવું છે ? ઇત્યાદિ વિચાર કરજો, મારા સંબંધી કાંઇ પણ ઉચાટ કરશો નહીં, હું કાંઇ વિપત્તિથી દૂર છું, એમ તમે માનજો.

ચંદ્રકળા મંદ સ્વરે બોલી—પ્રાણેશ ! તમે કહેલી શિક્ષા મારે સર્વદા માન્ય છે. આ દાસી કદિ પણ તેના મહાવ્રતથી ભ્રષ્ટ થશે નહીં, તે વિષે આપે અવશ્ય નિશ્ચય રાખવો. પણ તમારા વિયોગને સહન કરવાને હું અસમર્થ છું. આપના વિના આ સુંદર મહેલમાં એકાએકી વસવું, તે અગ્નિજ્વાળામાં પડવા જેવું છે. પ્રાણનાથ ! કૃપા કરી મને સાથેજ લઇ જાઓ. હું આપની છાયા છું, છાયા કદિ પણ જુદી પડેજ નહીં. પતિ વિના પત્નીનું જીવન શા કામનું છે ? પતિરૂપ પ્રાણ જુદાં પડે, તો પછી તેના આ દેહ શાનો ! પ્રાણપતિ ! આપના જેવા દયાળુ મારી નિર્દયતા કરી શકે નહીં; કૃપા કરીને મારાં વચનને માન્ય કરો. અબળાની આશાલતા છેદવી, તે યુક્ત નથી.

ચંદ્રકળાનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર સાશ્રુ નયન થઇ ગયો, તેણે ગદ્ગદ્ કંઠે કહ્યું, પ્રિયા ! તમે કહ્યું, તે સત્ય છે. અતિ નિર્દય બન્યો છું. પણ નિરૂપાય છું. જેમ તમને મારો વિયોગ દુઃખદ છે, તેમ મને પણ છે. તમને સાથે લઇ જવામાં ઘણી વિટંબના છે. વિદેશમાં અનેક જાતના કષ્ટ આવી પડે છે, માર્ગની વિપત્તિને સહન કરવા પતિવ્રતાનું વપુ અસમર્થ છે, તે સાથે મારે તમારૂં બંધન થઇ પડે. આ જ્ઞાનનો વિવેક કરવો, તે વિદેશમાં અશક્ય છે. પ્રાણપ્રિયા ! તમે પોતેજ વિચાર કરો, તમારો સર્વ પ્રકારે પવિત્ર વિવેક મારી સાથે કેમ થઇ શકે ? તમારા નિર્વાહને માટે, અને તમારા પતિવ્રતના રક્ષણ માટે મારે કેટલો પ્રયત્ન કરવો પડે ? તમે માત્ર દુઃખનોજ અનુભવ કરવું પડે, તો તમને કેમ ગમે ? તેથી તમારે સાથે આવવાનો આગ્રહ કરવો નહીં. અહીંજ રહી ધર્મ સાધન કરી, એ ઉચિત બને છે, તમે મારાં વચનથી ધૈર્ય રાખી ફેર સઘળું ખંતથી ઉદ્યમ કરજો, અંતિ આપણો વિજય નિશ્ચય ભાગ્યશે, હવાય

ધર્મને બરાબર સાધજો, સમકિત રૂપ શીલ ગુણની રક્ષા કરજો, એવાં એવાં આચરણથી મારી વિરહની વિપત્તિ દૂર થઈ જશે, ધર્મના પ્રસાદથી મને સર્વદા સુખશાતા રહેશે, ધર્મના આચરણમાંજ મારું શુભ છે, મારું કલ્યાણ છે, અને મારો ઉદય છે. પતિનાં આવાં વચન સાંભળી ચંદ્રકળાનું મન શાંત થઈ ગયું, તેના હૃદયમાં જરા ઉલ્લાસ આવ્યો, તે વિનયથી બોલી—પ્રાણેશ ! હવે કાંઈ કહેવાનું નથી. જો 'ન જાઓ' એમ કહું તો અમંગલ કહેવાય, 'જાઓ' એમ કહું તો સ્નેહ વગરનું વચન લાગે. 'અહિં રહો' એમ કહું, તો મારી પ્રભુતા વર્તાય, 'તમને રુચે તેમ કરો' એમ કહું, તો ઉદાસીનતા દેખાય. 'હું સાથે આવું' એમ કહેવાથી કદાગ્રહ લાગે, અને 'એમ કરો નહીં' એમ કહું, તો દુર્જનપણું કહેવાય, તેથી હવે 'શું કહેવું' તે હું કાંઈ જાણી શકતી નથી, આટલું કહી, તેણીએ વિશેષમાં જણાવ્યું કે, પ્રાણેશ ! ઉત્તરમાં એટલું કહેવાનું કે, આપ સર્વદા પંચપરમેષ્ઠીનું ધ્યાન કરજો. એ ધ્યાન આપને વજ્રના કવચ જેવું થશે. મસ્તકથી તે ચરણ પર્યંત આ કવચ આપની રક્ષા કરશે. આપના શરીરની બાહેર તેનોજ વજ્રમય પ્રાકાર થશે, આપની ઉપર તે વજ્ર મંડપરૂપ થઈ છત્ર ધારણ કરશે, એનાથી આઠ મહા ભય પાસેજ નહીં આવે, તે સાથે તમારાં પાપ અને વિઘ્ન પ્રલય થઈ જશે. પરમેષ્ટી નમસ્કારના ન્યાસ, મુદ્રા, કવચ, પ્રણિધાન, અને આસન વિગેરે ગુરુમુખે જાણી લેજો. એ પવિત્ર ધ્યાનના પ્રભાવથી આપનું વિદેશમાં શ્રેય થશે. વિશેષ શું કહેવું ? આપ સર્વ રીતે સુજ્ઞ છો. વિદેશના વર્તનના વેત્તા છો, આપના પ્રયાણ માર્ગ મંગલમય થજો. આપની જેમ મને સંભારજો, અને નિયમિત રીતે પત્ર તથા સંદેશા મોકલતા રહેજો. કદિ મારા અપરાધ સ્મરણમાં આવે, તો ક્ષમા કરજો. આટલું કહી ચંદ્રકળા નીચેનો શ્લોક અંજલી જોડીને બોલી—

तव वर्त्मनि वर्ततां शिवम्
पुनरस्तु त्वरितं समागमः ।
अपि साधय साधयेप्सितं
स्मरणीयाः समये वयं सदा ॥ १ ॥

"આપનું માર્ગમાં કલ્યાણ થાઓ, પુનઃ પાછો સત્વર સમાગમ થાઓ, ઇચ્છિત અર્થને સાધો, અને સર્વદા અવસરે અમને સંભારજો. ૧"

આ શુભાશિષ બોલી ચંદ્રકળાએ એક રૂમાલ લઈ, પતિના કરમાં અર્પણ કર્યું. પતિએ તેના બદલામાં પોતાનું હૃદય પ્રિયાને આપ્યું. પ્રથમથીજ શ્રીચંદે પોતાના મિત્ર કુસુમકેતુને સર્વ વસ્તુનો અધિકાર સોંપ્યો હતો. ધનંજય સારથિને પોતાનો સેનાપતિ કર્યો હતો, અને બીજા જે સેવકો હતા તેઓને ઇનામ આપી સંતુષ્ટ કર્યા હતા, કેવળ ચાલતી વખતે તે ચંદ્રકળા પાસે આવ્યો હતો; તે માત્ર પોતાના માતપિતાથી ગુપ્ત રહ્યો હતો. તેઓને પોતાના પ્રયાણના ખબર આપ્યા નહતા. તેઓનાથી ગુપ્ત રીતે ચંદ્રકળા પાસે આવ્યો હતો. ચંદ્રકળાની રજા મેળવી, તેણીના અંતરની આશીષ સંપાદન કરી, શ્રીચંદ કુમાર ત્યાંથી નીકળ્યો.

સુજ્ઞ નરને આમ કપટ કરવું ઘટે નહીં. તેં મને કદિ પણ વિખૂટો કર્યો નથી, મૈત્રીધર્મના તત્ત્વને તું જાણે છે, શુદ્ધ મૈત્રીનું લક્ષણ તારા ધ્યાનમાંથી ચાલ્યું જાય, એ આશ્ચર્ય છે. અકસ્માત્ આ શું કર્યું ! તારા આશ્રિત અને તારા આધારથી જીવનને જીવન આપનાર ગુણચંદને દૂર કરવામાં તું તારા દયા ધર્મને ભુલી ગયો, એ કેવી વાત !

મિત્ર ! જો આમ કરવું હોત, તો મને તારા પ્રેમસાગરમાં મગ્ન કરવો નહોતો. પ્રેમ એ દિવ્ય વસ્તુ છે, પણ તે વિરહમાં વિષ સમાન થઇ પડે છે. સુરકુમણિ ! તું પ્રેમશાસ્ત્રનો જ્ઞાતા છું, પ્રેમના પવિત્ર પાઠો તને કંઠસ્થ છે, પ્રેમજીવનના તત્ત્વનો તું પૂર્ણ અભ્યાસી છે, પ્રેમ અને વિયોગ એ બન્ને શબ્દનો સંધિ કેવો ભયંકર છે, તે તું સારી રીતે જાણે છે. પ્રેમ શબ્દની સાધના એક કવિતામાં વર્ણવેલ છે. આટલું કહી ગુણચંદ નીચેની કવિતા ઉંચે સ્વરે બોલ્યો—

> પ્રેમતણો પ્રે લઇને, ધમનો લઇ મકાર,
> પ્રેમ ધસીપરે નીપન્યો, તિણથી દુઃખદાતાર. ૧
>
> પ્રેમ તે પ્રાણીને કરે, પ્રાણતણો પરત્રાસ,
> પ્રેમ તે હિમપરે દાઝવે, મુખ મુકે નીસાસ. ૨

આ કવિતા બોલી તેણે ઘણો ખેદ કર્યો, બીજા તેના સ્નેહીઓએ તેને આશ્વાસન આપ્યું. ક્ષણવાર આશ્વાસન પ્રાપ્ત કરી, ગુણચંદ મ્લાન મુખે રૂદન કરતો ચંદ્રકળાની પાસે આવ્યો. જ્યારે શ્રીચંદ્રકુમારનો પત્તો કોઇ ઠેકાણે મળ્યો નહીં, એટલે લક્ષ્મીદત્ત શેઠને નિશ્ચય થયો કે, જરૂર પુત્ર મારા વચનથી દુઃખ પામી વિદેશમાં ચાલ્યો ગયો. સુવેગરથનું દાન આપી, પોતાના આત્માને કૃતાર્થ માનનારા મારા પુત્રને મેં વિપરીત આજ્ઞા કરી, તે મોટી ભુલ કરી છે. શ્રીચંદ્ર જેવો ઉદાર પુરૂષ આપેલું દાન પાછું લે, તે અસંભવિત છે, તે છતાં મેં લોભગ્રસ્ત થઇ, તેવી પ્રેરણા કરી, તે ઘણું વિપરીત કર્યું. અરે અજ્ઞાની હૃદય ! તેં શો વિચાર કર્યો ? અરે દુષ્ટ લોભ ! તને જરાપણ લજ્જા આવી નહીં ! મારા નિર્મળ હૃદયમાં પ્રવેશ કરી, મને કલંકિત કેમ કર્યો ? વત્સ શ્રીચંદ ! તેં તારા લુબ્ધ પિતાનો તિરસ્કાર કેમ ન કર્યો ? આમ અચાનક વિદેશમાં કેમ ચાલ્યો ગયો ? અરે દયાળુ પુત્ર ! વૃદ્ધ માતાપિતાની આમ ઉપેક્ષા કરવી, તે તારા જેવા આજ્ઞાંકિત પુત્રને ઘટે નહીં. આ ગૃહ, વૈભવ, સંપત્તિ વિગેરે તારા વિના શૂન્ય છે. આ પ્રમાણે કહેતા કહેતા લક્ષ્મીદત્ત શેઠ મૂર્છા પામી ભૂમિ ઉપર પડી ગયા. રાજા પ્રતાપસિંહે શીતોપચાર કરાવી સ્વસ્થ કર્યા. પછી કેટલાંએક શાંત વચનોથી તેમને આશ્વાસન આપી, રાજા પ્રતાપસિંહ સૂર્યવતીની સાથે શોક કરતો, પોતાના મહેલમાં ચાલ્યો ગયો.

આ પ્રમાણે ત્રણ દિવસ સુધી કુશસ્થલીમાં સર્વત્ર શોક પ્રસરી રહ્યો, લોકો પણ શ્રીચંદ્રના સદ્ગુણો સંભારી અફસોસ કરતા હતા. રાજા પ્રતાપસિંહને પણ ઘણો શોક થતો હતો, રાણી સૂર્યવતી શ્રીચંદ્રના સદ્ગુણો સંભારી સંભારી ઘણો અફસોસ કરતી હતી, અને તેના વિયોગનો શોક અંતઃકરણથી દર્શાવતી હતી. પ્રતાપસિંહના રાજમહેલમાં

અનંત શોકનો દેખાવ થઈ રહ્યો હતો. તેનાં દાસ, દાસી અને રાજ્યપરિવાર સર્વેની મુખમુદ્રા ઉપર શોકાંકુર સ્ફુરી રહ્યાં હતાં. લક્ષ્મીદત્ત શેઠની કોઈ નિંદા કરતાં હતાં, કોઈ તેમાં કર્મનો દોષ જણાવતાં હતા. શ્રીચંદ્રના ગુમ થયામાં રાજસેવકો અનેક અનેક કલ્પનાઓ બાંધતા હતા. કેઇ તીજોરીના ચાવકને તિરસ્કાર આપતા હતા. કોઈ લોકની નિંદા કરતા હતા.

મહારાજા પ્રતાપસિંહ અને રાણી સુવંતી બંને મહેલના એકાંત ભાગમાં બેઠાં હતાં. શ્રીચંદ્રના ગુમ થવાની વાર્તા ચાલતી હતી. અનેક તર્ક વિતર્ક કરી સુવંતી પોતાના પતિની સાથે તે વિષેની ચર્ચા ચલાવતી હતી. છેવટે સુવંતીએ રાજા પ્રતાપસિંહને જણાવ્યું, "પ્રાણનાથ ! આજે રાત્રે શ્રીચંદ્રકુમારનાજ વિચાર આવ્યા હતા. નિદ્રામાં પણ એ તેજસ્વી કુમારનાં દર્શન થતા હતા. ભ્રમણ અને સ્વપ્ન બંને સ્થિતિમાં મને શ્રીચંદ્રનુંજ સ્મરણ થાય છે. પુત્રના વિયોગે તેની પુત્ર વત્સલ માતાની જેવી સ્થિતી થાય, તેવી સ્થિતી મારી થઈ છે. શ્રીચંદ્રનો વિયોગ મને પુત્ર વિયોગના જેવો દુઃખદ લાગે છે. મારી મનોવૃત્તિમાં પુત્રવાત્સલ્યનો પ્રવાહ વહન કરે છે. હવે હવે ચિંતામય તરંગો હૃદયસાગરમાંથી ઉભરાય છે. પ્રાણપ્રિય [illegible] તે ભેદ માત્ર જાણવામાં આવી શકતો નથી. આમાં [illegible] એમ મને લાગે છે. તે વિષે કાંઇ પણ [illegible] હેતુઓ કેવળગમ્ય હોય છે.

થાય છે. પ્રત્યેક વિવેકી મનુષ્યે પોતાના આત્માને સંબોધી સૂચના આપવી. અરે આત્મા ! તને [illegible] રત્નના જેવો આ મનુષ્ય ભવ પ્રાપ્ત થયો છે, તે સાથે સત્કુળમાં જન્મ થયો છે, તે છતાં જો તું પ્રમાદથી આર્હત ધર્મના તત્ત્વને સમજીશ નહીં, તો પછી આ દુઃખમય સંસારચક્રમાં તારે ભ્રમણ કરવું પડશે. અરે જાત્યંધ જીવ ! તું ક્રોધથી દૂર રહેજે, ક્રોધ સર્વદા તિરસ્કારનું પાત્ર છે, માન મહતું સ્થાન છે, માયા કર્મબંધનો હેતુ છે, અને લોભ સર્વ પાપનું મૂળ છે, એ વાત તારા અંતરંગમાં ધારણ કરજે. અરે અધમ જીવ ! તેં તારું બાલ્યવય મોહમય અંધકારમાં મગ્ન થઈ ગુમાવી દીધું, તારુણ્યવય તરુણીના ભોગમાંજ આસક્ત કરી અસાર કર્યું, અને વૃદ્ધવય જરાવસ્થાથી શક્તિ રહિત થઈ ગુમાવીશ, તો પછી તારી શી ગતિ થશે ! અરે ચંચલ ચિત્ત ! જેને માટે તું સમુદ્રને ઉલ્લંઘન કરે છે, ભયંકર અટવીમાં ભ્રમણ કરે છે, ડુંગરોને ઉતરે છે, અને વચનનો ભંગ કરે છે, તેવા દ્રવ્યથી નિઃસ્પૃહ થઈ જા, અને ધર્મનો પવિત્ર માર્ગ ગ્રહણ કર. અરે જીવ ! દ્રવ્ય, જળના પરપોટાના જેવું ચપળ, શરીરને દીવાના કંપવા જેવું ક્ષણભંગુર, તારુણ્યને ચપળ આંખના કટાક્ષના જેવું અસ્થિર, અને જગતને વિદ્યુલ્લતા જેવું ચલિત જાણી, દાન, ધ્યાન, તપ અને શીલથી પવિત્ર એવા ધર્મને ધારણ કર.

આ પ્રમાણે આત્માને પ્રતિબોધ આપી, સર્વ પ્રાણીઓએ ધર્મ આચરણ કરવું. સર્વદા હૃદયમાં શ્રી અર્હંત પ્રભુનું ધ્યાન કરવું. જેના પવિત્ર હૃદયમાં સર્વદા પરમાત્માનું ધ્યાન પ્રવર્તમાન હોય, તેને તંત્ર, મંત્ર, યંત્ર, શાસ્ત્ર, સ્વાધ્યાય પાઠ અને ક્રિયાકાંડની શી જરૂર છે ? તે પ્રાણી પવિત્ર શિરોમણિ છે. આ મહા પંકરૂપ સંસારમાંથી પોતાના આત્માનો તે ઉદ્ધારક છે. [illegible] રંગિત વસ્ત્રને ધારણ કરનારી, શીલરૂપ અલંકારથી સુશોભિત, શ્રદ્ધા ધ્યાન તથા વિવેકના આભૂષણવાળી, કરુણારૂપ હારને પહેરનારી, સદ્બોધરૂપ અંજનથી અંજન કરનારી, અને આનંદરૂપ પત્રવલ્લીથી અલંકૃત એવી ક્ષમારૂપ પ્રિયા તેના [illegible] આલિંગન કરે છે અને [illegible] સુખોનો તે સર્વદા ભાજન થાય છે.

અરે ભવ્યો ! સર્વદા તમારે [illegible] ધ્યાન કરવું. એ પવિત્ર [illegible] અનેક પ્રાણીઓ [illegible] અર્હંત પ્રભુના પ્રતિબિંબ જેના [illegible] છે, તે પ્રાણીઓનું [illegible] છે. તેવા પ્રાણીઓ [illegible] આનંદ [illegible] છે. [illegible] જરાવસ્થા [illegible] છે, અને [illegible] છે. [illegible] નથી. [illegible] નથી. [illegible] નથી. તેથી અર્હંત [illegible] કરવું. [illegible] કરવું. [illegible] અને [illegible] છે અને [illegible] આ દુઃખમય [illegible] નથી, [illegible] છે, અને [illegible] છે.

આ પ્રમાણે દેશના આપી મુનિ વિરામ પામ્યા, એટલે રાણી સુરંવતી વંદના કરી વિનયથી બોલી—મુનિરાજ ! કેટલાંએક વર્ષ પહેલાં મારે પુત્ર થયો હતો. મારા સફલ પુત્ર જયકુમાર વિજેરના ભયથી મેં મારા બાળપુત્રને કોઈ ગુપ્ત સ્થાને રાખ્યો હતો, ત્યાંથી તે પુત્ર અકસ્માત્ ગુમ થઈ ગયેલો છે, તે ક્યાં હશે ? જે હેને પુષ્પના વાડીમાં રાખ્યો હતો, મારો અનાથ બાળપુત્ર કોના હાથમાં આવ્યો હશે ? આપ ત્રિકાળજ્ઞ છો, પરોપકારી છો, અને દુઃખી પ્રાણીઓના આધારરૂપ છો. મારા સંશયને છેદી દૂર કરશો. એ મારા ઔરસ પુત્રનો સંગમ મને થશે કે નહીં ? મારૂં જીવન એ કુમારરત્નના દર્શનથી કૃતાર્થ થશે કે નહીં ? એ આપ જ્ઞાનના પ્રભાવથી જણાવશો. ભવસાગરમાં ભમનારી, અને રાત દિવસ સંતાપ અનુભવ કરનારી, આ અધમ નારીને પુત્રમોહ અત્યંત દુઃખ આપે છે. હે મુનિરત્ન ! આપ કૃપા કરી તે વૃત્તાંત જણાવશો, તો મારા મોહમય હૃદયને શાંતિ મળશે. ગૃહસ્થાવાસમાં રહી ધર્મસાધન કરવામાં મને સંપૂર્ણ સહાય મળશે. આપ સારી રીતે જાણો છો કે, ગૃહસ્થાવાસી મનુષ્યોની વાસના પ્રબળ હોય છે. એ પ્રબળ વાસનાને લઈને તેમને અનેક અંતરાયો ઉત્પન્ન થાય છે, એ અંતરાયથી તેઓને ધર્મસાધન કરવામાં શિથિલતા થઈ જાય છે.

સુરંવતીનાં આવાં નમ્ર વચન સાંભળી અનગાર શિરોમણિ જ્ઞાનદૃષ્ટિથી અવલોકી જરા વિચાર કરી બોલ્યા—સુરંવતી ! તારો પુત્ર તને ઘણી વાર મળ્યો છે, પણ અજ્ઞાનરૂપ અંતર્પટને લઈ, તું જાણી શકી નથી. જ્યારે સફલ પુત્રોના ભયથી તેં તારા પુત્રને પુષ્પના વાડીમાં મુક્યો, ત્યારે એ વડેરીના કહેવાથી આ લક્ષ્મીદત્ત શેઠે મદદ કરેલી છે. અપુત્ર લક્ષ્મીદત્તે તેને પુત્રવત્ માની સ્વીકારેલો છે, તેનું નામ શ્રીધરકુમાર છે. જુઓ તેની મુદ્રિકા ઉપર તે નામ લખવામાં આવ્યું છે, શેઠાણી લક્ષ્મીવતીએ ઉછેરેલો તે પુત્ર હાલ યૌવન વયને પ્રાપ્ત થયો છે. રાજા મદનસિંહ ! તમારો જ્યારે તેને પ્રથમ સમાગમ થયો, ત્યારે તમને તેની ઉપર અતિ વાત્સલ્ય ઉત્પન્ન થયું હતું. ઉત્સંગમાં બેસારી અંતરના સ્નેહથી તમે તેને કંબોજ નગરનું રાજ્ય પ્રસાદમાં આપ્યું હતું. એ તમારો અપૂર્વ સ્નેહ પુત્ર વાત્સલ્ય સૂચવતો હતો. સુરંવતી ! તારો તેની ઉપર જે અપૂર્વ પ્રેમ હતો, તે તારી પુત્રતાને જણાવતો હતો. ભવિક સુરંવતી ! આ પ્રમાણે તારા પુત્રની હકીકત થઈ છે. બીજું શું જાણવાનું છે ? તે કહો. મુનિના આવાં વચન સાંભળી સુરંવતી આનંદ પામી ગઈ. તેના નયનમાં આનંદ અંબુની મનોહર વૃષ્ટિ થઈ ગઈ. સ્તનમાંથી પયોધારા પ્રગટ થવા લાગી. તેના હૃદયમાં પુત્રને મળવાની ઉત્કંઠા વિશેષ જાગ્રત થઈ આવી, વધુ પ્રેમ ઉત્પન્ન થઈ આવ્યો. રાજા મદનસિંહ પણ આનંદમગ્ન થઈ ગયો. શ્રીધરકુમાર પોતાને અંતરનું દુઃખ જાણી તે પિતાને નમન કરવા લાગ્યો. તે કુમારના નમનથી રાજા મદનસિંહ તે પોતાને અને પોતાના રાજ્યને ભાગ્યવંત માનવા લાગ્યો. શ્રીધરકુમારને મળવાની આતુરતા વધવાથી તેણે આવા અંતર ઉત્કંઠાથી નમન થઈ ગયો. લક્ષ્મીદત્ત શેઠ અને લક્ષ્મીવતી તને મળવાની ઇચ્છા સાથે મનમાં વિચાર કરવા લાગ્યા કે, રાજકુમારનું પાલનપોષણ અમારે ઘેર થયું, તેને હવે તેઓ પોતાને ... હવે અમારું શું થશે ? તે સાથે તેના હૃદયમાં એવો વિચાર થયો કે, હવે શ્રીધર અમારા ઘરમાં રહેશે

કે નહીં ? એ રાજકુમાર વણિકગૃહમાં રહેવાનું કેમ પસંદ કરશે ! રાજ્ય લક્ષ્મીના વિલાસમાં મગ્ન થઇ એ અમને તદ્દન ભુલી જશે.

સૂર્યવતી હૃદયમાં આનંદ પામી, ગુરૂને પ્રેમપૂર્વક વંદના કરી બોલી—મહા મુનિ ! હવે એ કુમાર મને ક્યારે દર્શન આપશે ? તે કૃપા કરી જણાવશો. આપે મારા મનની ભ્રાંતિને નિર્મૂળ કરી છે. આપ મહાશયના જ્ઞાનતેજથી મારૂં ચિરકાળનું અંધકાર દૂર થઇ ગયું છે; પણ સાંપ્રતકાળે એ શ્રીચંદ અમને વિયોગાગ્નિમાં મુકી ચાલ્યો ગયો છે, તેથી તેના સમાગમનો મહાન્ લાભ અમને ક્યારે પ્રાપ્ત થશે ? તે જાણવાની પ્રબળ ઇચ્છા છે.

જ્ઞાનરૂપ દિવ્યમણિથી પ્રકાશિત એ મહાનુભાવ મુનિ મંદહાસ્ય કરતા બોલ્યા—રાજશ્રાવિકા ! ચિંતા કરશો નહીં. તમારો કુમાર શ્રીચંદ્ર સુખી છે. અત્રથી એક વર્ષે તેનો સુખદાયક સમાગમ તમને પ્રાપ્ત થશે, ત્યાં સુધીજ તમારે પુત્ર વિયોગનો અવધિ છે. એ મહાનુભાવ રાજકુમાર તમારાં રાજકુટુંબને આનંદરૂપ થશે. છેવટે આત્મસ્વરૂપને અવલોકી, તે પોતાના આત્માને પણ શ્રેપકશ્રેણીમાં આરૂઢ કરશે. ભારતવર્ષમાં એક અદ્વિતીય કેવળીપદ સંપાદન કરશે.

મુનિવરનાં આવાં વચન સાંભળી રાણી સૂર્યવતી, રાજા પ્રતાપસિંહ, અને લક્ષ્મીદત્ત, તથા લક્ષ્મીવતી પરમાનંદને પ્રાપ્ત થઇ ગયાં. મુનિવરે આપેલાં આ સત્ય આશ્વાસનથી તેઓની વિયોગાગ્નિની જ્વાળા લગભગ નિરાંત પામી ગઇ, તેમની આશાલતા હૃદયરૂપ ક્યારામાં નવપલ્લવિત થઇ ગઇ, પતિપ્રાણા ચંદ્રકળાને નવું જીવન પ્રાપ્ત થયું. પોતે એક રાજવીરની પત્ની છે, એમ જાણી તેણીના હૃદયમાં આનંદનો પાર રહ્યો નહીં હવે એક વર્ષ પછી તે એક મહારાણીની પદવીની અધિકારિણી થશે, અને ભવિષ્યમાં કુશસ્થળી પુરીના યુવરાજા અને અનુક્રમે મહારાજાની એક પટ્ટરાણી થશે આ મનોરથે તેણીના અંતરંગમાં શીતળતાનો સંચાર કરવા માંડયો; સર્વ રાજકુટુંબ અને શ્રેષ્ઠિકુટુંબ અતિ આનંદને પ્રાપ્ત થયું. ક્ષણ વાર પછી લક્ષ્મીદત્ત શેઠે મુનિને વંદના કરી પુછયું—સ્વામી ! શ્રીચંદ્રકુમાર ચાલ્યો ગયો, તેનું શું કારણ હશે ? મુનિ બોલ્યા—ભદ્ર ! તેનું કારણ તમે પોતેજ છો, તેણે આપેલા દિવ્ય રથને પાછો લેવાના તમારા આગ્રહે એ રાજકુમારના હૃદયને ક્ષોભ કર્યો છે. તમારી વણિક જાતિના સ્વભાવે દર્શાવેલ લોભ, એ રાજવીરને કેમ પસંદ પડે ! આ સાંભળી લક્ષ્મીદત્ત શેઠને પશ્ચાત્તાપ થયો. શ્રીચંદ્ર જેવા ઉદાર અને સદ્ગુણી પુત્રને પોતે દુભાવ્યો, તેને માટે પોતાને શોક ઉત્પન્ન થયો. લક્ષ્મીદત્તની મુખમુદ્રા મ્લાન જોઇ, રાજા પ્રતાપસિંહે કહ્યુંસેઅશ્રેષ્ઠિવર્ય ! તમે અફસોસ કરશો નહીં. સર્વ પ્રાણી માત્રને પ્રેરણા કરનાર કર્મ છે, કર્મના પ્રભાવથી પ્રાણી પરાધીન થઇ જાય છે, તેમાં તમારો કાંઇ પણ અપરાધ નથી. તમે તો માત્ર નિમિત્તરૂપ છો. આવાં રાજાનાં વચનથી લક્ષ્મીદત્ત શેઠને જરા આશ્વાસન મળ્યું; સર્વે જૈન ધર્મનો જય બોલતી પોતપોતાને સ્થાને ચાલ્યાં ગયાં. પરમજ્ઞાનધારી મુનિ ત્યાંથી બીજે વિહાર કરી ચાલ્યા ગયા.

અંતપટનું ઉદ્ઘાટન.

શ્રીચંદ્રકુમાર એક વર્ષ પછી આવશે, અને તે રાણી સુવર્ણવતીનો ગર્ભ ધરેલો કુમાર હતો આ વાતો લોકોમાં ફેલાવાથી લોકોમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો. શ્રીચંદ્રકુમાર ભવિષ્યમાં પોતાનો રાજા થશે, એવા ઉમંગથી લોકો હર્ષના આવેશમાં આવી ગયા ચોરે, ચકલે, અને શેરીએ શેરીએ આનંદ મંગળ વર્તાઈ રહ્યા. રાજા પ્રતાપસિંહે અને રાણી સુવર્ણવતીએ ચંદ્રકળાને બોલાવી, પુત્રવધૂ તરીકે માન આપ્યું. પછીથી ચંદ્રકળાને મહારાજાના અંતઃપુરમાં નિવાસ રહેવા આપ્યું. લક્ષ્મીદત્ત શેઠને દુઃખ ન લાગે તેવા હેતુથી ચંદ્રકળા કોઈ વાર થોડા દિવસ સુધી તેમને ઘેર પણ રહેતી હતી. પોતાના ધર્મશીલ પતિની રાહ જોઈ આર્હત ધર્મનું આરાધન કરતી હતી એ સદ્ગુણી રાજબાલિકાએ નિશ્ચય કર્યો હતો કે, ધર્મના પ્રભાવથી સર્વ સંપત્તિ, રૂપ, ભાગ્ય, સૌભાગ્ય, અને સત્કીર્તિ પ્રાપ્ત થાય છે. ધર્મના પ્રભાવથી રોગ, વિપત્તિ, સંકટ, અને કલેશ દૂર થાય છે. એ મહાશયા રાજબહેન સદા સર્વદા, ધર્મ આરાધન કરતી, પતિનું ધ્યેય ચિંતવતી, અને સર્વદા નીચેના શ્લોકનું સ્મરણ કરતી હતી

धर्मोऽयं धनवल्लभेषु धनदः कामार्थिनां कामदः
सौभाग्यार्थिषु तत्प्रदः किमपरं पुत्रार्थिनां पुत्रदः ।
राज्यार्थिष्वपि राज्यदः किमथवा नानाविकल्पैःकृतैः,
स्तत्किं यन्न करोति किंतु कुरुते स्वर्गापवर्गावपि ॥ १ ॥

ધન, [illegible] ધનની ઇચ્છા હોય તેમને ધન આપે છે, કામના અર્થીઓને કામ આપે છે, [illegible]ના અર્થીઓને સૌભાગ્ય આપે છે, પુત્રની કામનાવાળાને પુત્ર આપે છે, [illegible] અને રાજ્ય આપે છે. અથવા એવા વિવિધ જાતના વિકલ્પ [illegible] કે જે ધર્મ કરી શકતો નથી? તે સ્વર્ગ અને મોક્ષને પણ [illegible]

॥ દ્વિતીય ખંડ સમાપ્ત. ॥

તૃતીય ખંડ.

પ્રકરણ ૩૮ મું.

મંત્ર ગુટિકા.



એક ભયંકર જંગલમાં વિવિધ જાતનાં વૃક્ષોની શ્રેણી આવેલી છે, એક તરફ નાની નાની ટેકરીઓ જાણે મહા ગિરિની પુત્રીઓ હોય, તેમ શ્રેણીબંધ ઉભેલી છે, આસપાસ પશુ પક્ષીઓનીજ વસ્તી રહેલી છે, ઠેકાણેઠેકાણે વનવાસી મૃગોના ભયંકર ધ્વનિઓ થાય છે, એક તરફ ગિરિમાંથી નિર્મળ જળનાં ઝરણાંઓ મધુર રવે વહે છે, કોઇ કોઇ સ્થળે પવનથી નૃત્ય કરતાં વૃક્ષોમાંથી અદ્ભુત અવાજો ઉદ્ભવે છે, વનનાં નિરંકુશ પ્રાણીઓના ગર્જારવથી ગિરિગુહાઓ ગાજી રહી છે, પવનના પ્રચંડપણાની સાથે મિશ્ર થયેલો ગુફાપંક્તિઓનો પડઘાની પ્રસરી રહ્યો છે, આવા ઘોર અરણ્યમાં એક તરુણ પુરુષ હૃદયમાં અનેક તરંગ કરતો ચાલ્યો જતો હતો. તેના ધૈર્યવાળા હૃદયમાં જરા પણ ભયને અવકાશ મળતો નહતો. તેના પવિત્ર હૃદયમાં ધર્મ ભાવના જાગ્રત હતી, પરમેષ્ઠી મંત્રનો મહાજાપ તે જપતો હતો, અંતરંગમાં અર્હંત ધર્મની મહાજ્યોત પ્રકાશતી હતી, રોમ રોમ અર્હંતપ્રભુની ભક્તિનો પ્રકાશ વ્યાપી ગયો હતો, એ ધર્મવીર યૌવનને તૃણવત્ ગણી, અને વિશ્વના વિલાસને અસાર માની આ નિર્જન અરણ્યમાં વિચરતો હતો. તેના હૃદયમાં કોઇ જાતનો મોહ ઉત્પન્ન થયો નહતો.

કેટલેક દૂર જતાં સાયંકાળનો સમય તેના જોવામાં આવ્યો. ગગનમણિનો રથ અસ્તગિરિના શિખર તરફ વળેલો હતો, પક્ષીઓ મધુર ધ્વનિ કરતાં પોતાનાં વાસસ્થાનમાં એકઠાં થઇ વિશ્રાંતિ લેવા આવતાં હતાં, અંધકારરૂપ મલિન રાજા પોતાનું મહાસૈન્ય લઇ વિશ્વને આક્રાંત કરવા આવતો હતો. આ સમયે તે ધાર્મિક વીરે વિચાર્યું કે, આ અરણ્ય હજુ વિશાળ લાગે છે, કોઇ ગામ કે નગર નજીક જોવામાં આવતું નથી, તેથી અહિં કોઈ વૃક્ષ તળે વિશ્રાંતિ કરી નિશા નિર્ગમન કરવી યોગ્ય છે. આવા ભયંકર જંગલમાં મંગળરૂપ પરમેષ્ઠી મંત્રીનું શરણ લેવું ઉચિત છે. તેના હૃદયમાં " धर्मो रक्षति रक्षितः " એ મહાવાક્ય સ્ફુરી આવ્યું. તત્કાળ એવો નિશ્ચય કરી તે તરુણ પુરુષ એક ઘટાદાર વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા બેઠો.

કેટલીએક ઘડી રાત્રિ ગયા પછી ચંદ્રનો ઉદય થયો, મહારાજા નિશાકરે પોતાનાં કિરણોના પ્રકાશથી રાત્રિ રમણીને શણગારી દીધી. નિશા નારીએ આછાઆછા તારારૂપ અલંકાર ધારણ કરવા માંડયા. આ વખતે તે યુવાન પુરુષ નિશ્ચિંત થવાને વૃક્ષ ઉપર ચડી ગયો. ભૂમિ ઉપર રહેવા કરતાં તેને વૃક્ષ ઉપર રહેવું વિશેષ યોગ્ય લાગ્યું. વૃક્ષની શાખામાં

વિશ્રાંત થઇ બેઠો, ત્યાં એક પુરૂષની છાયા તેના જોવામાં આવી, પ્રકાશિત રાત્રિએ તે છાયાને અનુસારે તેણે ચોતરફ જોવા માંડ્યું, પણ કોઇ આકૃતિ જોવામાં આવી નહીં, તેના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન થયું, તેણે ચિંતવ્યું કે, ' આ કોઇ સિદ્ધ પુરૂષ લાગે છે, અંજનાદિકના યોગથી તેણે પોતાની આકૃતિ છુપાવી છે, માટે હું તેની પછવાડે જાઉં.' આવું ચિંતવી તે તરૂણ પુરૂષ તેની પછવાડે ગયો. આગળ જતાં વૃક્ષોની ઘાટી ઝાડી આવી, એટલે તે ત્યાં ઉભો રહ્યો. એમ કરતાં સૂર્યોદય થયો. સૂર્યના પ્રકાશથી પૃથ્વી ઉપર પગલાં પડેલાં જોવામાં આવ્યાં. તેને અનુસારે તે યુવાન આગળ ચાલ્યો. ત્યાં એક મહા પર્વત આવ્યો. પર્વતની પાસે તે પગલાંની શ્રેણી એક ગુફા તરફ પડેલી જોઇ. તે ગુફાની પાસે આવ્યો. અંદર પ્રવેશનાં પગલાં તેના જોવામાં આવ્યાં, પણ નીકળવાનાં જોવામાં આવ્યાં નહીં, આથી તે પુરૂષ નીકળવાની રાહ જોઇ ત્યાં રહ્યો. તેની પાસે એક સ્વચ્છ જળની વાપીકા હતી, તેમાંથી જળ લઇ ફળાહાર અને જળપાન કરી તે યુવાન ત્યાં એક વૃક્ષ નીચે પેલા પુરૂષની રાહ જોઇ બેઠો.

દિવસનો ત્રીજો પહોર થયો, એટલે તે ગુફામાંથી એક તરૂણ પુરૂષ નીકળ્યો, તેના વેષ ઉપરથી તે ચોર હોય તેમ દેખાતો હતો. વાપીકામાં આવી તેણે જળપાન કર્યું. પછી પેલી ગુફા ઉપર એક શિલા આડી મુકી પાછો વાપિકામાં આવ્યો. ત્યાં સ્નાન કરી એક વસ્ત્રની ગાંઠ છોડી તેમાંથી એક પ્રભાવિક ગુટિકા લઇ મુખમાં આરોપણ કરી. તત્કાળ તે ગુટીકાના પ્રભાવથી અદશ્ય થઇ ગયો. પછી આગળ કોઇ નગર તરફ ચાલ્યો. પગલાને અનુસારે પેલો તરૂણ પુરૂષ પણ તેની પાછળ ચાલ્યો, પેલો ગુટીકાના પ્રભાવથી વેગવડે દોડવા લાગ્યો. એટલે આ તરૂણ પુરૂષ પાછો વળ્યો, જ્યાં પેલી તેની ગુફા હતી, ત્યાં આવ્યો. તે બળવાન્ પુરૂષે બળથી ગુફા ઉપરની શિલા ઉખેડી નાંખી, અને મોટી હીમત ધરી અંદર દાખલ થયો. ગુફાની અંદર કેટલેક દૂર જતાં એક રત્નભરિત સુંદર ઘર જોવામાં આવ્યું. તેની અંદર એક સૌંદર્યથી સુશોભિત અને પ્રૌઢ તેજથી પ્રકાશિત મનોહર બાળા જોવામાં આવી. આ તરૂણ નરને જોઇ બાળા ચમકી ગઇ, એટલે તે પવિત્ર હૃદય બોલ્યો—બેન ' તમે કોણ છો ? આવા ભયંકર સ્થાનમાં ક્યાંથી આવ્યાં છો ? અને એકલાં કેમ રહો છો ? બાળા ' મારાથી ભય પામશો નહીં. મને તમારો ભ્રાતા જાણજો.

તે પુરૂષની ભદ્ર આકૃતિ જોઇ એ સુંદરીને પુરૂં આશ્વાસન મળ્યું. તેણીનાં નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી રૂદન કરતી એ રમણી વિનયથી બોલી—ભાઇ ! હું સ- દુઃખી છું, મારૂં ચરિત્ર કષ્ટ ભરેલું છે આપનું આર્દ્ર હૃદય જોઇ મને કહેવાની પ્રેરણા થાય છે અનાથ બંધુ ! નાયકપુરમાં સારથિપતિ નામે એક બ્રાહ્મણ રાજા છે, તેને [illegible]દત્ત નામે મંત્રી છે, તેની શિવમતી નામે હું પત્ની છું. એ નગરમાં હમેશાં અદ્‌ભુત ચોરી થતી હતી. તે ચોર ગામમાં ચોરી કરીને વિચિત્ર રીતે સંતાઇ જતો હતો. દ્વિજપતિએ ઘણી ચોકીઓ રાખી, પણ કોઇ રીતે તે સિદ્ધ ચોર પકડવામાં આવતો [illegible] રાજાએ તેને પકડવાને માટે અનેક યુક્તિ કરી, અને મોટાં મોટાં ઇનામો જાહેર [illegible] તોપણ કોઇ તેને પકડી શક્યું નહતું. જે કોઇ પકડવાની હીમત કરે, તેનાજ

ઘરમાં તેજ રાત્રે ચોરી થતી હતી આ અદ્ભુત બનાવથી ગામમાં હાહાકાર થઇ રહ્યો હતો, લોકો દુઃખી થઇ નાયકપુરને છોડી ચાલ્યા જવાને તૈયાર થઇ ગયા. રાત્રે કોઇ સુખે સુતું નહીં. તે નિર્દય ચોરનો ભયંકર ત્રાસ વર્તાઇ ગયો. બંધુ ! આથી કરીને નાયકપુરના રાજાએ ક્રોધ કરી મારા સ્વામિ રવિદત્તને બોલાવીને કહ્યું કે, મંત્રી ! ગમે તેમ કરીને આ ભયંકર અને ચમત્કારી ચોરને પકડી લાવો. નહીંતો મંત્રીપદ છોડી દો. અથવા મારી શિક્ષા સહન કરો. રાજાનાં આવાં વચન સાંભળી મારા શાંત પતિ કોપી ચાલ્યા, તેણે પ્રાણ જાય તોપણ ભલે, એવો નિશ્ચય કરી તે ચોરને પકડવાનું કાર્ય માથે લીધું. તે પોતાનું ઘર ખાલી રાખી, મને એકને તેમાં રાખી ચોરની શોધ માટે રાત દિવસ ભમવા લાગ્યા. મારા પતિનો નિશ્ચય જાણી એ કર્માંગુ દુષ્ટ ચોર મારા ઘરમાં આવ્યો. ઘર ખાલી કરેલું હતું, કાંઇ પણ દ્રવ્ય કે વસ્તુ હાથ આવી નહીં, પછી તે દુષ્ટ મને ઉપાડીને અહિં લાવ્યો છે. પ્રિય ભાઇ ! ત્યારથી હું એ દુષ્ટના પંજામાં સપડાણી છું. મારે એક બાળપુત્ર છે, તેની શી દશા થઇ હશે ? પતિ અને પુત્રના વિયોગે હું અહિં કષ્ટ દશા ભોગવું છું. એ દુષ્ટ ચોરે મને આ ભયંકર કારાગૃહમાં નાખી છે. પુણ્યયોગે હું અદ્યાપિ પવિત્ર રહી છું. સદૈવની અનુકૂળતાથી મારા શીળને હું સાચવી શકી છું. વ્હાલા ભાઇ ! જો શક્તિ હોય તો મારી સહાય કરો. એ દુષ્ટ ચોર કોઇનાથી પરાભૂત થાય તેવો નથી. તે ચોરનું નામ રત્નાકર છે, તેની પાસે એક સિદ્ધ અંજન ગુટીકા છે, તેના પ્રભાવથી તે અદ્રશ્ય થઇ શકે છે. કૃપાળુ બંધુ ! આપના વિશાળ લલાટ ઉપર ક્ષાત્ર તેજ ચળકી રહ્યું છે, આપનું સામર્થ્ય, આકૃતિ ઉપરથી દેખાઇ આવે છે. દયા લાવી આ દુઃખી બેનની રક્ષા કરો મારા બાળપુત્રના મુખનું દર્શન મને કરાવો, આ પ્રમાણે કહી તે રમણી ઉંચે સ્વરે રુદન કરવા લાગી.

વાંચનાર ! અધીરા થશો નહીં, આ તરુણ પુરુષ તે આ વાર્તાનો નાયક શ્રીચંદ્રકુમાર હતો. લક્ષ્મીદત્ત શેઠની મુગ્ધતાથી કંટાળી કુશસ્થલીનગરીને છોડી ચાલ્યા પછી આ ભયંકર અટવીમાં તે આવી ચડ્યો હતો, એ ધર્મવીર શ્રીચંદ્રને આ ગુફામાં તે દુઃખી બેનનો સમાગમ થઇ આવ્યો હતો, તે બાળાને દુઃખી જોઇ, તેના દયાળુ હૃદયમાં ઘણી અસર થઇ હતી.

શ્રીચંદ્રકુમાર—બેન ભગિની ! રુદન કરો નહીં. હું તમારો ધર્મ બંધુ છું. તેમ બનતી ચિન્તા રાખશો નહીં. હું વિદેશી છું. સંકટ મને રુચે તો હું સમર્થ છું. યથાશક્તિ તમને સુખી કરવાનો હું પ્રયત્ન કરીશ. બેન ! મારી સાથે ચાલો, હું તમને તમારે ઘેર પહોંચાડું. તે દુષ્ટ ચોર આવ્યા પહેલાં આપણે ચાલ્યા જઇએ તો સારું. શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી ચિત્રમતી સત્વર તૈયાર થઇ. શ્રીચંદ્ર ચિત્રમતીને લઇ નાયકપુરમાં આવ્યો, ત્યાં તેને ઘેર પહોંચાડી, તેનો પતિ રવિદત્ત પોતાની સ્ત્રીને જોઇ અપાર આનંદ પામ્યો. ચિત્રમતીએ પોતાના ઉપકારી રાજકુમારની પ્રશંસા કરી, એટલે રવિદત્ત શ્રીચંદ્રના ચરણમાં પડ્યો. અત્યંત પ્રેમ લાવી, તેનો આભાર માની, તેને પોતાના તરફથી પૂરતું દ્રવ્ય આપવા માટે તેણે આગ્રહ માંડ્યો. ઉદારદીલ શ્રીચંદ્રે તે લેવાની ના પાડી, અને પોતાની

ભરેખરી આકારનું ગુપ્ત રહસ્ય આપી. ઘણો આનંદ કરવા પણ જ્યારે ચોથે કાંઈ લીધું નહીં, ત્યારે રવિદત્ત વિનયથી બોલ્યો— ઉપકારી મહારાજ ! આપે કરેલા ઉપકાર બદલો મારાથી શી રીતે વળશે ! જ્યારે આપ મારી પાસેથી કાંઈપણ ઉપકાર લેવા નથી તો છેવટે મારી એક પ્રાર્થના છે, તે આપ સ્વીકારશો. તમારા જેવા મહોપકારી મહા પુરુષનું મને હમેશ સ્મરણ રહે. તેથી આપનું નામની મુદ્રા મને અર્પણ કરો. ચોરે સ્નેહથી પોતાની નામમુદ્રા રવિદત્તને આપી, પોતાની ધર્મબેન વિરમતીની રજા લઈ ચોરે ત્યાંથી ચાલી નીકળ્યો. શેઠના પુત્રને માટે પેલા રત્નાકર ચોરનો નિશ્ચય કરવાની તેની સ્નાન કર્યું, તેથી સ્વચ્છંદ પણે તે અત્યંત સુખી થઈ ચાલ્યો.

પેલો દુષ્ટ શેઠ રત્નાકર ગામમાંથી આવી, ઘેર પાછો આવ્યો: આ ગુટિકા દિવ્ય રવિદત્ત સ્નેહ ...

સુવર્ણ મુદ્રાના લાભથી રત્નાકર અતિ બળ કરી, તે વસ્ત્ર ખેંચવા લાગ્યો, તથાપિ શિલા નીચેથી તે કાઢી શક્યો નહીં. તેણે પ્રસ્વેદ ઉત્પન્ન થાય તેવી રીતે શરીરને ઘણો પ્રયાસ આપ્યો, તથાપિ શિલા નીચેથી વસ્ત્રો નીકળી શક્યાં નહીં. તે પછી પેલા પાંચ મુસાફરો અતિ-બળથી વસ્ત્રને બાહેર કાઢવા મથ્યા, તેમનાથી પણ શિલા ચલાયમાન થઇ નહીં. જ્યારે તેઓ શાંત થઇ ઉભા રહ્યા, એટલે બલિષ્ટ રાજકુમારે તે સર્વની સમક્ષ શિલા નીચેથી તે વસ્ત્રો ખેંચી લીધાં. વસ્ત્રની સાથે તેને ગુટિકાનો અલભ્ય લાભ મળી ગયો. તેના મનમાં વાંછિત લાભ મળવાથી અપાર હર્ષ ઉત્પન્ન થયો. પછી રાજકુમારે આમ્રફળ મંગાવ્યાં, તે વડે સર્વને તૃપ્ત કર્યા. દુષ્ટ રત્નાકર નિસ્તેજ થઇ ગયો, વસ્ત્રની સાથે બાંધેલી ગુટીકા જવાથી તેના મનમાં અતિશે ખેદ ઉત્પન્ન થયો જો તે ગુટીકા જાહેર કરી માગી લે, તો રાજકુમાર તેને આપે તેમ નહતો, પેલા પાંચ મુસાફરોની સાક્ષીએ તેણે પ્રથમથીજ ઠરાવ કર્યો હતો કે, જે તે વસ્ત્રને ખેંચી લે, તે વસ્ત્રનો સ્વામી થાય. રત્નાકરે મનમાં વિચાર્યું કે, આ કુમાર બળવાન્ છે, તે જો ગુટિકાનો પ્રભાવ જાણશે, તોપછી મારી ગુપ્ત ગુફાને ઓળખી લે, માટે હાલ કાંઇ પણ કહેવું નહીં, હળવે હળવે યુક્તિ કરી તેની પાસેથી તે મેળવી લઇશ, આવું ચિંતવી રત્નાકર કાંઇ પણ બોલ્યો નહીં.

આ પ્રમાણે પેલા પાંચ મુસાફર કે જેઓ ચોર હતા, તે અને રત્નાકરની સાથે શ્રીચંદ્રકુમાર અનેક જાતની ગંમત કરતો હતો, તેવામાં દૂરથી એક મોટો કોલાહલ સાંભળવામાં આવ્યો. તે કોલાહલ નાયકપુરના રાજાનાં માણસોનો હતો. તેઓ ચોરની શોધમાં ફરતા હતા. તે કોલાહલ સાંભળતાંજ પેલા પાંચ ચોર જીવ લઇને નાશી ગયા. રત્નાકર પણ ભય પામતો પલાયન કરી ગયો. તે વખતે શ્રીચંદ્રકુમાર પેલી સિદ્ધ ગુટિકા મુખમાં રાખી, અદૃશ્ય થઇ વૃક્ષ ઉપર ચડીને ઉભો રહ્યો. રાજસેવકોએ ત્યાં આવી જોયું, એટલે કોઇ ચોર લોક જોવામાં આવ્યા નહીં, તેઓ તેમને પગલે પગલે આગળ શોધવાને ચાલતા થયા.

શ્રીચંદ્રકુમાર એ સ્થાનને નિશાનીથી ધ્યાનમાં રાખી વિદેશનાં કૌતુક જોવાને ત્યાંથી પ્રસાર થઇ ગયો.



પ્રકરણ ૨૯ મું.

દુષિત સૌંદર્ય.



પ્રાતઃકાળનો સમય હતો, ગગનમણિમાંથી કીરણોનો પ્રકાશ વિશ્વને સુવર્ણરંગી કરતો હતો. પ્રકૃતિમાતાનો પ્રવાહ લોકોમાં પ્રવર્તતો હતો, ગાઢ અંધકારમાંથી મુક્ત થએલું જગત અનેક આનંદની આશાઓ બાંધતું હતું. નિશાપતિ પોતાની રતિરમણીના વિયોગથી નિસ્તેજ થઇ, શોક પ્રદર્શિત કરતો હોય, તેમ દેખાતો હતો.

આ સમયે એક સુંદર કુમારિકા જાગૃત થઇ હતી; પણ તેના નેત્રનું અંધકાર દૂર થતું નહતું, તે જન્મથીજ ઘેર અંધકારમાં રમે હતી. વિધાતાની પ્રકાશ શક્તિને તે બિલકુલ જાણતી નહતી. એ બાળા જન્મથી અંધ હતી. તેનું સૌંદર્ય અનુપમ હતું, પણ એ બહાર દેખાવમાં તે દૂષિત હતું. [illegible] આપનારી કમ પ્રકૃતિની તે ભોગ થઇ પડી હતી

માકંદનગરના રાજા ત્રિલોચનની પુત્રી સુલોચના હતી. રાજકુમારી સુલોચનાનું સૌંદર્ય અલૌકિક હતું. માનવ સૌંદર્યમાં તેણે અગ્રપદ મેળવ્યું હતું. પણ કર્મયોગે તે જન્માંધ હતી. તેનાં પ્રેમી માતાપિતાએ પુત્રીપ્રેમને વશ થઇ તેણીનું નામ સુલોચના પાડ્યું હતું, પણ તે નામ આ મનોહર બાળામાં ફળીભૂત નહતું. કોઇ જ્ઞાનીએ ભવિષ્યમાં તે સુલોચના થશે, એવી સૂચના કરવાથી પુત્રીવાત્સલ્યને વશ થયેલા રાજા ત્રિલોચને તે નામ કાયમ રાખ્યું હતું

જ્યારે સુલોચના પ્રાતઃકાળે પોતાના અંધપણાનો અફસોસ કરતી હતી, તે વખતે તેની માતા ગુણસુંદરી આવી ચડી હતી. પુત્રીનો વિલાપ સાંભળી તેણીનું હૃદય ભરાઇ આવ્યું હતું, તેણીનાં નયનમાંથી અશ્રુધારા ચાલતી હતી. પુત્રી વત્સલા માતા પોતાની જન્માંધ પુત્રીને જોઇ, પ્રતિદિન અપાર શોક કરતી હતી.

સુલોચનાની પાસેથી ગુણસુંદરી પોતાના પતિ ત્રિલોચન રાજા પાસે આવી, પ્રિયાને અશ્રુપૂર્ણનયના જોઇ, રાજાએ કહ્યું. પ્રિયા ! પ્રાતઃકાળમાં આવું અમાંગલ્ય કેમ કરો છો ? શય્યામાંથી ઉઠ્યાં ત્યારે મુખચંદ્ર ઉપર હાસ્યકિરણો સ્ફુરતાં હતાં, અને સત્વરમાં તે કેમ બદલાઇ ગયાં ? પતિના આવા પ્રશ્ન સાંભળી રાજમહિષી ગુણસુંદરી બોલી, પ્રાણનાથ ! શય્યામાંથી ઉઠીને હું સુલોચના પાસે ગઇ હતી. ચતુર પુત્રી પોતાના જન્માંધપણાનો અફસોસ કરતી રડતી હતી. પ્રાણેશ ! ગમે તેમ કરી એ પ્રિય પુત્રીને દુઃખમાંથી મુક્ત કરાવો. કદિ અર્ધું રાજ્ય કે અનર્ગળ દ્રવ્યનો વ્યય થાય, તોપણ એ કાર્ય આપણે મહાન્ પ્રયાસથી કરવું જોઇએ. આવી અંધ પુત્રી યાવજ્જીવિત ઘરમાં રહે, તે અતિ કષ્ટ છે રાજપુત્રીની જિંદગી નિષ્ફળ થાય, એ આપણને નામોશી છે. ગમે તે ઉપાય કરી એ રાજકુમારીને દુઃખમાંથી મુક્ત કરો. પુત્રી વાત્સલ્ય પૂર્ણ રીતે પ્રકાશ કરો, અને પિતાના પવિત્ર પદવીને કૃતાર્થ કરો.

રાણી ગુણસુંદરીનાં આવાં વચન સાંભળી રાજા ત્રિલોચનના હૃદયમાં ઘણી અસર થઇ આવી. પુત્રીને અંધપણાના દોષમાંથી મુક્ત કરાવવા પ્રયાસ કરવાનો તેનું હૃદયે નિશ્ચય કર્યો. રાજાએ હૃદયથી કહ્યું, પ્રિયા ! તમારા વચન સાંભળી મારા હૃદયમાં ઘણી અસર થઇ છે. સુલોચના જેવી સુંદર પુત્રી અંધ થઇ અંતઃપુરમાં રહે. એ મને ઘણી નામોશી છે. મહાન્ પ્રયાસ કરી એ રાજપુત્રીને દુઃખ મુક્ત કરવી જોઇએ. જ્યાં સુધી સુલોચના અંધપણાનું દુઃખ ભોગવે છે, ત્યાં સુધી મારા જીવિતને ધિક્કાર છે. જગતમાં ત્રિલોચન રાજા નિંદાનું પાત્ર છે. પ્રિયા ! હવે સત્વર તેનો ઉપાય કરવા હું પ્રયાસ કરીશ.

આટલું કહી રાજા ત્રિલોચન ત્યાંથી બેઠો થયો, સભા મંડપમાં આવી તેણે પોતાના મુખ્ય મંત્રીને બોલાવ્યો. હજુરમાં મંત્રી હાજર થયો, એટલે રાજા ત્રિલોચને આજ્ઞા કરી—સચિવમણિ ! આજે માકંદનગરમાં એવી આઘોષણા કરાવો કે, “ જે કોઇ પુરૂષ દિવ્ય વિદ્યાથી, મણિ, મંત્ર, કે ઔષધીના પ્રયોગથી રાજપુત્રી સુલોચનાને ખરેખરી સુલોચના કરશે, તેને અર્ધ રાજ્ય, તે પુત્રી અને સર્વ પ્રકારની મિત્રતા સાથે સત્તા આપવામાં આવશે. ” રાજાની આવી આજ્ઞા મસ્તક ઉપર ચડાવી મંત્રી વિદાય થયો.

મંત્રૈકનગરમાં ને આઘોષણા કરવામાં આવી. જેથી અનેક પ્રકારની લોકચર્ચા ઉત્પન્ન થઈ. દેશવિદેશમાં પણ એ વાતો પ્રસાર પામી. આ વાતો સાથે સુલોચનાનું સૌંદર્ય પણ વિશેષ પ્રકારમાં આવ્યું. ઘણા દિવસ સુધી આઘોષણા કરવામાં આવી, પણ કોઈ તેવો ચમત્કારી પુરૂષ મળ્યો નહીં. રાજા વિલોચન હૃદયમાં નિરાશ થયો, પણ તેણે તે ઉદ્યમ જારી રાખ્યો. દેશવિદેશમાં આ વાર્તા પ્રસાર પામવાથી અનેક માંત્રિકો, તંત્રવેદીઓ અને ઉપાસક તાપસો આવી, વિવિધ જાતના પ્રયોગો કરવા લાગ્યા, પણ કોઈ સુલોચનાને સુલોચના કરી શક્યું નહીં. રાણી સુરસુંદરીના હૃદયમાં ચિંતા થવા લાગી. પોતાની પ્રિયપુત્રીનું અંધત્વ દૂર કરવા તે મહારાણી અનેક કષ્ટ ભરેલાં તપ કરતી હતી, અનેક ઔષધ ઉપચાર જાણનારા વૈદ્યોની અને માંત્રિક મહાશયોની સેવા કરતી હતી.

પ્રકરણ ૪૦ મું.

યક્ષ કન્યા.



અહીં શ્રીચંદ્રકુમાર અનુક્રમે ફરતો ફરતો એક સુંદર નગરની નજીક આવ્યો, દૂરથી તે શહેર ઘણું રમણીય લાગતું હતું, તેની અંદર ધનાઢ્યની હવેલીઓ શ્રેણીબંધ ઉભી હતી તેમની ચંદ્રશાળા (અગાશીઓ) ગગનની સાથે વાતો કરતી હતી શહેરના કિલ્લાની શોભા અતિ રમણીય હતી, નગરદ્વાર ઉપર આવેલી કમાનો કારીગીરીથી સુશોભિત લાગતી હતી.

આ રમણીય નગરને દૂરથી જોઈ શ્રીચંદ્રને હર્ષ ઉત્પન્ન થયો, તેણે વિચાર્યું કે, “ અહા ! આ કેવું સુંદર શહેર છે ? તેમની રમણિયતા પ્રત્યેક પથિકોના હૃદયને આકર્ષે તેવી છે. તેનો સુંદર કિલ્લો કેવો ભવ્ય લાગે છે ! ધનાઢ્યોની હવેલીઓ કેવી મનોહર છે ! આ નગર ખરેખર જોવા લાયક છે. ભારતવર્ષની રમણીયતા આવા શહેરોની શોભાને લઇને જ લાગે છે આજે મારાં અનેક દિવસો પૂરા થશે. આટલા દિવસની મુસાફરી આજે સફળતા સંપાદન કરશે ” આવું વિચારી શ્રીચંદ્ર ઉતાવળો ચાલી નગરદ્વાર આગળ આવી પહોંચ્યો નગરદ્વારની આગળ ઉભો રહ્યો, ત્યાં કોઈ મનુષ્ય તે દ્વારમાંથી નીકળતો કે પેસતો જોવામાં આવ્યો નહીં આથી તેને આશ્ચર્ય થયું આશ્ચર્યથી વિચાર કરી નગરદ્વારમાં પેસવા માંડ્યું, ત્યાં દ્વારના ઉર્દ્ધ ભાગેથી “ રાજકુમાર પ્રવેશ કરશો નહીં. પ્રવેશ કરવામાં ઘણાં વિઘ્નો છે. ” આ વાક્ય સાંભળી શ્રીચંદ્ર ચમકી ઉભો રહ્યો. ઉંચે દ્રષ્ટિ કરી જોયું, ત્યાં એક બાળિકા જોવામાં આવી. કુમાર બાળિકાને જોઈ બોલ્યો—બાળિકા ! મને પ્રવેશ કરતાં કેમ વારે છે ! આવા સુંદર નગરમાં પેસવામાં શું છે ! અહીં કોઈ પણ માણસ કેમ જોવામાં આવતું નથી ! આ શહેરમાંથી મનુ

બાહેર કેમ નીકળતી નથી ? સારિકા બોલી—રાજકુમાર ! અહીં કુંડળગિરિ નામે એક ગિરિપ્રદેશ છે, તેની આસપાસ મોટો દેશ રહેલો છે, તેની રાજધાની આ કુંડળપુર નામે નગર છે, આ નગરમાં અર્જુન નામે એક રાજા થઇ ગયો છે, તેને પાંચ રાણીઓ હતી, તે સર્વમાં રૂપથી રતિને તિરસ્કાર કરનારી **સુરસુંદરી** નામે પટરાણી છે. આ સુંદર નગરમાં છ દિવસ ગયા પછી સાતમે દિવસે ચોરી થતી હતી, આ ચોરીનો પત્તો બીલકુલ લાગતો નહીં. આથી રાજા અર્જુન અત્યંત પામી પોતાની જાતે તેની તપાસ કરવા લાગ્યો. એક વખત સાતમો દિવસ આવ્યો, એટલે રાજા અર્જુન શહેરમાં ફરવા નીકળ્યો. દૈવયોગે પેલો ચોર કોઇનો માલ લઇ જતો દૃષ્ટિએ પડયો. રાજા ગુપ્ત રીતે તેની પાછળ ચાલ્યો. સાથે કોટવાળનો પરિવાર લીધો. થોડેક દૂર જતાં તે ધૂર્ત ચોર સર્વની નજર ચુકવી કોઇ મઠમાં પેસી ગયો. ત્યાં કોઇ તાપસ સુતો હતો, તેની પાસે તે ધનનો માલ મુકી ચોર ક્યાંઇ ચાલ્યો ગયો. રાજા અર્જુને અને પોલીસે ઘણી વાર સુધી તે ચોરને શોધ્યો, પણ પત્તો મળ્યો નહીં. છેવટે રાત્રી વીતી ગઇ, ત્યાં સવારે પેલા મઠમાં પડેલો તાપસ જોવામાં આવ્યો. તાપસની પાસે ચોરીનો માલ જોઇ પોલીસે તેને પકડયો, અને ક્રોધ પામેલા રાજાના હુકમથી તેને ત્યાંજ મારી નાખવામાં આવ્યો.

રાજકુમાર ! તે નિરપરાધિ તાપસ રૌદ્ર ધ્યાન કરતાં મૃત્યુ પામી રાક્ષસ થયો. પોતાનું વૈર લેવા તેણે આ નગરમાં મોટા ઉપદ્રવ કરવા માંડયા. શેહેરમાં અનેક લોકોને જીવથી મારી નાખવા માંડયા. છેવટે રાજા અર્જુનને અંધારી રાત્રે મારી તેની સેનાનાં અને પોલીસનાં માણસોનો પણ ઘોર સંહાર કરવા માંડયો.

રાક્ષસના ત્રાસથી કુંડળપુરમાં હાહાકાર થઇ રહ્યો. લોકો શેહેર છોડી જીવ લઇ નાસી ગયા રાજાની તમામ સેના, અને મંત્રીવર્ગ ભય પામી ચાલ્યા ગયા, તે નિર્દય રાક્ષસે અર્જુન રાજાના અંતઃપુરનો રોધ કર્યો, અને તેની પાંચ રાણીઓને ભોગની લાલસાએ ત્યાંજ જીવતી રહેવા દીધી, તેમાં રાણી સુરસુંદરીને ગર્ભ હતો, અને પ્રસવ થવાનો વખત નજીક હતો, તે ચતુર રાણીએ જાણ્યું કે, જો મારે પુત્ર થશે, તો તે આ નિર્દય રાક્ષસને મારી મને દુઃખમાંથી મુક્ત કરશે, આવી ઉત્તમ આશા ધારણ કરી રહેલી, તે રાણીને એક પુત્રી થઇ, જેના જન્મ વખતે રાણી નિરાશ થઇ મૂર્છા પામી હતી, તે પુત્રીનું નામ **ચંદ્રમુખી** છે, હાલ તે યોગ્ય વયે પહોંચી છે.

રાજકુમાર ! તે નિર્દય રાક્ષસ આ ઉજ્જડ નગરમાં એકલો રહે છે, તે રાણીઓના અંતઃપુરથીજ આનંદ માને છે, જો કોઇ મનુષ્ય આ નગરમાં આવે, તેને તે જીવથી મારી નાખે છે, તેવી રીતે અનેક માનવ હત્યા કરી, તે આત્માને કૃતાર્થ માને છે. અહ રાજકુમાર ! તેથી હુ તમને અંદર જવાની ના કહું છું, તમારી સુંદર આકૃતિ જોઇ, અને તમારા જેવા નરરત્નનું જીવન ઉપયોગી જાણી, મને તમારા પુણ્યે પ્રેરણા કરી છે, ગમે તેવો પરાક્રમી હોય, તોપણ તે દુષ્ટ રાક્ષસનો ભોગ થઇ પડે છે. જ્યાં સુધી તેનાં પાપી પરિણામ પરોન્મુખ થયાં નથી, ત્યાં સુધી કોઇ પણ તેને મારવાને સમર્થ થઇ

રહ્યું નથી. નૃપકુમાર ! તમે ખરેખર વીર દેખાઓ છો, તમારા લલાટ ઉપર રાજ[illegible] ઝળકે છે, તથાપિ આ મારા સંકટમાં ઉતરવાને હું તમને સંમતિ આપી શકતી નથી.

બાલિકાનાં આવાં વચન સાંભળી શ્રીચંદે હાસ્ય કરતાં કહ્યું, ભદ્રે ! તમારૂં ક[illegible] ખરૂં છે કેટલાએક નિર્બળ ભરેલાં કાર્યો સાહસથી કરતાં ભયભીત થઈ પડે છે; તથાપિ આ દુષ્ટ રાક્ષસનું ચરિત્ર સાંભળી મને અતિશય ક્રોધ ઉત્પન્ન થાય છે, તેને પરાભવ કરવાને મારામાં શક્તિ છે કે નહીં, તે હું જણાવી શકતો નથી, પણ તેવા દુષ્ટને શિક્ષા કરવાનું મારૂં કર્તવ્ય છે, એમ તો મારા અંતરમાં નિર્ણય થાય છે. ક્ષત્રિઓનું જીવન પરોપકારી, સાહસ ભરેલું અને નિર્ભય હોય છે. પ્રજા ઉપર શાસન ચલાવવાની શક્તિ ધારણ કરનાર કોઈ પણ રાજવીર પ્રજાને દુઃખી જોઈ શકતો નથી. તત્કાળ તે પ્રજાની સહાય કરવાને આતુર પડે છે. તે પોતાનો પ્રજાપાલનનો ધર્મ સમજી પ્રાણને પણ ગણતો નથી. ભદ્રે ! તમે મારા હિતની ખાતર મને જવાની મના કરો છો, પણ હું સાહસ કરી અંદર પ્રવેશ કરીશ. જો બનશે તો, એ રાજવંશી રમણીઓને દુઃખમાંથી મુક્ત કરીશ.

શ્રીચંદકુમારનું આવું ધૈર્ય અને ક્ષત્ર જાતિનું અભિમાન જોઈ, બાલિકા હર્ષ પામી. તેને અંતરથી આશિષ આપી ઉઠી ગઈ. રાજકુમારે તે દિવ્ય નગરમાં પ્રવેશ કર્યો. રાજમાર્ગમાં નગરશેઠ હવેલીઓની શ્રેણીઓ, ચૌટા, અટારી, અગાશી અને બગીચાઓની મનોહર રચનાઓ અને ગૃહદ્વારના તોરણ વગેરે ચમત્કાર દેખાવો ઉજ્જડ થયેલાં જોઈ શ્રીચંદને વિશેષ આશ્ચર્ય થયું. જુદી જુદી આકૃતિવાળી શેરીઓ, દારમાંહ્ય ચૌટાના માર્ગો, નમૂનાદાર દુકાનોની શ્રેણી જોતો જોતો શ્રીચંદકુમાર દરબારગઢ પાસે આવ્યો.

મહારાજા અર્જુન ભૂપતિનું રાજદ્વાર જોઈ તે ચકિત થઈ ગયો હશે. અમૂલ્ય રત્ન, હીરા અને મરકતની કાંતિથી સુશોભિત રાજમહેલ જોઈ તે આશ્ચર્યવંત થઈ ગયો. આવા સુંદર રાજમહેલ કે જેના ઝરૂખે રાજરાણીઓ ક્રીડા કરતી હશે, તેનો નિર્જન સ્વરૂપે અને તે દુષ્ટ રાક્ષસ ઉપર, તેવા દેખાવનું સ્મરણ કરી, રાજકુમારે તેને વિશેષ વૈર ઉત્પન્ન થયો. આવી સુંદર મનોહર રાજ્યનગરીને ઉજ્જડ કરનાર તે દુષ્ટ રાક્ષસને શિક્ષા કરવાનો તેણે નિશ્ચય કર્યો. અનુક્રમે આગળ ચાલી રાજકુમારે રાજમહેલની અંદર પ્રવેશ કર્યો. ધૈર્યથી તીક્ષ્ણ ખડ્ગને ધારણ કરી રાજપુત્ર અર્જુન નરેશના અંતઃપુરમાં આવ્યો. અંદર જઈને તેણે પોતાનો [illegible] જોઈ ચિંતવન કરતી શય્યા ઉપર બેઠેલી બાળાને [illegible] એક સુંદર [illegible] તેમ પૂર્ણ રીતે પ્રૌઢ વયની મહેલના એક ભુવનમાં આવ્યો. [illegible] તે ઉપર કોમળ તળાઈ અને ઉપર રત્નજડિત [illegible] ઉપર શ્રીચંદ સુઈ ગયો. તેણે પંચપરમેષ્ઠિ [illegible] નિદ્રિત થયે હતો. [illegible] રક્ષા કરી, એ મહામંત્રરૂપ કવચ પહેરી રાજ[illegible] [illegible] રાજકુમારને તેને નિદ્રા આવી ગઈ. ઘણા દિવસ થયાં આરામ [illegible] રાજકુમારને ઘણા દિવસનું સુખ સંપાદન થયું. લક્ષ્મીદત્ત [illegible] મહેલમાં તેણે જેવો નિદ્રા લીધી, તે નિદ્રાને આગે અનુસર થયો.

રાજકુમાર પછી નરમાંસ ભક્ષક પેલો રાક્ષસ બહારથી આવ્યો. રાજમહેલ આગળ આવતાં તે મનુષ્યના પગલાં તેના જોવામાં આવ્યાં. તે પગલાંની શ્રેણી રાજમહેલની અંદર જતી જોઈ તે આશ્ચર્ય પામ્યો. તેને અનુસારે મહેલમાં શોધ કરતાં જ્યાં શ્રીચંદ નિશ્ચિંત થઈ સુતો હતો, તેજ ભુવનમાં આવ્યો. તેને જોતાંજ રાક્ષસ આશ્ચર્ય પામી ગયો. તેના મનમાં આવ્યું કે, આવો ધીર પુરૂષ કોણ હશે ? પોતાના જીવિતની અપેક્ષા કર્યા વગર મારી શય્યા ઉપર આવી સુતો છે. એ કેવું સાહસ ! આ નિર્ભય પુરૂષને સુતેલ [illegible]માં ફેંકી દઉં, પછીથી તેના ચૂરેચૂરા કરી નાખું, કે કંડાકે [illegible] સહિત ગળી જઉં ? આવું ચિંતવી રાક્ષસે હાક મારી, અરે નિર્લજ્જ! તું કોણ છે ? સત્વર ઉઠી જા. રે ગમાર! તું ક્યાં સુતો છું ? એ વિચાર કર. આ કોના સ્થાનમાં આવ્યો છું ? અરે શીયાળ ! કેશરીસિંહના સ્થાનમાં આવી સુતાં તને કેમ શરમ આવતી નથી ? હું કોણ છું ? તે તને વિચાર પણ ન થયો ? આવાં રાક્ષસનાં વચન સાંભળી રાજકુમાર જાગી ગયો. તેણે પોતાની પાસે જ ઉભેલા રાક્ષસને જોયો. રાજકુમાર નમ્રતાથી બોલ્યો, અરે ભાઈ ! તું નીતિ જાણે છે કે નહીં ? કેમ પણ સુતેલા માણસને જગાડવો તે નીતિ વિરૂદ્ધ છે. તે નીતિ વિરૂદ્ધ વર્તનાર અધમ પુરૂષ કહેવાય છે. જેને માટે નીચે પ્રમાણે નીતિનો શ્લોક છે.

धर्मनिंदी पंक्तिभेदी निद्राच्छेदी निरर्थकः ।
कथाभंगी गुणद्वेषी पंचैते परमाधमाः ॥ १ ॥

ધર્મની નિંદા કરનાર, પંક્તિભેદ કરનાર, નીરર્થક નિદ્રાનો ભંગ કરનાર, કથામાં ભંગ કરનાર, અને ગુણનો દ્વેષ કરનાર, એ પાંચ અતિ અધમ પુરૂષ છે. ૧

વળી તું વિચાર કર. હું તારે ઘેર મુસાફર અતિથિ આવેલો છું. ઘેર આવનાર અતિથિનો [illegible] ઉત્તમ પુરૂષ ઘેર આવેલા મિજમાનની સારી બરદાસ કરે છે. રાજકુમારનાં આવાં વચન સાંભળી રાક્ષસ બોલ્યો, અરે અધમ ! તું અમારે [illegible] કરે છે ? [illegible] છે, પુછ્યા વિના બીજાના ઘરમાં પ્રવેશ કરવો, એ કેવું નીચ કામ છે ? તારા જેવા નીચ પુરૂષનું આતિથ્ય કરવું યોગ્ય નથી. [illegible] આવાં અનુચિત વચન કેમ બોલે છે ? હું [illegible] છે ? [illegible] નથી [illegible] પાવન કરી દીધું. એ કેવી વાત ? અરે અધમ! [illegible] તને [illegible] પણ આવી નહીં ? [illegible] હું [illegible] છું, અને આ [illegible] છે. તેથી તું [illegible] નથી. [illegible] અને [illegible] તેથી તું [illegible] ઉપર બેસે, [illegible] નથી.

રાજકુમારનાં આવાં વચન સાંભળી રાક્ષસ ચમકી ગયો. કુમારની અલૌકિક કાંતિ જોઇ તે નિસ્તેજ થઇ ગયો. ક્ષણ તેના મનમાં વિચાર થયો, આ રાજકુમાર ખરેખરો પ્રતાપવાન્ છે. મારા જેવા ક્રૂર રાક્ષસના ઘરમાં આવી તે નિશ્ચિંત થઇ સુઇ ગયો, એ કેવું ધૈર્ય ! આવા વીર શિરોમણિ કુમારને મારે ધન્યવાદ આપવો જોઇએ. આવું વિચારી રાક્ષસ ખુશી થઇ બોલ્યો, રાજવીર ! તમારી હિંમત જોઇ હું ખુશી થયો છું. તમારૂં સત્ત્વ જોઇ મારૂં હૃદય અતિ સંતુષ્ટ થયું છે. જે કાંઇ જોઇએ તે માગી લ્યો. તમારી હિમ્મત, ધીરજ અને ધૈર્ય જોઇ તમારી ઉપર પ્રેમ આવે છે.

રાજકુમાર પ્રીતિ દર્શાવી બોલ્યો—ભદ્ર ! જો તમે ખરેખર પ્રસન્ન થઇ મને વર આપવા ઇચ્છતા હો તો, એટલીજ માગણી છે કે " હવેથી હિંસાવૃત્તિ છોડી દ્યો, અને દરેક મનુષ્ય ઉપર સારી નજરથી અવલોકન કરો. આ ઉજ્જડ નગર વસાવ્યા જેમ કરો, અને દરેક જીવ ઉપર દયા કરો. " સોમચંદ્રની આવી માગણી સાંભળી તે રાક્ષસ પ્રસન્ન થયો. પ્રેમથી રાજકુમારના ચરણમાં નમી બોલ્યો—ભદ્ર ! તમે મારા ધર્મદાતા છો, મારી ઉપર અસાધારણ ઉપકાર કરનાર છો. આ કુંભપુરનો ઉદ્ધાર કરો. તમે ધન્ય છો, ધર્મની પ્રભાવથી સર્વ જીવનો ઉદય થાય છે. તમારા જેવા ધર્મવીરનાં જ્યાં પગલાં થાય, ત્યાં સર્વ પ્રકારની સમૃદ્ધિ થાય છે. મહાનુભાવ ! હવે મારી જેમ આ રાજધાનીને દીપાવો. આ પ્રમાણે કહી તે રાક્ષસ સોમચંદ્રને લઇ અંતઃપુરમાં આવ્યો. અર્જુન રાજાની રત્નસુંદરીને બતાવી ને બોલ્યો—ભદ્રે ! મારા અને તમારા ભાગ્યથી કોઇ આ સુકૃતિ પુરુષ આવ્યા છે. તે મહાનુભાવનાં દર્શન કરી તમે કૃતાર્થ થાઓ. દેવી ! તમે મારાં અતિથિ છો. મેં આ તમારૂં રાજ્ય એ મહાનુભાવને સોંપ્યું છે. આ મારા અપરાધને ક્ષમા કરજો. આજથી તમે સુખી થશો.

રાક્ષસની આવી સદ્વૃત્તિ જોઇ રત્ની ખુશી થઇ. સોમચંદ્રની સૌમ્ય અને સુંદર મૂર્તિ જોઇ તેના હૃદયમાં પૂર્ણ સંતોષ થયો. રત્ની વિનયથી નમન કરી બોલી—મહાનુભાવ ! આપની આકૃતિ ઉત્તમ કુળ, જાતિ અને સદ્ગુણ સૂચવી આપે છે. તેથી જો કે તે વિષે પૂછવું, તે પુનરુક્તિ છે, તથાપિ એટલી જ પ્રાર્થના છે કે, આપ ક્યાંથી આવો છો ? અને આ ઉજ્જડ નગરમાં કેમ આવી ચડ્યા ? તે સંક્ષેપમાં જણાવશો. રાજકુમારે સ્મિત વદને કહ્યું—ભદ્રે ! હું એક મુસાફર છું. વિદેશી પ્રવાસ કરૂં છું. ઘર છોડ્યા પછી અનેક સ્થળે ફરતો ફરતો હું એક ધર્મશાળામાં આવી ચડ્યો. ત્યાં પરદેશી મેં ઘણા તેજ ધર્મશાળામાં વાસ કર્યો. વિવિધ દેશના મુસાફરો ત્યાં સુખ દુઃખ અનેક જાતની વાતો કરતા હતા. તેવામાં કોઇ વૈતાલિકે આ નગરી સંબંધી વાત કહી. એક મુસાફરે આ કુંભપુરની વાત સંભળાવી હતી. તે સાંભળી હું પહેલેથી આશ્ચર્ય પામી ગયો. એકદમ મેં આનંદથી તે વૈતાલિકને કેટલીએક વસ્તુઓની ભેટ આપી ખુશી કર્યો.

મહાશય ત્યારથી હું આ નગર જોવા આવ્યો, કેટલેક દિવસે ... નામે એક સારી

આવી. તે અતી ભયંકર હતી. પણ પુત્રના પગલાથી હું એમાં વિશ્રાંતિ [illegible] અનુક્રમે આગળ ચાલું [illegible] આવી ગયો. અને રાત પડી તેથી અમારે [illegible] રાત્રિ નિર્ભય કરવા એક વડ નીચે ઊભા રહ્યા. તે વડ ઉપર ઘણા પક્ષીઓનો મોટો સમૂહ રહેતો હતો, [illegible] આવેલાં શુક પક્ષીઓ પરસ્પર નવીન સમાચાર પૂછતાં હતાં, તેવામાં એક વૃદ્ધ શુક બોલ્યો—બચ્ચાંઓ ! હું આજ નવું [illegible] લાવ્યો છું. બચ્ચાંઓ બોલ્યાં—પિતાજી ! શું નવીન સમાચાર લાવ્યા છો તે કહો. અમારે તે જાણવાની ઘણી ઇચ્છા છે. વૃદ્ધ શુક બોલ્યો—પુત્રો ! [illegible] તમને આ વાત કહું. અહીંથી પૂર્વ દિશામાં [illegible] નામે નગર છે. ત્યાં [illegible] નામે રાજા રાજ્ય કરે છે, તેને ગુણસુંદરી નામની રાણીથી ગુણાવળી નામે પુત્રી થઈ છે. એ રાજકુમારી યૌવન વયમાં પ્રવીણ અને સૌંદર્યવતી છે. [illegible] છે, અને [illegible] કળામાં પ્રવીણ થઈ છે. રાજકુમારી [illegible] તેની માતા [illegible] પુત્રીના વિવાહ માટે ચિંતા કરે છે. [illegible] રાજા [illegible] કે, જે કોઈ રાજકુમારી ગુણાવળીને [illegible] તેને તે પુત્રી અને અર્ધું રાજ્ય આપશે. આ પ્રકારની [illegible] પ્રસંગમાં [illegible] છે. [illegible] પણ હજી સુધી એ [illegible] કોઈથી [illegible] નથી. [illegible] થાય તે જોવાનું છે.

બચ્ચાંઓ બોલ્યાં—પિતાજી ! [illegible] રાજકુમારીનું શું થશે ? [illegible] મનુષ્યને [illegible] રાજા [illegible] નહીં ? [illegible] કહો.

વૃદ્ધ શુક બોલ્યો—બચ્ચાંઓ [illegible] અદ્‌ભુત છે, અને [illegible] છે, પણ તે તમને કહી શકાય તેમ નથી. [illegible] કહેવી [illegible], તો રાત્રે તો કહેવાય નહીં. બચ્ચાંઓ આગ્રહથી બોલ્યાં—પિતાજી ! અમને કહ્યા વિના ચાલશે નહીં, રાત્રે શા માટે ન કહેવાય ?

વૃદ્ધ શુક બોલ્યો—શિશુઓ ! રાત્રે ગુપ્ત વાત કહેવાની નીતિ શાસ્ત્રમાં ના કહેલી છે તેનો શ્લોક નીચે પ્રમાણે છે—

दिवा निरीक्ष्य वक्तव्यं रात्रौ नैव नैव च ।
संचरंति महाधूर्त्ता वटे वररुचिर्यथा ॥ १ ॥

દિવસે ગુપ્ત વાત કહેવી હોય તો, આસપાસ તપાસીને કહેવી; રાત્રે તો કહેવીજ નહીં. કારણ કે, મોટા ધૂર્ત લોકો રાત્રે ગુપ્ત રીતે ફર્યા કરે છે. તે પ્રમાણે વડના [illegible] ઉપર વરરુચિને બન્યું હતું.

મહારાજ, આ અમને મૂર્ખ લોકોની હઠ ધણી હોય છે. બચ્ચાંઓએ હઠ કરી કહ્યું— પિતાજી ! અમે તેમ કરો, પણ અમોને તે વાત કહ્યા વિના ચાલશે નહીં. બચ્ચાંઓની આવી હઠ જોઇ વૃદ્ધ શુક બોલ્યો— પ્રિયુઓ ! સાંભળો. આ વૃક્ષ નીચે બે પ્રકારની ઔષધીઓ છે તે પ્રભાવિક અને પીળા વર્ણની છે. તેમાં પેલી ઔષધી અમૃત સંજીવિની છે, જેનાં પત્ર લાંબા અને પહોળાં છે. બીજી મણુ હરણી નામે છે, તેનાં ગોળાકાર નાનાં પાદડાં છે. પ્રથમની ઔષધીથી અંધત્વ દૂર થઇ જાય છે, અને બીજી ઔષધીથી ઇચ્છાનુસાર રૂપ થઇ જાય છે. વૃદ્ધ શુકનાં આવાં વચન સાંભળી તેનાં બચ્ચાંઓ ખુશી થઇ ગયાં.

દેવી ! વૃક્ષ નીચે રહેલા મેં તે વૃદ્ધ શુકનાં વચન સાંભળી લીધાં. તરતજ તે ઔષધીઓ લઇ હું ત્યાંથી ચાલતો થયો. પછીથી જન્માંધ રાજકુમારી સુલોચનાનો ઉપચાર કરવા મહેંદ્ર નગર તરફ જતો હતો. ત્યાં માર્ગમાં આ ઉજડ નગર જોઇ અહિં આવ્યો છું. આ નગરનો ઇતિહાસ મેં એક સારીકા પક્ષી પાસેથી સાંભળ્યો, મને અહિં આવવાનું વિશેષ કૌતુક થયું હતું. તમારા દુઃખની વાત જાણી મને સહાય કરવાની ઇચ્છા થઇ, અને આ રાક્ષસ પુરૂષે વિગ્રહ કર્યા વગર પોતાની ક્રૂરતા છોડી દીધી, તેથી હું મારૂં આગમન કૃતાર્થ માનું છું. આ ભદ્રાકૃતિ પુરૂષ મને આ નગરનું રાજ્ય આપવા કહે છે, પણ તે લેવાની ઇચ્છા નથી, તમે પ્રસન્ન થઇ, મને રજા આપો. કોઈ બીજા ગુણવાન્ રાજપુત્રને આપજો.

રાણી—ભદ્ર ! આ શું બોલો છો ! તમારા જેવો ઉત્તમ પુરૂષ અમને ક્યાંથી મળે ! આમ હમેશ અમૃત રસ જેવાં મધુર જળને તૃષાતુર મનુષ્ય કેમ ન પીએ ? રાજવીર ! કૃપા કરી અહિંજ રહો. આ મારી પુત્રી ચંદ્રમુખીને તમારી અર્ધાંગના કરો.

શ્રીચંદ્ર—માતા ! કુળ, જાતી અને રીતિથી હું અજ્ઞાત છું, તેવા અજ્ઞાતને રાજકન્યા આપવી, તે યુક્ત નથી. તે વિષે દીર્ઘ વિચાર કરો. તે સાંભળી રાક્ષસ બોલી ઉઠ્યો—માતા ! તે ભલે તેમ કરે, તોપણ તમારૂં વચન તેમને માન્ય કરવું જોઇશે. મહાન્ પુરૂષો સર્વમાં નિઃસ્પૃહ હોય છે, તથાપિ જે ઉચિત આવે, તે ટાળી શકાતું નથી. એમ કહી, તે શ્રીચંદ્રના ચરણમાં નમી પડ્યો, અને અતિ પ્રાર્થના કરી, તે યક્ષે કન્યાને સ્વીકારવાનું કબુલ કરાવ્યું.

યક્ષના અતિ આગ્રહથી શ્રીચંદ્રે તે રાજ્ય ગ્રહણ કર્યું, અને ગાંધર્વ વિધિથી રાજકન્યાનું પાણિગ્રહણ કર્યું. ચંદ્રમુખી શ્રીચંદ્ર જેવા સદ્ગુણી પતિને વરી અત્યંત આનંદ પામી. શ્રીચંદ્ર પણ યક્ષ કન્યાના અભિનવ વિલાસ સુખથી પરમ સંતુષ્ટ થયો. અનુક્રમે કુંડલગિરિની રાજધાનીમાં લોકો આવી વસવા લાગ્યાં. રાજ્યના મંત્રીઓ અને સામંતો પાછા આવ્યા. રાજ્યસેના, હાથી, ઘોડા, અને રથ તથા રાજ્યની સર્વ સમૃદ્ધિ એકત્ર થઇ ગઇ. શ્રીચંદ્રે કુંડલપુરને પૂર્વની સ્થીતિમાં મુકી દીધું. સર્વત્ર જયનાદ પ્રસર્યો.

એક વખતે યક્ષે મહારાજા શ્રીચંદ્રકુમારને વિનંતિ કરી કે, વજપુર નામના ચોરે મને પેટી આણી મહાથી મારો હતો, ને ચમત્કારી ચોર અહિંથી દૂર આવેલા કુંડલ-

ગિરિના શિખર ઉપર રહેતો હતો, મેં તેને સાંજ મારી નાખ્યો છે, તે રથજે તેણે લોકોનો ચોરીનો ઘણો કીંમતી માલ સંગૃહિત કરેલો છે; તે બધો ગિરિ સુવર્ણ રત્નાદિ ભરેલો છે, માટે ત્યાં જઇને તે સંચય હસ્તગત કરો.

યક્ષના કહેવાથી શ્રીચંદ્ર કુંડળગિરિના શિખર ઉપર આવ્યો, ત્યાં જઇ તેણે તે ચોરનું અનગળ દ્રવ્ય હાથ કર્યું. તે પછી યક્ષના કહેવાથી તે રથજે ચંદ્રપુર નામે એક બીજું શહેર વસાવ્યું, જેની અંદર ઉત્તમ કારીગીરીવાળી હવેલીઓ અને ચૌટાની શ્રેણીઓ ગોઠવવામાં આવી, જ્યાં ચોરનું વધસ્થાન હતું તેની ઉપર એક યક્ષચૈત્ય બનાવ્યું, તેમાં યક્ષની પાષાણમય મૂર્તિ કરી સ્થાપિત કરી, વજ્રખુર ચોરની મૂર્તિ ઉપર તે મૂર્તિને બેસારી, તેનું નામ નરવાહન પાડ્યું. કેટલાક દિવસ ત્યાં રહી, શ્રીચંદ્રકુમાર પાછો કુંડળપુરમાં આવ્યો, ત્યાં મંત્રીવર્ગને રાજ્ય શાસનની આજ્ઞા આપી, રાજ્યસિંહાસન ઉપર પોતાની પાદુકા રાખી, યક્ષની આજ્ઞા સંપાદન કરી, ત્યાંથી મહેંદ્રપુર જવા તૈયાર થયો.

ચાલતી વખતે ચંદ્રમુખીની પાસે આવી રજા માગી, પ્રેમપૂર્ણા ચંદ્રમુખી વિનયથી બોલી—પ્રાણેશ ! હવે પુનઃ ક્યારે મળશો ? સાહિત્યકારો જે કહે છે, તે તમે યથાર્થ કરો છો, એમ કહી ચંદ્રમુખી નીચે પ્રમાણે અર્ધ શ્લોક બોલી.

" प्रेमैवमास्तु यदि चे त्पथिकेन सार्द्धम् । "

" જગતમાં કોઇને પ્રેમજ હશો નહીં, કદિ હોય તો મુસાફરની સાથે થશો નહીં. "

શ્રીચંદ્રકુમારે કહ્યું—પ્રિયા ! નિશ્ચિંત રહો, ધર્મના પ્રભાવથી સર્વ પ્રકારનું સુખ થાય છે. હું કાર્ય સિદ્ધ કરી પાછો સત્વર આવીશ, આટલું કહી સાશ્રુનયના ચંદ્રમુખીને આલિંગન કરી શ્રીચંદ્ર પ્રિયાથી છુટો પડયો. નગરની બાહેર નીકળી પેલી ગુટિકાનો પ્રયોગ આદર્યો, અને મુસાફરીનો પૂર્વ વેશ ધારણ કરી ચાલતો થયો.

પ્રકરણ ૪૨ મું.

સુલોચના, સુલોચના થઇ.

આ દેંકનગરમાં આજે લોકોનાં ટોળેટોળાં રાજમહેલ તરફ જાય છે. પ્રજાના મુખ ઉપર હર્ષના અંકુર સ્ફુરી રહ્યા છે. લોકો શેરીએ શેરીએ વિવિધ તરેહની વાતો કરે છે. નગરની મધ્ય ભાગે કોઇ બે પુરૂષોને ઉભેલા જોઇ એક કિંડરી પુરૂષે પુછ્યું, મિત્રો ! આમ ઉતાવળા કયાં જાઓ છો ! આજે દરબારમાં લોકોની મેદની કેમ ભરાય છે ? તે ઉભેલા પુરૂષો રાજસેવક હતા, તેઓએ પોતાના અજાણ્યા મિત્રને કહ્યું, મિત્ર ! શું તને કાંઇ ખબર નથી ? આજે અમારા મહારાજા ત્રિલોચનની કુંવરી સુલોચનાને કોઇ સિદ્ધ પુરૂષ દેખતાં કરે છે. ૭ માસ થયાં જે અંધ થઇ હતી, તે આજે દેખતી થઇ છે. કોઇ પુરૂષ તે આશ્ચર્ય કાર્ય કરવાને તૈયાર થયો છે. મહારાજાના મનોરથ પૂર્ણ થવાનો આજે સમય આવ્યો છે. જાહેર દરબાર ભરી મહારાજાની સમક્ષ તે ચમત્કારી પ્રયોગ થવાનો છે. તે જોવાને લોકો ઉત્સાહપૂર્વક ત્યાં જાય છે મિત્ર ! તું પણ અમારી સાથે ચાલ. આ વચન સાંભળી તે પુરૂષ પણ તેમની સાથે દરબારમાં ગયો.

રાજમહેલમાં લોકોની જમાવ મચી રહી હતી. છડીદારો ... [illegible]

યં દેદીપ્યમાન લાગતું હતું, તેના લાવણ્યની પ્રભાથી સર્વ સમાજ પ્રકાશિત થઇ ગયો. આવા નિરૂપમ સૌંદર્યને જોઇ, શ્રીચંદ્ર ચકિત થઇ ગયો. અહા ! કેવું અનુપમ સૌંદર્ય ! આવા સૌંદર્યને કલંકિત કરનાર વિધાતા પોતેજ કલંકિત થયો છે. તે વખતે શ્રીચંદ્રને નીચેનો શ્લોક યાદ આવ્યો—

शशिनि खलु कलंकः कंटकः पद्मनाले
जलधिजलमपेयं पंडिते निर्धनत्वम् ।
दयितजनवियोगो दुर्लभत्वं स्वरूपे
धनवति कृपणत्वं रत्नदोषी विधाता ॥ १ ॥

ચંદ્રમાં કલંક, કમળના નાળમાં કાંટા, સમુદ્રનું જળ ખારૂં, પંડિતમાં નિર્ધનતા, પ્રિય જનને વિયોગ, સ્વરૂપની દુર્લભતા, અને ધનવાનમાં લોભ, એટલાં વિપરીતપણે કરનાર વિધાતા ખરેખર રત્નને દૂષિત કરનારો છે.

પછી શ્રીચંદ્રકુમાર બેઠો થયો, પવિત્ર જળ મંગાવી ચારે તરફ છાંટયું. મધ્ય ભાગે કેવળજ્ઞાની તથા દેવના મોટા પટ્ટની સ્થાપના કરી, કન્યાને પડદામાં ઉભી રાખી. પછી દશે દિશાએ બળિદાન આપ્યાં, અને " ॐ ह्रीं ह्रीं मुंड फुट् स्वाहा " એ મંત્રનો જાપ કર્યો. શક્તિ ભવાની અને શાંબરી દેવીના ઉલ્લેખ કર્યા.

આ બધો દેખાવ કરી, શ્રીચંદ્ર પડદામાં ગયો. કન્યાનાં નેત્ર ઉપર પત્ર રાખી, તેમાંથી પેલી ચમત્કારી ઓષધીનો રસ તે દ્વારા અંદર હળવે હળવે દાખલ કર્યો. રસનો સ્પર્શ થતાંજ સુલોચના, સુલોચના થઇ ગઇ. તેનાં નેત્રમાંથી દિવ્ય જ્યોતિ પ્રગટ થઇ. કમળના પત્રની જેમ નેત્રનો વિકાશ થયો. તેણીના જન્મનું અંધકાર દૂર થઇ ગયું. રાજકુમારીએ નેત્ર ઉઘાડી, પોતાના પરમ ઉપકારી પુરૂષનાં દર્શન કર્યા. દર્શન કરતાંજ તે સ્તબ્ધ થઇ ગઇ. શ્રીચંદ્રે પોતાની મુદ્રિકા આગળ ધરી કહ્યું, રાજબાળા ! આ અક્ષર વાંચી જુઓ. પ્રજ્ઞાથી જે લિપી જ્ઞાન હતું, તે અત્યારે આકૃતિએ સ્ફુરિત થઇ ગયું. સ્થાપના સ્વરૂપે પણ તેના મનોબળમાં પ્રવેશ કર્યો. રાજકુમારીએ તે મુદ્રાલેખ વાંચી જોયો, મુદ્રા ઉપર શ્રીચંદ્રકુમારનું નામ અક્ષરે અક્ષર ઓળખી વાંચ્યું. તે વાંચતાંજ ઉમંગમાં આવી રાજબાળા બોલી—ઉપકારી મહાશય ! મારા પિતાની પ્રતિજ્ઞા પ્રમાણે તમે મારા પ્રાણેશ થઇ ચુકયા છો, એટલે તમને પ્રાણનાથ કહેવામાં હું દૂષિત નથી. હું આપને મન, વચન, અને કાયાથી વરી ચુકી છું. આપના મુદ્રાલેખ ઉપરથી જાતિ, કુળ, વિગેરે જણાઇ આવે છે. આ દાસી તમારા મહોપકારમાં આક્રાંત થઇ ગઇ છે. મારા નિરર્થક જીવનને આપે સાર્થક કર્યું છે. શરીર અને પ્રાણદાતાની સમાનજ આપ ઉપકારી સ્વામી છો, તેના બદલામાં જે કંઇ અપાય તે અલ્પ સ્વરૂપ છે.

સુલોચનાનું આવું સક્ષિપ્ત બોલવું સાંભળી શ્રીચંદ્ર પ્રસન્ન થઇ ગયો. તત્કાળ તે જવનિકામાંથી બહાર આવ્યો. સર્વની સમક્ષ જવનિકા દૂર કરી રાજકન્યાને બહાર લાવવામાં આવી. અનુપમ સૌંદર્યવતી સુલોચનાને દેખતી જોઇ, સર્વ સમાજ આનંદમગ્ન થઇ ગયો. પદ્મનાં જેવાં વિશાળ લોચનવાળી રાજકન્યા નેત્ર ફેરવતી સર્વ સમાજને જોવા લાગી. મહારાજા ત્રિલોચન હર્ષના આવેશમાં ઘેલો થયો, પુત્રીને આલિંગન કરી ઉત્સંગમાં લીધી, પ્રજાજને મહારાજાની જય બોલાવી. જયનાદ અને હર્ષનાદની ગર્જનાથી દરબાર ગાજી ઉઠ્યો. અંતઃપુરમાં આનંદ આનંદ થઇ રહ્યો. રાણી સુરસુંદરીને હર્ષનો પાર રહ્યો નહી. રાજપુત્રીનું જીવન સફળ થયેલું જાણી, તે અપાર હર્ષ ધારણ કરતી, પુત્રીને મળવા ઉત્સુક થઇ. રાજકન્યા પિતાના ઉત્સંગમાંથી માતા પાસે આવી. પુત્રીવત્સલા માતાએ હર્ષનાં અશ્રુ લાવી પુત્રીને હૃદયથી ચાંપી, અને પ્રેમથી દુઃખડાં લઇ મુખ નિરીક્ષણ કર્યું.

આ પ્રસંગે આદિનગરની પ્રજાએ મોટો મહોત્સવ કર્યો, ધ્વજા પતાકા અને તોરણોથી શહેર શોભિત કરી ધવલમંગળનાં ગીત ગાવા માંડ્યાં. શેરીએ શેરીએ અભિનવ વસ્ત્રાભરણ ધારણ કરતી પૌર વનિતાઓ રાજકુમારીને જોવા અને વધાવા શેરીબંધ આવવા લાગી.

રાજવીઓ અને પ્રજાવર્ગના અગ્રેસર લોકો શ્રીચંદ્રને અભિનંદન આપવા લાગ્યા, અને એક અવાજે કહેવા લાગ્યા કે, રાજકુમારી સુલોચનાને ખરેખરી સુલોચના કરનાર આવા સિદ્ધ પુરુષ ભૂતલમાં ભાગ્યેજ મળે.

પ્રકરણ ૪૨ મું.

કાપડી ગુમ થયો.



જા ત્રિલોચન મંત્રીઓની સભા ભરી બેઠો છે. પુત્રીનું જન્માંધપણાનું દુઃખ દૂર થવાથી તેના હૃદયની ચિંતા દૂર થઇ છે, તેવામાં છડીદારે આવી ખબર આપ્યા કે, કોઇ તાપસ આપની પાસે મળવા આવે છે. રાજાએ મંત્રીના મુખ સામું જોઇ આજ્ઞા આપી, એટલે છડીદાર તે તાપસને અંદર તેડી લાવ્યો.

આ તાપસ આ વાર્તાનો નાયક શ્રીચંદ્ર હતો, તે રાજપુત્રીને દેખતી કરી ગુપ્ત રસ્તે જઇ રાજવેશ દૂર કરી બીજો તાપસનો વેશ લઇ આવ્યો હતો. વસ્ત્ર ઉપર ભગવો રંગ લગાવ્યો હતો, શરીરે ભસ્મ ચોળી હતી, કેશ છુટા રાખ્યા હતા, તેણે રાજાની પાસે આવી કહ્યું, રાજેન્દ્ર ! મેં મારું કર્તવ્ય પૂર્ણ કર્યું છે, હવે શી આજ્ઞા છે ?

રાજા તાપસના વેષથી તેને ઓળખી શક્યો નહિ, ક્ષણવાર વિચારમાં પડ્યો, એટલે ચતુર મંત્રીએ કહ્યું કે, મહારાજા ! સુલોચનાને સુલોચના કરનાર આપણા ઉપકારી પુરૂષ આવ્યા છે. તત્કાળ રાજાએ તેને ઓળખી લીધો, કાપડીનો વેષ જોઇ રાજા વિચારમાં પડ્યો. જો કે મારી પ્રતિજ્ઞા પ્રમાણે અર્ધ રાજ્ય અને રાજકન્યા આ પુરૂષને આપવાં જોઇએ, પણ આ વેષ ઉપરથી તેની જાતિ અને કુળ કેવાં હશે ? આવા અજ્ઞાત પુરૂષને રાજ્ય આપવું તે કાંઇક યોગ્ય, પણ રાજકન્યા આપવી યોગ્ય નથી. રાજાને વિચારમાં પડેલા જાણી ચતુર મંત્રી સમજી ગયો. તત્કાળ વિનયથી તે કાપડીને પુછ્યું, ભદ્ર ! આપ જાતે કેવા છો ? કયા વંશમાં આપનો જન્મ છે ?

શ્રીચંદ્ર મરોડમાં બોલ્યો—રાજેંદ્ર ! હવે કુળ, જાતિ પુછો, તે શા કામનાં છે ! પાણી પીને ઘર પુછવા જેવો ન્યાય તમે કરો છો, તમારે હવે તે વિચાર કરવાનો નથી. જે પ્રતિજ્ઞા તમે કરેલી હતી, તે સત્ય કરવી છે કે નહીં ? રોગ મટ્યા પછી વૈદ્ય વેરી થાય, એ પ્રમાણે તમારૂં વર્તન થાય છે, તથાપિ મારી જાતિનો ઇતિહાસ સાંભળો. કુશસ્થળનગરમાં લક્ષ્મીદત્ત નામે એક શ્રેષ્ઠી છે, તેનો હું વ્યસની પુત્ર છું. ઘરમાંથી છાની રીતે લઇ લક્ષ્મી ઉડાડવાનું મારામાં વ્યસન છે, મારા એ વ્યસનથી કંટાળી પિતાએ મને ઘણી વાર વાર્યો, તથાપી હું સુધર્યો નહીં, એટલે મારા પિતાએ મને ઘરમાંથી કાઢી મુકયો છે, મારે ધન ખર્ચવાનું વ્યસન હોવાથી દ્રવ્ય વીના મને ગોઠતું નહતું, તેથી મેં મુસાફરી કરી એક સિદ્ધ પુરૂષને શોધી કાઢ્યો. તેણે મંત્ર, તંત્ર અને ઔષધના પ્રયોગો મને બતાવ્યા, જે મારે દ્રવ્ય ઉપાર્જન કરવામાં સાધનભૂત થયા છે. દ્રવ્યની પ્રાપ્તિ માટેજ મેં તમારી સમક્ષ આ પ્રયોગ કર્યો છે, હવે શું કહો છો ?

કાપડીનાં આવા વચન સાંભળી રાજા વિશેષ વિચારમાં પડ્યો. આ વાતનો નિર્ણય કરવા રાજાએ તે કાપડીને વિનતિ કરી કહ્યું, ભદ્ર ! મારી પ્રતિજ્ઞા નિષ્ફળ નહીં થાય, થોડા દિવસ આ નગરમાં કૃપા કરી નિવાસ કરો. આ પ્રમાણે રાજાના કહેવાથી તે રજા લઇ પોતાને ઉતારે આવ્યો. રાજા ત્રિલોચન હવે શું કરવું, તે વિષે નિર્ણય કરવા અંતઃપુરમાં ગયો. રાણી ગુણસુંદરી રાજાને આવતા જોઇ હર્ષભેર બેઠી થઇ, ઉત્સંગમાં બેઠેલી સુલોચના પણ ઉભી થઇ. નરપતિના મુખ ઉપર ગ્લાનિ જોઇ ચતુર રાણી બોલી—પ્રાણનાથ ! આવા ઉત્સવ પ્રસંગે મુખ ઉપર ગ્લાનિ કેમ દેખાય છે ? પુત્રીનું જન્માંધપણાનું દુઃખ દૂર થવાથી માહેંદ્રપુરની સર્વ પ્રજા આનંદમાં મગ્ન છે, ત્યારે આપ મહારાજાના મુખ ઉપર ગ્લાનિ કેમ ? નરપતિએ કહ્યું, રાણી ! સુલોચનાનો મહાન્ રોગ દુર થયો, તેથી આનંદજ થવો જોઇએ; પણ મેં કરેલી પ્રતિજ્ઞા મને ચિંતાનું કારણ થઇ પડી છે. રાજપુત્રી તે ઉપકારી પુરૂષને આપતાં આનંદ આવે તેમ નથી. તે પુરૂષ હીન જાતિનો દેખાય છે, તે છતાં વળી વ્યસની છે. તેવા જાતિહીન અને વ્યસની પુરૂષને રાજકન્યા આપવી, તે વિચારવાનું છે. જો ન આપીએ તો પ્રતિજ્ઞાની હાનિ થાય છે; હવે શું કરવું, તે નિર્ણય થઇ શકતો નથી.

રાજાનાં આ વચન સાંભળી, ચતુરા સુલોચના લજ્જાથી આકાંત થઇ, પણ

ઘોષણા કરી બોલી—"ઉઠો! આપની આગળ હવણાં આવે ત્યારનું થઈ છે કે, તે પુ-રૂષ બહાદુર નથી. મેં તેની મુદ્રા ઉપરથી વેષ વાંચ્યો હતો. આપની પ્રતિજ્ઞા સાંભળીને તે પુરૂષને અંતિમ વખતે આપે દીઠો છે. તેના ઉપરથી પૃથ્વીની આગળ પ્રતિજ્ઞા સાધક રહો. તે પ્રતિજ્ઞાની સહિત મહાન્ કરવું થય. રાજકન્યાએ સહિત કન્યા છે, તે ધારેલા વર ઉપર બીજાને વરી અભિલાષ પામતી નથી.

કુલેશ્વરનાં આવાં વચન સાંભળી રાજા વિક્રમ પુરી થયો. તેના હૃદયમાં રાજકન્યાની બુદ્ધિને બહુ આદર કરી. તરત સ્વયંવર થઈ. રાજાએ પોતાની પ્રતિજ્ઞા સાચી કરવાનો નિશ્ચય કર્યો. તરતજ સભા મંડપમાં આવી મંત્રીઓને બોલાવ્યા. અને તેની સંમતિ લઈ, લગ્નનો નિશ્ચય કરવા રાજજ્યોતિષીઓને બોલાવ્યા. તે પ્રસંગે સામંતો અને શ્રીચંદ્રકુમારને તેડવા રાજસેવકોને ઉતારામાં મોકલ્યા.

જ્યોતિષીઓ જોઇને વિચારી લગ્નનો નિર્ણય કરતા હતા. એક તરફ મહારાજા વિક્રમ સિંહાસન ઉપર બેઠો હતો. બીજી તરફ મંત્રીઓનાં આસન ગોઠવેલાં હતાં. એક તરફ રાજકુમાર કુલેશ્વર સુંદર પોશાકથી શોભતાં હતાં. જ્યોતિષીઓએ લગ્નનો દિવસ નક્કી કરી, મહારાજાની સમક્ષ જાહેર કર્યો. લગ્ન પર વિચારી વિદ્વાન્ કેવું મન તેઓએ જોઇને આપી સિદ્ધ કરતા હતા. તે પછી રાજા ગુરૂએ ઉત્સવ થયો, સર્વે કુટુંબને નિમંત્રણ કર્યું. પ્રથમ પ્રવેશ રાજાને ઉત્તમ દાન આપી, સર્વ જ્યોતિષીઓને સંતુષ્ટ કર્યા. તેમને સોનાની દક્ષિણા આપી રાજકુંવરને આશીર્વચન આપ્યાં.

અહીં મહારાજ શ્રીચંદ્રકુમારની રાહ જોઇ બેઠો છે, તેવામાં તેને તેડવા ગયેલા રાજસેવકોએ આવી ખબર આપ્યા કે, મહારાજ! કેટલાએક તે વિદેશી પુરૂષનો પત્તો હતો નહીં. [illegible] આખા નગરમાં તેની તપાસ કરવામાં આવી, પણ કોઇએ તેના ખબર આપ્યા નહીં. આ ઉપરથી એમ સંભવે છે કે તે નગર છોડીને ચાલ્યો ગયો હશે.

આ ખબર સાંભળતાંજ અભિનવ આનંદમય સરિતાની લહરીમાં આંદોલિત થતી કુલેશ્વર કન્યાની એવી સ્થિતિ થઇ, જાણે ઉપર પડી ગઈ. હવે પછી શું થશે તેનો વિચાર કરવા લાગી. [illegible] તે આપણા નગરમાં કેમ [illegible] આવ્યો હશે, તો તેની તપાસ કરો, અને કુદરતમાં [illegible] કેમ પ્રત્યક્ષ છે! તે ક્યાંથી આવી રાજાની આગળ [illegible] મંત્રીઓએ નગરમાં તપાસ કરવા માંડી. [illegible] કેમ પુરૂષે આવી ખબર આપ્યા કે, [illegible] જોઈ તે પુરૂષને રાજા વિક્રમ પાસે લઈ ગયા. [illegible] તો તે રાજા આવ્યો છે? તે કહે. તે પુરૂષ બોલ્યો—હું [illegible] છે કે [illegible] હરણ કરીને ગયો છે. તેની ધનથી જાને પુરૂષ છે, તેને આ વખતે કુદરતી નસીબ કહેવું વિચિત્ર છે.

[illegible] રાજા ઉભા થઈ, તેવું સાંભળી રહી કુલેશ્વરીની ચેષ્ટા તે

જતાંજ સુલોચનને જણાવ્યો, અને ધીરજ આપી કહ્યું કે, અહીંથી તેને તેડાને માણસો મોકલવામાં આવશે, તે સાથે વિશેષ જણાવ્યું કે, શ્રીચંદ કુશસ્થળીમાં પ્રખ્યાત પુરુષ છે, વળી ધાર્મિક, વિદ્વાન્ અને સદ્ગુણી છે, તે સાથે તેની સમૃદ્ધિ રાજસમૃદ્ધિના જેવી છે. પિતાનાં આવાં વચન સાંભળી સુલોચના આશ્વાસન પામી, પોતે એક સદ્ગુણી અને પ્રખ્યાત પતિ સંપાદન કર્યો છે, તેને માટે મગરૂર થવા લાગી.

માકંદનપુરમાંથી શ્રીચંદ નીકળી ગયો, એ વાત પ્રજા વર્ગમાં ચર્ચાવા લાગી. લોકો અનેક પ્રકારની કલ્પનાઓ કરવા લાગ્યા. સુલોચના પુનઃ આશ્વાસનનું અવલંબન કરી, રાજમંદિરમાં ગોપ્ય સહિત રહેતી હતી, અને મન, વચન, તથા કાયાવડે શ્રીચંદને પરમેશ્વર લેખવ કરી, નિત્ય સ્મરણ કરતી હતી.

પ્રકરણ ૪૩ મું.

સદુપદેશ.



[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચંદ્ર ચણાવ્યો હતો, તેથી કાંતિનો પ્રસર દીર્ઘિકાની આસપાસ પડ્યો હતો, ને ત દીર્ઘિકાની બંને બાજુ બે તાપસ બાળા ઉભી હતી. શ્રીમાન લેખકે તે તાપસ કુમાર અને બાળાની એકમત કરી ને બંને બાલિકાને આનંદ આપ્યો હતો.

આ દેખાવ જોઈ બટુક આશ્ચર્ય પામી ગયો. તેને પૂર્ણ રીતે જોયાને એક નજીકના વટની નીચે બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો—" આ ઉદ્યાન રાજકીય જેવું લાગે છે, પણ તે રાજકીય નથી. કુદરતી રીતે વૃક્ષોની રચના ઉદ્યાનના જેવી થઈ ગઈ છે, અથવા કોઈ તાપસોએ આશ્રમ ભૂમિ હોને આ વનને ઉદ્યાનના રૂપમાં મુક્યું છે. અહીં નજીકમાં કોઈ શહેર કે ગામ દેખાતું નથી, તે જ્યાં અહીં લોકોનું ગમનાગમન હોય તેવું જણાય છે. આ કુમાર અને બાલિકા તાપસ લાગે છે. તેમનો દેખાવ તાપસના જેવો જ છે, તથાપિ તેઓના લલાટ ઉપર રાજતેજ જણાય છે. શરીર ઉપર ધારણ કરેલા આ તાપસ કુમારનો દેખાવ વેશ ઉપરથી પુરાતનું ભાન કરાવે છે, પણ તેના અવયવની રચના કોઈ જુદી દેખાય છે. તેની ચેષ્ટાઓમાં ક્ષણે ક્ષણે કોઈ અલૌકિક ભાવ જણાઈ આવે છે. "

આ પ્રમાણે બટુક વિચાર કરતો હતો, તેવામાં દક્ષિણ તરફની વૃક્ષ ઘટામાંથી એક બાલિકા નીકળી મધુર સ્વરે ગાતી ગાતી આવી.

ગાથા.

चंदकला रायसुया. सा सव्वकलाणमायणं जयइ ।
सिरिचंदो वरो जाए. सयमेव परिक्खिऊन कओ ॥ १ ॥

" રાજકુમારી ચંદ્રકલા સર્વ કલાઓનું પાત્ર થઈ જય પામે છે, જેણીએ પોતાની મેળે પરીક્ષા કરીને શ્રીચંદ્રકુમારને વર કર્યો. "

આ ગાથા સાંભળી તે બટુકને વિશેષ કૌતુક થયું. આ ચંદ્રકલા? ચંદ્રકલાસંબંધી મારે જરૂર આ બાળા પાસેથી જાણવું જોઈએ ? અહીં કાંઈક નવાઈનું હશે તેમ લાગે છે, ના જાણે ઉત્કંઠા તેમ કરે. આવું ચિંતવી તે બટુક તાપસ બેઠો હતો, ત્યાં તે તાપસ બાલિકાઓ કામ કરતી હતી, ત્યાં આવી પહોંચ્યો. ચતુર વાંચનારે આ બટુકને પ્રસંગ ઉપરથી જાણી લીધો હશે. આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્રકુમાર છે. મહેન્દ્રનગરથી દેશવિદેશનું અવલોકન કરી, ઉન્નતિથી પ્રસન્ન થઈ, તે અદ્ભુત દેવિકાના પ્રભાવે અહીં આવી ચડ્યો છે.

આ વિચિત્ર બટુકને જોઈ તે તાપસ બાલિકાઓ તેની પાસે આવી, કુંવરની આગળ અર્ઘ્ય મુક્યું, સ્વાગત પુછી, તેને એક રાયણના વૃક્ષ નીચે બેસાડ્યો, અને તેઓ વિનયથી બોલી—મહાભાગ ! આપને જોઈ અમે અત્યંત પ્રસન્ન થયાં છીએ. કૃપા કરી અમારું આતિથ્ય સ્વીકારો. એમ કહ્યા પછી તેમણે ફળ આપ્યાં, તેમની આજ્ઞા નિવેદન કર્યું. હવે તાપસ રાજપુત્રીએ તેનો આદરપૂર્વક વિનય કર્યો.

આ સમયે એક વૃદ્ધા તાપસી ત્યાં આવી, તે વિધવા હતી. શ્વેત વસ્ત્ર તેણીએ પહેર્યાં હતાં. તેની મુખમુદ્રા ઉપર પ્રૌઢતાનો પૂર્ણ પ્રકાશ દેખાતો હતો. તેણીએ પેલા સ્ત્રી વેશધારી તાપસને પુરૂષનો વેશ આપ્યો. તરતજ તેણીની દૃષ્ટિ બટુકની ઉપર પડી, બટુકને જોતાંજ તેને પ્રેમ ઉત્પન્ન થયો. તે વિનયથી નમી બટુક પ્રત્યે બોલી—ભદ્ર ! આપ કોણ છો ? અને ક્યાંથી આવો છો ? બટુકે કહ્યું, માતા ! હું મુસાફર છું. કુશસ્થલી નગરીમાંથી આવું છું. કુશસ્થલીનું નામ સાંભળતાંજ સર્વે ઉત્સુક થઇ ગયાં, બીજી તાપસ બાલિકાઓ ઇંતેજારીથી બોલી ઉઠી, મહાશય ! બહુ સારૂં થયું. જે વાતની અમારે જિજ્ઞાસા હતી, તે સફળ થવાનું કારણ બન્યા. કહો, કુશસ્થલીના શા ખબર છે ! રાજકુમારી ચંદ્રકળાનો કોઇ પતિ થયો કે નહીં ! તે જાણતા હો તો કૃપા કરી કહો. બટુક બોલ્યો—લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર શ્રીચંદ્રકુમાર ચંદ્રકળાનો પતિ થયો છે. તેમનો વિવાહોત્સવ ઘણી ધામધૂમથી કરવામાં આવ્યો છે. તે સાંભળી સર્વે બાલિકાઓ ઉમંગથી બોલી—ચંદ્રકળા સુખી છે ? બટુકે ઉપેક્ષા બતાવી કહ્યું. તે સુખી છે કે નહીં, તે હું કહી શકતો નથી. હું કાપડી મુસાફર છું. વિશેષ વૃત્તાંત મેળવવાની મારે શી જરૂર ! કહો તમે બધાં કોણ છો ? આ એકાંત ઉદ્યાનમાં કેમ વસ્યાં છો ?

વૃદ્ધા નયનમાંથી અશ્રુ પાડતી બોલી—મહાશય ! હું દુઃખી સ્ત્રી છું, મારો વૃત્તાંત આપ એક ચિત્તે સાંભળો.

વસંત નામના નગરમાં **વીરસેન** નામે રાજા હતા, તેને **વીરમતી** અને **વીરપ્રભા** નામે બે રાણીઓ છે. તેમાં **વીરમતી** હું પોતે છું. મારા પિતાનું નામ મંગુ રાજા છે મારા પિતા મંગુને બે પુત્રીઓ છે, તેમાં મોટી **જયશ્રી** અને નાની પુત્રી હું છું. મારૂં બીજું નામ **વિજયવતિ** છે. મારી મોટી બહેન જયશ્રી કુશસ્થલીના પ્રતાપ સિંહ રાજાને આપેલ છે, તેને જય વિગેરે ચાર પુત્રો છે.

હું વસંત નગરમાં હતી. મારા રાજ્યમાં ઘણા પ્રમાણિક અને અમારા પિતાઇ **શુભમતી** નામે મંત્રી છે. મારી સપત્ની વીરપ્રભાને નરવર્મા નામે એક પુત્ર થયો, તે ઘણો સાહસી, પરાક્રમી અને શસ્ત્ર વિદ્યામાં નિપુણ થયો. મારે **વીરવર્મા** નામે પુત્ર અને **ચંદ્રલેખા** નામે એક પુત્રી થઇ છે.

આ પુરૂષનો વેશ પહેરી રહેલી તે મારી પુત્રી **ચંદ્રલેખા** છે મારો પુત્ર વીરવર્મા પાંચ વર્ષનો થયો છે. જુઓ, તે આ રહ્યો.

એક વખતે રાજા વીરસેનને અકસ્માત્ કાળજ્વર આવ્યો. તેનાથી તેના શરીરમાં દાહ ઉત્પન્ન થયો, તે વખતે રાજાએ પોતાના વિશ્વાસુ મંત્રી શુભમતીને તેડાવી કહ્યું કે, કુમાર વીરવર્માને મારૂં રાજ્ય આપજો. તે પછી એક મુહૂર્ત્ત પછી રાજાએ સ્વર્ગવાસ કર્યો.

ભદ્ર મહાશય ! રાજાના સ્વર્ગવાસ પછી બળવાન કુમાર નરવર્માએ પોતાના બળે રાજ્ય દબાવી લીધું અને અમોને નગરીની બાહેર કાઢી મુક્યાં. હું મારી પુત્રી અને

રાજપુત્રને લઇ અનુગમન કરતી નગરની બહાર નીકળ્યા, તે વખતે અમારી વહાલી પ્રજાએ અમારી સાથેજ અનુગમન કર્યો. મતિવર શુભમતિની સહાયથી અમે કેટલાક અરણ્યનો શ્રમ લેઇ આમ આવ્યાં. થોડેક દૂર આવતાં એક વિદ્વાન્ નિમિત્તિઓ અમને સામો મળ્યો. અમારી દીન સ્થિતી જોઇ તે મહાનુભાવને દયા ઉત્પન્ન થઇ. અમારી સાથે આવતાં મંત્રી શુભમતિએ વિનંતી કરી, તે વિદ્વાન્ જોશીને એક વૃક્ષ નીચે બેસારી આ પ્રમાણે પુછ્યું— મહારાજ ! આ રાજકુમારને રાજ્યસુખ મળશે કે નહિ ! આ રાજકુમારી ચંદ્રગાનો સ્વામી કોણ થશે ? તે આપ કૃપા કરી જણાવશો. વિદ્વાન્ ગણીને સમયને અનુસારે પ્રશ્ન જોઇ કહ્યું, મતિવર ! તમારે ઉપરે સુખ મળવાનું છે. આ ચંદ્રગાનો પતિ ચંદ્રનો કુમાર થશે, તે કુમાર ભારતવર્ષમાં પ્રખ્યાત છે. અહીંથી થોડે દૂર એક નગર આવે છે, ત્યાં તમે નિવાસ કરી રહેજો. તેને ઉદ્યાનમાં રહી, કાળ નિર્ગમન કરજો. જે કોઇ પુરૂષ આ ચંદ્રગાનો પતિ થવાનો છે, તે ત્યાં આવશે. તે રાજભવનના વૃક્ષમાંથી દુધની ધારા છુટે. તે ચંદ્રગાનો પતિ, એમ સમજી લેજો. એ પ્રમાણે કહી તેણે અમને એક રક્ષા બાંધી આપી. તે પછી તે વિદ્વાન્ જોશી અમારો સત્કાર લઇ ત્યાંથી ચાલ્યો ગયો.

મહાનુભાવ ! તે જોશીનાં વચને અમને પૂર્ણ આશ્વાસન આપ્યું. ત્યારથી અમે એજ આશાને રહ્યાં છીએ. તે ઉપકારી જોશીએ ઉદય અને માધવ નામે બે પ્રાચે પોતાને વેશે હોલાવ્યા હતા, તેમનું અમોને ચંદ્રલેખાનો વિવાહ કોઇ દેશીય પુત્ર સાથે કરવો નહિ; આથી અમે વિદેશ ગામમાં વસ્યાં છીએ. તેની રાહ જોઇને કાળ નિર્ગમન કરીએ છીએ. આ બાળા ચંદ્રલેખા પ્રાયે મોટી થઇ નથી. તેની સખીઓની સાથે ગમત કરે છે, કોઇ વાર મધુર સંગીત કરી, અમને પણ આનંદ આપે છે.

તે રસ્તામાં કુમારી આ વૃત્તાંત સાંભળી, ભાઇ કાંઇ વિચારમાં પડ્યો. "અહીં પણ મદનનો લેશ થયો. અથવા હવે અહીંથી ચાલ્યા જઇએ." એવું વિચારી મહા ઉદ્યાનમાં ગયો. હવે ચંદ્રકુમાર અને સખીઓ આ બધું સાથે આનંદમાં થઇ ગયું. ત્યાં રાજભુવનના વૃક્ષમાંથી દુધની ધારા છુટી. તે જોઇ સૌ વિસ્મય પામ્યા. તે મહાત્મા જોશીના વચન પ્રમાણે સત્ય થયું. આવતા હર્ષથી મદલેખાને મોટી ખેદ થયો, અને સ્વાભાવિક ગુણ રૂપ વડે વિશ્વને મોહન કર્યું. સર્વ સખીઓને આ કુમાર ચંદ્ર અને ચંદ્રલેખાને વરી, દાસત્વ દૂર કર્યો. પછી ધીરજથી રાજકુમારી ચંદ્રલેખાને એક પ્રેમ રહ્યો હતો છે. હવે તમે તેને સ્વીકારો—મહારાજ ! આ કુમારને નિ ચય છે, પણ તમારા જેવા માણસને લઇ તે હવે એક રહે છે. ઉત્તમ માણસો પણ ઉંચા કુળ છે. તે વિષે એક નીતિનો શ્લોક આ પ્રમાણે છે

आपदयपि कुलं नरिता हरिदा च नापदेऽवसरम् ।
विरेचे विपन्नतामाः करिणो वन दर्शने हरयः ॥ १ ॥

પુરૂષોને ગુરૂતા અને લઘુતા આશ્રયને લઇને થાય છે. વિંધ્યાચળના આશ્રયથી ગજેંદ્રો વિંધ્યાચળ જેવા દેખાય છે, અને દર્પણના આશ્રયથી દર્પણના પ્રમાણમાં લઘુ દેખાય છે.

મહાનુભાવ ! પુષ્પમાળાના સંગથી સૂત્રનો તંતુ મસ્તકપર ધારણ કરાય છે. ઇશ્વરે મસ્તકપર રાખેલો ચંદ્ર નિષ્કલંક ગણાય છે. આ કુમારને હવે તમારોજ આશ્રય છે. તમે અમારા અંતરના હિતૈષી થયા છો, જે યોગ્ય લાગે તે કરશો.

સાસુનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર બોલ્યો—માતા ! મનમાં જરાપણ અંદેશો રાખશો નહિ. તમને શુભમતિ પ્રધાનની સહાય છે, તે તમારી પૂર્ણ સહાય કરશે. મારે સંમતિ પ્રમાણે તમે અહીંથી કુંડળપુરમાં જાઓ. ત્યાં મારો પૂર્ણ સંબંધ છે. ત્યાંના મંત્રી ઉપર હું એક ભલામણ પત્ર લખી આપું. એમ કહી શ્રીચંદ્રે એક કુંડળપુરના મંત્રી ઉપર પત્ર લખી આપ્યો.

શ્રીચંદ્રે પત્ર આપતાં જણાવ્યું, ભદ્રે ! ચિંતા કરશો નહિ. હું અહીંથી વિદેશમાં જાઉં છું, કાર્ય સિદ્ધ કરી પાછો સત્વર આવી, તમને કુંડળપુરમાં મળીશ. આટલું કહી શ્રીચંદ્ર સર્વની રજા લઇ ચાલતો થયો. જુદા પડતી વખતે સર્વ પરિવારના નેત્રમાંથી અશ્રુ પ્રવાહ છુટ્યો. જ્યાં સુધી તે માર્ગે જોવામાં આવ્યો, ત્યાં સુધી સર્વ તેનું દર્શન કરવા ઉત્સુક થઇ ઉભાં રહ્યાં.

શ્રીચંદ્ર ગયા પછી વૃદ્ધ રાણી વીરમતિ પોતાનો પરિવાર લઇ કુંડળપુરને માર્ગે ચાલી. અનુક્રમે ચાલતાં માહેંદ્રનગરના સીમાડામાં આવી પહોંચ્યાં. એ સુંદર શહેરની બહાર એક ઉદ્યાનમાં વિશ્રાંત થઇ બેઠાં, ત્યાં નીચેની ગાથાઓ સાંભળવામાં આવી.

राहावेह विहीए, सयंवरे वारे यो तिलय मंजरीए ।
सव्व निवगव्वहरणो, वीरिक्को जयउ सिरिचंदो ॥ १ ॥

सिंहपुरे वियणयरे, सुहगांग सुयाइ पुव्वभवनेहा ।
पउमणीचंदकलाए, वरिणीओ जयउ सिरिचंदो ॥ २ ॥

णयरे कुसस्थलंमि, पुहवीसपयावसिहकुलचंदो ।
सिरि सुरियवइ तणो, सिरिचंदो जयउ सुवणयलो ॥ ३ ॥

" તિલકમંજરીને રાધાવેધની વિધિથી જે વરેલ છે, અને જે સર્વ રાજાઓના ગર્વને હરનાર છે, તે એકવીર શ્રીચંદ્ર જય પામો. સિંહપુરનગરમાં શુભગાંગ રાજાની પુત્રી ચંદ્રકળા પદ્મિણી પૂર્વ ભવના સ્નેહથી જેને વરી છે, તે શ્રીચંદ્રકુમાર જય પામો. કુશ-

વાંચનારને જિજ્ઞાસા થઇ હશે. આ સુંદર મેહેલ હેમપુર નગરના રાજા મકરધ્વજનો છે. એ ગોખ ઉપર બેઠેલો પુરૂષ તે મદનપાલ નામે તેનો કુમાર છે. તે યૌવનવયને પ્રાપ્ત થયો છે, તથાપિ તે અવિવાહિત છે. રાજા મદનપાલ કુમારને માટે ઉત્તમ કન્યાની શોધમાં છે, પણ હજુ કોઇ કન્યા પ્રાપ્ત થઇ નથી.

કુમાર મદનપાલ ગોખ ઉપર બેસી પોતાના વિવાહના અને શ્રૃંગાર વિલાસના માનસિક સંકલ્પો કરતો હતો, ત્યાં એક યોગિણી તે માર્ગે પ્રસાર થતી જોવામાં આવી. યોગિનીનો વેષ મનોહર હતો, તેના હાથમાં એક ચિત્રપટ હતું, તેના મુખ અને નયન ઉપર ચાતુર્ય પ્રકાશતું હતું. વેષ ઉપરથી તે યોગિની છે, એમ જણાઇ આવતું હતું. તેને જોતાંજ રાજકુમાર ઉત્સુક થઇ ગયો. તત્કાળ તેણે યોગિનીને પોતાની પાસે બોલાવી, અને માન આપી પુછ્યું, ભદ્રે ! કુશળ છો ? ચતુર યોગિની બોલી—ભદ્ર! આ અસાર સંસારમાં કુશળતા શું પુછવી ? ભાઇ ! વિચાર કર, કાળના મહાન્ પ્રભાવ આગળ કોણ કુશળ રહી શકે ? જરાવસ્થારૂપ પ્રચંડ રાક્ષસી જ્યારે મસ્તક ઉપર આવી ચડી બેસે છે, ત્યારે શ્યામવર્ણના સુંદર કેશ ધોળા થઇ જાય છે, અને ઇંદ્રિયોની શક્તિ હરી જાય છે. યૌવન વયની સુંદર ઇમારત તે રાક્ષસી ક્ષણમાં તોડી નાખે છે, તેથી શરીરનું સૌંદર્ય નષ્ટ થઇ જાય છે, અને માણસ વિરૂપ બની જાય છે. ભદ્ર ! તું મને ભોળો લાગે છે, માનવ જીવનની કુશળતા પુછવીજ નહીં. એક પલકમાં આયુષ્ય પૂર્ણ થઇ જાય છે, તો પછી કુશળતાની વાત શી કરવી ? તે છતાં પ્રાણી કામ, ક્રોધ અને મોહને વશ થઇ નરકની પીડાનો પાત્ર બને છે. ભદ્ર ! નીચેની ગાથાઓ વિચારી જો, એટલે તને કુશળતા પુછવાની ખબર પડશે.

गाथा.

कुशल तेहने जेह न जाया, जाया तेह मरंदा ।
तो शी कुशलनी वात कहीं जे, ए दीसे जनदंदा ॥ १ ॥

आसन मारे पण आश न मारे, भस्म धुणी अंग धारे ।
कंथा धरे पण विकथा न छंडे, तो शी मुद्रा धारे ॥ २ ॥

पहेरी कोपिन पण किंचि न परिहरे, मांडे जनशुं माया ।
युंही संसारमे आया जाया, कीधा योग न पाया ॥ ३ ॥

चारखाण चउशी लख जोणी, तिहां राहि भमि भमि आया ।
विषय पाया तृणशुं मन टाले, तो परब्रह्महीं पाया ॥ ४ ॥

રાજા મકરધ્વજ પોતાના કુમારની પાસે આવ્યો. પુત્રને ઉત્સંગમાં બેસારી આ પ્રમાણે કહ્યું, વત્સ ! હૃદયમાં શામાટે શોક કરે છે ? ભારતવર્ષ ઉપર બીજી ઘણી રાજકન્યાઓ સ્વરૂપવતી છે, પ્રિયંગુમંજરીને માટે વૃથા આગ્રહ શામાટે રાખે છે ? બીજી સૌંદર્યવતી સુંદરીની સાથે તારો વિવાહ કરીશ. રાજા નૃસિંહે મારૂં અપમાન કરેલું છે, તેનો બદલો હું આગળ ઉપર લઇશ. પુત્ર ! તેવા અભિમાની રાજાને વારંવાર પ્રાર્થના કરવી, તે ક્ષત્રિયવટને ઉચિત નથી. રાજા નૃસિંહે આપણા મંત્રીને ના કહી છે, એટલુંજ નહીં, પણ એક નીચેનો શ્લોક લખીને સાથે મોકલાવ્યો છે.

यवागूजरणे जाड्यं मोदकानां तु का कथा ।
वचनेऽपि दरिद्रत्वं धनाशा तत्र कीदृशी ॥ १ ॥

જે રાબડી [જાવલી] ને પચાવવાને અશક્ત છે, તેમની આગળ લાડુની તો શી વાત કરવી ? જ્યાં વચનમાં દરિદ્રતા છે, ત્યાં ધન મેળવવાની આશા ક્યાંથી રખાય ?

આ ઉપરથી આપણે જાણવું જોઇએ કે, તમારે પ્રિયંગુમંજરીની આશા રાખવીજ નહીં. વત્સ ! તું સુજ્ઞ છે, તેવી દુર્લભ રાજકન્યાની આશા શામાટે રાખવી જોઇએ ! તારે માટે બીજી હજારો રાજકન્યાઓ તૈયાર છે.

આ પ્રમાણે રાજા મકરધ્વજે તેને ઘણું સમજાવ્યો, પણ તે દુરાગ્રહી રાજકુમાર સમજ્યો નહીં. તેના હૃદયમાંથી ચિત્રપટની મનોહરા જરા પણ દુર થઇ નહીં. પ્રતિદિન તેનુંજ ચિંતવન કરવા લાગ્યો. ઘણા દિવસ સુધી મેહેલના ગોખ ઉપર બેસી, તેનોજ વિચાર કરવા લાગ્યો. હાલતાં, ચાલતાં, ઉઠતાં અને બેસતા તેનુંજ મનન કરતો હતો. પુનઃ તે યોગિની ક્યારે મળે ! એવી હવાઇ કલ્પના કરી, તેજ દિશા તરફ જોતો હતો. છેવટે રાજ્યવૈભવનો અનાદર કરી, તે ઓહી મદનપાળ નગરમાંથી ગુપ્ત રીતે ચાલ્યો ગયો. રાજા મકરધ્વજ અને તેનું રાજકુટુંબ ભારે ચિંતામાં આવી પડયું



પ્રકરણ ૪૫ મું.

યક્ષ મંદિર.



જે દેવપુરી નગરના દ્વાર આગળ લોકોનું ટોળું એકઠું થયું હતું, જુદી જુદી જાતીના લોકો અનેક જાતની વાતો કરતા હતા, જુદી જાતી તેઓને વરતા હતા, અને દિનકરી ઉપદેશ આપતા હતા. કોઇ ૨૬ જનની જે તે વાતો કરતી, તે કુમાનતી. રાજકીય સંબંધીવખતે રાજકીય ... છે. પ્રજાએ રાજ્યકાર્યમાં સામેલ થવું ન જોઇએ. પોતાના સ્વામીની વાતો કે સંબંધ કરવી, તે દેશદ્રોહ ગણાય છે. રાજકુંવરની વાત સારી કે નઠારી ચર્ચાપેન કરી જોઇએ. તેમ કરવાથી રાજ પ્રજાની એકતા રહેતી નથી. રાજા, તે પ્રજાનો પાલક પિતા છે. તેની સ્તુતિ, તેનું વખાણ કરવું, તેજ આપણો ધર્મ છે.

૨૬ જનનાં આવાં વચનથી લોકો સમજી ગયા. કેટલાએક તો તે ટોળામાંથી ચાલી નીકળ્યા, કોઇ જુદા જુદા બેની બની રીતે બોલવા લાગ્યા, તથાપિ તે લોકોનું ટોળું તે તેમનું તેમ એકઠું થઇ ઉભું રહ્યું હતું.

આ વખતે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્રકુમાર કાપડીનો વેશ લઇ, તે નગરના દરવાજા પાસે નીકળ્યો. લોકોનું ટોળું એકઠું થએલું જોઇ શ્રીચંદ્ર ઉભો રહ્યો. તેના અંતરમાં તેની જિજ્ઞાસા ઉત્પન્ન થઇ, તેવામાં એક પ્રૌઢ વયનો વણિક ત્યાંથી પસાર થતો જોવામાં આવ્યો. કુમારે વિનયથી તેને પુછ્યું, ભાઇ ! આ લોકોનું ટોળું કેમ એકઠું થયું છે ? આ નગરનું શું નામ છે ? તે વણિક ઉભો રહી બોલ્યો—ભદ્ર ! તમે કોઇ કુલીન પુરૂષ દેખાઓ છો, તમારો વેશ કાપડીનો છે, પણ તમારી મુખમુદ્રા ઉપર કુલીનતા દેખાઇ આવે છે. આ નગરનું નામ કાંપિલ નગર છે. અહીં જિતશત્રુ નામે રાજા છે, તેમની રાણીનું નામ રતિ છે, તે રતિના ઉદરથી કનકરથ નામે એક કુમાર અને કનકવતી નામે પુત્રી થએલ છે.

કેટલાક દિવસ પહેલાં વીણારવ નામે એક પ્રખ્યાત નવીવો અહીં આવ્યો હતો, તેણે નગર ... રાધાવેધનો ખેલ કરી બતાવ્યો હતો. તે ચમત્કારી ખેલમાં કુશળ ... શ્રીચંદ્રકુમારનું ચરિત્ર કહેલું, અને તેનું વર્ણન કરી, રાજકુંવરને ખુશી કર્યું હતું.

તે વીણારવ કેટલાએક દિવસ સુધી રહી, આપણા રાજા જિતશત્રુ પાસેથી ઇનામ તથા સત્કાર મેળવી ચાલ્યો ગયો, તે ગયા પછી કુમાર કનકરથ કેટલાએક મિત્રોની સાથે તે રાધાવેધનો ખેલ કરવા લાગ્યો. મહાશય ! એ ચતુર કુમાર પોતાના મિત્રોની સહાયથી રાધાવેધનો સારો ખેલ ભજવી જાણે છે. કોઇ રાધાવેધનો સ્તંભ કરે છે, કોઇ શ્રીચંદ્ર-

કુમાર બની રાધાવેધ કરવા ઉભો થાય છે, કોઇ રાજકન્યા થઇ પાલખીમાં બેસી રાધાવેધ કરનાર શ્રીચંદ્રને વરવા આવે છે, કોઇ રાજકન્યાની સખીઓ થઇ તેની પાસે હાજર રહે છે, કોઇ રાધાવેધ થાય, એટલે શ્રીચંદ્રનો જયનાદ કરી, સ્વયંવર મંડપને ગજાવે છે, તે વખતે શ્રીચંદ્ર બનેલો પુરૂષ સર્વ સમાજ વચ્ચેથી પ્રસાર થઇ જાય છે, અને ચારે તરફ તેની શોધાશોધ થઇ પડે છે.

ભદ્ર ! આ પ્રમાણે કુમાર કનકરથ પોતાના દરબારમાં અને લોકોના સમાજમાં રાધાવેધના ખેલ કરી સર્વને આનંદ આપે છે. ગઇ કાલે કુમારે અંતઃપુરમાં તે ખેલ ભજવી બતાવ્યો હતો. તે વખતે તેની બેન કનકવતી પોતાની ત્રણ સખીઓની સાથે ત્યાં રહેલી હતી. રાજકુમારી કનકવતીને પ્રેમ અને વિશ્વાસનું પાત્ર પ્રેમવતી, ધનશ્રી અને હેમશ્રી નામે ત્રણ સખીઓ છે. પ્રેમવતી મુખ્ય મંત્રીની પુત્રી છે, ધનશ્રી સાર્થવાહની પુત્રી છે, અને હેમશ્રી નગરશેઠની પુત્રી છે. શ્રીચંદ્રકુમારે કરેલ રાધાવેધ અને તેના ગુણનું બ્યાન સાંભળી રાજપુત્રી કનકવતીએ અને તેની ત્રણ સખીઓએ શ્રીચંદ્રકુમારને વરવાનો નિશ્ચય કર્યો છે. રાધાવેધના ખેલમાંથીજ તે બાળાઓના વિચાર ઉત્પન્ન થયા, અને ધાત્રીમાતાની દ્વારા તે વૃત્તાંત રાજાને જણાવ્યો. રાજા જિતશત્રુ મોટી ચિંતામાં આવી પડયો, તે સાથે તેનો મંત્રી, સાર્થવાહ અને નગરશેઠ પણ ચિંતાતુર થઇ ગયા. સર્વ કુમારીઓ આગ્રહ કરી બેઠી, એટલે રાજાએ આજે કુશસ્થળીમાં શ્રીચંદ્રની શોધ કરવા મંત્રી વિગેરે માણસોને મોકલ્યાં છે.

આ વાતની ચર્ચા નગરમાં ઉત્પન્ન થઇ છે અને તે ચર્ચાને માટે આ લોકોનું ટોળું એકઠું થયું છે. રાજકીય વાર્ત્તા ચર્ચવી તે યુક્ત નથી. એમ જાણી હું તેમાંથી પ્રસાર થઇ ચાલ્યો જાઉં છું. આ પ્રમાણે કહી તે પ્રૌઢ વણિક ત્યાંથી ચાલી નીકળ્યો, અને શ્રીચંદ્ર પણ પોતાને બંધન થશે, એવો ભય રાખી તે નગરીની અંદર નહીં જતાં, પરસાર્યો બીજે માર્ગે ચાલતો થયો. આગળ જતાં એક સુંદર મંદિર જોવામાં આવ્યું. મંદિરની શોભા અપૂર્વ હતી. ઉંચા શિખર ઉપર ધ્વજાઓ ફરકતી હતી, ધ્વજાઓની સાથે ઘંટડીઓના નાદ થતા હતા, મંદિરદ્વાર ઉપર અનેક જાતની પાષાણમય પ્રતિમાઓ ગોઠવી હતી, તે મંદિરની આસપાસ વૃક્ષોની વાટિકા હતી, વાટિકામાં અનેક જાતનાં રંગબેરંગી પુષ્પો વિકસિત થયાં હતાં; ગુલાબ, જાસુદ, જુઇ, ચમેલી, કરેણ અને મોગરાના પુષ્પોનાં વૃક્ષ શ્રેણીબંધ ઉભાં હતાં. આ પુષ્પોથી લોકો તે મંદિરમાં રહેલા યક્ષની પૂજા કરતા હતા. કેટલાએક ફળનાં વૃક્ષોમાંથી ફળ લઇ, તે યક્ષને નૈવેદ્ય ધરતા હતા. શ્રીચંદ્રકુમાર વાટિકામાં ફરી વળી મંદિરમાં આવ્યો. વાટિકાના મધ્ય ભાગે દેવ વિમાનના જેવું સુંદર મંદિર જોઇ તેને ત્યાં રહેવા પ્રીતિ ઉત્પન્ન થઇ. મંદિરની કારીગરી અને ભવ્ય દેખાવ જોઇ તે મંદિરના કરનારની પ્રશંસા કરવા લાગ્યો. મંદિરની શોભા જોતો જોતો રાજકુમાર અંદર ગયો, ત્યાં યક્ષની મોટી પ્રતિમા જોવામાં આવી. પ્રતિમાની ઉપર ચંદન અક્ષત અને પુષ્પની માળાઓ જથ્થાબંધ રહેલી હતી. પ્રતિમાનો દેખાવ ઉગ્ર છતાં સુંદર હતો. તે પ્રતિમાને જોઇ જમણી તરફ રાજકુમારની દૃષ્ટિ પડી, ત્યાં એક તરૂણ પુરૂષ ભરાઇ બેઠેલો

જોયો. તે પુરૂષનું મુખ ઉપર ગ્લાનિ, શોક અને ચિંતા ભરપૂર દેખાતાં હતાં, તે તેજસ્વી છતાં ચિંતારૂપ અગ્નિ લાગવાથી દગ્ધ થઈ, નિસ્તેજ થઈ ગયો હતો. તે પુરૂષને જોઈ શ્રીચંદ્ર ઉભો રહ્યો, તેના હૃદયમાં તેને માટે દયા ઉત્પન્ન થઈ. તે બોલ્યો—ભદ્ર ! તમે કોણ છો ! તમારી આકૃતિ પણ ચિંતા સૂચવી આપે છે. આ મંદિરમાં આવી કેમ બેઠા છો ! યક્ષની આરાધના કરો છો, કે ગુપ્ત રહેવા આવ્યા છો ! જો કાંઈપણ બાધ ન હોય, તો તમારૂં વૃત્તાંત મને જણાવશો.

તે પુરૂષ શ્રીચંદ્રને જોઈ પ્રસન્ન થયો. 'આ કોઈ કુલીન પુરૂષ છે,' એમ તેને નિશ્ચય થયો. પોતાના દુઃખના ભાગીદાર થાય, તેવા આ સુશીલ પુરૂષ છે. તેને મારો વૃત્તાંત જણાવું, તો વખતે લાભ થાય. આમ વિચારી તે પુરૂષ બોલ્યો, મહાશય ! હું અત્યંત દુઃખી છું, અનિવાર્ય ચિંતાએ મને ઘેરી લીધો છે, મારો વૃત્તાંત આપ જેવા પરોપકારી પુરૂષને સાંભળવા યોગ્ય છે. અહીંથી નૈરૂત્ય ખૂણામાં હેમપુર નામે નગર છે, તેમાં મકરધ્વજ નામે રાજા છે, તેને મદનપાળ નામે એક કુમાર છે, તે કુમાર એક વખત ગોખમાં બેઠો હતો, ત્યાં કોઈ યોગિની ચિત્રપટ લઈને નીકળી, તેને કુમારે બોલાવી. યોગિનીએ પોતાનો વૃત્તાંત જણાવી, તે ચિત્રપટ મદનપાળને બતાવ્યું. મદનપાળ તે ચિત્રપટ જોઈ મોહમગ્ન થઈ ગયો. તત્કાળ તેણે ચિત્રપટનો વૃત્તાંત પુછ્યો, એટલે તે યોગિનીએ કહ્યું, રાજકુમાર ! આ ચિત્રપટ કાંતિનગરના રાજા નરસિંહની પુત્રી પ્રિયંગુમંજરીનું છે. પ્રિયંગુમંજરીને તેના શિક્ષક ગુરૂ શ્રીગુણધરે કુશસ્થળીના શ્રીચંદ્રકુમારની અતિ પ્રશંસા કરી, તેથી એ રાજબાળાએ શ્રીચંદ્રને વરવાનો નિશ્ચય કર્યો છે. પુત્રીનો દૃઢ નિશ્ચય જાણી રાજા નરસિંહ આ ચિત્રપટ લઈ મને કુશસ્થળીમાં મોકલે છે. ભદ્ર ! તે ચિત્રપટને માટે મોહ પામેલા મદનપાળે ઘણી પ્રાર્થના કરી, પણ યોગિનીએ તે ચિત્રપટ આપ્યું નહીં. મદનપાળને મદનપીડામાં નાખી, યોગિની ત્યાંથી ચાલી ગઈ. કુમાર મદનપાળ ત્યારથી પ્રિયંગુમંજરી ઉપર તીવ્ર ઇચ્છા રાખી તેનુંજ સ્મરણ, તેનુંજ ધ્યાન અને તેનુંજ મનન કરવા લાગ્યો. આ ખબર તેના પિતા મકરધ્વજને પડવાથી તેણે કુમારની ઇચ્છા પૂર્ણ કરવા પોતાના મંત્રીને કાંતિપુરમાં પ્રિયંગુમંજરીનું માગું કરવા મોકલ્યો. રાજા નરસિંહે ના પાડી, એટલે મંત્રી નિષ્ફળ થઈ પાછો આવ્યો. પિતા મકરધ્વજે પુત્ર મદનપાળને સમજાવ્યો કે, તારે માટે બીજી સુંદર રાજકન્યા શોધી લાવીશ; પણ મદનપાળને પ્રિયંગુમંજરીનો મોહ દૂર થયો નહીં. તેને વિશેષ ચિંતા થવા લાગી, છેવટે તે રાજ્યવૈભવ છોડી પ્રિયંગુમંજરીને માટે ફકીરી વેશ તૈયાર થયો, નગરમાંથી રાત્રે ગુપ્તપણે ચાલી નીકળ્યો.

ભદ્ર ! તે હું પોતેજ મદનપાળ છું, અતિ ચિંતાથી આકુળ થઈ, આ યક્ષમંદિરમાં આવી ગુપ્ત રીતે રહ્યો છું. અહીંથી કાંતિપુર નજીક છે, રાજકુમારી પ્રિયંગુમંજરી કોઈ કોઈ વખત આ વાટિકામાં રમવા આવે છે, તેને જોવાની આશાએ હું અહીં રહ્યો છું. ભદ્ર ! એક કાળે આ વાટિકાની માલણ મને મળી હતી. તે માલણ રાજકુમારીની પાસે ઘણી વાર જાય છે, મેં તેને ધન આપી સ્વાધીન કરી લીધી છે. માલણની સાથે રાજકુમારી પ્રિયંગુમંજરીને સ્નેહ છે. મેં વિનંતિ કરી માલણને કહ્યું કે, બેન ! રાજકુમારીને

મારી વતી નિવેદન કર કે, હેમપુરીના રાજા મકરધ્વજનો મદનપાળ નામે કુમાર છે, તે ચિત્રપટ ઉપર તમારૂં અનુપમ સૌંદર્ય જોઈ, મોહ પામી ગયો છે. તમારા ગુણ અને રૂપથી આકર્ષાઈ, તે યક્ષમંદિરમાં આવી રહેલ છે; તે તમારા રાની તરૂણને તમે પ્રેમનો પાત્ર કરી કૃતાર્થ કરો, તે ઉપરાંત તને જે યોગ્ય લાગે, તેમ બીજાં મિષ્ટ વચન ઉચરજે. હું તારા ઉપકારનો બદલો સારી રીતે વાળીશ. મારા વચનથી તે નિમકહલાલ માલણે રાજકુમારીને મારો સંદેશો કહ્યો. તે ઉપરાંત તેણીએ મારા ગુણનું યથાર્થ અને અતિશયોક્તિ ભરેલું વર્ણન કર્યું. પછી ચતુર કુમારીએ પુષ્પની છાબમાંથી એક રાતું પુષ્પ લીધું, તેને કાન ઉપર ચડાવી દૂર કર્યું, પછી બીજું સો પાંખડીવાળું કુંકુમવર્ણું પુષ્પ લઈ નેત્ર પાસે રાખી હૃદય ઉપર મુક્યું. આ પ્રમાણે સમસ્યા કરી રાજકુમારીએ માલણને કહ્યું. બેન! તે કુમારને કહેજે કે, આ પુષ્પની સમસ્યાનો ઉત્તર આપો. તે પ્રત્યુત્તર લાવ્યા પછી હું તેમની ચાતુરી જાણી લઈશ. પ્રિય મિત્ર! આજે માલણે આવી મને તે સમસ્યાની વાત કરી; હું તેમાં જરાપણ સમજતો નથી. ઘણી વાર સુધી તેનો વિચાર કર્યો. પણ મારી મનોવૃત્તિમાં તે આવી નહીં. છેવટે નિશ્વાસ મુકી, નિરાશ થઈ અભ્યાગતનો સાજ કરી અહીં બેઠો છું.

અહ! તે રાજકુમારી હમેશાં અહીં આવે છે, પણ મારા જોવામાં આવતી નથી. તેણીની સાથે અંગરક્ષક પુરૂષો આવી પ્રથમથી કોઈ પુરૂષને અહીં રહેવા દેતા નથી, તેથી હું છુપી રીતે અહીં બેસી રહું છું. વ્હાલા મિત્ર! તમારૂં હૃદય પ્રેમાળ છે, તમે પરદુઃખભંજન દેખાઓ છો, આ દુઃખી જનને કાંઈપણ સહાય કરવા કૃપા કરો. તમે વિવેકી છો. જ્યાં તમારા હૃદયમાં સર્વને સ્વદેશી સમજો છો, તમારા અંતરંગમાં 'वसुधैव कुटुंबकं' એ મહાવાક્ય રમી રહેલું છે. પરોપકાર કરવામાં તમારી પ્રવૃત્તિ જાગ્રત છે. મિત્ર! તમે ઉપકાર ધર્મની મહત્તા જાણો છો આ પ્રમાણે કહી મદનપાળ નીચેના દોહા બોલ્યો.

दोहा.

आरिसा पेरे संक्रमे, परदुःखहृदये जेह ।
विरला परदुःख देखीने, ते सज्जन गुणगेह ॥ १ ॥

જેના હૃદયમાં દર્પણની જેમ બીજાનું દુઃખ પ્રતિબિંબિત થાય, તેવા સજ્જન પુરૂષ વિરલા હોય છે.

મદનપાળની આવી સ્થિતિ જોઈ શ્રીવત્સને દયા આવી. તેના હૃદયમાં થયું કે, અહા! આ નેહ કેવો પ્રબળ છે! સ્ત્રીઓના નેહરાગના આ દીન કુમાર ભોગ થઈ પડ્યો છે, મારે પરશક્તિ સહાય કરી, આ દુઃખી પુરૂષનો ઉદ્ધાર કરવો જોઈએ. મૃગાક્ષીઓના નેત્રપાતમાં પડેલા પુરૂષોની કેવી અધમ સ્થિતિ થાય છે? આ નેહથી મદનપાળને રાજ્યભ્રંશ, દેશત્યાગ, અને વસ્ત્રાદિકનો ત્યાગ કરી વિનાશ થઈ ગયા છે. રાજકુમારી ચિત્રસુંદરીને

પુછેલી સમસ્યા ખરેખરી ચતુરતાની પરીક્ષક છે, સમસ્યા ઉપરથી સમજાય છે કે, મારા વિચારમાં કોઈ પુષ્પરત્નની તે વિમાસણ હશે. કોઈ પુરુષ આ દેશમાં આવેલા હતા, એમ મેં ધારી લીધું હતું. મારું વિચારી રાજપુત્ર બોલ્યો—આ માનવંત ! ચિંતા કરશો નહીં, હું મારાથી બનશે તેટલી તમને સહાય કરીશ. રાજકુમારીએ પુછેલી સમસ્યા સુચવે છે. પુષ્પની ઉગમણી રહેલું પુષ્પ લઈ કાને અને નેત્રે અડાડી નીચે મુક્યું. એથી એ ચતુર બાળાએ સુચવ્યું કે, તમે આ રીતનાં પુષ્પની જેમ મારી ઉપર રક્ત છો, પણ તમે કેવા છો ! તે મેં કાને સાંભળ્યા નથી, અને નજરે જોયા પણ નથી. ઓળખું શું પાંખડીનું કમળ લઈ હને ભાગ્યથી હૃદય ઉપર નાખ્યું. તેથી એમ સુચવ્યું કે, કુમારશ્રીનો શ્રીચંદકુમાર મસ્તીકર રક્ત નથી, પણ મેં તેમના ગુણ કાને સાંભળ્યા છે, તેથી મેં તેને હૃદયમાં રાખ્યો છે. વળી તે રૂડો શ્રીચંદ મારા હૃદયમાં વસ્યો છે.

શ્રીચંદનાં આવાં વચન સાંભળી માનવંત રહિત થઈ ગયો. અહા ! કેવું ચાતુર્ય ! કેવી વિદ્વત્તા ! કેવો વચનવિલાસ ! આવું પંડિત છતાં તેના મુખ ઉપર જરા પણ ગર્વ નથી. પ્રત્યેક અંગ ઉપર વિનયની છટા કેવી પ્રસરી છે ! વચનમાં કેવું માધુર્ય છે ! આટલું ચિંતવી માનવંત શ્રીચંદને નમી પડ્યો. ઉપકારી બંધુ ! તમારી બુદ્ધિની શું પ્રશંસા કરું ! આ દુઃખી જન તમારી સહાયથી સુખી થશે, કાંઈ પણ ઉપાય કરી એ ચતુરાની સાથે મારો મેળ કરી દો. મારા ચિંતાતુર હૃદયને શાંતિ આપો. મારા કાર્યની સિદ્ધિ તમારાથીજ થવાની છે. મારા જીવનની સ્વતંત્રતા તમારે સ્વાધીન છે. મિત્રવર્ય ! દુઃખ-સાગરમાં પડતા એવા મારા હૃદયને અવલંબન આપો.

આ પ્રમાણે બન્ને વાતો કરતા હતા, ત્યાં વાટિકામાંથી શંખનો નાદ સાંભળવામાં આવ્યો. તરત મદન બોલ્યો—મિત્ર ! સાંભળો, આ શંખનો નાદ થાય છે; રાજકુમારી પ્રિયંગુમંજરી પોતાના પરિવાર સાથે ઉદ્યાનમાં આવે છે. મૃદંગ, વીણા, શંખ, કાંસી, અને કરતાળ વાગી રહ્યાં છે. અસંખ્ય યોદ્ધાઓ તેની સાથે પરિવૃત થઈ ચાલ્યા આવે છે. જુઓ પેલી સખીઓ અહીં આવે છે. ચાલો, આપણે એક ખુણામાં ભરાઈ બે-સીએ. શ્રીચંદને લઈ માનવંત યક્ષ મંદિરના એક ખુણામાં ભરાઈ રહ્યો.

પેલી સખીઓ યક્ષ મંદિરમાં આવી દાખલ થઈ, તેવામાં રુદનનો મહા ધ્વનિ સાંભળવામાં આવ્યો. મંદિરમાં આવેલી સખીઓ ચમકી ગઈ. દ્વાર બાહેર નીકળી, ત્યાં એક ઘરડી ડોશી આવતી. સખીઓએ સંભ્રમથી પુછ્યું—બેન ! આ શું થયું ! રાજકુમારી કુશળ તો છે ? તે બોલી—બેન ! એક ચિત્તે સાંભળ. આપણા મહારાજાએ જે યોગિનીને કુશસ્થળ મોકલી હતી, તે નિષ્ફળ થઈ પાછી આવી છે. કુશસ્થળમાં શ્રીચંદ-કુમારના નિવાસનો પત્તો મળ્યો, પણ તે જોવામાં આવ્યો નહીં. રાજકુમારી તેને શે-ઠનો પુત્ર ધારી રહી હતી, પણ તે રાજપુત્ર નીકળ્યો છે. તેનાં માતા પિતાએ તેને ઓળખી છે એ ખબર યોગિની પાસેથી સાંભળીને રાજકુમારી પ્રિયંગુમંજરી મૂર્છા ખાઈ પડી ગઈ. તે જોઈ સખીઓ આક્રંદ કરી રુદન કરે છે. ચાલો, આપણે ત્યાં જઈ

કપૂર અને ચંદન જળનું સિંચન કરી રાજકુમારીને સાવધાન કરીએ. તરતજ સર્વ સખીઓ ત્યાંથી પ્રસાર થઇ ગઇ.

આ વાર્તા સાંભળી શ્રીચંદ્ર બોલ્યો—મિત્ર મદનપાળ ! પ્રિયંગુમંજરીની પ્રીતિ શ્રીચંદ્ર ઉપર ઘણી લાગે છે. એ ખરેખર શ્રીચંદ્રનીજ રાગી થઇ છે; પરસ્ત્રી થયેલી, તે પ્રેમદા તમને શી રીતે મળશે ? વનિતાઓ વિદ્યુતની જેમ ચપળા છે, તેવી સ્ત્રીના પ્રતિબંધથી પુરૂષને કર્મના બંધ થાય છે. મીત્રવર્ય ! બને તો આ ફંદમાં પડશો નહીં, તે મોહનાની માયા તમારે દુઃખરૂપ થશે, તેને માટે આર્હત ધર્મમાં નિષેધ કરેલો છે. જેના સારરૂપે નીચેની કવિતા છે, તે એક ચીત્તે સાંભળો.

मदनपाळ वे, सुंदर शीख सुणी जे,
जण जण सेंती वे, यारी प्रीति न कीजे. (त्रोटक.)
कीजे नवि परतरुणी सेंती, केती वार ए प्रीतडीयां,
विषफलीनीपरे मुखडे मीठी, परिणामे दुःखवेलडियां ।
वेलडियांपरे प्रहिलो जाणे, अंते विरसदुःख देहडियां,
दीवानापरे फरे पुरवने, भीतर बाहिर शेरडीयां. ॥ १ ॥

निंद न आवे वे, रसिक न रयणी विहाणे,
अन्य न भावे वे, धीरज मनमां नाणे. (त्रोटक.)
नाणे कांइ शंका जाणी रंका, लंकापति परें दुःख पामे ।
राज मर्यादा धरे नवि तेहनी, जेहनी मति स्त्री शुं वांधी,
इह भव परभव केरो कोइ, परमारथ न शके साधी. ॥ २ ॥

राग देखावे वे, राति कणयर कळियां,
अंतरकाळी वे, काठी बोरके ठळियां. (त्रोटक.)
मळिया शुं हेजे हळी मळती, छिनमें छेह देखावतियां,
झेर हलाहलथी पण अधिकी, जेहनी जाणी जे छतीयां ।
इंद्रचंद्र नागेंद्र भोळाए, निपुणी निरुपमजस वरीयां,
हरिहर ब्रह्मा तरुणी पुरंदर, विकळ थई करतां नतियां ॥ ३ ॥

विषकी कदली वे, भूमिविना जगमांहि,
विषकरी वायण वे, व्यापि महा निर्मायाहि. (श्रो.)

निर्माये कोइ अपरमहाग्रह, विष नामांतर निपायुं;
फणि विणु नागिणी पापिणी जाणे, जस मन तरूणीशुं लायुं;
द्वादशमो छायानुत वेठो, जसमनपर तरूणी ईहा,
मति गति छांडे सावि होइ होणी, होइ वली दुर्बल देहा ॥ ४ ॥

इम मन जाणी वे, चंचलता निवारी,
भूमि मति धरिये वे, गुरुशिक्षा चितधारी. (श्रो.)
धारी जे शिक्षा थइ दक्षा, लख्या लेख न छुटी जे,
तुं कुमर भूमाला मदनपाला, सत्त्व थकी नवि त्रुटी जे ।
ज्ञानविमल मति शुं चित धरजे, शीख हमारी अति सारी,
जेम इहभवे परभवे होय सुखकारी, सहेजथकी सुणो नर-
नारी ॥ ५ ॥

મિત્ર મદનપાળ ! ઉપરની કવિતાના અર્થનું મનન કરો. આ [illegible] સ્વરૂપ છે, તેની સાથે યારી કરવી ન જોઈએ. તેમાં પરસ્ત્રીની સાથે તો કદિ પણ પ્રીતિ કરવી નહીં. એ સ્ત્રી વિષ ફળની જેમ મુખે મધુરી લાગે છે. પણ પરિણામે તે દુઃખની વાળી થઈ પડે છે એ પરસ્ત્રી [illegible] છે. બીજા નામનું વિષ છે; અને [illegible] છે. જેનું મન પરસ્ત્રીમાં આસક્ત છે, તેને [illegible] મોટો સમજવો. [illegible] અને [illegible] થઈ જાય છે, શરીર દુર્બલ થઈ જાય છે. રાજપુત્ર ! [illegible] હૃદયમાં [illegible] તમારે [illegible] ન [illegible]. [illegible] અને ધાર્મિક [illegible] આ ભવ અને પરભવમાં સુખ [illegible] છે.

[illegible] છે. [illegible] નહીં [illegible] છે. [illegible] કહેવા છે—

धन उपाय करि मेलिए, धनथी होये सवि काम,
अवगुण पण गुण करिलिये, जगमां मोहन दाम. ॥ १ ॥
कुरूप रूप निर्गुण गुणी, सघळा वांछित थाय,
लोकतणो व्यवहार छे, माये एम कहाय. ॥ २ ॥

મિત્ર મદનપાળ ! તમે કાંતિનગરમાં જઇ નિવાસ કરો. રાજકુમારનો સુંદર વેશ ધારણ કરી, ગુપ્ત રીતે રહેજો. હું તમારી સાથે સેવક થઇને રહીશ. કોઇ કોઇ લોક પાસે "હું શ્રીચંદ્રકુમાર છું" એમ ગુપ્ત રીતે વાત ચલાવજો. જે કોઇ યાચક આવે, તેને અગણિત દાન આપજો, ગૃહ વૈભવનો દબદબો રાખજો, એમ કરવાથી અનુક્રમે નૃસિંહ રાજા એવું જાણશે કે, શ્રીચંદ્ર ગુપ્ત રીતે અહીં આવી રહેલો છે; તેમ કરતાં જો તમારાં ભાગ્ય હશે, તો તમે પ્રિયંગુમંજરીને મેળવી શકશો.

શ્રીચંદ્રે આવી યુક્તિ બતાવી, તેથી મદનપાળ ખુશી થયો તત્કાળ તે શ્રીચંદ્રની સાથે કાંતિનગરમાં આવ્યો. મદનપાળની પાસે ઘણું દ્રવ્ય અને ઝવેરાત હતું, તેમાંથી તેણે એક સાત માળની હવેલી ખરીદ કરી. શહેરના ગુણીજનોને બોલાવી, નિત્ય ગોષ્ટી કરવા લાગ્યો. તેઓને મોટાં મોટાં ઇનામો આપી, સત્કાર કરવા લાગ્યો. અસંખ્ય યાચકોને વાંછિત દાન આપી, સંતુષ્ટ કરવા લાગ્યો. શહેરમાં પ્રત્યેક સ્થાને તેના ગુણના પ્રવાહ છુટવા માંડયા. લોકો શ્રીચંદ્રનુ યશોગાન અતિ આનંદથી કરવા લાગ્યા. આ વૃત્તાંત રાજા નૃસિંહના જાણવામાં આવ્યો. પોતાના રાજ્યમાં શ્રીચંદ્રકુમાર આવી ગુપ્ત રીતે રહેલો છે, એમ જાણી રાજા અતિ ખુશી થયો. પોતે ધારેલી ધારણા અનાયાસે સફળ થઇ, તેથી તે પોતાને ચારિતાર્થ માનવા લાગ્યો. તેણે પોતાના મંત્રી અને સામત વર્ગને સૂચના કરી કે, શ્રીચંદ્રકુમારની સાથે પ્રીતિ કરી, રાજકુમારીનો સંબંધ જોડી દ્યો. રાજાની ઇચ્છાથી મંત્રીઓ અને સામંતો મદનપાળને ઉતારે જવા લાગ્યા. અલ્પ સમયમા મદનપાળની સાથે તેઓની પ્રીતિ થઇ. બધા કાંતિપુરમાં શ્રીચંદ્રની કીર્ત્તિ ચંદ્રવત્ પ્રકાશવા લાગી. શ્રીચંદ્રના ગોહેલ આગળ રાજમંત્રીઓ અને સામંતોની ગાડીઓની શ્રેણી સર્વદા ઉભી રહેવા લાગી. કાંતિપુરના ધનાઢ્ય વ્યાપારીઓ અને ગુણી જનોના વૃંદ ઉપરાઉપર ત્યાં આવવા લાગ્યાં.

શ્રીચંદ્ર સેવક થઇ મદનપાળને ચાતુર્ય ભરેલી શિક્ષા આપતો હતો. મદનપાળ તે પ્રમાણે પ્રવૃત્તિ કરતો હતો. તેની ઉદારતાથી, વિનયથી, અને પ્રેમથી કાંતિપુરના લોકોનાં મન અતિ રજિત થયાં હતાં. ઘેર ઘેર તેનીજ પ્રશંસા અને તેનીજ ચર્ચા થતી હતી. 'મદનપાળ એ શ્રીચદ્ર છે' એમ લોકોને પૂર્ણ ખાત્રી થઇ ગઇ હતી. જ્યારે મદનપાળ ગાડીમાં બેસી ફરવા નીકળતો, તે વખતે લોકોનાં ટોળેટોળાં તેને જોવાને એકત્ર થતાં હતાં.

પ્રકરણ ૪૬ મું.

વેષ પરાવર્ત્ત.



શાંતિનગરમાં આજે ધામધુમ થઇ રહી છે, દરબારગઢ પ્રથમ કરતાંથી શણગારવામાં આવ્યો છે, અનેક દેશોની ભાત ભરે તેવી ફરકતી છે, અનેરીતના મુલકની ઝાકઝમાળ રોશની થઇ રહી છે, વિવિધ જાતનાં વાજિંત્રો વાગી રહ્યાં છે, દરેકના ચેહેરા નવરંગિત આનંદનું દર્શન કરે, મંગળની રચના લોકોને આનંદ કરે છે, રાજાના અમલદારો અને રાજાઓ સુંદર પોશાક પહેરી રાજમહેલમાં અમનચમન કરી રહ્યા છે.

કુમાર મદનપાળના મહેલને પણ સારી રીતે શણગારવામાં આવ્યો છે, તેનાં દ્વાર આગળ મધુર વાજિંત્રો વાગી રહ્યાં છે, નવનવા પોશાક પહેરી મદનપાળનો સેવક વર્ગ ફેરફાર કરી રહ્યો છે, રાજકુમાર મિત્રનો પોશાક પહેરી એક ઉંચા આસન ઉપર બેઠો છે, પોતાના ઉપકારી મિત્ર ચોબેની સાથે નવનવા મનોહર વાતો ત્રિભુવનસુંદરીની વાતો કરે છે.

આ વખતે બે સુંદરીઓ એમ નીચે પગથીઆં ઉપર ઉભી હતી. તેઓએ સુંદર પોશાક પહેર્યો હતો, નવીન તાજાતાજા ગજરાઓથી તે રંગિત હતી. તેઓમાંથી એક બોલી—હેન બેન ! આજે રાજકુમારી ત્રિભુવનસુંદરી શામાં શું થવાનું છે ! તેની વાત તો કર. તે બોલી—બેન ! તને પણ તેની ખબર હશે. ના બેન ! મારા જાણવામાં બીલકુલ નથી. આજે રાજકુમારીના લગ્નનો દિવસ છે એટલુંજ હું જાણું છું, પણ લગ્નમાં શું થવાનું છે, તેની મને બીલકુલ ખબર નથી. તે બોલી—હા બેની ! મારા ધારવા પ્રમાણે નાટક રાજકુમારીની પાસ રહે છે, તેના મુખથી મારા સાંભળવામાં આવ્યું છે કે, આજે વીરકુમારની સાથે ત્રિભુવનસુંદરીનાં લગ્ન થશે. પાણિગ્રહણ વખતે રાજકુમારી પહેર્યું શિરે ઓઢીને અને પુરૂષના વસ્ત્રો મુકશે, તે સાથે પોશાક ફક્ત કાઢી અને પોતે ફક્ત પુરૂષનો પોશાક પહેરશે. આહા, રાજકુમારી અને વીરકુમાર એક સુંદર જોડી છે. હવે આગળથી જોઇએ શું થાય છે રાજકુમારીનું પાણિગ્રહણ થશે. આ વિચાર બોલતી બંનેજણ ચાલ્યાં કરતી તે બે સખીઓ આગળ ચાલી ગઇ.

કુમાર મદનપાળ તે સખીઓની વાત સાંભળી વિચારમાં પડ્યો. તેણે વિશ્વાસુ પુરો ચોબેને કહ્યું, મિત્ર ! મારા જાણવામાં આ રાજકન્યાનો વેશજ નથી, સ્ત્રી અને પુરૂષનાં લક્ષણો, પોશાક તથા પોતેજ કાઢશે અને બીલકુલ ખબર નથી. હું તે સ્વરૂપને શી રીતે ઉઘાડું ! મિત્ર ! સમયમાંથી આવું ઉપજ્યું નથી હવે શું કરવું ? મારા હૃદયમાં પ્રેમનો પ્રકાશ થાય છે; રાજકુમારીને જે જે વિદ્યાઓ અને કળાઓ શીખવી જોઇએ, તે હું એવી રીતે શીખવ્યો નથી. મેં વિદ્યા, કળાઓ અને ગુણો ઊંડેથી જાણ્યાં નહીં

અહા ! કેવી અજ્ઞાનતા ! કેવી મૂર્ખતા ! જે ભાગ્યો પિતા વિદ્યમાન છતાં વિદ્યા સંપાદન કરતાં નથી, તે ખરેખર મારી જેમ ઉપહાસ્યનું પાત્ર થાય છે. વિદ્યા અને કળા વિનાનો પુરૂષ પશુ સમાન છે. પ્રિયંગુમંજરી એક સ્ત્રી જાતિ છે, પુરૂષથી ઉતરતી છે, તેનાથી મારે ભય પામવું. એ કેવી શરમની વાત ! હું ખરેખર નપુંસક બની ગયો છું. પ્રિય મિત્ર ! મારા જેવા નિરક્ષરનો ઉદ્ધાર કરો. હું દિગ્મૂઢ થઈ ગયો છું, હવે શું કરવું ? તે મને બીલકુલ સૂઝતું નથી.

મદનકુમારની દીનતા જોઈ શ્રીચંદ્રને દયા ઉપજી, તેણે વિચાર કરી જણાવ્યું. રાજમિત્ર ! ચિંતા કરો નહીં, તમારો વેશ મને આપો, અને વિવાહ મંડપમાં મનેજ મોકલો, તમે મારો વેશ પહેરી સાથે આવો, છેવટે રાજકુમારીનો કર તમનેજ સોંપીશ. કોઈ વાતે ચિંતા રાખશો નહીં, મારૂં હૃદય શુદ્ધ છે. મદનપાળે તે વાત સ્વીકારી, અને શ્રીચંદ્રને માંગલ્ય વેશ પહેરાવ્યો.

લગ્નનો સમય થયો, એટલે મંગળ ગીત અને વાદ્યના નાદ સાથે સર્વ સાજન માજન તૈયાર થઈ રાજભુવનમાં આવ્યું. શ્રીચંદ્ર વરવેશ ધારણ કરી સાથે ચાલ્યો, સુવર્ણ રત્નના શિરોભૂષણથી અને હીરાજડિત કુંડળોથી દેદીપ્યમાન શ્રીચંદ્રકુમાર મોટા સરઘસ સાથે મંડપ તરફ ચાલ્યો, માર્ગમાં અગણિત દાન આપતો હતો. જ્યારે રાજદ્વાર આવ્યું એટલે તારક નામે ભાટ નીચેની કવિતા મધુર સ્વરમાં બોલ્યો.

तइया विवाहसमए, वगवड पमुहाण अट्ठकन्नाणं ।
सिरिचंदो मिट्ठिउ घरे, जो दिट्ठो सोइमो जयउ ॥ १ ॥

વિવાહ સમયમાં ધનવંતી પ્રમુખ આઠ કન્યાઓને પરણનાર જે શ્રીચંદ્રકુમાર શેઠને ઘેર દીઠા હતા, તે શ્રીચંદ્રકુમાર જય પામો.

શ્રીચંદ્રની પૂર્ણ વય જેવી નવાઈ જેવી દેહ કાંતિ જોઈ અત્યંત ખુશી થયો. પોતે સન્મુખ લેવા આવ્યો. શ્રીચંદ્રને સન્માન સાથે મંડપના સુવર્ણ સિંહાસન ઉપર બેસાડ્યો. રાજકુમારી પ્રિયંગુમંજરીને માતૃગૃહના પવિત્ર સ્થાનમાં આણી, મંગળ ગાયન ગાતાં ગીતનો આરંભ થયો. પછી વિવાહના વિધિ મંત્રોના ઉચ્ચાર થવા લાગ્યા.

પાણિગ્રહણનો સમય થયો, એટલે રાજમહેલની સર્વે સખીઓએ હસવા સાથે મંડપ સ્થળે વરની પ્રત્યે બોલી—સ્ત્રીના કેટલા ભેદ છે ?

શ્રીચંદ્રે ઉત્તર આપ્યો—સ્ત્રીના ચાર ભેદ છે. ૧ પદ્મિની, ૨ હસ્તિની, ૩ ચિત્રિણી અને ૪ શંખિની.

પદ્મિનીનું લક્ષણ નીચે પ્રમાણે છે.

सवैया.

पद्म उनमान देह, सुगंधित अमृत जेह,
हंसगति गमन रेह, स्निग्ध तनुरंग है;
सुन्न मन स्याम केश, दीर्घ नेत्रको है निवेश,
पृथुनाहि उरोज देख, अल्प निंद लेहु है.
अल्प काम अल्प मान, पतिसें रहे एकतान,
अल्प स्नेह अल्प रोष, चंदकी चमक है:
अल्प हास्य अल्प भाष अल्प है,
निदान पद्माकर पुष्प भोग प्रियकी चमक है ॥ १ ॥

જેના શરીરમાં કમળની સુગંધી હોય, ચંદ્રને પ્રકાશ કરે તેવું રૂપ હોય, હંસના જેવી જેની ગતિ હોય, જેનાં અંગ સૂક્ષ્મ અને સ્નિગ્ધ હોય, કેશ શ્યામ હોય, નેત્ર વિશાળ હોય, સ્તન ગોળ અને ઉંચા હોય, નિદ્રા અલ્પ હોય, કામ ક્રોધ માન અલ્પ હોય, પતિની ઉપર એકતાન હોય, સ્નેહ અને રોષ થોડાં હોય, ચંદ્રના જેવી ચમક હોય, હાસ્ય અને લજ્જા અલ્પ હોય, અને પુષ્પનો ભોગ પ્રિય હોય, તે પદ્મિનીનું લક્ષણ છે.

हस्तिनी लक्षण.

विविध गति गयंद, गात मदमत्त गंध,
पुन केश नैन लघु परमभाती है:
बहु कामको उमेद, बहु स्वेद बहु स्नेह,
बहुत व्यापार भेद, बहुत आहारी है.
वंक चित्त है हस्त, शोभित निज मस्त,
भार मध गो मस्त, क्रोधका भारी है:
हस्तिनीको एह शारि, जानिए पै पनिहारी,
पद्मिनी पै विचारिए, दुन्दिवद लागी है ॥ २ ॥

ઉદર તે ચિન્હ હોય, તે પુત્રનેજ પ્રસવ કરનારી, અને દારિદ્રને ખોનારી થાય છે. સ્ત્રીને અલ્પ પસિનો, અલ્પ રૂવાંટા, અલ્પ નિદ્રા, અલ્પ ભોજન, અલ્પ હાસ્ય અને અંગ ઉપર રૂવાંટા ન હોય, તે સ્ત્રી ઉત્તમ જણાય છે. સ્તન ભરેલાં, સાથળ હાથીની સુંઢ જેવા, યોની પીંપળાના પાન જેવી, નિતંબ અને લલાટ વિશાળ, નાભિ ગૂઢ અને ઉંડી હોય, શીત અને ઉષ્ણ ઋતુમાં આલિંગન સુખ સરખું હોય, રૂવાંટા ન હોય, તે નિર્ધન કુળમાં હોય, તોપણ રાજાના જેવું સુખ ભોગવે છે. જે સ્ત્રીના જંઘા, સ્તન, મુખ અને હોઠ ઉપર રૂવાંટી હોય, નાભિ તથા લલાટ ભમરાળાં હોય, તે સ્ત્રી સત્વર વિધવા થાય છે. જે સ્ત્રીની જંઘા ઘણી જાડી હોય, અને પગ ચપટા હોય, તે સ્ત્રી દાસી, દરિદ્રી, દુઃખી, મૃતપ્રજા કે વંધ્યા થાય છે. જેને પૃષ્ટ ભાગે આવર્ત (ઘુમરી) હોય, તે પતિને મારનારી થાય છે, હૃદયમાં આવર્ત હોય, તે પતિભક્તા થાય છે, કટિ ઉપર આવર્ત હોય, તે સ્વચ્છંદા—વ્યભિચારિણી થાય છે. એ સ્ત્રીઓની ત્રણ ગતિ કહેલી છે.

જે સ્ત્રીને લલાટ, ઉદર અને યોનિ એ ત્રણ લાંબાં હોય, તે સ્ત્રી સાસરાને, દીયરને કે વરને હણનારી, અને પુત્ર સુખથી રહિત થાય છે. જે સ્ત્રીની જીભ કાળી હોય, નેત્ર પીળાં હોય, હોઠ લાંબા હોય, સ્વર ઘોઘરો હોય, અને અંગે અતિ કાળી કે અતિ ગોરી હોય તે સ્ત્રી વર્જવા યોગ્ય છે. જે સ્ત્રીને હાસ્ય કરતાં ગાલ ઉપર ખાડા પડે, તે સ્ત્રી પતિ ઘેર રહેતી નથી. સ્વેચ્છાચારી થઈ કુળ લજ્જા ગુમાવતી ફરે છે. જેના અંગુઠા પગથી વધતા હોય, તે સ્ત્રી પણ પોતાના ઘરમાં રહેતી નથી, અને જેના પગના અંગુઠા મધ્ય ભાગે ઉંચા હોય, તે કામ વિના રહી શકતી નથી. જેના ચરણના ભાગ પૃથ્વીને અડે નહીં, અને વળી ઉપસતી હોય, તેમજ અનામિકા આંગળી પણ પૃથ્વીને સ્પર્શે નહીં, તે જારને ઘેર રહેનારી થાય છે. જેના પગની ટચલી આંગળી ભૂમિને અડતી ન હોય, તે પણ જાર સ્ત્રી હોય છે. જેણીના કેશ કપિલવર્ણા હોય, તે દરિદ્રી અને દાસી થાય છે. જેના હાથ અને પગ સરખા હોય, અને જંઘા પણ તેવી હોય, તે ગૃહમાં રહેનારી થાય છે. જેનો સ્વર કાગડાના જેવો હોય, જંઘા પણ કાગડાના જેવી હોય, દાંત લાંબા હોય, અને પૃષ્ટ ભાગે રૂવાંટી હોય, તે પરણ્યા પછી દશ માસે પતિને હણનારી થાય છે, તે વિષ કન્યા જણાય છે. જેના આંગળાંમાં છિદ્ર પડતાં હોય, આંગળાઓ વિષમ હોય, અને નાસિકા ચીબડી હોય, તે સ્ત્રી વૈર વધારનારી અને પતિને અણગમતી થાય છે. જે ધમધમાટ કરતી ચાલતી હોય, તે પણ વૈર વધારનારી થાય છે. જે સ્ત્રી અતિ લાંબી, અતિ ટુંકી, અતિ દુબળી, અતિ કાળી, અને અતિ ગોરી હોય, તે સ્ત્રી વાદિલી અને કલહ કરનારી થાય છે. જે સ્ત્રી બીજાના ઘરની પ્રશંસા કરે, બીજાને અનુકૂળ રહે, અસ્થિર આસને બેસે, અને સામો ઉત્તર આપે, તે સ્ત્રી વંશને પ્રતિકૂળ સમજવી. જે પતિની સામે આક્રોશ કરે, જે પગ પોહોળા કરી બેસે, મુખ વાંકું રાખે, અને ડોળા પીળા હોય, તેવી સ્ત્રી પુત્રવતી હોય, તોપણ ત્યાગ કરવા યોગ્ય છે.

તે શુભ અને અશુભ સ્ત્રી ઓળખવા માટે નીચેના બે સંસ્કૃત શ્લોકો સર્વદા મનન કરવા યોગ્ય છે—

पीनोरुः पीनगंडा गुरुमिलदशना दक्षिणावर्त्तनाभिः
स्निग्धांगी चारुसुभ्रा पृथुकटिनयना सुस्वरा चारुकेशी ।
कूर्मपृष्ठा घनूष्णा द्विरदसमपृथुस्कंधभागा सुरूपा
सा कन्या पद्मनेत्रा सुभगगुणयुता नित्यमुद्वाहयोग्या ॥ १ ॥

જેના ઉરૂ પુષ્ટ હોય, સ્તનમંડળ ભરેલ હોય, કેશ સરખા અને નાના હોય, નાભિ દક્ષિણાવર્ત હોય, અંગ ચીકણું હોય, મુખ ગૌરવર્ણ હોય, કેડ અને જઘન [પેડુનો ભાગ] વિશાળ હોય, સ્વર મધુર હોય, કેશ સુંવાળા હોય, પૃષ્ઠ ભાગ કાચબાના જેવો હોય, હરિણીનાં જેવાં અને નીલકમળ સમાન હોય, હાથનો ભાગ હાથીની સૂંઢ સરખો હોય, એમ આકૃતિ હોય, નેત્ર કમળ જેવાં હોય, અને ગુણ સારા હોય તેવી કન્યા વિવાહ કરવાને યોગ્ય છે ।

पिंगाक्षी कूपगंडा परपुरुषरता स्थूलजंघोर्ध्वकेशी
लंबौष्ठी दीर्घवक्त्रा प्रविरलदशना श्यामताल्वोष्ठजिह्वा ।
शूर्पकर्णी मंदरक्ता विषमकुचयुगा नासिकाक्रांतवक्त्रा
सा कन्या वर्जनीया सुत सुखरहिता भ्रष्टशीला च नारी. ॥ २ ॥

જે પરસ્ત્રીમાં પ્રીતિ કરે નહિ, પોતાની સ્ત્રીમાંજ પ્રીતિ કરે, અને સ્ત્રીને ખુશી રાખે, તે અનુકૂળ નાયક કહેવાય છે; તે સર્વદા શુભ લક્ષણવાળો હોય છે. જેના ચિત્તમાં પરસ્ત્રી રમી રહી હોય, પણ તેના વિકારનો દેખાવ કરે નહીં, અને કુળાચારને ચુકે નહીં, તે દક્ષિણ નાયક કહેવાય છે. મુખે પ્રિય બોલે, પણ પ્રિય કરે નહીં, અને કોપ રાખ્યા કરે, તે શઠ નાયક કહેવાય છે; એવા નાયકોનો પ્રચાર ઘણો હોય છે. જે પોતાના અપરાધ જાણે નહીં. અને અપમાન કરે, તોપણ અજ્ઞાનથી કામ કરે, તે ધૃષ્ટ નાયક કહેવાય છે., એ સિવાય વર્ણભેદથી તેઓના ચાર ચાર ભેદ થતાં એકંદર સોળ ભેદ થાય છે.

નાયકના ભેદ યથાર્થ સાંભળી પ્રસન્ન થયેલી પ્રિયંગુમંજરીએ પુનઃ પ્રશ્ન કર્યો— સ્વામી ! રસ કેટલા ?

શ્રીચંદ્ર બોલ્યો—રસ નવ. શૃંગાર, હાસ્ય, વીર, કરુણા, અદ્ભુત, ભય—રૌદ્ર, બીભત્સ અને શાંત. તે પ્રત્યેકના સ્થાયીભાવ, સંચારીભાવ, સાત્વિકભાવ વિગેરે પ્રકાર છે. શૃંગારરસ સ્ત્રી પુરૂષના રાગથી ઉત્પન્ન થાય છે, તે સંયોગ શૃંગાર અને વિયોગ શૃંગાર એવા બે પ્રકારનો છે; તેના પણ પ્રચ્છન્ન, અપ્રચ્છન્ન વિગેરે ઘણા પ્રકાર થાય છે. હાસ્ય રસ સહજ અને નિમિત્ત હાસ્ય, એમ બે પ્રકારે થાય છે. વીરરસના દાનવીર, ધર્મવીર અને યુદ્ધવીર એવા ત્રણ પ્રકાર છે. કરુણારસના ભેદ શૃંગારની જેમ થઈ શકે છે. રૌદ્ર અને બીભત્સરસ શરીરના આવેશ તથા ચેષ્ટા ઉપરથી જણાય છે. રૌદ્રરસ ભયંકર દેખાવથી ઉત્પન્ન થાય છે, બીભત્સની ઉત્પત્તિ [illegible] થાય છે. પૂર્વના સર્વ રસની પુષ્ટિ જેના [illegible] થાય, તે શાંતરસ [illegible] વિશેષ [illegible] કરવાને યોગ્ય છે, તેને માટે અર્હંતની [illegible] પણ [illegible] કરેલું છે.

सम्यग्ज्ञान समुत्थानः शांतो निःस्पृह नायकः ।
रागद्वेषपरित्यागाच्छांतो रस उदाहृतः ॥ १ ॥

સમ્યગ્ જ્ઞાનથી ઉત્પન્ન થયેલો અને નિઃસ્પૃહ નાયક શાંત કહેવાય, અને રાગ, દ્વેષના ત્યાગથી શાંત રસ કહેવાય છે.

રસનું [illegible] વર્ણન સાંભળી પ્રિયંગુમંજરી પ્રસન્ન થઈ, [illegible] [illegible] [illegible] ગઈ. [illegible] બોલી—પ્રભુ ! પુરૂષની [illegible] [illegible] કહો.

શ્રીચંદ્ર બોલ્યા—૧ લેખન, ૨ ગણિત, ૩ ચિત્ર, ૪ ગીત, ૫ નૃત્ય, ૬ [illegible], ૭ [illegible], ૮ [illegible], ૯ [illegible], ૧૦ જુગાર, ૧૧ [illegible], ૧૨ [illegible], ૧૩ [illegible], ૧૪ [illegible], ૧૫ [illegible], ૧૬ [illegible], ૧૭ [illegible], ૧૮ [illegible], ૧૯ [illegible], ૨૦ [illegible], ૨૧ [illegible], ૨૨ [illegible], ૨૩ [illegible], ૨૪

ન.ધ, ૨૫ ઔષિધ, ૨૬ મ્હોર, ૨૭ હિરણ્ય—સુવર્ણ. ૨૮ ચૂર્ણ. ૨૯ રોગ, ૩૦ ભૂષણ
ધારણ વિધિ, ૩૧ તાંદુલી સેચનું કર્મ, ૩૨ સ્ત્રી લક્ષણ, ૩૩ નર લક્ષણ, ૩૪ અશ્વ લક્ષણ,
૩૫ ગજ લક્ષણ, ૩૬ વૃષભ લક્ષણ, ૩૭ મણી પરીક્ષા, ૩૮ કુકૂંટ લક્ષણ, ૩૯ છત્ર, ૪૦
દંડ, ૪૧ ખડ્ગ ૪૨ કાકિણી રત્ન, એ સર્વનાં લક્ષણ તથા ગુણ દોષ જાણવા. ૪૩ વાસ્તુ
વિદ્યા, ૪૪ ૨૯ સ્થાપના, ૪૫ નગર માન. ૪૬ ચાર, ૪૭ પ્રતચાર, ૪૮ સેના વ્યૂહ, ૪૯
પ્રતિ વ્યૂહ. ૫૦ યુદ્ધ, ૫૧ નિયુદ્ધ, [બાહુયુદ્ધ] ૫૨ ચક્ર વ્યૂહ. ૫૩ શકટ વ્યૂહ. ૫૪ ગ
રૂડ વ્યૂહ. ૫૫ અતિ યુદ્ધ. ૫૬ અસિ યુદ્ધ. ૫૭ મુષ્ટિ યુદ્ધ. ૫૮ બાહુ યુદ્ધ, ૫૯ ધનુર્વેદ,
૬૦ હીરે એમેદ, ૬૧ શરદ, ૬૨ કંસપત્ર લતાયુદ્ધ, ૬૩ હિરણ્ય પાક, ૬૪ સુવર્ણ પાક, ૬૫
સૂત્ર ખેલ, ૬૬ વસ્ત્ર ખેલ, ૬૭ ખેત્ર ખેલ, ૬૮ પત્રી ખેલ, ૬૯ કાષ્ટ ઘટન, ૭૦ સજીવ
કરણ, ૭૧ નિર્જીવકરણ, ૭૨ શકુન—પક્ષી વાણી જ્ઞાન, એ બોતેર પુરૂષની કળા કહેવાય છે.

કોઈ ગ્રંથમાં બીજે પ્રકારે પણ બોતેર કળા કહેલી છે, તે નીચે પ્રમાણે
કાળ્ય છે.

लिखित पठित संख्या गीति नृत्यानि ताला
पटह मरुजवीणा वंशभेरी परीक्षा ।
द्विरद तुरग शिक्षा धातुवाद मंत्रवादा
बलिपलित विनाशो रत्न नारी नृलक्ष्म. ॥ १ ॥

छंदस्तर्क सुनीति तत्व कविता ज्योतिः श्रुतिर्वैद्यकम्
भाषायोग रसायनां जनलिपि स्वप्नेंद्रजालं कृषिः ।
वाणिज्यं नृपसेवनं च शकुनं वार्यग्निसंस्तंभनं
दृष्टिर्रंजनमर्दनोर्ध्वगमनो घटभ्रमो द्वौ पटे. ॥ २ ॥

पत्रच्छेदनमर्मभेदनकलाद्यप्पुष्पंपुटप्रष्टिका
लोकाचारजनानुरंजनफलाभितृत्लडगच्छुरीबंधनम् ।
मुद्रा जोम्दकाष्टचित्रकृतिर्होगनुष्टिदंदायसि
वाग्युद्धं गरुडादि भूतदमनं योगादि नामान्वयः ॥ ३ ॥

૧ લેખન, ૨ પઠન, ૩ સંખ્યા, ૪ ગીત, ૫ નૃત્ય, ૬ તાલ, ૭ ઢોલ ૮ મૃદંગ,
... ૧૦ વંશ, ૧૧ ભેરી, (એ સર્વની પરીક્ષા) ૧૨ ગજ શિક્ષા, ૧૩ અશ્વ શિક્ષા,
... ૧૫ મંત્રવાદ, ૧૬ મરતક, ૧૭ વળીયાને નાશ, ૧૮ પળીયાને નાશ, ૧૯

રત્ન લક્ષણ, ૨૦ સ્ત્રી લક્ષણ, ૨૧ પુરૂષ લક્ષણ, ૨૨ છંદ—પીંગળ, ૨૩ તર્ક, ૨૪ નીતિ, ૨૫ તત્વ, ૨૬ કવિતા, ૨૭ જ્યોતિષ, ૨૮ શ્રુતિ [વેદ] ૨૯ વૈદક, ૩૦ ભાષા, ૩૧ યોગ, ૩૨ રસાયન, ૩૩ અંજન, ૩૪ લિપિ, ૩૫ સ્વપ્ન, ૩૬ ઇંદ્રજાળ, [એ સર્વનું જ્ઞાન] ૩૭ કૃષિ, ૩૮ વ્યાપાર, ૩૯ રાજસેવા, ૪૦ શકુન, ૪૧ જળ સ્તંભન, ૪૨ અગ્નિ સ્તંભન, ૪૩ દ્રષ્ટિ, ૪૪ લેપન, ૪૫ મર્દન, ૪૬ ઉર્ધ્વગતિ, ૪૭ ઘટ બંધ, ૪૮ પટ ભ્રમ, ૪૯ પત્ર છેદન, ૫૦ મર્મભેદન, ૫૧ કૃષિ જ્ઞાન, ૫૨ જગ જ્ઞાન, ૫૩ વૃષ્ટિ જ્ઞાન, ૫૪ લોકાચાર ૫૫ જનાનુવર્તન, ૫૬ ફળ ભેદન, ૫૭ ખડ્ગ, ૫૮ છુરી બંધન, ૫૯ મુદ્રા, ૬૦ ઔષધ, ૬૧ દંત, ૬૨ કાષ્ટકૃતિ, ૬૩ ચિત્રકૃતિ, ૬૪ ભુજ યુદ્ધ, ૬૫ દ્રષ્ટિ યુદ્ધ, ૬૬ મુષ્ટિ યુદ્ધ, ૬૭ દંડ યુદ્ધ, ૬૮ ખડ્ગ યુદ્ધ, ૬૯ વાગ્યુદ્ધ, ૭૦ ગરૂડાદિ વ્યૂહ, ૭૧ ભૂતદમન, અને ૭૨ યોગ, એ બોતેર કળાઓ છે.

આ પ્રમાણે જુદા જુદા પ્રકારે પુરૂષની બોતેર કળા સાંભળી, પ્રિયગુણમંજરી ખુશી થઇ. પુનઃ મધુર સ્વરે બોલી—પ્રાણેશ ! સ્ત્રીની ચોસઠ કળાનાં નામ કહો.

શ્રીચંદ્રે તત્કાળ નીચે પ્રમાણે સ્ત્રીની ચોસઠ કળાનાં નામ આપ્યાં—૧ નૃત્ય, ૨ ઉચિત, ૩ ચિત્ર, ૪ વાજિંત્ર, ૫ મંત્ર, ૬ તંત્ર, ૭ જ્ઞાન, ૮ વિજ્ઞાન, ૯ દંભ, ૧૦ જળ સ્તંભન, ૧૧ ગીત જ્ઞાન, ૧૨ મેઘ વૃષ્ટિ જ્ઞાન, ૧૩ વૃક્ષારોપણ, ૧૪ આકાર ગોપન, ૧૫ અન્ન શુદ્ધિ, ૧૬ કૃષિ જ્ઞાન, ૧૭ ધર્મ વિચાર, ૧૮ શકુન જ્ઞાન સાર, ૧૯ ક્રિયા કલ્પ, ૨૦ સંસ્કૃત જલ્પન, ૨૧ ગૃહ નીતિ, ૨૨ ધર્મ નીતિ, ૨૩ લીલા ગતિ, ૨૪ કામ વિકાર ભાષણ, ૨૫ સુવર્ણ સિદ્ધિ, ૨૬ વર્ણક વૃદ્ધિ, ૨૭ સુગંધિ તૈલ કર્મ, ૨૮ અશ્વ પરીક્ષા, ૨૯ ગજ લક્ષણ, ૩૦ પુરૂષ લક્ષણ, ૩૧ સ્ત્રી લક્ષણ, ૩૨ અક્ષર લિપિ, ૩૩ સુવર્ણ રત્ન ભેદ, ૩૪ તાત્કાળિક બુદ્ધિ, ૩૫ વાસ્તુ સિદ્ધિ, ૩૬ વૈદક ક્રિયા, ૩૭ કામ ક્રિયા, ૩૮ ઘટ ભ્રમ, ૩૯ સોગઠાંબાજી, ૪૦ ચૂર્ણ યોગ, ૪૧ અંજન યોગ, ૪૨ હસ્ત લાઘવ, ૪૩ વચન પટુતા, ૪૪ ભોજન વિધિ, ૪૫ વાણિજ્ય વિધિ, ૪૬ મુખ મંડન, ૪૭ શાલિ ખંડન, ૪૮ કાવ્ય શક્તિ, ૪૯ કથા કથન, ૫૦ રોદન કળા, ૫૧ પુષ્પ ગ્રથન, ૫૨ વક્રોક્તિ, ૫૩ વેશ વિધાન, ૫૪ આભરણ વિધિ, ૫૫ સકળ ભાષા જ્ઞાન, ૫૬ ભૃત્યોપચાર, ૫૭ ગૃહ આચાર, ૫૮ પર વચન નિરાકરણ, ૫૯ કેશ બંધન, ૬૦ વીણા વાદન, ૬૧ લોક વ્યવહાર, ૬૨ અંક વિદ્યા, ૬૩ વિતંડાવાદ, અને ૬૪ પ્રશ્ન પ્રહેલિકા.

આ ચોસઠ કળા ઉપરાંત શ્રીચંદ્રે વિરાગ્ય, લીલાવતી, ગુણાકાર, ભાગાકાર અને જુદા ધનવંતને વિગેરેનું સવિસ્તર વર્ણન કરી બતાવ્યું. રાજબાળા હૃદયમાં અતિ આનંદ પામી ગઇ. શ્રીચંદ્ર અને પોતાના વિચારને એકજ છે, તેથી તેને નિશ્ચય થઇ ગયો પરંતુ આટલું ચતુરપણું તેના મુખમાંથી સાંભળી ગઇ. પણ તેના હૃદયમાં શ્રીચંદ્રની મધુર અને વિદ્વતા ભરેલી વાણી સાંભળવાને માટે વધારે તેણીએ પ્રહેલિકાથી પ્રશ્નો કરવા માંડ્યા—

पढमक्खर विण जग जीवाडे, मज्झक्खर विणु जगने पाडे,
अंतक्खर विण सहुने मीठो, सो स्वामी में नयणे दीठो ॥१॥

પેહેલો અક્ષર ન હોય તો જગતને જીવાડે, વચલો અક્ષર ન હોય તો જગતને પાડે, અને છેલ્લો અક્ષર ન હોય તો સર્વને મીઠો લાગે, તે શું?

કુંવરે ઉત્તર આપ્યો— 'કાજળ'

રાજકુમારી બોલી—

पढमक्खर विण मीठो लागे, अंतक्खर विणु पंखी लागे,
मज्झक्खर विण मुखमां माय, ते आवे तो बहु पसाय ॥२॥

પેહેલો અક્ષર ન હોય તો મીઠો લાગે, છેલ્લો અક્ષર ન હોય તો પંખી થાય, વચલો અક્ષર ન હોય તો મુખમાં જાય, ને આવે તો ઘણી મહેરબાનીકારક. કહો તે શું?

કુંવરે તેનો ઉત્તર આપ્યો—તે 'કાગળ'

मज्झक्खर विण नडमां वसतो, आदिक्खर विण पर सोहंतो
अंतक्खर विणु सहुने वालो, तुमने जोवाने में आलो ॥३॥

જો વચલો અક્ષર ન હોય તો જળમાં વસનાર હોય, જો પહેલો અક્ષર ન હોય તો ઘર ઉપર હોય, અને જો છેલ્લો અક્ષર ન હોય તો તે સર્વને વહાલી હોય તે તે તમને જોવાને આપી છે. કહો તે શું?

કુંવરે ઉત્તર કહ્યું, 'આંખી'

अंतक्खर विणु रहे सन्यासी, मज्झक्खर विण करे अविनासी,
आदिक्खर विणु लिखता वासा, जिसे जोता वेह सुखवासा ॥४॥

છેલ્લો અક્ષર ન હોય તો તે સન્યાસી રાખે છે, વચલો અક્ષર ન હોય તો તે [illegible] કરે છે. અને પેહેલો અક્ષર ન હોય તો તે [illegible] થાય છે, તે [illegible] રહે છે. કહો તે શું?

કુંવર બોલ્યો— 'રાખડી'

રાજકુમારી હારવા લાગી એટલે [illegible] બોલી—

कोइ अक्खर नर नार कोप चडी नरने मारे,
देखे सघळा लोक, थोक पण कोइ न वारे;
नाठो जाणी नाथ, केडे शिर झाली आण्यो,
वळी दिये बहु मार, नारी गुण तेह वखाण्यो;
कर पग विणु एम खेलना करे करावे अति घणी,
अवधि कही छ मासनी, नारी वांकी ते सुणी ॥ १ ॥

ચતુર શ્રીચંદ્ર સત્વર બોલ્યો—તેનો ઉત્તર, 'ગેડીદડો'
રાજકુમારીએ બીજી સમસ્યા કહી.

त्रण अक्षरनी नार, नगर मांहे बहु दीसे,
वदन अनेक विशाल, जीभ कर पाय न दीसे,
नाटक करे अपार, अन्न खाती न धरावे;
क्यारे न पिवे नीर, जीव विण सघळे व्यापे,
ते नारीने दाखवो, अवधि मास पट् जाणीये;
तुरत कहे जे तेहनो, बुद्धि सरव वखाणीए ॥ १ ॥

ચતુર રાજકુમારે ઉચ્ચ સ્વરે કહ્યું—તેનો ઉત્તર, 'ચાળણી'
મનમોહના પ્રિયંગુમંજરીએ ફરીથી પુછ્યું—

पिउ परदेश सीधावते करे समश्या नारी,
पय जळ सूरज द्विरदना, करे आकार मनोहार ॥ १ ॥

એ શુ મંગાવ્યું તે કહો !
શ્રીચંદ્રે તેનો ઉત્તર દોહાથીજ આપ્યો.

तव श्रीचंद्र कहे इस्युं, खारोदक गज वार,
मंगाविपुं घणियाणीए, ए संज्ञा चित्त धार ॥ १ ॥

તે સ્ત્રીને બારગજ ખારેક [મેરીયું] મંગાવ્યું.
રાજકુમારી બોલી—

निय परदेशथी आविया, दीठी मुक्ता राशि,
भिया करे गुंज जाणिये, नाखी दिये करि हांसि.

શ્રીચંદ્રકુમાર બોલ્યો—

तेहनो हेतु दाखीये, कहे श्रीचंद्रकुमार,
अरुण करतले बिंबिया, नयन कांति छबी धार.

તે સમસ્યાનો અર્થ સમજુ રાજકુમારી બોલી—

कवित्त.

ईयां म करिस सोच तुं, देखी पराइ रिद्धि,
पर आशे थुं नीपजे, जिहां साहस तिहां सिद्धि;
जिहां साहस तिहां सिद्धि, बुद्धि पण तेहथी आवे,
तेवा मळे सहाय दाय पण तेवा थावे;
जे पामे सुलखेन, तेणे कांइ आगे दीधा,
इहां नहिं कोइनो चार, धैर्य धरि रहे तुं ईयां.

તરતજ રાજકુમારી નીચેની સુંદરીનું કાવ્ય બોલી—

गिरितनया माता तणो, जामाता सुत यान,
तस भख तस रिपु तस पति, तस बंधव रिपु जाण;
तस रिपु तस सुत तुम मते, मंगल करो विचित्र,
आ अवसर ते पामिये, एहतुं कहे पवित्र ॥ १ ॥

શ્રીચંદે કહેલું હતું. તેનો ઉત્તર 'ગણેશ.'

આ ઉત્તર સાંભળતાં રાજકુમારીના અંગ ઉપર રોમોદ્‌ગમ થઈ આવ્યો. તરતજ કાંતિ સાથે પ્રેમસુમંજરી ઉભી થઈ. પ્રેમવતીએ પ્રેમથી શ્રીચંદના મનોહર ગળામાં આરોપણ કરી, લોકોએ મંડપને જયધ્વનિથી ગજાવી મૂક્યો. તે પછી જૈન વેદના મંત્રોનો ઉચ્ચાર કરી વિવાહવિધિનો આરંભ કર્યો. ચોરીમાં ચંદરવામાં આવ્યા. અનેક મંગળ મહારાજ દૃષ્ટિએ પરસ્પરને અપૂર્વ ધવલને

અર્પણ કર્યો. વાજિંત્રોના નાદ સાથે વિવાહવિધિ સમાપ્ત કરવામાં આવ્યો. તે પછી અભિનવ દંપતીનો વરઘોડો ચડ્યો. માર્ગમાં ઇંદ્ર ઇંદ્રાણી, કામ રતિ, કૃષ્ણ લક્ષ્મી, ચંદ્ર રોહિણી, શિવ પાર્વતિ અને સૂર્ય રાનાદેની સૌભાગ્ય લોકો તરફથી કહેવામાં આવ્યાં.

શ્રીચંદ્ર રાજરમણીને લઇ મદનપાળના મહેલમાં આવ્યો. મહેલને પ્રકાશમાન રત્નાદિથી પ્રકાશિત કરવામાં આવ્યો હતો. રતિમંદિરની શોભા અદ્ભુત કરવામાં આવી હતી, ચારે તરફ મનોહર વિલાસનાં અને શૃંગારના સુશોભિત ચિત્રો મુકેલા હતાં.

મનગમતા વિદ્વાન્ અને વિલાસી પતિની સાથે રતિસુખની ઉમદી ઇચ્છા કરતી પ્રિયંગુમંજરી પલંગ ઉપર આવી. સમાન વયની સખીઓ અને દાસીઓ સાથે મુકવા આવી. શયન મંડપમાં જતાં સખીઓ અને દાસીઓ બહાર ઉભી રહી. રાજબાળા મુખ-વસ્ત્ર ઉચાડું કરી રમણની સામે વિનયથી ઉભી રહી, તે વખતે શ્રીચંદ્રે કહ્યું, રાજકુમારી! આજ્ઞા આપો, મારે શરીર ચિંતાએ જવું છે, પાછો હું સત્વર આવું છું. ચતુર પ્રિયા લજ્જાથી હા ના કરી શકી નહીં. શ્રીચંદ્ર મહેલની નીચે ઉતર્યો; ત્યાં મદનપાળ આકુળ વ્યાકુળ થઇ ઉભો હતો. શ્રીચંદ્રે કહ્યું. મિત્ર! હવે કાર્ય સિદ્ધ કર્યું છે, હું ચાલ્યો જાઉં છું, એમ કહી જે રાજા તરફથી બેરખા મળી હતી, તે તેને સોંપી, સાસરાએ નાખેલી મુદ્રિકા પોતાની આંગળીમાંથી કાઢી આપી. પોતાનો નવરચિત વેશ મદનને પહેરાવ્યો, પોતે કાપડીનો વેશ ધારણ કર્યો. શ્રીચંદ્ર જવા તૈયાર થયો, એટલે મદનપાળ બોલ્યો, મિત્ર! તારા જેવા ઉપકારી મિત્ર થોડા હશે, મારે માટે તેં બહુ કર્યું છે, એક વિદેશી થઇ મારા જેવા અપરિચિત મિત્રને તેં જે સહાય આપી છે, તે બીજાથી આપી શકાય તેમ નથી. મિત્ર ધર્મનો ખરેખરો નમુનો તારામાંજ છે. મિત્ર કેવો જોઇએ? મૈત્રી ધર્મમાં શું રહસ્ય છે? મિત્રનું કર્તવ્ય શું છે? એ બધા પાઠ તનેજ વિદિત છે. ઉપકારી વીર! જગતમાં તારા જેવા પરોપકારી, દયાળુ અને પરદુઃખભંજન વિરલા હશે, મિત્રતાની ઉજ્વળ કીર્તિ, મિત્રતાની પરમ પવિત્રતા તમારા અન્તરમાં સ્ફુરી રહેલી છે. પ્રિય બાંધવ! તમારો હું પૂર્ણ આભારી છું, યાવજ્જીવિત તમારી દાસવૃત્તિ કરવા તૈયાર છું. કહો મિત્ર! હવે પાછા ક્યારે મળશો? આ સદાના તમારા ઋણી મિત્રને કિંચિત્ પ્રત્યુપકારરૂપ સેવાનો લાભ ક્યારે આપશો? આટલું કહી મદનપાળ શ્રીચંદ્રના ચરણમાં નમી પડ્યો. શ્રીચંદ્ર તેને કરવડે બેઠો કરી પ્રેમાલિંગન આપી, ત્યાંથી સત્વર વિદાય થયો.

પ્રકરણ ૪૭ મું.

મદનપાળની વિડંબના.

દી[illegible] રતિમંદિરમાં પ્રિયંગુમંજરી પલંગ ઉપર બેસી, પતિની રાહ જોતી હતી. દ્વારની બહાર તેની સખીઓ અને દાસીઓ ઉભી ઉભી મધુરાની રાહ જોતી હતી. [illegible] ચિંતવવા લાગી, પરંતુ કેમ હજુ આવ્યા નહીં? કેમ [illegible] દાસીએ કે, મારી સ્વામી સખીએ તેમને રોક્યા તો નહીં હોય? એ મદનમૂર્તિ, પ્રભુની પ્રેમમૂર્તિ, કોને રુચિકર ન થાય? તેઓએ દેહચિંતાનું બહાનું તો બતાવ્યું નહીં હોય? વખતે મારી તરફથી કાંઈ અનાદર થયો હશે? અથવા, મેં તેમને સત્કાર્યા અને પ્રશ્નો પુછ્યા, તેથી કાંઈ મારીપર અભાવ તો નહીં થયો હોય?

[illegible] હતી, આ મદનપાળ [illegible] પ્રથમ [illegible] તેના મુખ [illegible] દેખાતી હતી, [illegible]

મંદ સ્વરે રૂદન કરતાં બોલી—જનની ! વિવાહમાં કાંઇ દગો થયો છે. મને પરણનાર રાજપુત્ર કપૂંઇક ચાલ્યા ગયા. કોઇ બીજો પુરૂષ તેનો વેશ પહેરી મારા મંદિરમાં આવ્યો છે. વિવાહિત પતિ દેહચિંતાનું બહાનું બતાવી ચાલ્યા ગયા છે, તેનો ક્યાંઇ પત્તો નથી. બીજા કોઇ અરસિક અને અકુલીન પતિએ શયનગૃહમાં પ્રવેશ કર્યો, તેથી હું ભય પામી અહીં છુટી આવી છું. માતા ! ધર્મની સહાયથી મારા શીળનું રક્ષણ થયું છે. હવે શું કરવું ! તે પુરૂષ અદ્યાપિ મારા મેહેલમાં રહેલ છે.

રાણી આશ્ચર્ય પામી બોલી—બેટા ! એ બનવું અસંભવિત છે, ગમે તેમ થાય, પણ તને પરણનાર તે વીર પુરૂષ કદિ પણ તેવો દગો કરે નહીં. કદિ કોઇ કારણથી તેમ બન્યું હોય, તોપણ તને મુકી દીએ, એ વાત તો બનેજ નહીં; ગમે ત્યાંથી તે પાછો આવી, તને શરણ આપશે. તેવા વિદ્વાન્ અને વીર રાજપુત્ર પોતાની પરિણીત પત્નિને પરપુરૂષને અર્પણ કરે, તે અસંભવિત છે. પુત્રી ! ધૈર્ય રાખ, નિશ્ચિંત રહે, હમણાંજ તેની તપાસ કરાવીએ.

રાણી પોતાના મેહેલમાં પુત્રીને રાજાની પાસે લાવી, બનેલો સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી રાજા આશ્ચર્ય પામી ગયો. તત્કાળ તેણે મંત્રીને બોલાવી, શ્રીચંદ્રના મેહેલ ઉપર પહેરો રાખવા આજ્ઞા કરી.

પ્રાતઃકાળે નૃસિંહ રાજાએ ક્રોધથી સિંહવત્ બની, મદનપાળને પોતાની પાસે બોલાવ્યો. તેનો સુંદર વેશ જોઇ, રાજા વિચારમાં પડ્યો. આકૃતિ ઉપરથી 'આ શ્રીચંદ' નથી, એવો નિશ્ચય તો થયો, તથાપિ તેને શંકા રહેવાથી પુછ્યું, રાજકુમાર ! જો તમે ખરેખર શ્રીચંદ હો, તો મુદ્રાલેખ બતાવો, અને વિવાહ વખતે જે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા, તે ફરી વાર જણાવો. રાજાનાં આ વચન સાંભળી, મદનપાળ બળહીન થઇ ગયો, તે કાંઇ પણ બોલ્યો નહીં, તેનું શરીર કંપવા લાગ્યું; તે જોતાંજ રાજાને વધારે વહેમ પડ્યો. ક્ષણ વારે નિશ્ચય થતાં તત્કાળ રાજા ક્રોધથી બોલ્યો—અરે કપટી ! તું કોણ છે ! આવો બનાવટી વેશ લઇ રાજમંદિર આવ્યો, તે શું વિચારીને ! તથાપિ મદનપાળ કાંઇ બોલ્યો નહીં, એટલે રાજાને વિશેષ કોપ ચડ્યો. તત્કાળ મદનપાળની ઉપર ચાબુકના ઘા કરવા માંડ્યા. માર એ પહેલું રત્ન છે. તત્કાળ મદનપાળ પોકાર કરતો બોલ્યો—સ્વામી ! ક્ષમા કરો. હું મકરધ્વજ રાજાનો પુત્ર મદનપાળ છું. તમારા રાજ્યના પાડોશમાંજ મારા પિતાનું રાજ્ય છે. શ્રીચંદ્ર મારો ઉપકાર કરવા વેશ પરાવર્ત કરી, રાજકુમારીને પરણ્યો હતો. તે ઉપકારી પુરૂષે પ્રથમથીજ મારી સાથે સંકેત કરી, આ કામ કર્યું હતું. એમ કહી પોતાનો સર્વ વૃત્તાંત પ્રથમથી નિવેદન કર્યો.

મદનપાળની વાત ઉપર રાજાને જરા વિશ્વાસ આવ્યો, તત્કાળ તેણે એક રાજપુત્ર જાણી છોડી દીધો, અને જે લગ્ન વખતે વિજોરે આપવામાં આવેલ, તે પાછું રાજાએ [illegible]. મદન કુંવર સહુ પોતાની રાજધાનીમાં ચાલતો થયો.

[illegible]

[illegible]

પ્રકરણ ૪૮ મું.

[illegible]



[illegible]

[illegible]

મંદ સ્વરે રૂદન કરતી બોલી—જનની ! વિવાહમાં કોઈ દોષ થયો છે. મને પરણનાર રાજપુત્ર કપટથી ચાલ્યા ગયા. કોઈ બીજો પુરૂષ તેનો વેશ પહેરી મારા મંદિરમાં આવ્યો છે. વિવાહિત પતિ દેહચિંતાનું બહાનું બતાવી ચાલ્યા ગયા છે, તેનો કાંઈ પત્તો નથી. બીજા કોઈ અપરિચિત અને અકુલીન પતિએ શયનગૃહમાં પ્રવેશ કર્યો, તેથી હું ભય પામી અહીં દોડી આવી છું. માતા ! ધર્મની સહાયથી મારા શીલનું રક્ષણ થયું છે, હવે શું કરવું ? તે પુરૂષ અદ્યાપિ મારા મહેલમાં રહ્યો છે.

રાણી આશ્ચર્ય પામી બોલી—બેટા ! એ બનવું અસંભવિત છે, તને તેમ ભ્રમ, પણ તને પરણનાર તે વીર પુરૂષ કદિ પણ તેવો દ્રોહ કરે નહીં. કદિ કોઈ કારણથી તેમ બન્યું હોય, તોપણ તને મુકી દીએ, એ વાત તો બનેજ નહીં; તને ત્યાંથી તે પાછો આવી તને શરણ આપશે. તેવા વિદ્વાન અને વીર રાજપુત્ર પોતાની પરિણીત પત્નિને પરપુરૂષને અર્પણ કરે, તે અસંભવિત છે. પુત્રી ! ધૈર્ય રાખ, નિશ્ચિંત રહે, હમણાંજ તેની તપાસ કરાવીએ.

રાણી પોતાના મહેલમાં પુત્રીને રાજાની પાસે લાવી, અને બધો વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી રાજા આશ્ચર્ય પામી ગયો. તત્કાળ તેણે મંત્રીને બોલાવી, પ્રિયંવદાના મહેલ ઉપર પહેરો રાખવા આજ્ઞા કરી.

પ્રાતઃકાળે ભૂપતિ રાજાએ ક્રોધથી વિહ્વળ થઈ, મદનપાળને પોતાની પાસે બોલાવ્યો. તેનો સુંદર વેષ જોઈ, રાજા વિચારમાં પડ્યો. આકૃતિ ઉપરથી ' આ શ્રીચંદ ' નથી, એવો નિશ્ચય તો થયો, તથાપિ તેને શાંત રહેવાથી પૂછ્યું, રાજકુમાર ! જો તમે ખરેખર શ્રીચંદ હો, તો પુત્રીએ ભાગ્ય, અને વિવાહ વખતે જે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા, તે ફરી વાર જણાવો. રાજાનાં આ વચન સાંભળી મદનપાળ ભયભીત થઈ ગયો, ને કાંઈ પણ બોલ્યો નહીં. તેનું શરીર કંપવા લાગ્યું; તે જોતાંજ રાજાને વધારે વહેમ પડ્યો. હાથ વડે નિશ્ચય થતાં તત્કાળ રાજા ક્રોધથી બોલ્યો—અરે કપટી ! તું કોણ છે ? આવો બનાવટી વેષ લઈ રાજમંદિર આવ્યો, તે શું વિચારીને ? તથાપિ મદનપાળ કાંઈ બોલ્યો નહીં, એટલે રાજાને વિશેષ કોપ ચડ્યો. તત્કાળ મદનપાળની ઉપર ચાબુકના માર પડવા લાગ્યા. માર એ પરાણુ રત્ન છે. તત્કાળ મદનપાળ પોકાર કરતો બોલ્યો—સ્વામી ! ક્ષમા કરો. હું મકરધ્વજ રાજાનો પુત્ર મદનપાળ છું. તમારા રાજ્યના પ્રધાન મંત્રી મારા પિતાનું ઋણ છે. શ્રીચંદ મારો ઉપકાર કરવા જેવ પરાક્રમ કરી, રાજકુમારીને પરણ્યો હતો. તે ઉપરાંત પુત્રી સમર્પણ મારી સાથે કબૂલ કરી, આ કામ કર્યું હતું. એમ કહી પોતાનો બધો વૃત્તાંત પ્રથમથી નિવેદન કર્યો.

મદનપાળની વાત ઉપર રાજાને ભરોસો વિશ્વાસ આવ્યો. તત્કાળ તેણે એક રાજપુત્ર મોકલી દીધો. અને જે મદનપાળ ધનને વિશે આજ્ઞા આપી, ને ... રાજાએ [illegible] રાજધાનીમાં આવીને થયો

રાજા જયસિંહે પોતાના મંત્રીઓને અને શહેરના આગેવાનોને બોલાવી, શ્રીચંદને મારે શું કરવું. તેણે વિચાર કર્યો: તે વખતે તારક નામનો એક ભાટ છે જે શ્રીચંદની [illegible]ને જાણે છે. તેણે રાજાને ધીરજ આપી કહ્યું કે, મહારાજ ! ચિંતા કરશો નહિ. શ્રીચંદ જરૂર બહાર આવી, રાજકુમારીને મળશે. તે વિદ્વાન પુરુષ છે, પણે રાજાને તેમના આવી રીતેજ વિવાહ થએલા છે. આવી રાજાને વિશેષ ધીરજ આપી.

તે ચતુર ભાટે વિચાર કરતી રાજકુમારી પ્રિયંગુમંજરીને પણ આશ્વાસન આપ્યું: પ્રિય બેન ! ચિંતા કરીશ નહીં, રાજકુમાર શ્રીચંદ અટવીમાં જ્યાં મને મળ્યા હતા, તેમણે તમને આપવાને આ મુદ્રિકા આપી છે, એમ કહી તે ભાટે રાજકુમારીના હાથમાં મુદ્રિકા આપી, અને કહ્યું કે, આ મુદ્રિકાને પતિની પ્રેમમૂર્તિ જાણજો, અને પ્રતિદિવસ તેની પૂજા કરજો. તે મુદ્રિકા લઈ પ્રિયંગુમંજરી ખુશી થઈ, અને આશ્ચર્ય સહિતના પ્રમોદમાં તણાતી તણાતી વિરહદશામાં રહી, દિવસ નિર્ગમન કરવા લાગી.

પ્રકરણ ૪૮ મું.

શ્રીચંદ ગુફામાં.



એ અંધારી ગુફા હતી. ગુફામાં ઉતરવાને પગથીયાંની એક શ્રેણી બાંધી હતી. આગળ જતાં એક ને [illegible] મંદિર ઉભું હતું. મંદિર આગળ ભારે પ્રકાશ પડતો હતો. તે પ્રકાશ સૂર્યનો ન હતો, પણ વિવિધ જાતનાં રત્નોનો હતો. મંદિરનો દેખાવ [illegible] હતો. રત્નજડિત [illegible] તે ખૂબ સુશોભિત બનતું હતું.

આ મંદિરમાં એક પુરુષ [illegible] તેનો વેષ [illegible] હતો. ઘણાં એક દિન [illegible] તે ધીરજ આ નવીન મંદિરના [illegible] ત્યાં એક વિચિત્ર [illegible] જોવામાં આવ્યો [illegible] ઘેરેલું હતું. [illegible] એક વિકરાળ [illegible] હતું. [illegible] કોણ [illegible] તે વિચાર કરે છે, ત્યાં મંત્રથી એક [illegible] તે જોતાંજ [illegible] તે [illegible] ! એક [illegible] શું [illegible] !

તે પુરૂષને જોતાંજ વાનરી શય્યામાંથી બેઠી થઇ, ચરણમાં આવી તેણીએ વંદના કરી, અને તે યુવાન પુરૂષનો છેડો પકડી તેને આગ્રહ કરીને શય્યા ઉપર બેસાર્યો. તે જોઇ તરૂણ પુરૂષ આશ્ચર્ય પામી ગયો. તત્કાળ તેણે વાનરીને કહ્યું, અરે મુંગા પ્રાણી ! તુ ચેષ્ટા ઉપરથી મને મનુષ્ય જાતી લાગે છે, તે છતાં વાનરીરૂપે કેમ દેખાય છે ! તારૂં વૃત્તાંત જાણવાની મને ઉત્કંઠા છે. તરૂણ પુરૂષનાં આવાં વચન સાંભળી વાનરીના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી. રૂદન કરતી કપિનીએ પોતાનો હાથ લાંબો કરી, તે પુરૂષને એક આરીયું બતાવ્યું. તે સંજ્ઞાથી જાણી લઇ, પુરૂષે બેઠા થઇ તે આરીયું ઉઘાડયું, તેમાં બે કુંપા જોવામાં આવ્યા. કુંપાની અંદર એકમાં કાળું અને બીજામાં ધોળું, એમ બે જાતનાં અંજન જોવામાં આવ્યાં. વાનરીએ શ્યામ અંજન ઉપર આંગળી કરી, પોતાની આંખનો સ્પર્શ કર્યો. એ ચેષ્ટા ઉપરથી જાણી લઇ તરૂણ પુરૂષે, તે શ્યામ અંજન વાનરીના નેત્રમાં આંજ્યું. અંજન આંજતાંજ તે કપિરૂપ છોડી સુંદર માનુષી થઇ ઉભી રહી, તેના શરીર ઉપર દિવ્ય સૌંદર્ય ઝળકી ઉઠયું, મનોહર મુખની છબી પૂર્ણચંદ્રને શરમાવવા લાગી, પદ્મનાં જેવાં વિશાળ લોચન ઉપર ચપળતા છવાઇ રહી. યૌવનથી લલિત એ લલનાએ ક્ષત્રિય કુમારને પ્રણામ કર્યા. તરૂણ પુરૂષ બોલ્યો—સુંદરી ! તમે કોણ છો ? આવા એકાંત સ્થળમાં તમને કોણ લાવ્યું છે ? આ સ્થાન કોનું છે ? તમારા જેવી મનોહર માનુષી સ્ત્રીને વાનરીરૂપે કરનાર કોણ છે ? આવું અધમ કાર્ય કોણે કર્યું ? આ સર્વ વૃત્તાંત જાણવાની મને ઉત્કંઠા છે, જો કાંઇ પણ બાધ ન હોય, તો મને જણાવશો.

એ સુંદરીએ વિનયથી તરૂણ પુરૂષને આ પ્રમાણે જણાવ્યું. હેમપુર નગરમાં રૂપથી કામદેવને જીતનાર **મકરધ્વજ** નામે રાજા છે, તેને **મદનાવળી** નામે રાણી છે, તેણીના ઉદરથી **મદનપાળ** નામે એક પુત્ર અને તેથી નાની **મદનસુંદરી** નામે પુત્રી થઇ છે. રાજકુમારી મદનસુંદરી તેના માતાપિતાને વધારે વહાલી છે, અનુક્રમે તે બાળા યૌવનવયને પ્રાપ્ત થઇ, માયાળુ માતાપિતાએ તે બાળાને વિદ્યાભ્યાસ કરાવ્યો. સ્ત્રીઓની અને પુરૂષોની કળા તેણીને શીખવી, તેમાં પુરૂષોનાં બત્રીશ લક્ષણો તેણીના જાણવામાં આવ્યાં, એટલે તે બાળાએ નિશ્ચય કર્યો કે, બત્રીશ લક્ષણવાળો જે પુરૂષ હોય, તેની સાથે મારે વિવાહ કરવો. આવી તેની પ્રતિજ્ઞા માતાપિતાના જાણવામાં આવી, તેમણે પણ તેમાં અનુમોદન આપ્યું.

વીર મહાશય ! એક વખતે એવું બન્યું કે, મદનસુંદરીનો ભાઇ મદનપાળ ફરવા જતો હતો. ત્યાં પ્રિયંગુમંજરી નામે એક કુમારીકા તેની નજરે ચડી ગઇ. તેણીનું સુંદર રૂપ જોઇ મદનપાળ મોહ પામી ગયો. તેના હૃદયમાં તેણીનો વિરહાગ્નિ પ્રગટ થયો. રાગી મદનપાળ બનતો પ્રયત્ન કરીને પણ પ્રિયંગુમંજરી મેળવવાને યત્ન કરવા લાગ્યો. તેનો યત્ન સફળ થતો ન હતો, કારણ કે પ્રિયંગુમંજરી રાધાવેધ કરનાર એક શ્રીચંદ્રકુમાર ઉપર રાગી થઇ હતી. શ્રીચંદ્રકુમારના રાગને લઇ તેણીએ મદનપાળ ઉપર જરા પણ પ્રેમ કર્યો નહીં. . . . . .

આથી મદનપાળ ઘેલા જેવો થઇ રાજ્યમાંથી ચાલી નીકળ્યો. રાતદિવસ પ્રિયં-

પુષ્પંજરીને નામની જયમાન દેવીને તે જંગલોમાં મરકી ફરતો, અને સપેરો પણ ઘણી વિદ્યાઓ શિખવવા લાગ્યો.

એક વખતે કોઈ પ્રવાસી ચારણ દેવપુરના રાજાના દરબારમાં આવી ચડ્યો. તેની કવન કળા સાંભળવાને રાજા મહારાજે એક જાહેર સભા ભરી. તે ચતુર ચારણે કુશસ્થળના રાજા પ્રતાપસિંહના પુત્ર શ્રીચંદ્રકુમારના ગુણોનું કવનમાં વર્ણન કર્યું, તે સાંભળી મહારાજા અને બીજા લોકો ઘણા ખુશ થઈ ગયા. રાજા મહારાજે તે ચારણને મોટું ઇનામ આપ્યું. શ્રીચંદ્રકુમારના ગુણ સાંભળી રાજા મહારાજે પોતાના મંત્રી સાથે વિચાર કર્યો કે, રાજકુમારી મદનસુંદરીનો સંબંધ શ્રીચંદ્રકુમારની સાથે કરવો, અને તેને માટે કેમ મોકલવું કરવા પણ માંડી.

આ અરસામાં મદનસુંદરી સખીઓની સાથે વનમાં રમવા ગઈ. તે બાલિકા એક પુષ્પકરંડમાં પોતાની સખીઓની સાથે રમતી હતી, ત્યાં કોઈ વિદ્યાધર આકાશમાંથી અચાનક આવ્યો. કામાંધ એ વિદ્યાધર મદનસુંદરીને લઈ હરી જવાને ચાલ્યો. તે વિદ્યાધરે પોતાની સ્ત્રીના ભયથી તે રાજકુમારીને આ ગુફામાં મુકી, તે મદનસુંદરી હું પોતેજ છું. તે દુષ્ટને મેં ઘણી પ્રાર્થના કરી, પણ તેણે માન્યું નહિ. અને બળાત્કારે મારી સાથે વિવાહ કરવાની ઇચ્છા કરી, તે વિવાહની સામગ્રી લેવાને બહાર ગયો છે. મને પેલા કુંભમાંથી અંજન લગાડી પાનની બનાવી ચાલ્યો ગયો છે. તે ગયા આજે પાંચ દિવસ થયા છે, મેં જ્યારે રૂદન કરી ઘણી આજીજી કરી, ત્યારે તેણે એકવાર વખતે મને કહ્યું—સુંદરી! હું રત્નચૂડ નામે વિદ્યાધર છું. મને સ્વામી તરીકે સ્વીકારતાં તું ઘણીજ સુખી થઈશ. મારા ગોત્રના વિદ્યાધર રાજાઓએ એકઠા મળી, મને મારી રાજધાનીમાંથી બહાર કાઢી મુકેલ છે, મણિભૂષણપુર નામે મારી સુંદર રાજધાની છે, મારૂં રાજ્ય દેવોએ પોતાને સ્વાધીન કરી લીધું છે.

કુમારશ્રી' એક વખતે પ્રાતઃકાળ થઈ હું અટકતો અટકતો કુશસ્થળી નગરીમાં આવી ચડ્યો ત્યાં એક મોટા સૈન્યને પડાવ નાખી બેઠેલો જોયો. હાથી, ઘોડા, રથ અને પેદલ ઘણી સંખ્યા તેમાં શામેલ હતી. તેમાં દાખલ થયો; ત્યાં એક મોટો વિશાળ તંબુ જોવામાં આવ્યો, તેના સુવર્ણના પલંગ ઉપર એક પદ્મિની સ્ત્રી પોતાની સખીઓની સાથે ક્રીડા કરતી બેઠી હતી. તેના તંબુની આસપાસ ઉંચી તરવારો લઈ વીર પુરુષો ચોકી કરતા ઉભા હતા. તે પદ્મિની પોતાને સાસરેથી પિયરને ઘેર જતી હતી. તે [illegible] જોઈને મને મોટો મોહ ઉત્પન્ન થયો, તેનું હરણ કરવાનો લાગ જોતો હું [illegible] રહ્યો, પણ મને લાગ મળ્યો નહિ કારણ કે તે ભારે ચોકી હતી. [illegible] આમ પુરૂષો રક્ષા કરે તેવી ન હતી. તેઓની ચોકીનો [illegible] ટોળી પણ રહેતા હતા. તેનું મને કામ થયું, તેથી હું નિરાશ થઈ [illegible] કોઈ પણ ઠેકાણે સુંદર સ્ત્રી જોઈ તેનું હરણ કરવા [illegible] રહ્યો આવ્યો, ત્યાં મારા ઘેરમાં હું આવી, [illegible]

અને લગ્ન જોઇ હું તને હરણ કરી અહીં લાવ્યો છું. મારી સ્ત્રી સ્વભાવે ઉગ્ર છે, તેથી તેનાથી ભય પામી હું તને અહીં એકાંતે લાવ્યો છું. તે સાથે તેણે જણાવ્યું કે, આવતે ગુરૂવારે મધ્યાન્હે હું તારી સાથે લગ્ન કરીશ. હું લગ્નની સામગ્રી લેવા જાઉં છું.

મહાનુભાવ ! તે દુષ્ટ વિદ્યાધર આ પ્રમાણે કહી ગયો છે. આજે ગુરૂવારનો દિવસ છે, એ દુષ્ટ હમણાંજ આવી પહોંચશે, તે પહેલાં મારો બચાવ કરો.

આ પ્રમાણે મારો વૃત્તાંત મેં આપને જણાવ્યો, હવે આપ કોણ છો ? અને ક્યાંથી આવો છો ? તે કૃપા કરી જણાવશો. આકૃતિ ઉપરથી તમે કોઇ પરાક્રમી દેખાઓ છો, મારાં શુભ કર્મે આપને મોકલ્યા હોય તેમ લાગે છે. હવે હું નિર્ભય છું, એમ મને નિશ્ચય થાય છે. તમારા જેવા સાહસિક શિરોમણિ નરનાં દર્શનથી હું પૂર્ણ રીતે કૃતાર્થ થયો છું. મારા શીળનો ભંગ થવાની શંકા હવે જરાપણ રહેતી નથી.

વાંચનારે અનુમાનથી તો જાણ્યું હશે કે, આ તરૂણ પુરૂષ તે આપણી વાર્તાનો મુખ્ય નાયક શ્રીચંદ્રકુમાર છે. એ સમર્થ વીર યક્ષકન્યાને પ્રાપ્ત કરી આગળ ચાલ્યો, તે વખતે તેણે ક્ષત્રિય વેશ ધારણ કર્યો હતો. આગળ જતાં એક ભયંકર અટવી આવી, તે અટવીમાં પલ્લીપતિઓ ઘણા રહેતા હતા. જાતજાતનાં શીકારી પ્રાણીઓના અવાજ સાંભળવામાં આવતા હતા. ભયંકર અટવીમાં ફરતો શ્રીચંદ્રકુમાર એક ગાઢી ઝાડીમાં દાખલ થયો. વૃક્ષોની ઘટાથી સૂર્યનાં કીરણો પણ દેખાતાં ન હતાં, ચારે તરફ અંધકાર છવાઇ રહ્યો હતો. આગળ જતાં એક વૃક્ષ નીચે તેજનો ગોળો જોવામાં આવ્યો, ચારે તરફ તેનો દિવ્ય પ્રકાશ થઇ રહ્યો હતો. સાહસિક શ્રીચંદ્રે ત્યાં જઇ જોયુ, ત્યાં એક તેજસ્વી ખડ્ગ પડેલું જોયું. રાજકુમારે ખડ્ગ હાથમાં લીધું, ત્યાં તેના જાણવામાં આવ્યું કે, 'આ તો ચંદ્રહાસ ખડ્ગ છે.' આવા ઘાટા જંગલમાં આ ખડ્ગ કોણ લાવ્યું હશે ? ઇત્યાદિ અનેક વિચાર કરતો શ્રીચંદ્ર ખડ્ગ લઇ, આગળ ચાલ્યો. થોડે દુર જતાં એક વાંસનું જાળ જોવામાં આવ્યું, ખડ્ગની તીક્ષ્ણતા જોવાને કુમારે તે જાળ ઉપર ખડ્ગનો ઘા કર્યો, ત્યાં જાળની સાથે એક પુરૂષને કપાયો જોયો. કમળનાં નાળવાની જેમ પુરૂષના બે કટકા જોઇ, શ્રીચંદ્ર ચમકી ગયો. અરે ! આ શું વિપરીત બન્યું ? મેં કોઇ પુરૂષનો ઘાત કર્યો, મહા પાપ લાગ્યું. આ પાપથી નરકમાં પણ મારો વાસ થશે નહીં. મારા જેવા અહિંસાધર્મિને પંચેંદ્રિયનો ઘાત મહા પાપનું કારણ થયો. આ પાપમાંથી હું ક્યારે મુક્ત થઇશ ! આવું ચિંતવી તે કપાએલા પણ તરફડતા પુરૂષની આગળ શ્રીચંદ્ર આવ્યો, તેણે પોતાનું ખડ્ગ તેના હાથમાં આપી કહ્યું, ભદ્ર ! હું તારો ઘાતક મહા અપરાધી છું, આ ખડ્ગવડે મારૂં મસ્તક છેદી નાખ, જેથી હું તારા અપરાધમાંથી મુક્ત થાઉં. તે ઘાયલ પુરૂષ શિથિલ થઇ ગયો હતો, તેણે સંજ્ઞા કરી જણાવ્યું કે, મને જળપાન કરાવો. તે જાણી શ્રીચંદ્રે પાસેના એક ઝરણામાંથી જળ લાવી આપ્યું. જળપાન કરી તે મૃત્યુ પામી ગયો.

શ્રીચંદ્ર તે આખો દિવસ પાપના પશ્ચાતાપમાં આકુળ વ્યાકુળ રહ્યો, તેણે આખો દિવસ અન્ન જળ લીધાં નહિ. જ્યારે રાત્રિ પડી, એટલે તે કોઇ આશ્રય શોધવાને આ-

ભગ આવ્યો, હૃદયમાં અંદરથી ખડું થીધું. થોડે દૂર જતાં એક વાતનું જંગી ઝાડ આવ્યું; તે વાતની નીચે એક ફંફીને સંચારે જોવામાં આવ્યો. શ્રીચંદે તે ઉપર સુચની પ્રયોગ કરી, અને મનમાં ચિંતવ્યું કે, જે પેલા નરને મેં પત કર્યો, તે પુરુષનું આ ફળવસ્થાન હશે. આવું ચિંતવી તેને ફંફીનો સંચારે ઉંચો કર્યો, ત્યાં એક ભંડાર જોવામાં આવી, તે ઉપર કાષ્ઠ તથા ઘાસ ઢાંક્યાં હતાં, તે દૂર કરી જોયું; ત્યાં એક ગુફા જોવામાં આવી; તેમાં ઉતરી આગળ ચાલ્યો, ત્યાં એક શિલા ખોદી જોઇ. શિલાને દૂર કરી, ત્યાં પગથી-ની શ્રેણી જોવામાં આવી, તે શ્રેણીએ ચાલતાં ઉપર કદેલ નગરાંગિત ગુફા અને મહ-સુંદરીનો દર્શન થયો હતો.

શ્રીચંદે કહ્યું—ભદ્રે ! હું એક મુસાફર છું; હું કુશસ્થલીમાંથી આવ્યો છું. દરિ- દુઃખી થઇ દેવને માટે દેશાટન કરું છું. કર્મયોગે આ ગુફામાં આવી ચડ્યો છું. તમે માં ભય પણ ખેદ કરશો નહીં. કદિ તે વિદ્યાધર પરણે. તોપણ ખેદ કરશો નહીં, રેખા કદિ પણ ટળતી નથી; પ્રભુને કર્મ પ્રેરક છે, માટે ધૈર્ય રાખજો. કર્મથી બળવાન નથી, આ જગતમાં ઉત્કૃષ્ટ કર્મને આધીન છે.

શ્રીચંદનાં આવાં વચન સાંભળી મદનસુંદરીએ હૃદયમાં વિચાર્યું; "આકૃતિ ઉપ- ય કોઇ પુરુષ બત્રીશ લક્ષણવાળો દેખાય છે, માટે આ પુરુષનેજ પતિ કરવો યોગ્ય આવું ચિંતવી મદનસુંદરી બોલી—રાજકુમાર ! મારા ભાગ્યયોગે તમે પધાર્યા છો. હું આપનેજ વરવા ધારું છું. હવે હું આપની થઇ ચૂકી છું. મહાનુભાવ ! મેં નિશ્ચય કરી દીધો કે, બત્રીશ લક્ષણવાળા પુરુષને વરવું. તે મારી પ્રતિજ્ઞા તમારાથી થાય તેમ છે, તમારા સુંદર શરીર ઉપરજ બત્રીશ લક્ષણો સ્પષ્ટ દેખાય છે. શ્રીચંદે કહ્યું—રાજકુમારી ! મારામાં બત્રીશ લક્ષણો હોય, તો મારે દેશાટન કરવું પડત તે બત્રીશ લક્ષણો ક્યાં ? તે મને જણાવો.

મદનસુંદરી બોલી—મહાનુભાવ ! તે બત્રીશ લક્ષણવાળો પુરુષ દેશાટન કરે, ત- વું સુખ પ્રાપ્ત થાય છે, તેનો વિસ્તાર સામુદ્રિક શાસ્ત્રમાં કહેલો છે. જેના લાંબાં, ચાર ટુંકાં, પાંચ સૂક્ષ્મ, ચાર ઉંચાં, સાત રાતાં, ત્રણ પહોળાં, ત્રણ એક શ્યામ અંગ હોય, તે બત્રીશ લક્ષણવાળો પુરુષ હોય છે. બે હાથ, બે ઉભ અને નાસિકા, એ પાંચ લાંબાં હોય; વાંસો, કટિ, લિંગ અને જાંઘ, હોય. દાંત, ત્વચા, નખ, પર્વ અને કેશ, એ પાંચ ઝીણાં હોય; કાખ, ખાંધા, મ એ ચાર ઉંચાં હોય, હાથપગનાં તળીયાં, તાળવું, હોઠ, નેત્રના ખૂણા, એ સાત રાતાં હોય, લલાટ, હાથ અને મુખ, એ ત્રણ પહોળાં હોય, સ્વર, એ ત્રણ ગંભીર હોય, અને જેના કેશ અતિ શ્યામ હોય, તે પુરુષ કહેવાય છે.

પ્રકારે વળી બત્રીશ લક્ષણ રેખા ઉપરથી ગણાય છે. જેઓની રે- ૨ કમળ, ૩ ધનુષ, ૪ વજ્ર, ૫ રત્ન, ૬ સ્વસ્તિક, ૭ તોરણ, ૮ રથ,

૯ અંકુશ, ૧૦ કાચબો, ૧૧ સિંહ, ૧૨ કેળ, ૧૩ વૃક્ષ, ૧૪ હાથી, ૧૫ મગર, ૧૬ ધ્વજ, ૧૭ મહેલ, ૧૮ સ્તૂપ, ૧૯ પર્વત, ૨૦ દર્પણ, ૨૧ ચામર, ૨૨ સરોવર, ૨૩ પુષ્પની માળા, ૨૪ ગ્રામ, ૨૫ કમંડળ, ૨૬ પૂર્ણકુંભ, ૨૭ કમળાકર, ૨૮ ચક્ર, ૨૯ શંખ ૩૦ મોર, ૩૧ મગર અને ૩૨ સમુદ્ર; એવાં ચિન્હ હોય, તે પણ બત્રીશ લક્ષણવાળો પુરૂષ કહેવાય છે.

આવાં લક્ષણવાળો પુરૂષ જ્યાં જાય, ત્યાં સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, તેના મહેલની આગળ નોબતોનો નાદ થાય છે, તેના રૂપ ઉપર સુંદર રમણીઓ મોહ પામે છે, અવકાર અંતરાય પણ તેને નડી શકતો નથી. તેના શરીરમાં નખથી અધિક સ્નિગ્ધતા હોય છે, અને સ્નિગ્ધતાથી અધિક વચનની કોમળતા હોય છે, અને કોમળતાથી વિશેષ માંગલ્ય હોય છે.

આ બધાં લક્ષણો તમારામાં સ્પષ્ટ દેખાય છે, તેથી મન, વચન અને કાયાએ કરી મેં તમને પતિ કર્યા છે. પ્રાણનાથ! આ દાસીનો સ્વીકાર કરો. આ સંસારમાં હવે તમારોજ આધાર છે. કદિ એ વિદ્યાધર આવે, તોપણ મારે તેનું કાંઇ કામ નથી. જીવતની સાથે મુડદાંનો યોગ કરવા કોણ ઇચ્છા કરે? પ્રાણેશ! હવે મારો ઉદ્ધાર કરો. તે દુષ્ટ વિદ્યાધર આવ્યા પહેલાં અહીંથી ચાલ્યા જવું જોઇએ. હવે તેને આવવાનો સમય છે. દુર્જનથી દૂર રહેવું એ સારૂં છે; તે વિષે પ્રાચીન શાસ્ત્રમાં નીચેનું એક પદ્ય કહેલ છે —

शकटं पंचहस्तेन, दशहस्तेन वाजिनम् ।
गजं हस्तसहस्रेण, देशत्यागेन दुर्जनम् ॥ १ ॥

ગાડાથી પાંચ હાથ દૂર રહેવું, ઘોડાથી દશ હાથ દૂર રહેવું, હાથીથી એક હજાર હાથ દૂર રહેવું, અને દુર્જનથી દેશનો ત્યાગ કરી દૂર રહેવું. ૧

ચતુર — અથવા મારે હવે શી ચિંતા છે? તે ચિંતા આપને રાખવાની છે. જો [illegible]

ગીતમય સ્વરો, રત્નની સાથે સુગંધનો મેળ થયો. રાજકુમારી સોહિણીને કંઈક આ... હતી, શ્રીચંદ્ર કુંવરી પોતાનાનું રૂપ પ્રાપ્ત કરી હૃદયમાં અનંત આનંદ પામી.

એકાન્તમાં થયા પછી રાજકન્યાએ સ્વામીને પુછ્યું. કાંત ! આપ ... ઘણેક રીતે નહીં આવ્યો દેવ ! શ્રીચંદ્રે જણાવ્યું. પ્રિયે ! પાપી પોતાના પાપથી જ નાશ પામે છે; તે વિષે એક સંસ્કૃત શ્લોક જાણવા જેવું છે.

कुमंत्रैः पच्यते राजा फलं कालेन पच्यते ।
लंघनैः पच्यते तापः पापी पापेन पच्यते ॥ १ ॥

રાજા ખરાબ વિચારોથી પચાય છે, કાળથી ફળ પચાય છે, લાંઘણ કરવાથી તાપ પચે છે, અને પાપી પાપથી પચે છે. ૧

રાજકુમારીએ પુછ્યું. તે શી રીતે બન્યું ! પ્રિય ! જ્યારે હું આ વનમાં આવ્યો, ત્યારે આ ચંદ્રહાસ ખડ્ગ પડેલું મારા જોવામાં આવ્યું. તે ખડ્ગ લઇ મેં એક વાંસના જાળ ઉપર ઘા કર્યો. તે જાળની સાથે એક પુરૂષનું મસ્તક કપાયેલું મારા જોવામાં આવ્યું, એ નરહત્યાથી મને ઘણો પશ્ચાત્તાપ થયો; અદ્યાપિ મારા હૃદયમાં તે દુઃખની જેમ પીડે છે. તે પુરૂષે પ્રપંચથી મરી જવાને જન્મ ગુમાવ્યું. મેં તેને જળપાન કરાવ્યું. જળપાન કર્યા પછી તે પાછો સ્વસ્થ થયો, અને મારા હૃદયમાં પશ્ચાત્તાપ ઓછો થયો. પ્રિયેશ્વરી! એને હરે છે કે, એ ચોરટો પુરૂષ તેમ નિર્દય હતો તે પાપી પોતાના પાપથી વિનાશ પામ્યો.

આ રૂદન સાંભળી મદના નિર્ભય થઇ ગઇ. પછી તેઓ બે ગમનથી ઉપર જઇ અને ફોન ફોલની બહાર નીકળી આગળ ચાલ્યાં. ફોલની ઉપર એક દિવ્ય ગુફા દીઠી, અને પોતાની વિદ્યાદેવીની રક્ષા કરી. શ્રીચંદ્ર હાથમાં ચંદ્રહાસ ખડ્ગ લઇ, પોતાની પ્રિયાની સાથે આગળ ચાલ્યો. ભોજનને ઉદ્દેશીને કરી ચાલતા એક ગામ આવ્યું. ત્યાં રહેલી કેસરશેઠની ધર્મશાળામાં તે દંપતિ ઉતર્યાં. ધર્મશાળાની આગળ એક નાની વાડી હતી. વાડીનો રક્ષક આવી, તે ધર્મશાળાના મુસાફરોની આદર સત્કાર કરતો હતો, અને તેમાંથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો. શ્રીચંદ્ર ધર્મશાળામાં પોતાની પ્રિયાની પાસે રહેલ કરવા રક્ષક સાથે જરૂરી મદના તેથી જુદી રહી. શ્રીચંદ્ર ત્યાં રહી ચાકર, નારદો અને બીજી ઉત્તમ સામગ્રી મંગાવી મદનાએ પ્રિયને માટે સર્વોત્કૃષ્ટ રસોઇ બનાવી. મદનાને સ્નાન કરાવી અને સ્વામીના માટે સન્માનથી જુદી તૈયાર કરી. શ્રીચંદ્રને ભોજન લેવા વિનતી કરી, એટલે ભક્તિવાળા પ્રિયતમે શ્રીચંદ્ર સ્નાન કરવા ગયો. પ્રેમથી જળથી સ્નાન કરી, વસ્ત્રાલંકાર ધારણ કરી, ચંદનનો લેપ કરી. પછી પચાંગ નમસ્કાર કરી, ઉપરાંત રાખી, કસ્તુરીના તિલક ઉપર લગાડી, અને મેં ભોજન કરવાને આસન ગ્રહણ કરી, નીચે બેસવું ચંદ્રહાસ ખડ્ગ પાસે રાખી ઉત્સાહ

" પરમાનંદ પ્રકાશ ભાસ, ભાસિત ભત્ર પીળા,
લોકાલોક લોકવે, નિત એહવી લીલા;
ભાવ નિભાવપણે કરી, જેણે રાખ્યો અળગો,
તકપરે પય મેળવી, તેહ થકી નવિ વળગો;
તેણીપરે આતમ ભાવને એ, વિમળ કર્યો જેણે પુર,
તે પરમાતમ દેવનું, દિન દિન વધતું નુર. ૧

નામે તો જગમાં રહ્યા, થાપના પણ તિમહી,
દ્રવ્યે ભવ માંહે વસે, પણ ન કળે કિમહી;
ભાવ થકી સવી એક રૂપ, ત્રિભુવનમેં ત્રિકાળે,
તે પારંગતને વંદીયે, ત્રિહું યોગે સ્વ ભાળે;
પાળે પાવન ગુણ થકી એ, યોગ ખેમંકર જેહ,
જ્ઞાનવિમળ દર્શને કરી, પુરણ ગુણ મણિ નેહ. ૨

આ પ્રમાણે ચૈત્યવંદન કરી ' નમુથ્થુણં ' એ સ્તવન ભાવથી ભણી, શ્રીચંદ્રે તીર્થાભિમુખે અંગ નમાવી, વંદના કરી. ત્યાં રસોઇ કરી પ્રાણેશની રાહ જોઇ ઉભેલી મદનાએ શ્રીચંદ્રના નામની મુદ્રા દીઠી, અને તે નામ વાંચી આત્માને તે કૃતાર્થ માનવા લાગી. રાજકુમારીએ વિચાર્યું કે, કુશસ્થલીપુરનો પ્રતાપી શ્રીચંદ્ર તે આ પોતેજ, જેના ગુણનું યશોગાન ચેલા ગાયકે પિતાના દરબારમાં કર્યું હતું. હવે મારો જન્મ સફળ થયો. પિતાજીની ધારણા પૂરી થઇ. આ પ્રમાણે મનમાં મગ્ન થતી મદના આશાના અનેક તરંગો ઉછાળવા લાગી, અને ભોજનને માટે સ્વામીની રાહ જોઇ ઉભી રહી.

પ્રકરણ ૪૯ મું.

ધર્મ દેશના.

બે મુનિઓ સાંઠ મુહૂર્તને ધારણ કરતા વિચરે છે, તેમના શરીર ઉપર મુનિ પણાનો પ્રકાશ પડી રહ્યો છે, હાથમાં રાખેલાં રજોહરણ જાણે અહિંસારૂપ લક્ષ્મીનાં ચામર હોય, તેવાં દેખાય છે, શ્યામ વર્ણના દંડ જાણે નરકમાં ધર્મને સ્થિર કરવા ધારણ કર્યા હોય, તેમ લાગે છે, મુખ ઉપર વસ્ત્રનું ચિહ્ન છે, તથાપિ તે ઉપર ધર્મનું તેજ ચમકી રહ્યું છે. આ બન્ને અનગાર ઉત્તમને માટે ભિક્ષા લેવા જતા હતા. તે ભિક્ષા શરીરની પુષ્ટિ માટે ન હતી. આ બન્ને ધર્મ નિર્વાહનું સાધન શરીર હોવાથી તેને માત્ર આધાર આપવાને માટે હતી.

આ તરફ મદનસુંદરી રસોઈ તૈયાર કરી ઉભી હતી. શ્રીચંદ્રનું ભાગ્ય સ્ફુરાયમાન થયું. તેણીના મનમાં કૌતુક થયું હતું. શ્રીચંદ્ર દેવદર્શન કરી, ભોજન કરવા આવ્યો, પણ તેના ધાર્મિક હૃદયમાં અતિથિ સત્કારનું સ્મરણ થઈ આવ્યું. કોઈ સુપાત્રને ભિક્ષા આપવાની મનમાં અભિલાષા થઈ, તે અભિલાષાથી તે ઉભો ઉભો દિશાવલોકન કરતો હતો, અને મનમાં ઉત્તમ ભાવના ભાવતો હતો. તે વખતે પવિત્ર અનગાર શ્રીચંદ્રની દ્રષ્ટિએ પડ્યા. જાણે તેને સુપાત્રનો યોગ થઈ આવ્યો. ચંદ્રને જોવાથી ચકોર પક્ષીની જેમ, અને સૂર્યના દર્શનથી ચક્રવાકની જેમ શ્રીચંદ્ર અને મદનસુંદરીને આનંદ થયો.

આનંદથી ભરપૂર હૃદયવાળો શ્રીચંદ્ર મુનિઓની સામે આવ્યો અને વંદના કરી, ભિક્ષા લેવાની પ્રાર્થના કરી. આહારની અભિલાષાવાળા મુનિઓએ પ્રાર્થના સ્વીકારી, અને તેના રસોડામાં આવી ઉભા રહ્યા. ઉલ્લાસમાં આવી શ્રીચંદ્રે મુનિઓને ઉત્તમ પાત્રમાં અને કલ્પે તેમ પડે તેમ વહોરાવ્યા. મુનિઓને પ્રતિલાભિત કરી, શ્રીચંદ્ર આહારને ફરીથી ભાવ લાવ્યો. પછી તેણે પ્રીતિની સાથે ભોજન લીધું. પોતાની કુશળ કરીને આવું ફળ તેને આ પ્રસંગ મળ્યો, તેને માટે તેણે પોતાને ધન્યવાદ આપ્યો. અને હૃદયમાં વિચાર કર્યો કે, આ સુપાત્ર દાનની પ્રીતિને સદાય હૃદયમાં રાખવી. માનવું જીવન સફળ થયું.

ભોજન કર્યા પછી તેણીની ઉત્કંઠાને લઈ, શ્રીચંદ્ર આ બે બન્ને મુનિઓ જ્યાં હતા ત્યાં ગયો. મુનિઓને વિધિપૂર્વક વંદના કરી, અને ઉપદેશ દેવા તેમને પ્રાર્થના કરી.

---

* આ સ્થળે સંબંધ કરેલો નિષેધ કરેલો સમજાય છે, તેથી વિચાર કરશે. [જુઓ પ્રકરણ ...]

" પરમાનંદ પ્રકાશ ભાસ, ભાસિત ભવ પીળા,
લોકાલોક લોકવે, નિત એહવી લીલા;
ભાવ નિભાવપણે કરી, જેણે રાખ્યો અળગો,
તકપરે પય મેળવી, તેહ થકી નવિ વળગો;
તેણીપરે આતમ ભાવને એ, વિમળ કયો જેણે પુર,
તે પરમાતમ દેવનું, દિન દિન વધતું નુર. ૧

નામે તો જગમાં રહ્યો, થાપના પણ તિમહી,
દ્રવ્યે ભવ માંહે વસે, પણ ન કળે કિમહી;
ભાવ થકી સવી એક રૂપ, ત્રિભુવનમેં ત્રિકાળે,
તે પારંગતને વંદીયે, ત્રિહું યોગે સ્વ ભાળે;
પાળે પાવન ગુણ થકી એ, યોગ ખેમંકર જેહ,
જ્ઞાનવિમળ દર્શને કરી, પુરણ ગુણ મણિ નેહ. ૨

આ પ્રમાણે ચૈત્યવંદન કરી ' નમુત્થુણં ' એ સ્તવન ભાવથી ભણી, શ્રીચંદ્રે તીર્થંબિમુખે અંગ નમાવી, વંદના કરી. ત્યાં રસોઇ કરી પ્રાણેશની રાહ જોઇ ઉભેલી મદનાએ શ્રીચંદ્રના નામની મુદ્રા દીઠી, અને તે નામ વાંચી આત્માને તે કૃતાર્થ માનવા લાગી. રાજકુમારીએ વિચાર્યું કે, કુશસ્થલીપુરનો પ્રતાપી શ્રીચંદ્ર તે આ પોતેજ, જેના ગુણનું યશોગાન પેલા ગાયકે પિતાના દરબારમાં કર્યું હતું. હવે મારો જન્મ સફળ થયો. પિતાજીની ધારણા પૂરી થઇ. આ પ્રમાણે મનમાં મગ્ન થતી મદના આશાના અનેક તરંગો ઉછાળવા લાગી, અને ભોજનને માટે સ્વામીની રાહ જોઇ ઉભી રહી.

જિનચંદ્ર; તેમ સર્વ ધર્મમાં સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ વિના બીજી ક્રિયાઓ આ સંસારરૂ નાટકના ચાળા જેવી છે. ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ, પારસમણિ અને નિધિરત્ન એ સમ્યક્ત્વની આગળ સેવક સમાન છે. તેને માટે સિદ્ધાંતમાં કહે છે કે:—

सम्मत्तं परमं तत्तं सम्मत्तं परमो गुरु ।
सम्मत्तं परमो देवो सम्मत्तं परमं पयं ॥ १ ॥

સમ્યક્ત્વ એજ પરમ તત્ત્વ, પરમ ગુરૂ, પરમ દેવ, અને પરમ તત્ત્વ છે. (૧)

એ સમ્યક્ત્વ ધર્મરૂપ કલ્પવૃક્ષનું મૂળ છે, ચારિત્રરૂપ દેવાલયની તે પીઠ છે, ધ-મંરૂપ વહાણનું તે જળસ્થાન છે, અને સર્વ ગુણરૂપ મણિઓનો નિધાન—ભંડાર છે. તે સમ્યક્ત્વ આત્મભાવથી અથવા ઉપદેશથી પ્રાપ્ત થાય છે, સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી કર્મની સાતે પ્રકૃતિનો ક્ષય થાય છે, અને અનાદિ ભવમાં દોષનો નાશ થઇ જાય છે. જે જીવ સમકિતને સ્પર્શે, તે અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત કરે છે. તેની ભવમાં કરેલી આશાતનાઓ દૂર થઇ જાય છે, ઉત્કૃષ્ટપણે સમ્યક્ત્વ-દર્શનનો આરાધક એવો જીવ, જો ચારિત્રવડે મુક્ત થાય, તો તે આઠ ભવે શિવપુરીનાં દર્શન કરે છે, સમ્યક્ત્વને પ્રાપ્ત કરી, જો જીવ તેને હારે છે, તો તે અનંતકાળ સુધી ભવભ્રમણ કરે છે. જ્ઞાન અને દર્શન બન્ને સાથે હોય, અને તેમાં જો ચારિત્ર ભળે, તો તેને ક્ષણમાં મોક્ષપદ મળે છે, અને તેનાં સંસારનાં સંકટો ક્ષણમાં ટળી જાય છે. જેમ શરદઋતુ કમળ વિનાની શોભે નહીં, તેમ સમ્યક્ત્વ વિના ક્રિયાઓ દીપતી નથી. ચતુરંગી સેના જેમ નાયક વિના શોભે નહીં, તેમ સમ્યક્ત્વ વિના ક્રિયા દીપતી નથી. ભરસમુદ્રમાં સઢ વિનાનું વ્હાણ તરતું નથી, તેમ સમ્યક્ત્વ વિના સંસારરૂપ સમુદ્ર તરી શકાતો નથી. જેમ સંગ્રામ ભૂમિમાં હથીઆર વિનાનો યોદ્ધો નકામો છે, અને ઈંધણાં વિનાનો અગ્નિ નિસ્તેજ છે, તેમ સમ્યક્ત્વ વિના આ સમ્યક્ત્વ વિનાની ક્રિયાવડે નિર્જરા થતી નથી, સમકિત વિનાનું અનુષ્ઠાન શુષ્ક ગણેલ અગ્નિ જેવું, બેચની આગળ ધન કર્યા જેવું, અને અંધારે નાટક ભજવ્યા જેવું છે. જ્યાં સુધી મિથ્યાત્વ દમ્યું નથી, ત્યાં સુધી સમ્યક્ત્વને માટે જે પ્રયત્ન કરવો, તે ફોતરાં ખાંડ્યા જેવું, અને ઉખરને સસુરવું જેવું છે. કેટલાએક એમ કહે છે કે, * અમે સમ્યક્ત્વવાળા છીએ' એ અભિમાનનાં વચન છે. સમ્યક્ત્વવાળા તેવું કહેતા નથી, જે શુદ્ધ હોય, તે દક્ષપણું કહે નહીં, પણ દક્ષપણું કરી બતાવે છે. સંસારના સુખથી જો કે રહિત હોય, તોપણ શુદ્ધ સમકિતવાળા સત્પુરૂષો પરસ્તવથી ડરે છે; તેઓ કદિપણ આત્મપ્રશંસા કરતા નથી. વસુધરેશ પૈઠ્ય સમર્થ હોય છે, તથાપિ તેઓ સ્વપ્રશંસાની વાણી કહેતા નથી, પણ તેઓ ઉલટા બીજાના ગુણો સાંભળવા ઇચ્છા કરે છે. કેટલાએક અવિરતિના બળથી પચ્ચ-ખાણ કરતા નહીં, તેઓ આ સંસાર સુખના સેવક થઇ રહે છે. વિરતિમાં ઉદ્યમવાળા પુરૂષો સ્વધર્મમાં વિશેષ દૃઢ રહે છે, અને અન્ય મતના દંભ દેખીને તેઓ પોતાનું મન

---

* મોહનીય કર્મ ક્ષય, ક્ષયોપશમ, કે ઉપશમ, અનાદિ મિથ્યાત્વ દોષ.

ચલચલાવતા નથી. તેવા મહા પુરૂષો બીજાનો ઉપકાર પરમાણુ જેવો હોય, તેને મેરૂ પર્વતના જેવો ગણે છે. બીજાએ કરેલા ઉપકારને તેઓ કદિ પણ ભુલતા નથી, અને બને ત્યાંસુધી બીજાનાં દુઃખને દૂર કરે છે. રાગ દ્વેષવાળા દેવને તેઓ ગણતા નથી, દૂષિત વચનને સાંભળતા નથી. જ્યાં સંવર હોય, ત્યાંજ તત્વનો માર્ગ છે; આશ્રવ સંસારના માર્ગને વધારે છે. રાજકુમાર ! સમ્યક્ત્વને માટે શાસ્ત્રમાં ઘણું કહેલું છે; તે ઉપર વિજય રાજા અને હરિબળ રાજાની પ્રખ્યાત કથાઓ છે. તમારી મનોવૃત્તિ પવિત્ર જોઇ, અમને સંતોષ થાય છે. તમે એવા સમ્યક્ત્વનું સર્વદા સેવન કરો, એ અમારો ઉપદેશ છે.

આ પ્રમાણે દેશના આપી, મુનિ વિરામ પામ્યા. મુનિની દેશનાથી શ્રીચંદ અને મદનસુંદરી ઘણાંજ ખુશી થયાં. તેઓના હૃદયમાં સમ્યક્ત્વનું સ્વરૂપ ઘણું વિશેષ તાજું થયું. ભાવના ઉલ્લાસથી શરીર ઉપર રોમોદ્ગમ થઇ ગયો, આર્હત ધર્મના પ્રભાવિક તેજથી તેઓ પ્રકાશમાન થઇ ગયાં. ઉગ્રવિહારી મુનિઓ ત્યાંથી બીજે વિહાર કરી ગયા. શ્રીચંદ અને મદના મુનિઓને વાંદી પોતાને સ્થાને આવ્યાં. તે રાત્રી ત્યાંજ રહી બીજે દિવસે તેઓ પણ આગળ ચાલવાને તત્પર થયાં. જેમનું દર્શન આપણને હવે બીજી ભૂમિકામાં થશે.

પ્રકરણ ૫૦ મું.

ત્રિપુરાનંદ યોગી.



દરનગરની બહારની ભૂમિમાં એક અવધુત પુરૂષ બેઠો છે, માથે જટા રાખેલી છે, કંઠમાં મોટા પારાની માળાઓ પહેરેલી છે, તે શરીરે કદાવર અને પુષ્ટ છે, તેની ભ્રકુટીનો દેખાવ ભયંકર છે, નેત્રના ખુણામાં રક્તતા દેખાય છે, શરીરે કૃષ્ણ વર્ણ છે; આ ભયંકર પુરૂષની દૃષ્ટિ નગર તરફ હતી. કોઇ પણ પુરૂષ ત્યાં થઇને પસાર થતો, તેનું તે અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિએ નિરીક્ષણ કરતો હતો. ઘણી વાર થઇ, પણ તેની ધારણા પ્રમાણે કોઇ પુરૂષ તેને મળી આવ્યો નહિ, એટલે તે લાંબો નિશ્વાસ મુકી બેઠો થયો. હળવે હળવે શહેરના વસતી વાળા ભાગમાં આવવા લાગ્યો. વાંચનારને આ પુરૂષને ઓળખવાની ઇચ્છા થઇ હશે. તે પુરૂષ આ નવલ પ્રકરણનો નાયક છે, તેનું નામ ત્રિપુરાનંદ યોગી છે, તેને સુવર્ણ પુરૂષ સાધવો છે. તે સાધનામાં ખાસ લક્ષણવાળા એક ઉત્તર સાધક પુરૂષની જરૂર છે, તેવો કોઇ પુરૂષ તેને મળતો નથી. અનેક શહેર અને ગામે તે શોધ કરતો ફરે છે, તથાપિ હજુ તેની ઇચ્છા સફળ થઇ નથી.

જ્યાં એ પુરૂષ અત્યારે ફરે છે, તે કલ્યાણપુર નામે નગર છે, આ નગરમાં

જૈન વસ્તી ઘણી વસે છે, શુભવિભ્રમ નામે ત્યાં રાજા છે, તેના તાબામાં બીજા સાત દેશ છે; આથી કલ્યાણપુરનું રાજ્ય જગતમાં મોટું રાજ્ય ગણાય છે, વળી તે ધર્મનું સ્થળ છે. દંડકળશ નામે એક જિનાલય કલ્યાણપુરમાં આવેલું છે, તે મેરુ પર્વતના જેવું ઉંચું અને મનોહર છે, તેની અંદર ઉંચી જાતની કારીગરી કરવામાં આવી છે, વિદેશી યાત્રાળુઓ એકીનાથે તેનાં દર્શન માટે આવે છે, દંડકળશ ચૈત્યની દિવ્ય શોભા જોઈ, પ્રેક્ષક ચકિત થઈ જાય છે. તેની અંદર આવેલી જિન પ્રતિમા ઘણી મનોહર, દિવ્ય અને ચમત્કારી છે. અધિષ્ઠાયક દેવના પ્રભાવથી એ જિનાલય પ્રભાવિક તરીકે વિશ્વમાં પ્રખ્યાત થયું હતું.

પેલો ત્રિપુરાનંદ યોગી ચાલતો ચાલતો આ જિનાલય પાસે આવ્યો, ત્યાં લોકોનું મોટું ટોળું જમાવ થયું તેના જોવામાં આવ્યું. સ્ત્રી પુરુષો દોડાદોડ કરી રહ્યાં હતાં. આ દેખાવ જોઈ યોગીએ વિચાર્યું કે, આવા જનસમૂહમાં વખતે કોઈ વેધ પ્રપંચનો યોગ થઈ જાય તો, કાર્યસિદ્ધિ સત્વર થાય; આવું વિચારી, યોગી ચૈત્યના દ્વાર આગળ ઉભો રહ્યો. લોકોનું મોટું વૃંદ અંદર એકઠું થઈ શાંતપણે ઉભું હતું. સર્વની સરખી દૃષ્ટિ સુધાપાન કરતી હતી, ત્રિપુરાનંદ પણ કૌતુકપૂર્વક મોહિત થઈ, બહાર સાંભળવા ઉભો રહ્યો, તેવામાં ચૈત્યમાંથી નીચેનું સ્તવન વસંત રાગમાં તેના સાંભળવામાં આવ્યું.

શ્રી જિન સ્તવન.

[રાગ વસંત.]

" જિનરાજ હમારે દિલ વસ્યા, કિમ વસ્યા કિમ વસ્યા કિમ વસ્યા,
જિન.
જયું ઘન મોર ચકોર કિશોર ને, ચંદકળા જેમ મન વસ્યા. જિન. ૧
(એ આંકણી)
વીતરાગ તુમ મુદ્રા આગે, અવર દેવ કહિયે કિસ્યા, જિન.
રાગી દોષી કામી ક્રોધી, જે હોયે તેઓની શી દિશા. જિન. ૨
આધિ વ્યાધિ ભવની ભ્રમણા, અમથી તે સઘળા નસ્યા, જિન.
જેણે તુમ સેવ લહીને છોડી, તેણે મધુમશાપરે કર ઘસ્યા. જિન. ૩
મોહાદિક અરિગણ ગયા દૂરે, આપ ભયથી તે ખસ્યા, જિન.
ટાળી દઈ સઘળું સદાગમ, પ્રમુખા તે સવિ મન વસ્યા, જિન. ૪
પ્રભુ તુમ શાસન આગે અવરના, મત ભાસિત કિશ જિસ્યા, જિન.
આજ અમારે એહ શરીરે, હરખ રોમાંચિત ઉલ્લસ્યાં, જિન. ૫

" જે બીજાની પાસે પ્રાર્થના કરે, તેવા પુત્રને માતા જન્મ ન આપો, તેમજ જે બીજાની પ્રાર્થનાનો ભંગ કરે, તેવા પુત્રને ઉદરમાં ધારણ ન કરો. "

યોગીનાં આવાં દીન વચન સાંભળી ઉપકારી શ્રીચંદ્રનું હૃદય આર્દ્ર થઇ ગયું; તેણે તત્કાળ પ્રૌઢ સ્વરે જણાવ્યું. યોગીરાજ ! હું ખુશીથી તમારો ઉત્તરસાધક થઇશ. મારે લીધે જો તમારાં સારાં કાર્યની સિદ્ધિ થતી હોય, તો મારે પછી મારી જાતને શામાટે ઉપયોગી ન કરવી ? માનવ જીવન પરોપકારથી અલંકૃત થાય છે. જો કાંઇ પણ માનવ શરીરે ઉપકાર થઇ શકે તેમ હોય, તો શામાટે ઉપકાર ન કરવો ? પશુ પક્ષીઓનાં શરીર અને સ્થાવર જાતિ બીજાના ઉપયોગમાં આવે છે, તો આ સચેતન માનવ શરીરથી પરોપકાર કેમ ન કરવો ! યોગીરાજ ! કહો, ક્યારે તમારે મારી જરૂર છે ? બીજી સાધનની સામગ્રી તૈયાર છે કે કેમ ?

શ્રીચંદ્રનાં આવાં ઉત્સાહ ભરેલાં વચન સાંભળી યોગી ખુશી થયો. તે આનંદના ઉભરાથી બોલ્યો—મહાનુભાવ ! આજ રાત્રે તે ક્રિયા કરવાની છે; સ્મશાનમાં જઇ એક પુરૂષના શબ ઉપર તે સાધના થશે. હું ત્યાં જઇ બધી ગોઠવણ કરૂં છું, સમય વખતે આપ કૃપા કરી હાજર થજો. આ પ્રમાણે કહી યોગી બેઠો થયો; આનંદથી ઉતાવળાં પગલાં ભરતો સાધનાની સામગ્રી તૈયાર કરવામાં તત્પર થયો. યોગી ગયા પછી શ્રીચંદ્રે પ્રિયાને કહ્યું, પ્રાણેશ્વરી ! આજે આ શરીરથી ઉપકાર કરવાનો સમય આવ્યો છે, તે બિચારા યોગીનું કાર્ય સિદ્ધ કરવા હું જાઉં, તે સમયે તમે ક્યાં રહેશો ? પતિનાં વચન સાંભળી મદના બોલી—સ્વામિ ! આપ પરોપકાર બુદ્ધિએ જવા તૈયાર થયા છો, પણ મને શંકા આવે છે. એ યોગીની આકૃતિ પ્રચંડ છે, રખે તેમાં કાંઇ કપટ હશે, તો પછી શું કરીશું ? પ્રભુ ! પ્રથમથી દીર્ઘ વિચાર કરી, પગલું ભરજો; મને તો મોટી શંકા રહે છે. તે યોગીની આકૃતિ જોઇનેજ મારૂં મન કંપતું હતું; એવા કુટિલ હૃદયવાળા તાપસનો સંગ કરશો, તે મને તો જરા પણ રુચતું નથી. નાથ ! તેની ઘોર સાધનામાં તમને હું નહીં જવા દઉં. આ પ્રમાણે રુદન કરતી રોતી થકી આવી, મદના પતિના પગમાં ઉંડા ભાવથી ઢળી પડી.

શ્રીચંદ્ર મંદહાસ્ય કરી બોલ્યો—વામાક્ષી અબળા ! હો રતન આદિ: મનમાં જરા પણ શંકા રાખશો નહીં, તરકાર મ ... પ્રેમથી મારા આત્માની રક્ષા થશે. જ્યાં સુધી અખંડ ધર્મની જ્યોતિ મારા હૃદયમાં પ્રકટ છે, ત્યાં સુધી મને કોઇ જાતનો ભય નથી; મારા આત્માની ચારે તરફ ધર્મ મહા મંત્રની રક્ષા છે. પ્રિયા ! નિશ્ચય રાખો. જેનું હૃદય નિર્મળ છે, જે ત્રિકરણ (મન, વચન અને કાયાએ) થી શુદ્ધ છે, તેને સર્વદા દુઃખ મનોજ થાય છે, અસત્યની મલિન છાયા તેની ઉપર પડતી નથી. જે મલિન હૃદયના હોય, તેમની ઉપર દુઃખની આપત્તિ આવે છે: પાપી પોતાના પાપથીજ ભોગ થઇ પડે છે. હરેશ્વરી ! [illegible] કે, મેં તે યોગીને વચન આપ્યું છે, મારા વચન ઉપર [illegible], મેં [illegible] નિશ્ચય [illegible] કરેલ છે. [illegible]

પ્રને પરે નહીં લક્ષ્મની મર્યાદા મહાન્ પુરૂષોનાં વચન ઉપરજ [illegible] રહી છે. વચનને માટે ધર્મવીર નીચેનું સમર્થન પણ ઉંચે સ્વરે બોલે છે.

राज्यं यातु श्रियो यांतु यांतु प्राणा विनश्वराः ।
यः यः स्वयमेवोक्ता वाचा मा यातु शाश्वती ॥ १ ॥

" રાજ્ય જાઓ, લક્ષ્મી ચાલી જાઓ, અને નાશવંત પ્રાણ ભલે જાઓ, પણ પોતાની જાતે જે વચન કહેલું હોય, તે શાશ્વત વચન ન જાઓ. "

વૈદેહી ! તમે પણ મારી સાથે ચાલો; પેલા પ્રભાવિક અંજનવડે તમને વાનરી બનાવી, તે પ્રવેશ રસ ઉપર સખીશ. અહીં રાક્ષસનો મહા મંત્ર આપણા શરીરની રક્ષા કરશે, રાક્ષસના અધિષ્ઠાયક દેવતાઓ ચોકીદારની જેમ આપણી આગળ ઉભા રહેશે. પ્રિય ! હીંમત રાખો.

આ પ્રમાણે [illegible] કહી એટલે મદનાના હૃદયમાં હીમ્મત આવી. તે આસ્તિક [illegible] તેને અનુસરવા ઉભી થઈ. [illegible] પ્રભાવિક અંજનથી તેને વાનરી બનાવી, [illegible] કુંડનું સ્થાન ભયંકર હતું, કાળા ચોકની [illegible] ચિત્ર[illegible]માંથી અગ્નિના ભડકા [illegible] વિગેરે માંસભક્ષી [illegible] નજરે પડતાં હતાં, [illegible] ઉભો હતો [illegible]

[illegible]

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજાને ગુણસુંદર નામે એક કુમાર હતો, તેને સુબુદ્ધિ નામે ગુણપર પ્રીતિ રાખનારો એક મંત્રિ હતો. એક વખતે તે રાજકુમાર અને મંત્રિ બન્ને વિપરીત ગતિ શીખેલા અશ્વ ઉપર બેસી ફરવા નીકળ્યા. વિપરીત ગતિવાળા અશ્વો તેમને એક મોટી અટવીમાં ખેંચી લાવ્યા, બન્નેને તૃષા લાગી. અશ્વ ઉભા રહ્યા, એટલે તેઓ એક સરોવર ઉપર આવ્યા. સરોવરની પાળ ઉપર એક યક્ષનું મંદિર હતું. જળપાન કર્યા પછી રાજકુમાર મંત્રિને અશ્વ સોંપી સરોવરમાં ક્રીડા કરવાને ગયો, તેવામાં કાંઠા ઉપર એક સુંદર કન્યા જોવામાં આવી, તેણીના હાથમાં એક કમળનું પુષ્પ હતું. રાજકુમાર ગુણસુંદરને જોતાંજ તે કન્યાએ કમળ, દાંત અને કાનનો સ્પર્શ કરી સંજ્ઞા જણાવી. એવી સંજ્ઞા કરી, તે કન્યા પોતાને સ્થાને ચાલી ગઈ. રાજકુમાર વિચારમાં પડ્યો, તેની સંજ્ઞા બરાબર સમજ્યો નહીં. તત્કાળ તેણે આવી સુબુદ્ધિ મંત્રીને પુછ્યું, મંત્રિવર ! આ સરોવરમાં ક્રીડા કરવા જતાં તટ ઉપર એક સુંદર કન્યા ઉભી હતી, તેણીના હાથમાં કમળ હતું. મને જોઈ તેણીએ કમળથી દાંત અને કાનને સ્પર્શ કર્યો, અને મને તે બતાવી ચાલી ગઈ, એનો અર્થ શું હશે ? ચતુર મંત્રિએ બુદ્ધિથી વિચાર્યું, અને તે બોલ્યો, રાજકુમાર ! એ કન્યાનો આશય મારા જાણવામાં આવી ગયો છે. તે દાંતાનગરના રાજા કર્ણદેવની પદ્મા નામે પુત્રી છે, તે તમારી ઉપર અનુરાગ દર્શાવવા એ સંજ્ઞા કરી ચાલી ગઈ છે. આ સાંભળી રાજકુમાર ખુશી થયો, અને મંત્રિના ચાતુર્યને તેણે ધન્યવાદ આપ્યો.

પછી રાજકુમાર મિત્ર સહિત દાંતાનગરમાં ગયો. બાહેરની વાડીમાં ઉતરી એક માળણને દ્રવ્ય આપી, પદ્માવતી રાજકુમારી પાસે પોતાના આવવાની ખબર આપવા મોકલી, અને સરોવરે જે પોતે મળેલ તે ઇંધાણી કહેવરાવી. માળણે એ ખબર રાજકુમારીને કહી, તે સાંભળતાંજ તેણીએ માળણના મસ્તક ઉપર ચંદનથી ભરેલા પાંચ આંગળાંવાળા હાથવડે લપડાક મારી, અને બહાર કાઢી મુકી. માળણ વિલખી થઇ રાજકુમારની પાસે આવી, અને તેણીએ પોતાનો વૃત્તાંત નિવેદન કર્યો. ચતુર મિત્ર મંત્રિ તે મર્મ જાણી ગયો, અને તેણે રાજકુમારને કહ્યું, મિત્ર ! નાઉમેદ થશો નહીં, તે રાજબાળાએ પાંચ આંગળાં-વડે મસ્તકમાં લપડાક મારી, તમને એવી સૂચના કરી છે, આવતી શુક્ર પંચમીને દિવસે તે તૈયાર થશે. આ સંકેત જાણી ગુણસુંદર ખુશી થયો, પછી બન્ને મિત્ર નગરમાં એક ઘર જુદું રાખીને રહ્યા.

જ્યારે પંચમીનો દિવસ આવ્યો, એટલે રાજકુમારને ફિકર થઇ. પદ્માવતીને ખબર આપવા માટે માળણને ફરી જવા કહ્યું. માળણે પોતાનું અપમાન થયેલ, તેથી જવાની ના કહી. રાજકુમારે તેણીને ઘણું દ્રવ્ય આપવાની લાલચ બતાવી, એટલે માળણ ફરી જવાને તૈયાર થઇ. **દ્રવ્યથી શું નથી થતું !**

માળણે આવી રાજકુમારીને કુમારનો સંદેશો કહ્યો, તે સાંભળતાંજ રાજકુમારીને રીસ ચડી. કુંકુમ ભરેલા ચાર આંગળાવાળા હાથવડે માળ ઉપર લપડાક મારી, અને મહેલની પછવાડેની બારીએથી દોરીવડે બાંધી ઉતારી માળણને કાઢી મુકી. આવું બીજું અપમાન થવાથી માળણ ઝટ ઘરને નાશી આવી. તેણીને [illegible]

રાજકુમારને જણાવ્યો. અને કહ્યું કે, હવે હું ક્ષણ પણ ત્યાં રહેવા નહિ. ચતુર મતિ મિત્ર તેનો ભાવાર્થ સમજી ગયો. તેણે રાજકુમારને જણાવ્યું કે, મિત્ર! હાલ વિરહ વ્યથા કંકણવાળો અને આંગળીવાળા હાથની સમસ્યા ઉપરથી એવી સૂચના કરે છે કે, તે હાલ રજસ્વલા છે, ચાર દિવસે શુદ્ધ થશે. મહેલની પાછળ પણ બારીએ દોરડે તમને બોલાવશે. ચાર દિવસ વધારે વિલંબ થયો છે. મિત્ર! ઉતાવળા થશો નહિ, ઉતાવળે આંબા પાકતા નથી.

હે રાજપુત્ર! તે પછી જ્યારે પંચમ પછી નવમીનો દિવસ આવ્યો, એટલે રાજપુત્ર ગુણસુંદર રાત્રે પદ્માવતીના મહેલની પછાડી ગયો. રાહ જોઈ બેઠેલી રામાએ કુમારને જોયો, એટલે દોરીના યોગથી ઉપર ચઢાવ્યો. કુમાર રાજબાળાને પ્રેમથી મળ્યો, પરસ્પર ક્રીડા સુખનો આરંભ થવા લાગ્યો. રાજબાળાએ કહ્યું, પ્રિય! મારા કહેવાનો આશય તમે શી રીતે જાણી લીધો? કુમાર બોલ્યો, પ્રિયા! મારી સાથે મારો એક ચતુર મતિ મિત્ર છે, જે તમારે દીયર સમાન છે, તેની બુદ્ધિના પ્રભાવથી મેં તમારો સંકેત જાણ્યો હતો. પછી રમણીએ રમણને ઉત્તમ રસોઈથી જમાડ્યો, અને ઘણો આદર સત્કાર કર્યો. પ્રાતઃકાળ પહેલાં તે સ્વસ્થાનને જવા નીકળ્યો. તે વખતે પદ્માવતીએ એક કપટી ઝેરનો મોદક પોતાના દીયરને માટે કુમારની સાથે મોકલ્યો. રાજકુમાર પોતાને સ્થાને આવ્યો. પોતાનો સર્વ વૃત્તાંત મિત્રને જણાવ્યો, અને કહ્યું કે, તમારે માટે રાજકુમારીએ આ એક મોદક મોકલ્યો છે, એમ કહી મતિને મોદક આપ્યો. મોદક લઈ ચતુર મતિએ વિચાર્યું કે, રાજપુત્રી મને જરા પણ જાણતી નથી, તો આ મોદક મોકલવાથી શા માટે મારી ઉપર રાગ કરે? આમાં કાંઇક વિચારવાનું છે. એમ કરતાં સૂર્યોદય થયો, મોદક પોતાની પાસે મુક્યો, ક્ષણવારે તે ઉપર બેઠેલી માખીઓને મરી ગયેલી જોઈ, તે ઉપરથી તેને નિશ્ચય થયો કે, આ ઝેરનો મોદક છે, તત્કાળ તેને ભૂમિમાં દાટી દીધો. સ્ત્રીઓની ક્ષુદ્ર બુદ્ધિને ધિક્કાર આપ્યો.

બીજે દિવસે રાત્રિ થઈ, એટલે મતિએ રાજકુમારને શીખવ્યું. મિત્ર! જો આજે રાજકુમારીને મળવા જવું હોય તો, હું તમને એક ઉપાય કહું, તે કરજો. જ્યારે રાજકુમારી નિદ્રાવશ થાય, ત્યારે તેની જાંઘ ઉપર ત્રણ રેખાવાળું ત્રિશૂળ કરી, પગમાંથી એક ઝાંઝર કાઢી લાવજો; એમ કરવાથી આપણને એ કુમારી સ્વતંત્ર રીતે મળશે. મંત્રિના કહેવા પ્રમાણે રાજકુમારે બીજી રાત્રે તેમ કર્યું. પછી બન્ને મિત્રોએ યોગીનો વેશ લીધો, એક ગુરૂ અને બીજો શિષ્ય થયો. બન્ને સ્મશાનમાં જઇ રહ્યા. શિષ્ય પેલું સુવર્ણનું ઝાંઝર લઇ નગરમાં આવ્યો. સોનાચાંદીની દુકાને જઇ કહ્યું કે, આ ઝાંઝરનું જે મૂલ્ય થાય, તે આપો. ઝાંઝર જોતાંજ વેપારીએ એ રાજાનું છે, એમ ઓળખી લીધું. તત્કાળ તે રાજાની પાસે લઇ ગયો. રાજાએ પોતાનું નામ વાંચી, તે શિષ્યને બોલાવી પુછ્યું કે, આ ઝાંઝર ક્યાંથી મળ્યું? શિષ્યે કહ્યું, મને કાંઇ ખબર નથી, મારા ગુરૂ જાણે. પછી રાજાએ સ્મશાનમાંથી ગુરૂને બોલાવી પુછ્યું કે આ ઝાંઝર તમને ક્યાંથી મળ્યું? ગુરૂ બોલ્યા, આજ રાત્રે સ્મશાનમાં એક ડીમ જગાવવાથી શક્તિ આવી હતી, મેં તેને પગે

પકડવા માંડી, પણ તે જોર કરી ચાલી ગઇ. ચાલતી વખતે અમોએ તેની જાંઘ ઉપર ત્રણ રેખા કરી, અને આ ઝાંઝર કાઢી લીધું છે. તે શક્તિ તમારા અંતઃપુરમાં ગઇ છે. આ સાંભળી રાજા અંતઃપુરમાં ગયો તપાસ કરતાં પોતાની પુત્રીને દૂષિત થયેલી જોઇ. તત્કાળ રાજાએ યોગીને પાસે બોલાવી કહ્યું, મહાનુભાવ ! તમારૂં કહેવું યથાર્થ છે. મારી પુત્રીજ દૂષિત થઇ છે. હવે તે નિર્દોષ કેવી રીતે થાય ? તે કૃપા કરી જણાવો. તમે સર્વ વિદ્યાના જાણ છો, અને મોટા દેવ સમાન છો. યોગી બોલ્યો, રાજા ! તમારી પુત્રીને નિર્દોષ કરવાનો એક ઉપાય છે. હું તમને એક મંત્રેલું વસ્ત્ર આપું, તેવડે રાજકુમારીના પગ અને મુખ બાંધી, અને આંખે પાટા બાંધી રથમાં બેસારી, પૂર્વ દિશામાં એક વૃક્ષ નીચે મુકી આવો. તમારા સુભટો તેની સામું જોયા વગર પાછા ચાલ્યા આવે, પછી તે રાજકન્યા આઠ પોહોર સુધી વનમાં સ્વેચ્છાએ ફરશે, એટલે તે તત્કાળ નિર્દોષ થઇ જશે. ત્યાર પછી મોટા ઉત્સવ સાથે તેને દરબારમાં લાવજો.

આ પ્રમાણે રાજાને ઉપાય બતાવી, બંને ગુરૂ શિષ્ય પોતાને ઘેર ગયા. રાજાએ રાજકન્યાને યોગીના કહેવા પ્રમાણે તે રાત્રે વનમાં મોકલી. બંને મિત્ર, યોગી અને શિષ્યનો વેશ છોડી દઇ, ઘોડા ઉપર બેસી, જ્યાં રાજકન્યા હતી ત્યાં આવ્યા. રાજકન્યાના બંધ છોડી બંને તેણીને અશ્વ ઉપર બેસારી પોતાના નગરમાં લાવ્યા. માર્ગમાં રાજબાળાએ મંત્રિને કહ્યું, દીયરજી ! આ શું કર્યું ? મંત્રિ બોલ્યો, ભાભી ! એ તમારૂંજ કામ છે. એ કેટલા મોહકથી હરખ્યાં, તો આવી બુદ્ધિ સુઝી. હવે કૃપા કરી, હૃદય નિર્મળ રાખજો. આમ વાર્તાવિનોદ કરતાં તેઓ પોતાના નગરમાં પહોંચી ગયાં. અહીં આઠ પોહોર વીતી ગયા, પછી રાજા પોતાની પુત્રીને જોવા વનમાં આવ્યો. કોઇ ઠેકાણે પુત્રી જોવામાં આવી નહીં. આથી હૃદયમાં મોટો આઘાત થયો, અને તેથી રાજા મૃત્યુ પામી ગયો.

હવે બીચકને કહ્યું, રાજકુમાર ! કહો, એ રાજાની હત્યા કોને લાગી ? કન્યાને, રાજકુમારને, કે તેના મિત્રને ? જો તું જાણવા છતાં નહિ કહે, તો આ હત્યા તને લાગશે. શ્રીચંદ્ર વિચાર કરી બોલ્યો, અરે મુકા ! મારા વિચાર પ્રમાણે તો એ હત્યા રાજાને પોતાને લાગી છે. કેમકે પોતાની પુત્રીને આ નાકે ચોરી કરી ? એ રાજાનોજ અન્યાય છે.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી, તે શબ પાછું વડે જઇને ચોંટી ગયું. શ્રીચંદ્ર કુમારે દુરભક્ષ એક આશ્ચર્ય પામ્યો, અને પાછો તેને લેવાને વડ ઉપર ગયો. પુનઃ શબને નીચે ઉતાર્યું, એટલે રાજકુમારની આજ્ઞા લઇને નીચે પ્રમાણે બીજી વાર્તા કહેવા માંડી

ભોગવતી નામે નગરી જોઇને આનંદ આપનારી એક નગરી હતી. તેમાં રૂપસેન નામે રાજા હતો, તેને માનવતી એક કન્યા પરણેલી હતી. તે રાજાની પાસે પંજરામાં એક ડહાપણ અને વિચક્ષણ પોપટ રહેતો હતો. એક વખતે રાજાએ પોપટને પુછ્યું, અરે પક્ષી ! તું કાંઇ જાણે છે ? પોપટ બોલ્યો, રાજા ! હું સર્વ જાણું છું. રાજા બોલ્યો, તો કહે, કેવી કન્યા મને લાયક થશે ? પોપટ બોલ્યો, રાજા ! મગધ દેશના રાજાને સુરસુંદરી નામે બે અને મદનમંજરી નામે કઇ છે. તે નવરી જો

થશે. તે રાજપુત્રીની પાસે એક ચંદ્રપ્રભા નામે સારિકા છે, તેણીએ પણ આજ પ્રમાણે સારિકાને પુછ્યું હતું કે, મારો ભર્તા કોણ થશે ! ત્યારે સારિકાએ તમારૂં નામ આપ્યું છે, અને તમારા રૂપની પ્રશંસા કરી છે, આથી મદનમંજરીનો તમારી ઉપર રાગ થયો છે.

શ્રીચંદકુમાર ! તે પછી એવું બન્યું કે, મદનમંજરીએ પોતાનો પ્રયોગ સખીદ્વારા માતાને કહેવરાવ્યો. માતાએ રાજાને જણાવ્યું, રાજાએ મંત્રિને ગોઠવણ કરવા કહ્યું. આથી મંત્રિએ રૂપસેન રાજાને સત્વરથી જણાવ્યું, અને ઉત્તરે શુભ દિવસે મદનમંજરીની સાથે રૂપસેન રાજાનો વિવાહ થયો.

રાજા અનુક્રમે નગરમાં આવ્યો. મદનમંજરી પોતાની સાથે ચંદ્રપ્રભા સારિકાને લેતી આવી, શુક અને સારિકાને એક પાંજરામાં રાખ્યાં. રાજા મનવાંછિત રમણીનો યોગ થવાથી ઘણો આનંદ માનવા લાગ્યો, અને સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસે પાંજરામાં રહેલા પોપટે સારિકાને કહ્યું, પ્રિયા ! તું કેમ ભોગની ઉપેક્ષા રાખે છે ! મારી સાથે સ્વેચ્છાએ ભોગ ભોગવ. આ સંસારમાં ભોગજ સાર છે, આ યૌવન પણ ચંચળ છે, ફરીથી તે પ્રાપ્ત થવાનું નથી. તે વિષે એક રસિક પુરૂષે કહેલું છે કે—

संसारे सर्वजीवानां भोगप्राप्तिः फलं शुभम् ।
गतं वै जीवितं भीरु जीवनं च निरर्थकम् ।
या न वेत्ति सदा पुंसां चतुराणां रतिप्रदम् ॥ १ ॥

હે ભીરૂ સ્ત્રી ! આ સંસારમાં સર્વ જીવોને ભોગની પ્રાપ્તિ થવી, તે શુભ ફળ છે. જે સ્ત્રી ચતુર પુરૂષોને રતિ આપનારૂં સુખ જાણતી નથી, તેનું જીવિત ગયેલું સમજવું અને નિરર્થક છે.

શુકનાં આવાં વચન સાંભળી, સારિકા બોલી—શુકરાજ ! હું પુરૂષની સાથે ભોગની ઇચ્છા રાખતી નથી; પુરૂષ જાતિ ઘણી ખરાબ હોય છે. મેં શાસ્ત્રમાં તે વિષે નીચે પ્રમાણે સાંભળ્યું છે.

स्वार्थनिष्ठा ध्रुवं विष्ठा द्रोहिणः परवंचकाः ।
मायाविनः कृतघ्नाश्च निर्दयाः पुरुषाः पुनः ॥ १ ॥

પુરૂષો સ્વાર્થી, મેલા મનના, દ્રોહ કરનારા, બીજાને છેતરનારા, કપટી, કૃતઘ્ની અને નિર્દય હોય છે.

સારિકાનાં મુખથી પુરૂષ જાતિની નિંદા સાંભળી શુક બોલ્યો કે હે મુગ્ધે ! આ શું

લોકો છો ! પુરુષોથી સ્ત્રીઓ વધારે અગમ્ય હોય છે. સ્ત્રીઓ દુરાચરણી, પતિઘાતક અને પાપિણી થાય છે, તેને માટે પણ સાહિત્યમાં નીચે પ્રમાણે લખે છે.

अनृतं साहसं माया मूर्खत्व मतिलोभिता ।
अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः ॥ १ ॥
भवबीजं नारकस्य द्वारमार्गस्य दीपिका ।
शुचां स्थानं कलेर्मूलं दुःखानां खानिरंगना ॥ २ ॥

અસત્ય, સાહસ, કપટ, મૂર્ખતા, અતિ લોભ, અપવિત્રતા અને નિર્દયપણું, એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષ છે. સ્ત્રી સંસારનું બીજ છે, નરકના દ્વારના માર્ગની દીવી છે, શોકનું સ્થાન છે, કળિ કલહનું મૂળ છે, અને દુઃખની ખાણ છે. ૧—૨

આ પ્રમાણે શુક સારિકાની વચ્ચે મોટો વાદ થઇ પડ્યો. એ વાત રાજા અને રાણીની પાસે આવી. રાજાએ આવી સારિકાને પુછ્યું, આવો વાદ થવાનું શું કારણ છે ? ત્યારે સારિકાએ તે વાદનું મૂળ જણાવતાં નીચે પ્રમાણે એક વાર્તા કહેવા માંડી:—

કાંચનપુર નામે એક નગરમાં મહાધન નામે એક શેઠ રહેતો હતો. તેને ધનક્ષય નામે પુત્ર હતો. પુષ્પવર્દ્ધન નામની નગરીના ઉદ્ધવ નામના એક શેઠની પુત્રી સાથે તેનો વિવાહ થયો હતો. ધનક્ષય મહા વ્યસની હતો. તેથી તેના પિતાનું ધન તેણે ઉડાવી દીધું. તેની સ્ત્રી પોતાને પીયર ચાલી ગઇ હતી. કેટલેક દિવસે જ્યારે ધનક્ષયની પાસે કાંઇ પણ દ્રવ્ય રહ્યું નહીં, એટલે તે પોતાની સ્ત્રીને બોલાવવા ઉદ્ધવ શેઠને ઘેર ગયો. કેટલાએક દિવસ ત્યાં રહી, પોતાની સ્ત્રીને તેડી પાછો વળ્યો. તેના સાસુ સસરાએ પુત્રીને શણગારી, તેના પતિની સાથે મોકલી. થોડે રસ્તા સુધી વળાવી, માતાપિતા પુત્રીને વિદાય કરી પાછાં વળ્યાં.

ધનક્ષય સ્ત્રીને લઇ આગળ ચાલ્યો, ત્યાં રસ્તામાં એક ઉજ્જડ ગામ આવ્યું. તે વેળા ધનક્ષયે તેની સ્ત્રીને કહ્યું, પ્રિયા ! આ માર્ગ વિકટ છે, માટે તમારાં ઘરેણાંઓ મને આપી દ્યો, રખે કોઇ ચોર આવી હરી જાય, એથી સ્ત્રીએ તેમ કર્યું. પછી આગળ ચાલતાં એક ઊંડો અંધારીઓ કૂવો આવ્યો, તેમાં ધનક્ષયે સ્ત્રીને અચાનક ધકેલી કૂવામાં નાખી દીધી. દુષ્ટ ધનક્ષય ઘરેણાંઓ લઇ પોતાને ગામ ચાલ્યો ગયો.

અહીં સ્ત્રીને કૂવામાં પડેલી આ વખતમાં ભાગ્ય થકી, તેવામાં કોઇ મુસાફરો ત્યાંથી જતા હતા, તેમને દયા આવી. તે સ્ત્રીને કૂવામાંથી કાઢી. મુસાફરોએ તેણીને કૂવામાં પડવાનું કારણ પૂછ્યું. એટલે તે સ્ત્રીએ કહ્યું. કોઇ ચોર આવી, મારા પતિને મારીને નાખ્યો, અને મારાં ઘરેણાંઓ લઇ, મને કૂવામાં નાખી ચાલ્યો ગયો. મારા પતિ જીવતા હશે કે શું ! તે હું જાણતી નથી. [illegible]

દેવની સાથે પછી પોતાના પીયરમાં આવી. પોતાનાં માતપિતાની પાસે પણ તેણીએ તે કપિત વર્ણન કર્યું. માબાપે મનમાં પુત્રીને હાથ સાથે દાબીને કહ્યું, બેટા! ચિંતા કરીશ નહીં. રત્નાભૂષણનો ભલે પણ શોક ન રાખીશ. જો અનેક ઉત્તમ હશે, તો પાછા મળશે, અને તું સુખી થઈશ.

અહીં ધનસેને સ્ત્રીનાં આભૂષણ વગેરે વિનેરે વેચી દુર્વ્યસનમાં ઉડાવી દીધાં. આખર અલ્પમાં તે પછો નિર્ધન થઈ દુઃખી થવા લાગ્યો, એટલે તે નિર્લજ્જ પછો પોતાના સાસરાને ઘેર આવ્યો. તેના મનમાં પોતે કરેલા કુકર્મને માટે શંકા હતી, પણ તેણે કપિત ઉપર કહેલ તે હકીકત હતી? તેટલામાં પોતાની સ્ત્રીને જોઈ. આ પતિને જોઈ ખુશી થઈ, અને પોતાને ધન્ય માનવા લાગી. સ્ત્રીને ઉગરેલી જોઈ ધનસેનના મનમાં વિચાર થયો કે, આ શું! મેં મારી નાખે તે ઓને કૂવામાં નાખેલ, તે અહીં ઉગરી ક્યાંથી! આવું વિચારી તેણે નિશ્ચય કર્યો કે, કર્મની ગતિ વિચિત્ર છે, વખતે તેમાંથી કોઈએ બચાવી હશે.

હવે સ્ત્રી તેની ઉપર અકસ્માત્ સ્નેહવાળી થઈ. કેટલીવાર પણ કૂવાની વાત તેણીએ જણાવી નહીં. કેટલાક દિવસ એમ આનંદમાં ગયા, પછી એક દિવસે સ્ત્રી સૂતી હતી, તેના શરીર ઉપરથી આભૂષણ ઉતારી, તેને મારી નાંખી, ધનસેન ઘેર સાસરાને ઘેરથી પાછો આવ્યો અરે! દુષ્ટ જન પોતાની દુષ્ટ પ્રકૃતિ છોડતો નથી.

ત્રિપુરાનંદે કહ્યું, હે રાજા! પુરૂષોનાં કામ એવાં નઠારાં હોય છે. કેટલાંએક અનર્થ જોયેલાં છે, અને કેટલાંએક સાંભળ્યાં છે. સ્ત્રીઓમાં એવા અનેક જોવા પ્રાયે થાય છે. આથી મેં નિશ્ચય કર્યો છે કે, પુરૂષનો સંગ કરવો નહીં, અને તેથી આ યુક્તિ સાથે મારે વાત થઈ છે.

ફરી પછી બોલ્યો—રાજા! તમે તટસ્થ છો, એક તરફી વાતનો નિર્ણય કરો નહીં એ સારૂં કહેવું ઉચિત નથી. બધા પુરૂષો તેવા હોતા નથી. કોઈ પુરૂષ તેવા થાય, તેથી કાંઈ બધાને અપવાદ લાગતો નથી. પાપની અનંત શક્તિ ઉદય આવવાથી અધમ થાય છે, તે પણ કર્મથી પ્રેરાય છે. સેવો પડે છે. દુર્જનથી ડરી સજ્જનનો પણ ત્યાગ થાય છે. વળી સર્પ જેવો ઉગ્ર, શુદ્ધ ! યુ વધારે વસ્તુઓ પવિત્ર રાખે છે? જો પુરૂષ સ્ત્રીના જેવી આસક્તિ હોય તો, તેને કેમ દબાવે આપે. તમે ભોજનને ફૂંકી પીવું પડે છે, દુર્જનથી છેતરાએલા પુરૂષો પછી સજ્જનનો પણ વિશ્વાસ કરતા નથી, તે રીતે સાધુજનના સંગે ભ્રમણે વર્તે છે.

ये वंचिता पूर्वजनेन लोकास्ते साधुसंगेऽपि न विश्वसंति ।
उरगेन दग्धाः किल पायसेन पिबंतिफुन्कृत्य दधीनितक्रम् ॥ १ ॥

૧૧

જેઓ ધૂર્ત જનથી છેતરાયા હોય, તેઓ સાધુઓની ઉપર પણ વિશ્વાસ કરતા નથી. ઉના દુધથી દાઝેલા પુરૂષો દહીં અને છાશ ફુંકીને પીએ છે. વળી સ્ત્રી અને પુરૂષ વિશેષમાં ઘણો તફાવત છે, અને સ્ત્રીની યોગ્યતા તથા અયોગ્યતા પુરૂષ વિશેષને પ્રાપ્ત કરવાથી જણાય છે, તે વિષે સાહિત્યમાં નીચેનાં પદ્ય લખે છે.

वाजिवारणलोहानां काष्ठपाषाणवाससाम् ।
नारी पुरुषतोयानामंतरं महदंतरम् ॥ १ ॥

અશ્વ, હાથી લોહ, કાષ્ટ, પાષાણ, વસ્ત્ર, સ્ત્રી, પુરૂષ અને જળમાં મોટું અંતર છે.

शस्त्रं शास्त्रं विद्या वाणी वीणा नरश्च नारी च ।
पुरुष विशेषं प्राप्ता भवंति योग्या अयोग्याश्च ॥ १ ॥

શસ્ત્ર, શાસ્ત્ર, વિદ્યા, વાણી, વીણા, નર અને નારી, પુરૂષ વિશેષને પ્રાપ્ત થઇ યોગ્ય અને અયોગ્ય થાય છે.

આ પ્રમાણે ચતુર બુદ્ધિવાળા શુકે નીચે પ્રમાણે વાર્તા કહેવા માંડી:—

કાંચનપુર નગરમાં સાગરદત્ત નામે એક શેઠ રહેતો હતો, તેને શ્રીદત્ત નામે પુણ્યવાન્ અને પવિત્ર પુત્ર હતો, શ્રીપુર નગરનિવાસી સોમદત્ત શેઠની જયશ્રી નામે એક પુત્રીની સાથે શ્રીદત્ત પરણ્યો હતો. શ્રીદત્ત જયશ્રીને પરણીનેજ તેના પીયરમાં મુકી કરીયાણા લઇ સમુદ્ર માર્ગે વેપાર કરવા ગયો. પછવાડે જયશ્રી યૌવનવયને પ્રાપ્ત થઇ કામિ પુરૂષોને નવનવા રંગ દર્શાવવા લાગી. યૌવનવયમાં વિશેષ લાવણ્ય જણાય છે. કહ્યું છે કે:—

यौवनमुदग्रसमये करोति लावण्यगतिं कुरुपेऽपि ।
दर्शयति पाककाले लिंबफलं चापि माधुर्यं ॥ १ ॥

કુરૂપી જનમાં પણ યૌવનવય પોતાના ઉગ્ર સમયે લાવણ્યને ઉત્પન્ન કરે છે, લીંબડાનાં ફળ પણ પાકવા વખતે મધુરતા દર્શાવે છે.

એક દિવસે જયશ્રી મંદિરના ગોખ ઉપર બેઠી હતી, ત્યાં કોઇ સ્વરૂપવાન્ પુરૂષ જતો તેણીના જોવામાં આવ્યો. અસતી સ્ત્રીઓનું એવું લક્ષણ છે કે, તે સુંદર પુરૂષને જોઇ વિકારી બની જાય છે. કહ્યું છે કે—

सुरूपं पुरुषंदृष्ट्वा भ्रातरं पितरं सुतम् ।
श्रवते योनयः स्त्रीणामामपात्रमिवांभसा ॥ १ ॥

સ્વરૂપવાન્ પુરુષ હશે તે ભાઈ, પિતા અને પુત્ર હોય, તોપણ તેને જોઈને સ્ત્રી-ઓનાં યોનિ પ્રકૃતિકે ઘડામાં પાણીની જેમ ગળ્યા કરે છે.

अग्निकुंडसमानारी घृतकुंभसमो नरः ।
संपर्काद् द्रवते नित्यं किंपुनः स्ववशाः स्त्रियः ॥ १ ॥

સ્ત્રી અગ્નિકુંડના જેવી છે, અને પુરુષ ઘીના ઘડા જેવો છે, તે સંપર્કથી હમેશાં દ્રવે છે, તો પોતાને વશ રહેનારી સ્ત્રીઓની શી વાત કરવી ?

યોવનવતી જયશ્રીને તે સ્વરૂપવાન્ પુરુષ જોઈ કુવિચાર આવ્યો. તત્કાળ માલતી નામની એક પોતાની સખીને તે પુરુષની પાસે મોકલી. પુરુષે માલતીની મારફત કહેવરાવ્યું કે, એક મકાનમાં ત્યાં તે મને મળી શકશે. જયશ્રીએ સંકેત સ્થળ નક્કી કર્યું. અને માલણને ઘેર તેમનો મેળ થયો, ત્યારથી અનેક દિવસ તેઓ મળતાં અને વિષયભોગ કરતાં હતાં.

કેટલેક દિવસે શ્રીદત્ત સમુદ્રની મુસાફરીમાંથી પાછો આવ્યો, તે જયશ્રીને તેડવા સાસરાને ઘેર આવ્યો. પોતાના પતિને આવેલો જોઈ, પેલા જાર પુરુષને મળવામાં અંતરાય થવાની જયશ્રીને ચિંતા થઈ પડી. જયશ્રીએ પોતાની ચિંતા સખીને જણાવી. જ્ઞાનીઓ: ચિંતા એ કનિષ્ટ વસ્તુ છે, આનંદના માર્ગને રોધ કરનાર છે. ચિંતાને માટે સંસ્કૃતમાં નીચેનાં પદો લખે છે.

चिंता चिता समानास्ति चिंता चैव गरीयसी ।
सजीवं दहते चिंता निर्जीवं दहते चिता ॥ १ ॥

ચિંતા અને ચિતા સરખી નથી, ચિતાથી ચિંતા અતિ મોટી છે, ચિંતા જીવતાનાને બાળે છે, અને ચિતા મરેલાને બાળે છે.

अति प्रलापो हि निरंकुशत्वं भर्तुःप्रवासः स्वरुचिस्तीर्थयात्रा ।
ईर्ष्यालुता स्वैरिणीसंगमता च स्वभावतः शीलविलुप्तकारिमे ॥ १ ॥

અતિ બોલવાપણું, નિરંકુશપણું, પતિનો પ્રવાસ, પોતાની રુચિ પ્રમાણે પ્રવર્તન, તીર્થયાત્રા, ઈર્ષાળુપણું અને સ્વછંદી સ્ત્રીઓનો સંગ, એ સ્વભાવથી શીલને લોપનારાં છે.

સખીએ જયશ્રીને સમજાવી કે, વિશેષ ચિંતા રાખીશ નહીં. જો લાગ મળે, તો પતિને છેતરી જારનો સમાગમ કરજે. સખીનાં આવાં વચન સાંભળી જયશ્રી જરા શાંત થઈ.

શ્રીદત્તને તેનાં સાસુ સસરાએ આગતસ્વાગત કરી ઘણું માન આપ્યું. ઉત્તમ પ્રકારે ભોજન કરાવી, એકાંતમાં શયન કરાવ્યું. જયશ્રી પતિની આગળ આવી, સ્નેહ દર્શાવી તેણીએ પોતાના પતિને અનુકૂળ કરી લીધો. સ્ત્રીઓ પુરૂષને અનુકૂળ કરવાને અનેક ચેષ્ટાઓ કરે છે. જેમકેઃ—

स्नेहं मनोभवकृतं जनयंति भावा
नाभिभुजस्तनविभूषणदर्शितानि ।
वस्त्राणि संयमन केशविमोक्षणानि
भ्रूक्षेपकंपितकटाक्षनिरीक्षणानि ॥ १ ॥

નાભિ, હાથ, સ્તન અને આભૂષણ બતાવવાં, વસ્ત્ર બાંધવાં, કેશ છુટા મુકવા, ભ્રગુટી કંપાવવી, અને કટાક્ષથી જોવું; એ સર્વ હાવભાવ કામદેવના સ્નેહને ઉત્પન્ન કરે છે.

જયશ્રી પતિને નિદ્રા આવી, એટલે ત્યાંથી ઉઠીને પોતાની સખીને ઘેર આવી. માર્ગમાં કોઇ ચોરના જોવામાં આવી, ચોરે લક્ષણ ઉપરથી તેણીને વ્યભિચારિણી જાણી લીધી. તે દિવસે તેજ રાત્રે કોઇ સ્ત્રી પુરૂષ ચૌટાની એક તરફ પ્રથમ સમાગમ માટે મળવાનાં હતાં. કર્મ યોગે જયશ્રી ત્યાં આવી ચડી. રાહ જોઇ બેઠેલા રાજપુરૂષની સાથે તેનો યોગ થયો, તેવામાં કોઇ કોટવાળ ત્યાં આવ્યો, તેણે ચોરની ભ્રાંતિથી તે રાજપુરૂષને મારી નાંખ્યો. કામાતુર સ્ત્રી, તે પુરૂષના શબને આલિંગન અને ચુંબન કરવા લાગી. તથાપિ તેણીનો કામ શાંત થયો નહીં. પેલો ચોર આ બધી ચેષ્ટા જોતો હતો. તેવામાં તે સ્થાને એક યક્ષ હતો, તેને આ ચેષ્ટા જોઇ કામ ઉત્પન્ન થયો. તત્કાળ તે પેલા શબમાં પેઠો, એટલે શબ બેઠું થયું, તેણે જયશ્રીના કામને શાંત કર્યો, અને તે પછી તે સ્ત્રીની નાસિકાને દાંતવડે તોડી નાંખી. પછી પોતે શબમાંથી નીકળી, કોઇ વૃક્ષ ઉપર બેઠો ગયો. જયશ્રી રૂધિરથી લિંપાતી અને શોક કરતી પોતાની સખી આગળ આવી; તેણીએ બધી વીતેલી વાર્ત્તા સખીને જણાવી. કર્મની ગતિ કેવી વિચિત્ર છે? માણસ શું ધારે અને કર્મ શું કરે છે?

अन्यथा चिंतितं कार्यं दैवेन कृतमन्यथा ।
मलिनीवशचूर्णेन भद्रिनी प्रलयं गता ॥ १ ॥

માણસ અન્યરીતે કાર્ય ચિંતવે, અને દૈવ—કર્મ અન્યરીતે કરે છે. મલિનીના વશીકરણ ચૂર્ણથી ભદ્રિનીનો પ્રલય થયો હતો. જયશ્રીની સ્થિતી જોઇ, તેની સખીએ કહ્યું, બહેન! આમને આમ સૂર્ય ઉગ્યા પહેલાં તારા પતિની પાસે જા, અને આ બધો આરોપ તેના ઉપર મુક. જયશ્રી સખીના કહેવાથી પતિ પાસે આવી, પેલો ચોર પણ ગુપ્તરીતે

તેજીની પાછળ પાછળ ત્યાં ગયો. ક્ષણવાર પછી ન્યાયીએ રોષ કર્યો, ઉંચે સ્વરે રુદ કરવા માંડ્યું તેજીનું રુદન સાંભળી ઘરનાં માણસો એકઠાં થયાં, શ્રીદત્ત જાગી ગયો. સર્વેએ આવી જોયું, ત્યાં જયશ્રીનું નાક કાપેલું જોયું. બધાં એક અવાજે બોલી ઉઠયાં, અરે દુષ્ટ નિર્લજ ! તેં આ શું કર્યું ! અમારી નિરપરાધી પુત્રીની નાસિકા શામાટે છેદી ! શ્રીદ ને નિન્દરમાં પડયો છે આ પ્રતિજ્ઞ ક્યાંથી આવ્યું ! કહ્યું છે કે:—

न विश्वसेन्नृपे शूद्रे कृष्णे चैव न ब्राह्मणे ।
न विश्वसेत्कृष्णसर्पे काये नैव च विश्वसेत् ॥ १ ॥

રાજા, શૂદ્ર, કાળો બ્રાહ્મણ, કાળો સર્પ અને શરીર એટલાંનો વિશ્વાસ ન કરવો.

मद्यपाः किं न जल्पंति किं न भक्षंति वायसाः ।
कवयः किं न बोधंति किं न कुर्वंति पांसुलाः ॥ १ ॥

મદિરા પીનાર શું નથી બોલતા ! કાગડાઓ શું નથી ખાતા ! કવિઓ શું નથી જાણતા ! અને દુષ્ટ સ્ત્રીઓ શું નથી કરતી !

ચકિત થઈ ગયેલા અને ગભરાઈ ગયેલા શ્રીદત્તને તેના સસરીઆંએ રાજદ્વારમાં દોર્યો. કહ્યું છે કે:—

दुर्बलानामनाथानां बालवृद्धतपस्विनाम् ।
अन्याय परिभूतानां सर्वेषां पार्थिवो गतिः ॥ १ ॥

દુર્બળ, અનાથ બાળક, વૃદ્ધ, તપસ્વી અને અન્યાય કરનારા, એ સર્વેની ગતિ રાજા છે.

अश्वप्लुतं वारिदगर्जितं च
स्त्रीणां चरित्रं पुरुषस्य भाग्यम् ।
अवर्षणं चापि हि वर्षणं च
देवो न जानाति कुतो मनुष्यः ॥ १ ॥

ઘોડાનું દોડવું, વાદળનું ગાજવું, સ્ત્રીઓનું ચરિત્ર, પુરૂષનું ભાગ્ય, મેઘનું વરસવું કે વરસવું. એ દેવ પણ જાણતા નથી તો મનુષ્ય તો ક્યાંથી જાણે !

સર્વેએ રાજાને શ્રીદત્તના અપરાધની વાત કહી, પણ તે રાજાના મનમાં ઉતરી

નહીં, તથાપિ રાજપુરૂષોએ સાક્ષી આપી કે, તે વાત સત્ય છે. તે દુષ્ટે આ સતીને કલંક આપ્યું છે. તેમના કહેવા ઉપરથી રાજાએ શ્રીદત્તને દેહાન્ત શિક્ષા કરી, તેવામાં પેલો ગુપ્ત રીતે રહેલો ચોર પ્રગટ થયો, તેણે ખરેખરો સર્વ વૃત્તાંત રાજાની આગળ જાહેર કર્યો, અને જણાવ્યું કે, કોઇ રીતે આ પુરૂષ વધ્ય નથી; રાજાને તે નિશ્ચય થયો. જયશ્રીની ઉપર ગુસ્સો આવ્યો. શ્રીદત્તને છોડી મુકી સુખી કર્યો, અને દુષ્ટ કુલટા જયશ્રીને મસ્તક મુંડાવી ગધેડા ઉપર બેસારી બધા શહેરોમાં ફેરવી, અને આવાં કુકર્મ કરનારી સ્ત્રીઓની આવી દશા થાય છે, એમ લોકોની આગળ દર્શાવી આપ્યું. તેવી દુષ્ટ સ્ત્રીઓને માટે સાહિત્ય શાસ્ત્રમાં નીચેનું પદ્ય ગવાય છે.

(स्रग्धरा).

आवर्त्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां
दोषाणां संनिधानं कपटशतमयं क्षेत्रमप्रत्ययानाम् ।
स्वर्गद्वारस्य विघ्नं नरकपुरमुखं सर्वमायाकरंडं
स्त्रीयंत्रं येन सृष्टं विषममृतमयं प्राणिनामेकपाशः ॥ १ ॥

સંશયનો આવર્ત (ઘુમરી), અવિનયનું ઘર, સાહસનું શહેર, દોષનો ભંડાર, સેંકડો કપટે ભરેલ, અવિશ્વાસનું ક્ષેત્ર, સ્વર્ગદ્વારનું વિઘ્ન, નરકપુરનો દરવાજો, સર્વ કપટનો કરંડીઓ અને અમૃતમય ઝેરરૂપ એવું સ્ત્રીરૂપ યંત્ર કોણે સરજ્યું છે ? જે સર્વ પ્રાણીઓને એક પાશરૂપ છે.

શ્રીદત્ત પછી બીજી કુલીન સ્ત્રીને પરણી સુખી થયો. હે રાજા ! જુઓ, સ્ત્રી જાતિ કેવી અધમ હોય છે ? આપ પક્ષપાત વગર કહો કે, સ્ત્રી અને પુરૂષ દુરાચરણમાં સરખાંજ ઉતરે છે. રાજાએ તે વાત માન્ય કરી.

પેલા શુકે શ્રીચંદ્રને જણાવ્યું, રાજકુમાર ! તું કહે, તે સ્ત્રી અને પુરૂષ દુરાચરણમાં સરખાં થયાં, કે કાંઇ ન્યૂનાધિક છે ? શ્રીચંદ્રે કહ્યું, મને સ્ત્રી જાતિ વિશેષ પાપિણી લાગે છે. લોકમાં અને શાસ્ત્રમાં સ્ત્રીને વધારે નિંદાયોગ્ય કહેલી છે. શાસ્ત્રમાં લખે છે કેઃ—

गुरुरग्निर्द्विजातीनां वर्णानां ब्राह्मणो गुरुः ।
पतिरेव गुरुः स्त्रीणां सर्वस्याभ्यागतो गुरुः ॥ १ ॥

દ્વિજાતિ (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) નો ગુરૂ અગ્નિ છે, બધા વર્ણનો ગુરૂ બ્રાહ્મણ (જૈન બ્રાહ્મણ) છે, સ્ત્રીઓનો ગુરૂ પતિ છે, અને સર્વનો ગુરૂ અભ્યાગત છે.

निश्चा योगिभ मर्त्यो हि यतो योगिविना नराः ।
धर्माधर्म विचारेषु तन्नियुक्ता भवंति यत् ॥ १ ॥

આ નિદ્રા યોગ છે, પુરુષ નથી; કારણ કે તેથી કરીને જ્યાં વિચાર પુરો ધર્મ તથા અધર્મના વિચાર કરવાને નિમાણ છે.

શ્રીચંદનાં આવા વચન સાંભળી, ... પાછું પોતાને સ્થાનકે ચાલ્યું ગયું. રાજકુમાર આદર્શ ધર્મ પછી તેને ઘેર આવ્યો. હવે નીચે પ્રમાણે ચોથી વાર્તા શરૂ કરી.

વર્દ્ધમાન નગરમાં ... નામે રાજા હતો. એક વખતે રાજા દરબારમાં સભા ભરીને બેઠો હતો. તેને ... પૂછ્યું, ... ! કોઈ ગામદાર ઉપર છે કે નહીં ! ... કહ્યું, મહારાજ ! ... કોઈ નથી પણ ... પણ ઉભા છે. શ્રીમંતના ... આવ્યો ... તેમાં કાંઈ આશ્ચર્ય નથી એ વિદ્વાન ...

पत्रागन्तु त्वमुत्तिष्ठ वद मौनं समाचर ।
एवमाग्रहप्रश्ने. सेव्यते धनिनोऽर्थिभिः ॥ २ ॥

કોઇ વખતે અર્ધ રાત્રે રાજાએ મહેલમાંથી પૂછ્યું કે, કોણ પહેરેગીર જાગે છે? ત્યારે વીરવર જવાબ આપતો હતો. અતિ કષ્ટ ભોગવી સેવા કરતો હતો. સેવકોને કેવું કષ્ટ હોય? તેને માટે નીચેનાં પદ્ય સ્મરણ કરવા યોગ્ય છે.

कष्टं भो सेवकानां तु परार्थचानुवर्त्तिनः ।
स्वयं विक्रीतदेहस्य सेवकस्य कुतः सुखम् ।

સેવકોને ખરેખર કષ્ટ છે. બીજાને માટે અનુસરનારા અને પોતે શરીરને વેચનારા એવા સેવકને ક્યાંથી સુખ હોય?

मौनान्मूकः प्रवचनपटुर्वातुलोजल्पकोवा
क्षांत्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः ।
धृष्टः पार्श्वे वसति च यदा दूरतो वा प्रमादी
सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥ १ ॥

જો સેવક મુંગો રહે, તો તેને મુંગો કહે, વધારે બોલે તો બોલકો કે વાચાળ કહેવાય, ક્ષમા રાખે તો બીકણ કહેવાય, જો સહન કરે નહિ, તો સારા કુળનો ન ગણાય, જો પાસે હાજર રહે તો ધીટ કહેવાય, અને દૂર રહે તો પ્રમાદી કહેવાય. આ પ્રમાણે સેવા ધર્મ એવો ગહન છે કે, જે યોગિઓને પણ અગમ્ય છે—

એક વખતે રાજાએ મધ્ય રાત્રે વીરવરને બોલાવીને કહ્યું કે, સ્મશાનમાં કોઇ સ્ત્રી રુદન કરે છે, માટે તેની તપાસ કરી આવ. મુશ્કેલી વખતે સેવકને મોકલવામાં તેની પરીક્ષા થાય છે. કહ્યું છે કે.—

जानियात् प्रेषणे भृत्यान् बांधवान् व्यसनागमे ।
मित्रमापत्तिकाले च भार्यांच विभवक्षये ॥ १ ॥

સેવક મોકલવાથી જણાય છે, બંધુઓ દુઃખમાં જણાય છે, આપત્તિ વખતે મિત્ર ઓળખાય છે અને વૈભવનો ક્ષય થાય, ત્યારે સ્ત્રી ઓળખાય છે.

વીરવર રાજાની આજ્ઞાથી સ્મશાનમાં ગયો. રાજાને અનુસારે જ્યાં સ્ત્રી રુદન કરતી હતી, ત્યાં આવ્યો. રુદન કરતી તે સ્ત્રી રંભાના જેવી સ્વરૂપવાન હતી, તેની આગળ જઇ કુમારે પૂછ્યું, બહેન! તું કોણ છું? અને શા માટે રુદન કરે છે? તે સ્ત્રી બોલી— હું [illegible] છું. આજથી ત્રીજે દિવસે આ નગરનો રાજા મૃત્યુ પામશે, તેથી હું રુદન કરું છું. [illegible] [illegible] બીજું ન બને. તેવો કોઇ ઉપાય છે? તે [illegible]

[illegible] [illegible] ઉપર છે. તે રાજા જેમ સ્વાધ્યાય પુરાવું [illegible] નગરલોકોને [illegible] આપવામાં આવે, અને પિતા, પુત્રનું મરણ છેદે, તો રાજા સો વર્ષ સુધી જીવે.

આ બધાં જોઈને રાજા શુભ રીતે વીરવરની પરીક્ષા આવ્યો હતો, વીરવર [illegible] લક્ષ્મીનાં વચન સાંભળી પોતાને ઘેર આવ્યો. રાજા પણ શુભ રીતે તેની પાછળ આવ્યો. વીરવરે પોતાની સ્ત્રીને જગાડી પોતાની પાસે બોલાવી. [illegible] ! તું પતિવ્રતા અને [illegible] [illegible] આપને નિમક ખાધેલું છીએ, ને રાજાને માટે મારે પ્રાણ આપવાનો વખત આવ્યો છે. આમાં તે વિષે પૂછ્યું. એટલે રાજકુમારે સ્વધ્યાનનો [illegible] કરી સંભળાવ્યો. [illegible] જણાવ્યું કે, પ્રિય ! તું આ બાળકોને લઈ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરી પાડી. પતિની આજ્ઞાને માને, તેજ ઉત્તમ સ્ત્રી કહેવાય છે. તેવી સ્ત્રીઓને માટે [illegible] નીચેનાં પદ કહે છે:—

ते पुत्रा ये पितुर्भक्ताः स पिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः सा भार्या पतिवाक्यगा ॥ १ ॥

જે પિતાના ભક્ત હોય, તે પુત્રો, જે પોષણ કરે, તે પિતા, જે ઉપર વિશ્વાસ [illegible], તે મિત્ર અને જે પતિનાં વચનને અનુસરે તે સ્ત્રી કહેવાય છે.

आर्तार्ता [illegible] प्रोषिते मलिना कृशा ।
मृते म्रियेत यानारी सा स्त्री ज्ञेया पतिव्रता ॥ १ ॥

પતિ દુઃખી હોય તો, જે સ્ત્રી દુઃખી રહે, પતિના [illegible] ઉપર [illegible] કરવાની [illegible], પતિ [illegible] કરે, તો મલીન અને દુર્બળ રહે, અને પતિ મૃત્યુ પામે, તો મરી જાય, તે સ્ત્રી પતિવ્રતા જાણવી.

मितं ददाति हि पिता मितं भ्राता मितं सुतः ।
अमितस्य हि दातारं भर्तारं का न पूजयेत् ॥ १ ॥

[illegible]

न दानैः शुध्यते नारी नोपवासशतैरपि ।
[illegible] ॥ १ ॥

[illegible]

त्यजेत्पुत्रं च बंधुं च पितरौ शोभनौ तथा ।
भर्त्तारमापदि गतं न त्यजेत्सा महासती ॥
अन्यं नरं न पश्यंति स्वभावगोचरैरपि ।
आकोपितानो कुप्येत शुच्यते सा महासती ॥
अंधं कुब्जत्वयुक्तं च कुष्टांगं व्याधिपीडितम् ।
आपद्गतं निजं नाथं न त्यजेत् सा महासती ॥
एष धर्मो मयाख्यातो नारीणां परमागतिः ।
यथान्यथा च क्रियते सा याति नरकं ध्रुवम् ॥

જે સ્ત્રી, પુત્ર, બંધુ અને સારાં માતાપિતાને છોડી દે, પણ આપત્તિમાં આવેલા પતિને ન છોડે, તે **મહાસતી** કહેવાય છે. જે બીજા પુરૂષને જુએ નહિ, અને સ્વભાવિકપણે કોપ કરાવે, તોપણ જે કોપ કરે નહીં, તે **મહાસતી** કહેવાય છે. પોતાનો પતિ આંધળો, કુબડો, કોઢીયો, રોગી કે આપત્તિમાં આવેલો હોય. તોપણ જે સ્ત્રી તેનો ત્યાગ કરે નહીં, તે **મહાસતી** કહેવાય છે. આ સ્ત્રીઓનો ધર્મ કહેવામાં આવ્યો છે, તેજ ધર્મ સ્ત્રીઓની ગતિરૂપ છે. જે સ્ત્રી તે ધર્મને અન્યથા કરે, તે સ્ત્રી અવશ્ય નરકે જાય છે.

વીરવરનાં આવા વચન સાંભળી તેનાં બાળ પુત્ર અને પુત્રી બોલી ઉઠયાં—પિતાજી ! જો આપણા આશ્રયદાતા ચિરંજીવી રહેતા હોય, તો અમારો વધ ખુશીથી કરો. એથી અમારી કીર્તિ ફેલાશે.

વીરવરનાં કુટુંબના બાળકોનો આવો વિચાર જાણી, ગુપ્ત રહેલો રાજા આશ્ચર્ય પામી ગયો, અને તેમને મનમાં ધન્યવાદ આપવા લાગ્યો. રાજાને તે પ્રસંગે નીચેનું કાવ્ય સ્મરણમાં આવ્યું.

सा सा संपद्यते बुद्धिः सा मतिः सा च भावना ।
सहायास्तादृशा ज्ञेया यादृशी भवितव्यता ॥

જેવી ભવિતવ્યતા હોય, તેવી બુદ્ધિ, તેવી મતિ, તેવી ભાવના અને તેવી સહાય મળે, એમ જાણવું.

સ્ત્રીએ પણ તે વાતને અનુમોદન આપ્યું. પછી વીરવર બધાં કુટુંબને લઇને નગરદેવીના મંદિરમાં આવ્યો. રાજા ગુપ્તરીતે ચર્યા જોતો હતો, શરવીર વીરવરે ખડ્ગ તૈયાર કરી દેવીને કહ્યું, મહાદેવી ! અમારા રાજાને સો વર્ષનું આયુષ્ય આપજો, અને આ પુત્રનું બળીદાન સ્વીકારજો, એમ કહી, ખડ્ગવડે પુત્રનું મસ્તક છેદી નાખ્યું. પોતાના ભાઇની દશા

જોઈ, તેની ગર્દન ખડ્ગ આગળ ધરી ઉભી રહી. વીરવરે તેણીની ઉપર ઘા કર્યો ન પછી તે પેટમાં છરી મારી, પોતાની જાતે મરી ગઈ; તે જોઈ માતાને ગર ચડ્યું. પોતાન ચાર બાળકોને મરેલાં જોઈ, દેવીએ પણ આત્મઘાત કર્યો.

કુટુંબનો નાશ થયેલો જોઈ વીરવરે વિચાર્યું કે, હવે મારે ગુજરાનને માટે જીવવું અનુચિત છે, આવું ચિંતવી તેણે પોતાના શિર ઉપર ખડ્ગનો ઘા કર્યો; આ દેખાવ જોઈ રાજા પોતે કંપી ચાલ્યો, અને તે બોલ્યો કે, મારે માટે આ વીરવરે સર્વ કુટુંબનો નાશ કર્યો; માટે રાજ્યને અને મને ધિક્કાર છે. તેના મનમાં નીચેનું પદ યાદ આવ્યું.

परप्राणैर्निजप्राणान् सर्वे रक्षंति जंतवः ।
निजप्राणैः परप्राणान् रक्षंति विरला जनाः ॥

સર્વ પ્રાણી બીજાના પ્રાણથી પોતાના પ્રાણની રક્ષા કરે છે, પણ પોતાના પ્રાણથી બીજાના પ્રાણની રક્ષા કરનાર વિરલ પુરૂષ છે.

પછી રાજાએ પોતાના મસ્તક ઉપર ખડ્ગ ઉપાડ્યું, ત્યાં નગરદેવી પ્રગટ થઈ; તેણે રાજાને પકડ્યો, અને અમૃત છાંટીને વીરવર વિગેરે સર્વને સજીવન કર્યાં. રાજાએ વીરવરને આશ્રય આપી. વીરવર પ્રણામ કરી નીચેનું કહેવું બોલ્યો—

सर्वो दाता गुणग्राही स्वामी पुण्येन लभ्यते ।

ક્ષમાવાન, દાતાર, અને ગુણગ્રાહી સ્વામી પુણ્યથી મળે છે. રાજા પણ નીચેનું ઉત્તર બોલ્યો—

अनुरक्तः शुचिर्दक्षः स्वामिन् भृत्योऽपि दुर्लभः ॥ १ ॥

અનુરાગી, પવિત્ર અને ડાહ્યો સેવક પણ મળવો દુર્લભ છે.

એકાદશે રાજાએ તે વીરવરને પોતાનું અર્ધું રાજ્ય આપ્યું અને તેનું સન્માન કર્યું.

કુંદને ત્રિપુરાનંદને પૂછ્યું—યોગીરાજ! કહો એ બધામાં વધારે ઉત્તમ કોણ છે? કર્યું—એ ચારેમાં રાજાનું સત્ય પ્રશંસનીય છે. જીવનમાં તેનાથી ઉત્તમ છે. કારણ કે, વીરવરે જે સત્ય કર્યું, તે તેની ફરજ છે. તેનો સ્વામીને માટે પ્રાણ આપવા રાજાએ કઠિનતા તેને માટે તેનું કામ ઉત્તમ છે

स्वाम्यर्थे सेवकाः प्राणान् त्यजंति युगपद् युगे ।
परं स्वामी स्वसेवार्थे प्राणान् त्यजति दुर्लभः ॥

સેવકો સ્વામીને માટે તૃણની જેમ પ્રાણ છોડે, પણ સેવકને માટે સ્વામી પ્રા છોડે તે દુર્લભ છે.

આ ઉત્તર સાંભળતાં શબ પાછું ત્યાંથી ઉડ્યું પોતાને સ્થાને ચાલ્યું ગયું ત્રણવાર તે શ્રીચંદ્રે ક્ષમા કરી, પણ આ વખતે તેણે પોતાનું પરાક્રમ બતાવ્યું. શબને બળાત્કારે પકડ્યું, અને યોગીની પાસે તે લાવવા નીકળ્યો. રાજકુમારનું પરાક્રમ જોઈ શબે કહ્યું—મહાવીર ! તમે ચતુર અને વિલક્ષણ છો; તે યોગી ઉપર આટલો બધો રાગ કેમ રાખો છો ? તે યોગી ધૂર્ત, નિર્લજ, અને નિર્દય છે, કુડ કપટનો કિંગી છે, માયાનો ભંડાર છે, તમને ભોળવી માયાથી તે કાર્ય સાધવા તૈયાર થયો છે. તેવામાં કોઈ આવેલ વયની સ્ત્રી ત્યાં અશ્રુધારા વર્ષાવતી આવી, તેને કુમારે પુછ્યું—તું કોણ છે ? સ્ત્રી બોલી, આ નગરથી દક્ષિણ દિશામાં નંદિગ્રામ નામે એક ગામ છે, તેમાં હું રહું છું. મારો પતિ દરિદ્રી હતો, તે ચોરીનો ધંધો કરી, આજીવિકા ચલાવતો હતો. આ વડના વૃક્ષ ઉપર પોલીસ લોકોએ તેને બાંધીને મારી નાખ્યો છે, આ ખબર સાંભળીને હું અત્યારે અહીં આવી છું. વડમાંથી મારા પતિનું શબ લઈ જતાં મેં તમને જોયા, એટલે અહીં આવી છું. આ શબને તમે શું કરશો ?

શ્રીચંદ્ર બોલ્યો—એક યોગીની પાસે સાધવા માટે તેને લઈ જવું છે, તેનો હોમ અગ્નિકુંડમાં કરી સુવર્ણ પુરૂષ કરવાનો છે; ત્યારે આ શબનું કાંઈ કામ છે ? જો હોય, તે કર. પછી તે સ્ત્રીએ શબની ઉપર જળની ધારા કરી, ચદનનો લેપ કર્યો. તેવામાં શબે બેઠા થઈ, તે સ્ત્રીનું નાક કાપી ખાધું. ત્યાં રૂદન કરતી પોતાના ગામ તરફ ચાલી ગઈ.

પછી શ્રીચંદ્ર શબને લઈ, યોગીની પાસે આવ્યો. અગ્નિકુંડની ડાબી તરફ શબને મુક્યું. યોગીએ વિધિથી જળવડે શબને નવરાવ્યું, પછી ચંદન પુષ્પથી તેની પૂજા કરી, યોગી શબને લઈ, કુંડ પાસે ઉભો રહ્યો. તેણે શ્રીચંદ્રને કહ્યું, રાજકુમાર ! હવે સાવધાન રહેજો. શ્રીચંદ્ર નવકાર મંત્રવડે અંગરક્ષા કરી બેઠો. યોગી કુંડમાં ચોખા, સરસવ વિગેરેનો હોમ કરવા લાગ્યો, અને તે દાણા શબ ઉપર છાંટવા લાગ્યો. જેમ જેમ છટકાવ કરવા માંડ્યો, તેમ તેમ શબમાંથી દૈવતાઇ પ્રભાવ પ્રગટ થવા લાગ્યો. તે વખતે યોગીએ પુછ્યું, રાજકુમાર ! શું કાંઈ જપો છો ? શ્રીચંદ્રે કહ્યું, ત્રિકરણ શુદ્ધિથી જે જપવા યોગ્ય હોય, તે જપું છું. તે નવકાર મંત્રનો જાપ કરતો હતો કહ્યું છે કે.—

यथा चित्तं तथा वाचा यथा वाचा तथा क्रिया ।
चित्ते वाचि क्रियायांच साधूनामेकरूपता ॥

જેવું મનમાં, તેવું વાણીમાં, અને જેવું વાણીમાં, તેવું ક્રિયામાં. સાધુ પુરૂષોને ચિત્તમાં, વાણીમાં અને ક્રિયામાં એકરૂપતા હોય છે.

યોગીએ એકસો ને આઠવાર શબની ઉપર તંદુલ છાંટ્યું, પણ તે શબનો સુવર્ણ

પુરુષ થયો નહીં. કારણ કે, રાજના મુખમાં પહેલી ઓઢું નાંક હતું, તેથી મંત્ર સર... થયો નહીં. પછી વિદ્યાનો દેરના રાજમાં પેઠો, અને તે યોગી પ્રત્યે બોલ્યો— અરે દુ... યોગી! તારો કુવિચાર મારા જાણવામાં છે; આ ઉપકારસાધક પુરુષ ધાર્મિક છે, તેનો વિ... જય થશે. તેને નાશ કરવાનો તારો ઇરાદો છે, તો તુંજ સુવર્ણ પુરુષ થઈ જા, એમ કહી તે રાજે યોગીને ઉપાડી, અગ્નિકુંડમાં નાખી દીધો. તે જોતાંજ શ્રીચંદ્રે ખેદ સાથે ચિંતવ્યું, અરે! આ યોગીનું શું થયું! તેના કાર્યની સિદ્ધિને બદલે હાનિ થઈ. તેવામાં તો યોગી પોતેજ સુવર્ણ પુરુષ થઈ ગયો, અને દેરના રાજમાંથી નીકળી ચાલ્યો ગયો. શ્રીચંદ્રે રાજનો અગ્નિસંસ્કાર કર્યો, અને પરોપકારબુદ્ધિએ તે સુવર્ણ પુરુષને કુંડમાં ગોપવી, અને તેની ઉપેક્ષા કરી, તે ઉભો થયો. પછી વૃક્ષ ઉપર વાનરીરૂપે રહેલી મદનસુંદરીને અંજન વિધિથી મા-નુષી કરી, બન્ને સ્ત્રી પુરુષ નિર્વિઘ્ને પ્રેમથી ભેગાં થયાં.

ધર્મનો પ્રભાવ કેવો ચમત્કારી છે! યોગીની ઇચ્છા એવી હતી કે, તે રાજ તથા શ્રીચંદ્ર બન્નેના સુવર્ણ પુરુષ કરવા, પણ તે કાંઈ બન્યું નહીં, ધર્મિ ઉપર કુબુદ્ધિ કરનાર પોતેજ કુબુદ્ધિનો ભોગ થઈ પડે છે. ભયંકર આપત્તિમાંથી ધાર્મિકજન સહજમાં તરી જાય છે. વસ્તુ જગતમાં ધર્મ ખરેખરો રક્ષક છે. શ્રીચંદ્રનો ધર્મથી જય થયો, પોતાની પ્રિયાને પ્રેમથી મળ્યો. બન્ને સ્ત્રી પુરુષે યોગીની વાર્તા કરી, કેટલોક કાળ ત્યાં નિર્ગમન કર્યો.

પ્રકરણ ૫૨ મું.

દેવદ્રવ્ય અને શકાવતાર તીર્થ.



ગગનતળ સ્પર્શી સુંદર જૈન પ્રાસાદ ઉભો છે, અનેક વિદેશી યાત્રાળુઓનાં ટોળેટોળાં તે તરફ આવે છે, અને જાય છે. "જિનાય નમઃ" એવું મહા વાક્ય દરેકના મુખમાંથી ઉચ્ચરે છે, ચારે તરફ ધર્મનો ઉદ્યોત દેદીપ્યમાન લાગે છે. ચૈત્યની બાહેરની ભૂમિમાં ભાવિકો ધર્મનાં ગીત ગાય છે, લોકો દૂરથી આ મહા તીર્થનાં દર્શન કરી ભાવ પેદા થઈ જાય છે, સર્વના હૃદયમાં ધર્મની ભાવિક છાપ પડી રહે છે, જૈન પ્રાસાદની બહાર શ્રેણીબંધ ધર્મશાળાઓ ઉભી છે, જાણે બીજું નગર હોય, તેવો તેનો દેખાવ લાગે છે. મંદિરના ઘંટનાદોથી દિગ્મંડળ ગાજી રહે છે, વિવિધ સ્વરના માધુર્યથી સ્તવનોનો ધ્વનિ ગગનને ગજાવે છે, ભાવિક શ્રાવકો વિવિધ ...તની પૂજાઓ ભણાવે છે, મૃદંગ, વીણા, સીતાર, કાંસ, પખાજ, બંસી અને સારંગીના ...બંધ સુર થઈ રહ્યા છે, નૃત્યના તાલ સાથે ઘુઘરીઓના નાદ થાય છે, સર્વત્ર ધર્મ...ગ થઈ રહ્યું છે.

આ વખતે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્ર મદનસુંદરીને લઇ પેલા રમણ[illegible] જુદે પડી અહીં આવે છે. દૂરથી આ મહા ચૈત્યને જોઇ તેના હૃદયમાં અપાર હર્[illegible] આવ્યો. તેણે મદનાને કહ્યું, પ્રિયા ! આજની મુસાફરી કૃતાર્થ થઇ છે. જુઓ, આ જીન પ્રાસાદ કેવો ગગનની સાથે વાતો કરતો રમણીય દેખાય છે ! ચાલો, આપણે [illegible] પ્રાસાદનાં દર્શન કરી પવિત્ર થઇએ. જિન પ્રતિમાનું પવિત્ર ધ્યાન ધરી, માનવ [illegible] કૃતાર્થ કરીએ. આસ્તિક શિરોમણી પ્રમદા તે સાંભળી હર્ષ પામી. બને ઉતાવળે [illegible] આગળ ચાલ્યાં. અનુક્રમે જીન પ્રાસાદની નજીક આવ્યાં. બને શ્રાવક દંપતિ ત્રિકરણ [illegible] પવિત્ર થઇ જિનાલયમાં પેઠાં. પરમ ભક્તિભાવથી પ્રતિમાને નીરખી, વંદન કરી, [illegible] નીચેનું સ્તવન મધુર સ્વરે ગાવા માંડ્યું—

સ્તવન.

રાગ બિહાગડો.

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ. મન. (એ આંકણી.)
જયજિનેશ નિરંજનો, ભંજનો ભવદુઃખ રાશિ,
રંજનો સવિ ભવિ ચિત્તનો, મજ્જો પપનાપાશ. મન૦ ૧

આદિ [illegible] અનંત તું, [illegible]
[illegible] સવિ [illegible] મન૦ ૨

[illegible]
[illegible] મન૦ ૩

યદ્યપિ તુંનો અનુકી ભગી, [illegible] કહેવાય,
પણ કામજ આવ્યા મુજ મન, તે સહુજથી ન [illegible]. મન૦ ૪

મન મનાવ્યા વિણ [illegible], કેમ [illegible],
મનવાંછિત દેવા થકા, કેઇ પાલવે ન [illegible]. મન૦ ૫

[illegible] જિનરાજ,
[illegible] નિરખ્યા [illegible]. મન૦ ૬

[illegible] મનના [illegible],
[illegible] દિયો, જેમ હોય [illegible]. મન૦ ૭

[illegible] સ્તુતિ કરી, [illegible] ભક્તિ [illegible],
[illegible]

[illegible]

નામે નગર હતું. જેની પાટીશમાં આ મહા તીર્થ આવેલું હતું. તેઓની બહાર નીકળી અને દંપતી સિદ્ધપુરના દરવાજા આગળ આવ્યાં. નગરમાંથી નીકળતા લોકોનો દેખાવ દયાજનક જોવામાં આવ્યો, કોઇ પુરુષ, કે જેના મુખ ઉપર લક્ષ્મી તેજ ન હતું, સર્વ નિર્ધન કંગાલ હાલતમાં હતાં, સર્વના શરીર ઉપર ફાટેલ વસ્ત્રો લટકતાં હતાં. કોઇ રોગી, કોઇ વંધ્ય, કોઇ કોઢીઓ, કોઇ અંધ, કોઇ પંગુ અને કોઇ ઉન્મત્ત જોવામાં આવતાં હતાં. એઓ પ્રત્યે કરીને સાધારણ વર્ગની દેખાતી હતી. પ્રત્યેક સ્થળે ભિક્ષુકો અને દુર્બળ ઓરતો નજરે પડતી હતી. બાળક અને બાળકીઓ ક્ષુધિત થયેલાં, મૂર્ખ અને દીનમુખા જોવામાં આવતાં હતાં.

સિદ્ધપુરની પ્રજાનો આ દેખાવ જોઇ શ્રીચંદને આશ્ચર્ય લાગ્યું. આવા સુંદર તીર્થની આગળ આ નગરની આવી સ્થિતિ જોઇ તેના મનમાં અનેક વિચાર આવવા લાગ્યા, તેવામાં કોઈ વૃદ્ધ પુરુષ નગરમાંથી બહાર આવતો જોવામાં આવ્યો. શ્રીચંદે તે વૃદ્ધને પુછ્યું, વૃદ્ધ ! આ નગરનું નામ શું ? આ નગરની પ્રજા નઠારી સ્થિતિમાં કેમ દેખાય છે ? આવી તીર્થની ભૂમિ દરિદ્રથી પીડિત હોય, તે અમને આશ્ચર્ય લાગે છે. તે વૃદ્ધ બોલ્યો, વિદેશી મહાનુભાવ ! તમે પુછ્યું, તે બરાબર જાણવા જેવું છે. આ જિન પ્રસાદ શકાવતાર નામે તીર્થથી ઓળખાય છે, આ નગરનું નામ સિદ્ધપુર છે, અહીં જૈન લોકોની મોટી વસ્તી છે, વિદેશી યાત્રાળુઓ આવી, આ તીર્થમાં ભક્તિથી ચોખા, ફળ, વસ્ત્ર, રત્ન, અને સુવર્ણ વિગેરેની ભેટ ધરે છે. અનેક સંઘપતિઓ આવી, અહીં મોટી મોટી પ્રભાવનાઓ કરે છે, અહીંના લોકો એક સંપ કરી આ દેવદ્રવ્યનું ભક્ષણ કરે છે. જેમને વશ થઇ આપકર્તવ્ય ભુલી જાય છે, એ દેવદ્રવ્યના ભક્ષણથી બધી પ્રજા દરિદ્રથી પીડિત થઇ ગઇ છે. કોઇ રોગી, કોઇ કોઢીઆ, કોઇ વાંઝીયા, કોઇ નિર્ધન, અને કોઇ આંધળા કે અપંગ થઇ ગયા છે. દેવદ્રવ્યના ભક્ષણરૂપ અગ્નિમાં સિદ્ધપુરની જૈન પ્રજા દગ્ધ થઇ ગઇ છે. મહાનુભાવ ! આવું અતુલ દુઃખ ભોગવતાં છતાં પણ તેઓ અદ્યાપિ એ મલિન કર્મને છોડતા નથી, તેઓ પ્રમાદથી પાપાનુબંધી પાપ બાંધતા જાય છે.

આ પ્રમાણે કહી તે વૃદ્ધ આગળ ચાલ્યો ગયો. શ્રીચંદે મદનાને કહ્યું, પ્રિયા ! આપણે આ સ્થળે કાંઇ પણ ભોજન કરવું નથી. અહીં પ્રત્યેક વસ્તુ દેવદ્રવ્યમય થઇ ગઇ છે. સર્વ લોકોના ઘરમાં દેવદ્રવ્યનો વાસ રહેલો છે. યાત્રાળુઓને આહારેજ આ નગરનો નિષેધ છે. તથાપિ મારા મનમાં એવો વિચાર આવે છે કે, અહીંના અગ્રેસર લોકોને બોલાવી, દેવદ્રવ્ય ન ખવાય તે વિષે બોધ કરવો, અને એ મહા પાપમાંથી તેઓનો ઉદ્ધાર કરવો પ્રિયા ! આ કાર્ય ખરેખર ઉપકારનું છે. આ પવિત્ર ક્ષેત્ર પાપક્ષેત્ર થઇ પડયું છે, તેની રક્ષા કોઇ પણ પ્રકારે કરવી જોઇએ.

આવું વિચારી શ્રીચંદ નગરમાં ગયો, અને ત્યાંના અગ્રેસરોને એક સ્થળે બોલાવી, નગરનો મોટો સમાજ એકઠો કર્યો. સર્વ લોકોની વચ્ચે ઉભા થઇ શ્રીચંદ બોલ્યો— ભદ્રો ! હું એક વિદેશી શ્રાવક છું. યાત્રા નિમિત્તે અહીં આવ્યો છું. આ પવિત્ર ક્ષેત્રને

અને આ રમણીય જિનપ્રાસાદને જોઇ મને અતિ આનંદ ઉપજે છે. આવા આનંદની સાથે એક મોટો ખેદ પણ થાય છે, જે ખેદ આ સિદ્ધપુરની શ્રાવક પ્રજાની સ્થિતી જોઇને થાય છે.

સાધર્મિ બંધુઓ! થોડા વર્ષ પહેલાં આપની સ્થિતી કેવી ઉત્તમ હતી? તે સાંભળી મને તમારી હાલની સ્થિતી જોઇ ઘણીજ દિલગીરી થાય છે. દિલગીરી થાય છે, એટલુંજ નહીં, પણ દયા ઉપજે છે. આ સ્થિતી થવાનું શું કારણ! તે વિષે તપાસ કરતાં જાણવામાં આવ્યું છે કે, દેવદ્રવ્યનું ભક્ષણ કરવાનુંજ આ ફળ છે. શત્રુંજયાવતાર તિર્થની મોટી યાત્રામાં વિદેશી યાત્રાળુઓનો મોટો સમૂહ આવ્યા કરે છે, તેઓ નવનવી વસ્તુઓની ભેટ આ તીર્થને સ્થાને ધરે છે, અને તે ભેટનો ઉપયોગ અહીંના તમે શ્રાવકો વ્હેંચી ખાઓ છો, તે વાત સાંભળી મને કંપારા સાથે મોટો પરિતાપ ઉત્પન્ન થાય છે. બંધુઓ! તમારી આ સ્થિતી થવાનું કારણ એ દેવદ્રવ્યનું ભક્ષણ છે. એ મહા પાપરૂપ અગ્નિએ તમારી ઉન્નતિને દગ્ધ કરી નાખી છે. દેવદ્રવ્યનું ભક્ષણ કરવું, એ કેવું પાપ છે? તે તમારે વિચારવું જોઇએ. જૈન શાસ્ત્રકારોએ તે પાપને મોટી અવનતિનું કારણ કહેલું છે, જે શ્રાવક દેવદ્રવ્યથી પોતાના ધનની વૃદ્ધિ કરે, તેના કુળનો ક્ષય થઇ જાય છે, અને તે નરકે જાય છે, દેવના રૂણથી બુદ્ધિનો નાશ થાય છે. જે દેવદ્રવ્યની સાથે પોતાનું દ્રવ્ય મેળવે છે, તે મધના કુવાથી પોતાના ઘરને ધોળે છે. દેવદ્રવ્યને ખાનારો અનંત સંસારી થાય છે. દેવદ્રવ્યની આવક અને જાવકની તપાસ ન રાખે, અને તેની ઉપેક્ષા કરે, તે પણ દીર્ઘ સંસારી થાય છે. દેવદ્રવ્યને વધારવામાજ શ્રાવકે તત્પર થવું જોઇએ. તે પણ દેવદ્રવ્યની વૃદ્ધિ ન્યાયોપાર્જિત દ્રવ્યવડેજ કરવી, અન્યાયોપાર્જિત દ્રવ્યથી કરવી નહીં. ન્યાય માર્ગે ઉપાર્જન કરેલા દ્રવ્યથી દેવદ્રવ્યની જે વૃદ્ધિ કરે, તે તીર્થંકર પદને અને સિદ્ધિને પ્રાપ્ત કરે છે. તેવો શ્રાવક જગતમાં સમૃદ્ધિ સંપાદન કરી, ગુણી જનમાં ગવાય છે કીર્તિ અને કમલા તેની આગળ નૃત્ય કરે છે. દેવદ્રવ્યનો રક્ષક અને ભક્ષક કેવો થાય, તેને માટે આપણા આગમની નીચેની ગાથા સર્વદા સ્મરણમાં રાખવા યોગ્ય છે.

भक्खणे देव दव्वस्स परथ्थीणं तु संगवे ।
सत्तमं नरयं जंति सत्तवाराओ गोयमा ॥ १ ॥

जिणपवयण वुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं अणंतसंसारिओ भणिओ ॥ २ ॥

जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसण गुणाणं ।
रक्खंतो जिणदव्वं परित्तसंसारिओ होइ ॥ ३ ॥

जिणपवयण वुड्ढिकरं पभावगं नाण दंसण गुणाणं ।
वड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो ॥ ४ ॥
जिणपवयण वुड्ढिकरं पभावगं नाण दंसण गुणाणं ।
दोहंतो जिणदव्वं सो बहु संसारिओ होइ ॥ ५ ॥

હે ગૌતમ ! દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી અને પરસ્ત્રીનો સંગ કરવાથી મનુષ્ય, સાત વાર સાતમી નરકે જાય છે. જિન પ્રવચનને વૃદ્ધિ કરનાર, અને જ્ઞાન તથા દર્શન ગુણનું પ્રભાવક એવું જિન દ્રવ્ય ભક્ષણ કરનાર પુરુષ, અનંત સંસારી થાય છે. જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર, અને જ્ઞાન તથા દર્શન ગુણનું પ્રભાવક એવું જિન દ્રવ્ય રક્ષણ કરનાર પુરુષ, સંસારને પરિમિત કરે છે. જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન તથા દર્શન ગુણનું પ્રભાવક એવા જિન દ્રવ્યની વૃદ્ધિ કરનાર જીવ, તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે. જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન તથા દર્શન ગુણનું પ્રભાવક એવા જિનદ્રવ્યને જે દ્રવ્ય ભક્ષે, તે અનંત સંસારી થાય છે; વળી એટલે સુધી જણાવે છે કે:—

चेइयदव्वविणासह तिघाये पवयणस्स उड्डाहे ।
संजइण चउत्थभंगे मूलग्गी बोहिलाभस्स ॥ १ ॥

ચૈત્યદ્રવ્યનો નાશ કરવો, પ્રવચનની નિંદા કરવી, અને સંયમીના ચોથા વ્રતનો ભંગ કરવો, એ બોધિ લાભના મૂળમાં અગ્નિરૂપ છે.

ભાઈઓ ! દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી, તેની ઉપેક્ષા કરવાથી પ્રાણી અનેકવાર ભટકે છે, તે ઘણો દુઃખી થાય છે, નિર્ધન બને છે, અને અતિ દુઃખ ભોગવે છે. માટે દેવ દ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ, વળી તેની વૃદ્ધિ થાય તેવા ઉપાય યોજવા જોઈએ. શ્રાવકોએ દેવદ્રવ્યનો વ્યવહાર રાખવો નહીં. દેવદ્રવ્યની આવક અને જાવકનો ચોખ્ખો હિસાબ રાખવો જોઈએ, તેમાં તે દ્રવ્યને જોડવું. પોતાના દ્રવ્યની સાથે તેનો ભેળસેળ થવા ન દેવો, એમ વર્તીને જે દેવદ્રવ્યની વૃદ્ધિ કરે તે તીર્થંકર ગોત્ર બાંધે છે.

વળી ભાઈઓ ! દેવદ્રવ્ય વિષે સાંકાશ્ય નગરની કથા સાંભળવા જેવી છે. સાંકાશ નગરના ધનાઢ્ય દેવદ્રવ્યની ભાવ ભક્તિપૂર્વક ઉપયોગ કરતાં તેને અતિ દુઃખ ભોગવવું પડ્યું હતું. પછી તે પવિત્ર ભાવ ધારણ કરી સિદ્ધિને વર્યો હતો. એ વાત સંક્ષેપમાં નીચે પ્રમાણે છે:—

મહિપાલ નરપતિ સભામાં બેસી એક કથા કહેતો હતો, તે અવસરે દર્શન કરવા આવેલા લોકોને ભક્ત સમુદાય વિષે ઉપદેશ કહેતો હતો, અને

કાળ આવશ્યક ક્રિયા કરતો હતો. એ સતોષી શ્રાવક પ્રતિદિન તપસ્યા આચરતો, અને સાત ક્ષેત્રમાં પોતાનું દ્રવ્ય વાપરતો હતો.

ગંધિલાવતી નગરીમાં શકાવતાર નામે એક ચૈત્ય હતું, તેની યાત્રા માટે ઘણા યાત્રાળુઓ આવતા, તેથી તેમાં દેવદ્રવ્યની ઉપજ ઘણી થતી હતી, સંકાશ શ્રાવક પવિત્ર હૃદયથી તે તીર્થનો વહીવટ કરતો હતો. સર્વ લોકો ચૈત્યદ્રવ્યની થાપણ સંકાશની દેખરેખ નીચે રાખતા હતા. સંકાશ શુદ્ધ ભાવથી દેવદ્રવ્યની રક્ષા કરતો, અને ન્યાય પ્રમાણે દેવ-દ્રવ્યનો વધારો કરતો હતો. સર્વને સંકાશ ઉપર એવો વિશ્વાસ બેસી ગયો હતો કે, કોઇ તેના વહીવટને માટે પુછતું ન હતું, તેમ કોઇ તપાસ પણ કરતું ન હતું.

એક વખતે તે સંકાશથી દેવદ્રવ્ય ખવાઇ ગયું. એ મહા પાપ કરીને પણ તેના મનમાં પશ્ચાતાપ થયો નહીં. કર્મયોગે તેવામાં તેના આયુષ્યનો અંત આવ્યો. મૃત્યુ પામી તે સંકાશ ચારે ગતિમાં ભમવા લાગ્યો. પ્રથમ તેણે નારકીની દશ પ્રકારની વેદના ભોગવી, અનેક જાતના રોગનો અનુભવ કર્યો, જ્વલાયમાન અંગારાવાળા વજ્રકુંભી કુંડમાં તેને બોળી કાઢયો, જ્યાં તેણે કરૂણ સ્વરે રૂદન કર્યું હતું, ભઠ્ઠી ઉપર તેને ભડથું કરી શેકવામાં આવ્યો, લોઢાની તપાવેલી પુતળીની સાથે તેને આલિંગન કરાવ્યું, ધગધગતા સીસાનો રસ કરી તેનું પાન કરાવ્યું. તેના માંસના કકડા કરી તેનેજ ખવરાવ્યા, અસિપત્ર વનમાં લઇ જઇ તેના ગલબંધ અને મસ્તક છેદન કરવામાં આવ્યાં, માથે સેંકડો મણનો બોજો મુકી વૈતરણી ઉતરવાની તેને ફરજ પાડી, અણીયાળી સોયો તેના શરીરમાં ભોંકવામાં આવી, પૃષ્ટ ભાગે અગ્નિના આંક કરવામાં આવ્યા, ખડ્ગ, ભાલું અને શૂળીથી તેને પરોવવામાં આવ્યો, પરમાધામિઓએ તેના કાન તોડવા માંડ્યા, આંખો કાઢવા માંડી, અને છેદ તથા વેધ પાડવા માંડ્યા. ઉંચા હાથ, નીચું મુખ કરાવી, તેની જીભ, તાળવું, અને દાઢો ખેંચવા માંડી, ઇત્યાદિ અનેક પ્રકારની નારકીની વેદના ભોગવી સંકાશ તિર્યંચની ગતિમાં આવ્યો. તે ગતિમાં કાન વિગેરેનો છેદ, નાકનો વીંધ, ભારવહન, દોરીના બંધ, અંકુશ, પરોણા, ચાબુખ અને લાકડીઓના માર, શીત, તડકો, વરસાદ, ક્ષુધા અને તૃષાને સહન કરવાં, વિગેરે અતિ કષ્ટ ભોગવ્યાં. ત્યાં પંચેંદ્રિય, સંમૂર્છિમ, વિકલેંદ્રિય, જળચર, સ્થળચર અને ખેચર બની અનેક પ્રકારની યાતનાઓ ભોગવી; તે પછી તે મનુષ્ય ગતિમાં આવ્યો. દેવ-દ્રવ્યનો ભક્ષક દેવગતિમાં જતો નથી. મનુષ્યમાં મસ્તક, હાથ, પગ, નાસિકા. હોઠ. જીભ. અને કાનનો છેદ, કારાગૃહમાં વાસ. દાસપણું, બંધ, પીડા, શોક, દારિદ્ર અને અપમાન વિગેરેનાં અનેક કષ્ટ તેણે સહન કર્યાં.

એવી રીતે અનંત ભવભ્રમણ કરી, અને અનેક વેદના ભોગવી, સંકાશ મનુષ્યમાં કોઇ ધનાઢ્ય શેઠને ઘેર પુત્રરૂપે થયો. તેનો જન્મ થતાંજ તેનાં માતાપિતા ગુજરી ગયાં, અને ગૃહની સમૃદ્ધિનો નાશ થઇ ગયો. લોકમાં તે નિંદિત ગણાવા લાગ્યો. છેવટ તેને અન્નની પણ તાણ પડી, ઘેર ઘેર ભીખ માગી, ઉદર પોષણ કરવાનો વખત આવ્યો. તે રોગ અને શોકનું સ્થાન થઇ પડયો.

એક વખતે વિહાર કરતાં કોઈ કેવળી ત્યાં આવી સમવસર્યા. એ દુઃખી જન મહામુનિની પાસે આવ્યો. તેણે મુનિને વંદના કરી પૂછ્યું, "મહાપ્રભુ! મને આવી મહા વિપત્તિ કેમ પડી હશે!" જ્ઞાની મહારાજે સવિસ્તર નિવેદી કહ્યું, "ભદ્ર! તેં પૂર્વે આ મંદિરનું દેવદ્રવ્ય ખાધું છે, તેથી તું આવી મહા વિપત્તિનો ભોગ થયો છું." એટલું સાંભળતાંજ સંકાશ ઉપર આત્મનિંદા કરવા લાગ્યો. "અરે! હું મહા પાપી થયો, મનુષ્ય ભવ પ્રાપ્ત કરી મેં જૈન ધર્મને આરાધ્યો નહીં, સિદ્ધાંત સાંભળ્યા નહીં, મેં મારું જીવન સાર્થક કર્યું નહીં. અહા! હું કુગતિમાં અંતર થયો, દેવદ્રવ્યનું ભક્ષણ કરી મેં મહા પાપ ઉપાર્જન કર્યું. મારા જીવિતને ધિક્કાર છે. હું આ મહા પાપ કર્મમાંથી કેવી રીતે છૂટું! તે ઉપાય કૃપા કરી બતાવો." પછી તેણે વિનયથી મુનિરાજને પૂછ્યું, "મહારાજ! જો આજથી ઉપાર્જન કરેલા દ્રવ્યમાંથી દેવદ્રવ્ય આપી, તેમાંથી મુક્ત થાઉં, તો છૂટું?" જ્ઞાની બોલ્યા, "ભદ્ર! તે કાલે એવો અભિગ્રહ કરજે કે, ત્યારે પોતાને માટે જોઈએ તેટલું દ્રવ્ય રાખવું અને બાકીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં દેવું. એવું ઉત્તમ અભિગ્રહના પ્રભાવથી તું સર્વ રીતે સુખી થઈશ, ઉત્તમ પદનો અધિકારી થઈશ."

જ્ઞાનીનાં આવાં વચનથી તેણે તેવો અભિગ્રહ ધારણ કર્યો. મુનિરાજ ત્યાંથી વિહાર કરી ચાલ્યા ગયા; પછી સંકાશના ભાગ્યની સર્વ પ્રકારે ઉન્નતિ થવા માંડી. વ્યાપારમાં તેણે અગણિત દ્રવ્ય પ્રાપ્ત કર્યું. આખા નગરમાં તે કોટીધ્વજ થઈ પડ્યો. પોતાના અભિગ્રહ પ્રમાણે નિર્વાહ જેટલું દ્રવ્ય રાખી, બાકીનું દ્રવ્ય તેણે ચૈત્ય અર્થે ખરચી નાખ્યું. આખરતાં ઉપર થયો સ્થળે સુંદર જિન પ્રાસાદ બંધાવ્યા, દેવદ્રવ્યની વૃદ્ધિ કરી, તેથી મોટી મોટી પ્રતિષ્ઠાની સુંદર પૂજા, ભાવને લોપી દીધી. અંત સમયમાં પણ દ્રવ્યનો ઉપયોગ સારી રીતે કરી આખરે સંયમ લઈ, તપસ્યા કરી, સંકાશના જીવને કેવળજ્ઞાન ઉપજ્યું અને મોક્ષ-ના મહા આનંદનો તે સદૈવ અધિકારી થઈ રહ્યો.

પ્રિય બંધુઓ! એ સંકાશનું દૃષ્ટાંત લઈ, તમારે પ્રવર્તન કરવું જોઈએ. આ અનાદિ કાળથી દેવદ્રવ્યની સંભાળ કરવી વિગેરે કામ ... તે બંધ થઈ દેવદ્રવ્ય ખાઉં. તેના કરતાં આપ બીજા વિના શેનું ગમતું સારું છે. આ વાત અદ્ભુતિમાં બતાવ્યું છે. તે જ્યાં ઉપર બોધ ચાલી આવ્યું. ઘણું દેવદ્રવ્ય ખાવું નહીં. દેવદ્રવ્યને માટે નીચેના શ્લોક પર અર્હંત શાસનમાં લખેલાં છે.

देवद्रव्येण या वृद्धिर्गुरुद्रव्येण यद्धनम् ।
तद्धनं कुलनाशाय मृतोऽपि नरकं व्रजेत् ॥ १ ॥

अन्यायदेवद्रव्यादिसंपादनमीरते ।
स मोहाद्धर्मकर्मार्थ परलोकादुर्धमीहते ॥ २ ॥

वरं च ज्वलने वेशो वरं च विषभक्षणम् ।
परं यल्लिंगि द्रव्येण संबंधं नैवं कारयेत ॥ ३ ॥

દેવદ્રવ્યથી અને ગુરૂદ્રવ્યથી જે દ્રવ્યની વૃદ્ધિ કરવી, તે દ્રવ્ય કુળના નાશ માટે થાય છે, અને મૃત્યુ પામ્યા પછી નરકે જાય છે. જે અન્યાય, દેવ અને પાખંડીના સંબંધથી દ્રવ્યની ઇચ્છા રાખે છે, તે મધના કુંભપ્રથી પોતાનું ઘર ધોળવા ઇચ્છા રાખે છે. અગ્નિમાં પેસવું સારૂં, અને વિષ ભક્ષણ કરવું સારૂં, પણ લિંગી મુનિના દ્રવ્યની સાથે સંબંધ કરવો સારો નહીં.

બંધુઓ ! દેવદ્રવ્ય વિષે બીજી એક જાણવા યોગ્ય કથા છે. સાકેત નગરમાં **સાગર** નામે એક શેઠ રહેતો હતો, તે શેઠની પ્રતિષ્ઠા સારી હતી, તે ધર્મનો રાગી હતો. તે નગરમાં એક ભવ્ય દેરાસર હતું, તેની અંદર પ્રતિમાજી પ્રભાવિક હતાં, તેથી લોકો દુરથી તેની યાત્રા કરવાને આવતાં હતાં. આથી તે જિન ચૈત્યનો વહીવટ મોટો થઇ પડયો હતો. સાકેત નગરના સંઘે મળી, તેના વહીવટનું કામ સાગર શેઠને સોંપ્યું હતું. ચૈત્યની આવક, જાવક અને નોકરોની બધી વ્યવસ્થા સાગર શેઠ રાખતો હતો; સર્વ પંચે મળીને સાગર શેઠને કુલસત્તા આપી હતી.

સાગર શેઠને જુદા જુદા કરીયાણાનો વેપાર હતો, તેની દુકાન ઉપર જથ્થાબંધ માલ ખપતો હતો, માલમાં વિશેષ નાણું રોકવાથી તેને ઘણો લાભ આવતો હતો. પ્રથમ તો સાગર શેઠ ચોખ્ખો રહ્યો હતો, પણ પાછળથી લોભના ઉદયથી તેની વૃત્તિમાં ફારફેર થયો. પોતાના વેપારમાં તેણે દેવદ્રવ્ય રોકવા માંડયું અને તેનો લાભ પોતે લેવા લાગ્યો. દેવદ્રવ્યથી ગોળ, ઘી, અને વસ્ત્ર પ્રમુખ ખરીદી, તેને મોંઘે ભાવે, વેચી તેણે સારો લાભ મેળવ્યો. તે દેવદ્રવ્યનો આવો પોતાના વેપારમાં ઉપયોગ કરતો, તથાપિ મનમાં જરાપણ શંકા લાવતો નહીં કર્મયોગે તેના આયુષ્યનો અંત આવ્યો; આવું ઘોર કર્મ ઉપાર્જન કરી, સાગર શેઠ મૃત્યુ પામ્યો. પ્રથમ તે નારકીમાં પડયો, ત્યાંથી નીકળી તે જળ મનુષ્ય થયો, તે પછી બીજી નારકે ગયો, પછી મોટો મત્સ્ય થઇ અવતર્યો; કોઇ મ્લેચ્છે તે મત્સ્ય ખરીદ કર્યો. તેના અંગનું છેદન કરી, મ્લેચ્છે અતિ કષ્ટ પમાડયો. પછી તે ચોથી નારકે ગયો; પાછો મત્સ્ય થયો, એમ બેવાર સાતે નરકમાં ભમ્યો. એક હજાર કાંકણી દેવદ્રવ્ય ખાધાથી તેણે ઘણી વિટંબના ભોગવી. તે પછી શ્વાન, ભુંડ, બકરો, મેંઢો, દેડકો, મૃગલો, સસલો, શાબર, શીયાળ, માર્જાર, ઉંદર, નોળીઓ, ધરોળી, ગુહ, મત્સ્ય, સર્પ, વીંછી અને વિષ્ટાનો કીડો, એમ એકહજાર જાતના અવતાર તેને લેવા પડયા. તે શિવાય પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના જીવરૂપે થયો. તે પછી એકેંદ્રિય, બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌઇંદ્રિ તથા પંચેંદ્રિય જીવ થયો. તેવા લાખો ભવ અનુભવી, પાછો મનુષ્ય ભવમાં આવ્યો. વસંત નગરમાં વસુદત્ત નામના કોઇ પતિની સ્ત્રી વસુમતિના ઉદરમાં અવતર્યો, તે ગર્ભમાં આવતાંજ વસુદત્ત શેઠની બધી સમૃદ્ધિ નાશ પામી ગઇ. તેનો જન્મ થતાં પિતા, અને પાંચ વર્ષની વય થતાં માતા મૃત્યુ પામી ગઇ; આથી લોકો તેને નિ:પુણ્ય

કરેલ લાગ્યા: આખરે પરોપ્લેગ દુરસ્થિતિમાં આવી પડ્યો. એક દિવસે પરસામથી તેનો મા મો આવ્યો. તેને દયા આવવાથી તે તેને પોતાને ઘેર લઇ ગયો, તેના આવવાથી મામના ઘરમાં મોટી ચોરી થઇ, ત્યાંથી તે બીજા કોઇ સંબંધીને ઘેર ગયો, ત્યાં પણ તેમ બન્યું, આથી લોકો તેને સંઘરતા નહી, અને અપમાન કરી તેને બહેર કાઢી મુકવા લાગ્યા. દુઃખી થઇ રઝળતો તે તામ્રલિપ્તી નગરીમાં આવ્યો, ત્યાં તે કોઇ શેઠને ઘેર નોકર રહ્યો, તેજ દિવસે શેઠના ઘરમાં મોટી આગ લાગી, આથી તેને દુરાપ શ્વાનની જેમ કાઢી મુક્યો. પછી તે કેઇ વહાણે ચડી દ્વીપાંતર ગયો, ત્યાં પ્રચંડ પવનથી તે વહાણ ડુબી ગયું. પણ એક પાટીયું મેળવી, તે તરી ગયો. કોઇ આવતાં કોઇ ઠાકોરે દયા કરીને તેને રાખ્યો, તેવામાં કોઇ પલ્લીપતિએ હુમલો કરી ઠાકોરનું ગામ ભાંગ્યું, અને મોટું નુકસાન પહોંચાડ્યું. ત્યાથી તે નિઃપુણ્ય અપમાનથી દુર થયો. આવા પુણ્ય રહિત પુરૂષો જ્યાં જાય છે, ત્યાં આપત્તિઓ આવ્યા કરે છે. તે વિષે સાહિત્યકાર આ પ્રમાણે લખે છે:—

महोत्सवेऽप्यपुण्यानां विपदः स्युर्न संपदः ।
जना नंदंति दीपाल्यां ग्रंथि सर्वेपि शूर्पकम् ॥ १ ॥

મહોત્સવમાં પણ પુણ્યરહિત માણસોને વિપત્તિઓ આવે છે, સંપત્તિઓ આવતી નથી. સર્વ લોકો દીપોત્સવીમાં ખુશી થાય છે, પણ સુપડાને મારે છે. (નય વર્ષ આગમ શારૂ વખતે લોકો સુપડું વગાડે છે.)

खल्वाटो दिवसेश्वरस्य किरणै संतापितो मस्तके
वांछन् स्थानमनातपं विधिवशात्तालस्य मूलंगतो
तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः
प्रायो गच्छति यत्र दैवहतकस्तत्रैव यांत्यापदः ॥ १ ॥

કોઇ માથે ટાલવાળો પુરૂષ સૂર્યના કિરણોથી મસ્તક તપ્યું, એટલે કોઇ તાડના ઝાડ નીચે છાંયામાં જઇને ઉભો રહ્યો. ત્યાં ભાગ્યયોગે એક મોટું ફળ તેના મસ્તક ઉપર પડ્યું, જેથી તેનું મસ્તક ભાંગી ગયું. અને કહ્યું છે કે: જ્યાં અભાગીઓ જાય, ત્યાં તેને ત્યાં આપત્તિ આવી પડે છે. ૧

તે પ્રમાણે તે નિઃપુણ્ય ને ઘણું દુઃખ ત્યાં આવ્યું, ત્યાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવી, તે એક કેટલાક વખતમાં ભટકતાં ભટકતાં હિમવંતક નામના એક યક્ષના મંદિરમાં આવ્યો. ત્યાં તેણે એકવીસ ઉપવાસ કરી, યક્ષની આરાધના કરી. યક્ષ સંતુષ્ટ થઇ કહ્યું, "અરે દુઃખી માણસ! તારા દુઃખથી દયા આવે છે, માટે આજથી સાંજે એક મોર તારી પાસે આવશે, તે મોરના પીછાં દરરોજ ખરી પડશે, તે પીછાં તું લેજે;" એમ કહીને

તમે બન્ને પૂર્વે ચંદ્રપુરમાં જનદત્ત. અને જિનદાસ નામે શ્રાવક હતા. જૈન ધર્મમાં ઘણી પ્રીતીવાળા અને ઘણા આસ્તિક હતા. તમારી શુદ્ધ વર્તણુક જોઇ ચંદ્રપુરના શ્રાવકોએ તમને સાધારણ દ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યની વ્યવસ્થા કરવાનું સોપ્યું. કેટલાએક વખત સુધી તમે એ દ્રવ્યની સારી રક્ષા કરી. એક વખતે જિનદત્તે પોતાને માટે એક પુસ્તક લખવા આપ્યું. પોતાની પાસે જ્ઞાનદ્રવ્ય કાંઇ હતું નહીં, એટલે સાધારણ દ્રવ્ય તેમાં વાપર્યું. અને તેણે વિચાર્યું કે, આ દ્રવ્ય પણ જ્ઞાનદ્રવ્ય જેવુંજ છે, આથી પુસ્તક લખનારને બાર દ્રામ તેમાંથી આપ્યા. બીજા જિનદાસે એકવાર એવું વિચાર્યું કે, સાધારણ દ્રવ્ય સાતે ક્ષેત્રમાં કામ આવે છે, તેથી સાત ક્ષેત્ર માંહેલો શ્રાવક પણ તેને વાપરી શકે છે. તે વિષે આગમમાં નીચેની ગાથા લખેલી છે—

> जिणभवण बिंब पुथ्यय, संघ सरूवाइ सत्त खित्ताइं ।
> विविहं घणंपि जायं शिवफलयमहो अणंतगुणं ॥ १ ॥

જિનભવન, જનબિંબ, પુસ્તક, સંઘ વગેરે સાત ક્ષેત્રોમાં જે વિવિધ દ્રવ્ય વાવે, તેને અનંત ગુણવાળું મોક્ષફળ મળે છે. આવું વિચારી તેણે નિશ્ચય કર્યો કે, હું પણ સાત ક્ષેત્રમાં છું, માટે તે દ્રવ્ય વાપરી શકું. પછી તેણે પોતાના ઘરના વ્યવહારમાં બાર દ્રામ સાધારણ ખાતામાંથી વાપર્યા. આ મહા પાપ લાગવાથી તેઓ બન્ને આયુષ્ય પૂરી કરી પેલી નારકીએ ગયા, એ મહા પાપને માટે વેદાંત પ્રમુખ અન્ય શાસ્ત્રો પણ નીચે પ્રમાણે લખે છે:—

> प्रभास्वे मा मतिं कुर्यात् प्राणैः कंठगतैरपि ।
> अग्निदग्धाः प्ररोहंति प्रभादग्धो न रोहति ॥
> प्रभास्वं ब्रह्महत्या च दरिद्रस्य च यद्धनम् ।
> गुरुपत्नी देवद्रव्यं स्वर्गस्थमपि पातयेत् ॥

અરે પ્રાણી ! તું સાધારણ દ્રવ્ય ખાવાની બુદ્ધિ કરીશ નહીં. અગ્નિથી દગ્ધ થયેલા ફરીવાર ઉગે, પણ સાધારણ દ્રવ્ય ખાઇને દગ્ધ થયેલો ફરીવાર ઉગતો નથી. સાધારણ દ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રનું દ્રવ્ય, ગુરૂ પત્નીનો સંગ અને દેવદ્રવ્ય તે સ્વર્ગમાં રહેલાને પણ પાડે છે.

પહેલી નારકીનું દુઃખ ભોગવી તેઓ ભુજપરિસર્પ થયા, તે પછી બીજી નારકે ગયા, ત્યાંથી નીકળી ગીધપક્ષી થઇ ત્રીજી નારકે ગયા. એમ એકાએક ભવ કરી સાત નારકે ગયા. તે પછી એકેંદ્રીય, બેઇંદ્રી, વિગેરે તિર્યંચ ગતિમાં જન્મ્યા—એકંદર બારહજાર ભવમાં તેમણે ભ્રમણ કર્યું. ત્યાંથી ચવીને તમે અત્યારે મનુષ્ય થયા છો. સાધારણ અને જ્ઞાનદ્રવ્યમાંથી બાર દ્રામ દ્રવ્યનો દુરૂપયોગ કરવાથી તમે આવાં કષ્ટ ભોગવો છો, જ્ઞાનદ્રવ્યની

દેવદ્રવ્ય અને શત્રુંજયાવતાર તીર્થ.

આ જ્ઞાનવાળો કર્મસાર મુનિ ત્યાગી થયો છે. હવે તમે તે પવિત્ર દર્શનના સ્થાનથી મુ... થવાનો અભિગ્રહ ધારણ કરો, અને તેનું આરાધન કરો.

કેવલીનાં આવાં વચન સાંભળી પુણ્યસાર અને કર્મસાર બન્નેએ શ્રાવક ધર્મ આદર આપી, પ્રવર્તન લીધું. પછી ધર્મને માટે ભંડાર દ્રવ્ય આપવાનો અભિગ્રહ કર્યો. તે સાથે દરરોજ સ્નાત્ર કરી વિવિધ જાતના નિયમો લેવા માંડ્યા. અનુક્રમે તેઓ ધનવાન અને સુખી થયા. તેમણે પછી કેટલું દ્રવ્ય દાન આપવામાં અને સાધારણ ખાતામાં ખર્ચવું શરૂ કર્યું. સાધર્મિ બંધુઓના ઉદ્ધારને માટે ઘણું દ્રવ્ય ખર્ચવા માંડ્યું. શ્રાવક ધર્મને પાળી છેવટે તેમણે સંયમ લીધો. સંયમ ગ્રહણ કરતાં તેમને કેવળજ્ઞાન થયું, અને અનુક્રમે તેઓ અજર, અમર, નિષ્કલંક મોક્ષ સુખને પ્રાપ્ત થયા.

બંધુઓ ! આ કથા ઉપરથી તમારે વિચારવાનું છે કે, જ્ઞાનદ્રવ્ય, અને સાધારણ દ્રવ્ય વિષે પણ શ્રાવકે કેવી રીતે વર્તવું જોઈએ. આ કથામાંથી કર્મસાર અને પુણ્યસારને માથે કેવી વિપત્તિ થઈ ! જ્ઞાનદ્રવ્ય, અને દેવદ્રવ્યની ઉપેક્ષા કરવી મહા પાપ છે, તો તેને ખાવાથી કેવું પાપ હોય, તે તમે ઉપરની કથાઓથી જાણ્યું હશે. મિત્રો ! તમારા હિતની ખાતર હું આ કહું છું, મારો તેમાં કોઈ સ્વાર્થ નથી. તમે આજ સુધી જેટલી ભૂલ કરી, દેવદ્રવ્ય ખાધું છે, હવે તેમાંથી મુક્ત થવાનો ઉપાય કરો, અને આજથી તે મહા પાપનો માર્ગ બંધ કરો. જેથી તમારો કોઈ ભવે ઉદ્ધાર થશે. દેવદ્રવ્યના ભક્ષણથી તમને આ ભવમાં કેવી શિક્ષા થઈ છે ! તેનો વિચાર કરો. સિદ્ધપુરની જૈન પ્રજા પાયમાલ બની જાય છે, તેનું કારણ દેવદ્રવ્યનું ભક્ષણ છે. તમે તમારી સ્થિતિનો વિચાર કરો, તમારી દયાજનક સ્થિતિ જોઈ મારા હૃદયમાં ઘણો ખેદ થાય છે. આ શત્રુંજયાવતાર તીર્થમાં તમારો વાસ છે, તે તમારે ધન્યવાદ આપવાનો છે. આ તીર્થમાં ખરા ભાવથી ધર્મ પાળ્યો હોય, તો તે સિદ્ધગતિ સુધી પહોંચાડે છે. આ તીર્થમાં પ્રવેશ કરી, તમે તમારા આત્માને કૃતાર્થ કરો; વિશેષ કાંઈ કહેવાની જરૂર નથી. હવે હું અહીં વધુને વિરામ આપું છું. એમ.

શ્રીચંદનું આવું ભાષણ સાંભળી સિદ્ધપુરના શ્રાવકોના હૃદયમાં અસર થઈ આવી. તેઓ દેવદ્રવ્યના પાપને માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા. સર્વે મળી શ્રીચંદનો આભાર માન્યો. કોઈ હૃદયમાં નિશ્ચય કરવા લાગ્યા કે, હવેથી દેવદ્રવ્યનો સ્પર્શ કરશું નહીં, કોઈએ દેવદ્રવ્યવાળાઓની સાથે વહીવટ ન રાખવાનો નિયમ ગ્રહણ કર્યો, કોઈએ દેરાસરની કોઈ પણ વસ્તુનો સ્પર્શ ન કરવાનો પ્રત્યાખ્યાન કરવાનો નિયમ કર્યો, એમ વિવિધ જાતના શુભ વિચારો સિદ્ધપુરની જૈન પ્રજામાં ઉત્પન્ન થયા. શ્રીચંદની ધાર્મિક વાણીએ સર્વની ઉપર સારી અસર કરી. પછી શ્રીચંદે તે સર્વની આગળ ક્ષમા માગી, શત્રુંજયાવતાર તીર્થના નાયક શ્રી જિન પ્રતિમાના ભાવથી દર્શન કરી, પોતાની પ્રિયા સાથે ત્યાંથી વિદાય થયો. દેવદ્રવ્યના ઉપદેશથી ભર પૂર્ણ તે તીર્થમાં તેમણે ભોજનાદિ પણ કર્યું ન હતું.

૩.

પ્રકરણ ૫૨ મું.

મદના હરણ.



આ બ્રહ્મ મુહૂર્તનો સમય હતો, શ્રાવકની દિનચર્યા પ્રમાણે જાગ્રત થવાનો અવસર હતો. આ પવિત્ર સમયે ધાર્મિક શ્રાવક જાગ્રત થઇ, આત્મચિંતવન કરે છે, હું પોતે કોણ છું? ક્યાં સુતો છું? ભૂમિ ઉપર છું, અધર છું, કે ક્યાં છું? મારે આ વખતે શું કરવું જોઇએ? એ વિચાર પવિત્ર શ્રાવકના હૃદયમાંથી ઉદ્ભવે છે. કોઇપણ સંચાર કર્યા વગર યતનાપૂર્વક શ્રાવકપુત્ર તે સમયે જાગે છે, અને ધર્મક્રિયા આરાધે છે, રાત્રિરૂપ મહારાણી પોતાના મહારાજ્ય ઉપરથી વિદાયગીરી લે છે. તેનો પ્રકાશમાન તારારૂપી ક્રમો અદૃશ્ય થતો જાય છે, ચંદ્રરૂપ પતિના વિયોગથી તે પોતાના શૃંગારને ત્યજી દે છે.

આ સમયે એક દંપતી અટવીમાં એક છાયાદાર વડના વૃક્ષ નીચે વાસ કરી રહ્યાં છે, પ્રેમી પ્રિયાની રક્ષા માટે તેનો પ્રેમી પતિ પહેરેગીર થયો છે, રાત્રિના પ્રત્યેક પ્રહરે પતિ જાગ્રત રહે, તેને માટે પ્રેમપૂર્ણા પત્ની ચિંતાતુર રહે છે, અને પતિને સુવાડી પોતે જાગ્રત રહેવા પ્રયત્ન કરે છે, રાત્રિના કેટલાક સમય સુધી પતિને વિશ્રામ આપી, ચોથે પહોરે તે નિર્મળ હૃદયની નારીનાં નયન ઉપર નિદ્રાએ મોટો ધસારો કર્યો છે, ગૌર અંગવાળી ગૌરી ગાઢ નિદ્રામાં તલ્લીન થઇ ગઇ છે, બ્રાહ્મ મુહૂર્ત થયું છે, તથાપિ તે હજુ નિદ્રાનો મહાનંદ અનુભવે છે.

અનુક્રમે અરુણોદય થવા આવ્યો, તથાપિ ઘટાદાર વડ નીચે હજુ અંધકાર ભરાઇ રહ્યો છે, તેની આસપાસ તેનો પહેરેગીર હાથમાં નગ્ન ખડ્ગ લઇ ફરે છે, તેના હૃદયમાં પ્રિયાને નિદ્રાનું પૂર્ણ સુખ લેવા દેવાની પ્રબળ ઇચ્છા પ્રગટી રહી છે, પ્રિયાને નિદ્રામાં ભરપૂર જોઇ તે વિદ્વાન્ નાયક નીચેની ગાથા સંભારે છે.

जननी जन्मभूमिश्च निद्रा पश्चिमरात्रिजा ।
इष्टयोगः सुगोष्ठी च दुर्मोचाः पंच देहिनाम् ॥ १ ॥

જનની માતા, જન્મભૂમિ, પાછલી રાતની નિદ્રા, ઇષ્ટ જનનો યોગ અને સારી ગોષ્ટ-ગમત, એ પાંચ વાનાં પ્રાણીઓને છોડવા મુશ્કેલ છે.

" આથી પ્રિયા સુખથી નિદ્રા લેતી હશે, રાત્રે કેટલોક સમય તે જાગ્રત રહેલી છે. " આ પ્રમાણે વિચાર કરતા શ્રીચંદ્રે કુકડાનો શબ્દ સાંભળ્યો, અરુણની રક્તપ્રભા ઝાંખી થવા માંડી, એટલે તે નીચેનું પદ બોલ્યો—

प्रोज्जृंभते परिमलः कमलावलीनाम्
मन्दायते शिशिररोचिषि ताम्रचूडः ।
मार्गस्तवापि सुकरः खलु शीतलत्वा
दुत्थापिता सुनयने रजनी जगाम ॥ १ ॥

કમળની શ્રેણીઓની સુગંધો વધતી જાય છે, ચંદ્ર ઉપરથી કૂકડો શબ્દ કરે છે, વળી શીતળતાને લઈ આવવાનો માર્ગ સુગમ છે, માટે હે સુંદર નેત્રવાળી ! ઉઠ ઉઠ, રાત્રિ ચાલી ગઈ. એ પણ જોઈ રહ્યો, તથાપિ પ્રિયાએ કાંઈ પણ પ્રિયાનો સંચાર કે શબ્દ સાંભળ્યા નહીં; નેત્રમાં પ્રણને ભરવાને નીચેવાળાં હરણોને, ઉલટાં પક્ષીઓને અને સાંની રોગની મૂર્તિનો દેખાવ જોઈ તે નીચેનું પદ બોલ્યો—

एते भ्रमंति हरिणास्तृणभक्षणार्थं
पूर्णी विभातुमथ यांति पक्षिणोऽपी ।
शृंगं स्पृशत्युदयसानुमतो विवस्वान्
उत्थापिता सुनयने रजनी जगाम ॥ १ ॥

આ હરણો ઘાસ ચરવાને ફરે છે, આ પક્ષીઓ પણ ચણને જાય છે, અને આ સૂર્ય ઉદયગિરિના શિખરને સ્પર્શ કરે છે, હે સુંદર નેત્રા ! ઉઠે, રાત્રિ ચાલી ગઈ. આ પણ જોઈ, પ્રિયાનો પ્રત્યુત્તર સાંભળવા તે તત્પર રહ્યો, તથાપિ કાંઈ પણ પ્રિયા તરફથી તેને પ્રત્યુત્તર મળ્યો નહીં. આથી તે નિરાશ થઈ ગયો. હળવે હળવે તે નીચે આવ્યો, પ્રિયાનું મુખ જોઈ પ્રભાત મંગળ કરવા તે ઉત્સુક થયો, ત્યાં તેને ભયંકર અમંગળ દેખાયું. ભૂમિશય્યા ઉપર જોવામાં આવી, તે જોતાંજ તેના હૃદયમાં આઘાત થઈ આવ્યો. પ્રિયા કયાં ગઈ ! પદ્મિનીની વિરૂપ કેવી બની ગઈ ! આ શું થયું ! અરે તારા ચકિત નેત્ર અવલોકન કરવા માંડ્યું, તથાપિ પ્રેમ દૃષ્ટિમાર્ગે પડ્યું નહીં. પ્રેમી પ્રિયના નયનમાંથી અશ્રુધારા ચાલી. તે આકાશ તરફ દૃષ્ટિ કરી બોલ્યો—" પ્રિયા ! તું ક્યાં અંતર્ધાન થઈ ! આ અરણ્યમાં મને એકલો કેમ મુક્યો ! આવી નિર્દયતા તને કેમ શોભતી ! અથવા તારા જેવી પ્રેમ રસિકી રામા નિર્દય થાય નહીં. જરૂર કાંઈ અશુભ બન્યું છે. કોઈ દુષ્ટે છળ કરી તારું હરણ કર્યું હશે ! અરે પ્રેમિકા ! તું પ્રેમીનાં હૃદયરૂપ સિંચન વિના શુષ્ક થઈ વિનષ્ટ થઈ જાય. " આટલું કહી તે પુરૂષને મૂર્છા આવી. કેટલીકવારે સાવધાન થયો. તત્કાળ આર્હત ધર્મનું સ્મરણ થઈ આવ્યું, ધર્મના પ્રભાવથી ધૈર્ય ઉત્પન્ન થયું. મોહ હૃદયનું ભાન ગળવા માંડ્યું. તેના હૃદયમાં વિચાર આવ્યો કે, જે બન્યું તે ખરું. હવે તેને રૂદન કરવું જોઈએ નહીં. કર્મના પરિણામ ચમત્કારી છે. વિધિ અને દૈવ એ કર્મના પર્યાય છે. તેને માટે નીતિશાસ્ત્રમાં ઉત્તમ અને મનન કરવા લાયક પદો લખેલાં છે. હવે તે પહેલુંજ સ્મરણ કરવું યુક્ત છે. એમ કહી તેણે નીચેનાં પદો ઉચ્ચે સ્વરે ઉચ્ચાર્યાં.

વાંચનાર અનુમાનથી આ દંપતીને જાણી શક્યા હશે, તથાપિ પુનરુક્તિ કર-
પડે છે. તે શ્રીચંદ્રકુમાર અને મદનસુંદરી હતાં, તેઓ મુસાફરી કરતાં આ અરણ્ય
આવી ચડ્યાં હતાં, ત્યાં કોઈ દુષ્ટે મદનાનું હરણ કરેલું છે. શ્રીચંદ્ર પ્રમાદમાં રહ્યા
હશે, તે સંબંધ અજ્ઞાત હશે, તથાપિ કર્મની પ્રબળતાથી આ બનાવ બન્યો હશે, મદનાનું
હરણ કેવું કર્યું, તે વાત આગળ સ્પષ્ટ થશે. અત્યારે શ્રીચંદ્ર ધૈર્ય રાખી સાવધાન રહ્યા
હશે. કર્મની સમસ્થિતિ અને શક્તિની સત્તા ઉપર વિચાર કરી છેવટે ધૈર્ય ધારણ કર્યું હતું.
તે સાથે ધર્મ ભાવનામાં જાગ્રત થયે હશે. અર્હંત ધર્મની ઉપાસનાને યોગે તેનામાં મદ-
નાની મોહદશા વૃદ્ધિ પામી ન હતી. તેનામાં દયા આવી હતી, અને તે કર્મ ઉપર આ-
ધાર રાખી દેહમાં અસંગ રહ્યા હશે. શ્રીચંદ્ર મદનાને હૃદયમાં સ્થાપી, ભાવી ઉપર આશા
રાખી આગળ શું કરવું ! તે વિચાર બુદ્ધિની વિચક્ષણતા ઉપર રાખી, શ્રીચંદ્ર ત્યાંથી આ-
ગળ ચાલ્યો. હળવે હળવે પોતાની સહચારિણી મદના તેને યાદ આવતી હતી, પણ પોતા-
ના ધૈર્યથી તેના હૃદયમાં શોક કે સંતાપ પ્રગટ થયો નહોતો. વળી કોઈ વેળા તે એવો
વિચાર પણ કરતો કે, એકાંત હરણની મદના મારા સિવાય શી રીતે રહી શકશે ! તે પ-
રાધીન પ્રમદાની શી ગતિ થશે ! તેના ઉચિતની હાની તો નહીં થાય ! વખતે કોઈ દુષ્ટ
તેણીની ઉપર બળાત્કાર કરશે, તો તે સતી સ્ત્રી શી રીતે પોતાનું ઉચિત ધારણ
કરશે ! સતી ઓએ પ્રાણ જતાં પણ શીલરૂપ રત્નને ગુમાવતી નથી. શીલવતી આ-
ર્યાઓ પોતાના શીલને પ્રાણથી હજાર દરજ્જે શ્રેષ્ઠ ગણે છે. પ્રાણરૂપ મહામૂલ્ય આપી
તે શીલરત્નને ખરીદ કરે છે. શીલાલંકારથી સુશોભિત સ્ત્રીઓ આ આર્ય દેહને
દીપાવનારી છે. મદનસુંદરી પણ તે માંહેલી છે. તે કદિ પણ શીલ ગુમાવશે નહીં. તે
પ્રેમની પત્ની મારો વિરહ શી રીતે સહી શકશે ! દુષ્ટ ધારણાથી તેણીનું હરણ કરનાર
કામી પુરુષ તે સુશીલાને અતિ સંતાપ કરશે, તે વખતે તે અબળા કોનું શરણ લેશે !
આવું વિચારી શ્રીચંદ્ર આકાશ તરફ દૃષ્ટિ કરી બોલ્યો—શાસન દેવતા ! એ સતી મદનાનું
રક્ષણ કરજો. મેં જો કાંઈ પણ જૈન ધર્મ આરાધ્યો હોય, કાંઈ પણ દેવ ગુરૂની સેવા કરી
હોય, અને મારાથી કાંઈ પણ સમ્યક્ત્વની રક્ષા થઈ હોય, તો મદના નિરાબાધ રહેજો.
તેણીના શીલનું સર્વદા રક્ષણ થજો. આટલું બોલી શ્રીચંદ્ર પોતાને માર્ગે ચાલતો થયો.
હવે આપણને તેની ક્યાં ભેટ થાય છે, તે જોવાનું છે.



કલ્પાંત કરવા માંડયું, ક્ષણવારમાં તો મહારાજા પ્રતાપસિંહને તે વાતની ખબર પડી, એટલે તેઓએ મને પોતાના હજુર બોલાવ્યો. મેં જે હકીકત હતી, તે નિવેદન કરી, તે પછી મહારાજાએ અને રાણી સૂર્યવતીએ ઘણો કલ્પાંત કર્યો, તેવામાં કોઇ જ્ઞાની મુનિ કુશસ્થલીમાં આવી ચડયા. મહારાજા પ્રતાપસિંહ અને રાણી સૂર્યવતીએ જ્ઞાની મહારાજને તમારે માટે પુછ્યું. એટલે તે મહાત્માએ તમારૂં પૂર્વ સ્વરૂપ પ્રતાપસિંહ રાજાને જણાવ્યું. તમે સૂર્યવતીના પુત્ર છો, એમ સર્વના જાણવામાં આવી ગયું. તે સાથે તે મહાત્માએ જણાવ્યું હતું કે, શ્રીચંદ્રકુમાર કુશળક્ષેમ પાછા એક વર્ષમાંજ આવશે. તે જ્ઞાનીનાં વચન ઉપર વિશ્વાસ રાખી, સર્વેએ પોતાનું જીવન ટકાવી રાખ્યું છે, તે પછી ચંદ્રકળાને તમારી બોજાઇના સહવાસમાં રાખી હું આ ફકીર વેષે તમારી શોધ કરવા ચાલી નીકળ્યો હતો. મહારાજા પ્રતાપસિંહે પણ તમારી શોધને માટે દૂતોને મોકલ્યા છે. સૂર્યવતી સગર્ભા છે. તથાપિ જ્યાં સુધી તમારાં દર્શન ન થાય, ત્યાંસુધી ઘેબર વિગેરે મિષ્ટાન્નનો ત્યાગ કરવાનો અભિગ્રહ તે કરી બેઠાં છે.

હું તમારી શોધને માટે કુશસ્થલીમાંથી નીકળ્યો, ત્યારે ચંદ્રકળા વિગેરેને માટે શુભશિક્ષા આપી ધનંજયને રાખ્યો છે, ત્યાંથી પ્રથમ કુંડલપુરમાં આવી ચંદ્રલેખાને મળ્યો, તેની વાત સાંભળી તેને સાંત્વન કરવા ત્રણ રાત્રિ સુધી તે નગરમાં રહ્યો, ત્યાંથી માહેંદ્રપુરમાં આવ્યો, ત્યાં સુલોચનાને મળ્યો, ત્યાં હેમપુરમાં તમારા ખબર સાંભળવામાં આવ્યા, એટલે હું ત્યાં ગયો, ત્યાંના રાજા મદનપાળે તમારો વૃત્તાંત જણાવ્યો, અને કહ્યું કે, શ્રીચંદ્ર બીજાને માટે રાજકન્યા પરણ્યા, તે આશ્ચર્યની વાર્ત્તા સાંભળીને હું કાંતિપુરમાં આવ્યો, ત્યાં પ્રિયંગુમંજરીને મળ્યો, તેની સાથે તમારી વાર્ત્તા કરી આ અટવીમાં નીકળ્યો, ત્યાં અહીં તમારો મેળાપ થઇ ગયો. મેં રસ્તામાં એવી વાત સાંભળી હતી કે, શ્રીચંદ્ર નામે એક નવલાખ દેશનો રાજા થયો છે, તે રાજા ઘણો ધાર્મિક અને પ્રતાપી છે, આથી મારા મનમાં શંકા થઇ હતી કે, વખતે તમે પોતેજ તે હશો. તે આજે પ્રસન્ન જોઈ ઘણો હર્ષ થાય છે. પ્રિયમિત્ર ! કહો, તમારો વૃત્તાંત શું છે ?

શ્રીચંદ્ર બોલ્યો—મિત્ર ! કુશસ્થળી છોડયા પછી મને માર્ગમાં અનેક કૌતુક થયાં છે, જે સાંભળવા યોગ્ય છે. પછી તેણે સંક્ષેપમાં પોતાનો સર્વ વૃત્તાંત જણાવી દીધો. પ્રથમથી માંડીને ત્રિપુરાનંદ યોગીના વૃત્તાંત સુધીની વાર્ત્તા કહી, પછી તે સરિમતચંદ્રને બોલ્યો—પ્રિયમિત્ર ! આજ સુધીમાં મેં કાંઇ પણ કષ્ટ ભોગવ્યું નથી. સર્વ સ્થળે મારો વિજયજ થતો આવે છે. માત્ર મદનસુંદરીનું હરણ થયું, તે મને હૃદયમાં શલ્યરૂપ લાગે છે. ગુણચંદ્રે સંભ્રમથી પુછ્યું, મિત્ર ! મદનસુંદરી ક્યાંથી પ્રાપ્ત થયાં હતાં ? અને તેમનું હરણ શી રીતે થયું ? તે કહો. પછી શ્રીચંદ્રે મદનસુંદરીનો સર્વ વૃત્તાંત જણાવ્યો, તે સાંભળી ગુણચંદ્રે પુનઃ પુછ્યું, રાજમિત્ર ! મદનસુંદરીના હરણ થયા પછી તમે આ મહારાજા કેવી રીતે બન્યા ? શ્રીચંદ્રે તે વાર્ત્તા વિસ્તારથી નીચે પ્રમાણે કહેવા માંડી.

મિત્ર ! મદનાનું હરણ થવાથી મને ઘણું દુઃખ લાગી આવ્યું હતું, મારા હૃદયમાં તેનો પરિતાપ પ્રસરી રહ્યો હતો, પણ મારા પુણ્યને લીધે આર્હત ધર્મ મને સહાય

કરી હતી. એ પ્રમાણે બન્ને ... વિચારી ... ત્યાંથી આગળ ચાલ્યો, થોડે દૂર કનકપુર નામે એક નગર આવ્યું. તેના ... વનમાં જઈ મેં વિશ્રામ લીધો.

એ કનકપુર નગરનો રાજા કનકધ્વજ પુત્ર રહિત અકસ્માત્ ... પામ્યો હતો. તેના ... નામના પ્રધાન મંત્રીએ રાજ્યની અધિષ્ઠાયક દેવીની ... કરી, એટલે તે દેવીએ પ્રગટ થઈ કહ્યું, મંત્રી! ચિંતા કરો નહીં. પંચદિવ્ય ... ઉત્તમ પુરુષને દેવી રાજ આપશે. દેવીની આજ્ઞાથી મંત્રીએ પંચદિવ્ય કર્યાં. હાથણીની સૂંઢમાં સુવર્ણ કળશ આપ્યો. તે હાથણી વિગેરે પંચદિવ્ય આખું નગર ... ફર્યાં, પણ કોઈ યોગ્ય પુરુષ મળ્યો નહીં. પછી તેઓ નગરની બહાર ગયાં. જે ... હું શાંત થઈ સૂતો હતો, ત્યાં તે પંચદિવ્ય આવ્યાં. અંબાડી હાથણીએ મારી ઉપર ... અભિષેક કર્યો. અશ્વે હેષારવ કર્યો. ... અને બે ચામરે મને ... કર્યો. ... ઉત્સવ ... પ્રધાન મંત્રી મારી પાસે આવી બોલ્યો—રાજકુમાર! તમે ... મહારાજા થયા છો. આ કનકપુર તમારી રાજધાની છે, આ દેશ તમારા ... છે. ... સ્વર્ગવાસી મહારાજા કનકધ્વજને કનકાવતી નામે પુત્રી છે, તેના ... કરો, અને આ મહાજન ઉપર તમારી ... ... અને ... ... છીએ.

મિત્ર! પ્રધાન મંત્રીનાં આ વચન મેં ... કર્યાં. તત્કાલ દેવું ... ... આપ્યું. જ્યારે મેં હાથમાં ... લીધું, તે વખતે તે ચતુર મંત્રીએ મારો ... ... મારૂં નામ ... ... મારૂં ... નામ ... તે ... હું ... તે ... ... ઉપર મારો પુરપ્રવેશ ઉત્સવ કર્યો. કનકપુરની પ્રજાએ ઉમંગથી ... તે પ્રસંગે ... આનંદ ... ... અને ... ... મારો રાજ્યાભિષેક ... ... હતો.

મિત્ર! કનકપુરની ... ... અને ... ઉપર ... અને ... ... અને ... ' કનકપુરનું રાજ્ય ... ' એમ કહેતા હતા. કોઈ ' કનકપુરની ભૂમિ ... છે ' એમ ઉંચે સ્વરે ... હતા. ... અને ... કહેતા કે, ' આ ... રાજકુમાર છે. ' ... ... છે ... ... અને ... ... આનંદ ... અને ... ... કહેતા ... તેઓ અને ... ... હતા.

आचारः कुलमाख्याति देशमाख्याति भाषणम् ।
संभ्रमः स्नेहमाख्याति वपुराख्याति भोजनम् ॥ १ ॥

આચાર કુળને કહી આપે છે, ભાષણ દેશને જણાવે છે, સંભ્રમ સ્નેહ દર્શાવે અને રૂપ ભોજન-ખોરાક જણાવે છે.

મિત્ર ! વધારે શું કહું ? મારે માટે લોકોએ સારો વિચાર બાંધ્યો. હરિણ માછીની જેમ મારા પુણ્યે મને ઉન્નતિ ઉપર મુકી દીધો. કનકપુરની પ્રજાને અને રા કુટુંબને હું ઘણોજ પ્રિય થઇ પડયો. એક વખતે કનકપુરમાં ગાયકોનાં વૃંદ આવી ચ તેઓએ રાજ્યદ્વાર આગળ આવી ગાયન કરવા માંડયું. ગાયન પૂર્ણ કર્યા પછી એક ચ ગાયક નીચેનું કવિત ઉભો થઇને બોલ્યો—

છપ્પો.

નગર કુશસ્થલ જ્યાં, સૂર્યવતી રાણી કાંત હા,
પ્રતાપસિંહ જસ નામ, તેજ પ્રતાપ મહંત હા,
શોકય પુત્રની ભીતિ, રીતિ જાણીને મૂકે;
નિજ વાડીમાં ફુલ, પગરમાં બુદ્ધિ ન ચૂકે,
લક્ષ્મીદત્ત શેઠે મેળ્યો, કરી વૃદ્ધિ તિહાં અતિ ઘણી,
કર્યું નામ શ્રીચંદ્ર તસ, કળા સર્વ તેણે ભણી. ૧

રાધાવેધ વિમાન, પદ્મિની નારી જેણે પરણી,
વીણારવે દાન, તુરગ રથ કનક ન ગણી,
નીશાન્યા છે નવા, ભાગ્યથી ગણતા આગર,
ક્રમાનુક્રમ ગુણ ગાતા, સાગરથી દક્ષ્ય નાગર,
જ્ઞ દાન નહિ ... કહે ગુણી તસ આગળ,
જઇ કહે અમ નાયકે, લેઇ દાન તમ જસ ...૨

આ કવિત્ત સાંભળતાં લક્ષ્મણ મંત્રીએ માન સામું જોયું, તે વખતે સ્વપ્રશંસા સાંભળી હું નીચું મુખ કરી રહ્યો હતો અને તેમ રહેલો જોઇ, લક્ષ્મણે ચિંતવ્યું કે પોતાના ગુણની પ્રશંસા સાંભળી ઉત્તમ પુરુષ નતમુખ થાય છે, તેથી જરૂર આ પોતે શ્રીચંદ્ર હશે. આવું ચિંતવી મંત્રી હૃદયમાં સંતોષ પામ્યો. પછી અમો બન્ને આ નગર છોડી સેના લઇ અયોધ્યા તરફ જવા નીકળ્યા છીએ. અહીં તમારો સમાગમ થયો તેથી અમારું અંતઃકરણ કૃતાર્થ થયું છે. મિત્ર ! આ પ્રમાણે મારો આજ સુધીનો વૃત્તાંત છે. હવે ચાલો, આપણે કનકપુરની રાજધાનીમાં જઇએ. પછી લક્ષ્મણ મંત્રીએ ઉભા થઇ અંજલિ જોડી ગુણચંદ્રને કહ્યું, અહો ! તમારા દર્શનથી મને ઘણો આનંદ થયો છે. આપ અમારા મહારાજના મિત્ર છો, તે જાણી વળી વિશેષ હર્ષ ઉત્પન્ન થાય છે, તેને કૃપા કરી મહારાજની સાથે રાજધાનીમાં પધારો, અને મહારાજના મુખ્ય મંત્રીની પદવી ... કરો. તમારા જેવા ચતુર અને નિર્મળ મતિના યોગથી મહારાજ શ્રીચંદ્રનું રાજ્ય ... શોભા પ્રાપ્ત કરશે; એટલુંજ નહીં, પણ આ રાજ્યતંત્રમાં તે અતિશય ઉન્નતિ ...

કરશે. ઇત્યાદિ મંત્રીના વચનને શ્રીચંદ્રે અનુમોદન આપ્યું. અને ગુણચંદ્રને મંત્રીપદ લેવાનો અતિ આગ્રહ કર્યો. પોતાના ઇષ્ટ મિત્રના આગ્રહથી ગુણચંદ્રે મંત્રીપદ સ્વીકાર્યું. પછી તેઓ બધા કનકપુરમાં આવ્યા. શ્રીચંદ્રે મોટી દરબાર ભરી ગુણચંદ્રને મંત્રીશ્વરની પદવી આપી. પ્રજા વર્ગને પોતાના ઇષ્ટ મિત્રની ઓળખાણ કરાવી. કનકપુરના રાજ્યનું સર્વત્ર આનંદ મંગળ રહ્યો.

મહારાજા શ્રીચંદ્રે કનકપુરના રાજ્ય ઉપર સારી છાપ બેસારી. ગુણચંદ્રે પણ જિનપદને ભાવથી દીપાવ્યું. મહારાજાની આજ્ઞાથી કનકપુરનું રાજ્ય એક નમુનાદાર ધર્મરાજ્ય બની ગયું. રાજ્યમાં સર્વ પ્રખ્યાત સ્થળે દાનશાળાઓ, જ્ઞાનશાળાઓ અને ધર્મશાળાઓ રચાવી, જૈન પર્વના દિવસોમાં અમારી ઘોષણા કરાવવા માંડી. પોતાની પ્રજામાં સાત વ્યસનને નષ્ટ કરવા, વેશ ઉપાયો યોજ્યા, સ્થળે સ્થળે દુઃખી જૈનોના ઉદ્ધારને માટે નવાં ખાતાંઓ ઉઘાડ્યાં. જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. કોઈ સ્થળે નવાં જિનાલયો પણ સ્થાપિત કર્યાં. મુનિઓના વાસ માટે ઉત્તમ ઉપાશ્રય અને પૌષધશાળાઓ સ્થાપી. જૈન અતિથિઓને દાન આપવાને જૈન દાનશાળાઓ મોટા પાયા ઉપર સ્થાપિત કરી.

અતિથિઓને સદુપદેશ કરવાને શ્રાવિકાશાળાઓ પણ મોટા શહેરોમાં ગોઠવી. આવી ઉત્તમ રાજ્ય પદ્ધતિ કરી શ્રીચંદ્ર રાજાએ સારી સત્કીર્તિ સંપાદન કરી, તેનું વર્તમાન ભારતવર્ષ ઉપર યશ લખ્યું. પ્રત્યેક દેશમાં તેની સત્કીર્તિ ચંદ્રિકાના જેવી ઉજ્વળ થઈ નગરમાં વ્યાપી. આવું રાજ્ય અને મંત્રીનું જુગલ જોઈ, કનકપુરની પ્રજાને વધારે આનંદ રહે છે.

પ્રકરણ ૫૮ મું.

વસંત વિનોદ.



પ્રિય કુદરતી સૌંદર્યને ખીલવનાર વસંતઋતુ વિશ્વને વિનોદ આપવાને પ્રવર્તી છે. વનલીલાએ પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું છે, ચારે તરફ વનનાં વૃક્ષોએ નવપલ્લવી પોષાક ધારણ કર્યો છે. ઉદ્યાનના મહાવૃક્ષમાં હરીઆળી શોભી રહી છે. કોકિલાઓ ઉંચે સ્વરે વસંતરાજના છડીદારનું કામ કરે છે. ભ્રમર મધુકરો મધુર ગુંજારવથી મહાનંદ કરી રહ્યા છે. કામીઓના ... ઉપર ગુંજારવ કરી રહ્યા છે. વસંતવિહાર કરવા આવેલા ... અને સુગંધી મેંદીએ મનોહર દેખાવ કિશોરોના હૃદયને આકર્ષે છે. ... વસંતનો વખતને અનુમોદન આપે છે. વિવિધ જાતના રસો વિવિધ વિલાસ કરી ... ને વધારે છે. મધુર ... ચોતરફ ... મેદુ ... કરે છે.

પંચમ સ્વરનો મહાનાદ પ્રત્યેક સ્થળે થઇ રહ્યો છે, નવપલ્લવની શોભાથી સુશોભિત થયેલ વનશ્રેણી વસંતની શોભાને વધારે છે.

આ વખતે કનકપુરનો મહારાજા શ્રીચંદ વસંતની વનલીલા જોવાને ઉત્સુક થયે હતો, તેના હૃદયમાં પોતાના પ્રિય મિત્ર ગુણચંદ્રને આનંદ આપવાની ઇચ્છા હતી, પોતાને માટે અથાગ શ્રમ લઇ દેશાટન કરનાર ગુણચંદ્રને વસંતના વિનોદથી આનંદ આપવો આવો તેણે નિશ્ચય કર્યો હતો.

પ્રાતઃકાળની નિત્યક્રિયા કરી નિવૃત્ત થઇ શ્રીચંદે પોતાના મિત્ર ગુણચંદ્રને સભા મંડપમાં બોલાવ્યો. ગુણચંદ વિનયથી નમ્ર થઇ ઉભો રહ્યો. શ્રીચંદે કહ્યું મિત્ર ! આજ કાલ વસંતઋતુ ચાલે છે, સર્વ ઋતુઓમાં વસંતને ઋતુરાજની પદવી મળી છે, એ વિલાસી ઋતુમાં વનલીલાનો આનંદ મેળવવાની મારી ઇચ્છા થઇ છે. તમારા જેવા પ્રેમી મિત્રને લઇ, વનલીલાનો અનુભવ કરવા અને આત્માને ઉત્તમ આનંદ આપવા મારી મનોવૃત્તિ પ્રવૃત્ત થઇ છે. આજે ઘણે દિવસે આ મહા લાભ પ્રાપ્ત થયો છે. મિત્રગોષ્ટીની મહત્તા સંપૂર્ણ મોટી છે, મિત્રોનો આનંદ અલૌકિક છે, મિત્રધર્મની મહત્તા આવા મધુર સમયમાંજ દેખાઇ આવે છે. આ સમયનો સુખાનંદ સંપાદન કરવાને આપણે સંપૂર્ણ ભાગ્યશાળી થયા છીએ. મિત્રવર્ય ! આ દિવ્ય સમયનો લાભ લેવા આપણે ચુકવું ન જોઇએ. વનલીલાની કુદરતી શોભા મિત્રની સાથે જોવાની મને ઘણી હોંસ છે. વનનું સૌંદર્ય વસંતને દીપાવે છે, વસંતનો મહાનંદ દિવ્ય દર્શન આપે છે મિત્ર ! ચાલો, એ અલૌકિક આનંદ લઇએ. વનની મનોહર શોભા તમારા નેત્રને તૃપ્ત કરશે, પુષ્પોની તરબદાર ખુશબો તમારી ઘ્રાણેંદ્રિયને સંતુષ્ટ કરશે, કોકિલાનો પંચમ સ્વર તમારા શ્રવણને આનંદ આપશે, સ્વાદિષ્ટ વનફળો તમારી રસનાને માધુર્ય આપશે, અને વનનો શીત, મંદ તથા સુગંધી પવન, તમારા અંગને સુખ સ્પર્શ થશે મિત્ર ! વિવિધ જાતના વન, પશુઓ, અને પક્ષીઓની ક્રીડા જોઇ તમારું કૌતુક પૂર્ણ થઇ જશે. પાથેય ભોજન લઇ, અને ઝરણાના કુદરતી જળનું પાન કરી, તૃપ્ત થયેલા પથિકજનો છાયાદાર વૃક્ષોની નીચે બેઠેલા જોઇ, તમને અતિ આનંદ ઉત્પન્ન થશે. આમ્ર વૃક્ષોની ઘટા નીચે રામત લઇ રમત કરતી, નાગની બાળિકાઓ તમારાં નયનને કૌતુક આપશે. વડના વૃક્ષ નીચે વડવાઇના હીંચકા ઉપર હીંચતા બાળકોને જોઇ તમને ઘણી ગમત પડશે, વેણુમાંથી નીકળતા મધુર સ્વર સાંભળી તમને અતિ વિનોદ થશે. મિત્રમણિ ! ચાલો, સત્વર તૈયાર થાઓ. વસંતઋતુનો વિનોદ અનુભવી જીવનના સુખમાં વધારો કરો. કનકપુરની વનશોભા દર્શનીય છે, આ દેશ રસપૂર છે, અનેક જાતના અભિનવ ઔષધિઓ આ દેશમાં ઉત્પન્ન થાય છે વનના વિલાસી પ્રદેશો આ દેશ સર્વ દેશોથી ચઢીયાતો છે, વિવિધ જાતની ફળ સમૃદ્ધિ આ દેશની ભૂમિને અલંકૃત કરે છે, કનકપુરની પ્રજા વસંતના વિલાસનો યથાર્થ અનુભવ કરે છે, અહીંના લોકોમાં વનવિલાસ પ્રધાનપણે રહેલો છે. વનની રમણીયતાનો લાભ લેવાને રમણીય વનં સંચરે જાય છે. વસંતનો વરિષ્ટ મિત્ર કામદેવ, આ ઋતુને શૃંગારની સહાય આપે છે; તેથી દંપતી વસંતનો વિલાસ ઉત્સાહથી ભોગવે છે. કનકપુરની કામિનીઓ વસંત વિલાસ ...

જેરામને વિ[illegible] છે. મિત્ર ! જેવી રીતે [illegible] પ્રકૃતિ વસંતમાં [illegible] છે, તેવી રીતે [illegible] પણ વસંતમાં [illegible] છે. વસંતની શોભિત પુષ્પ [illegible] મિત્ર પ્રેમિકાની પ્રેમ કરે છે. પુષ્પોની સુગંધી [illegible] મિત્ર [illegible] ઉત્તમ પ્રકારની [illegible] રહે છે; [illegible] પુષ્પોની [illegible] કરી [illegible] છે.

જેરામનાં આવાં વચન સાંભળી ફૂલચંદ બોલ્યો, મિત્ર મહારાજ ! તમે વસંતનું વર્ણન કર્યું. તેવો રંગ હું મનમાં [illegible] નથી, પણ [illegible] મિત્ર મિત્રની સાથે રહી, [illegible] અને મનમાં [illegible] છે. [illegible] આનંદ [illegible] છે. [illegible] વસંત વિલાસ કરવું [illegible] મિત્ર [illegible] હું મિત્ર [illegible] આનંદ [illegible] નથી. [illegible] હું [illegible] મને [illegible] છે. [illegible] મને વસંત વિલાસ [illegible] મિત્ર ! [illegible] આનંદ [illegible] છે. [illegible]

ફૂલચંદ જેરામનાં આ વચન સાંભળી [illegible] ખુશી થયો, [illegible] તૈયારી [illegible] કરી, [illegible] અને [illegible] તૈયારી [illegible] સુંદર [illegible] હતી. [illegible] અને [illegible] હતા. [illegible] હતી, [illegible] હતા, [illegible] અને [illegible] હતાં. [illegible] હતા, [illegible] અને [illegible]

વિયોગી દંપતિઓને ઉન્માદ, મોહ, અને શૌચ્ય દશાને પમાડતો હતો. પંચમ સ્વરને શ્રવણ કરી સચેત પ્રાણીમાં વિકાર ઉત્પન્ન થતો હતો, સંયોગીને સુખ અને વિયોગીને દુઃખ પ્રાપ્ત થતાં હતાં, વસંતનો વન વૈભવ જોઇ માનિનીઓનું માન ઉતરી જતું હતું. મેનાં, પોપટ, કોયલ, અને મોર સુંદર ક્રીડા કરતાં હતાં.

જળાશયોમાં દંપતિ જળક્રીડા કરતાં હતાં, પરસ્પર જળની પીચકારી મારી અતિ આનંદ લેતાં હતાં, કોઇ કેશર જળની પીચકારી ભરી સૂક્ષ્મ વસ્ત્રપર છાંટતાં હતાં.

આ દેખાવ જોઇ બન્ને મિત્રો અતિ આનંદ પામ્યા, અનેક જાતની વનની ક્રીડાઓ કરી હૃદયને વિનોદ આપવા લાગ્યા. વસંતવડે પ્રદીપ્ત થયેલી વનની શોભા જોવાને વનભૂમિમાં ફરવા લાગ્યા. કોઇ સ્થળે કોકિલાનો પંચમ સ્વર, કોઇ સ્થાને વનવાસીઓના મુખથી હોરીનાં ગીત, અને કોઇ સ્થળે વેણુ ગાન સાંભળી, તેઓ અતિ હર્ષ પામ્યા. વસંતથી સુશોભિત વનભૂમિમાં વિચરતા બન્ને મિત્રો પરસ્પર વાર્તાવિનોદ કરતા હતા, કોઇ સ્થળે અભિનવ કૌતુક જોઇ, તેઓના હૃદયમાં અતિ આનંદ આવતો હતો. વસંતના વિહારથી મનોવૃત્તિને પ્રસન્ન કરતા તેઓ ઘણીવાર સુધી વનભૂમિમાં ફર્યા, અને ગીત નાદના વિનોદથી તેમણે પોતાનો કાળ નિર્ગમન કર્યો.

સત્પુરૂષોનો સમય શ્રેષ્ટ આનંદમાજ વ્યતિત થાય છે; તેઓની મનોવૃત્તિમાં દુરાચાર પ્રવેશ કરી શકતો નથી. દુરાચાર, અનીતિ, વ્યસન, દુઃશ્ચેષ્ટા, અને કુવિચારનાં પ્રતિબિંબ તેઓના હૃદયરૂપ દર્પણમાં પડતાંજ નથી, કુસંગ તેમનાથી ઘણોજ દૂર રહે છે, આસક્તિ તેમના અંગને સ્પર્શ કરી શકતી નથી, લંપટપણું તેમનાથી દૂર નાસે છે, ક્રોધ તેમનામાં આવી શકતો નથી, માન તેઓનુ માન ગળે છે, માયા-કપટ તેનાથી અંજાઇ જાય છે, અને વિરોધ તેમની સાથે વિરોધ કરે છે. આવા સત્પુરૂષોનો કાળ નીતિના, મંત્રોના, અને શાસ્ત્ર તથા ગીતોના વિનોદથી નિર્ગમન થાય છે. તેને માટે સાહિત્યકાર નીચેનું પદ્ય પોકાર કરી કહે છે.

गीत नाद विनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन हि मूर्खाणां निद्रया कलहेन च ॥ १ ॥

બુદ્ધિમાન્—સત્પુરૂષોનો કાળ ગીત નાદના વિનોદથી નિર્ગમન થાય છે, અને મૂર્ખ લોકોનો કાળ વ્યસન, નિદ્રા અને કલેશ—કંકાસથી જાય છે.

આ પ્રમાણે કનકપુરપતિ શ્રીચંદ્ર અને ગુણચંદ્ર મંત્રિનો સમય, વસંતના વિનોદથી પ્રસાર થતો હતો. તેઓ પૂર્વની વાર્તાઓ કરી, પૂર્વ ચરિત્રો સંભારી, વિવિધ જાતની ગમત કરતા હતા; તે સાથે સમસ્યા, પાદપૂર્તિ, અને ચમત્કારી કવિતાઓનો વિનોદ પણ કરતા હતા. ઘણી વાર સુધી કનકપુરની વનભૂમિમાં વિહાર કરી, તે બન્ને પોતાની રાજધાનીમાં પાછા ફર્યા. શ્રીચંદ્રે ગુણચંદ્રના આત્માને સર્વ પ્રકારે તૃપ્ત કરી દીધો. પોતે કરેલા

ધમનો જાણો તેને આ સમયમાં વાંચી આપો. રાજાસિંહ, અને અધિકારના સુખ-
સ્વાદ થઇ, ગુણચંદ આત્મજીવનને કૃતાર્થ કરતો હતો. મીરસંગના પુત્રનો પ્રભાવ જોઇ તે
હૃદયમાં આર્હત ધર્મ ઉપર અતિ શ્રદ્ધા થતી હતી. ધર્મનો પ્રભાવ, ધર્મની મહત્તા, ધર્મ-
નિ શક્તિ અને ધર્મનું ઉત્તમ પરિણામ જોઇ, ગુણચંદ હૃદયમાં અતિ થઇ આનંદ પામ-
તો હતો, અને તે નીચેનું ગીત ગાઇ ધર્મની પ્રશંસા કરતો હતો—

ધર્મગીત.

[રાગ ધન્યાશ્રી]

આતમા હિત કરી ધૈર્ય ધરી ધર્મ કરી, કર્મના મર્મની કોટિ કાંજે;
સહજ સુખ અનુસરે, પ્રાણીઓ ભવ તરે, ધર્મ ભવતરણનો પ્રવર કહાંજે. આતમા૦ ૧
ધર્મ તે વિશ્વનો એક આધાર છે, સદ્ગુરુએ કહ્યો ધર્મ તારે;
ધર્મ તે દમ ને સાચના દેનથી, અશુભ અતિ હેતમાંથે નિવારે. આતમા૦ ૨
સંત તે સત્ય કરી ધર્મને સદ્દહે, ધર્મ તે સંત આધાર કહિયે.
એમ અન્યોન્ય આશ્રયકરી ધર્મની, વાસનાએ કર્મની કોટિ દહિયે. આતમા૦ ૩
ધર્મનું મૂળ તે પરમ સંતોષ છે. વિષય જયથી સદા તેહ વધે,
વિષયનો જય હોવે તપ અને દાનથી, તેહ અભિમાન નિર્જર કહાવે. આતમા૦ ૪
તેહ તપ શ્રીપતે પૂર્વ ભવ નિર્મળો, અંતિમ વર્ધમાનજિનપાનો,
એરવત ક્ષેત્રમાં દેહ ધીનક રૂપ, સુખ લહ્યા ભરતમાં સાચવાનો. આતમા૦ ૫
સૂરી શ્રી ઉદયપ્રભ એમ ભાખીયું, પૂર્ણ અધિકાર એ ધર્મનો જોવે,
દૃઢ ભાવે કરી ભક્તિ ધરો હિત ધરી, એહ સમ અવર રસ નહિ હોવે. આતમા૦ ૬

ઉપરનું ગીત ગાઇ પછી તેના આત્મામાં ધર્મસ્વરના વિશેષ પ્રકટ થઇ આવી.
ઊર્ધ્વ ઉપર ધર્મના હૃદય ... સદ્ભાવ થઇ ગઇ. પુન તે નીચેનું લખતું પદ
ગાતો—

शिखरिणी.

जगदर्नाधारं त्वत्सदृशपरयोगस्थिरतनु
मितन्मन्त्राः संत्रस्तदरि सुन्नसंतोषसदनम् ।
म संतोषः नेत्रद्विविषयविजयोत्तानितनय
स्वरः साध्यः सोऽपि समवति वर्धमानादिव ॥ १ ॥

આ જગત્ ધર્મને આધારે છે, તે ધર્મ સત્પુરૂષોના ઉપયોગમાં સ્થિર છે, તે સત્પુરૂષો સત્યવાળા હોય છે. તે સત્ય સુખ તથા સંતોષને વશ છે, તે સંતોષ વિષયના વિજયથી જયવંત છે, અને તે વિષયનો વિજય તપને સાધ્ય છે, તેથી આ બધો તપનો વૈભવ છે. ૧

આ પ્રમાણે કનકપુરમાં શ્રીચંદ્ર અને ગુણચંદ્ર રાજ્ય વૈભવ ભોગવી આનંદ લેતા હતા, તે સાથે આર્હત ધર્મની ઉપાસના કરી જૈન જીવનને કૃતાર્થ કરતા હતા.

ખંડ ત્રીજો સમાપ્ત.

ચતુર્થ ખંડ.

પ્રકરણ ૫૫ મું.

માતૃ મેળાપ.



પ્રાતઃકાળનો સમય હતો, વૃક્ષમાંથી પક્ષીઓ જાગ્રત થઇ પ્રભાત ગીત ગાતાં હોય તેમ દેખાતાં હતાં, પૂર્વ દિશાએ અરૂણને ઉત્સંગમાં લીધો હતો, આ સમયે બે મુસાફરો એક યક્ષ મંદિરમાં રાત્રિ વાસ કરી, જાગ્રત થયા હતા. મંદિરની બાહેર આવી તેઓ વનભૂમિનું સુંદર પ્રભાત અવલોકતા હતા, એક બીજાને વનનું પ્રાભાતિક સૌંદર્ય દર્શાવી વિનોદ મેળવતા હતા. યક્ષ મંદિરની જરા બાહેર આવી તે મુસાફરો આગળ ચાલ્યા; ત્યાં એક સુંદર પોશાકવાળી સ્ત્રી જોવામાં આવી. સ્ત્રીની વય પ્રૌઢ હતી, શરીર ઉપર સૌભાગ્યનું તેજ પ્રકાશતું હતું, તેણીનો દેખાવ રાજકુટુંબની સ્ત્રીના જેવો દેખાતો હતો, તેણીએ ધારણ કરેલા દિવ્ય વસ્ત્ર દ્રષ્ટાના નયનને આકર્ષતાં હતાં, તે પ્રૌઢ રમણી સગર્ભા હતી, ગર્ભના ગૌરવથી તે મંદમંદ ચાલતી હતી.

આ બન્ને પુરૂષોને જોઇ તે રમણી તેમની તરફ વળી; જાણે તેમનું શરણ લેવા ઇચ્છતી હોય, તેમ તે અતિ પ્રયાસથી તેઓની સામે આવી. જેમ જેમ નજિક આવતી ગઇ, તેમ તેમ તે મુસાફરો તેની સામે વિલક્ષણ દ્રષ્ટિએ જોવા લાગ્યા. તે જોતાંજ પેલા મુસાફરોમાંથી એક જણ તેણીની આગળ ધસી આવ્યો, અને તરતજ તે પવિત્ર પ્રમદાના ચરણમાં નમી પડ્યો, અને વિનયથી બોલ્યો—માતા ! તમે અહીં ક્યાંથી ? ઘણા દિવસ થયાં માતૃવિયોગથી પીડિત એવા આ પુત્રને આવો અચાનક લાભ ક્યાંથી હોય ? ખરેખર મારા પુણ્યનો ઉદય થયો છે. ગઇ રાત્રે એક ઉત્તમ સ્વપ્ન આવ્યું હતું, તે મને આજે

નંદનજ સફળ થયું. એ સમયમાં જે પોતાનો મહા લાભ મુકેલો હતો, તે મહા લાભ મને અકસ્માત્ પ્રાપ્ત થયું જાણો. પ્રભુજી ! આજે આ સેવક કૃતાર્થ થયો છે. આજ જીવનની સફળતા થઈ છે. માત ! તમારો પૂર્ણ આશીર્વાદ પ્રાપ્ત થયો છે. માતનું દર્શન એ પુત્રને પરમ લાભકારી છે. આ પુત્ર ખરેખર ધન્યભાગ્ય ભાગ્યશાળી જનનીનો પુત્ર વાત્સલ્યથી ભરપૂર થયો છે. માતાની પૂર્ણ ભક્તિ કરનારો પુત્રજ પુરૂષોત્તમ પાત્ર છે. પુત્રની પૂજ્ય માતૃભક્તિમાંજ જીવન તમારો પુત્ર શ્રીચંદ છું. આ મારો મિત્ર ગુણચંદ છે. અરજ્જુ માત ! હું સૌ સહિત થઈ ગઈ, તેના સ્તનમાંથી પવિત્ર દુગ્ધ વહ્યું. પુત્રનો પવિત્ર પ્રેમ સાંભળતાંજ તે પ્રત્યક્ષ દેખાતો. સ્વરૂપવાન સંયમ ધારતી અને નેત્રમાંથી પ્રેમાશ્રુ વર્ષાવતી, તે સ્ત્રી પુત્રને મેળવી બોલી. વત્સ ! આ અરણ્યમાં ક્યાંથી આવ્યો ! આજ એક વર્ષ થયાં તારા વિયોગથી હું દુઃખી છું. તારા પિતા અને રાજનીતિ અને રાજમહેલ ત્યજ હતું, કુશસ્થલી રાજધાની અને રમણીય જેવી ધારતી હતી. આજે તારાં દર્શન કરી સુવર્ણનું હૃદય દેખ કુંડમાં મને થયું છે. જો કે હું અત્યારે રાજધાનીથી વિખુટી પડી છું. તારા વિના મારે અને તે કેટલાં હશે, તથાપિ તારા દર્શનથી મારું તે દુઃખ વિનષ્ટ થઈ ગયું છે. મારા દુઃખનો અંત હવે પ્રાપ્ત થયો છે, અને દુઃખ આપનારને હું અત્યારે ઉપકાર માનું છું. કર્મની વિચિત્રતા આશ્ચર્ય છે. તેના યોગથી રૂપાંતર દુઃખ પણ હોવું કારણ થઈ પડે છે. પુત્ર ! આ અમારી મેળાપનો હેતુ શો હશે ! ગમે તે હેતુ હોય, પણ તે આ વખતે આનંદદાયક થઈ પડ્યો છે.

આ પ્રમાણે કહી સુવર્ણાએ ગુણચંદને કહ્યું, વત્સ ! તારા મિત્ર ધર્મને ધન્યવાદ આપું છું. તેં આ રીતે મિત્ર સમાગમનો લાભ મેળવ્યો ! મિત્રની પરીક્ષા ખરી થઈ, ખરી નૈષ્ઠિકતા જેવા મિત્ર વિપત્તિમાં મિત્ર છે. મિત્રનું માહાત્મ્ય તું એકજ જાણે છે. વત્સ ! તારો રત્ન અમારી હરણ દાન છે, તે ઠેઠ મસાણે આવી ઘટ્યો. આ પ્રમાણે સુવર્ણાએ ગુણચંદને કહ્યું. એટલે ગુણચંદ નમ્ર થઈ બોલ્યો, માતુશ્રી ! મને ધન્યવાદ આપો છો, તે કાંઈ યોગ્ય નથી, મેં કાંઈ પણ કર્યું નથી. યથાશક્તિ મેં ઉપકારને માટે જે અમારી વૃત્તિનો કરી આવ્યો છે, તેમની પુણ્ય સમૃદ્ધિ મોટી જ્યાં તે મારા એક સત્કર્મને મોટી બોલાવે છે, એટલુંજ નહીં, પણ એક પોતાના સહેદર પણ જેવે તે મને ગણે છે. એવા સત્પુરૂષ મારે જીવન કૃતાર્થ છે, શ્રીચંદ જેવા કૃત-જ્ઞ મિત્ર અત્યારે દેવરૂપ હતા તે હમેશ મિત્રની મમતા ધરનાર જેવા દોર મિત્રને ધન્યવાદ ઘટે છે.

આ પ્રમાણે સુવર્ણાની સાથે વાર્તાલાપ થતો હતો, ત્યાં શ્રીચંદે પ્રશ્ન કરી આ-ને પૂછ્યું. માત ! તમે આ સ્થાને ક્યાંથી આવ્યાં ! મારા પિતાશ્રી ક્યાં છે ! કુશસ્થલી-ની અહીં આવવાનું શું પ્રયોજન છે ! તમારી સાથે કેમ કોઈ પણ રાજપરિવાર કેમ નથી ! સંબંધી કોણ—કેમ ' વગેરે ખરે ખેદ મને અહીં દૂર થઈ રહ્યો છે. કેમ તારી કુ-

૩.

પિતાના કહેવાથી તું મારો પુત્ર છું, એવું મને હમણાં જ જ્ઞાન થયું છે. તું ગુમ થયો. ત[illegible] મને અપાર દુઃખ થયું હતું. હું હમેશાં તારું સ્મરણ કરીને દિવસ નિર્ગમન કરતી હતી. [illegible]ક દિવસ પહેલાં એવું બન્યું કે, ગર્ભના પ્રભાવને લઇ મને એવો દોહદ થયો કે, હું રુધિરની વાપિકામાં એકલી સ્નાન કરૂં. આ દોહદની વાર્તા મેં તારા પિતાને જણાવી. તેમ[illegible] મારો દોહદ પૂર્ણ કરવાને મંત્રીને યુક્તિ રચના કરી. કુશસ્થલીના વનમાં એક વાવ હત[illegible] તેમાં અલતાનો રસ નખાવ્યો, તેથી તે રુધિરની વાપિકા હોય, તેવી થઇ ગઇ. પછી મ[illegible] સુભટોની સાથે ત્યાં સ્નાન કરવા મોકલી. સુભટો મારાથી દૂર રહ્યા, અને હું એકલી [illegible] વાપિકામાં સ્નાન કરવા ઉતરી. ઘણીવાર રુધીરની બુદ્ધિએ તેમાં ક્રીડા કરી, મેં મારો દોહદ પૂર્ણ કર્યો. રુધિરના સ્નાનથી તૃપ્ત થઇ હું તે વાપિકાના કાંઠા ઉપર બેઠી. મારાં વસ્[illegible] અલતાના રસથી રાતાં થઇ ગયાં હતાં, તેવામાં આકાશમાંથી ઉડતા કોઇ ભારંડપક્ષીએ મ[illegible] ત્યાં રહેલી દીઠી. રુધીરમય દેખાવ ઉપરથી માંસની બુદ્ધિથી તે પક્ષી મને ત્યાંથી ઉપ[illegible]ડીને ઉડ્યું. મારો પોકાર સાંભળી સુભટો શસ્ત્ર લઇ દોડી આવ્યા, પણ તેઓ બધા નિ[illegible]ષ્ફળ થયા. આખો દિવસ અને રાત્રિ આકાશમાં ભ્રમણ કરી, તે પક્ષીએ મને જીવત[illegible] જાણી કોઇ વનમાં શિલા ઉપર છોડી દીધી. હું ' नर्पोऽहंकृत्यः ' એ મહાવાક્ય બોલતી [illegible] ત્યાં પડી. મને વાગેલું મને જરા પણ ભાન રહ્યું નહીં, તે ભયંકર અરણ્યમાં શીકારી પ્રાણીઓના શબ્દ સાંભળી હું ઘણો ત્રાસ પામી. પછી ધીરે ધીરે કંપતી હું તે અટવીમાં[illegible]થી નાસવા લાગી, અનુક્રમે આ સ્થળમાં આવી પહોંચી. પુત્ર ! સારા ભાગ્ય યોગે અહીં [illegible] તમારો મેળાપ થયો. મેં [illegible] મ[illegible] તેમ પ્રકારનો બદલો મળ્યો. સુકર્મના પ્રભાવથી મારે હવે [illegible] હવમાં તારા પિતાને માટે ચિંતા થય[illegible] કરે છે. [illegible] હજુ તારા [illegible] પીડા તેઓ અનુભવે છે, તેના [illegible] કુશસ્થલી રાજધાનીમાં [illegible] દુઃખ [illegible] હશે. પુત્ર ! હવે ત્યાં સત્વર પહોંચવાને ઉપાય કરવો જોઇએ.

વીરકુમારે માતાને નમન કરી કહ્યું, માતા ! તમારું અને પિતાનું કષ્ટ સાંભળી મને ઘણું દુઃખ થાય છે, હવે તે દુઃખ દૂર કરવાને આપણે સમર્થ થઇ શકીશું. ચિંતા કરશો નહીં. [illegible] તમારું દર્શન થયું [illegible] આત્માને ભાગ્યવાન માનું છું. [illegible] છે. [illegible] રહેલી હોય છે. [illegible] હોત, તો મને તમારું દર્શન ક્યાંથી [illegible] અનુકૂળ થયું છે. માતા ! તમારો ઉપકાર અપાર છે [illegible] માતાના [illegible] નથી. માતાનું [illegible] અને [illegible] છે. એમ નીતિશાસ્ત્ર જણાવે છે. તે [illegible] છે. [illegible] છે. [illegible] પુત્રની [illegible] છે, તેનું [illegible] રહેલું છે.

ऊढा गर्भप्रसवसमये दुःसहमत्युग्रशूलं
पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ।
विष्ठामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्य माता
त्रातः पुत्रः कथमपि यया स्तूयते सैव माता ॥ १ ॥

માતા ગર્ભના પ્રસવ વખતે અતિ ઉગ્ર શૂળ વિગેરેનું દુઃખ સહન કરનારી છે; પછી પથ્ય આહાર કરાવવો, સ્નાન કરાવવું, સ્તન પાન કરાવવું, વિષ્ટા અને મૂત્ર વિગેરે મલિનપણામાંથી રક્ષણ કરવું, એમ કષ્ટ પામી માતા પુત્રની રક્ષા કરે છે. તે માતાની સ્તુતિ કરવા દેવામાં શી નવાઈ !

માતાજી ! તમારા ઉપકારનો બદલો પુત્રથી કોઈ રીતે વળે તેમ નથી. પુત્ર યાવજ્જીવિત સુધી માતાનો ઋણી છે. એવાં ઉપકારી માતાનાં આજે મને દર્શન થયાં. એ ભાગ્ય કેવાં ભાગ્ય ! આ પ્રમાણે કહી શ્રીચંદ પુનઃ માતાના ચરણમાં નમી પડ્યો. માતાએ હાથ ઝાલી બેઠો કરી પુત્રને ઉત્સંગમાં બેસાર્યો. માતાએ પ્રેમથી પુછ્યું. વત્સ ! તારું વૃત્તાંત શું છે ! અને આ ગુણચંદ્ર તને ક્યાં મળ્યો ! તે કહે. પછી શ્રીચંદ્રે ગુણચંદ્રના મુખ સામું જોયું, એટલે ગુણચંદ્રે તેનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પુનઃ સૂર્યવતીએ પુછ્યું. વત્સ ! આ રત્નને તમે ક્યાંથી લાવ્યા ! તે મને જણાવો. ગુણચંદ્ર બોલ્યો—માતા ! આ તમારા પુત્ર કનકપુરના રાજા થયા છે. અને હું તેમનો મંત્રી થયો છું. લક્ષ્મણ નામના એક જુના મંત્રીને કનકપુરના રાજ્યની સત્તા આપી, અમે બન્ને મિત્ર ફરવાને નીકળ્યા હતા. વેગવાળા અશ્વ ઉપર બેસી અમે બન્ને કનકપુરની બહાર નીકળ્યા, કેટલેક દૂર જતાં એક જંગલ આવ્યું, જંગલમાં ચાલતાં એક વૃક્ષ નીચે સુતેલો વૃદ્ધ અવસ્થાવાળો કાપડી જોવામાં આવ્યો, તેને જગાડી અમે તેની સ્થિતિ વિષે પુછ્યું, એટલે તેણે દીન સ્વરે કહ્યું, ભદ્ર ! હું દુઃખી છું. મને અતિસાર (ઝાડા) નો રોગ થયો છે, તેથી પીડિત થઈ હું આ વૃક્ષ નીચે અશક્ત થઈ પડ્યો છું. અહીં મારી સાર સંભાળ લેનાર કોઈ નથી, જો તમે કૃપા કરી મને સહાય કરો, તો હું તમારો ઉપકાર માનીશ. મારા આ કષ્ટસાધ્ય રોગનો કંઈ પણ ઉપાય કરો. હું લાંબા વખતને લઈને તે રોગની પીડા સહન કરી શકતો નથી.

તે વૃદ્ધ કાપડીના દીન વચન સાંભળી અમને ઘણી દયા આવી, અમે બન્ને અશ્વ ઉપરથી હેઠા ઉતર્યા, એ નિરાધાર કાપડીને રોગમુક્ત કરવાનો અમોએ નિશ્ચય કર્યો. તેને આશ્વાસન આપી કહ્યું, ભદ્ર ! ચિંતા કરશો નહીં, અમો તમારા રોગનો ઉપાય કરીશું. આ નિર્જન વનમાં બીજું કાંઈ સાધન નથી, પણ અહીંથી ... લોકોનાં ગામ છે, ત્યાંથી કોઈ ઔષધી લાવી, તમારી પીડા દૂર કરશું, તેવો વચન ... તે કાપડીએ કહ્યું, વત્સ ! તમારું કલ્યાણ થાઓ. મને અતિસારે વમન જેવા સ- ...ગી ગયા, તેથી હું અશક્ત છું. તમારા જેવા નિષ્કારણ ઉપકારી જોઈ, મને

પૂર્ણ આશ્વાસન પ્રાપ્ત થાય છે. તમારા જેવા ઉપકારી પુરૂષોથીજ આ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. જે પુરૂષોનો જન્મ બીજાના ઉપકારને માટે થતો નથી, તે પુરૂષનું જીવન નિરર્થક છે. એક નીતિજ્ઞ વિદ્વાન તેને માટે નીચે પ્રમાણે લખે છે.

याचमानजनमानसवृत्तेः
पूरणाय बत जन्म न यस्य ।
तेन भूमिरति भारवतीयम्
न द्रुमैर्न गिरिभिर्न समुद्रैः ॥ १ ॥

યાચના કરનાર માણસોના મનની વૃત્તિ પુરવા માટે જે પુરૂષનો જન્મ થતો નથી, તેવા પુરૂષવડે આ પૃથ્વી અતિ ભારવાળી છે. વૃક્ષોથી, પર્વતોથી, અને સમુદ્રોથી ભારવાળી નથી. ૧

તે વૃદ્ધનાં આવાં વચન સાંભળી અમોને ઘણી અસર થઇ. તત્કાળ અમે પાસેના બીજા લોકોના ગામમાં ગયા, અને અતિસારના રોગને નાશ કરનારાં ઔષધિ ત્યાંથી લાવ્યા. ઔષધનો ઉપચાર કરી મર્દનપૂર્વક સ્નાન કરાવી, તે ડોસાને સ્વસ્થ કર્યો. બે પહોરમાં તો તેનો રોગ મટી ગયો, અને તે સ્વસ્થ થઇ બેઠો થયો. તે વૃદ્ધ અમારી ઉપર ઘણો પ્રસન્ન થયો, અને તેણે ઝોળીમાંથી એક પાષાણ કહાડી અમોને આપ્યો, અને કહ્યું, ભાઇ! આ સ્પર્શમણિ છે. લોઢાને આ મણિથી સ્પર્શ કરશો, તો તે સોનું થઇ જશે. મને કોઇ મહાત્મા પાસેથી પ્રાપ્ત થયો છે. તમારે ઉપકારનો બદલો બીજી રીતે મારાથી વાળી શકાય તેમ નથી, તેથી આ એક ઉપકારની વસ્તુ તમને ભેટ કરી, હું મારા આત્મામાં સંતોષ માનીશ. ધર્મચંદ્રે તે મણિ લીધો નહીં અને કહ્યું, વૃદ્ધ! મનુષ્ય મનુષ્યનો જાતિ મિત્ર છે; દુઃખી જનને સહાય કરવી, તે પ્રત્યેક મનુષ્યના ધર્મ છે. કાંઇ પણ બદલો લેવાની ઇચ્છાથી અમે કર્યું નથી, માટે એ મણિ આપવાની કાંઇ જરૂર નથી. એવી ઉપયોગી વસ્તુની તમારે જરૂર છે. વૃદ્ધાવસ્થામાં દ્રવ્ય હોય, તો સારા થઇ શકો છો. માટે તમે તે લેવાનો આગ્રહ કરશો નહીં. તરતજ વૃદ્ધ સંભ્રમથી બોલી ઉઠ્યો, અરે ભાઇ! આ શું બોલો છો? મારો હાથ પાછો ઠેલશો નહીં. મારે હવે આ વસ્તુની જરૂર નથી, આ વસ્તુના અધિકારી તમેજ છો. તમો સર્વ રીતે સુપાત્ર છો. હું દાન બદલો આપતો નથી, પણ મારા એક નિર્મળ હૃદયનું ચિહ્ન સ્મરણ રહેવાને માટે આ વસ્તુની ભેટ આપું છું. જો તમે ન સ્વીકારો તો, તમને મારા સોગન છે. એમ કહી તે વૃદ્ધે અતિ આગ્રહ કરી, અમને તે સ્પર્શમણિ ભેટ કર્યો. તે પછી વૃદ્ધે જણાવ્યું મારે આયુષ્ય પૂર્ણ થયું છે, હવે હું આ શરીર છોડી દઉં છું, એમ કહી તે નીચે પડી ગયો. મૃત્યુ વખતે તેણે અમને સૂચના કરી કે, આ સ્પર્શમણિથી અગણિત દ્રવ્ય સંપાદન થશે, તેથી તે દ્રવ્યનો સદુપયોગ કરજો. [illegible] જનોને [illegible] કરજો. દીન જનોનો ઉદ્ધાર કરજો. ધાર્મિક [illegible] કરી જૈન વર્ગનો ઉદય કરજો, અને જૈન ધર્મની ઉન્નતિ થાય, તેવાં સત્કાર્યો [illegible] કરજો.

અને આ મણિ [illegible] રથને એક જૈન વિહાર કરાવો આ પ્રમાણે કરી તે રહે પોતાનો [illegible] છેડી દીધો.

[illegible]! તેની ઉપરાંત્રિપ કરી અમે ત્યાંથી આગળ ચાલ્યા. થોડે દૂર જતાં એક સુંદર [illegible] જોવામાં આવ્યો. અમે તેની અંદર દાખલ થયા, ત્યાં એક વાંસનું [illegible] જોવામાં આવ્યું. તે વાંસને બે પર્વ હતાં, તે [illegible], સરલ અને ઉન્નત હતો. [illegible] તેનું લક્ષણ જોઈ અને તે વાંસને ચીર્યો. તેમાંથી નર અને માદા એમ બે મણિ નીકળ્યાં. તેનાં લક્ષણ જોઈ ધીમંતે મને કહ્યું. મિત્ર ! આ ઉત્તમ પ્રકારનાં વંશમણિ છે. જે આ [illegible] મણિ છે, તે નર છે, અને જે આ લઘુ મણિ છે, તે માદા છે. આ મણિઓમાં [illegible] ત્યાં નર હોય, ત્યાં [illegible] છે; પણ તે [illegible] દુષ્ટ કહેવાય છે. કારણ કે તેથી જીવને [illegible] છે, માટે ઉત્તમ પુરૂષે એવું કામ કરવું નહીં.

[illegible]! અમે ત્યાંથી આગળ ચાલ્યા, ત્યાં એક ઉંચો પર્વત જોવામાં આવ્યો. પર્વતની રચના જોઈ અમને જોવાની ઇચ્છા થઈ, તે ઉપર ચઢતાં એક [illegible] આવી, તે [illegible] અમે અંદર ગયા, તેમાં [illegible] હતું. તેથી અમને ઘણી [illegible] હતી [illegible] અને [illegible] પુછ્યું. એટલે તે સ્ત્રીએ એક [illegible] સ્ત્રીને [illegible] તે સ્ત્રી [illegible] જાતિની છે, તે [illegible] વિના અમને [illegible] નહીં, પછી [illegible] અને [illegible] તે [illegible] એટલે તે [illegible] ચાલી [illegible] કારણ પુછ્યું.

[illegible]! હું [illegible] જાતિની સ્ત્રી છું. આ પર્વતની નજીક [illegible] નામે નગર છે. તે નગરનો [illegible] નામે રાજા છે, તે [illegible] નગરની નજીક એક બીજું નગર છે. [illegible] એક વખતે [illegible] તે [illegible] રાજપુત્રોએ [illegible] અને [illegible] કરી છે, ત્યારે તે [illegible] થી હું [illegible]

તે [illegible] ઉપર [illegible] તેને [illegible] [illegible]

આભાર માન્યો, અને પોતાનાથી તેનો બદલો વાળી શકાય તેમ નથી, તેને માટે અફસોસ કર્યો.

માયાળુ માતા ! ત્યાંથી અમો બન્ને ચાલીને વીશાપુર નગરમાં આવ્યા. તે પ્રખ્યાત નગરના ગઢની તથા મંદિરની શોભા જોઇ અમને અતિ આનંદ થયો. ઘણી વાર ફરીને તે રમણીય નગરની રચના અમે જોવા નીકળ્યા, પછી શાંત થઇ એક રાજમાર્ગની વચમાં બેઠા, તેવામાં એક અદ્ભુત બનાવ બન્યો. વીશાપુરના રાજા પદ્મનાભને ઘેર પદ્મશ્રી નામે એક પુત્રી છે, તે પેલી [1]સારિકાનો જીવ હતો. સારિકા મૃત્યુ પામીને પદ્મનાભ રાજાને ઘેર જન્મી હતી, તે પદ્મશ્રીને તે રાજાના મંત્રીની પુત્રી કમળશ્રીની સાથે મૈત્રી હતી. કમળશ્રી સર્વદા પદ્મશ્રીની સાથેજ રહેતી હતી, બંને સખીઓ ક્રીડા કરીને આવતી હતી. જે માર્ગે અમે શાંત થઇ બેઠા હતા, ત્યાંથી પદ્મશ્રી સખી સાથે પ્રસાર થઇ. તત્કાળ પદ્મશ્રીની દૃષ્ટિ શ્રીચંદ્ર ઉપર પડી, પૂર્વ ભવના સંબંધને લઇ તેણીના હૃદયમાં તત્કાળ રાગ ઉત્પન્ન થયો. પવિત્ર પ્રેમનું બીજ તેણીના હૃદય ક્ષેત્રમાં અંકુરિત થઇ ગયું. તે રાજબાળાએ બાવના ચંદનથી શિખા સુધી ભરેલું એક કચોળું પોતાની સખીની સાથે શ્રીચંદ્રકુમારની આગળ મોકલ્યું. સખીએ નમ્ર થઇ રાજકુમારને કહ્યું, મહાનુભાવ ! આ નગરના રાજા પદ્મનાભની કુંવરી પદ્મશ્રીએ આ ચંદનપાત્ર આપને ભેટ મોકલ્યું છે. ચતુર કુમારે તે કચોળું જોઇ વિચાર્યું કે, આ વસ્તુ ભોગની છે, પણ તે ભોગને માટે મોકલ્યું નથી, મારો આશય જાણવાને મોકલ્યું છે. આવું ચિંતવી રાજકુમારે તે કચોળામાં પોતાની મુદ્રિકા મુકી, અને સખીને વિદાય કરી. સખીએ પદ્મશ્રીને તે આપ્યું, એટલે રાજકુમારી ખુશી થઇ, અને પોતાનું કાર્ય સિદ્ધ થયું, એમ તેણીને નિશ્ચય થયો. પછી રાજપુત્રીએ કેટલાએક છુટાં પુષ્પ મોકલ્યાં. ચતુર શ્રીચંદ્રે તેની માળા ગુંથીને સામી મોકલી. આ સમસ્યા જોઇ મને આશ્ચર્ય થયું. મેં તે વિષે સ્પષ્ટ જાણવા રાજકુમારને વિનંતિ કરી, એટલે રાજકુમારે મને જણાવ્યું, મિત્ર ! આ સમસ્યાનો ભાવાર્થ એવો છે કે, તે ચતુરાએ ચંદનનું ભરેલ પાત્ર મોકલી એમ જણાવ્યું કે, આ ચંદન પાત્રની જેમ મારામાં ઉત્તમ પ્રેમ ભર્યો છે, આપ સ્વીકારો. મેં મુદ્રિકા મુકી એમ જણાવ્યું કે, આ મારા મુદ્રારત્નની જેમ મારૂં પણ તેમાં સ્થાન છે, આથી સંતુષ્ટ થઇ રાજબાળાએ છુટાં પુષ્પ મોકલી જણાવ્યું કે, હું આ છુટાં પુષ્પની જેમ નિર્ગુણ અને સહાય વગરની છું, મેં તેની માળા ગુંથી જણાવ્યું કે, પુષ્પરૂપ ગુણની સંગતથી આ માળા મસ્તકપર ધારણ કરવાને યોગ્ય છે. આ ભાવાર્થ જાણી મને ઘણો આનંદ થયો, પછી પરસ્પર દૃષ્ટિરાગ દર્શાવી, રાજકુમારી તેની સખી સાથે પોતાને સ્થાને ચાલી ગઇ. પૂર્વ ભવના સંબંધને લઇને તે પ્રેમ વૃક્ષ પલ્લવિત થવાને યોગ્ય થયું. પદ્મશ્રીએ સખીદ્વારા તે વિચાર પોતાના પિતાને જણાવ્યો, રાજા પદ્મનાભે પણ તેને હૃદયથી અનુમોદન આપ્યું.

માતા ! તે દરમીયાન પેલો વનનો ભીલ અમારી પાછળ શોધતો શોધતો આવ્યો,

---

૧ આ સારિકા સુલોચનાની પાસે રહેતી હતી, જેનો સંબંધ આગળ કહેવામાં આવ્યો છે.

તેણે અતી નમીને વિનયથી [illegible]. [illegible] મહાદેવ ! મારી મુશ્કેલીમાં પધારી મ[illegible] [illegible] નમે મને [illegible] આપ્યું છે. તેમ [illegible] આપે તે ભો[illegible] [illegible] [illegible] ઉત્તમ [illegible] [illegible] [illegible] અને બીજા મધુર ફળ આપી, તે [illegible] [illegible] [illegible] મધુર ફળ [illegible], [illegible] [illegible] દેવાંગનાનું [illegible] હતી, તે [illegible] [illegible] [illegible] ! આ [illegible] [illegible] [illegible] ફળ [illegible] ! [illegible] રાજકુમારે તે ફિરસ્તને પુછ્યું. [illegible] [illegible] [illegible] છે. તે [illegible] [illegible] [illegible] વિજય [illegible] [illegible] છે ! તે [illegible] [illegible] [illegible] આ [illegible] [illegible] છે [illegible] [illegible] છે. તેઓમાં એક ફિ[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રહે છે. [illegible] [illegible] [illegible] [illegible] એક [illegible] છે. તેમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ફુટ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એ [illegible]

મુસાફર બોલ્યો, ભદ્ર ! નંદનગરમાં હરિષેણ નામે રાજા છે, તે ઘણો ગુણવાન્ અને છે, તેમને તારાલોચના નામે એક કુમારી છે, વીણાપુરના રાજાની પદ્મશ્રી નામે ગુણવાન્ પુત્રી છે, તેની તે તારાલોચના પ્રેમપાત્ર સખી છે, તે બાળાએ પોતાની પદ્મશ્રીને માટે આ બે પક્ષીઓ ભેટ મોકલ્યાં છે, અને મારી સાથે તેણીએ કહેરા છે કે, સખી ! તેં સ્વયંવરમાં જે પતિને પસંદ કરવા ધાર્યો છે, તેજ મારો પતિ આપણ બંને એકજ પતિને વરી, યાવજ્જીવિત સાથે રહેવું. મારો સ્નેહ તારી સંલગ્ન છે, મારૂં જીવન તારા જીવનની સાથે અભેદપણે રહે, એવી મારી ઇચ્છા છે. પ્રમાણે કહી તે મુસાફર અમને પ્રણામ કરી, અને રજા લઇ ચાલ્યો ગયો.

તે ગયા પછી મેં રાજકુમારને જણાવ્યું કે, મિત્ર ! વિણાપુરના સ્વયંવરમાં પણ જઇએ. એ મહા સ્વયંવર જોવા જેવો થશે. દેશ દેશના રાજાઓ તેમાં સામેલ અમે આમ વાર્તાલાપ કરતા હતા, તેવામાં કોઇ પુરૂષે આવી જણાવ્યું કે, વીણાપુરનો યંવર જોવા જેવો છે. રાજકુમારી પદ્મશ્રીએ અમુક પુરૂષને વરવાની પ્રતિજ્ઞા કરી છે, યંવરનો મંડપ ઘણો સુશોભિત બનાવવામાં આવ્યો છે, રાજા પદ્મનાભે અતિ આદ મોટા મોટા મહીપતિઓને બોલાવ્યા છે, આ સાંભળી અમને ત્યાં જવાની વધારે ઇ થઇ, પછી અમો બંને મિત્રો વેગથી વીણાપુરમાં આવી પહોંચ્યા.

માતા ! જ્યારે સ્વયંવરનો દિવસ આવ્યો, તે વખતે રાજકુમારોથી ભરપૂર મંડપમાં અમે દાખલ થયા. શ્રીચંદ્રકુમાર જ્યારે મંડપમાં આવ્યા. એટલે બીજો રાજવીર તેમને ઓળખી શક્યો નહીં, પણ પ્રથમ મળેલા હરિ નામના એક ચા તેમને ઓળખી લીધા. તત્કાળ તે ઉભો થયો, નીચે પ્રમાણે પ્રાકૃત કાવ્ય બોલ્યો—

दाने कीर्त्ति वधे घणी, दाने दोलत होय,
दान किहांए दीधुं हतुं, अफल न थाये कोय ॥ १ ॥

તે પછી તે નીચેનું સંસ્કૃત પદ્ય બોલ્યો—

पात्रे पुण्यनिबंधनं तदितरे दीने दयाख्यापकम्
मित्रे प्रीति विवर्द्धनं रिपुजने वैरापहार क्षमम् ।
भट्टादौ च यशस्करं नरपतौ सन्मानसंपादकं ।
भृत्ये भक्त्यतिशायि दान मफलं श्रीचंद्र न क्वापिते ॥ १ ॥

પાત્રમાં આપેલું દાન પુણ્યને બાંધનારૂં થાય છે, બીજા દીન જનને આપેલું દયા જણાવે છે, મિત્રમાં આપેલું હોય તો, પ્રીતિ વધારે છે, શત્રુજનને આપેલું હોય વૈરનો નાશ કરવામાં સમર્થ થાય છે, ભાટ, ચારણ વિગેરેને આપેલું દાન યશ વધારે

ગાનને આપેલું દાન સન્માન અપાવે છે, અને સેવકને આપેલું દાન અતિશે ભક્તિ કરાવે છે. હે શ્રીચંદ ! તમારું આપેલું દાન કદાપિ પણ નિષ્ફળ થતું નથી.

તે શબ્દ બોલ્યા પછી તે નીચેનો છંદ બોલ્યો:—

જે પરનારી સહોદર સુંદર, દુઃખિત જન આધાર;
જે કાયર નર જનરક્ષણ વર, વજ્રપંજર અનુસાર. ૧
જે નિષ્કારણ મેઘ તણીપરે, કરતા બહુ ઉપકાર;
તે શ્રીચંદ સદા જયવંતો, અર્પિત સુર સહકાર. ૨

આ કવિતો સાંભળી રાજકુમારે તે કવિ ચારણને પ્રેમ રીતે ઇનામ આપ્યું. પછી કુમારે મને કહ્યું કે, મિત્ર ગુણચંદ ! આ ચારણ આપણને ધન્ય કરશે, માટે ચાલો અહીંથી ચાલ્યા જઈએ. પછી અમો એકમત કરી સાંજી ચાલી નીકળ્યા. અનુક્રમે આ આરણ્યમાં આવી ઋષભમંદિરમાં આવી રહ્યા. એ તારાથી આપ પ્રેમ પવિત્ર માતુશ્રીનાં અમોને દર્શન થયાં; જેનો અદ્ભુત આનંદ અત્યારે અનુભવીએ છીએ. માતા ! શ્રીચંદ્રકુમારની પુણ્યસમૃદ્ધિ મોટી બળવાન છે; જેમાં અમે નિરંતર શંકા કરતા. તેમાંથી અમને લાભ થતો હતો. તમારા પ્રતાપી પુત્રે સર્વ સ્થળે અત્યાર સુધીમાં વિજયજ મેળવ્યો છે, તેમના ભક્તિ વિચારો, [illegible] હતા, અને પવિત્ર આત્માઓ સર્વ સ્થળે તેમનું બહુમાન કરાવે છે.

આ પ્રમાણે શ્રીચંદ્ર, ગુણચંદ અને સર્વેની વાર્તાલાપ કરતાં હતાં, ત્યાં એક પુરુષ [illegible] તેઓ ત્યાં આવ્યો. તે પુરુષની આકૃતિ ચીંતરેલ જેવી હતી, તેના હાથમાં [illegible] રહેલું હતું. મુખમુદ્રા ઉપર વિચારમગ્નતાનાં ચિહ્ન દેખાતાં હતાં, [illegible] હતો, તથાપિ તેનો દેખાવ કુલીન પુરુષના જેવો લાગતો હતો. તે શ્રીચંદને [illegible] ઉપરથી [illegible] તેના હાથમાં શ્રીચંદની ઓળખાણ આવી ગઈ. [illegible] પ્રણામ કર્યો. શ્રીચંદે તેનો પ્રણામ સ્વીકારી પૂછ્યું, તમે કોણ છો ! [illegible] બુદ્ધિસાગર નામે [illegible] અહીં આવ્યો છું. અમારા રાજકુમારી [illegible] તેમની સાથે રહેનારી [illegible] છે. [illegible]

[illegible]

અમારા મહારાજાને ઘણો ક્ષોભ થઇ પડ્યો છે. મહારાજા ચિંતાતુર થઇ "હવે શું કર એવા વિચારમાં મગ્ન થઇ ગયા છે, ભારતભૂમિમાં વીણાપુરના રાજાની સ્વયંવરને માટે ઃ થઇ પડી છે. પદ્મશ્રીને યોગ્ય કોઇ રાજવીર મળશે નહીં, અને તે રાજકુમારી કુંવા રહેશે, એમ લોકવાર્તા થવા લાગી છે. મહાનુભાવ ! હવે કૃપા કરી પધારો. વીણાપુ અધીશ્વરની પ્રતિજ્ઞાનો સત્વર ઉદ્ધાર કરો, રાજાઓની કીર્તિ રાજાઓએજ વધારવી જોઇ કોઇ પણ ક્ષત્રિયની ચર્ચા થાય, તે દરેક ક્ષત્રિયબંધુને લજ્જા કરનારૂં છે.

મહાનુભાવ ! જ્યારે હું અહીં આવવા તૈયાર થઇ રાજા આગળ આવ્યો, ત્યાં અદ્ભુત બનાવ બન્યો હતો. કોઇ પુરૂષ મેના પોપટની જોડ લઇ પદ્મશ્રીને ભેટ ક આવ્યો. પદ્મશ્રી પિતાના ઉત્સંગમાં બેઠાં હતાં, ત્યાં તે પુરૂષ આવી બોલ્યો, મહારાજ આ મેના પોપટની જોડ અમારી રાજકુમારી તારાલોચનાએ રાજકુમારી પદ્મશ્રીને ભેટ મોકલાવી છે. તત્કાળ પદ્મશ્રીએ હર્ષ પામી. એ પક્ષીની જોડ હાથમાં લીધી. તે જોતાંજ રાજકુમારી મૂર્છા ખાઇ ભૂમિ ઉપર પડી ગયાં. મહારાજાએ શીતળ ઉપચાર ક પદ્મશ્રીને સાવધાન કર્યાં, અને પછી મૂર્છા આવવાનું કારણ પુછ્યું. રાજકુમારીએ પોતા પિતાને કહ્યું, પિતાજી ! આ પક્ષીઓને જોઇ મને જાતિસ્મરણ થઇ આવ્યું છે. પૂર્વે કુ સ્થળી નગરીમાં રાણી સૂર્યવતીની પાસે હું મેનારૂપે હતી, મને જૈન ધર્મ ઉપર ઘણી આસ હતી. એક વખતે નગરની બાહેરના ઉદ્યાનમાં આવેલ આદિનાથ પ્રભુના મંદિરમાં હું પૂ કરવાને ગઇ હતી, ત્યાં મેં એક રાજકુમારને જોયો, અને તેની ઉપર રાગ કરી, અનશ લઇ, નિયાણું કરી, મેં મારા દેહને છોડી દીધો; ત્યાર પછી હું અહીં તમારે ઘેર અવતર છું. પૂર્વે ધારેલા તેજ રાજકુમારના મારે પુનઃ દર્શન થયા છે, તેથીજ મેં તેને વરવાન નિશ્ચય કર્યો છે. હવે આજથી હું ભોજન પાનનો ત્યાગ કરૂં છું, તે પ્રથમ ધારેલા પતિ મેળવ્યા પછીજ હું અન્ન, જળ લઇશ. પછી મહારાજાએ મને સત્વર આજ્ઞા કરી, અ હું આપની શોધ કરવાને નીકળી પડ્યો; મહાનુભાવ ! હવે સત્વર તૈયાર થાઓ. એ રાજ કુમારીના જીવનને ટેકો આપો.

મંત્રી બુદ્ધિસાગરનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર કાંઇ પણ બોલ્યો નહીં લ જાવાળા મુખે રાજકુમારે માતાની સામું જોયું, એટલે સૂર્યવતી બોલી, વત્સ ! તૈયાર થ રાજકુમારી પદ્મશ્રીના જીવનને અવલંબન આપ. ભાઇ ગુણચંદ્ર ! તું પણ ઉભો થા. અ મંત્રીની સુતા કમળશ્રીનું પાણીગ્રહણ કર. મને પુત્રનો વિવાહ કરવાની ઘણી હોંસ થઇ છે. તમારા બંનેનો વિવાહોત્સવ જોઇ, હું હૃદયમાં આનંદ પામી મારા જીવનને કૃતાર્થ કરી પુત્રનું વિવાહ માંગલ્ય જોઇ કઇ માતા ખુશી ન થાય ? માટે પુત્રો ! ચાલો મારા મનોરથ પૂર્ણ કરો. માતાની આજ્ઞા માન્ય કરવી, એ વિનયી પુત્રનો ધર્મ છે.

માતાનાં વચન સાંભળી શ્રીચંદ્રના હૃદયમાં અસર થઇ આવી. તરત તેણે ગુણ- ચંદ્રને સમસ્યા કરી, બંને કુમારો માતાને લઇ મંત્રીની સાથે વીણાપુરમાં આવ્યા. મંત્રીની સૂચનાથી સૂર્યવતીને માટે એક સારા ઉતારાની ગોઠવણ કરી. વીણાપુરના રાજા પદ્મના

[illegible] નગરમાં મૂર્તિને [illegible] કર્યું. [illegible] રાયંગરની [illegible] તેમની તેમ સખી હતી. [illegible] પુત્રી પદ્માને લઈ સ્વયંવર મંડપમાં આવ્યો. [illegible] મંડપમાં [illegible] મિત્રની સાથે [illegible] થયો. શ્રીચંદ્રને જોતાં જ [illegible] દ્રષ્ટિ [illegible] —

છપ્પે.

કુંડલપુર નગર, પ્રથમ જિનવરને દેખી,
[illegible] કરે [illegible], આ જિન [illegible] પેખી;
[illegible] કરી [illegible] નગર [illegible],
પદ્મ પદ્માવતી [illegible] પદ્મથી [illegible];
[illegible] નિજ [illegible] કરી [illegible],
તે શ્રીચંદ્ર [illegible] નયને મેં નિરખિયો. ૧

આ [illegible] સૂર્યવતીને [illegible] થયો. દેહીએ [illegible] [illegible] શ્રીચંદ્રને [illegible] પદ્મિની મુખમુદ્રા [illegible] પવિત્ર પ્રેમની [illegible] ઉપર [illegible] પતિની પ્રેમ [illegible] કરી, [illegible] અનુમોદન આપ્યું. [illegible] સ્વયંવર મંડપ [illegible] રહ્યો. [illegible] પુત્રી [illegible] ત્યાં આવી તેઓએ [illegible] મગ્ન થઈ [illegible] કરી, અને મિત્રની [illegible] [illegible] પવિત્ર [illegible] [illegible], તે પણ શ્રીચંદ્રને [illegible] હતી પુત્રો [illegible] પદ્મની સખી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિરહ [illegible] [illegible] [illegible] શ્રીચંદ્ર [illegible] [illegible] [illegible] કરી [illegible] [illegible] પણ [illegible] [illegible] અને મિત્રોને [illegible] કરી.

[illegible] [illegible] શ્રીચંદ્ર અને પદ્મનો પ્રેમ [illegible] [illegible] [illegible] ઉમેદ અને [illegible] [illegible] રીતે થયો. તેમાં [illegible] પૂર્વના [illegible] વિરહને. પ્રેમ [illegible] નથી, એ [illegible] [illegible] [illegible] [illegible] ઉમેદ અને [illegible] પ્રેમ [illegible] [illegible]

અમારા મહારાજાને પણ ક્ષોભ થઇ પડયો છે. મહારાજા ચિંતાતુર થઇ "હવે શું ક એવા વિચારમાં મગ્ન થઇ ગયા છે, જાતિસ્મરણમાં વીણાપુરના રાજાની સ્વયંવરને માટે થઇ પડી છે. પદ્મશ્રીને યોગ્ય કોઇ રાજવીર મળશે નહીં, અને તે રાજકુમારી કું રહેશે, એમ લોકવાર્તા થવા લાગી છે. મહાનુભાવ ! હવે કૃપા કરી પધારો. વીણા અધીશ્વરની પ્રતિજ્ઞાનો સત્વર ઉદ્ધાર કરો, રાજાઓની પંક્તિ રાજાએ એજ ધારેલી જો કોઇ પણ ક્ષત્રિયની ચર્ચા થાય, તે દરેક ક્ષત્રિયબંધુને લજ્જા કરનારૂં છે.

મહાનુભાવ ! જ્યારે હું અહીં આવવા તૈયાર થયો રાજા આગળ આવ્યો, ત્યાં અદ્ભુત બનાવ બન્યો હતો. કોઇ પુરૂષ મેના પોપટની જોડ લઇ પદ્મશ્રીને ભેટ આવ્યો. પદ્મશ્રી પિતાના ઉત્સંગમાં બેઠાં હતાં, ત્યાં તે પુરૂષ આવી બોલ્યો, મહારા આ મેના પોપટની જોડ અમારી રાજકુમારી તારાલોચનાએ રાજકુમારી પદ્મશ્રીને ભેટ મોકલાવી છે. તત્કાળ પદ્મશ્રીએ હર્ષ પામી, એ પક્ષીની જોડ હાથમાં લીધી. તે જોતાંજ રાજકુમારી મૂર્છા ખાઇ ભૂમિ ઉપર પડી ગયાં. મહારાજાએ શીતળ ઉપચાર પદ્મશ્રીને સાવધાન કર્યાં, અને પછી મૂર્છા આવવાનું કારણ પુછ્યું. રાજકુમારીએ પોત પિતાને કહ્યું, પિતાજી ! આ પક્ષીઓને જોઇ મને જાતિસ્મરણ થઇ આવ્યું છે. પૂર્વે રથપુરી નગરીમાં રાણી સૂર્યવતીની પાસે હું મેનારૂપે હતી, મને જૈન ધર્મ ઉપર ઘણી આ હતી. એક વખતે નગરની બાહેરના ઉદ્યાનમાં આવેલ આદિનાથ પ્રભુના મંદિરમાં હું કરવાને ગઇ હતી, ત્યાં મેં એક રાજકુમારને જોયો. અને તેની ઉપર રાગ કરી, અન લઇ, નિયાણું કરી, મેં મારા દેહને છોડી દીધો; ત્યાર પછી હું અહીં તમારે ઘેર અવત છું. પૂર્વે ધારેલા તેજ રાજકુમારના મારે પુનઃ દર્શન થયા છે, તેથીજ મેં તેને વરવા નિશ્ચય કર્યો છે. હવે આજથી હું અન્નજળ પાનનો ત્યાગ કરૂં છું, તે પ્રથમ ધારેલા પતિ મેળવ્યા પછીજ હું અન્ન, જળ લઇશ. પછી મહારાજાએ મને સત્વર આજ્ઞા કરી, હું આપની શોધ કરવાને નીકળી પડયો; મહાનુભાવ ! હવે સત્વર તૈયાર થાઓ. એ રા કુમારીના જીવનનો ટેકો આપો.

મંત્રી બુદ્ધિસાગરનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર કાંઇ પણ બોલ્યો નહીં લજ્જાવાળા મુખે રાજકુમારે માતાની સામું જોયું, એટલે સૂર્યવતી બોલી, વત્સ ! તૈયાર થ રાજકુમારી પદ્મશ્રીના જીવનને અવલંબન આપ. ભાઇ ગુણચંદ્ર ! તું પણ ઉભો થા, મંત્રીની સુતા કમળશ્રીનું પાણિગ્રહણ કર મને પુત્રનો વિવાહ કરવાની ઘણી હોંસ થઇ તમારા બંનેનો વિવાહોત્સવ જોઇ, હું હૃદયમાં આનંદ પામી મારા જીવનને કૃતાર્થ ક પુત્રનું વિવાહ માંગલ્ય જોઇ કઇ માતા ખુશી ન થાય ? માટે પુત્રો ! ચાલો મારા મનોર પૂર્ણ કરો. માતાની આજ્ઞા માન્ય કરવી, એ વિનયી પુત્રનો ધર્મ છે.

માતાનાં વચન સાંભળી શ્રીચંદ્રના હૃદયમાં અસર થઇ આવી. તરત તેણે ગુણ ચંદ્રને સમસ્યા કરી. બંને કુમારો માતાને લઇ મંત્રીની સાથે વીણાપુરમાં આવ્યા. મંત્રીન સૂચનાથી સૂર્યવતીને માટે એક સારા ઉતારાની ગોઠવણ કરી. વીણાપુરના રાજા પદ્મ

અંતઃપુર તરફથી સુરસુંદરીને આજે માન મળ્યું. હજુ સ્વયંવરની શોભા તેમની તેમ રાખી હતી. પદ્મરાજ પોતાની પુત્રી પદ્મશ્રીને લઈ સ્વયંવર મંડપમાં આવ્યો. અવશિષ્ટ રહેલા મંડપમાં શ્રીચંદ્ર પોતાના મિત્રની સાથે હાજર થયો. શ્રીચંદ્રને જોતાં પેલો પૂર્વનો દુરિ ચારણ નીચેનું કવિત બોલ્યો—

છપ્પો.

પૂર્વે કુશસ્થળ નગર, પ્રથમ જિનમંદિરને દેખી,
કીર્તિસ કરે નિહાળ, સાર જિન મંદિર પેખી;
અનુક્રમ કરી ઘટ કરણ, નગર શ્રીપુર રાજ,
પદ્મ પદ્માવતી કંત, પદ્મશ્રી પુત્રી તાજ;
પ્રથમ નિજ યુદ્ધે કરી, પછી જાતિસ્મરણથી પેખીયો;
તે શ્રીચંદ્ર જયોચિર, આજ નયણે મેં નિરખિયો. ૧

આ કવિત સાંભળી સુરસુંદરીને અતિ આનંદ ઉત્પન્ન થયો. તેણીએ તરતજ એક હીરાની હાર તે કવિને ભેટ કર્યો. શ્રીચંદ્રકુમારને દેખતાંજ પદ્મશ્રીની મુખમુદ્રા પ્રસન્ન થઈ ગઈ. અંગેઅંગ રોમોદ્ગમ થઈ આવ્યો, સાત્વિક ભાવના અંકુર સ્ફુરાયમાન થઈ ગયા, પવિત્ર પ્રેમની છાયા છવાઈ ગઈ, રાજબાળાએ આવી અંતરગત પતિની પ્રેમ પૂજન કરી, કંઠમાં વરમાળા આરોપણ કરી. તે વખતે દંતીની ગર્જનાથી સ્વયંવર મંડપ ગાજી રહ્યો. વાજિંત્રોએ મધુર નાદ સાથે અનુમોદન આપ્યું. આ ક્રિયા પુરું થઈ, ત્યાંજ વિવાહની મંગળ ક્રિયાનો આરંભ થયો. બુદ્ધિસાગર મંત્રીની પુત્રી કમળશ્રી મોટા ઠાઠમાઠથી ત્યાં આવી તેણીએ સર્વ સમક્ષ ગુણચંદ્રની કંઠમાં વરમાળા આરોપણ કરી. બન્ને મિત્રોની લગ્ન ક્રિયા ત્યાંજ કરવામાં આવી. જૈન વિવાહ સંસ્કારના પવિત્ર મંત્રોથી લગ્ન મંડપ ગાજી રહ્યો. આ પ્રસંગે પદ્મશ્રીની સખી તારાને [illegible] ને પણ શ્રીચંદ્રને વરી હતી. પુત્રનો વિવાહોત્સવ જોઈ, સુરસુંદરીનો ઉત્સાહ સમાતો નહીં. તેણીએ વર કન્યાના ઓવારણાં લઈ, હરખથી આશીષ આપી. વિવાહ ક્રિયા પુરું થયા પછી શ્રીચંદ્ર અને [illegible] વિવાહિત વરરાજા પોતાના ઉતારામાં આવ્યા. શ્રીચંદ્ર પણ આનંદપૂર્વક લગ્નની ભેટ અર્પણ કરી, વિવાહ [illegible] કરી, [illegible] ગુણચંદ્ર પણ કમળશ્રીને [illegible] સાથે [illegible] આવ્યો. બન્ને મિત્રોએ સુરસુંદરીને [illegible] પગે લાગી, અને પોતાના પતિની આજ્ઞાને [illegible] કરી.

વાચકવૃંદને [illegible] થશે, શ્રીચંદ્ર અને પદ્મશ્રીનો પ્રેમ પૂર્વ જન્મનો [illegible] કામ પણ હેતુ હશે, તેમનો પૂર્વના સંબંધ વિના વિવાહ કેમ થયો! તેના [illegible] તે પ્રધાન [illegible] નથી, એ [illegible]
પણ [illegible] છે. [illegible] ગુણચંદ્ર અને કમળશ્રીનો પ્રેમ [illegible]

પ્રથમના ખંડમાં ધરણુ નામના એક જોગીનો વૃત્તાંત આવ્યો હતો. ધરણુ પોતાને લાગેલ ઓહત્યાના પાપને દૂર કરવા શત્રુંજય તીર્થે ગયો હતો, ત્યાં એ મહાનુભાવ જપ, તપ, અને ધ્યાન કરી, હત્યા પાપમાંથી મુક્ત થયો. ધરણુને સ્ત્રીહત્યાનું પાપ લાગ્યું હતું, પોતાની પહેલી સ્ત્રી શ્રીદેવીને તેણે છુરાથી મારી નાખી હતી. શ્રીદેવી આર્હત ધર્મની ભક્તા હતી, તેથી તે સમાધિ મરણથી મૃત્યુ પામી. પુનઃ માનુષ જન્મને પ્રાપ્ત થઇ. નંદપુરમાં સુંદર શેઠને ઘેર જિનદત્તા નામે તે પુત્રી થઇને અવતરી હતી. પૂર્વનાં સુકૃતથી જિનદત્તા પરમ શ્રાવિકા થઇ હતી. તે યૌવનવયને પ્રાપ્ત થઇ, તથાપિ તેનામાં પતિની ઇચ્છા થતી નહતી. એક વખતે જિનદત્તા પિતાના સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રાએ આવી હતી, તીર્થમાં પોતાના પૂર્વ પતિ ધરણુને તપસ્યા કરતો જોઇ, પૂર્વ ભવના સંબંધને લઇ, તેના હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થઇ આવ્યો. તેણીનું હૃદય અત્યંત પ્રસન્ન થઇ ગયું, તરતજ તેણીને જાતિસ્મરણ થઇ આવ્યું. ધરણુને પણ જિનદત્તાને જોઇ પ્રેમ ઉત્પન્ન થયો, અને જાતિસ્મરણ થઇ આવ્યું. પરસ્પર ખમતખામણાં કર્યા. પછી તેણે નિયાણુ કરી, અનશન લઇ, પોતાના દેહને છોડી દીધો. તીર્થ ભક્તિના મહિમાથી ત્યાંથી મૃત્યુ પામીને તે ધરણુ આ ગુણચંદ્ર થઇ અવતર્યો છે, અને જિનદત્તા પણ બ્રહ્મચર્યને ધારણ કરી, ચિત્તની સમાધિથી મૃત્યુ પામી કમલશ્રી થઇ છે. એ પૂર્વના સંબંધથી ગુણચંદ્ર અને કમલશ્રીનો વિવાહ થયેલો છે. એ પ્રેમી દંપતિ પૂર્વના પવિત્ર પ્રેમનાં પાત્ર થયાં છે. "આર્હત સિદ્ધાંતમાં "પ્રેમનો પ્રવાહ પૂર્વના સંબંધથી છુટે છે." એ કથન તેમણે સાર્થક કર્યું છે.

રાજમાતા સૂર્યવતી, પુત્રવધૂ પદ્મશ્રીને જોઇ અતિ પ્રસન્ન થયાં છે, કેટલેક સમયે પોતાને પુત્ર તથા પુત્રવધૂ પ્રાપ્ત થવાના મહા ભાગ્યને ભોગવવાને પોતે પૂર્ણ ભાગ્યશાળી થયાં છે. આ ઉત્તમ સુખનું પાત્ર મહારાજા પ્રતાપસિંહ ક્યારે થાય ? એ વિચાર સૂર્યવતીના હૃદયમાં આવ્યા કરે છે. પોતે સ્વામીથી વિખૂટાં પડી એકાકી સુખી થયાં, પણ પોતાના પતિ હજુ દુઃખી છે, તેને માટે તેઓ હૃદયમાં પરિતાપ કરતા હતાં પોતાની રાજધાની કુશસ્થલપુરીમાં પુત્રવધૂ સાથે પ્રવેશ કરવાના મનોરથ સૂર્યવતીના હૃદયસાગરમાં તરંગની જેમ ઉછળી રહેતા હતા.

પ્રકરણ ૫૬ મું.

ચંદ્રપુર નગર.



ચંદ્રકુમારે પોતાની માતાને આનંદ પમાડવાનો નિશ્ચય કર્યો. માતા પુત્રનો વિનય જોઈ હૃદયમાં સંતોષ પામે, એવો વિચાર શ્રીચંદ્રને સ્ફુરવા લાગ્યો. માતાના મનોરથ પૂર્ણ કરવાને શ્રીચંદ્ર સાવધાન રહેવા લાગ્યો, માતા જે કહે તે વચન પૂર્ણ કરવાને શ્રીચંદ્ર તત્પર થતો. તેણે વીણાપુરમાં રહી માતાને પ્રસન્ન કરવા ધાર્મિક ઉત્સવો કરવા માંડ્યા. અરિહંત પ્રભુની ભક્તિને માટે તે અનેક પ્રકારનાં પર્વ ઉત્સવ કરવા લાગ્યો.

પદ્મશ્રી પણ પોતાની સાસુની સેવા કરવાને તત્પર રહેતી હતી, સાસુ ઉપર માતૃભક્તિ રાખી, તે તેમની સાથે વર્ત્તતી હતી, કુલીન બાલિકાનો ખરેખરો ધર્મ પદ્મશ્રી દર્શાવતી હતી, સાસુની આજ્ઞા પુષ્પમાળાની જેમ મસ્તકપર ધારણ કરતી હતી, પુત્ર વધૂનો પવિત્ર પ્રેમ જોઈ, સૂર્યવતી હૃદયમાં હર્ષ પામતી હતી. તે પણ પુત્રીની દૃષ્ટિએ પદ્મશ્રીને જોતી હતી. કુલીન પુત્ર વધૂનો વિનય જોઈ, તેની પવિત્ર ભક્તિ જોઈ, સૂર્યવતીના હૃદયને પરમ શાન્તિ મળતી હતી.

ચતુર અને પરાક્રમી શ્રીચંદ્રે કોંગિરિની પાડોશમાં ચંદ્રપુર નામે એક નગર વસાવ્યું. શ્રીચંદ્રના પૂર્વ ઉપકારનું સ્મરણ કરનાર પેલા ભિલની ઇચ્છા તેમ કરીને તેણે પૂર્ણ કરી હતી. પૂર્વે પોતાને પ્રાપ્ત થયેલ સ્વર્ણસિદ્ધિના પ્રયોગથી તેણે એ નગરને સુવર્ણની જેવું બનાવ્યું હતું. નગરની આસપાસ કિલ્લો અને મજબૂત કોટ બાંધવામાં આવ્યો હતો. અનેક રસ્તે લોકોનાં નિવાસગૃહો ઘણી સુંદર રચનાથી રચવામાં આવ્યાં હતાં. વિવિધ આકૃતિની વિશાળ શેરીઓને ગોઠવવામાં આવી હતી, શહેરના દરવાજા ઘણા કોતરણીદાર અને રંગબેરંગી બનાવ્યા હતા. સાત સાત માળની હવેલીઓ અને વિમાનનાં જેવાં જિનાલયો આકાશની સાથે વાતો કરતા હોય, તેવા ઉંચાં કરવામાં આવ્યાં હતાં, જેની શહેરની બહાર ગોઠવણ કરવામાં આવી હતી. તેવીજ બજાર પણ શોભા કરવામાં આવી હતી. ચોતરફ પરબડીઓ અને સુંદર બગીચા બનાવવામાં આવ્યા હતા, કુવાઓ, જાહેર સ્થાનો, અને મોટા રસ્તા ગોઠવવામાં આવ્યા હતાં, પર્વતના એક શિખર ઉપર એક સુંદર જિનાલય કરવામાં આવ્યું હતું. તેનું નામ ચંદ્રમહોદય રાખ્યું હતું. શિષ્ટ લોકોના નિર્વાહને માટે તે નગરમાં અનેક યોજનાઓ કરવામાં આવી હતી. સર્વ યાત્રાળુઓના સુખને માટે દાનશાળા, ધર્મશાળા અને દવાખાના કરવામાં આવી હતી. શહેરના મધ્ય ભાગે રાજમહેલ અને તેની આસપાસ અંતઃપુરને રહેવા માટે નવીન પ્રાસાદ કરવામાં આવ્યા હતા, લોકોને ન્યાય આપવાને માટે ત્યાં ન્યાયસભા કરી, તેની અંદર ફરીયાદીને દાદ મેળવવાનાં સાધનાર પટ બનાવવામાં આવ્યો હતો. તે ઉચિત પ્રબંધ થવાથી ઉન્નતિને દાન મેળવવાને

માટે પાઠશાળાઓ સ્થાપવામાં આવી હતી, તેને લગતી પુસ્તકશાળાઓ મોટા પાયા ઉપર રચવામાં આવી હતી. વિવિધ જાતની કળાઓને મેળવવાને જાતજાતની ઉદ્યોગશાળાઓ ઉઘાડવામાં આવી હતી.

આ પ્રમાણે શ્રીગિરિની નજીક ચંદ્રપુર વસાવી, તેમાં શ્રીચંદ્રે પણ રાજાની આજ્ઞાથી નિવાસ કર્યો. રાજમાતા સૂર્યવતીને માટે નવીન મહેલ તૈયાર કરાવ્યો; પોતાના રાજમહેલની પાસે મંત્રી ગુણચંદ્ર અને કમળશ્રીને રહેવાને એક ભભકાદાર મહેલ જુદો બંધાવ્યો. મહારાજા શ્રીચંદ્ર આ ચંદ્રપુરના રાજ્યને નીતિથી ચલાવતો હતો ચંદ્રપુરની રાજભક્ત પ્રજા શ્રીચંદ્રને દેવની જેમ માનતી હતી. પ્રત્યેક કાળે શ્રીચંદ્ર સાવધાન થઇ પ્રજાની સર્વ પ્રકારની ખબર લેતો હતો જૈન ધર્મના ઉદ્યોતને માટે તેણે અનેક ખાતાંઓ સ્થાપ્યાં હતાં, દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, અને સાધારણ દ્રવ્યની વ્યવસ્થા કરવાને તેણે જુદી જુદી સભાઓ સ્થાપી હતી. પ્રત્યેક ખાતાંઓને આબાદ કરવાને રાજ્ય તરફથી તે મોટી મદદ આપતો હતો. પર્વના દિવસોમાં અર્હંત શાસનનો ઉદ્યોત થાય, તેવા મહોત્સવો કરવાને તે ઉમંગથી પ્રવર્તતો હતો. એક વખતે સૂર્યવતી રાજમહેલમાં બેઠી હતી, શ્રીચંદ્ર જેવા પુત્રની સમૃદ્ધિ અને માતૃ ભક્તિ જોઇ તે અતિ આનંદમાં મગ્ન થતી હતી; તથાપિ તેના હૃદયમાં પોતાના પ્રાણેશ પ્રતાપસિંહના વિયોગનું દુઃખ તેને શલ્ય જેમ સાલતું હતું.

આ વખતે એકાંતમાં બેઠેલી સૂર્યવતીને કુશસ્થલીનું સ્મરણ થઇ આવ્યું પોતાના પ્રતાપી પ્રાણનાથનાં દર્શન કરવાની તેને ઇચ્છા થઇ. શ્રીચંદ્રકુમારની સાથે પોતાના રાજકુટુંબની ભેટ લેવાની તેણીને પ્રબળ વાસના જાગ્રત થઇ રાજરમણીએ વિચાર્યું કે, મારા પ્રતાપી પતિની શી સ્થિતિ હશે ? મારા વિયોગથી એ મહાનુભાવને અતિ દુઃખ થઇ પડ્યું હશે. તેમનો પવિત્ર પ્રેમ મને બહુ યાદ આવે છે. હું આટલો વખત સુધી પુત્રના મોહમાં પતિને ભુલી ગઇ, તે મે સારૂં કર્યું નહીં પુત્ર ગમે તેવો પ્રતાપી, પવિત્ર અને માતૃભક્ત હોય, પણ તે પતિથી બીજે દરજ્જે છે. પુત્રરૂપ મનોરથને પૂરનાર, કલ્પવૃક્ષ તો કાન્તને કાન્તાજ છે. દંપતીરૂપ પ્રેમવૃક્ષનું એ બીજ છે પુત્રના લાભમાં લુબ્ધ બની લલનાઓ પોતાના પતિથી વિમુખ બની, પુત્ર પ્રેમમાંજ પોતાના સ્વાર્થને સિદ્ધ થયેલો માને, એ કેવી મૂર્ખતા ! હું તેવી મૂર્ખ મહિલા બની છુ આજ દિન સુધી પતિના દુઃખનો ઉપાય મેં કાંઇ પણ યોજ્યો નહીં વનિતાના વિયોગથી વિપત્તિમાં પડેલા પતિને મે કાંઇ પણ શુભ સંદેશો કહાવ્યો નહીં, તેમજ શ્રીચંદ્રકુમારને પિતાની સંભાળ લેવાને કાંઇ પણ કહ્યું નહીં, એ મારી કેવી અજ્ઞતા ?

આવો પશ્ચાત્તાપ કરી સૂર્યવતી સત્વર બેઠી થઇ, શ્રીચંદ્રની પાસે આવી. માતાને આવતી જોઇ શ્રીચંદ્ર વિનયથી બેઠો થઇ સામો આવ્યો, ઉત્તમ આસન ઉપર માતાને બેસારી, શ્રીચંદ્ર—શી આજ્ઞા છે ? એમ કહી સન્મુખ ઉભો રહ્યો સૂર્યવતીએ પુત્રને પાસે બેસારી નીચે પ્રમાણે કહ્યું:—

વહાલા પુત્ર ! આજે મને મારી અજ્ઞાનતાનું ભાન થયું છે. તારી સમૃદ્ધિ, તારં

પરાક્રમ અને તારી પવિત્રતા જોઇ મને પૂર્ણ સંતોષ થયો છે, તે સાથે તારી અપ્રતિમ માતૃભક્તિએ મને વશ કરી લીધી છે, જે ભક્તિથી તું આટલા સમયસુધી માતાના ઋણમાંથી મુક્ત થતો ફાવ્યો છું. પુત્ર ! હવે તે રીતે તારી કૃતાર્થતા પૂર્ણ થઇ છે; પણ હવે તારી જન્મભૂમિ, તારા ઉપકારી પિતા, અને પાલક માતા પિતા તરફ દૃષ્ટિ કર. કૃતજ્ઞતાથી જન્મભૂમિને સ્મરણમાં લાવ, તારા દુઃખી પિતાને શાંતિ આપવા તત્પર થા. આપણે અહીં બંને પ્રકારના સુખમાં મગ્ન છીએ, પણ તારા પિતાની શી સ્થિતિ હશે ? તે તું વિચારી જો. હું અત્યારે આરાધનીથી જોઇ શકું છું, મારા વિયોગથી તારા પિતા પૂર્ણ દુઃખી છે. પુત્ર અને પત્નીના ભયંકર વિયોગથી દુઃખગ્રસ્ત પૂર્ણ રીતે પીડિત છે. વત્સ ! તારા હૃદયમાં રહેલી પિતૃભક્તિને જાગૃત કર, પિતા તરફની તારી પવિત્ર ભાવના હૃદય ઉપર આરૂઢ કર, તારા જેવો સપૂત પિતાની વિપત્તિને સહન કરી શકે નહિં: પિતાને દુઃખે દુઃખી થનારા કુલીન પુત્રોથીજ આ ભારતભૂમિ ભૂષિત છે.

સૂર્યવતીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રના હૃદયપર પ્રબળ અસર થઇ આવી. પિતૃભક્તિરૂપ કલ્પલતા તેના હૃદયરૂપ ક્યારામાં તત્કાળ અંકુરિત થઇ ગઇ. શરીર ઉપર રોમાંચ થઇ આવ્યાં, નયનમાંથી પ્રેમાશ્રુની ધારા ચાલવા લાગી, પ્રેમી હૃદયમાં પશ્ચાત્તાપ થઇ આવ્યો. ક્ષણવાર વિચાર કરી શ્રીચંદ્ર અંજલિ જોડી માતા પ્રત્યે બોલ્યો, માતા ! આપે એવું સ્મરણ આપી મને પાપમાંથી જગાડ્યો છે. મારા પિતાની સ્થિતિનું ભાન આજ સુધી મારા હૃદયમાં આવ્યું નહીં. તેને માટે અતિ ખેદ ઉત્પન્ન થાય છે. મારા જેવા અલ્પમતિ પુત્રો આ જગતને કલંકિત કરે છે. માતા ! મારો અપરાધ ક્ષમા કરો. આ સ્વાર્થી પુત્રે પિતાને જે દુઃખ આપ્યું છે, જે કષ્ટ ભોગવાવ્યું છે, તે મહા પાપમાંથી હું ક્યારે મુક્ત થઇશ ? માતા ! તમારો મેળાપ થયો, ત્યારેજ મેં પિતાની સ્થિતિ જાણી હતી, તે છતાં આટલો વિલંબ કર્યો, તેને માટે મને અતિ પશ્ચાત્તાપ થાય છે. શ્રીચંદ્રનાં આવાં પશ્ચાત્તાપ ભરેલાં વચન સાંભળી સૂર્યવતીને સંતોષ થયો. પુત્રની પિતૃભક્તિ જોઇ તેણીને હૃદયમાં સારું લાગ્યું. તે બોલી—વત્સ ! હવે વિશેષ પશ્ચાત્તાપ કરીશ નહીં, જે બનવાનું હતું તે બન્યું છે. મોહ એ અતિ નિંદવા યોગ્ય પદાર્થ છે, મોહરૂપ ભયંકર શત્રુ સર્વનો પરાભવ કરી શકે છે. મને પુત્ર મોહ થયો, અને તને માતૃમોહ થયો, એ મોહરૂપ શત્રુનાં પરિણામ છે. દુષ્ટ મોહના પરિણામ ઘણાં વિપરીત હોય છે.

જેના હૃદય ઉપર મોહરાજાની સત્તા પ્રવર્તી તે પુરુષ ગમે તેવો છતાં શબ જેવો થઇ જાય છે, તેની સ્મરણશક્તિ અને વિચારશક્તિ શિથિલ થઇ જાય છે. મોહરૂપ મહા વિષ જેના અંગમાં વ્યાપી જાય, તે પુરુષના હૃદયમાંથી તીવ્ર દુઃખરૂપ જ્વાળાઓ નીકળે છે. મોહરૂપ મહા શત્રુ એવો પ્રબળ છે કે, જે ક્ષણમાં પરાભવ કરી પ્રાણીને પાતાળમાં નાખી દે છે, મોહ એ વિપરીત શિક્ષા કરેલો અશ્વ છે, તે પોતાના સ્વારને દુર્ગ સ્થાનમાં લઇ જઇ અથડાવી પાડે છે. મોહ ખરેખરો મારણ તથા ઉચ્ચાટનનો મહામંત્ર છે. એ મહામંત્રના જોરથી પ્રાણી મારણ અને ઉચ્ચાટનની સ્થિતિ પામે છે. તેવા દુષ્ટ મોહને પરાભવ કરવા માટેજ શ્રીતીર્થંકરોએ ધર્મરૂપ મહા રાજ્ય રચ્યું છે. એ અપ્રતિહત શાસ્ત્રને હાથમાં લઇ,

જૈન મહર્ષિઓએજ મોહ ઉપર વિજય મેળવ્યો છે. પંચમહાવ્રતરૂપ ગજ પંજરમાં બેસી, તે મહાશયો એ મહાન્ યોદ્ધાનો પરાભવ કરી શક્યા છે, તથાપિ તેઓ હાલે હાલે કેશરી-સિંહની જેમ તેનાથી ડરતા રહેલા છે, એ મોહ રાજા સંસારરૂપ છાવણી નાખીને આ જગતમાં પડ્યો છે. પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક પદાર્થે એ ક્રૂર યોદ્ધાથી સર્વને ચેતતા રહેવાનું છે. આ વિશ્વરૂપ અરણ્યમાં મોહરૂપ કેશરી જ્યાં સુધી ગર્જના કરી રહ્યો છે, ત્યાં સુધી પ્રત્યેક સંસારી પ્રાણીને સાવધાન રહેવાનું છે. તે પ્રચંડ કેશરી હરિણની જેમ ધર્મ રહિત એવા પામર પ્રાણીઓનો ક્ષણમાં શીકાર કરી શકે છે.

વત્સ શ્રીચંદ્ર ! એવા સમર્થ અને દુષ્ટ મોહના પ્રભાવથી આપણે આ મોટી ભુલ કરી છે. હવે બન્યું તે ખરૂં, તેનો વિશેષ અફસોસ નહીં કરતાં જે કર્તવ્ય છે, તેમાં તત્પર થા. તારા દુઃખી પિતાને સત્વર આપણા શુભ સમાચાર પહોંચે તેવો ઉપાય કર. એ શુભ સમાચાર સાંભળી તારા પિતાને ઘણું આશ્વાસન મળશે. એટલુંજ નહીં પણ તેમના હૃદયમાં પ્રગટેલી ચિંતારૂપ મહા જ્વાળા તરત નિર્વાણ પામી જશે. માતા સૂર્યવતીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રે સત્વર બુદ્ધિસાગર મંત્રીને બોલાવી, આ પ્રમાણે કહ્યું, મંત્રી ! તમે મારા વિશ્વાસી મંત્રી છો. એક વેગવાળી સાંઢ ઉપર બેસીને કુશસ્થળીમાં જાઓ. માર્ગમાં કનકપુર આવે, ત્યારે ત્યાં લક્ષ્મણ નામના મંત્રીને મારા ખબર આપી, કુશસ્થળમાં જજો. મારા પિતાશ્રી પ્રતાપસિંહને અમારા શુભ સમાચાર આપજો. તેમને મારા પ્રણામ કહી જણાવજો કે, તમારો સ્વાર્થી પુત્ર થોડા સમયમાં આવી તમને મળશે, તેની માતા સૂર્યવતી કુશળ છે, અને તેઓ તેમની સાથે શ્રીગિરિમાં ચક્રપુર નગરે રહે છે. આ પ્રમાણે પિતાજીને ખબર આપી તેમના હૃદયની ચિંતા દૂર કરાવજો. તમે અમારી જે સ્થિતિ પ્રત્યક્ષ જુવો છો, તે તેમને સત્ય રીતે જણાવજો.

શ્રીચંદ્રની આજ્ઞા થતાંજ મંત્રિ બુદ્ધિસાગર તૈયાર થયો. તેણે ઉષ્ટ્ર શાળામાંથી એક પવનવેગી સાંઢ મંગાવી મુસાફરીમાં ઘટે તેવો સામાન લઇ, બુદ્ધિસાગર શ્રીચંદ્રને પ્રણામ કરી ચાલી નીકળ્યો. બુદ્ધિસાગર ચાલતી વખતે કેટલાએક શુભ શુકનો થયાં હતાં. પોતાના સ્વામીની આજ્ઞા સંપાદન કરી તેને સફળ થવાની આશા રાખી, તે ઉમંગમાં રહી ચાલતો હતો.

બુદ્ધિસાગર મંત્રિ ગયા પછી શ્રીચંદ્ર માતાની આજ્ઞા લઇ, રાજમહેલમાં આવ્યો. તે વખતે ગુણચંદ મંત્રિની સાથે તે રાજધાનીમાં ફરવા નીકળ્યો. અનેક સ્થળે ફરતાં તે પોતે સ્થાપેલી દાનશાળામાં આવી ચડ્યો. દાનશાળામાં વિદેશી યાત્રાળુઓ અને મુસાફરોને માટે ઉત્તમ પ્રકારની ગોઠવણ કરવામાં આવી હતી. સર્વ પ્રકારની સામગ્રીવડે ત્યાં ઉત્તમ પ્રકારનું આતિથ્ય થતું હતું. એ પવિત્ર ભૂમિ સાધર્મિ બધુઓની સેવાનું એક સ્થળ થઇ પડી હતી. વિદેશમાંથી આવતા મુસાફરોના સત્કાર માટે તેમાં ઉત્તમ યોજના કરવામાં આવી હતી. તે સ્થળે ખાસ એક આસ્તિક અધિકારીને નિમ્યો હતો. દાનશાળાનો વહિવટ કરવામાં બીજા પણ કેટલાએક સહાયકારી સેવકો નિમવામાં આવ્યા હતા. આવી ઉત્તમ પ્રકારની

[illegible] કર્મ ઉપાર્જ્યાં શ્રીચંદ પોતાની અને પરની ચાર દાનશાળાની નેટ લેતો હતો. પોતે સ્વ-[illegible] શુભ ખાતાંની વ્યવસ્થા કેવી થાય છે, તેને માટે તે સ્મરણ કરીને આલોચન કરતો હતો.

એક વખતે શ્રીચંદ દાનશાળામાં આવ્યો, આવીને તેણે પ્રત્યેક સ્થાનનું નિરીક્ષણ કર્યું. ત્યાં કેવા અતિથિઓ આવેલા છે? અને તેઓ કેવી ચર્ચા કરે છે? ઈત્યાદિ તપાસ કરીને તે [illegible] કરતો હતો. તેવામાં એક યુવાન પુરૂષ જોવામાં આવ્યો. તેની આકૃતિ શાંત હતી. તીર્થયાત્રાની પવિત્ર વ્યવસ્થા તેના દેખાવ ઉપરથી જણાઈ આવતી હતી. તેના લલાટ ઉપર જૈન તેજ પ્રકાશતું હતું. શ્રાવક વર્ગનાં ભવ્ય ચિન્હો તેની [illegible] હતાં: સત્ય, શુદ્ધ વ્રત, નિર્મળતા, પ્રમાણિકતા, વિનય, નમ્રતા, ધૈર્ય, ધાર્મિકતા, [illegible], અને બીજા ઉત્તમ ગુણો તેનામાં વાસ કરી રહ્યા હોય, તેમ તે દેખાતો હતો. તેને જોઈ શ્રીચંદ પ્રસન્ન થયો. આવા પવિત્ર શ્રાવક અતિથિ દાનશાળાનો ઉપયોગ કરે છે, તેને માટે તે આત્માને કૃતાર્થ માનતો હતો. પોતે હમેશાં સાધર્મી બંધુઓની સેવાનું [illegible] મેળવે છે, તેને માટે [illegible] સમજવા લાગ્યો.


શ્રીચંદે તે યુવાનને પુછ્યું, તમે કોણ છો? અને ક્યાંથી આવો છો? તે તરૂણ પુરૂષ બોલ્યો—હું [illegible] શ્રાવક છું. કનકપુરમાંથી નીકળેલો છું. [illegible] અહીં [illegible] આવ્યો છું. શ્રીચંદ—તે દિવસનો અને એક [illegible] આજે કનકપુરનો [illegible] શું કારણ હતું? [illegible] ઉત્તમ શ્રાવકે કરવી પડી? તરૂણ પુરૂષ બોલ્યો—મહાનુભાવ! કનકપુરમાં આજે એક [illegible] બન્યું છે, તે નગરનો રાજા પોતાના [illegible] ધર્મનું [illegible] કરતા હતા, ત્યાં ગુરૂવિક્રમ નામે એક [illegible] છે. [illegible] પોતાના [illegible] કનકપુરને [illegible] છે. આ [illegible] અહીં આવી પહોંચ્યો છું. આ [illegible] કનકપુરના રાજાની [illegible] હતું. [illegible] શ્રાવકો [illegible] તે [illegible] તેમ [illegible] છે. [illegible] ઉદ્દેશ [illegible] સાધર્મી [illegible] રહેશે, [illegible] અહીં [illegible] આપું [illegible] તે [illegible]

[illegible]

રના સૈનિકોના સિંહનાદથી દિશાઓમાં પ્રતિધ્વની પડવા લાગ્યા. શ્રીચંદ્ર સુકંરતી અને પ્રજાઓના અવગાસમાં ચંદ્રપુરમાંજ રહ્યા.

પ્રકરણ ૫૭ મું.

પિતાને જીવિતદાન.



એક પાસ જંગલમાં કોઇ પુરુષ મૃત્યુની સામગ્રી એકઠી કરી ઉભો છે, તેની આજુબાજુ લોકોનું મોટું ટોળું ઉભું ઉભું રુદન કરે છે, તેનું કુટુંબ આક્રંદ કરી તે પુરુષને વિનવે છે, તેના સેવકો અશ્રુધારા વર્ષાવતા નેત્રે વિનતી કરે છે. મહારાજ ! આવું સાહસ કરો નહીં, આપનાં મહારાણી અને રાજકુમાર કુશળતાથી પાછાં આવશે, હજી કેટલોક કાળ સુધી ધીરજ ધરો. જ્ઞાનીઓનાં વચન ઉપર વિશ્વાસ રાખો. મહારાજા ! આપ સંસારનું સ્વરૂપ જાણો છો, આર્હત વાણીનો ઉપદેશ આપના હૃદયમાં પેઠો છે, અને જિન મુનિઓના ઉપદેશને આપે માન આપ્યું છે, તે છતાં આવું અનુચિત આચરણ કરો છો, તે કેવી વાત ? દીર્ઘ વિચાર કરો. આવું રાજ્ય અને લોક વિરુદ્ધ કાર્ય કરવામાં અગ્રણી થાઓ નહીં. આત્મહત્યાના મહા પાપનો વિચાર કરો, એ મહા પાપનું ફળ કેવું કષ્ટ ભરેલું છે ? તેનો હૃદયમાં દીર્ઘ વિમર્શ કરો, જિન વાણીનો અનાદર કરો નહીં. કષ્ટ મહાજની આપઘાત ક્રિયાને માટે જિન શાસ્ત્રમાં શું લખ્યું છે ? તે વિચાર કરી જુઓ. જિન નામથી પવિત્ર એવા આપના આત્માને આ મહા પાપથી કલંકિત કરો નહીં. કૃપાનાથ ! આપના વિના અમારો કોઇ આધાર નથી, આ સમૃદ્ધિમાન રાજધાનીનો અને પ્રજાનો પાલક કોઇ અમોને હજુ પ્રાપ્ત થયો નથી, તે વિચારો. આપના જેવા અર્હંત ભક્તિવાન અમને ક્યાંથી મળશે ? આપની પ્રેમ ભક્તિ, સ્વધર્મનિષ્ઠા અને રાજનીતિ આજ ક્યાંથી જ હોય ? કૃપા મહારાજા ! અમારી ઉપર દયા કરીને [illegible] કરો. કદી અમારા અપરાધ હોય, તો ક્ષમા કરો. આપના જેવા ધર્મનિષ્ઠ પ્રજાપાલ [illegible] નથી. આપના [illegible] પ્રજાએ અને લોક સર્વ જે સુખ ભોગવ્યું છે, તેવું સુખ આપના જેવા બીજા પ્રજાપાલથી નહીં મળી શકે. મહારાજ ! અમારી વિનતી સ્વીકારી આ સાહસથી વિરામ પામો. [illegible] પુરુષ અને સ્ત્રીઓનાં વચનને સ્વીકારે છે. આ પ્રમાણે વિનતિ [illegible]. તેનું [illegible] તેની [illegible] કરતો, તે પુરુષ [illegible] વિનતી અને [illegible] કર્યા, અને પોતે તેમાં [illegible] આ [illegible] પુરુષે [illegible] કહ્યું. [illegible] કહ્યું. [illegible] પ્રજાનું [illegible] કહી બોલ્યો.—

હે પવિત્ર દેવી ! મારા કુમારોમાં જે રાજ્યને લાયક કુમાર છે, તેની તમે રક્ષા કરજો. મારા રાજ્યની પ્રજાનું પાલન કરવાને એ કુમારને પ્રેરણા કરી મોકલજો, જય વિગેરે કુમારોમાં સદ્બુદ્ધિને આરોપજો, આ રાજ્ય વૈભવની ઉન્નતિ થાય, તેવી યોજના કરવા સદા તત્પર થજો. મહાદેવી ! તમે અમારા કુળનાં માતા છો, અમારા વંશપરંપરાનાં રક્ષક છો, તમારા પ્રભાવથી અમારો વંશ પ્રકાશિત છે, અમારૂં એશ્વર્ય રાજતેજ, તમારા ભુજબળને આધીને રહે છે, મારા રાજમહેલની ઉપર તમારા પવિત્ર નામના ચિન્હરૂપ ચડેલી ધ્વજ તરફ તમે સર્વદા દ્રષ્ટિ રાખજો, ભારતવર્ષમાં પ્રસરેલી મારી નીતિમય રાજ્યની કીર્તિને તેવીને તેવી આબાદ રાખજો.

આ પ્રમાણે કહી તેણે પાસે ઉભેલા મંત્રિવર્ગ અને પ્રજાવર્ગને જણાવ્યું, મહારા વફાદાર મંત્રિઓ ! મારી ઇચ્છા પ્રમાણે રાજ્યની ઉપર મેં મારા યોગ્ય કુમારને નિમેલ જણાવ્યું છે, તે પ્રમાણે અમલ કરજો. અને તેની આજ્ઞામાં પ્રવર્તજો; તે રાજકુમારને ઉત્તમ પ્રકારની સલાહ આપજો, રાજા અને પ્રજાની એકતા કરવાનોજ સદા ઉપદેશ આપજો, રાજનીતિના પવિત્ર માર્ગે પ્રવર્તાવવા સર્વદા પ્રયત્ન કરજો, નવીન રાજાને ઉત્સાહ વધે, તેવાં કામ કરવાને હમેશાં પ્રેરણા કર્યા કરજો. દુરાચાર, વ્યસન, અને અનીતિથી તેને દુર રાખજો. સદાચારની શિક્ષા સંપાદન થાય, તેવાં સાધનો તેની પાસે મેળવજો, દુર્બુદ્ધિ માણસોના પ્રસંગમાં તે ન આવે, તેનું ધ્યાન રાખજો. જગતમાં સર્વમાન્ય થએલા જૈન ધર્મની ઉપાસના કરવાનો તેને હમેશાં ઉપદેશ મળે, તેવી ગોઠવણ કરજો. આર્હત ધર્મનાં તત્વો અને આચારોથી તે કદિ પણ વિમુખ ન થાય, અને તે ધર્મનો પૂર્ણ રાગી થાય, તેવી યોજના કરવાના ઉપાય સર્વદા સજ્જ રાખજો. પ્રિય મંત્રિઓ ! મારા થએલા અપરાધ ક્ષમા કરજો, કોઇ પણ રાજકીય કામને લઇ, મેં કાંઇ પણ તમારે માટે અયોગ્ય કર્યું હોય, તેને ક્ષમા કરી, મારા રાજ્યને અને મારી પ્રજાને એકનિષ્ઠાથી જાળવજો. હવે હું તમને છેલ્લા પ્રણામ કરૂં છું.

આ પ્રમાણે કહી, તે ભૂપ ચિતામાં પડવા જતો હતો, ત્યાં એકાએક પછવાડેથી શબ્દ થયો. " બુદ્ધિમાન્ મહારાજ ! સાહસ કરો નહીં. આપને શુભ સમાચાર આપવા આવ્યો છું. " આ વચન સાંભળી, રાજાએ વિસ્મય પામી, પછવાડે જોયું. બીજા પ્રેક્ષકો ચકિત થઇ જોવા લાગ્યા, ત્યાં એક પુરૂષ નિર્ભિતિમાને વેગે આવ્યો, તેના એક હાથમાં જ્યોતિરપત્ર હતું, બીજો હાથ રાજાને અટકાવવાને ઉંચો કર્યો હતો. લલાટ ઉપર તિલક કર્યું હતું. તેના શરીરની આસપાસ પ્રભાતેજ પ્રકાશી રહ્યું હતું. તેને જોતાજ સર્વ ખુશી થયા. મરણોન્મુખ થએલા રાજાએ તેને પ્રણામ કર્યો. બીજા મંત્રી વિગેરે પણ તેના ચરણમાં નમી પડ્યા. તે પંડિત શિરોમણિ સર્વને આશીર્વાદ કહી ઉભો રહ્યો. તેના મુખમાંથી શું વચન નીકળશે, તે સાંભળવાની રાહ જોઇ, સર્વ કર્ણેન્દ્રિયને સાવધાન કરી ઉભા રહ્યા.

પ્રિય વાચકવૃંદ ! આ સમયનું સ્પષ્ટીકરણ હવે કરીએ છીએ. હાલમાં જરા પણ અધૈર્ય રાખશો નહીં. જે ચિતામાં મરવાને તૈયાર થયો છે, તે કુમારપાળનો મહારાજા

પ્રતાપસિંહ છે. પોતાના પુત્ર શ્રીચંદકુમારનું અને રાણી સૂર્યવતીનું ગુમ થવું, તેને બહુ દુઃખદ થઈ પડ્યું હતું. રાણી અને રાજકુમારના વિયોગ દુઃખથી કંટાળી મહારાજા પ્રતાપ આત્મહત્યા કરવા તૈયાર થયો હતો. તેના રાજકુટુંબે, મંત્રીઓએ અને પ્રજાએ ઘણી વિનંતિ કરી, તથાપિ એ દ્દઢ સંકલ્પી રાજાએ પોતાનો વિચાર ફેરવ્યો નહીં, આવા અણીને વખતે જો આ બીજો પુરૂષ નિમિત્તિઆને રૂપે આવી ચડ્યો, ને તેનો પુત્ર શ્રીચંદકુમાર છે. શ્રીચંદ્રે આ વાર્તા ક્યાંથી સાંભળી અને તે શ્રીગિરિમાં રહેલ પોતાની માતાની પાસેથી અહીં શી રીતે આવ્યો, તે વૃત્તાંત જાણવા જેવું છે, તે નીચે પ્રમાણે આપીએ છીએ.

પદ્મનાભ રાજા અને ગુણચંદ્રને કનકપુરના રાજાની સહાયમાં મોકલી, શ્રીચંદ્ર પોતાની માતા સૂર્યવતીની સાથે શ્રીગિરિમાં રહ્યો હતો. એક વખતે રાત્રિચર્યા જોવાને શ્રીચંદ્ર રાત્રે બાહાર ફરવા નીકળ્યો, એક પથિકશાળા કે જ્યાં વિદેશી મુસાફરો આવી ઉતરતા હતા, ત્યાં તે આવી ચડ્યો શ્રીચંદ્ર ત્યાં ગુપ્ત રીતે ફરતો હતો, તેવામાં કોઈ મુસાફરો જુદી જુદી વાતો કરતા હતા. તેઓમાં એક મુસાફર બોલ્યો, મિત્રો ! મારો એક વૃત્તાંત સાંભળવા જેવો છે, તે સાંભળો. ગત દિવસે હું કુંતલ નામના નગરમાં રાત રહ્યો હતો, તે ગામમાં સુવ્રત નામના એક શેઠને ચાર પુત્રવધૂ છે, તે હમેશાં મધ્ય રાત્રે ઉઠીને સ્નાન શૃંગાર કરી કોઈ વાડીમાં જાય છે. ત્યાં એક ખીજડીના વૃક્ષ ઉપર ચડીને ક્યાંઈ ઉડી જાય છે. દૈવ યોગે હું તે સ્થળે જતો હતો, મને તે દેખાવ જોઈને ઘણો ભય લાગ્યો. તે ગામ અહીંથી વીશ ગાઉ દૂર આવેલું છે.

આ વાર્તા શ્રીચંદ્રે ગુપ્ત રીતે સાંભળી લીધી. પછી બીજે દિવસે પોતે તે સુવ્રત શેઠને ઘેર સાયંકાળે ગયો, અંજન ગુટિકાના યોગથી ગુપ્ત રીતે ઘરમાં રહ્યો. બરાબર મધ્ય રાત્રિ થઈ, એટલે તે પેલી વધૂઓની સાથે વાડીમા ગયા, અને ખીજડીના વૃક્ષ પાસે ઉભો રહ્યો. તે વધૂએ પરસ્પર કહેવા માડ્યું કે, બહેનો ! આજે ક્યાં જવું છે ! તેઓમાંથી એક બોલી—બઈ કાલે આપણે જે વાત સાંભળી છે, તે આશ્ચર્ય જોવાને આજે કોટિક દ્વીપમાં જઈએ. પછી તેમણે યોગિનીનો મંત્ર જપ્યો, એટલે ખીજડીનું વૃક્ષ આકાશ તરફ ઉડ્યું. શ્રીચંદ્ર તેના થડને વળગી રહ્યો. તત્કાળ તેઓ કોટિક દ્વીપમાં આવીને ઉતર્યા. પછી વૃક્ષને બાહેર મુકી તેઓ નગરમાં પેઠી. શ્રીચંદકુમાર પણ તેમની પાછળ ચાલ્યો. તે વનિતાઓ તે નગરના રાજદ્વારમાં આવી, તેમણે અંદર પ્રવેશ કર્યો. રાજમહેલમાં એક સુશોભિત મંડપની મધ્ય ભાગે રત્નજડિત સિંહાસન મુક્યું હતું, પ્રજ્વલિત હીરાઓની કાન્તીથી વિવિધ જાતના ચટ્ટોની ભ્રાંતિ થતી હતી, તે સિંહાસન આગળ રહેલું પાદપીઠ મુક્તાફળથી વિરાજિત હતું. જાતજાતની કારીગરીવાળા તેના પાયા સુશોભિત લાગતા હતા, જાણે વિમાન હોય, તેવું તે સિંહાસન જોઈ શ્રીચંદ્રને વિચાર થયો અહા ! કેવું સુંદર સિંહાસન છે ! આવું મનોહર આસન શૂન્ય હોવાથી શોભતું નથી. આ કોઈ વીરનરને યોગ્ય છે. શયન, આસન, વાહન, શસ્ત્ર, શાસ્ત્ર, ભોજન, અને પાન એ સર્વને સાધારણ છે. પણ પુણ્યનિધાન પુરૂષોને તો ઉત્તમ રીતે ભોગ્ય છે. આવું વિચારી ધર્મવીર શ્રીચંદ્ર મુખમાંથી અંજનગુટિકા બાહેર કાઢી પ્રત્યક્ષ થઈ, તે સિંહાસન ઉપર નિર્ભય થઈ

આ મોટા દ્રહમાં આશ્ચર્યકારક મંદિર ઉત્પન્ન કર્યું હતું. પર્વતનાં શિખર ઉપર જેમ કેસરી સિંહ તેમ તે દેખાવા લાગ્યો, તેની પાસે નગરલોકના જેવો એક ભરેલો ધ્વજ ખરેખર હતો, તેમાંથી એક નંબુકનો શબ્દ કરી, રાજકુમાર દર્પણમાં મુખાવલોકન કરવા લાગ્યો. આ અવસરે પટ્ટમાં જોઇને કેટલાક ચતુર પુરુષો જયજય શબ્દ કરતા બહાર આવ્યા. તેમણે આદરીને કહ્યું, તમે પ્રસન્ન થયા, તે ઘણું સારું થયું. એમ કહી તેઓમાંથી કેટલાક વાજીંત્રો વગાડવા લાગ્યા, કેટલાક સંગીત કરવા લાગ્યા અને કેટલાક પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. તેટલામાં સુભટોથી વીંટાએલો તે નગરનો અધિપતિ ત્યાં આવ્યો, તેણે મંગળકુમારને ઉત્સંગમાં લીધો, તેની તેજસ્વી મૂર્તિ જોઇ તે જનાર્દનને અતિશય આનંદ થયો. તે ઉમંગથી બોલ્યો—રાજકુમાર ! અમારા ભાગ્યથી તમારૂં આગમન થયું અને રાજબીજ વિના જેમ નાશક થાય તેમ થયું છે. હું આ દ્વીપનો રવિપ્રભ નામે રાજા છું. મારે નવ પુત્રીઓ છે, તેમનાં ૧ કનકસેના, ૨ કનકપ્રભા, ૩ કનકમંજરી, ૪ કનકબાલા, ૫ કનકસુંદરી, ૬ કનકમાળા, ૭ કનકરેખા, ૮ મનોરમા, અને ૯ સુવર્ણાભા એવાં નામ છે. એ નવ પુત્રીઓ યૌવનવતી થઇ, એટલે તેની ચિંતાથી હું વ્યાકુળ રહેતો હતો, યૌવનવતી પુત્રીઓ પિતાને અત્યંત ચિંતાતુર કરે છે. તેને માટે વિદ્વાનો શ્લોક કહે છે—

जातेति पूर्वं महतीति चिंता
कस्यै प्रदेयेति ततः महद्दा ।
दत्ता सुखं स्थास्यति वा नवेति
कन्यापितृत्वं किल हंत कष्टम् ॥ १ ॥

આદિથી પુત્રીનો જન્મ થાય, ત્યારથી મોટી ચિંતા થાય છે. જ્યારે તે મોટી થાય, એટલે ‘ આ પુત્રી કોને આપવી ? એવી ચિંતા વધે છે, અને કદિ તે કોઇને આપી, તો પણ તેને સુખ મળશે કે નહીં ? એમ ચિંતા થાય છે. તેથી કન્યાના પિતાને ઘણું કષ્ટ છે. ’ ૧

વળી કહ્યું છે કે—

निवघर सोमा पामर दंसणी कुल कलंक कलि भवणं ।
जेहिं न जाया पुत्ता ते सुहिया जीवलोगं मि ॥ १ ॥

પોતાના ઘરને દૂષણ લગાડનારી, પામરને દેખાડનારી, કુળને કલંક અને કલહનું ઘર એવી પુત્રી જેને થઇ નથી, તે પુરુષ આ જીવલોકમાં સુખી છે.

રાજકુમાર ! એ વખતે મેં કોઇ નિમિત્તિયાને બોલાવી પૂછ્યું કે, આ નવ કન્યાઓ કોની થશે ? તે સાંભળી જોશ જોઇ કહ્યું કે ...

માન કરતો હતો. હમેશાં વિવિધ જાતનો શાસ્ત્રીય વિનોદ લઈ, તેની સાથે દિવસ નિર્ગમન કરતો હતો. કર્મની વિચિત્રતા કેવી ચમત્કારી છે ! કુશસ્થલીનો યુવરાજ પોતાનીજ રાજધાનીમાં પિતાનો ઉપકારી થઈ, એક જોગીરૂપે પૂજાય છે. પિતા પુત્રને ઓળખી શકતો નથી, અને પુત્ર પિતાને ઓળખતાં છતાં ગુપ્ત રીતે રહી, પિતાનું શુભ ચિંતન ચિંતવે છે.



પ્રકરણ ૫૮ મું.

યોગવિદ્યાનો ઉપદેશ.



ધ્યાહ્નનો સમય હતો, શરીરના નિભાવને માટે જનસમૂહ આહારની ક્રિયામાં પ્રવર્તી રહ્યો હતો, ઉદ્યોગની પ્રવૃત્તિમાં વિશ્રાંતિ લેવાનો એ વખત હતો, આસ્તિકો ધર્મક્રિયામાંથી, ઉદ્યોગીઓ ઉદ્યોગમાંથી અને અભ્યાસીઓ અભ્યાસમાંથી નિવૃત્ત થઈ ભોજનની ક્રિયામાં પ્રવર્તતા હતા. આ સમયે મહારાજા પ્રતાપસિંહ ભોજન લઈ, તે નવીન નિર્મિતપાના ઉતારામાં આવ્યો. કાંઈ પણ ધર્મચર્ચા કરવાની તેની ઇચ્છા હતી. તેને આવતા જોઈ સેવકોએ ખબર આપ્યા કે, આજે જોગીજી પ્રાતઃકાળથી ધ્યાન ધરીને બેઠા છે. તેમની મનોવૃત્તિમાં આજે સમાધિ કરવાની ઇચ્છા થઈ છે. તેમનું અમોને કહેવાની મતલબ એ છે કે, હું મધ્યાહ્ન સુધી ધ્યાન કરીશ. જો કોઈ આવે, તેને સૂચના આપજો. સેવકનાં વચન સાંભળી મહારાજા ગુપ્તગૃહમાં ગયા, ત્યાં તેણે ધ્યાનવૃત્તિ જોતામાં આવી. જોગી દૃઢ આસન ઉપર બેઠા હતા, તેમને યોગમુદ્રા ધરી હતી, શરીર કાષ્ઠવત્ થઈ સ્થિરતાને રહ્યું હતું. લલાટ ઉપર કોઈ વસ્તુની જોવાનું તેજ પ્રકાશતું હતું. આવી ધ્યાનાવસ્થા જોઈ પ્રતાપસિંહને આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે, આ કેવા મહાત્માની સાથે છે, તેના વિકટ જ્ઞાનનો હેતુ આ યોગવિદ્યા હશે. આ મહાત્માને માટે પણ આવું યોગ હોય છે. ઉત્તમ ધ્યાનના પ્રકાર એ વિલક્ષણ જણાય છે. વિશ્વ પંચભૂતના તત્ત્વને પ્રત્યક્ષ ઓળખવાનું મહા સાધન સમાધિયોગ છે, માટે આ પુરુષ પાસેથી તે યોગવિદ્યાનું જ્ઞાન લઉં હોય, તો ઘણું સારું થાય. એમ મનમાં વિચારતા હતા, ત્યાં તો જોગીજી ધ્યાનમાંથી જાગ્રત થયા. તત્કાળ તેની દૃષ્ટિ મહારાજાની ઉપર પડી. વિનયથી ઊભો થઈ, તે ચતુર જોગી ગુપ્તગૃહમાંથી બહાર [illegible] પ્રતાપસિંહે પ્રણામ કરી કહ્યું—મહારાજ ! તમે યોગવિદ્યા જાણો છો, તે આજે જાણ્યું. તમારી ધ્યાનાવસ્થા જોઈ, મને ઘણો આનંદ થયો છે. [illegible] તે [illegible] છે, પણ તે [illegible] નથી. તેથી તે [illegible] છે. એ કૃપા કરી મને તે [illegible] [illegible]

આપ્યું છે. પણ પરમાત્માના સ્વરૂપના યથાર્થ જ્ઞાનને આપવા માટે જો યોગવિદ્યાનો ઉપદેશ કરો, તો આપના સમાગમનું મને પૂર્ણ ફળ પ્રાપ્ત થશે. પ્રથમ આપ ભોજન કરી લ્યો, અને પછી તમારાં વચનામૃતથી મારા કર્ણને તૃપ્તિ આપો.

વિદ્વાન્ શ્રીચંદ્રકુમાર હાસ્ય કરી બોલ્યો—મહારાજ! આપની આવી ઉત્તમ ઇચ્છા જાણી મને અતિ આનંદ ઉદ્ભવે છે, હવે ભોજન કરવાની મારી ઇચ્છા નથી. સમાધિનો ઉત્તમ સ્વાદ લઈ મને અપૂર્વ તૃપ્તિ મળી છે. જો કે, શરીરના નિર્વાહ માટે યોગીને ભોજનની અપેક્ષા રાખવી પડે છે, પણ તેના કરતાં યોગામૃતની તૃપ્તિ વધારે આનંદકારક છે. આ ઉદર, કે જે આખર ફક્ત મેળવવાનાં છતાં હમેશાં અપૂર્ણ રહેનારું, અને ભોજનની વાસના રાખનારું છે, તેને અન્નનું બલિદાન આપ્યા વિના ચાલે તેમ નથી. સર્વ પ્રકારે જઠરરૂપ મહાત્માને પૂછ્યા વિના કાંઈ પણ કાર્ય થઈ શકતું નથી, તેને માટે શાસ્ત્રમાં નીચે પ્રમાણે લખે છે.

देहः स्नेहः स्वरमधुरता बुद्धिलावण्यलज्जाः
प्राणानंगः पवनसमता क्रोधहानिर्विलासाः ।
धर्मः शास्त्रं सुरगुरुनतिः शौचमाचारचिंता
प्रस्थापूर्णे जठरपिठरे प्राणिनां संभवंति ॥ १ ॥

" મનુષ્યનું પેટ જો અન્નથી ભર્યું હોય, તો દેહ, સ્નેહ, સ્વરની મધુરતા, બુદ્ધિ, લાવણ્ય, લજ્જા, પ્રાણ, કામદેવ, વાયુની સમાનતા, ક્રોધનો અભાવ, વિલાસ, ધર્મ, શાસ્ત્ર, દેવગુરુને પ્રણામ, શૌચ અને આચારની ચિંતા, એ સર્વ સંભવે છે. "

આથી યોગીઓએ પણ અન્નને આદર આપવો પડે છે. તે વિષે પ્રાકૃતમાં પણ કહેલ છે કે—

જઠર પિઠર પૂરે ઘણું, તો પૂરે દેહ સમાધિ;
અન્ન તે દેહ આધાર છે, દેહથી બુદ્ધિ અગાધ. ૧
તેથી તત્ત્વ ચિંતા બને, તેથી ઉપજે ધ્યાન,
ધ્યાનથી સદ્ગુણ ઉપજે, તેથી દેવ એકતાન. ૨

મહારાજ! અન્ન વિના કોઈને ચાલે તેમ નથી, તથાપિ આજે મારે આ વખતે તેની જરા પણ અપેક્ષા નથી. હવે આપ એક ચિત્તે યોગવિદ્યાનું સ્વરૂપ સંક્ષેપથી સાંભળો. યોગ સર્વ કર્મોમાં શ્રેષ્ઠ છે, એ પરમ તત્ત્વનું મુખ્ય અંગ છે; અષ્ટાંગ પ્રકારનો તે યોગ શુભ પરિણામથી પ્રાપ્ત થાય છે. યમ, નિયમ, પ્રતિષ્ઠાન, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર ધ્યાન, અને ધારણા, એ યોગનાં આઠ અંગ છે. તે વિષય તેના ભોગ મધ્યે અંતર

છે, જે યોગવિદ્યાના ગ્રંથોમાં વિસ્તારથી દર્શાવ્યા છે. વાયુ-પ્રાણની સાધના, નિદ્રા, વિકથા તથા આહારનો આસનના ભેદથી જય કરી, ધ્યાનારંભનો વિચાર કરવો જોઇએ, અને તે સર્વથી પ્રથમ બીજનું સ્મરણ કરવાનું છે, તેમાં મુખ્યપણે આધાર લિંગ, નાભિ, હૃદય, કરકમલ, કંઠ, તથા લલાટ એ સ્થાનકોમાં રહેલાં પદ્મ સહિત કમળ અને ચક્રોનાં સ્થાન જાણવાં જોઇએ. તેનું વર્ણન આ પ્રમાણે છે. ગુદાના મૂળમાં ચાર દળવાળું આધાર ચક્ર છે, તેમાં શ, ષ, સ, અને મધ્યે ઈ કાર છે. લિંગ મૂળમાં સ્વાધિષ્ઠાન ચક્ર છે, તે ષટ્કોણાકૃતિ ૭ દળવાળું છે, નાભિમાં દશ પત્રવાળું મણિચક્ર છે, હૃદયમાં બાર દળનું અનાહત ચક્ર છે, કંઠમાં સોળ ચક્રવાળું વિશુદ્ધિ ચક્ર છે, અને લલાટમાં બત્રીશ દળવાળું પ્રભૂતબીજ ચક્ર છે. એ ૭ ચક્રોનું સ્વરૂપ યથાર્થ જાણવાથી યોગી યોગવિદ્યાનો પરમ ઉપાસક થઇ શકે છે. એજ ભાવાર્થને દર્શાવનારું નીચેનું પદ્ય યોગવિદ્યામાં ગવાય છે.

" आधारे लिंगनाभौ हृदि करकमले कंठदेशे ललाटे
द्वे पत्रे षोडशारे द्विदश दशदले द्वादशार्द्धे चतुष्टे ।
नासांते बालमध्ये डफकठसहिते कंठदेशे स्वराणा
मित्येवं ब्रह्मबीजं सकलजनहितं ब्रह्मरूपं नमामि " ॥ १ ॥

આ યોગવિદ્યાની ઉપાસનાથી સર્વ પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, યોગવિદ્યાનું મૂળ કર્તવ્ય મનનો નિગ્રહ કરવો, તે છે. જ્યારે ધર્મવીર યોગારાધક અષ્ટાંગ યોગની ઉપાસના કરવા તત્પર થાય છે, ત્યારે તે મન, વચન અને કાયાના યોગની પરમ શુદ્ધિ પ્રાપ્ત કરે છે. દૃઢ આસન ઉપર આરૂઢ થઇ બેઠેલો યોગી જે અસાધ્ય હોય, તે પણ સાધવાને સમર્થ થઇ શકે છે. આસનની દૃઢતાથી તેના મનની દૃઢતાને પુષ્ટિ મળે છે, યમ નિયમના ઉત્તમ માર્ગમાં પ્રવેશ કરવાથી યોગી મનની શુદ્ધિ પ્રાપ્ત કરી, પરબ્રહ્મનું દર્શન મેળવી શકે છે, આ લોકની ક્ષણિકતા, કે જે સાંસારિક પદાર્થો તરફ વૈરાગ્ય ભાવને પ્રગટ કરનારી છે, તેને સમર્થ યોગસાધક પુરૂષ અલ્પ સમયમાં જાણી લઇ, આત્મ સાધન કરી શકે છે.

મહારાજા ! તે યોગવિદ્યાનો પ્રભાવ અલૌકિક છે, આત્માનંદના દિવ્ય સુખને આપનારો છે, આર્હત ધર્મનું બોધિબીજ, કે જેને માટે જૈન સાધકો અનેક પ્રયત્ન કરી, મેળવવાને અતિ કષ્ટ સહન કરે, તે બોધિબીજ યોગ સાધનના પ્રભાવથી પ્રાપ્ત થાય છે. રાજેંદ્ર ! તે યોગવિદ્યાનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું, તે આપ ધ્યાન આપીને શ્રવણ કરો. છદ્મસ્થ યોગિઓ એક મુહૂર્ત સુધી મનને સ્થિરતા આપે, એ ધ્યાન કહેવાય છે. તે ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન એવા બે પ્રકારનું છે. જેઓ સયોગી કેવળી છે, તેમને તો મન, વચન, અને કાયાના નિરોધનો જે કાળ, તેજ ધ્યાન ગણાય છે. કારણ કે, તેઓ એક દેશે ઉણી એવી પૂર્વ કોટી સુધી મન, વચન અને કાયાના વ્યાપાર સાથે વિહાર કરે છે, અને મોક્ષને વખતે તે વ્યાપારનો નિરોધ કરે છે. એક મુહૂર્ત વાર પછી ચિંતા અથવા ધ્યાનાંતર

દૃઢ થાય, અને મન: સંબંધે જો સંક્રમ હોય, તો લાંબા કાળ સુધી પણ ધ્યાનની પરંપરા થઈ શકે છે.

ધર્મ ધ્યાનની પુષ્ટિને માટે યોગીએ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, અને માધ્યસ્થ્યસ્વરૂપ ભાવનાની યોજના કરવી જોઈએ. મૈત્રી ભાવનામાં સર્વ જન્તુને સ્નેહ ભોગવવાની બુદ્ધિ કરવાની, અને સર્વ પ્રાણીઓને સુખી જોવાની ઇચ્છા રહેલી છે. પ્રમોદ ભાવનામાં નિર્દોષ અને દાન દયા વિગેરે ગુણ જેવા મુનિઓના ગુણમાં પક્ષપાત રાખવાની યોજના છે. કરુણા ભાવનામાં દીન, પીડિત, ભયભીત અને જીવિતની યાચના કરનારાં પ્રાણીઓ તરફ પ્રતિકાર કરવાની બુદ્ધિની ઘટના છે, અને માધ્યસ્થ ભાવનામાં ક્રૂર કર્મ કરનારા, નિઃશંકપણે દેવગુરુની નિંદા કરનારા અને આત્મની પ્રશંસા કરનારા પ્રાણી તરફ ઉપેક્ષા રાખવાનું છે. આ ઉત્તમ ભાવનાથી યોગી જ્યારે આત્માને વિષે ધ્યાન ધરે છે, ત્યારે તેની તુટી ગયેલી શુદ્ધ ધ્યાનની પરંપરા પાછી સંધાય છે. આ ઉત્તમ ધ્યાન તેથ તીર્થે અથવા પોતે સ્વસ્થ રહી શકે, તેવા સ્થાનમાં કરવાનું છે. તે યોગ ધ્યાન કરવાને માટે કેટલાંક આસનોનો અભ્યાસ કરવો જોઈએ. જેઓમાં પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, કમળાસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન અને કાયોત્સર્ગ એ મુખ્ય આસનો છે. જે આસનથી મન સ્થિર થઈ શકે તેમ લાગે, તે આસન ઉપર યોગીએ આરૂઢ થવું જોઈએ.

મહારાજ ! સમાધિ સુખની ઇચ્છા રાખનારા યોગીએ તે આસન ઉપર બેસી, કેવી સ્થિતિ રાખવી જોઈએ ! તે વિષે સાંભળો. પ્રથમ સુખાસને બેસી, શરીરની અને મનની સ્વસ્થતા સંપાદન કરવી, અને હોઠ બીડી દેવા, નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ રાખવી, ઉપલા અને નીચલા દાંત જુદા રાખવા, મુખ પ્રસન્ન રાખવું, પૂર્વ અને ઉત્તરદિશા સન્મુખે બેસવું. આવી સ્થિતિ સંપાદન કર્યા પછી મન અને પવનનો જય કરવાને પ્રાણાયામ કરવો. મન અને વાયુ દૂધ જળની જેમ જોડાઈ રહે છે, જ્યાં મન ત્યાં વાયુ, અને જ્યાં વાયુ ત્યાં મન રહેલાં હોય છે. એ બંનેમાંથી જો એકનો નાશ થાય, તો બીજાનો પણ નાશ થાય છે. જો એક વિદ્યમાન હોય, તો બીજો પણ વિદ્યમાન હોય, અને જ્યારે બંનેનો નાશ થાય, એટલે ઇંદ્રિય અને મતિનો નાશ થાય છે; તે વખતે પરમાનંદ મોક્ષનો લાભ અને પ્રાપ્તિ થાય છે. જ્યારે શ્વાસ અને ઇંદ્રિયોની ગતિ રોકવામાં આવે, ત્યારે પ્રાણાયામ થાય છે. તે રેચક, પૂરક અને કુંભક, એવા ત્રણ ભેદથી પ્રખ્યાત છે. વળી પ્રત્યાહાર, શાંત, ઉત્તર અને અધર, એ ચાર ભેદ વધારે ગણતાં તેના સાત ભેદ થઈ શકે છે. ઉદરમાંથી યત્નપૂર્વક વાયુને નાસિકા, બ્રહ્મરંધ્ર અને મુખથી જે બહાર ફેંકવો, તે રેચક પ્રાણાયામ કહેવાય છે. બહારના વાયુને આકર્ષણ કરી, છેક અપાન સુધી ઉદરને ભરવું, તે પૂરક પ્રાણાયામ કહેવાય છે, અને તે વાયુને નાભિ કમળમાં સ્થિર કરી રોકવો, તે કુંભક પ્રાણાયામ કહેવાય છે. નાભિ વિગેરે સ્થાનથી વાયુને હૃદયાદિ સ્થાનમાં ખેંચવો, તે પ્રત્યાહાર કહેવાય છે. તાળુ, નાસિકા અને મુખદ્વારથી વાયુનો નિરોધ કરવો, તે શાંત પ્રાણાયામ કહેવાય છે. બહારના પવનને લઈ, તેને ઉંચો ચડાવી, હૃદય વિગેરેમાં જે

ધારી રાખવો, તે ઉત્તર પ્રાણાયામ કહેવાય છે, અને તેથી જે વિપરીત તે અધર પ્રાણાયામ કહેવાય છે, અર્થાત્ તેમાં વાયુને ઉંચેથી નીચે લાવવામાં આવે છે.

રાજેંદ્ર ! આ પ્રાણાયામની ક્રિયા શારીરિક સંપત્તિમાં વધારો કરે છે. શારીરિક બળને અર્પણ કરી ઉત્તમ પ્રકારની દિવ્ય સ્ફુર્તિ આપે છે, રેચક પ્રાણાયામ ઉદરની પીડા તથા કફનો નાશ કરે છે, પૂરક વ્યાધિઓનો નાશ કરી પુષ્ટિ આપે છે, કુંભક હૃદય કમળને વિકસ્વર કરી, અંદરની ગ્રંથિ તોડી બળની સ્થિરતામાં વધારો કરે છે, પ્રત્યાહાર બળ અને કાંતિ વધારે છે, શાંત પ્રાણાયામ સર્વ જાતના દોષને દૂર કરે છે, અને ઉત્તર તથા અધર કુંભકને સ્થિર કરવાનું સામર્થ્ય અર્પે છે. એવી રીતે પ્રાણાયામના જુદાજુદા પ્રકારથી જુદાજુદા ગુણ થાય છે. જો યોગી પ્રાણ પ્રમુખનાં સ્થાન, વર્ણ, ક્રિયા અર્થ અને બીજને જાણે છે, તો તે પ્રાણાયામની ક્રિયાથી પ્રાણવાયુને, વિષ્ટાદિકને દુર કરનારા અપાનવાયુને, રસ પ્રમુખને ઉંચે લઇ જનારા ઉદાનવાયુ, અને શરીરમાં વ્યાપ્તિ આપનારા વ્યાનવાયુને જીતી શકાય છે. પ્રાણવાયુ નાસિકાના અગ્રમાં, હૃદયમાં, નાભિમાં અને પગના અંગુઠાના અગ્ર ભાગમાં રહે છે, તેનો રંગ લીલો છે, ગમનાગમનના પ્રયોગથી અથવા ધારણ કરવાથી તેનો જય થાય છે. અપાન વાયુ ગળાની પાછળની નાડીઓમાં, ગુદામાં, અને પગના પાછલા ભાગમાં રહે છે, તેનો રંગ કાળો છે, તે વારંવાર રેચન અને પૂરણથી જીતી શકાય છે. સમાન વાયુ હૃદય, નાભિ અને સર્વ સાંધાઓમાં રહે છે, તેનો રંગ શ્વેત છે, અને તે વારંવાર રેચન અથવા પૂરણથી જીતી શકાય છે. ઉદાન વાયુ હૃદય, કંઠ, તાળુ અને ભ્રકુટીના મધ્ય ભાગમાં તથા મસ્તકમાં રહે છે; તેનો રંગ રાતો છે, તે ગમનાગમનના નિયોગથી જીતી શકાય છે. નાસિકાને ખેંચી ઉદાન વાયુને હૃદયાદિકમાં સ્થાપવો, અને બળથી ઉંચે ચડતા એવા, તેને રોકીને વશ કરવો. વ્યાન વાયુ ત્વચામાં રહે છે, તેનો રંગ ઇંદ્ર ધનુષ્યના જેવો છે, તેને સંકોચ અને પ્રસરે કરીને કુંભકના અભ્યાસથી જીતી લેવાનો છે.

મહારાજ ! જે વાયુનું સ્વરૂપ પૂર્ણ રીતે જાણી પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન વાયુમાં અનુક્રમે “ યૈં પૈં વૈં લૌં ” એ બીજોનું ધ્યાન કરવું. અને જે સ્થાને પ્રાણીને પીડા કરનારો રોગ થયો હોય, તે રોગની શાંતિને માટે તે તે સ્થાને પ્રાણાદિક વાયુઓને ધારણ કરવા. એવી રીતે પ્રાણાયામ કર્યા પછી મનની સ્થિરતાને માટે ધારણા વિગેરેનો અભ્યાસ કરવો જોઇએ. ધારણાનો પ્રયોગ આ રીતે છે કે, વાયુને ધીરે ધીરે રેચકથી રેચી ડાબી નાડીથી મનની સાથે પગના અંગુઠાથી માંડીને છેક બ્રહ્મદ્વાર સુધી લાવી, તેણે શરીરને પુરવું. તેના પહેલા પગના અંગુઠામાં, પછી પગના તળીયામાં, પછી પાછલા ભાગમાં, પછી ઘુંટીમાં, પછી જાંઘમાં, પછી ઘુંટણમાં, સાથળમાં, ગુદામાં, લિંગમાં, નાભિમાં, ઉદરમાં, હૃદયમાં, કંઠમાં, જિવ્હામાં, તાળુમાં, નાસિકાના અગ્ર ભાગમાં, નેત્રમાં, ભ્રકુટીમાં, કપાળમાં અને મસ્તકમાં. એમ અનુક્રમે વાયુની સાથે મનને લઇને છેક બ્રહ્મદ્વાર સુધી તેને ભરવો. પછી અનુક્રમે વિલોમ રીતે છેક ઉંચાથી ઉતારીને પગના અંગુઠા સુધી લાવવો, અને નાભિ કમળમાં લાવીને વાયુનું વિરેચન કરવું. અને

નામ ધારણા કહેવાય છે. મહારાજ ! આ ધારણા ઉત્તમ ફળને આપનારી છે. પગના અંગુઠા વિગેરેમાં ધારણ કરેલો વાયુ શીઘ્ર ગતિ અને બળને માટે ગુણકારી છે, નાભિમાં રહેલો જ્વરાદિ રોગ શમાવે છે, જઠરમાં રહેલો કાયાની શુદ્ધિ કરે છે, હૃદયમાં રહેલો જ્ઞાન આપે છે, કૂર્મ નાડીમાં રહેલો રોગ તથા જરાને દૂર કરે છે, કંઠમાં ક્ષુધા તૃષાને શમાવે છે, જીહ્વાને અગ્ર ભાગે રસનું જ્ઞાન અર્પે છે, નાસિકાના અગ્રભાગે ગંધનું જ્ઞાન વધારે છે, ચક્ષુમાં રહેલો રૂપનું જ્ઞાન કરાવે છે, કપાળમાં તેના રોગનો નાશ, અને ક્રોધરૂપ કષાયને શમાવે છે. અને બ્રહ્મરંધ્રમાં રહેલો વાયુ સાક્ષાત્ સિદ્ધોનાં દર્શન કરાવે છે. તે વાયુના ચાર ગમન અને સ્થાનના જ્ઞાનથી અભ્યાસને યોગે શુભ અશુભ ફળના ઉદયાગત કાળ અને આયુષ્ય જાણી શકાય છે. આ પ્રમાણે પ્રાણાયામ અને ધારણાથી યોગીએ પવનની સાથે મનને મેળવી, હૃદયકમળની અંદર સ્થાપિત કરી ક્રમે કરવું. જ્યારે મનનો નિગ્રહ થયો, એટલે અવિદ્યાઓ લય પામે છે, વિષયની ઇચ્છા નાશ પામી જાય છે, વિકલ્પો નિરસ્ત થાય છે, અને અંદર જ્ઞાનની જ્યોતિ પ્રગટ થાય છે. જ્યારે હૃદયકમળમાં મન સ્થિર થયું, એટલે ' વાયુની ગતિ ક્યા મંડળમાં છે ! વાયુનું સંક્રમણ અને વિશ્રમણ ક્યાં થાય છે ! તથા નાડી કઇ ચાલે છે ! એ સઘળું જાણવામાં આવે છે. યોગવિદ્યાને અર્થે એ ચમત્કારી સ્વરોદય જ્ઞાન પૂર્ણ રીતે પ્રકાશે છે. નાસિકાના છિદ્રોમાં અનુક્રમે ભૂમિ, વરૂણ, વાયુ અને અગ્નિ સંબંધી ચાર મંડળો કહેલાં છે, તે ચારે મંડળમાં સંચાર કરતો વાયુ, ચાર પ્રકારનો થાય છે, તે વાયુ જુદાં જુદાં શુભાશુભ ફળ સૂચવે છે, એ સર્વ જ્ઞાનનું મૂળ મનનો નિગ્રહજ છે. આ વિદ્યાને અર્થે કેટલીક સિદ્ધિ—લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, જે કર્મની ઉત્પાદક થઇ, મોક્ષમાં વિઘ્નરૂપે થઇ પડે છે.

રાજેંદ્ર ! એ ધ્યાન કરવામાં ઘણી સાવચેતી રાખવી પડે છે. ધ્યાન ધરનાર કેવો જોઇએ ! તે પણ અવશ્ય મનન કરવા જેવું છે. પ્રાણ જાય, તોપણ જે સંયમનું અગ્રેસરપણું તજે નહીં, પોતાના આત્મસ્વરૂપથી જુદો થયા વિના જે બીજાને પણ પોતાની પેઠેજ જુએ છે, જે શીત, પવન અને તડકાથી પણ પરિતાપને પામતો નથી, જે મોક્ષદાયક અમૃતને પીવાની ઇચ્છા કરે છે, જે પોતાના મનને રાગાદિ, ક્રોધાદિકથી રહિત અને આત્મારામરૂપ બનાવે છે, તે સર્વ કર્મમાં નિર્લેપ રહે છે; કામ ભોગથી વિરત થાય છે. પોતાના શરીરમાં પણ નિસ્પૃહ રહે છે, સર્વત્ર સમતાનો આશ્રય કરી, સંવેગના દ્રહમાં મગ્ન રહે છે, રાજા અને રંકનું સરખી રીતે કલ્યાણ ઇચ્છે છે, તેના હૃદયમાં કરૂણાનો અપૂર્વ સાગર ઉછળ્યા કરે છે, સંસારનાં કોઇ પણ જાતનાં સુખની તે દરકાર રાખતો નથી, મેરૂની જેમ નિષ્કંપ, ચંદ્રની જેમ આનંદદાયક, અને પવનની જેમ નિઃસંગ થઇ પ્રવર્તે છે; આવો શુદ્ધબુદ્ધિમાન ધ્યાતા સર્વ રીતે પ્રશંસનીય છે.

એવા ઉત્તમ ધ્યાતા ને ધ્યેય કેવો હોય, તે પ્રથમ વિચારવાનું છે. ધ્યાનના આલંબનરૂપ ધ્યેયના ચાર પ્રકાર કહેલા છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, અને રૂપવર્જિત (રૂપાતીત) એ ચાર પ્રકારના ધ્યેયને જુદી જુદી ધારણાઓ હોય છે. પાર્થિવી, આગ્નેયી, મારુતી, વા-

રૂણી અને ભૂ, એ પાંચ ધારણાઓ પિંડસ્થ ધ્યેયમાં ઉપયોગી થાય છે. તે ધ્યેય આત્માના સ્વરૂપને જ્યારે પાર્થિવી ધારણાથી ધ્યાતું હોય, ત્યારે તિર્યંક્લોકના પ્રમાણ જેવડા ક્ષીર સમુદ્રમાં જંબુદ્વીપ સમાન સહસ્રપત્ર કમળનું ધ્યાન કરવું; તે કમળની અંદર પીળા વર્ણની મેરૂ સમાન કર્ણિકાપર રહેલા શ્વેત સિંહાસન ઉપર બેઠેલા કર્મનાશક આત્માનું ચિંતવન કરવામાં આવે છે. અગ્નેયી ધારણાથી નાભિને વિષે રહેલા સોળ પત્રવાળા કમળમાં 'अर्हं' એ મહા મંત્રનું ધ્યાન કરાય છે, તે કમળનાં દરેક પત્રે સ્વરોની પંક્તિ છે, તે મહા મંત્રમાં રેફ, બિંદુ અને કળાથી આક્રાંત એ હૂં એવો જે અક્ષર છે, તેના રેફમાંથી નીકળતી ધુમરેખાનું સ્મરણ કરવામાં આવે છે, અને તે સ્મરણ પૂર્વક ધ્યાનમાં અગ્નિના તણખા અને જ્વાળાઓની શ્રેણીવડે હૃદયસ્થ કમળને બાળી નાખતાં જેમાં આઠ કર્મો બળીને ભસ્મ થાય, એવી ધારણા કરવામાં આવે છે. અગ્નિ ધારણાના પ્રભાવથી મંત્રની શિખા અને અંતર અગ્નિની સમીપ દેહ અને પદ્મને બહાર કહાડીને ભસ્મ કર્યા પછી શાંત થઇ જવાનું છે.

વાયવી ધારણાથી ત્રણ જગતને પુરી પર્વત તથા સમુદ્રને ચલાયમાન કરે, તેવા પવનનું ધ્યાતાએ ધ્યાન કરવું; તે પછી ઉપરની ભસ્મને વાયુથી ઉડાડી, દઢ અભ્યાસી આત્માને શાંત કરવો. વારૂણી ધારણાથી અમૃત વૃષ્ટિ કરનારી મેઘમાળાથી પરિપૂર્ણ એવા આકાશનું સ્મરણ કરવું. તે પછી અર્દ્ધ ચંદ્રવડે આક્રાંત અને વારૂણીથી અંકિત એવા મંડળનું ચિંતવન કરવું. ત્યારબાદ તે નભસ્તલને અમૃત સમાન પાણીથી સ્નાપિત કરી, તે એકઠી થયેલી રજને ધોઇ નાખવી. ભૂધારણાથી સાત ધાતુ રહિત, પૂર્ણ ચંદ્રના જેવું ઉજ્વલ, સર્વજ્ઞ સમાન આત્મસ્વરૂપનું સ્મરણ કરવુ. પછી સિંહાસનપર આરૂઢ, સર્વ અતિશયથી સુશોભિત, સમગ્ર કર્મને નાશકારક, કલ્યાણ મહિમાથી વિરાજિત એવા આત્માને પોતાના અંગના ગર્ભમાં નિરાકારપણે ચિંતવવો.

આ પ્રમાણે પાંચ ધારણાથી પિંડસ્થ ધ્યેયના ધ્યાનમાં અભ્યાસી એવો યોગી, મોક્ષ સુખને પ્રાપ્ત કરી શકે છે. તે યોગીને પિંડસ્થ ધ્યાનના પ્રભાવથી ઉચ્ચાટન, મારણ, સ્તંભન વિગેરે વિદ્યાઓ તથા મંત્ર, મંડળ, શક્તિ વિગેરે તેનો પરાભવ કરી શકતાં નથી. તે શિવાય ભૂત, પ્રેત, પિશાચ, ડાકણી તથા દુષ્ટ એવા હાથી, સિંહ, અષ્ટાપદ, અને સર્પ વિગેરે ઘાતકી પ્રાણીઓ પણ તેનાથી દુર રહે છે.

મહારાજા ! તે પછીનું પદસ્થ ધ્યેય કહેવાય છે. મંત્રના પવિત્ર પદનું આલંબન લઇને જે કરવામાં આવે છે, તેથી તે પદસ્થ ધ્યાન કહેવાય છે. તે ધ્યાનમાં નાભિકમળની અંદર સ્વરોની શ્રેણીનું ધ્યાન થાય છે. તે પછી હૃદયસ્થ કમળ, તેની ચોવીશ પાંખડીઓ અને કર્ણિકા ઉપર પચીશ વ્યંજનો, બીજા આઠ પત્રવાળાં મુખકમળ ઉપર આઠ વ્યંજનોનું ધ્યાન થાય છે. આ માતૃકાના સ્મરણથી યોગીને ત્રિકાળ જ્ઞાન થાય છે. આ પદસ્થ ધ્યેયમાં વ્યંજનાક્ષરના ધ્યાનથી નષ્ટાદિકનું જ્ઞાન છે, એટલે જેને જન્મતિથિ અને મુહૂર્તવેળાનું જ્ઞાન ન હોય, તેવાઓની જન્મતિથિ તથા મુહૂર્તવેળાને તે જાણી શકે છે.

મહારાજા પ્રતાપસિંહ ! એ પદસ્થ ધ્યેયમાં ' ૐ હ્રીં ' એ પદનું ધ્યાન કરવામાં આવે છે. એ પદ પ્રાણ પ્રાંતને સ્પર્શ કરનારૂં તથા પાપને દહન કરનારૂં છે. એમાં મસ્તકને વિષે સ્ફટિક જેવા નિર્મળ પરમેષ્ઠી અર્હંતનું ધ્યાન થાય છે. તે વખતે ધ્યાનના આવેશથી " सोहं सोहं " એમ વારંવાર ઉચ્ચારતા નિઃશંકપણે પરમાત્માની સાથે આત્માની એકતા થઈ રહે છે. રાગ, દ્વેષ, અને મોહથી રહિત, સર્વદર્શી દેવતાઓને પૂજનીક એવા પરમાત્મા ધર્મદેશના આપતા હોય, તે વખતની સ્થિતિનું ધ્યાન કરવામાં આવતાં તે યોગી કર્મોને નાશ કરતાં પરમાત્માપણાને પ્રાપ્ત થાય છે.

રાજેંદ્ર ! ધ્યેયના ત્રીજા પ્રકારમાં રૂપસ્થ ધ્યેય આવે છે. તે રૂપસ્થ ધ્યાનમાં મોક્ષ લક્ષ્મીની સન્મુખ રહેનારા, સર્વ કર્મોને નાશ કરનારા, સર્વ જંતુને અભય આપનારા, ચાર મુખવાળા, ચંદ્ર મંડળ જેવા ત્રણ છત્રોથી સુશોભિત, ભામંડળથી સૂર્યને અનુસરનારા, દિવ્ય દુંદુભિના શબ્દોથી અને સંગીતની સંપત્તિથી વિરાજિત, ભ્રમરાના ઝંકારાથી શબ્દાયમાન એવાં અશોક વૃક્ષથી સુશોભિત સિંહાસનપર બેઠેલા, ચામરોથી વીંજાતા, સુર અસુરના મુકુટ રત્નની કાન્તીથી પ્રકાશિત ચરણવાળા, દિવ્ય પુષ્પોના રાશિથી ભરપૂર એવી પરિષદામાં રહેલા, અને મૃગ અને સિંહાદિ પ્રાણીઓ સ્થિર રહી, જેમના મધુર શબ્દને સાંભળે છે, એવા શ્રી કેવળ જ્ઞાનથી પ્રકાશિત અર્હંત પ્રભુને સમવસરણમાં રહેલા ધ્યાન કરવામાં આવે છે. એ ધ્યાનમાં રાગ દ્વેષ તથા મોહ વિકારોથી રહિત, નિષ્કલંક, શાંત, સુંદર, મનોહર, સર્વ લક્ષણોથી યુક્ત, યોગમુદ્રાથી સુશોભિત, નેત્રને અત્યંત આનંદ આપતું જિનેંદ્ર પ્રતિમાનું સ્વરૂપ અનિમેષ દૃષ્ટિએ ચિંતવવામાં આવે છે.

સતત અભ્યાસના યોગથી તન્મય થયેલો રૂપસ્થ ધ્યાની યોગી પોતાના આત્માને સર્વજ્ઞરૂપ જુએ છે. જે સર્વજ્ઞ ભગવાન્ છે, તે હું પોતેજ છું, એમ માની તન્મયપણાને દર્શાવે છે. આ ધ્યાનના પ્રભાવથી યોગીની સ્થિતિ ઉત્તરોત્તર ઉત્તમ પ્રકારની થતી જાય છે. મોક્ષને અવલંબી રહેલી સર્વ જાતની સિદ્ધિઓ તેને સ્વતઃ સિદ્ધ થાય છે, અને તેથી કરીને તે મોક્ષના સુખનો પૂર્ણ અધિકારી થઈ ચુકે છે.

રૂપાતીત નામના ધ્યેયનો પ્રકાર એ સર્વથી વિલક્ષણ છે. એ ધ્યાનની પરાકાષ્ઠા છે. અમૂર્ત, ચિદાનંદ, અને નિરંજન પરમાત્માનું રૂપ રહિત ધ્યાન હોવાથી તે રૂપાતીત કહેવાય છે. તે ધ્યેયનો ધ્યાતા ધ્યાન અને ગ્રાહકના ભેદથી રહિત થઈ, તન્મયપણાને પ્રાપ્ત કરે છે. તે બીજાનું શરણ મેળવ્યા વિના તે ધ્યેયમાં એવો લીન થાય છે કે, ધ્યાતા અને ધ્યાન. બન્નેના અભાવથી તે ધ્યેયની સાથે એકતાને પામી જાય છે. આ વખતે યોગીની સ્થિતિ તેજ સમરસી ભાવ, અને તેજ એકીકરણ કહેવાય છે. આ ધ્યાનના પ્રકારમાં એવી શિક્ષા આપેલી છે કે, લક્ષના સંબંધવાળા સ્થૂળથી અલક્ષ્ય એવા સૂક્ષ્મનું ચિંતવન કરવું. અને આલંબનવાળા નિરાલંબન તત્વનું ચિંતવન કરવું.

આવી રીતે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, અને રૂપાતીત, એ ચાર પ્રકારના ધ્યાનરૂપ

અમૃતમાં જે મુનીનું મન મગ્ન થાય, તે મહાશય આ વિશ્વ તત્વને સાક્ષાત્ કરી, આત્મશુદ્ધિ ધારણ કરે છે. મહારાજા ! તે પ્રમાણે આજ્ઞા, અપાય વિપાક અને સંસ્થાન, એ ચાર પ્રકારના બીજા પણ ધ્યેય કહેવાય છે. અને તે પ્રમાણે ચતુર્વિધ ધર્મનું ધ્યાન થઈ શકે છે. સર્વજ્ઞ પ્રભુની આજ્ઞા વચનને માન્ય કરી, તત્વથી જે અર્થ ચિંતવન કરવું, તે આજ્ઞાધ્યાન કહેવાય છે. આ આજ્ઞાધ્યાનમાં એવો નિશ્ચય કરવામાં આવે છે, સર્વજ્ઞનું સૂક્ષ્મ વચન હેતુઓથી અબાધિત છે. કારણ કે, શ્રી જિનેશ્વરો મૃષાવાદી હોતા નથી. રાગ, દ્વેષ, અને કષાય વિગેરેથી ઉત્પન્ન થતા અપાયોનું જ્યાં ચિંતવન થાય, તે અપાયધ્યાન કહેવાય છે. આ ધ્યાનમાં આલોક અને પરલોક સંબંધી અપાયો દૂર કરવામાં તત્પર થઈ, ચોતરફના પાપમાંથી પાછા હઠવાનું મુખ્ય કર્તવ્ય છે. ક્ષણે ક્ષણે કર્મનાં ફળનો વિચિત્ર ઉદય જેમાં ચિંતવવામાં આવે, તે વિપાકધ્યાન કહેવાય છે. એ ધ્યાનમાં એમ ચિંતવાય છે કે, અરિહંત પદની સમૃદ્ધિ તે પુણ્યનું પ્રબળ, અને નારકીની વિપત્તિ, તે પાપનું પ્રબળ છે. અનાદિ, અનંત, સ્થિતિ, ઉત્પત્તિ, અને નાશના સ્વભાવવાળા લોકની આકૃતિ જેમાં ચિંતવાય, તે સંસ્થાન ધ્યાન કહેવાય છે. એ ધ્યાનથી વિવિધ જાતનાં દ્રવ્યની અંદર રહેલા અનંતા પર્યાય સ્પર્શ કરે છે, એવું જ્ઞાન થવાથી તેમાં રક્ત થએલું મન રાગાદિકથી આકુળવ્યાકુળ થતું નથી. આ ધર્મધ્યાન કરવાથી ક્ષયોપશમિક વિગેરે ભાવ થાય છે, અને તે પછી અનુક્રમે પીત, પદ્મ, અને શિત એવી લેસ્યાઓ પણ પ્રાપ્ત થાય છે, અને તે શિવાય જ્યારે તે ધર્મધ્યાન વૈરાગ્યની સાથે તરંગિત થાય, ત્યારે ધ્યાતા પ્રાણીને, ઇંદ્રિયોને અગોચર એવું આત્મસંવેદ્ય સુખ પ્રાપ્ત થાય છે.

તે ધર્મધ્યાનને માટે અનુભવી મહાત્માઓ એમ પણ લખે છે કે, નિઃસંગ યોગીઓ ધર્મ ધ્યાનથી ગ્રૈવેયક વિગેરે દેવલોકમાં દેવતા થાય છે. તે દેવપણામાં મોટા મહિમાવાળું, શરદ ઋતુના ચંદ્ર જેવું, તેજસ્વી અને અલંકાર તથા દિવ્ય વસ્ત્રોથી સુશોભિત એવા શરીરને સંપાદન કરે છે, તે પછી તેઓ વિશેષ વીર્ય તથા બોધ મેળવી કામ પીડાથી રહિત થઈ અંતરાય રહિત એવા અનુપમ સુખને સેવે છે. પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ અર્થથી મનોહર એવા તે સુખરૂપ અમૃતને નિર્વિઘ્ને ભોગવતા, તેઓ પોતાના ગત જન્મને જાણતા નથી. તે દિવ્ય સુખનો ભોગ કર્યા પછી તેઓ દેવલોકમાંથી ચવીને ઉત્તમ શરીરમાં જન્મ લઈ, પૃથ્વી ઉપર અવતરે છે; ત્યાં દિવ્ય વંશમાં ઉત્પન્ન થઈ, અખંડીત મનોરથવાળા થઈ વિવિધ ભોગને ભોગવે છે. પછી વિવેકનો આશ્રય કરી, બધા ભોગથી વિરક્ત થઈ ધ્યાનરૂપ અગ્નિથી કર્મને દહન કરી, અવ્યયપદને પ્રાપ્ત થાય છે.

મહારાજા ! એ ધર્મ ધ્યાનનું સ્વરૂપ આપના જાણવામાં આવ્યું. હવે શુક્લ ધ્યાનનું સ્વરૂપ ધ્યાનમાં લ્યો. જેવું ધર્મધ્યાન સ્વર્ગ ને મોક્ષનું કારણ છે, તેવુંજ શુક્લ ધ્યાન મોક્ષનુંજ કારણ છે, વજ્રઋષભ નારાચની સંઘયણવાળા પૂર્વધારીઓજ આ ધ્યાનના અધિકારી થાય છે. અલ્પ સત્વવાળા તેના અધિકારી થતા નથી. આ મહા ધ્યાન વર્તમાનકાળે થઈ શકતું નથી. નાનાત્વ શ્રુત વિચાર, ઐક્ય શ્રુત વિચાર, સૂક્ષ્મક્રિય, અને ઉત્સન્નક્રિય એવા શુક્લ ધ્યાનના ચાર ભેદ છે. તે અનુક્રમે એકજ યોગી,

એક યોગી, તનુ યોગી, અને નિરોગીને પ્રાપ્ત થાય છે. આ શુક્લ ધ્યાનરૂપ અગ્નિ જ્યારે તીવ્ર રીતે પ્રજ્વલિત થાય, ત્યારે યોગીંદ્રનાં ઘાતી કર્મોને તે દહન કરી નાંખે છે. ઘાતી કર્મોનો નાશ થયા પછી તે યોગી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરીને, આ લોકાલોકને યથાર્થ રીતે જાણી શકે છે, અને જોઇ શકે છે. તીર્થંકર, કેવળી વિગેરેના અતિશય તથા ચમત્કારી પ્રભાવના મહિમાનું કારણ એજ ધ્યાન હોઈ શકે છે. રાજેંદ્ર! એવી રીતે અનુક્રમે અભ્યાસના આવેશથી નિરાલંબ ધ્યાનને ભજનારો અને સમતા રસના સ્વાદને પ્રાપ્ત કરનાર મહા યોગી છેવટે દુર્લભ એવા પરમ આનંદને અનુભવે છે. બાહ્ય આત્માનો ત્યાગ કરી, પ્રસન્ન એવા અંતરાત્માથી તે યોગીંદ્ર તન્મય થઈને પરમાત્માનું ચિંતવન કરી શકે છે. આત્મબુદ્ધિથી ગ્રહણ કરેલ કાયાદિ તે બહિરાત્મા, અને કાયાદિ પ્રત્યે અધિષ્ઠાયક તે અંતરાત્મા એવા ભેદનું તેને યથાર્થ જ્ઞાન થાય છે. ચિદ્રુપ, આનંદમય, નિરુપાધિ, શુદ્ધ, ઇંદ્રિયને અગોચર, અને અનંતગુણી પરમાત્માનું સ્વરૂપ તે સૂક્ષ્મ રીતે જાણી શકે છે. તે પરિપક્વ યોગી કાયાથી આત્માને અને આત્માથી કાયાને પૃથક્ જાણી આત્માના નિશ્ચયમાં વિરામ પામે છે. જ્યારે તે યોગી આત્માને વિષે આત્મજ્ઞાનની ઇચ્છા કરે, ત્યારે જ્ઞાની પુરુષો તે અયત્ન સાધ્ય એવું મોક્ષપદ સંપાદન કરે છે.

મહારાજા! આવી યોગવિદ્યા મોક્ષ સાધવાની સર્વોત્તમ કળા છે. તેને પ્રાપ્ત થાય, તો માનવ જીવન કૃતાર્થ થાય છે. મહારાજા! આપ આર્હત છો, દયા ધર્મના રાગી છો, તમારા હૃદયમાં શુદ્ધ સમ્યક્ત્વે સર્વદા વાસ કર્યો છે, તેથી આ મહા વિદ્યાની ઉપાસના કરજો. પ્રત્યેક ક્ષણે નિરંજન પ્રભુનું ધ્યાન ધરવા તત્પર થજો. હું હમેશાં એ યોગવિદ્યાના અભ્યાસથી ત્રિકાળ જ્ઞાન ધારણ કરું છું. મારા અંતરંગમાં એ મહા વિદ્યાએ પોતાનો દિવ્ય પ્રકાશ દર્શાવ્યો છે.

તે નિમિત્તિયાનો આ ઉપદેશ સાંભળી પ્રતાપસિંહ ઘણો આનંદ પામ્યો, યોગ સમાધિના તત્વજ્ઞાનરૂપ અમૃતથી તેને નિરવધિ તૃપ્તિ પ્રાપ્ત થઈ, હૃદયમાં આનંદ સાગર ઉછળી રહ્યો. શરીરપર રોમોદ્ગમ થઈ આવ્યો, તેણે બેઠા થઈ તે નિમિત્તિયાને ભક્તિથી વંદના કરી કહ્યું, મહાનુભાવ! તમે મારી ઉપર અપાર ઉપકાર કર્યો છે; વિષ્ણુના મુખમાંથી જેમ [illegible] મને ઉત્તમ જ્ઞાન આપ્યું, અને છેવટે આ યોગવિદ્યાના ઉપદેશથી મારા જીવનને કૃતાર્થ કરાવ્યું. આપના સમાગમથી મને જે લાભ થયો છે, તે અવર્ણ્ય છે. તેનો બદલો અમારાથી કોઈ રીતે પણ થઈ શકે તેમ નથી. આર્હંત ધર્મમાં સત્સંગનો મહિમા જે વર્ણવ્યો છે, તે તમે યથાર્થ કરી બતાવ્યો છે. તમારા સમાગમથી મને અંતરંગ લાભ પ્રાપ્ત થયું છે. મારા આત્મામાં અપૂર્વ નવીનતા સંપાદિત થયું છે. આજ સુધી માત્ર યોગવિદ્યાનું નામજ હું સાંભળતો હતો, તે આપના મુખથી વિસ્તાર સાંભળી મને તેનું પૂર્ણ જ્ઞાન થયું છે. આજે મને આપના સત્સંગે અપૂર્વ લાભ મળ્યો છે.

આ પ્રમાણે કહી પ્રતાપસિંહ પોતાના નૈમિત્તિક [illegible] ને વિશેષ [illegible]

પોતાના કર્તવ્યમાં પરાયણ થઈ પ્રવર્તવા લાગ્યો. શ્રીગિરિમાં રહેલાં માતુશ્રી સુલક્ષણાને મળવાની તેને ઉત્કંઠા થતી, અને પોતાના વિયોગથી માતુશ્રીની શી સ્થિતી થઈ હશે ? તેને માટે અપાર ચિંતા થતી હતી.

પ્રકરણ ૫૬ મું.

નિમિત્તિયાનું બીજું પરાક્રમ.



શસ્થલીની બહાર એક સુંદર મેહેલ બનાવવામાં આવ્યો હતો, તે મેહેલની રચના ઉત્તમ પ્રકારની કરવામાં આવી હતી, તેનો દેખાવ ઘણો સુંદર હતો, તેના ગોખ, જાળિયાં વિગેરેમાં નકશીદાર કામ કરવામાં આવ્યું હતું. મેહેલની રચના થોડી મુદતમાં તૈયાર થઈ હતી, તથાપિ જાણે લાંબા કાળ સુધી તેનું કામ ચાલ્યું હોય, તેવો તેનો દેખાવ હતો.

આ મેહેલમાં બે પુરુષો આવ્યા, તેમાંથી એક પુરુષ બોલ્યો—મહારાજા મેહેલ ઘણો સુંદર બનાવ્યો છે. તેની કારીગરી અને વિચિત્ર શોભા જોઈ, પ્રેક્ષકોને અતિ આનંદ ઉપજે છે. તે સાંભળી બીજા પુરુષે જવાબ આપ્યો. મહાનુભાવ ! તમારા કહેવા પ્રમાણે મેહેલની રચના સારી છે. પણ મને આ મેહેલ જોઈને શંકા આવે છે કે, આવો સુંદર મેહેલ ક્યા વારમાં શી રીતે બનાવ્યો હશે ? આજથી આઠ દિવસ પહેલાં આજ માર્ગે હું ફરવા નીકળ્યો હતો, ત્યારે અહીં કાંઈ પણ ન હતું. આ સ્થળ શૂન્ય દેખાતું હતું; અત્યારે અહીં મેહેલ થઈ ગયો, એ કેવું આશ્ચર્ય ?

આ પ્રમાણે તે બંને પુરુષો વાર્તાલાપ કરતા હતા, ત્યાં અકસ્માત્ અગ્નિનો ભડકો જોવામાં આવ્યો. તેની દેદીપ્યમાન જ્વાળાથી તેઓ બંને ભયભીત થઈ ગયા. તરતજ તે બંને પુરુષોમાંથી એક પુરુષ બીજા પુરુષનો હાથ ઝાલી નીચે બેસી ગયો, અને એક વિકરાળ રૂપ ધારણ કરી તેને બીજે માર્ગે પસાર કરી દીધો. એકના રક્ષણથી બીજાનું પણ રક્ષણ થયું. અને બંને જ્વાળાના મુખમાંથી બચી ગયા.

વાચકવૃંદ ! હકીકતમાં ભેદ સમજાયો નહીં. આ બનાવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—આ મેહેલ કુશસ્થલીના રાજાની પ્રસન્નતાને માટે નિમિત્તિયાએ વિદ્યાશક્તિથી બનાવ્યો, અને તે આનંદ કુશસ્થલીની પ્રજાના જોવામાં આવ્યો હતો. પણ તેના જય, વિજય, અપરાજિત અને જયંત એ ચાર કુમારોને તે આનંદ થયો ન હતો, તેમ ઈશ્વરકૃપા

[illegible] હતા. ત્યારે [illegible] તેમાંથી [illegible], અને તેથી [illegible] તેને [illegible], તે પછી [illegible], તે [illegible] કુમારો [illegible] બેઠા હતા. તેઓમાંથી એક કુમારે [illegible] કે, ભાઈઓ! આપણો [illegible] નિશ્ચય [illegible]. પિતા પ્રતાપચંદ્રને [illegible] નિમિત્તિયાએ [illegible], એટલુ જ નહીં, પણ તેણે [illegible] દિવસમાં [illegible] પાછો આવશે, એમ પણ જણાવ્યું. હવે આપણે શું કરવું! જો પિતા [illegible] હોય, તો [illegible], તોપણ તેનું કાંઈ [illegible] નહીં. [illegible] ઉપર [illegible] બેસાડી દે. પણ આપણો એ ધારેલો નિશ્ચય [illegible]. હવે શું કરવું! ત્યારે તેમાંથી એક બીજો કુમાર બોલ્યો, ભાઈઓ! મને એક ઉપાય સૂઝી આવ્યો છે. આપણે નગરની બહાર એક [illegible] મહેલ ઊભો કરીએ. [illegible] એ મહેલને [illegible] દિવસમાં તૈયાર કરાવીએ, પછી તેમાં [illegible] પિતાને [illegible] અગ્નિથી [illegible]. તેના આ [illegible] અનુમોદન આપ્યું. [illegible] મહેલ તૈયાર [illegible] હતો. અને [illegible] નિમિત્તિયા [illegible] હતો. એ મહેલમાં [illegible] હતા. તે [illegible] પ્રતાપચંદ્ર અને [illegible] નિમિત્તિયો હતો. તે મહેલને [illegible] હતો. [illegible] કેવી રીતે [illegible] હતું, તેનો [illegible] આ પ્રમાણે છે —

[illegible]

[illegible]

નારી માતાઓનાં જીવિત કલંકિત છે, તેવાં સંતાનથી માતા પિતાને અધોમુખ થવાનું
એટલુંજ નહીં, પણ તેના જીવને માટે પશ્ચાત્તાપના પાત્ર થવાનું છે.

લાક્ષામહેલ બળી ગયો, અને તેમાં રાજા અને નિમિત્તિઓ પણ સાથે બળી ગયા, આ વાતની લોકોમાં જાણ થવાથી કુશસ્થલીમાં હાહાકાર થઈ રહ્યો, બાળકથી વૃદ્ધ સુધી સર્વ પ્રજાવર્ગ અપાર શોક કરવા લાગ્યો, સર્વના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી, લોકોનાં ટોળેટોળાં રાજદ્વાર આગળ એકઠાં થવા લાગ્યાં. મંત્રીઓ, સામંતો અને બીજાં હજુરનાં માણસો આક્રંદ કરી રૂદન કરવા લાગ્યાં, પ્રતાપસિંહના સદ્ગુણોનું સ્મરણ કરી, તેઓના હૃદયને વધારે આઘાત થતો હતો. કપટી હૃદયના જય વિગેરે કુમારો પણ ઉપરથી શોક બતાવતા હતા.

હવે આ તરફ જે રાજા પ્રતાપસિંહ સુરંગ દ્વારથી બીજે સ્થાને કુશળ ક્ષેમ નીકળ્યો હતો, તેના હૃદયમાં " આ શું થયું ? આ સુરંગ કોણે કરી ? આવો ભયંકર અગ્નિ ક્યાંથી જાગ્યો ? " ઇત્યાદિ અનેક તર્ક વિતર્ક થતા હતા. રાજાને ચિંતાતુર જોઈ નિમિત્તિઓ બોલ્યો, મહારાજા ! ચિંતા કરશો નહીં. શુભ કર્મના પરિણામથી આપણે બચી ગયા છીએ. આ બનાવની હકીકત તમારા જાણવામાં છે ? નિમિત્તિયાનાં આવાં વચન સાંભળી રાજા પ્રતાપસિંહ સંભ્રમથી બોલી ઉઠ્યો, ઉપકારી મહાશય ! કહો, આ શું થયું ? નિમિત્તિયાએ અંજલી જોડી જણાવ્યું, મહારાજા ! તમારા હૃદયમાં જેમને માટે શંકા પણ ન આવે, જેઓને તમે સર્વથા હિતકારી જાણો છો, જેમના તમે પરમ ઉપકારી છો, અને જેઓનો ઉદય, વૈભવ અને સર્વ જાતનાં સુખ તમારાથીજ પ્રાપ્ત થાય છે, તેવા તમારા જય, વિજય, જયંત અને અપરાજિત એ ચાર કુમારોનું આ ચરિત્ર છે. તેમણે રાજ્યલોભને લઈનેજ આ વિપરીત કામ કરેલું છે. તેઓ લોભાંધ થઈ તમારા મહાન્ ઉપકારને ભુલી ગયા છે. રાજેંદ્ર ! તમારો નાશ કરવાને માટે તેમણે તે લાખનો મહેલ કરાવ્યો હતો, તે મહેલમાં તમને મારવાને માટેજ બનાવ્યા હતા. આ તેમનો કુવિચાર પ્રથમથીજ મારા જાણવામાં આવ્યો હતો. મે તમને યુક્તિથી બચાવ્યા, તેથી તેઓને મારી ઉપર પણ ઈર્ષ્યા થઈ હતી. તમારી સાથે મારો પણ ઘાત કરવાની તેમની ધારણા હતી.

જોશીનાં આવાં વચન સાંભળી પ્રતાપસિંહને રોષ ઉત્પન્ન થયો. તેના હૃદયમાં આશ્ચર્ય સાથે અનેક વિચારો થવા લાગ્યા. તે ક્રોધાવેશથી બોલ્યો, જોષી મહારાજ ! આ કેવો જુલમ ? જેમને હુ પૂર્ણ વાત્સલ્ય ભાવથી રાખું છું, તે છતાં તેઓ મારી સાથે વૈર બુદ્ધિથી વર્ત્તે, તે કેવી વાત ? આવા પિતૃઘાતી પુત્રોને સહસ્રવાર ધિક્કાર છે, આવા પુત્રો ખરેખર શિક્ષાને પાત્ર છે. મહાશય ! હું એ દુષ્ટ પુત્રોને પૂર્ણ શિક્ષા કરીશ, તેમને મારા રાજ્યની હદપાર કરીશ, અથવા તેમને શારીરિક શિક્ષા કરી મહાન્ દંડ આપીશ. આવા દુર્બુદ્ધિ પુત્રોની પ્રત્યે પિતાએ પુત્રવાત્સલ્ય રાખવું, તે અનુચિત છે. કદિ આવા કુમતિ પુત્રોનું દૃષ્ટાંત લઈ, બીજા પુત્રો પણ આવાં દુરાચરણો કરતા શીખે, તેથી આ પુત્રોને ખરેખરી શિક્ષા આપવી જોઈએ.

નેત્રસિંહનાં આવાં વચન સાંભળી ચતુર જોશી બોલ્યા—મહારાજ ! આપનાં વચન યથાર્થ છે, દેવ કોઈ વિરલને સહાય છે, પણ હવે આપણે શું કરવું ! તેણે આપ વિચાર કરો એટલી દૂરથી એવો છે કે, આપ અમર નગરમાં પધારો, કુંવરશ્રીમાં હાલ દૂર રહી રહેલ હશે, આનંદ દેખાય અમર લાગ્યો. મંત્રી, સામંત, અને બીજા રાજસેવકો અને લોકમાં આવી વાત હશે, રૂપી રાજપુત્રો અને તેનાં સંપુત્રો રાજાના પાદોને વંદન કરવા આવશે, તેઓ કુંવરની જેમ રાજાની રીતભાત પુરી જાશે. રાજાના મંદિર અને મહાલની ખુશી કરશે, માટે હવે આપને અમર લઈ જવું જોઈએ. જોશીના કહેવા ફેરવી રાજાએ પોતાના નોકરોને બોલાવ્યા, સર્વેએ રાજાને જોઈ આનંદ પામ્યા થયા. પોતાને રથમાં બેસાડે છે, એ ખબર આપી બીજા પણ હજુરી સંપુત્રો બધી એકઠા થઈ ગયા, પરસ્પર એ વાતો સાંભળી અને તમામ મંત્રીવર્ગને તથા પ્રજાને પણ જાણ થઈ ગઈ.

જેમ મેઘ પ્રખેલ પુનઃ ચેતન થઈ આવે, તેમ રાજાને જોઈ સર્વના મનમાં અતિ આનંદ ઉત્પન્ન થયો. કુંવરશ્રીની પ્રેમ અને આનંદમાં આવી ગયા; તે આપણે પછી પોતાના મહારાજાનાં દર્શન કરવાને ઉત્સુકતાથી નીકળ્યા, આખા નગરમાં એ તત્ત્વીજ સર્વે થઈ પછી, આ પ્રમાણે ઘણાં જનવર્ગને બવિશેષે રૂપી કુમારે રાજાની પાસે આવવા તૈયાર થયા. પોતાની ધારણા સફળ ન થઈ, તેને માટે તેઓને હૃદયમાં ઉપર ચોક થયો.

કાં સમાજ મહારાજાને જોઈને ... અને તેઓ તેમને જોઈ, નેત્રમાં પ્રેમ દ્રષ્ટિ કરી, સેવકમાં નમી પડ્યા ... ન જોઈ જોઈ મહારાજાની મનોવૃત્તિમાં આનંદ ઉત્પન્ન થયો. પ્રજાનાં આદરમાં, અને એ મનવર્ગના જોઈ સમાજ સાથે ... પોતાના હૃદયમાં આવે. સમયમાં આવી, તેણે સર્વની વચ્ચે પોતાના ... કુંવરોને બોલાવ્યા. તે વખતે રાજાની મુખમુદ્રા ઉપર કોઈના અંકુરો સ્ફુરતા હતા, ... જાતને ધારણ કર્યા હતા, અને કોઈ કહેતા હતા આવો કોપ કરતી, પ્રજાએ ... કહે છે ? તમને વિકાર છે તમે એવી વાત જે વદંતુક રહી છે. તે ... સ્વરૂપ આપે છે એ વાત કુંવરને પ્રેમ તમે ઉપદેશ કર્યો હતો. આ ... મહારાજ ન હોય તો, બાળની અવસર આપવાનો માટે આપનું ... માટે કુંવર કહે તેથી, પણ તમારું આપ ઉપર કરીને પ્રેમ મને તમારી તરફ ... એવા જેવા કુંવરની પુરેપુરું જ્ઞાન અને મિત્રની પુરેને મેળી વિશેષ થતી જો. ... પણ આ સંતાપકારક વચનોથી અને ... પણ તે ધરવા જાણવાથી હું તમને ... કરો નહીં, તે ભાગ્યે આવી ચિંતા ન કરો, અને કહેતા ... મારી પાસે રહો. આ પ્રમાણે કહી રાજાએ ક્રોધથી પુરી ... ઉપર રહેલા પ્રજાને પુરી વિર ...

રાજા પ્રતાપસિંહ શાંત થયો, એટલે મંત્રીઓએ આવી તેમને તખ્ત ઉપર બેસારી પુનઃ માંગલ્ય કર્યું, તેની બન્ને બાજુ ચામર વીંજાવા લાગ્યાં, અને પૂર્ણચંદ્રના જેવું ઉજ્જ્વલ છત્ર મસ્તકપર ધારણ કરવામાં આવ્યું. તે વખતે હૃદયમાં પ્રસન્ન થએલા પ્રતાપસિંહે પોતાના ઉપકારી નિર્મિત્તિયાને પોતાના તખ્તની પાસે અતિ આગ્રહ કરી બેસાર્યો. લોકોએ હર્ષના નાદ કર્યા, સર્વત્ર આનંદ મંગળ વર્તાઈ રહ્યો.

સર્વ સમાજ શાંત પડયા પછી પ્રતાપસિંહે આજ્ઞા કરી, અમૂલ્ય રત્નો અને મહામૂલ્ય વસ્ત્રોથી ભરેલા થાળ મંગાવ્યા, તરતજ તે હાજર કરવામાં આવ્યા. મહારાજાએ ઉભા થઈ, તે થાળ જોષી મહારાજની આગળ ધર્યા. જેના હૃદયમાં દ્રવ્યની સ્પૃહા નથી, એવા નિર્મિત્તિઆએ ઉભા થઈને કહ્યું, મહારાજા ! આ શું કરો છો ? આવો વિવેક કરવાનું કાંઈ કારણ નથી. મેં આપને પ્રથમથીજ કહ્યું છે કે, મારે કોઈ જાતની લાલસા નથી. બીજાનો ઉપકાર કરી તેનો બદલો લેવો, એવી અધમ પદ્ધતિ મને પસંદ નથી, તેને માટે નીચેની કહેવત મેં યાદ રાખી છેઃ—

" કરિ ઉપકારને ઇચ્છે, તસ ઉપકારડો;
તે તો ન સંત કહાય, હોય લોભીજડો,
વળી કરી યોગનો દંભ, હોય જે લોભીઓ;
તે તો ધર્મ પિશાચ, મોહાદિકે થોભિયો " ૧

મહારાજા ! આ કહેવત મારા હૃદયમાં સતત રમ્યા કરે છે. કોઈ જાતની સ્પૃહા રાખ્યા વિના પરોપકાર કરવો, એજ ખરો પરોપકાર છે, અને મારા જીવનમાં એવોજ પરોપકાર કરવાની મેં પ્રતિજ્ઞા કરી છે. જોષીના આવા વચન સાંભળી પ્રતાપસિંહ હૃદયમાં આનંદ પામ્યો, તેણે આનંદના આવેશમાં જણાવ્યું, મહાનુભાવ ! તમારા વિચાર પવિત્ર છે, મહાત્માઓની એ સુંદર પ્રકૃતિ છે. પ્રત્યુપકારની આશા રાખ્યા વિનાજ મહાત્માઓ ઉપકાર કરે છે, તથાપિ મને સંતોષ આપવાને મારા તરફથી કાંઈક ભેટ સ્વિકારો, તો વધારે સારૂં. આપનો મારી ઉપર મહાન ઉપકાર છે, આપે બે બે વાર મને જીવિતદાન આપ્યું છે, ધર્મ સાધનમાં ઉપયોગી એવા મારા માનવ જીવનને મોટા ધાતમાંથી બચાવ્યું છે, તેનો બદલો મને તેટલો આપું, તેટલું મારાથી બને તેમ નથી. હવે કૃપા કરી જે કાંઈ હું આપું છું તે સ્વીકારો, અને મારા અર્ધા રાજ્યના સ્વામી થાઓ, મને કાંઈ પણ આપના ઋણમાંથી મુક્ત કરો. મહા પુરૂષોનો પ્રત્યુપકાર કોઈનાથી થઈ શકતો નથી. આપના જેવા પરોપકારી પુરૂષોથીજ આ પૃથ્વી ભાગ્યવતી છે. સ્વાર્થી અને દુષ્ટ પ્રાણીઓને વહન કરી, ભારતની થએલી ભારતભૂમિ આપ જેવા મહાનુભાવને વહન કરવાથી આશ્વાસન લેવે છે.

આ પ્રમાણે રાજા પ્રતાપ, અને જોષી બન્ને વાર્તાલાપ કરતા હતા. ત્યાં આગ રક્ષક પ્રતિહારે આવી ખબર આપ્યા કે, કોઈ પુરૂષ સાથે ઉંટ ખેલીને આવ્યો છે, અને

તે અંતર આપને મળવા ઇચ્છે છે. રાજાએ પ્રવેશ કરાવવાની આજ્ઞા આપી. એટલે દાસ પણ તેને અંદર લઈ ગયો. આ રૂપ ઉપર નિમિત્તિયાની દૃષ્ટિ પડી. તુરત તેણે તેને ઓળખ્યો. આવનાર રૂપ બીજીના રૂપ આપને ઓળખી શકે નહીં.

તે પુરુષે આવી પ્રણામ કરી પ્રસ્તાવ થયાં એક પત્ર આપ્યો. રાજાએ પત્ર લઈ તેને પૂછ્યું, ક્યાંથી આવો છો ? તે આનંદપૂર્વક બોલ્યો—મહારાજ ! આપના પુત્ર શ્રીચંદ્ર રાજાનો હું પ્રતિહાર નામે મંત્રી છું. તેમણે મારી ઉપર ઘણી કૃપા રાખે છે. આપને ખબર આપવાને મને મોકલ્યો છે. રાજા અને પ્રજા ક્ષેમ કુશળ છે. તેમના મિત્ર ગુણચંદ્ર પણ તેમની સાથે છે. સર્વ તેમનું નીતિ રાજ્ય ચલાવે છે. તેમના લઘુબંધુ તે રાજ્યમાં પણ તેમની સાથે છે. સેવા કરીને તેમની ચાકરી કરે છે. તેમના શત્રુઓ તે રાજ્યમાં નથી. વિદ્વાન કવિઓ ઉપર તેમની કીર્તિ ગાય છે. મહારાજ ! તે તમારા પુત્રની પ્રેરણાથી હું ત્યાંથી અહીં આવ્યો છું. એ શ્રીચંદ્ર રાજાના તાબામાં કનકપુર નામે એક બીજું નગર છે, તે નગરમાં શ્રીચંદ્ર રાજાની આજ્ઞાથી ગુણચંદ્ર નામે એક મંત્રી રહે છે. તેને મળવાની મને તેમના તરફથી આજ્ઞા થઈ હતી. તેથી તેને મળીને આજે હું અહીં આવ્યો છું. પછી તે કનકપુરના રાજાને શ્રીચંદ્રે કેવી રીતે જીત્યો, અને ત્યાં તે કનકપુરનું શ્રીચંદ્રે, અને એક કનકપુર ગુણચંદ્રે કેવી રીતે પ્રતિબોધ કર્યું, એ બધો વૃત્તાંત પ્રતિહારે પ્રતાપસિંહને સવિસ્તર જણાવ્યો.

પછી પ્રતાપસિંહે શ્રીચંદ્રનો પત્ર વાંચ્યો. આ ખબર કુશસ્થળમાં પ્રસરી ગઈ. સર્વ પ્રજા આનંદ મગ્ન થઈ ગઈ. મહારાજા પ્રતાપે તે ખુશાલીમાં યાચકોને અગણિત દાન આપ્યાં. જૈન મંદિરોમાં પૂજા મહોત્સવમાં આવી. વિદ્વાન મુનિઓને પ્રતિલાભિત કરવા પ્રયત્ન કરવા માંડ્યા. મોટા મોટા આડંબરથી ધાર્મિક ઉત્સવ કરવામાં આવ્યા. દીન તથા દુઃખી જનનો ઉદ્ધાર કરવા માંડ્યો. કારાગૃહમાંથી બંદીવાનોને છોડી મુકાયા. અમારી પડહ વગડાવી દીધો. લોકોને મોટો ઉત્સાહ હતો. કુશસ્થળમાં ઘેર ઘેર આનંદ અને દરબારમાં ઊંચાઊંચ વધામણીઓ આવવા લાગી. અનેક જાતના ઉત્સવો થયા. મહારાજાની ફરતી ચોકી, મોટાં મોટાં સ્તંભો ગાજવા લાગ્યા. તોરણ, બાંધ્યાં, રસ્તાઓ શણગારવામાં આવ્યા. મહારાજાની આજ્ઞા હતી. પ્રત્યેક ચૌટે અને શેરીએ લોકોનાં ટોળાં મળવા લાગ્યાં. મહારાજાના પુત્રના દર્શનથી પણ તે વધારે હતો. કુશસ્થળમાં આ નગર શ્રીચંદ્રનાં દર્શન કરવાને લોકોની ઉત્કંઠા વધી. કુશસ્થળની પ્રજાને એવો આનંદ થાય, તેમાં શું નવાઈ ! શ્રીચંદ્ર જેવા રાજકુમારને કઈ પ્રજા ન ચાહે ? કેમ કે તેના હૃદયમાં ધાર્મિક ઉત્તમ પ્રકારની છે, અને તે ખરેખરો દયા ધર્મનો ઉપાસક છે, આથી તે સર્વ પ્રજાને વશીકરણરૂપ થયા. તેમાં શું આશ્ચર્ય !

પ્રકરણ ૬૦ મું.

મોહિનીનો મેળાપ.



ચારે તરફ ગુંઆરવ થઇ રહ્યો છે, લોકો આમતેમ દોડાદોડ કરી રહ્યા છે, ' પકડો ' ' મારો ' એવા શબ્દો ચોતરફ સંભળાય છે. પ્રચંડ પવનથી જેમ સમુદ્ર ક્ષોભ પામે, તેમ આખું નગર ક્ષોભ પામી ખળભળી રહ્યું છે, વૃદ્ધો પોતાની અશક્તિની નિંદા કરતા અને ક્ષણે ક્ષણે અથડાઇ પડતા દેખવામાં આવતા હતા, બાળકો વેગથી દોડાદોડ કરી પોતાના આશ્રય તરફ રવાના થતા હતા, માતાઓ પોતાના શિશુઓને સંભાળી લેવા શેરીએ શેરીએ ભયભીત થઇ ભમતી હતી, પતિવ્રતાઓ બહાર ગએલા પોતાના પતિઓને માટે ચિંતાતુર થઇ, દ્વાર આગળ ચકિત દૃષ્ટિએ અવલોકતી હતી, પાઠશાળામાં ગયેલાં બાળકોની કુશળતાને માટે માતાપિતાને અપાર ચિંતા થઇ પડી હતી, પિતા પુત્રને અને પુત્ર પિતાને શોધતા હતા, ગૃહદ્વારને બંધ કરવામાં લોકો એકતાને લાગ્યાં હતાં, સર્વને આશ્રય લેવાની અકસ્માત્ જરૂર પડતી હતી, જે જ્યાં આવી ચડયું, તે ત્યાંજ ભરાઇ રહ્યું હતું.

જ્યારે એક તરફ લોકોની દોડાદોડ થતી હતી, ત્યારે બીજી તરફ રાજાના સેવકોની અને સૈનિકોની દોડાદોડ થઇ રહી હતી કોઇ શસ્ત્રો લઇ, કોઇ સંકળો લઇ, કોઇ રાંઢવાં લઇ, કોઇ ચીપીયા લઇ, કોઇ સાણસા લઇ, કોઇ વીંછીના આકાર જેવાં સાધનો લઇ, અને કોઇ મોટાં ભાલાઓ લઇ, આમતેમ ભમતા હતા. કોઇ ઘોડેસ્વાર થઇ, અને કોઇ ઉટપર આરૂઢ થઇ હોકારા કરતા દોડતા હતા, કોઇ પોતાનું શૌર્ય દર્શાવવા, કોઇ પોતાની હિમ્મત બતાવવા, કોઇ પોતાનું અતુલ પરાક્રમ દેખાડવા, કોઇ મહાન્ શક્તિ બતાવવા, કોઇ રાજભક્તિ દર્શાવવા, અને કોઇ પ્રજા પ્રેમ પ્રગટ કરવા આગળ પડી દોડતા હતા. તેમની દોડાદોડીથી પૃથ્વી ઉપરની રજ ઉડતી હતી, આકાશમાર્ગ ધૂમ્રવર્ણો થઇ ગયો હતો. આ વખતે મહારાજા પ્રતાપસિંહ, કે જે પોતાના કુમાર શ્રીચંદ્રના શુભ સમાચાર જાણી અતિ અનંદમાં હતો, અને એ ખબર લાવનાર મંત્રિ બુદ્ધિસાગરને અમૂલ્ય પોશાક આપી, પોતાની કૃતજ્ઞતા દર્શાવતો હતો; તેની પાસે આવી એક સેવકે પ્રણામ કરી ખબર આપ્યા, મહારાજા ! આપની ગજશાળામાંથી જયકળશ નામે હાથી તોફાનમાં આવ્યો છે, તે પોતાનો બાંધવાનો ખીલો ઉખેડી, અને મહાવતોને પાડી, ઉન્મત્ત થઇ ગામમાં ફરવા નીકળ્યો છે. જે કોઇ સામું આવે, તેની ઉપર મારવા ધસી પડે છે; ક્ષણ વારમાં તો તેણે અનેક પ્રકારની રંજાડ કરી મુકી છે. કેટલાંએક ઘરનાં છાપરાં અને મેહેલાતોને તે ભાંગતો જાય છે, મોટી ભયંકર ગર્જનાથી લોકોને ભયભીત કરી દે છે, આથી કુશસ્થળીમાં હાહાકાર થઇ રહ્યો છે, લોકોમાં ભારે ત્રાસ વર્તાઇ રહ્યો છે, અનેક સૈનિકો, ચતુર મહાવતો, અને ઘોડેસ્વારના ઉસ્તાદો તેની પુઠે પડયા છે, તથાપિ તેનો જરા પણ પરાભવ થઇ શકતો નથી. તે

એટી દેટ કરી સર્વેને નસાડી મુકે છે, તેની આગળ જવાને કોઇની પણ હિમ્મત ચાલતી નથી. આ ભયંકર હત્યારથી બધી કુશસ્થલીની પ્રજા કંપી ચાલી છે. સર્વેને જીવિતને માટે સંશય થઈ પડ્યો છે, માટ સત્વર કરી સર્વનું રક્ષણ કરો.

આ પ્રમાણે તે સેવક ખબર આપતા, ત્યાં કોઇ બીજો સેવક દોડતો આવ્યો. સ્વામી ! સાવધાન રહો, તે ઉન્મત્ત હાથી આપણા દરબારમાં આવે છે. તે સાંભળતાંજ પ્રતાપસિંહ ઉભો થયો. તેણે મહેલના દ્વાર આગળ જોયું, ત્યાં મદથી ભરેલો, પોતાની સુંઢને આમતેમ ઉછાળતો, ફરી ફરી ઉછળતો, પોતાના દંતુશળથી પૃથ્વીને ખોદતો, રાતાં નેત્રોથી ચારે તરફ અવલોકતો અને પોતાના પગને ઉંચા કરી કુદતો, તે ગજેંદ્ર રાજાના જોવામાં આવ્યો. તેની ભયંકર મૂર્તિ જોઇ, પ્રતાપના હૃદયમાં જરા ભય ઉત્પન્ન થયો, તેવામાં તો તે હાથી રાજાની નજીક આવી પહોંચ્યો. તેનો ઉગ્ર દેખાવ જોઇ, રાજા પોતાના જીવિતની શંકા રાખવા લાગ્યો. તેના હૃદયમાં વિચાર થયો કે, " આ ભયંકર ગજેંદ્ર અવશ્ય મારો સંહાર કરશે. તેની પ્રચંડ શક્તિ જ્યારે વિષનો પ્રસર કરે તેવી છે, તેના ચરણનો આઘાત જ્યારે પૃથ્વી ઉપર થાય છે, ત્યારે પૃથ્વી કંપાયમાન થાય છે. " આ પ્રમાણે રાજા ભય સહિત મૃત્યુની ચિંતા કરતો હતો, ત્યાં અકસ્માત્ તે પરાક્રમી નિમિત્તિયો ગજેંદ્રની સામે આવ્યો. સિંહની જેમ તરાપ મારી, તે હાથીના સ્કંધ ઉપર ચડી ગયો. ગજ તેને દુરથી અટકાવતો રહ્યો. ગજશિક્ષામાં ચતુર એવો શ્રીચંદ્ર પોતાના પરાક્રમથી અને ગજના અંકુશથી ગજેંદ્રને ખુબ દમન કરવા લાગ્યો, દમન કરવાની ચતુરાઈથી તે હાથીને નગરની બહાર લાવ્યો. ઉન્મત્ત અને પ્રમાદથી વધેલો ગજેંદ્ર તેની પ્રેરણાને વશ થઇ ગયો. ક્ષણવાર ગજેંદ્ર પોતાનું રૌદ્ર ભાગ દર્શાવતો હતો, પણ જ્યોતિરૂપ રાજકુમારની સામર્થ્ય ભરેલી ક્રિયા આગળ તેનું કાંઇ પણ ચાલ્યું નહીં. નગરની બહાર નીકળી ગજેંદ્રને રાજકુમાર દૂર ખેંચી ગયો. કેટલેક દૂર જતાં તે મદોન્મત્ત હાથી તદ્દન શિથિલ થઇ ગયો, તેનાં સર્વ અંગ અતિ નમ્ર થઇ ગયાં, તેની ઉપર શ્રીચંદ્રની સર્વ સત્તા પ્રસરી રહી. આગળ જતાં એક મોટી વૃક્ષોથી ભરપૂર અને હિંસક પ્રાણીઓના નિવાસથી ભયંકર એવી અટવી આવી, તેમાં એક ઉંચો પર્વત અને તેની તળેટીમાં એક સરોવર જોવામાં આવ્યું. સરોવરની અંદર કમળોના પુષ્પોથી સ્વચ્છ જળ ઢંકાઈ રહેલું હતું. જાણે તટ ઉપર પંકજ વૃક્ષોની શ્રેણી અને પૃથ્વી પ્રતિબિંબરૂપ હોય, તેમ ભાસતી હતી. આ સુંદર દેખાવ જોઇ, જોતાંજ તે ગજને વશીભૂત કરેલા ગજેંદ્રને ઉભો રાખ્યો. પોતે તેના સ્કંધ ઉપરથી ઉતરી પડ્યો. પછી નિમિત્તિયાનો વેશ ફેરવી, પોતે સ્વાભાવિક વેશે થઇ ગયો. ખરેખર શ્રીચંદ્ર બની ગયો. તે સુંદર સરોવરમાં સ્નાનપાન કરી, કુમારે ગજેંદ્રને તેના નગરથી મોકલ્યો. ગજેંદ્ર પોતાના પૂર્વ પરિચિત રાજકુમારને ઓળખી ઘડીવાર ઉભો રહ્યો અને રડતો મુખથી પોતાના નેત્ર રડતો—નેત્રવાળો પ્રગટ થયો. ગજેંદ્ર જાણે પોતાના અપરાધની ક્ષમા માગતો હોય, તેમ નમતો. તેની આજ્ઞા શિરથી ઉભો રહ્યો.

આ વખતે એક બીજો બનાવ બન્યો. તે અટવીમાં ભીલ લોકોનો મોટો સમૂહ રહેતો હતો. તે ભીલો અટવીનાં ફળફુલથી અને લુંટના દ્રવ્યથી જીવનનો નિર્વાહ કરતા હતા. તેઓની ઉત્તમમાં ઉત્તમ સમૃદ્ધિ વનભૂમિ હતી, વનની રમણીયતામાંજ તેઓ વિલાસ સુખ ભોગવતા હતા, અરણ્યની અવનીમાં તેમનું સામ્રાજ્ય હતું, વનના કુદરતી ભોગના તેઓ ઉત્તમ ભોગી હતા, તે ભીલના રાજાએ આ ગજેંદ્રને સરોવરના તીર ઉપર ફરતો જોયો. ગજેંદ્રનો દેખાવ, તેનાં લક્ષણો અને તેનું સૌંદર્ય જોઇ, શબરપતિને મોહ થયો. પોતાના વનરાજ્યમાં આવું પ્રાણી સંપાદિત થાય, તેને માટે તેને પ્રબળ ઇચ્છા થઇ. તત્કાળ તે ભીલ લોકોનું મોટું સૈન્ય લઇ, તે ગજેંદ્રને લેવા આવ્યો. ગજેંદ્ર ચમત્કારી હતો, તેનામાં હેય ઉપાદેયનું જ્ઞાન હતું, આથી તે ભીલની સામે થયો સર્વ ભીલો એકઠા થઇ ગજેંદ્રની ઉપર ધસી આવ્યા, એટલે રાજકુમાર યુદ્ધ કરવાને સજ્જ થયો. ભીલ લોકોના સૈનિકો તેના ઉપર તુટી પડ્યા, પણ મોટા પરાક્રમથી શ્રીચંદ્રે તેમનો પરાભવ કરવા માંડયો. તે બાહુબળી કુમાર એકલાએ ભીલોના પ્રચંડ સૈન્યને ક્ષણમાં પરાસ્ત કરી દીધું. સિંહની આગળ જેમ શિયાળીયાં નાશી જાય, તેમ તેની આગળ ભીલ લોકો નાશી ગયા. તેના અદ્ભુત પરાક્રમે સર્વ વનવાસીઓને ચકિત કરી દીધા. પરાજિત થયેલા ભીલલ્રુ તેના વીર્યને વખાણતા પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

કુમાર શ્રીચંદ્ર ભીલ લોકોને હરાવી, વિશ્રામ લેવાને એક વૃક્ષ નીચે જરા વાર બેઠો, ત્યાં ભીલડીઓનું એક વૃંદ તેની પાસે આવ્યું. કિરાત સ્ત્રીઓએ વિચાર્યું હતું કે, "આપણા બળવાન્ ભીલોને ક્ષણમાં હરાવનાર કોણ વીર છે? તે દર્શનીય વીરનું આપણે અવલોકન કરીએ." આવી ધારણાથી સર્વ કિરાતીઓ જ્યાં શ્રીચંદ્ર વૃક્ષ નીચે બેઠો હતો, ત્યાં આવી હતી. આ કિરાતીઓના વૃંદમાં ભીલોના રાજાની **મોહિની** નામે એક કન્યા આવી હતી, તે ભીલકન્યા છતાં તેનામાં યૌવનવયના વકાસથી સારૂં સૌંદર્ય દેખાતું હતું, વનવાસિની છતાં તે નાગરી નવવધૂના ચાતુર્યને ધારણ કરતી હતી. આ કિરાત કન્યા શ્રીચંદ્રને જોઇ મોહિત થઇ ગઇ. તે પ્રભાવિક વીરની સુંદર આકૃતિએ કિરાતબાળા કામને વશ થઇ ગઇ. શ્રીચંદ્રના અલૌકિક સૌંદર્યે તેને દૃઢ રીતે આકર્ષી, અને પરાધીન કરી દીધી. તેના અંતરંગમાં શ્રીચંદ્રને તેણે સ્થાપિત કર્યો, અને તેની સાથે પવિત્ર પ્રેમનું બંધન કરવાનો સંકલ્પ કર્યો.

કિરાતીઓ રાજકુમારને નિરખી આનંદાશ્ચર્ય થઇ પાછી ફરી. બીજી કિરાતીઓ માનસરૂપ આસન ઉપર શ્રીચંદ્રને અવકાશ આપી, પોતપોતાના કાર્યમાં પ્રવર્તી; પણ એકલી મોહિની શ્રીચંદ્રની મોહિની થઇ ગઇ, અને તે શ્રીચંદ્રને પ્રેમાશ્રયનો મનથી પતિ બનાવી મનમસ્ત થતી પોતાના પિતાની પાસે આવી. ભીલબાળા જરા લજ્જા ધરતી પિતા પ્રત્યે બોલી—પિતાજી! તમને અને તમારા સૈન્યને પરાભવ કરનાર તે વીર પુરૂષને હું હૃદયથી વરી ચુકી છુ, આ ભવમાં એ કુમારજ મારા પતિ છે, બીજા પુરૂષને હું પતિપદ આપવાને ઇચ્છતી નથી. મોહિનીનાં આવાં મોહિન વચન સાંભળી, કિરાતપતિ વિચારમાં

પડ્યો. ઘણુ વાર વિચાર કરી, અને પોતાની પુત્રીનો દૃઢ નિશ્ચય જાણી. તે રાજકુમારની પાસે મોહિનીને લઇને આવ્યો. કિરાતપતિએ આવી કુમારના ચરણમાં પ્રણામ કર્યો, અને વિનયથી તે બોલ્યો—રાજકુમાર ! તમે મોટા રાજા છો, અમે એક વનવાસી છીએ, અજ્ઞાનતાને લઇને અમોએ જે સ્વહસ્તથી અપરાધ કર્યો, તેને માટે ક્ષમા કરીએ. અમે વનવાસી જંગલી કહેવાઇએ, અમારી મનોવૃત્તિ ઉપર અજ્ઞાનતાનું આચ્છાદન સર્વદા રહ્યા કરે છે, તેથી અમો દીર્ઘ વિચાર કર્યાં વગરજ આપની સામે થયા હતા. રાજેંદ્ર ! આપ દયાળુ અને ક્ષમાધારી છો, તેથી હું એક વિનતિ કરવા આવ્યો છું. મોહિની નામે મારે એક પુત્રી છે, તે આપના સદ્ગુણ અને સૌંદર્યમાં રાગિણી થઇ છે. તેને આપ અંગીકાર કરો. મહાન્ પુરુષો કોઇની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. ભીલનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રે કહ્યું. ભીલરાજ ! તમે કરેલા અપરાધને માટે મારા મનમાં કાંઇ નથી. બીજાની ઉપમ પરંતુ બળાત્કારની ઇચ્છા થવી, એ રાજસી પ્રકૃતિ છે; તેવી પ્રકૃતિને લઇ યુદ્ધ થાય, તેમાં કાંઇ આશ્ચર્ય નથી, અને તેને માટે કોઇને ક્ષોભ કરવાનો નથી. બીજું તમે તમારી પુત્રીને મારે જે કહ્યું, તે વાત અનુચિત છે. અમે શુદ્ધ ક્ષત્રિય છીએ, અને તમે બીજી જાતિ છો. ક્યાં મણિ ! અને ક્યાં કાચ ! રાજકન્યાને મુકી ભીલકન્યાને કેમ પરણી શકાય ! એમ કરવાથી અમારૂં કુળ કલંકિત થઇ જાય; પછી ભારતવર્ષમાં પ્રખ્યાતિ પામેલા ક્ષત્રિય વંશને કોઇ માન આપે નહીં, માટે આ કાર્ય મારાથી શી રીતે થાય ! તે વખતે લજ્જા છોડી મોહવતી મોહિની બોલી—રાજકુમાર અમે તે કરો, પણ મારો વિચાર ફરવાનો નથી. જો મને પાણીગ્રહણ કરી નહીં પરણો, તો તમારૂં વસ્ત્ર અને પાદુકા આપો, તેની સાથે હું મારો પવિત્ર સંબંધ જોડીશ. તમારા નામથી અંકિત થઇ હું તમારી દાસી પત્ની થઈને રહીશ, મારો અંગીકાર કરો. તમારા ઘરની બહારનું કામ કરવાને મારો નિર્વાહ કરજો. તમારી દાસી ભાવે સેવા કરવાને મને અધિકારિણી કરો, એટલે મારૂં જીવન સફળ થાય. જો મારી તે પ્રાર્થનાનો પણ ભંગ કરશો, તો પછી અગ્નિમાં પ્રવેશ કરીશ. મોહિનીનાં આ વચનથી શ્રીચંદ્રનું હૃદય આર્દ્ર થઇ ગયું. તેની મનોવૃત્તિમાં મોહિનીને માટે દયા ઉપજી, વનવાસિની વનિતાનો ઉદ્ધાર કરવા તેના મનમાં આવ્યું. તરતજ પોતાનું વસ્ત્ર અને પાદુકા તેના હાથમાં મુકી, તે જોઇ ભીલપતિ ખુશી થયો, તરતજ તેણે જ્ઞાતિજનોને બોલાવી, તેમનો વિવાહોત્સવ કર્યો. વિવાહને પ્રસંગે રથ, ઘોડા, હાથી, મોતી, માણેક અને બીજી વસ્ત્રાદિ સામગ્રી શ્રીચંદ્રને ભેટ કરી. શ્રીચંદ્ર તેને સ્વીકારી ઘણોજ ખુશી થયો.

આ પ્રસંગે એક ચમત્કાર બન્યો. ભીલપતિએ આપેલા દાયજામાંથી એક રથ આવી શ્રીચંદ્રની પાસે ઉભો રહ્યો. રથના ઘોડાઓ પગના પુંછડાના અને મસ્તકના ચાળાથી ઘણો હર્ષ દર્શાવવા લાગ્યા. તેમનાં નેત્રમાંથી હર્ષનાં અશ્રુની ધારાઓ ચાલી, પોતાનાં મસ્તકો નમાવી, એ પ્રબુદ્ધ પ્રાણીએ શ્રીચંદ્રની આગળ પોતાનો પ્રેમ દર્શાવ્યો. તેમનો આ દેખાવ જોઇ સર્વ લોકો ચકિત થઇ ગયા, માત્ર શ્રીચંદ્ર તે વાત સમજી ગયો. શ્રીચંદ્રે ઉભા થઇ પોતાનો હાથ તે અશ્વના પૃષ્ઠ ઉપર ફેરવ્યો. દિવ્ય અશ્વોએ ઉત્તમ ચેષ્ટાથી સામો પ્રેમ દર્શાવ્યો.

શ્રીચંદ મૃદુવાણીથી આર્દ્ર થઇ બોલ્યો—મારા પ્રેમી પ્રાણી ! તમારૂં અહીં અચાનક દર્શન થવાથી મને અતિ આનંદ ઉપજે છે, ઘણે દિવસે તમારો સંયોગ મારા પૂર્વના વિયોગને વિસરાવે છે. મારા પ્રિય વાહનો ! તમારા વિયોગનું કારણ હું પોતેજ છું. મારો ઉદારતાનો ગુણ તમોને દોષરૂપ થઇ પડ્યો છે, તેને માટે ક્ષમા કરજો. તમારી પૂર્વની સેવાનું સ્મરણ મને સતત રહેતું હતું, તે સ્મરણનો શ્રમ આજે સફળ થયો છે. વ્હાલા વાજી ! હવે આપણા સંયોગ વિયોગનું કારણ ન થાય, તેવી મારી ઇચ્છા છે. મારાં પૂર્વનાં સત્કર્મે જે તમારો સંયોગ, અને વિયોગ કરાવ્યો હતો, તેજ પાછો પુનઃ સંયોગ કરાવ્યો છે, તે ખાતે મને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે કહી શ્રીચંદ્રે અશ્વોને આલિંગન આપ્યું.

પ્રિય વાચકવૃંદ ! તમે તમારી બુદ્ધિના પ્રભાવથી જાણ્યું તો હશે, તથાપિ ન જાણ્યું હોય, તો પુનઃ સ્મરણ કરો. વાયુવેગ, અને મહાવેગ નામના અશ્વથી યુક્ત એવો આ શ્રીચંદનો પૂર્વનો સુવેગ રથ હતો. એ દિવ્ય રથ તેને કેવી રીતે પ્રાપ્ત થયેલો ? અને તેનામાં કેવું સામર્થ્ય છે, તે તમારા જાણવામાં છે. પોતે ઉદારતાના મહાન્ ગુણથી એ રથ એક ઉત્તમ કવિને ભેટ આપ્યો હતો, તે પણ તમે જાણો છો. આ રથની ઉદારતાજ શ્રીચંદને મોટી મુસાફરી કરવાનું કારણ થયું હતું. એ રથ તેને કર્મના ચમત્કારી યોગે અહીં પ્રાપ્ત થયો છે. દરેક વસ્તુનો સંયોગ, અને વિયોગ કર્મની મહાન્ સત્તાને આધીન છે. કર્મની સૂક્ષ્મ પ્રકૃતિઓની આગળ વિશ્વના બધા પદાર્થો રાંક છે. ક્યાં શ્રીચંદનું આ અરણ્યમાં ચોરીરૂપ બહારવટી આવવું ! ક્યાં મદોન્મત્ત હાથીનો યોગ થવો ! ક્યાં ભિલ્લ લોકોનું યુદ્ધ ! ક્યાં ભિલ્લ કન્યા મોહિનીનો મેળાપ ! અને ક્યાં સુવેગ રથનો અચાનક લાભ ! આ ચમત્કાર જોઇ ભિલ્લ લોકો આશ્ચર્ય પામતા હતા. તે વખતે શ્રીચંદ્રે કહ્યું, કિરાતરાજ ! કહો. આ ઉત્તમ રથ તમને ક્યાંથી પ્રાપ્ત થયો ? તે અદ્ભુત વાર્તા જાણવાની મારી પૂર્ણ ઇચ્છા છે. કિરાતરાજ બોલ્યો—મહારાજ ! આપ મારા પૂર્ણ સંબંધી થયા છો, હું આપની આગળ જે યથાર્થ હોય, તે કહેવામાં કાંઇ પણ શંકા નથી. રાજેંદ્ર ! અહીંથી થોડે દૂર કુંડલપુર નગર છે, તે નગરના રાજાના તાબા નીચે અમે આ અરણ્યમાં રહીએ છીએ, ચોરી કરવાની અમારી આજીવિકા છે. જે કોઇ માર્ગે સંચાર કરતું હોય, તેને લુંટી તે દ્રવ્યથી અમારો નિર્વાહ ચાલે છે. કુંડલપુર પતિને જ્યારે યુદ્ધનો પ્રસંગ આવે, ત્યારે અમે તેમને સહાય કરવા જઇએ છીએ. એક વખતે આ માર્ગે સાર્થનું દળ જતું હતું. તેઓની આગળ આ રથ હતો. અમો તેમને લુંટીને આ રથ લાવ્યા છીએ. અમારા ત્રાસથી તે માણસો જીવ લઇને નાસી ગયા, ત્યારથી આ અશ્વ સહિત રથ અમારા તાબામાં આવી રહ્યો. તે રથ આજે શુભ યોગે તમને ભેટ કરવાનો અવસર આવ્યો છે. રાજકુમાર ! એક બીજી વિચિત્ર વાત એ છે કે, જ્યારથી અમે આ રથ અમારા તાબામાં લાવ્યા છીએ, ત્યારથી આ રથના ઘોડા દુર્બળ થતા જાય છે, દુઃખથી વિહ્વળ થયા છે, તેમના નેત્રમાંથી અશ્રુધારા નિરંતર ચાલે છે, આજે તમારાં

[illegible]

[illegible]

[illegible]

[illegible] ૧

[illegible] ૨

[illegible] ૩

[illegible] ૪

[illegible] ૫

[illegible]

જોઇએ. તે કલ્યાણક પાંચ પર્વના સ્થાનરૂપ છે. ને પર્વને માટે જેટલું જિન શાસ્ત્રમાં કહ્યું છે તેમ નથી; પણ બીજા અન્ય મતમાં પણ ઘણે સ્થળે કહેલું છે. વિષ્ણુપુરાણમાં લખે છે કે, ચૌદશ, આઠમ, અમાવાસ્યા, પૂર્ણિમા અને સૂર્યસંક્રમણ, એ પાંચ પર્વ કહેવાય છે, તે પર્વના દિવસોમાં તેલ, માંસ અને સ્ત્રીનો ભોગ કરનારો પુરૂષ મર્યા પછી **विण्मूत्र भोजन** નામના નરકમાં જાય છે. મહાભારતમાં લખે છે કે, "હિંસા કરનાર, હિંસાની અનુમોદના કરનાર, માંસભક્ષક, માંસ વેચનાર, અને ખરીદ કરનાર, એ પાંચે પ્રાણિના ઘાતક ગણાય છે. હે રાજન ! જેટલાં પશુની ઉપર રૂવાંટાં હોય, તેટલાં હજાર વર્ષ સુધી પશુઘાતક મનુષ્યો પીડાય છે.

મહાભારતના શાંતિ પર્વમાં નીચે પ્રમાણે લખે છે:—

यूपंछित्वा पशून् हत्वा कृत्वा रुधिरकर्दमम् ।
यद्येवं गम्यते स्वर्गे नरके केन गम्यते ? ॥ १ ॥

" યજ્ઞ સ્તંભને છેદી, પશુઓને હણી, અને રૂધિરનો કાદવ કરી, જો સ્વર્ગે જવાતું હોય, તો પછી નરકમાં કોને જવાનું ? ૧

માર્કંડેય પુરાણમાં પણ લખે છે—

जीवानां रक्षणं श्रेष्ठं जीवा जीवितकांक्षिणः
तस्मात्समस्तदानेभ्योऽभयदानं प्रशस्यते ॥ २ ॥

" જીવ જીવવાની ઇચ્છા રાખે, એ જીવનું શ્રેષ્ઠ લક્ષણ છે; માટે સર્વ દાનોમાં જીવને અભયદાન આપવું, તે પ્રશંસનીય છે. " ૧ માર્કંડેય પુરાણમાં આઠ પુષ્પો કહેલાં છે. તે નીચે પ્રમાણે—

" अहिंसा प्रथमं पुष्पं पुष्पमिंद्रियनिग्रहः ।
सर्वभूतदया पुष्पं क्षमा पुष्पं विशेषतः ॥ १ ॥

ध्यानपुष्पं तपः पुष्पं ज्ञानपुष्पं तु सप्तमम् ।
सत्यं चैवाष्टमं पुष्पं तेन तुष्यन्ति देवताः ॥ २ ॥

" પહેલું પુષ્પ અહિંસા, બીજું પુષ્પ ઇંદ્રિયોનો નિગ્રહ, ત્રીજું પુષ્પ સર્વ પ્રાણિ ઉપર દયા, ચોથું પુષ્પ ક્ષમા, પાંચમું ધ્યાન, છઠું પુષ્પ તપ, સાતમું પુષ્પ જ્ઞાન, અને આઠમું પુષ્પ સત્ય, એ આઠ પુષ્પોવડે દેવ સંતુષ્ટ થાય છે. ૧-૨

મહાભારતમાં વળી લખે છેઃ—

यूकामत्कुणदंशादीन् ये सदा ज्ञानिनस्तथा ।
पुत्रवत्परिरक्षंति ते नराः स्वर्गगामिनः ॥ १ ॥
आत्मपादी च ये घ्नन्ति ते वै नरकगामिनः ।
जीवानां सर्वथा कार्या रक्षा चैवापराधिनाम् ॥ २ ॥

જે જ્ઞાની પુરૂષો જુ, માકડ, અને ડાંસ વિગેરેની પુત્રની જેમ રક્ષા કરે, તે પુરૂષો સ્વર્ગે જાય છે. જેઓ જુ, માકડને તડકા વિગેરેમાં મારે છે, તેઓ પણ અવશ્ય નરકે જાય છે. અપરાધી જીવોની પણ સર્વદા રક્ષા કરવી.

જીવોની રક્ષાને માટે પાણી ગળવાની યતના રાખવી જોઇએ, અને તેને માટે પુરાણોમાં નીચે પ્રમાણે કહેલું છેઃ—

विंशत्यंगुलमानं तु त्रिंशदंगुलमायतौ ।
तद्वस्त्रंद्विगुणी कृत्य गालयित्वा पिवेज्जलम् ॥ १ ॥
तस्मिन् वस्त्रस्थितान् जीवान् स्थापये जलमध्यतः
एवं कृत्वा पिवेत्तोयं स याति परमांगतिम् ॥ २ ॥
दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिवेज्जलम् ।
सत्यपूतं वदेद्वाक्यं मनःपूतं समाचरेत् ॥ ३ ॥
सप्तग्रामेण यत्पापं अग्निना भस्मसात्कृतम् ।
तत्पापं जायते तस्य मधुबिंदुप्रभक्षणात् ॥ ४ ॥

વીસ આંગળ પહોળું, અને ત્રીસ આંગળ લાંબું વસ્ત્ર લઇ, તેને બેવડું કરી, તેવડે ગાળીને પાણી પીવું. તે ગરણામાં રહેલા જીવને જળની અંદર પધરાવવા. આ પ્રમાણે કરીને જે જળપાન કરે, તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. દ્રષ્ટિથી પવિત્ર કરી પગ મુકવો, વસ્ત્રથી પવિત્ર [ગળેલું] પાણી પીવું, સત્યથી પવિત્ર વાણી બોલવી, અને મનની પવિત્રતાથી પ્રવર્તવું. સાત ગામને અગ્નિ લગાડી બાળવાથી જે પાપ થાય, તેટલું પાપ મધનું એક બિંદુ ખાવાથી થાય છે.

વિષ્ણુપુરાણમાં લખે છે કેઃ—

" ग्रामाणां सप्तके दग्धे यत्पापं जायते किल ।
तत्पापं जायते पार्थ जलस्यागलिते सति ॥ १ ॥
संवत्सरेण यत्पापं कैवर्त्तस्यैव जायते ।
एकाहेन तदाप्नोति अपूतजलसंग्रही ॥ २ ॥
यः कुर्यात्सर्वकर्माणि वस्त्रपूतेन वारिणा ।
स मुनिः स महासाधुः स योगी स महाव्रतः ३ ॥"

હે અર્જુન ! સાત ગ્રામ બાળવાથી જે પાપ થાય, તે પાપ ગળ્યા વિના જળ પીનારને લાગે છે. ઢીમરને એક વર્ષમાં જેટલું પાપ લાગે, તેટલું પાપ ગળ્યા વિના જળ પીનારને લાગે છે, ગળેલા જળથીજ બધાં કાર્યો કરે છે, તેજ ખરો મુનિ, ખરો સાધુ, ખરો યોગી અને ખરો મહાવ્રતધારી છે.

ઇતિહાસ પુરાણમાં અહિંસાને માટે નીચે પ્રમાણે લખે છેઃ—

" अहिंसा परमं ध्यानं अहिंसा परमं तपः ।
अहिंसा परमं ज्ञानं अहिंसा परमं सुखम् ॥ १ ॥
अहिंसा परमं दानं अहिंसा परमो दमः ।
अहिंसा परमो यज्ञो अहिंसा परमं शुभम् ॥ २ ॥
तदेव सुत्तमं धर्मं अहिंसा धर्मलक्षणम् ।
ये चरंति महात्मानो विष्णुलोकं व्रजंति ते ॥ ३ ॥

અહિંસા એ પરમ ધ્યાન છે, અહિંસા પરમ તપ છે, અહિંસા પરમ જ્ઞાન છે, અહિંસા પરમ સુખ છે, અહિંસા પરમ દાન છે, અહિંસા પરમ દમ છે, અહિંસા પરમ યજ્ઞ છે, અને અહિંસા પરમ શુભ છે. જે મહાત્માઓ તે અહિંસા લક્ષણ ઉત્તમ ધર્મને આચરે છે, તે મહાત્માઓ વિષ્ણુલોકમાં જાય છે.

કૂર્મ પુરાણમાં નવપદ્મ ગ્રંથમાં લખે છેઃ—

" अभक्ष्याणि ह्यभक्ष्याणि कंदमूलं विशेषतः ।
नूतनोदयपत्राणि वर्जनीयानि सर्वतः ॥ १ ॥

मद्यपाने मतिभ्रंशो नराणां जायते खलु ।
न धर्मो न दया तेषां न ध्यानं न च सत्क्रिया ॥ २ ॥

मद्यपाने कृते क्रोधो मानो लोभश्च जायते ।
मोहश्च मत्सरश्चैव दुष्टभाषणमेव च ॥ ३ ॥

वारुणीपानतो यांति कीर्तिकांतिमतिश्रियः ।
विचित्रा चित्ररचना वांछंति कज्जलादिव ॥ ४ ॥

भूतार्त्तवन्नरीनर्ति रारटीति सशोकवत् ।
दाहज्वरार्त्तवद् भूमौ सुरापो लोलुठीति च ॥ ५ ॥"

મદ્યમાં અવગુણ ન હોય એવું કશું હોય નહીં; તેમાં ઢોંગ, ભૂખ અને જેમને નવાં પણ આવતાં હોય, તે વિશેષ વર્ણવવા જેવા છે. મદ્યપાન કરવાથી પુરુષોની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, તેમને ધર્મ, દયા, ધ્યાન અને સત્કર્મની ક્રિયાઓ રહેતી નથી. મદ્યપાન કરવાથી ક્રોધ, માન, લોભ, મોહ, મત્સર, અને દુષ્ટ ભાષણ થાય છે. વારુણી-મદિરાનું પાન કરવાથી કીર્તિ, કાંતિ, મતિ, અને લક્ષ્મી નાશ પામે છે. કાજળની જેમ વિવિધ ચિત્ર રચનાનો છંદ થાય છે. મદિરાપાની પુરુષ જાણે ભૂત વળગ્યું હોય, તેમ નાચે છે, શોકાતુર હોય, તેમ જોરથી રુવે છે, અને દાહજ્વરથી પીડિત હોય, તેમ પૃથ્વી ઉપર આળોટે છે. યોગશાસ્ત્રમાં પણ નીચે પ્રમાણે કહે છે.—

" मद्यं पित्वा ततः कश्चिद् मांसं च स्पृहयेन्नरः ।
कश्चिद्वधं करोत्युच्चजंतुसंघात घातकः ॥ १ ॥

मद्ये मांसे मधुनि नवनीते तक्रतो बहिः ।
उत्पद्यंते विपद्यन्ते सुसूक्ष्मा जंतुराशयः ॥ २ ॥

पुत्रमांसं वरं भुक्तं नतुमूलकभक्षणम् ।
भक्षणान्नरकं याति वर्जनात्स्वर्गमाप्नुयात् ॥ ३ ॥

મદ્યનું પાન કરીને પછી કોઈ પુરુષ માંસની સ્પૃહા કરે છે, અને કોઈ હિંસા કરે છે. અને જંતુઓના સમૂહનો ઘાતક થાય છે. મદ્ય, માંસ, મધુ તથા છાશમાંથી બહાર કાઢેલા માખણમાં અતિ સૂક્ષ્મ જંતુઓનો સમૂહ ઉત્પન્ન થાય છે, અને વિલીન થાય

છે. પુત્રનું માંસ ખાવું સારૂં, પણ મૂળીયાંનું ભક્ષણ કરવું સારૂં નહીં. તે ભક્ષણ કરવાથી માણસ નરકે જાય છે, અને તેને વર્જવાથી સ્વર્ગે જાય છે.

તેને માટે જૈન સિદ્ધાંતમાં પણ લખે છે—

" मज्जंमिय मसंमिय णवनीयंमि चउथ्थए ।
उपज्जंति असंखेया तवन्ना तत्थ जंतुओ ॥ १ ॥ "

મદિરામાં, માંસમાં, માખણમાં અને મધમાં તેના જેવા રંગવાળા અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે.

કિરાત મિત્રો ! આ વાત ધ્યાનમાં રાખજો. તે શિવાય અન્ય મતના માર્કંડેય પુરાણમાં એવો પણ લેખ છે કે, જે પુરૂષ શ્રાદ્ધમાં ધર્મ મેળવવાની ઇચ્છાથી મધ આપે છે, તે તે ભોજન કરનારા લંપટ પુરૂષોની સાથે ઘોર નરકમાં જાય છે. કંદ મૂળને ખાનારા મિથ્યાત્વીઓના શાસ્ત્રમાં પણ તે વાતનો નિષેધ છે. ઇતિહાસ પુરાણમાં લખ્યું છે કે, જે વૃંતાક, કલિંગાં અને મૂળાનું ભક્ષણ કરે છે, તે મૂઢ પુરૂષ અંતકાળે દુઃખ પામશે. જેના ઘરમાં સારૂં અન્ન છતાં મૂળા રંધાય, તો તેનું ઘર સ્મશાન જેવું છે, અને તેના ઘરમાં પિત્રિઓ રહેતાં નથી. પદ્મ પુરાણમાં લખે છે કે, અડદ અથવા મગ વિગેરે +ગોરસની સાથે ભક્ષણ કરે, તો તે માંસ તુલ્ય છે સૂર્ય અસ્ત થયા પછી જળ, રૂધિર સમાન અને અન્ન, માંસ સમાન ગણાય છે. એમ માર્કંડેય મુનિએ કહેલું છે વળી તે લખે છે કે, રાત્રિ ભોજન, પરસ્ત્રી ગમન, સંધાન (બોળ અથાણું) અને અનંત કાયનું ભક્ષણ, એ ચાર નરકનાં દ્વાર છે

હે કિરાતલોકો ! કેટલાએક અભક્ષ્ય પદાર્થો છે, તે તમારે જાણવા જોઇએ. જેમાં સંક્ષેપથી મદ્ય, માંસ, માખણ, મધ, ઉદુંબીરી, કંદ, મૂળ વિગેરેનો સર્વથા ત્યાગ કરવો; તેની અંદર સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે. તે અન્ય મતમાં પણ એટલે સુધી લખે છે કે:—

पृथिव्यामप्यहं पार्थ वायावग्नौ जलेऽप्यहम् ।
वनस्पतिगतश्चाहं सर्वमात्ममयं जगत् ॥ १ ॥
तन्मां सर्वगतं ज्ञात्वा न हिंस्येत कदाचन ।
अहं सर्वस्य तुल्यत्वं भजामि कल्पमोक्षितः ॥ २ ॥

હે અર્જુન ! પૃથ્વીમાં, વાયુમાં, અગ્નિમાં, જળમાં અને વનસ્પતિમાં હું પોતે જીવરૂપે રહેલો છું. એવી આ બધું જગત્ આત્મમય છે. મને સર્વવ્યાપક જાણીને કોઇની હિંસા કરવી નહીં. હું કલ્પ રહિત થઇને સર્વની તુલ્યતાને ભજું છું. ૧-૨

+ કાચું-ઉનું નહીં કરેલ દૂધ, દહીં કે છાશ

કિરાત મિત્ર ! તમે અરણ્યમાં રહો છો, માટે તમને કલ્પવૃક્ષની ખબર હોતી નથી, તેથી તમારે અરણ્યમાં ફળ, ભાર, માટી વિગેરે અલ્પફળ વસ્તુનો લાભ કરવો. અ-મંતરાતનો ત્યાગ કરવાને માટે શાસ્ત્રમાં લખે છે કે, ચન્દ્રકાંત, સુરમ્ય, આફૂ, હગદર, આદુ, કપૂરો, કુંવાર, હલાલ, કેદાર, ગિરિકર્ણી, વાંસ, હરડે, કુટકી, સતાવરી, લીલી મોથ, સાગર, રતનજી, ચિત્રક, મૂર્વા, અમૃતવેલ, વૃક્ષની અંતર છાલ, પેમ, સુદિ, આમળા, ખિરોધ, ભર્યાં કેમન પાન, મેચ અને મૂષિકા, એ બધાને જે પ્રાપ્ત લાગે છે, તે આ સંસાર સાગરને તરી જાય છે.

મિત્ર ! તમે તમારી અષ્ટવિધ ઉદ્દેશ ઉપર ચાખો છો, તે ઘણી અધમ આજી-વિકા છે. હવેથી તેવી આજીવિકાનો ત્યાગ કરજો. તે અજ્ઞાનથી મહા પાપ થાય છે. ચોરીનું વ્યસન એ નરકનું દ્વાર છે. બીજાની વસ્તુ હરી લેવાથી તેનો અંતરમાં પરિતાપ થાય છે, તેની ગુપ્ત વેદનાનો વિચ્છેદ થાય છે, અને તે સંબંધ તેને માટે અતિ દુઃખ ઉત્પન્ન કરે છે, તેવું કામ કરવામાં કેટલું પાપ ! તેનો વિચાર કરો. હવે ચોરીરૂપ મહા-પાપની સાથે તમે તમારા આત્માને મલિન કરશો નહીં. તે મહા પાપનું ફળ કેવળ પરલો-કમાં મળે છે, એટલુંજ નહીં, પણ આ લોકમાં પણ તે મળે છે.

કિરાતરાજ ! જેવું ચોરીના વ્યસનનું પાપ છે, તેવું બીજાં પણ પાપમાં ગણેલું છે. ચિત્તને દેહ, શરીરનો દ્રોહ, વિશ્વાસઘાત, પરના ધનનો ઘાત, અને ઉગ્રકર્મ, ...રકની ગતિને આપનારાં છે. તેથી તેવાં બધાં પાપનો ત્યાગ કરજો. તેનો સંબંધ ત્યાગ કરજો તમે વનવાસી છો, નિરવધિ જનના આચારથી અજ્ઞાન છો, ...ૈતિક જનના કરતાં તમારાં હૃદય વિશેષ નિર્મળ હોય છે. જે કદાચ વ્યવહારમાં ... નગરવાસીઓમાં હોતી નથી. તમારી બુદ્ધિ અલ્પ હોય, પણ તમારાં હૃદયમાં ...ચે પ્રકાશ વિશેષ હોય છે, તેથી તને આપ સમજવા ...કરી શકો છો.

...કિરાત ...કહે, ' હવે ઉપરે એટલુજ કહેવાનું કે, તમે મનુષ્ય છો, તમારી શક્તિ ...ન કરી તમારા ઉત્તમ જેવી ઉત્તમ સેવાથી હોય, તેથી મેળવવાને લાયક છો. તમારો પાસ ...દિવસ તમે શરીરની સેવાના અધિકારી થઇ શકો નથી, તેમ તમને તેવી ...દાન કરવું તેવા કેટલા પ્રકારનો સમાગમ પણ થયો નથી. તેથી તમે ...અગાઉ એમ થઇ રહ્યા હવે હૃદયનો ભેદ આવ્યો છે, તમારી ...ને તમારી સાથે ધર્મ સમય જોઇએ છે. આ સમયને ઉત્તમ કરવો એ ...છે ...ર ...ણ અને લોક જ્ઞાનથી ન જોઇએ. તમે વનવાસમાં ...રી કહ્યા એ ઉત્તમ છે, તે વિચારીને, વિચાર કરી મે જોઇએ આ ...કે લોક કલ્યાણકારક છે, તેવી રીતે તમે આચરણ કરજો, અને અતિ ...આચાર ઉત્તમને સારી રીતે ઉત્તમ કરજો.

...જે ધર્મગુરુ ઉપદેશ આપે, તે સમજી લેજો બ્રહ્મ

થઇ ગયા. તેમના જંગલી વિચારોમાં ઘણો ફેરફાર થઇ ગયો, તેમના મલિન સંસ્કારોમાં ઉત્તમ પ્રકારનો સુધારો થઇ આવ્યો, તેઓના હૃદયમાં માનવ જીવન કાંઇક ઉત્તમ પદાર્થ છે, એવું ભાન આવ્યું. તેઓ બધાએ વિનયથી નમન કરી, શ્રીચંદ્રનો ઉપકાર માન્યો, અને તેમના વિયોગને માટે હૃદયનો શોક પ્રદર્શિત કર્યો.

તેમનામાંથી જયકુંજર નામના એક ઉત્તમ જાતના ક્ષત્રિયને પોતાના સુવેગ રથનો સારથિ નિમી અને ભિલ્લકન્યા તથા બીજા પરિવારને કુશસ્થલપુરીમાં જઇ અંગીકાર કરવાની પ્રતિજ્ઞાનાં વચન આપી, શ્રીચંદ્ર માર્ગે રવાને થયો. પ્રેમી કિરાત વર્ગ અને કિરાન કાંતાઓ તેને વલોટાવાને કેટલેક દૂર આવ્યાં. શ્રીચંદ્રનો રથ જ્યાં સુધી દેખાયો, ત્યાં સુધી તેઓ એક દ્રષ્ટિએ તેની સામે જોઇ રહ્યાં, અને જ્યારે અદર્શન થયું, ત્યારે નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી. મોહિની અને તેનો પરિવાર બીજે માર્ગે ગયો હતો. શ્રીચંદ્ર અને મોહિનીના માર્ગ અત્યારે જુદા હતા, પણ તેમના પ્રેમનો માર્ગ એકજ હતો. તે પ્રેમયજ્ઞની સમાપ્તિ આખરે કુશસ્થળી નગરીની રાજધાનીમાં થવાની છે. સુવેગરથનો દિવ્ય પ્રભાવ પોતાના મૂળ નાયકને મળવાથી વિશેષ પ્રદીપ્ત થયો. હવે તે રથ અને તેના નાયકનો ચરિતાનુયોગ કયાં થશે, અને તેમાં બીજો શો ચમત્કાર આવશે ? તે વાચકોને આગળ જણાશે.

પ્રકરણ ૬૧ મું.

સરસ્વતી.



ક સુંદર યક્ષ મંદિર આવેલું છે, મંદિરની શોભા વિમાનના જેવી છે, તેના મનોહર સ્તંભ ઉપર અદ્ભુત કારીગરી રચેલી છે, પ્રત્યેક સ્તંભ ઉપર નમુનાદાર પુતળીઓ ગોઠવેલી છે, મંદિરના મધ્ય ભાગે ઉંચો અને મોટા ઘેરાવવાળો ઘુમટ આવેલો છે, ઘુમટની ચારે બાજુ જુદાં જુદાં ચમત્કારી ચિત્રો ચિતરેલાં છે, કોઇ દેવતાનાં, કોઇ દેવીઓનાં, કોઇ રાજાઓના, કોઇ શૂરવીરોનાં, અને કોઇ શાસન દેવતાઓનાં છે, પ્રત્યેક ચિત્રો જાણે પ્રત્યક્ષ રૂપે હોય, તેવાં દેખાય છે.

આવા સુંદર મંદિરમાં એક રાજકન્યા બે સખીઓની સાથે ફરે છે. રાત્રિનો સમય છે, મંદિરમાં જડેલાં રત્નોના પ્રકાશથી અંધકાર દૂર થઇ ગયું છે, તેમાં વળી આ રાજકન્યાના તેજથી અને તેનાં રત્નમય આભૂષણોથી એ પ્રકાશમાં વધારો થાય છે તે વખતે બાળાએ ફરતી ફરતી મંદિરના એક ભાગમાં આવી, ત્યાં એક તરુણ પુરુષ સુતેલો જોવામાં આવ્યો. તેની આકૃતિ મોહક હતી, તથાપિ રાત્રિના ઝાંખા પ્રકાશથી તે સ્નેહએ તેવી દેખાતી નહતી. નિદ્રાએ તેના મનોબળને મૂઢ બનાવી દીધું હતું, તેની બધી શારીરિક

દેહાએ શાંત પડી ગઈ હતી, નિદ્રાની મહા શક્તિએ તેને નિશ્ચેષ્ટ અને મત્ત કરી દીધો હતો, રતિનો સમય અને મંદિર એકાંત હતું, તથાપિ તે નિર્ભયપણે નિદ્રાનો સ્વાદ લેતો હતો.

ત્યાં ફરતી તે ત્રણે બાળાઓમાં એક મુખ્ય હતી, અને બીજી બે તેની આશ્રિત સખીઓ હતી, બીજી બે તેની આશ્રિત છતાં તે મુખ્ય નાયિકાની સમાનતાને ધારણ કરતી હતી. મુખ્ય નાયિકા તેઓનું માન રાખતી, અને રૂપે હાસ્યે તેઓની તરફ પ્રેમદૃષ્ટિએ જોતી હતી.

તે સૂતેલા પુરુષને જોતાંજ મુખ્ય નાયિકાને સભ્રમ થઈ ગયો. પોતાની મનોર- ...તની ધારણા સફળ થતાં તેણી અત્યંત આનંદ પામી ગઈ. તત્કાળ તેણીએ પોતાની ...ને સખીઓને કહ્યું, સખીઓ ! વનની વાણી સફળ થઈ. જેને મારે વશ હૃદયે પ્રેરણા ...રી આપણને અહીં મોકલ્યાં, તેજ આ વીર પુરુષ છે. સખીઓ ! આ સૂતેલા વીર પુર- ...ને જગાડવો જોઈએ; જરૂર તેજ પુરુષ છે. સખીઓ બોલી, પ્રિય સખી ! તમારૂં કહેવું ...ર્થ છે, તમારા મનની ઇચ્છા પૂર્ણ કરનાર અને તમારા મનોરથને સફળ કરનાર, આ ...ર નરજ છે. સખી ! હવે તેને જગાડો, અને તમારૂં સુંદર દર્શન કરાવો. હજુ તે ગાઢ ...માં તલ્લીન છે. આ મહાશયનાં સત્કર્મનો પડદો જ્યાં સુધી પડ્યો નથી, ત્યાં સુધી તે ...ન રૂપ નિદ્રા સુખને અનુભવે છે. તેને ખબર નથી કે, મારે માટે એક સુંદર ...કુમારી વરવાને તૈયાર થઈ ઉભી છે. ભાગ્યના ઉંચા શિખર ઉપર મારે હમણાંજ ચ- ...છે, મારે પૂર્વ કર્મનો મહા રસ અનુભવવાનો સમય નજીક આવ્યો છે, અને મારી ...સ્ય નવયૌવન થઈ મધુર રસ આપવાને ઉન્મુખ થઈ રહી છે.

સખીઓનાં આવાં વચન સાંભળી રાજબાળા બોલી, પ્રાણનાથ ! જાગ્રત થાઓ. ...જપુત્ર! પોતાની કુળદેવીની પૂજા કરી, આપની પૂજા કરવાને તૈયાર થઈ ઉભી છે. ...દાંપત્યને ભોગવવાનો મહા માર્ગ એ કુળદેવીએ મને દર્શાવ્યો છે. તે માર્ગને અનુ- ...હું આપની સન્મુખ આવી ઉભી છું. પ્રાણેશ ! જાગ્રત થાઓ, આપની પહેલાં ...તમારાં સદ્ભાગ્ય જાગ્રત થઈ ગયાં છે. આવા રાજબાળાના શબ્દો તે રાજપુ- ...માર્ગમાં થઈ અંતરમાં પેઠા. તરતજ નિદ્રાનો મહા વેગ પવનથી વાદળની ...જ જવા લાગ્યો, મેઘ અને આદિત્ય વચ્ચે યુદ્ધ ચાલ્યું; આદિત્યે જોર કરી ...ને દબાવી દીધી. તે પુરુષ તરતજ જાગ્રત થઈ બેઠો થયો. આગળ અવલોકન ...ગી અને તેની બે સખીઓ દૃષ્ટિએ પડી.

...નાર ! આટલા પ્રસંગને લઈ તમે આ જાગેલા પુરુષને ઓળખી લીધો હશે. ...રો ઘણો પરિચિત છે, તેના ઉર્જિત ભરેલાં ચરિત્રો તમે પ્રથમથીજ વાંચતા ...એટલે તે પુરુષ. ધ્યાનનું પ્રતિબિંબ તમારા હૃદય દર્પણમાં પડી ગયું હશે. ...સુંદરીઓ છે, તેઓને તમે ઓળખી શકશો નહીં. કારણ કે, તેઓ તમારી

પરિચિત નથી. તેમનાં ચરિત્રનું, કે તેમની ઉત્પત્તિ તથા આ પ્રકૃતિનું તમને બીલકુલ જ્ઞાન નથી, ચાલો હવે તમને એ બધાં પાત્રો ઓળખાવીએ. આ યક્ષ મંદિરમાં સૂતેલો પુરૂષ તે આપણો ધર્મિક નામક શ્રીચંદ્ર છે, તે આ યક્ષ મંદિરમાં આવી સૂતો છે. આ યક્ષ મંદિર કુંડલપુરના ઉદ્યાનમાં આવેલું છે. રાજકુમાર શ્રીચંદ્ર સુવેગ રથ તથા કુંજર સારથિને સાથે લઇ કુંડલપુર આવ્યો હતો. પોતાનો કાફલો બાજે રથને રાખી, તે કુંડલપુર જોવાને ગયો હતો. સંધ્યાકાળ થયો, એટલે સાંગી પાછો ફરી તે આ યક્ષ મંદિરમાં આવી સૂતો હતો. આ વખતે કુંડલપુરની રાજકુમારી સરસ્વતી પોતાની બે સખીઓની સાથે અહીં આવી છે. તે બંને સખીઓનાં નામ સુનાસિકા અને શુકપિંજી છે. આ વીર પુરૂષને સૂતો જોઇ, તેઓ આશ્ચર્ય પામી જાય છે, અને જે જાગ્રત કરવાનો પ્રયત્ન કરે છે.

કર્મની ગતિ કેવી વિચિત્ર છે ! સુકૃતની પ્રબળતા કેવી અદ્ભુત છે ! પુરૂષ ગમે ત્યાં ગયો હોય, અને ગમે ત્યાં છુપી રીતે રહ્યો હોય, પણ સુકૃતની શ્રેણી નૃત્ય કરતી કરતી શુભ ફળ લઇને તેની પાસે આવે છે. સાહિત્યકાર તેને માટે નીચેનું પદ્ય લખે છે.—

यद्यपि कृतसुकृतलवः प्रयाति गिरिकंदरांतरेषु नरः ।
करकलितदीपकलिका विलोक्य लक्ष्मीस्तमनु याति ॥ १ ॥

ભાવાર્થ—એક થોડું સુકૃત કરી પુરૂષ પર્વતની ગુફામાં ચાલ્યો જાય, તથાપિ હાથમાં દીપકની દીવી લઇને તેને જોતી જોતી તેની પાછળ જાય છે. ૧

ત [illegible] પોતાના ગ્રંથમાં તેને મળતું નીચે પ્રમાણે [illegible]

જેહુને સાથે સુકૃત છે, તે જાઓ ગિરિમાં જાય,
કરતલ દિપકની પરે, લક્ષ્મી હોય સહાય.

[illegible] રાજકુમાર [illegible] બેઠો, [illegible] ' તમે કોણ છો ? [illegible] આવ્યા છો ? તમારી અદ્ભુત શક્તિ જણાય છે, [illegible] ન થાય ? આ વખતે તમે અહીં [illegible], તેનું શું પ્રયોજન છે ? [illegible] અંત કરવાનું કારણ શું છે ? [illegible] છે કે નહીં ? રાજકુમાર શ્રીચંદ્રની [illegible] —મહાશય ! આ [illegible] કરે છે. [illegible] રાખી છે. [illegible] છે. એક વખતે [illegible] બેઠી હતી. [illegible] બનાવ્યું [illegible] છે. આ [illegible] માટે [illegible]

કેમ વીર માનવ જનને [illegible] હોય. [illegible] આ પ્રમાણે મનમાં કહેતો હતો, [illegible] બાયક નીચે પ્રમાણે બોલી ઉઠ્યો—

" રત્નગઢપુરનો રાજકુમાર મણિચંદ છે, ને દાતા, ભોક્તા, સાહસી અને [illegible] મણિરત્નનો આકર છે, ને મહાવીર [illegible] રીસાઇને બહાર ચાલ્યો ગયો છે. "

બાલકના આ શબ્દો કવિરાજે સાંભળ્યા, [illegible] પોતાને [illegible] અનુકૂળ હતી, તથાપિ તે મૌન ધરીને બેસી રહ્યો.

એક દિવસે રાજકન્યાને સ્વપ્નમાં આવી એમ કહ્યું કે, રાજકુમારી! ચિંતા કરો નહીં, આજથી [illegible] દિવસે હું તને મનોવાંછિત વરની સાથે મેળાવીશ. [illegible] વચનથી રાજકન્યા ઘણી ખુશી થઈ, ને તે [illegible] તેમને જણાવી. આ અરસામાં એવું બન્યું કે, નગરમાં શ્રીદત્ત નામે મંત્રીનો પુત્ર [illegible] હતો, ને રાજકુમારીના [illegible] તેણીની ઉપર [illegible] હતો, [illegible] અનેક ઉપાયો કરતા [illegible] મંત્રીના કહેવાથી અરિમર્દન રાજાના મનમાં પણ એમ થયું કે, આ રાજકન્યા મંત્રીપુત્ર શ્રીદત્તને આપવી. આ ખબર [illegible] ને [illegible] અને [illegible] પ્રમાણે [illegible] [illegible] રાજપુત્ર [illegible] આ ખબર [illegible] [illegible]

[illegible]

પ્રિયાનાં આવાં વચન સાંભળી શુરવીર શ્રીચંદ્ર બોલ્યો—પ્રાણેશ્વરી ! તમારૂં કહેવું યથાર્થ છે. હું સારી રીતે સમજું છું કે, હવે અહીં રહેવું સહીસલામત નથી; પણ આવા અંધકારમાં શી રીતે જવું ? વળી સાંઢણીને હાંકવાનું કામ પણ હું જાણતો નથી. સાંઢણને હંકારવી અને બેસાડવી, એજ ખરેખર જાણવાનું છે; તેથી હવે પ્રભાતકાળ થાય, ત્યાં સુધી અહીંજ રહેવું પડશે, જે થવાનું હોય તે થાય. પ્રાણીને શુભાશુભ કર્મ, ફળ આપ્યા વિના રહેતાં નથી. પ્રિયા ! કોઇ જાતની ચિંતા કરશો નહીં, પુણ્યનો પ્રભાવ મોટો છે. જો પુણ્ય પ્રબળ હોય, તો ચક્રવર્ત્તી રાજા પણ પરાભવ પામી જાય છે, અને અસહાય અને એકાકિ માણસ વિજય મેળવે છે. અત્યારે આપણને પુણ્યની સહાય છે. પંચપરમેષ્ઠીનું સ્મરણ કરો, નવકાર મંત્રની નિર્મળતાને પ્રકાશ કરનાર અર્હંત પ્રભુનું શરણ લ્યો. પ્રિયનાં આવાં વીરત્વ ભરેલાં અને પુણ્યની પ્રગટ શ્રદ્ધાનાં વચન સાંભળી રાજકુમારીને ધીરજ આવી; પછી તે મહાનુભાવાએ રત્નદીપક લઇ પોતાના પતિના મુખને બરાબર અવલોક્યું. મુખના નિરીક્ષણથી તેના હૃદયમાં વિશેષ સંતોષ થયો. ચંદ્રના જેવું લલાટ, કમળનાં જેવા નેત્ર અને મુખાકૃતિનું લાલિત્ય જોઇ, સરસ્વતી સાનંદા થઇ ગઇ. પોતાના સૌંદર્યને અને સૌભાગ્યને તે સાર્થક થયેલું સમજવા લાગી. ક્ષણવાર પછી સરસ્વતીએ કહ્યું, પ્રાણેશ ! વક્ષનાં વચનથી આપના સ્વરૂપને મેં જાણેલું તો છે, તથાપિ પુનઃ વિશેષ સંતોષ પ્રાપ્ત કરવાને પુછવાની ઇચ્છા થાય છે. પ્રાણેશ ! કહો, આપ કોણ છો ? અને ક્યાંથી આવો છો ? શ્રીચંદ્ર હાસ્ય કરી બોલ્યો—પ્રિયા ! વિવાહથી હૃદયને અર્પણ કરી, પછી પૂછવું, તે અનુચિત છે. ચતુર માણસ પૂછવા [illegible] અર્થે છે, અને સબંધ જોડે છે. સરસ્વતીએ ઇનેજારીથી જણાવ્યું, પ્રાણ [illegible] અનંદની ખાતરજ પુછ્યું છે, તમારે માટે મારૂં મન નિશ્ચક છે, તમારા હૃદયથી [illegible] નાગી સર્વ જાતની પરીક્ષા કરી છે. નિર્મળતા જોઇનેજ મેં તમને મારા મનોમંદિરમાં સ્થાપ્યા છે. હવે ઇચ્છામાં આવે તો જણાવો, નહીં તો મારે કાંઇ જાણવાની જરૂર નથી.

સરસ્વતીનાં આવાં સાપેક્ષ વચન સાંભળી શ્રીચંદ્ર હસતો હસતો બોલ્યો—સરલે ! શાંત થાઓ. તમારા પવિત્ર પ્રેમની પરીક્ષા સારી રીતે થઇ છે, હૃદય ઉપરનું અંધકાર દૂર થઇ ગયું છે, મારા હૃદયપર તમારા પ્રેમને પ્રકાશે સારૂં અજવાળું પાડયું છે. મારો વૃત્તાંત સાંભળો. હું જાતે ક્ષત્રિય છું, મારૂં નામ શ્રીચંદ્ર છે, કુશસ્થળી નગરીમાંથી મુસાફર થઇ અહીં આવ્યો છું. વિદેશનાં અનેક કૌતુક જોવાનો લાભ સંપાદન કરવાની ઇચ્છાએ હમેશાં હું વિચરૂં છું. આ સાંભળી સરસ્વતીના આનંદમાં વધારો થઇ ગયો. પોતાને મનોવાંછિત પતિ મળવાથી આ જીવનને કૃતાર્થ માનવા લાગી, તેમજ હૃદયમાં ઉંડી રીતે પોતાના આ ગુપ્ત વિવાહના વિજયની આશા રાખવા લાગી. પછી સરસ્વતીએ અંજલી જોડી કહ્યું, પ્રાણેશ ! મારા આનંદમાં મોટો વધારો થયો છે. આનંદનાં તેજસ્વી કીરણો મારા હૃદયાંધકારને દૂર કરે છે, તથાપિ તે અંધકારનો સમૂળગો નાશ થતો નથી. હૃદયના એક પ્રદેશમાં અંધકારની મલિન છાયા રહે છે. શ્રીચંદ્રે ઇંતેજારીથી પુછ્યું, પ્રાણેશ્વરી ! તે શું ? મને સ્ફુટ કરી સમજાવો. પ્રકાશની અંદર થોડો પણ અંધકાર ન રહેવો જોઇએ.

[illegible] ને વચન [illegible] દેવુ સહિત [illegible] છે. [illegible] પુનઃ [illegible] જેવા [illegible] પ્રાણથી ને [illegible] રહે, એ [illegible] છે. [illegible] આપની [illegible] મારે મુખે [illegible]ની છે, એમ [illegible] છે. સ્વામી ! એ [illegible] તે [illegible] છે. હવે [illegible] ચિત્ત [illegible] તમારે [illegible] અને તમે [illegible] ચિંતા [illegible] કરી [illegible] ! આ [illegible] છે. સ્વામીનાથ ! તમારા [illegible] એ [illegible] કરી દીધે [illegible] કહ્યું. "[illegible]" [illegible] તમારા [illegible] લાગ્યો. શોકે તે [illegible] છે. અને હું પણ [illegible] છું. તેમાં [illegible] છે ! જે [illegible] કરી તે [illegible] અને તે મને [illegible] નથી. [illegible] છે. [illegible] વચન [illegible] રહેલ. પતિના [illegible]

[illegible] એ [illegible] જોઈ [illegible] તે [illegible]

આ વર્તાંત જાણી રાજા અરિમર્દન મોટું સૈન્ય લઇ ચડી આવ્યો. પોતાના પિતાને આવતા જોઇ સરસ્વતીએ શ્રીચંદ્રને કહ્યું, પ્રાણેશ ! હવે મારા પિતા જાતે આવે છે, તેમની સાથે મોટી સેના છે, આવી મહાન્ સેના લઇ આવેલા મારા પિતાને આપ શીરીતે જીતી શકશો ? શ્રીચંદ્ર બોલ્યો—પ્રિયા ! ચિંતા કરો નહીં, પુણ્યની પ્રબળતા હશે, તો તમારા પિતાને પણ ક્ષણમાં જીતી લઇશ. આ પ્રમાણે કહી શ્રીચંદ્રે પોતાના નામની રત્નમુદ્રિકા સરસ્વતીને આપી, અને પોતાની સર્વ જાતની ઓળખાણ કરાવી. પછી પોતે એક અંજન ગુટીકાના પ્રયોગથી સરસ્વતીને વાનરી બનાવી દીધી. તે ચપળ વાનરી શ્રીચંદ્રની સામે જોતી જોતી ઉભી રહી. તેની સખીઓ તે જોઇ આશ્ચર્ય પામી ગઇ. ક્ષણમાત્રમાં રાજા અરિમર્દને યક્ષ મંદિરને ઘેરી લીધું, અને શ્રીચંદ્રને પકડવાને પોતે ગજેંદ્ર ઉપર બેસી નજીક આવ્યો. શુરવીર શ્રીચંદ્ર રાજાને ગજેંદ્ર ઉપર આવતો જોઇ, તરતજ પરાક્રમ દર્શાવવા કુદી પડયો, અને અતિ જોરથી રાજાને ખેંચી ગજેંદ્ર ઉપરથી પાડી નાખ્યો. તે પછી રાજાને બાંધીને બધીવાન કરી દીધો. આ વખતે રાજાના સૈનિકોએ કોલાહલ કરી મુકયો, અને રાજકુમારનું અતુલ પરાક્રમ જોઇ સર્વે ચકિત થઇ ગયા.

આવું મહા પરાક્રમ દર્શાવી શ્રીચંદ્ર રણભૂમિમાંથી પસાર થઇ ગયો. તે કયાં ગયો ? અને શી રીતે ગયો ? એ કોઇના પણ જાણવામાં આવ્યું નહીં. શીયાળનાં ટોળાંમાંથી જેમ કેશરીસિંહ ચાલ્યો જાય, તેમ તે ધીરવીર મહા પુરૂષ સૈનિકોના સમૂહમાંથી ચાલ્યો ગયો. પછી મંત્રી વિગેરે બંધનમાં પડેલા રાજાની પાસે આવ્યા. મંત્રીએ પોતાના મહારાજાને બંધનમાંથી મુક્ત કર્યો, અને કોમળ વચનોથી તેના ઉશ્કેરાયેલા હૃદયને શાંત કર્યું. શાંત થયેલો રાજા યક્ષમંદિરમાં પોતાની પુત્રીને મળવા અને શોધવા જતો હતો, ત્યાં એક ચારણના મુખથી નીચેની કવિતા સાંભળવામાં આવી.

गाहामांहे गुण कहे, जेहना सत्य चरित्र ।
गुणीना गुण पढता थका, रसना होय पवित्र ॥ १ ॥

चोरगिहाओ जेणं बंभविया बालपुत्त विरहहया ।
वहिया नियपियरहिया सो धीरो जयउसिरिचंदो ॥ २ ॥

कुंडलपुरस्स रज्जं चंदमुहारायकन्नि परिणयणं ।
जवखत्तयणओ विहिय चंदपुरं वासियं जेण ॥ ३ ॥

सो कुंडलपुरअहिवइ, सिरिचंदो जयउ पयावसिहसूओ ।
संफुसइ जस्स तइया, जरुखो भत्तीइ पायतले ॥ ४ ॥

જેનાં સત્ય ચરિત્રના ગુણ ગાથામાં કહેવામાં આવે છે, તેવા ગુણી પુરૂષના

ક્ષણ કહેવાથી રચના [ઉઝ] પવિત્ર થાય છે, બાળ પુત્રના વિરહથી દુઃખી અને પોતાના પતિથી રહિત એવી સ્ત્રીને જેણે ચોરના ઘરમાંથી મુક્ત કરી હતી, એવા શ્રીચંદ્રકુમાર જય પામો. જેણે કુંડલપુરનું રાજ્ય તથા ચંદ્રમુખી રાજકન્યાનું પાણિગ્રહણ કર્યું, અને વચનથી ચંદ્રપુર નગર વસાવ્યું, તે કુંડલપુરના અધિપતિ અને પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રીચંદ્ર જય પામો. વસુ પણ ભક્તિથી જેનાં ચરણ તળનો સ્પર્શ કરે છે, તે શ્રીચંદ્ર જય પામો.

બાળકની આ કવિતા સાંભળી, રાજા અરિમર્દનને શ્રીચંદ્રનું સ્મરણ થઇ આવ્યું. પોતાના સર્વ સૈન્યને પરાભવ કરનાર, અને પોતાનો બાંધ કરી ગર્વ ઉતારનાર, તે કુંવર રાજપુત્ર શ્રીચંદ્ર હતો, આ વાત જાણી તેના હૃદયમાં હર્ષનો ઉભરો આવી ગયો. તત્કાળ તેણે પોતાના યોદ્ધાઓને આજ્ઞા કરી કે, મને બાંધનાર અને આપણો પરાભવ કરનાર તે વીરકુમાર ક્યાં છે? તેને અહીં લાવો. મેં અજ્ઞાનતાથી મોટી ભૂલ કરી કે, જેની સામે હું યુદ્ધ કરવાને ચડી આવ્યો. જો એ વીરનરે રાજપુત્રીનું હરણ કર્યું હોય, તો મારું જીવન કૃતાર્થ થયું છે. મારી રાજકન્યાના ભાગ્યનો મહાન્ ઉદય થયો છે. શ્રીચંદ્ર જેવા દિવ્ય પુરુષને સ્વયંવરણ કરનારી સુંદરીઓના જીવનની સાર્થકતા સંપૂર્ણ રીતે થાય છે. વીર યોદ્ધાઓ! સત્વર જાઓ એ મહાવીરને અહીં લાવો. એ મહાશયનાં પવિત્ર દર્શન મને કરાવો.

રાજાનાં આવાં વચન સાંભળી, સર્વ યોદ્ધાઓ તેને શોધવાને ચારે તરફ દોડાદોડ કરવા લાગ્યા, પણ કોઇ ઠેકાણે શ્રીચંદ્ર જોવામાં આવ્યો નહીં. છેવટે તેઓએ પાછા વળી રાજાને જણાવ્યું કે, સ્વામી! રાજકુમાર કોઇ સ્થળે નથી. ક્ષણ માત્રમાં તેઓ ક્યાં ચાલ્યા ગયા? તે જાણવામાં આવતું નથી. આ સાંભળી જેના મુખ ઉપર ગ્લાનિ થયેલી છે, એવો અરિમર્દન રાજા વસ્ત્રમંદિરમાં પોતાની પુત્રીને મળવા આવ્યો. ત્યાં રાજકુમારી જોવામાં આવી નહીં, પણ એક વાનરી જોવામાં આવી. પોતાના ચપળ સ્વભાવને દૂર કરી, વાનરી રાજાની પાસે ઉભી રહી, અને નયનમાંથી અશ્રુધારા વર્ષાવવા લાગી. રાજા હૃદયમાં આશ્ચર્ય પામી ગયો. તેણે સુવર્ણમિત્રને પુછ્યું, આ વાનરી ક્યાંથી? અને રાજકુમારી ક્યાં છે? સુવર્ણમિત્રએ બધો વૃતાંત કહી સંભળાવ્યો, તે સાંભળી રાજા ધીરજ ધરીને બોલ્યો—વત્સે! ચિંતા કરીશ નહીં, તારા પ્રેમ થયેલા પતિને શોધી લાવીશ, અને તને સુખી કરીશ. પછી રાજા વાનરીરૂપ સરસ્વતીને પોતાના નગરમાં લાવ્યો, અને કુશસ્થલ નગરી તરફ શ્રીચંદ્રનો શોધ કરવા માટે અનેક સુભટોને તૈયાર કરવા [illegible]એ.

આ વાર્તાનો પ્રચાર કુંડલપુરમાં થઇ રહ્યો. ઘેર ઘેર રાજકુમારી સરસ્વતી[illegible]થી વાર્તાનીજ ચર્ચા થવા લાગી. રાજકુમારીને વાનરીરૂપે રાજમહેલમાં રાખવામાં [illegible]. રાજા અરિમર્દન રાજકુમારીની જેમ તેની ઉપર વાત્સલ્ય ભાવ રાખતો હતો.

કોઇ વાર સરસ્વતી તિર્યંચ ભાવને પામી પોતાનાં કર્મને હૃદયમાં નિંદતી, પણ શ્રીચંદના પુનઃ સમાગમની આશા રાખી, દિવસ નિર્ગમન કરતી હતી.

કુંડલપુરની સર્વ પ્રજા રાજકુમારીનું વાનરીરૂપ જોઇ, કર્મના પ્રભાવ ઉપર વિશ્વાસ રાખી, આત્મસાધન કરવાને વિશેષ પ્રવૃત્ત થતી હતી. આ વાર્તાનો નાયક શ્રીચંદ્ર ક્યાંથી પ્રસાર થઇ ક્યાં ગયો ? અને તેના પુણ્યનો પ્રભાવ ક્યાં પ્રગટ થયો ? તે આપણે હવે જોઇએ.

પ્રકરણ ૬૨ મું.

કાષ્ટ ભક્ષણ.



સાયંકાળના સમયની તૈયારી હતી, ગગનમણિનો રથ અસ્તાચળના શિખર તરફ વળ્યો હતો, ચોવિહારના પ્રત્યાખ્યાન કરનાર ધાર્મિક જૈનો આહાર પાણી કરવાની તૈયારી કરતા હતા, જૈન ઉપાશ્રયોમાં આહાર પાણીના યોગને માટે યોજના થતી હતી, તપધારી પુરૂષો સાયંકાળના પ્રતિક્રમણની રાહ જોતા હતા, પ્રવૃત્તિ માર્ગમાં પડેલી સર્વ પ્રજા શાંતિ સુખનો સ્વાદ લેવાની તૈયારી કરતી હતી, સૂર્યનાં કિરણોએ પાથરેલી પ્રકાશિત જાજમ સંકેલાતી હતી, અને નિશારૂપ મલિન દાસી અંધકારની શ્યામ રંગની જાજમ પાથરવાની તૈયારી કરતી હતી.

આ સમયે એક તરૂણ બાળા કાષ્ટ ભક્ષણ કરવાની તૈયારી કરતી હતી, કેટલાંએક તેનાં સંબંધીઓ તેને તેવા કામમાંથી અટકાવવાનો પ્રયત્ન કરતાં હતાં. કોઇનાં નેત્રમાંથી અશ્રુધારા ચાલતી હતી, કોઇ ઉંચે સ્વરે રૂદન કરી, એ ચતુર તરૂણીને પ્રાર્થના કરતું હતું. એક તરફ એક સ્ત્રીની સાથે કોઇ તરૂણ પુરૂષને બાંધવામાં આવ્યો, લોકો અનેક જાતના તિરસ્કારના શબ્દોથી તેને તરછોડતા હતા, કોઇ ક્રૂર દ્રષ્ટિથી તેની સામે જોતા હતા, કોઇ તેને મહા શિક્ષા કરવાની સૂચના કરતા હતા, કોઇ હૃદયમાં દયા લાવી, તેને મારી નાંખવાની ભલામણ કરતા હતા, કોઇ પ્રચંડ શબ્દો ઉચ્ચારી તેને ઠપકો આપતા હતા, અને કોઇ તેની ધૂર્તતાને પ્રગટ કરવા તેનાં બીજા કપટોનો વૃત્તાંત જણાવતા હતા.

આ વખતે આ વાર્તાનો નાયક શ્રીચંદ પોતાના સુવેગ રથમાં બેસી તે માર્ગે પસાર થયો. તેની સાથે કુંજર સારથિ અને મદના નામે પોતાની સ્ત્રી રથમાં બેઠાં હતાં. આ સ્થળે ઉપરનો દેખાવ જોઇ તેઓ પૂર્ણ આશ્ચર્ય પામી ગયાં. તેમની મનોવૃત્તિમાં અનેક જાતનાં તર્કો થવા લાગ્યાં, તે વિષેની પ્રબળ જિજ્ઞાસા ઉત્પન્ન થઇ.

ચાકરાણીને પણ આ રીતે અચાનક મરણ થઈ ગયું હશે કે, ચંદ્રકાંત અહીં ક્યાંથી આવ્યો ! એની પાસે રકમ એટલી બધી ક્યાંથી છે ! અને આ રકમ શું છે ! આ બધું અત્યંત ગૂંચવણ ભરેલું કહેવાય છે. ડ્રેસિંગ રૂમના ખાનાંઓની ચૂંપો કાસટ્રોને જાણી હશે અને ચંદ્રકાંત પણ અહિંથી નીકળી, સમુદ્રમાં બન્ને પ્રકારે ગયો હશે. આ પ્રમાણે કઠિન પ્રશ્ન શું હશે તે ખબર ન પડી, તે પ્રશ્ન રાખી એની ખાતર ખાસ હશે. ચંદ્રકાંત અહીં ક્યાંથી આવ્યો, ત્યાં વિચાર કરતાં હતાં. ચંદ્રકાંત અને કુંવર પ્રતાપ સિંહ હાલમાં એક બંગલાની રાત ગાળતા હતા. એક વખતે બંગલામાં રહીને ચંદ્રકાંત અને કુંવર વિચાર કરતા હતા. આ પ્રસંગે મિત્ર દેખાવ આનંદકારક બન્યો. ખાનગી રીતે ચારે તરફ સુંદર રસ્તા થઈ ગયો, અને આંખો આગળ નાટક પણ જોવા-માં આવતું હતું.

આ ખબર સાંભળતાંજ ચંદ્રકાંત હાલમાં તે સ્વરૂપનું કૈંક પ્રેમ થયું. ઘણ-ખરા તે પ્રેમને દૂરથી જાણવા માટે, કેટલાક દિવસ એક પડદું મકાન જોવામાં આવ્યું. મકાનનું દ્વાર ખોલે છે, મગર દરબારની હાલતો જાણ કેમ રહે, તેણે કેટલાક વિચારથી લીધું. તો ખાનગીથી જોવામાં આવી, તેણીની સાથે આવ્યા હતા. તેઓને માન તથા, ગુલાબ, હાર, અને ચાની વાતમાં આવતી હતી, પણ ચંદ્રકાંત હવે તેની સાથે રાત ગાળવા દરબાર તથા નિયમો શીખવતી હતી. માતાને એકાંત ચંદ્રકાંત પુછી ઘણે વખતે, પ્રેમની મિત્ર માતાને જોઈ તેના હાથમાં મહિના આવ્યો. પ્રેમ કરો ભલા ! શેઠ ભલી મિત્ર માતા ! પૂરી રીતે કુશળી છે કે કેમ માતા ! હવે આ માતા અને ચંદ્ર કન્યાનો કેમ નથી છે ! તે ખાસ જાણવું જોઈએ. આવો વિચાર કરી ચંદ્રકાંત ખાસ પૂછીશ ત્યાં તેણીની પરણ જોવા તૈયાર થયો. પ્રભાતે તે કન્યા સંદિર માતા લઈને નીકળી, એક પલંગ પરથી ઉતાર્યા બાદ, ચંદ્રકાંત પણ તેણીની પાછળ ગયો. રસ્તામાં અદ્દભુતતાની ભારે અસરો થતી હતી, તેની અંદર આવેલા એક મહેલમાં પ્રવેશ કરી માતાનું થાય ભાવ કરાવ્યું. એટલે તે વખતે માતા બોલી—પ્રિય બાળકો ! આજે હુકમ કેમ થયો છે કે મારો જાન જાય છે, ત્યારે પ્રિય પતિએ તેમ કહે જોઈએ તે વખતે તેણી કલ્યાણ માગતી લાગીએ કહ્યું. પ્રિય બહેન ! મારો પણ જાન જાય છે, અને પણ હુકમ કર ખરું જોઈએ. જે દિવસથી તમે અહીં આવ્યા, ત્યારથી હું આનંદ તજ કરું છું, આનંદનું તજ કરી પણ નિવારણ થતું નથી.

આ વખતે એક ચંદ્ર ઉગ્યો આવી, તેણે કહ્યું. પ્રિય બહેન ! તમને અને બીજી બહેનોને માતા દરરોજ મળવાને બોલાવે છે. તે સાંભળી માતા બોલી—બહેનો ! તમે ત્યાંજ જવાને જાઓ, મને બોલાવા કરવાની ઇચ્છા નથી.

આ પ્રમાણે માતા દરરોજને આવ્યા એટલે તે પેટાળી આગળ આવી, અને બોલી—પુત્ર જલદી ચાલ, હા હવે નથી આવતી ! તારા વિના હું જવાની નહીં.

મદના બોલી—માતા મને ચેન પડતું નથી, તેથી હું જમવા આવીશ નહીં. રત્નવેગા બોલી—બેહા ! શા માટે અફસોસ કરે છે ? તારાથી હું વધારે દુઃખી છું. વિદ્યા સાધવાને ગયેલા મારા પતિને કોઇએ મૃત્યુ પમાડ્યા છે, તેથી કરીને મારે સ્થાન ભ્રષ્ટ થવું પડ્યું છે. હું જાણુ છું કે. તું પણ તેવીજ રીતે દુઃખી છું, તારા દુઃખનો છેડો થોડાજ દિવસમાં આવશે. તે વિશેની ચિંતા કરીશ નહીં. ચાલ બેઠી થા, ભોજન કરી લે. તું ભોજન કરીશ નહીં, તો બીજાં કોઇ ભોજન કરશે નહીં. તારે બીજાને અંતરાય કરવો ન જોઇએ. આવાં તેનાં વચન સાંભળી અદૃશ્ય રહેલા શ્રીચંદ્રે વિચાર્યું કે, જગલમાં વિદ્યા સાધતાં જે વિદ્યાધરને મેં મારી નાખ્યો, તેજ વિદ્યાધરની આ સ્ત્રી લાગે છે. તેણીની મદનાની ઉપર પ્રીતિ છે, અને તેને લઇને મારી ઉપર પણ પ્રીતિ લાગે છે. તેથી આ સ્થળે પ્રગટ થવામાં કાંઇ હરકત નથી. પછી શ્રીચંદ્ર અદૃશ્યરૂપે બહાર ગયો, પછી પોતાનું રૂપ પ્રગટ કરી, તે મેહેલના દ્વાર આગળ આવ્યો. પોતાના નામની મુદ્રા આપી, દ્વારપાળને અંદર મોકલ્યો. દ્વારપાળે તે મુદ્રિકા સુવેગાને આપી. તે જોતાંજ સુવેગા સામી આવી, અને પ્રેમથી પૂર્ણ થઇ શ્રીચંદ્રને મેહેલ ઉપર લઇ ગઇ. મદનાએ પણ પોતાના પતિને ઓળખી લીધો. તેણીના હૃદયમાંથી પ્રેમામૃતની ધારાઓ છુટવા લાગી. મદનાએ પોતાની સખીઓને શ્રીચંદ્ર ઓળખાવ્યો. આ વધામણી રત્નવેગાની પાસે આવી, એટલે તે પણ ખુશી થઇ. સર્વ સુંદરીઓમાં રહેલો શ્રીચંદ્ર તારાઓમાં જેમ ચંદ્ર શોભે તેમ શોભવા લાગ્યો. રત્નવેગાની સંમતિથી મદનાની બીજી સખીઓએ શ્રીચંદ્રના કંઠમાં વરમાળા આરોપણ કરી. શ્રીચદ્રે તેઓને પ્રેમદૃષ્ટિથી અવલોકન કરી તેમનો સ્વીકાર કર્યો. સર્વનાં હૃદય આનંદમય થઇ ગયાં. સુંદરીઓના સંપાદનથી સન્તુષ્ટ થયેલા શ્રીચદ્રે સુંદર સ્વરથી જણાવ્યું—માતા ! તમારો આભાર માનુ છું. મને જાણવાની ઇચ્છા થાય છે કે.તમે અહીં આવા સ્થળમા ક્યાંથી આવી ચડ્યા ? આવા ભૂમિગૃહમા રહેવાની શી જરૂર પડી ! જો કહી શકાય તેવું હોય તો, મારા જેવા જિજ્ઞાસુની જિજ્ઞાસા તૃપ્ત કરો. શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી વિદ્યાધરી રત્નવેગાએ નીચે પ્રમાણે પોતાનો વૃત્તાંત કહ્યો—

વૈતાઢ્ય પર્વત ઉપર મણિભુવણ નામે એક નગર છે, ત્યા રત્નચૂડ નામે વિદ્યાધર રાજા છે. અને તેને મણિચૂડ નામે યુવરાજ છે. રત્નવેગા તથા મહાવેગા નામે અમો બે તે રત્નચૂડ રાજાની સ્ત્રીઓ છીએ, તેને રત્નચૂડ અને મણિચૂડ નામે બે પુત્ર તથા ચાર પુત્રીઓ છે. અમારા ગોત્રના એક સુગ્રીવ નામના વિદ્યાધરે કપટથી અમારું રાજ્ય છીની લીધું, અને અમોને બાહેર કાઢી મુક્યા, અને તે દુષ્ટે અમારા કુટુંબનું સર્વસ્વ લઇ લીધું. પછી અમો તેના ભયથી અહીં પાતાળમાં આવી રહ્યા છીએ, પછી કેટલેક કાળે રત્નચૂડ પોતાના દેશને પાછો લેવા અટવીમા વિદ્યા સાધવા ગયેલ. ત્યા તેનું અચાનક મૃત્યુ થઇ ગયું. તેને કોણ મારી ગયુ ? તે અમારા જાણવામાં આવ્યુ નહીં. પોતાના પિતા રત્નચૂડના મરણથી દુઃખી થયેલો, તેનો પુત્ર રત્નધ્વજ તેના શત્રુની શોધ કરવાને વનમા ફરે છે, તે રત્નધ્વજ આ રત્નચૂડાનો મોટો ભાઇ થાય છે. એક વખતે તેના જાણવામાં આવ્યું કે, મદનાનો પતિ તેના પતિ રત્નચૂડનો મારનાર છે, તેથી તે મદનાને

[illegible]

અમને રહેવું નહિ ઘરે, આવીશું તમ સાથ;
પતિવ્રતાને પતિ વિના, અવર ન બેસી આથ. ૧

[illegible]

જીવન ધારણ કરી આ માનવ ભવને કૃતાર્થ કરવાની ઉત્તમ ધારણા આ મુસાફરના હૃદયમાં હમેશાં રહ્યા કરે છે, તેથી મારા વચન ઉપર વિશ્વાસ રાખજો.

શ્રીચંદનાં આવાં અસરકારક વચન સાંભળી વિદ્યાધરીએ તેને જવાની આજ્ઞા આપી. તરતજ મદનાને લઇ તે રાજપુત્ર ત્યાંથી ચાલી નીકળ્યો. તેની બીજી પ્રિયાએ આતુર હૃદયે તેના સામું જોઇ રહી, અને નયનમાંથી અશ્રુધારા વર્ષાવતી મદનાને કૃતાર્થ માનવા લાગી. શ્રીચંદ કનકપુરને ઉદ્દેશીને આગળ ચાલ્યો.

વીણારવની આવી ફરીયાદ સાંભળી રાજકુમારે તરત જિતશત્રુ રાજાને બોલાવ્યા. અને બીજા અધિકારીઓને પણ બોલાવ્યા. સર્વેની સમક્ષ રાજકુમારે જિતશત્રુ રાજાને ગુસ્સાથી કહ્યું, રાજન્ ! આ શો જુલમ ? તમારે શરમાવાનું છે. કપિલપુરની પ્રજા ઘણા વખત થયાં પોકાર કરે છે, તથાપિ કોઇ તેમની સંભાળ લેતું નથી, એ કેવી અનીતિ ! નરપતિ ! તમે રાજા નામ ધારણ કરી, તમારી પ્રતિષ્ઠાને ગુમાવી છે. પ્રજાનું રક્ષણ નહીં કરનારા નૃપતિઓ રાજા નથી, પણ રાજાનો વેષ પહેરનારા નટો છે. તમે રાજ્યસત્તા ધારણ કર્યા છતાં આખું શહેર હમેશાં લુંટાય, એ કેવી વાત ! આકાશ, પાતાળ, કે અંતરીક્ષમાં રહેલા તે દુષ્ટ ચોરોને શોધીને તમારે શિક્ષા કરવી જોઇએ. જેના રાજ્યમાં પ્રજા દુઃખી થાય, અને રાજા રાત્રે બેફિકર ઉંઘે, તે રાજા નરકના અધિકારી થાય છે.

રાજકુમાર અચ્યુતનાં આવાં વચન સાંભળી જિતશત્રુ રાજાને ઘણી શરમ આવી. તે ઘણી વાર નીચું જોઇને રહ્યા. પોતાના મનમાં એટલે સુધી થયું કે, જો ધરતી માર્ગ આપે, તો હું અહીંજ સમાઇ જાઉં. જિતશત્રુ રાજાના મુખ ઉપર આવી ગ્લાનિ જોઇ, રાજેન્દ્રે એક બીડું મંગાવ્યું, અને તે હાથમાં લઇ સર્વને જણાવ્યું કે, જે કોઇ તે ચોર પકડવાને માટે આ બીડું ગ્રહણ કરશે, તેને હું નગરશેઠની સાથે મોટું ઇનામ આપીશ. આ પ્રમાણે કહી, ઘણી વાર સુધી બીડું રાખ્યું, તથાપિ કોઇ બીડું લેવાને આવ્યું નહિ. ઘણી વાર થઇ, એટલે સભાજન બોલ્યા કે, મહારાજ ! આ પ્રમાણે ઘણી વાર બીડાં ફેરવામાં આવ્યા હતા, તથાપિ કોઇ પણ હજુ સુધી એ બીડાંનો ગ્રાહક થયો નથી. શા માટે આપ વિલંબ કરો છો ? એ ચમત્કારી ચોરની શોધ કરવાને કોઇ પણ પુરુષ સમર્થ થયો નથી. ઘણી વાર બીડાંને ગ્રહણ કરી, પ્રયત્ન કરનારાનો અંતે વિનાશ થયો છે. મહારાજ ! આ તે ચોરોએ આનંદ લૂંટી લીધો. રાજાનું રાજ્ય, લોકનું વિત્ત, ઘણાંનું જીવિત, અને સ્ત્રીઓનું અભિમાન એ દુષ્ટ ચોરોએ હરી લીધું છે.

સભાજનનાં આ વચન સાંભળી રાજકુમાર કેવળ દેવતાથી વિચારમાં પડ્યા હોય, તેમ દેખાવા લાગ્યા. તેમનો એ ચમત્કારી ચોરનો નિગ્રહ કરવાનો ઉત્સાહ વધતો ગયો. તેથી તેઓ પોતાના વિચારથી ચલિત થયા નહીં. ઘણી વાર સુધી સભામાં બેઠી

પેટનું જ્યારે સમાધાન થાય થશે, એટલે રાજમાતા સુરસુંદરીને ચિંતા થઈ કે, રાજકુમાર સદાયે સમાધાનથી કેમ આવ્યા નહીં હોય ? તે થોડુ ખમાસે તરતજ એક હલકે પત્રિકા લઈ મોકલ્યો, અને મુખેથી કહેવરાવ્યું કે, રાજકુમાર ! ઘણી વિલંબ થઈ ગયું છે. દેવ પૂજા અને ભોજનનો કાળ [illegible] થઈ ગયો છે. માટે ત્વરાથી પધારો. સર્વ રાજમંડળ ભોજનની રાહ જોઈ બેઠું છે. આપશ્રી જેને ઘેર બિરાજમાન થઈ આવ્યા છો, તેને આપણા તરફથી જરા પણ દુઃખ ન થવું જોઈએ. જેના જવાથી ગુણી હોય, અને તેનું ક્ષેમ કુશળ રહે, તેનું નામજ ઉત્તમ આતિથ્ય કહેવાય છે. આપણા નિમિત્તથી ભિન્નતું રાજના દરબારમાં નવું ભોજન મંડન ક્ષુધાથી પીડાય છે. ક્ષુધા કેવી ભયંકર છે, તે તમે જાણો છો, તે છતાં તેનું પુનઃ સ્મરણ આપવાને મોકલાવેલી પત્રિકાની અંદર જે સંસ્કૃત કવિતા છે, તેનું વાંચીને ભયભર મનન કરજો.

હવે આવી રાજમાતાની પત્રિકા કુમારના હાથમાં મુકી, અને ખમાસે જે સંદેશો કહ્યો હતો, તે બધે રાજકુમારના શ્રવણમાં સ્થાપિત કર્યો. પોતાની મમતાળુ માતાનો સંદેશો સાંભળી વિસ્મય હાસ્ય કરતાં કુમારે તે પત્રિકા ઉઘાડીને વાંચી. જેમાં નીચે પ્રમાણે સંસ્કૃત શ્લોક લખેલું હતું:—

या सद्गुणविनाशिनी धुनहरी पंचेंद्रियोत्कर्षिणी
चक्षुः श्रोत्रललाटदैन्यकरणी वैराग्य मुत्पादिनी ।
बंधूनां त्यजनी विदेशगमनी चारित्रविध्वंसिनी
सेयं व्याधि पंचभूतदमनी प्राणापहारा क्षुधा ॥ १ ॥

" જે સારા ગુણને નાશ કરનારી છે, સાંભળવાને દુખકરનારી છે, પાંચ ઇંદ્રિયોને પેદાનારી છે, નેત્ર, કર્ણ, અને લલાટને દીનતા આપનારી છે, વૈરાગ્યને ઉત્પન્ન કરનારી છે બંધુઓને ત્યાગ કરનારી છે, વિદેશમાં લઈ જનારી છે, ચારિત્રનો નાશ કરનારી છે, અને પંચ ભૂતને દમન કરનારી છે, તેવી તે પ્રાણહારિણી ક્ષુધા, વ્યાધિરૂપ પીડા કરે છે. "

આ પત્રિકા વાંચી રાજકુમાર વિસ્મયમાં પડ્યો, તરતજ તેમણે મંત્રીને ગોકલી મંત્રીને [illegible] કે, હે [illegible] ! આપ સૌ આ [illegible] જ્યાં સુધી નહીં, ત્યાં સુધી ચારે જમવાનો [illegible] છે, [illegible] [illegible] જમાડશે, ત્યારે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ને એ ખબર આપ્યા. તરતજ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જનકને આનંદ કર્યો. માત્ર પેટેજ "પુત્ર વિના [illegible] નહીં" એવો નિશ્ચય કરી રહ્યા.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] જોઈ તેમના વિવિધ ઉત્સવે નગરથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એ ચોરની ચોરી સમજાણી છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી, અને કરી શકે તેમ પણ નથી.

ગુણચંદનાં આવાં વચન સાંભળી રાજકુમાર તરતજ બેઠા થયા. સભા વિસર્જન કરી, મિત્રને સાથે લઈ અશ્વારૂઢ થઈ નગરની બાહેર ચાલ્યા. રાજકુમારે રાત્રે જે માર્ગ જોયો હતો, તેજ માર્ગે તેઓ આગળ ચાલ્યા. આગળ જતાં એક ઉદ્યાન આવ્યું. ઉદ્યાનની અંદર પ્રવેશ કરતાં મઠ જોવામાં આવ્યો, તે મઠની અંદર અનેક મુસાફરો આવી ઉતરતા હતા, તે મઠમાં જતાં ત્રણ યોગીઓ જોવામાં આવ્યા, તે યોગીઓ મુખમાં તાંબૂલ ચાવતા હતા, અને પરસ્પર વાર્તા કરતા હતા. તે યોગીઓને રાજપુત્રે પોતાની પાસે બોલાવ્યા. યોગીઓએ શાંત પ્રકૃતિથી કુમારને આશીર્વાદ આપ્યો. રાજકુમારે મંદહાસ્ય કરી તે યોગીઓને કહ્યું, ભદ્ર ! તમે ખરેખરા યોગી છો કે ભોગી ? યોગીઓ ચમકીને બોલ્યા—મહારાજ ! અમે યોગી છીએ, ભોગી તો આપજ કહેવાઓ. રાજા બોલ્યો—જો તમે ભોગી ન હો, અને યોગી ન હો, તો તાંબૂલના અલંકારથી અલંકૃત કેમ થયા છો ? રાજકુમારનાં આવાં વચન સાંભળી, તે કૃત્રિમ યોગીઓ શ્યામ મુખ થઈ ગયા. તરતજ રાજાએ તેમને ઓળખી લીધા. પછી તેમણે આજ્ઞા કરી કે, આ મઠમાં ઘણા મુસાફરો આવે છે, તેથી આ મઠને વિશાળ કરવાની જરૂર છે. પછી તરતજ ઘણા લોકોને નગરમાંથી બોલાવ્યા, અને મઠની આસપાસની ભૂમિને ખોદાવા માંડી, તે ખોદતાં એક શિલા જોવામાં આવી, અને તે શિલા નીચે મોટું ભૂમિગૃહ નીકળ્યું, તેની અંદર હીરા, રત્ન, મોતી અને કીંમતી દાગીનાઓ તથા સુંદર વસ્ત્રો જથ્થાબંધ નીકળવા માંડયાં. ત્યાં જિતશત્રુ, વીશ્વારવ, અને બીજા પ્રજાના આગેવાનોને બોલાવ્યા. તે કીંમતી માલના ઢગલા જોઈ, બધા આશ્ચર્ય પામી ગયા. ચોરીના માલનો પત્તો લાગવાથી નગરના લોકો આવીને એકઠા થઇ ગયા. રાજકુમારે આજ્ઞા કરી, એટલે વીશ્વારવ વિગેરે બધા લુંટાએલા લોકો પોતપોતાનો માલ ઓળખીને લઈ ગયા. નગરમાં ચોરાએલો માલ પાછો મળવાથી લોકોની અંદર આનંદોત્સવ થઈ રહ્યો. પછી તરતજ રાજકુમારે આજ્ઞા કરી, એટલે પહેલા ત્રણે યોગીઓને બાંધી લીધા. અનેક પ્રકારની શિક્ષા કરવામાં આવી, તથાપિ તેઓએ પોતાનો ગુન્હો કબુલ કર્યો નહીં. પછી મહાવીર રાજકુમારે તેમને ફાંસીની શિક્ષા ફરમાવી. જ્યારે ફાંસીને ભયંકર સ્થાને આવ્યા, એટલે દયાળુ મહારાજા શ્રીચંદ્ર તેમની પાસે ગયા, અને પુછ્યું, અરે દુષ્ટો ! તમે કોણ છો ? અને આ ચોરીનું કામ તમે કર્યું છે કે નહીં ? તે બધું સત્ય હોય તે કહો, નહીં તો તમને દેહાંત શિક્ષા કરવામાં આવશે.

લોહખુરે જણાવ્યું, રાજા ! અમો કાંઈ પણ જાણતા નથી, તમો દયાળુને જેમ યોગ્ય લાગે તેમ કરો. રાજકુમારે હસતાં હસતાં કહ્યું, અરે મૂર્ખ ! સાચેસાચું કહી દે, હું તને ઓળખું છું, તારૂં નામ લોહખુર છે. મેં તને મહેંદ્રપુરની સીમમાં જીવતો મુક્યો હતો, કેમ ભુલી જાય છે ? તું અવસ્વાપિની નિદ્રા જાણે છે, કેમ સાચી વાત છે કે ખોટી ? રાજકુમારનાં આ વચન સાંભળી તેઓ આશ્ચર્ય પામી ગયા; તરતજ તેમણે હૃદયમાં વિચાર્યું કે, આ ખરેખર શ્રીચંદ્ર રાજા છે, તેમણે આપણને ઓળખ્યા છે, હવે જે સાચું હોય, તે કહી દેવું જોઈએ. વળી માતા, પિતા, ગુરૂ, દેવ અને રાજાની આગળ હમેશાં સાચુંજ બોલવું, એ નીતિ છે. આવું વિચારી લોહખુર બોલ્યો—સ્વામી !

તમે કહો છો તે સત્ય છે. તમે પરોપકારી છો, તમારે આધારે પ્રાણ અર્પણ કરી હું સત્ય કહું છું. લોહજંઘના અમે ત્રણ પુત્રો છીએ, વજ્રપુર, લોહપુર, અને રત્નપુર એવાં અમારાં નામ છે, ડુંગરોલક પર્વતની પાસે આવેલા મહેંદ્રપુરના સીમાડામાં અમે રહીએ છીએ; ચોરીઓમાં અમે પ્રવીણ છીએ, અદ્દભુત વિદ્યાથી અમે ચમત્કારી ચોરી કરીએ છીએ, આજે આપના તાબામાં આવી ગયા છીએ, હવેથી આપ અમારા સ્વામી છો, જે યોગ્ય લાગે તે કરો.

તે ચોરોની વિનંતીથી શ્રીચંદ્રકુમારને દયા આવી, તત્કાળ તેમને બંધનથી મુક્ત કર્યા, અને ધર્મ સંભળાવી પ્રતિબોધિત કર્યા. જે ધર્મના પ્રતાપથી તેઓ દુષ્કર્મથી મુક્ત થયા; તેવા દુરાચારી પણ સદાચારી થઈ ગયા. રાજકુમારની આજ્ઞા લઈને તેઓ હર્ષ સાથે મહેંદ્રપુર ગયા. બેસતાં, ઉઠતાં, અને બીજી યોગ ક્રિયાઓ કરતાં તેઓ નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. તેઓ ચારે પર્વણીમાં પૌષધ વ્રત કરતા, પંચ પર્વે જ્ઞાન ભણતા, છ પર્વે તપસ્યા કરતા, અને સાત ક્ષેત્રે ધન વાવરતા, અને હમેશાં ત્રિકાળ જિનપૂજા કરતા હતા. શ્રીચંદ્રકુમારના સંગથી તેઓ સર્વરીતે શુદ્ધ શ્રાવક થઈ ગયા, તેમજ મહેંદ્રપુરનો રાજા પણ ઘણોજ આસ્તિક થઈ ગયો. હે મહારાજ પ્રતાપસિંહજી! તમારા પુત્રના પ્રસંગથી મહેંદ્રરાજાના હૃદય ઉપર ઘણી અસર થઈ ગઈ. પછી રાજકુમારે કુસેતના રાજપુત્રીનું વિધિથી પાણિગ્રહણ કર્યું. આ મહોત્સવમાં રાજકુમાર શ્રીચંદ્રની કીર્તિ ચારે દિશામાં પ્રસરી ગઈ છે. રાજેંદ્ર! ત્યારપછી મહારાજા શ્રીચંદ્રકુમારે આપને ખબર આપવા અમોને અહીં મોકલ્યા છે; રાજકુમાર આપનાં પવિત્ર દર્શન કરવાની ઉત્કંઠાથી સોળ રાજાઓની સાથે કુશસ્થળ રાજધાનીમાં હવે આવે છે. તમારા રાજપુત્રે આર્હંત ધર્મના વિજયધ્વનિથી ભારતને ગજાવી મૂક્યું છે, પુણ્યના પ્રભાવિક પ્રકાશથી ભારત પ્રજાને આંજી નાખી છે.

મંત્રીઓના મુખથી આ વૃત્તાંત સાંભળી કુશસ્થળાધિપતિ ઘણોજ ખુશી થઈ ગયો, તત્કાળ તેણે મોટા માનની સાથે તે ચારે મંત્રીઓને પોશાક આપ્યો, અને કુશસ્થળમાં મહોત્સવ કરવાની આજ્ઞા કરી. પોતાના રાજકુમારનાં દર્શનની ઇચ્છાથી પ્રજા અત્યંત આનંદ પામી ગઈ. બાળકથી તે વૃદ્ધ સુધીનો તમામ પ્રજાવર્ગ કુશસ્થળના પ્યારા કુમારના આગમનને વધાવવાને તૈયાર થઈ ગયો. કુશસ્થળપુરી ધ્વજાઓ અને તોરણોથી અલંકૃત થઈ ગઈ, પ્રત્યેક ચત્વરે અને શેરીએ અષ્ટમંગળનાં ચિત્રમય ચિહ્નો રચિત કરવામાં આવ્યાં, અને નરરંજિત આરાસો કરી, તેમાં "શ્રીચંદ્રકુમારનો જય" ઇત્યાદિ આશિર્વાદ-સૂચક મહાવાક્યો લખવામાં આવ્યાં, સૌભાગ્યવતી સુંદરીઓ નગરને અલંકૃત કરી, રાજપુત્રને સુવર્ણ તથા મોતીએ વધાવવાને તૈયારી કરવા લાગી, જૈન પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓ જિન સ્તુતિ સહિત આશિર્વાદના વચનોના શુદ્ધ ઉચ્ચાર શીખી તૈયાર થવા લાગ્યા, જૈન બાલિકાઓ પોતાના ગુરુજનનાં ઓવારણાં લેઈ. તૈયાર થવા લાગી, ઘેર ઘેર આનંદ

ઉત્સવ થઇ રહ્યો, અને સર્વ પ્રજા શ્રીચંદ્રકુમારરૂપ ચંદ્રની શીતળ અને સુધામય જ્યાનો આશ્રય લેવાનો અભિલાષ ધરી આનંદમાં મગ્ન થવા લાગી.

પ્રકરણ ૬૫ મું.

સુહૃત્ સમાગમ.



શરયણીમાં આનંદમંગળ વર્તાઇ રહેલ છે, પોતાના રાજકુમારનાં દર્શન કરવાને પ્રજા, ચંદ્ર ઉપર ચકોરની જેમ ચતુર ચેષ્ટા કરે છે, શેરીએ શેરીએ મહામંગળ વર્તાઇ રહ્યો છે, પૂર્ણ કુંભ, વેદિકા, અને તોરણની શોભાથી ગૃહાંગણ દીપી રહ્યાં છે. વિચિત્ર રંગની પતાકાઓની શ્રેણીથી રાજમાર્ગ શોભે છે, નવરંગિત પોશાક ધારણ કરી, નગરજનો પ્રત્યેક સ્થાને ફરે છે, વિવિધ રંગથી સુશોભિત કરેલી અટારીઓમાં તથા અગાશીઓમાં પુરરમણીઓ સજ્જ થઇ ઉભી રહેવાની તૈયારી કરે છે, અને પોતાના યુવરાજને પુષ્પોપહાર, સુવર્ણ તથા મોતીઓથી વધાવવાનો ઉમંગ ધરે છે. વિવિધ જાતનાં વાજિંત્રોના નાદથી ગગનમંડળ ગાજી રહ્યું છે, રાજમહેલમાં જાતજાતની રચના કરવામાં આવી છે. નવરંગિત પતાકાઓની શ્રેણીઓથી રાજગૃહને સુશોભિત કરવામાં આવ્યું છે, નોબત, સરણાઇ, ભેરી, અને મૃદંગના શબ્દોના પ્રતિધ્વનિથી રાજમહેલ ગાજી રહ્યો છે, પવનના પ્રસારથી ચલાયમાન થયેલી ધ્વજાઓ જાણે પોતાના યુવરાજને બોલાવતી હોય, તેમ દેખાય છે, રાજપુરુષો નવીન પોશાક ધારણ કરી નવીન રાજાને નમન કરવાનો ઉમંગ ધરી ફરે છે, વસ્ત્રાલંકારથી દેદીપ્યમાન દેખાતી દાસીઓ સુંદર શૃંગાર ધારણ કરી, યુવરાજને વધાવવા તૈયાર થાય છે; મહારાજા પ્રતાપસિંહ પુત્રનાં દર્શન કરવા ઉત્કંઠિત થઇ ઇષ્ટોપાસના કરે છે. આ વખતે નગરચૈત્ય અને ગૃહચૈત્યમાં મહોત્સવ પૂર્વક જિનપૂજા ભણાવા લાગી, ઉત્તમ પ્રકારની આંગીઓ રચી અને દીપમાળ પૂરી જિનપ્રજાની ભક્તિ કરવા માંડી, અઠ્ઠાઇ ઉત્સવ અને રથયાત્રા વિગેરે આર્હત ઉત્સવોના સમારંભ કરવામાં આવ્યા, પોતાના મનોરથ સિદ્ધ થવાથી પવિત્ર હૃદયના પ્રતાપસિંહે દેવભક્તિ, ગુરુભક્તિ, અને ધર્મભક્તિની વૃદ્ધિ કરવા માંડી, એક તરફ લૌકિક ઉત્સવ અને એક તરફ ધાર્મિક ઉત્સવ આરંભી, મહારાજાએ આ પ્રસંગે દાનધર્મનો પ્રભાવ પણ પ્રવર્તાવવા માંડ્યો. પાત્રદાન, દયાદાન અને કીર્તિદાન, એ ત્રિવિધ દાનના પ્રવાહ પ્રવર્તવા લાગ્યા; કવિઓ, વિદ્વાનો, અને ગુણિજનોને મોટાં મોટાં ઇનામ આપવામાં આવ્યા, દીન, દુઃખી અને નિરાશ્રિત લોકોનો સારો ઉદ્ધાર કરવા માંડ્યો, કારાગૃહમાંથી અપરાધીઓને પણ મુક્ત કરવામાં આવ્યા, આ સર્વથી સાધર્મિવાત્સલ્ય કરવામાં મહારાજાએ મોટી ઉદારતા દર્શાવી હતી. જૈન પાઠશાળાઓમાં ભણતાં શ્રાવક શિશુઓ અને બાળશ્રાવિકાઓને સારાં સારાં ઇનામો વહેંચવામાં

પૌષધશાળાના તપસ્વીઓને ભોજન વસ્ત્રનાં દાન આપવામાં આવ્યાં, અને દિવસના ચારે
સુધી દાનશાળાનાં દ્વાર ઉઘાડાં રાખવામાં આવ્યાં. આ પ્રમાણે કુંડલપુરમાં ધામ-
ર્તી રહી હતી.

અહિં પ્રતાપી વીર શ્રીચંદ પોતાના પિતાની રાજધાનીમાં આવતા પહેલાં જે જે રાજાઓના સંબંધમાં પોતે જોડાએલ, અને જે જે રાજકન્યાને પોતાના પ્રેમથી અંકિત કરેલ, તે બધાને તે ઉત્સાહથી મળ્યો હતો. પોતે કહેલાં વચનને સાર્થક કરવા તે ખંતીલો હતો. જે જે પુરૂષ કે સ્ત્રી તેના વચન ઉપર રહેલ, તેને ગમે તે પ્રકારે વચન પૂર્ણ કરવાનો તેનો દૃઢ નિશ્ચય હતો.

પોતાના પ્રિય મિત્ર ગુણચંદની પ્રેરણાથી તે પૂર્વે વશ કરેલા ગંધહસ્તીને વશ કરવાને પછી સુવેગરથમાં બેસી કુંડલપુરમાં ગયો હતો. ઇંદ્ર જેમ ઐરાવત ઉપર બેસે, તેમ તે ગજેંદ્રને બોલાવી તેનીપર આરૂઢ થઇ, મહેંદ્રપુરમાં આવ્યો હતો. ત્યાંથી તિલકપુરમાં આવતાં ત્રિલોચન રાજાને મળી તેને સાથે લીધો હતો. તે પછી વસંતપુરમાં જઇ વીરધર્મને તેણે રાજ્ય આપ્યું. અને તે પછી નરવર્મનો અતિથિ સત્કાર ગ્રહણ કર્યો હતો. એવી રીતે આગળ ઘણા રાજાઓને તેણે એકઠા કર્યા હતા. જે નૃપતિઓએ તેની આજ્ઞા માન્ય કરી, તેઓના મનોરથ તેણે પૂર્ણ કર્યા હતા. કેટલાએકને ઇનામો આપ્યો, અને જે ઉન્મત થતા તેમને શિક્ષા આપતો હતો. ગજેંદ્રપર સ્વારી કરી તેણે અનેક કાર્ય સિદ્ધ કરી પોતાની ઉજ્વલ કીર્તિને ભારતના ક્ષેત્ર ઉપર પ્રસરાવી હતી. પોતાના ગમનથી પવિત્ર થયેલા પ્રદેશમાં તેણે જેવી પોતાની વીરતા દર્શાવી આપી હતી, તેવીજ તેણે ધાર્મિકતા પણ દર્શાવી આપી હતી.

આ પ્રમાણે ગજેંદ્રપર સ્વારી કરી તે પછી તિલકપુરમાં આવ્યો. ત્યાં વિશ્રાંત થયેલા શ્રીચંદને એક દૂતે આવી વિજ્ઞપ્તિ કરી કે, સ્વામી ! આપના પિતા પ્રતાપસિંહ આપને મળવાને રત્નપુર આવેલા છે. પુત્રનાં દર્શન કરવાની આતુરતાથી તેઓ પૂર્ણ રીતે પ્રેરાએલા છે. તેમની દૃષ્ટિ પુત્રનાં દર્શનરૂપ અમૃતમાં મગ્ન થવાને આતુર બની રહી છે, તેમની ભુજાઓ આપને દૃઢાલિંગન કરી મળવાની ઉત્કંઠા ધારણ કરે છે, તેમની ઘ્રાણ ઇંદ્રિ આપના મસ્તકનું આઘ્રાણ કરવા તત્પર થઇ રહી છે, ચિરકાળના આપના વિરહથી તે અતિ ખેદિત છે. દૂતના મુખથી આ ખબર સાંભળતાંજ શ્રીચંદ પિતાના દર્શનમાં ઉત્કંઠ થઇ ગયો, પિતૃભક્તિના પ્રભાવથી તેના શરીરપર રોમાવળી પ્રગટ થઇ ગઇ, તેના હૃદયમાં આવ્યું કે, આજે મારૂં અહોભાગ્ય, કે જેથી હું પવિત્ર પિતાનાં દર્શન કરીશ. એ જંગમ તીર્થના ચરણમાં નમન કરી હું મારી પુત્રતાને સર્વ રીતે કૃતાર્થ કરીશ. આજે ચિરકાળ સેવેલો આર્હત ધર્મ મને સફળ થશે, ચતુર્વિધ પુરૂષાર્થને પૂર્ણ કરનાર મારો ચતુર્વિધ ધર્મ આજે કલ્પવૃક્ષની જેમ ફળોન્મુખ થશે. આ પ્રમાણે વિચારી શ્રીચંદ તિલકપુરથી આગળ ચાલ્યો.

કેટલેક માર્ગ ઉલ્લંઘન કરતાં પ્રતાપસિંહની સ્વારી સામી આવતી જોવામાં આવી. કુશસ્થળી રાજધાનીની કેટલીએક મહાન્ સમૃદ્ધિને જોતાંજ શ્રીચંદના નેત્રમાંથી હર્ષાશ્રુની ધારા વહી. પોતાના સૈનિકોના પતાકાઓમાં કુશસ્થળીના રાજ્યનાં ચિન્હો જોઈ તેના હૃદયમાં ઘણી અસર થઈ ગઈ. જન્મભૂમિનો પ્રભાવ અલૌકિક છે. માણસ ગમે ત્યાં જાય, ગમે ત્યાં જઈ અખૂટ ધન મેળવે, મહાન્ સમૃદ્ધિ સંપાદન કરે, કીર્તિના કોટ ઉભા કરે, અપૂર્વ સન્માન સંપાદન કરે, અદ્ભુત પરાક્રમ દર્શાવે, લોકોને ચકિત કરી દે, અને જયઘોષથી જગતને ગજાવી મૂકે, તથાપિ તેને પોતાની જન્મભૂમિ કદિપણ વિસ્મૃત થતી નથી. જ્યારે જન્મભૂમિ કે, તેના દેખાવોનાં દર્શન થાય, ત્યારે તેના હૃદયમાં અલૌકિક આનંદ પ્રગટ થઈ આવે છે. જન્મભૂમિનું વાત્સલ્ય દિવ્યતાને ધારણ કરે છે. જ્યાં પોતાનું બાલપણ નિર્ગમન થયું હોય, જ્યાં શિશુત્વનો નિર્દોષ આનંદ અનુભવ્યો હોય, જ્યાં માતાપિતાના લાડપાલનું સુખ સંપાદિત કર્યું હોય, જ્યાં વિવિધ જાતની બાળ ક્રીડાઓ આચરી હોય, જ્યાં મિત્રમંડળમાં રહીને અદ્ભુત વિનોદ કરેલો હોય, જ્યાં સમાન વયના મિત્રોની સાથે પાઠશાળા કે જ્ઞાનશાળામાં રહી, ઉત્તમ અભ્યાસ આદર્યો હોય, અને વિદ્યાર્થી અવસ્થાના શાંત સુખ સાથે વિદ્યા વિલાસ અનુભવ્યો હોય, તે જન્મભૂમિનું—બાલ્યત્વની ક્રીડાભૂમિનું વિસ્મરણ કોને થાય ? કોઈને પણ થાય નહીં. જન્મભૂમિનું વાત્સલ્ય કેવું પ્રભાવિક છે ? તેને માટે લૌકિક શાસ્ત્રમાં વારંવાર લખવામાં આવ્યું છે. એક વિદ્વાન્ કવિ નીચેનું પદ્ય કહે છે—

जननी जन्मभूमिश्च निद्रा पश्चिमरात्रिजा ।
इष्टयोगः सुगोष्ठी च दुर्लभाः पंच देहिनाम् ॥ १ ॥

" જનની, જન્મભૂમિ, પાછલી રાત્રિની નિદ્રા, ઇષ્ટ જનનો યોગ, અને સારી ગોષ્ઠી—એ પાંચ વાનાં માણસને દુર્લભ છે, એટલે દુઃખે કરી પ્રાપ્ત થાય તેવાં છે. ૧

જ્યારે પ્રતાપસિંહની સ્વારી નજીક આવી, એટલે રાજકુમાર શ્રીચંદ્ર [illegible]

આ પ્રમાણે મેળાપનો મહોત્સવ થઈ રહ્યો હતો, તેવામાં એક તરફથી બાળક શ્રીચંદની પાસે આવી ઊભો રહેલ સિંહના શિશુ જેવા એ બાળકે વિનયથી પ્રતાપસિંહને પ્રણામ કર્યો. તેની તેજસ્વી, અને વિશાલ મૂર્તિ જોઈ, પ્રતાપસિંહ વિચારમાં પડે છે, આવું તેજસ્વી બાળક કોનું હશે ! તેની આકૃતિ ઉપર રાજ ધર્મનાં સર્વ ચિન્હો પ્રગટ રહ્યાં છે, આ આકૃતિ જ્યાં ત્યાં મંગળ દેખાય છે. કમળના જેવાં વિશાળ નેત્રોમાં કરુણ, અને વીર, બન્ને રસ વાસ કરીને રહ્યા હોય, તેમ જણાય છે. પ્રતાપસિંહની આ વાત તેના નેત્ર વિકારથી ચતુર શ્રીચંદે જાણી લીધી. તરતજ તે વિનયથી અંજલિ જોડી બોલ્યો, પિતાજી ! આપના હૃદય પ્રેમનું સ્થાન જેવી રીતે હું છું, તેવીજ રીતે આ બાળક પણ તેનો અધિકારી છે. જેવી રીતે તમારું પુત્રવાત્સલ્ય મારી તરફ વિકસિત છે, તેવી રીતે આ બાળક તરફ પણ વિકસિત થવાને યોગ્ય છે. શ્રીચંદનાં આવાં હેતુગર્ભિત વચન સાંભળી પ્રતાપસિંહ જાણી ગયો. પોતાની ઘણી વર્ષોથી સર્વાંગપણાને જાહેર કરેલ, એ વાત તેને યાદ આવી, તરતજ તેને નિશ્ચય થયો કે, આ કુમાર તે પોતાનોજ કુમાર છે, તે શ્રીચંદનો ન્હાનેરો ભાઈ છે. તરતજ તેના હૃદયમાં વાત્સલ્ય રસ ઉત્પન્ન થઈ આવ્યો. પુત્ર પૌત્રને પોતાના હાથની સાથે ચાંપ્યો, તેના મસ્તક ઉપર હર્ષાશ્રુની ધારાથી અભિષેક કર્યું.

આજ પ્રસંગે એક મેળાપ હોતું બીજું પ્રેમ ઉત્પન્ન થયું. શ્રીચંદનાં પાલક, અને પોતાના ધર્મ પિતા શેઠ લક્ષ્મીદત્ત, અને લક્ષ્મીવતી રત્નપુરથી ત્યાં આવ્યાં હતાં. રાજા પ્રતાપસિંહે શ્રીચંદના આગમનના ખબર તેમને આપ્યા હતા. તેમને ઘણે વર્ષે આવતા જોઈ શ્રીચંદને પરિપૂર્ણ આનંદ ઉત્પન્ન થયો. પોતાના ઉપકારી માતપિતાનાં દર્શન કરતાંજ શ્રીચંદ તેમની સન્મુખ દોડી આવ્યો, અને તે માતપિતાના ચરણમાં દંડવત્ નમી પડ્યો. શેઠ લક્ષ્મીદત્તે અંતરંગ પ્રેમથી તેને આલિંગન કર્યું. વિરહના વિયોગરૂપ અગ્નિથી દગ્ધ થયેલ હૃદયને પુત્ર આલિંગન રૂપે સુધાથી શાંત કર્યું. માતા લક્ષ્મીવતીએ પુત્રનાં ઓવારણાં લઈ નેત્રમાંથી આનંદાશ્રુ પાડ્યાં. પરસ્પર કુશળવાર્તા પુછી હૃદયકમળને સ્વયં આશ્વાસન આપ્યું.

તે પછી શ્રીચંદ્રકુમારની વિવાહિત પત્નીઓએ આવી પ્રેમ વડે શ્રી પ્રતાપસિંહને, લક્ષ્મીદત્ત શેઠને તથા લક્ષ્મીવતીને નમન કર્યું. વડીલ વર્ગે પુત્રવધૂઓને ઉમંગથી આશિષ આપી. શ્રીચંદના પુનઃ સમાગમથી રાજી થયેલ મંત્રીઓ, અધિકારીઓ તથા કુશસ્થલપુરીના આગેવાનો રાજકુમારને પ્રેમથી મળ્યા. વિનય અને વિવેકથી તેમણે પરસ્પર કુશળ સમાચાર પુછ્યા. આ વખતે કનકપુર દેશના મંત્રી લક્ષ્મણ, વસંત, ગુણચંદ, ધનંજય સેનાપતિ અને નરનાથ વિગેરે આવી શ્રીચંદને પ્રેમથી મળ્યા, તેમની ઉપર શ્રીચંદે પણ પોતાનો અપૂર્વ પ્રેમ દર્શાવ્યો. તેમની અપૂર્વ રાજભક્તિ જોઈ, રાજકુમારે ઘણી પ્રશંસા સાથે તેમને અભિનંદન આપ્યું

ચતુર બુદ્ધિના ગુણચંદ્રે પ્રસંગને લઇ રાજા પ્રતાપસિંહની આગળ શ્રીચંદ્રનું મુસાફરીમાં થયેલું ચમત્કારી ચરિત્ર વિસ્તારથી કહી બતાવ્યું. વિદેશ યાત્રામાં તેણે જે અદ્ભુત પરાક્રમ, અને પુણ્યનો પ્રભાવ દર્શાવેલ, તે બધો મિત્ર ગુણચંદ્રે પ્રતાપસિંહની આગળ વર્ણન કરી બતાવ્યો, તે સાંભળી કુશસ્થળપતિ ઘણો ખુશી થઇ ગયો. પરાક્રમી, અને વિદ્વાન્ પુત્રની પ્રશંસા સાંભળી કયો પિતા ખુશી ન થાય? સત્પુત્રનાં સચ્ચરિત્ર જાણી, વિદ્વાન્ પિતા પોતાના જન્મની કૃતાર્થતાજ માને છે. જેના પુત્રનું નિષ્કલંક, પરાક્રમ ભરેલું અને નીતિથી નિર્મળ ચરિત્ર હોય, તો તેવા પિતાનું જીવિત સાર્થક છે, તેવા પુત્રથીજ પિતા ખરેખર પુત્રવાન્ છે.

પ્રભાવિક પ્રતાપસિંહ, પુત્રની પ્રશંસા ભરેલી ચરિત્ર કથાઓ સાંભળી ઘણોજ ખુશી થયો; તે સાંભળતાં પોતાને, કુશસ્થળીના રાજકુટુંબને અને કુશસ્થળીની પ્રજાને તે પુણ્યવાન્ તથા ભાગ્યશાળી માનવા લાગ્યો. પુત્રનો ઉત્કર્ષ સાંભળી તેની મનોવૃત્તિમાં ઘણીજ ઉત્તમ પ્રકારની અસર થઇ આવી; તે પ્રસંગે તેને નીચેનું મહાવાક્ય યાદ આવ્યું:—

" सर्वत्र जयमन्विच्छेत्पुत्राच्छिष्यात्पराजयम् । "

" સર્વ સ્થળે જય ઇચ્છવો, પણ પુત્રથી અને શિષ્યથી પરાજય ઇચ્છવો. "

પ્રતાપસિંહે પ્રેમ પૂર્વક પુછ્યું, વત્સ! તારા સમાગમને માટે એક અવધૂત નિમિત્તિયાનો હું ઘણોજ આભારી છું. એ મહાત્માએ મને ખરેખરૂં જીવિતદાન આપેલું છે; તે સાથે યોગવિદ્યાનો ઉપદેશ આપી, મારા જીવનને સુધાર્યું છે. તેનું સ્મરણ કરતાં મને ઘણોજ અફસોસ થાય છે, તે મહાશયના ઉપકારનો બદલો હું જરા પણ વાળી શકયો નથી. મેં તેમને ઘણી વિનતિ કરી, ઘણી પ્રાર્થના કરી, અને ઘણી આજીજી કરી, પણ તે નિઃસ્પૃહ મહાત્માએ મારા તરફની કાંઇ પણ ઇચ્છા રાખી નહીં. તેના જેવો નિઃસ્પૃહ અને પરોપકારી મહાત્મા ભાગ્યેજ જોવામાં આવે છે. તેવા ઉપકારશીલ મહાત્માઓથીજ આ પૃથ્વી રત્નગર્ભા છે. ચિતાગ્નિમાં ભસ્મ થવાને તૈયાર થયેલા મારા આત્માને તેણે અચાનક આવી બચાવ્યો હતો.

પિતાનાં આ વચન સાંભળી, શ્રીચંદ્ર હૃદયમાં તે વાત જાણી ગયો હતો, તથાપિ એ વાતને પ્રકાશિત કરવાને તેણે પિતાને પુનઃ પ્રશ્ન કર્યો. પવિત્ર પિતાજી! એ મહાત્મા કયાં ગયા, અને તેણે કેવી રીતે તમારો ઉપકાર કર્યો? એ બધો વૃત્તાંત કૃપા કરી કહો. પુત્રના વચન ઉપરથી પ્રતાપસિંહે તે બધી વાત વિસ્તારથી કહી સંભળાવી. સમગ્ર વૃત્તાંત સાંભળ્યા પછી શ્રીચંદ્ર વિનયથી બોલ્યો—પિતાજી! એ ચમત્કારી નિમિત્તિઓ તમારા ઘરનોજ માણસ હતો. તેણે કરેલો ઉપકાર તમારા ઉપકારની આગળ કાંઇપણ વીસાતમાં નથી. તે વિષે હવે વધારે કહેવાની ઇચ્છા થતી નથી, એટલુંજ બસ છે. શ્રીચંદ્રનાં વચન સાંભળી પ્રતાપસિંહ વિચારમાં પડયો. ત્યાં ચતુર ગુણચંદ્રે વિનયથી જણાવ્યું, સ્વામી!

આપ શો વિચાર કરો છો ? એ નિમિત્તિઓ બીજો કોઈજ નહી, પણ આ તમારા પ્રતાપી પુત્ર શ્રીચંદ્રજ હતા. તે સાંભળતાંજ પ્રતાપસિંહ સાનંદાશ્ચર્ય થઇ ગયો. તરતજ તે પ્રેમાશ્રુ સહિત બોલ્યો—વત્સ ! તને જેટલો ધન્યવાદ આપું, તેટલો થોડો છે. આ સંસારમાં માતપિતા મહાન્ ઉપકારી ગણાય છે, પણ તેનો બદલો આપનારા તારા જેવા કોઇ પુત્રો હશે. તેં ખરેખર મહાન્ ઉપકાર કર્યો છે. તારી માતા અને તારા વિયોગરૂપ અગ્નિથી દગ્ધ થએલું આ શરીર પુનઃ પ્રત્યક્ષ અગ્નિથી દગ્ધ થવા તૈયાર થયું હતું, તે વખતે તારું આગમન મારા જીવિતનું આગમન થઇ પડ્યું હતું. પણ વત્સ ! મને અતિ આશ્ચર્ય થાય છે કે, તે વખતે તું ક્યાંથી આવ્યો ? પિતાનાં વચન સાંભળી શ્રીચંદ્રે આત્મપ્રશંસા દોષ ન લાગે, તેવી રીતે પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો, જે સાંભળી સર્વ સમાજ ચકિત થઇ ગયો.

આ વૃત્તાંત સાંભળી સાંભળીને વધારે આશ્ચર્ય થયું. પોતાના પુત્રે એ વાતો તેઓને સ્પષ્ટ રીતે જણાવી નહતી, તેથી તેના હૃદયમાં અનેક પ્રકારની વિચારમાળા પ્રગટ થવા લાગી, અને તેઓને નિશ્ચય થયો કે, આ જગતમાં આત્મપ્રશંસાના મહાન્ રોગથી રહિત એવો રાજકુમાર શ્રીચંદ્ર એકજ છે. વળી પોતાની તરફ પ્રતાપસિંહનો ઉત્તમ પ્રેમ જાણી, તેઓની મનોવૃત્તિમાં વધારે પ્રીતિ ઉત્પન્ન થઇ. ધન્ય પ્રેમનો નમુનો પોતાના કુટુંબમાંજ રહેલો છે, એમ તેનું હૃદય અભિમાની થયું. આ જગતમાં પતિભક્તા સ્ત્રીઓ કદાચ વિરલ જોવામાં આવે છે, પણ પત્નીભક્ત પુરુષો કોઇ જોવામાં આવતા નથી, એ કહેવત પોતાના પતિ પ્રતાપસિંહે ખોટી પાડી છે. પોતાની પ્રિય પત્નીના વિયોગથી પ્રાણ ત્યાગ કરવાને તૈયાર થએલા પ્રતાપસિંહ મહારાજ પત્નીભક્તનો એક ઉદાહરણ નમુનો બન્યા હતા. વૈધવ્યના દુઃખને નહી સહન કરનારી પતિવ્રતાઓ પ્રેમને વશ થઇ, કાષ્ટ ભક્ષણ કરવાને જેમ તૈયાર હોય છે, તેમ વિધુર અવસ્થાના મોટા દુઃખને નહી સહન કરનારા પત્નીવ્રતધારી મહારાજા પ્રતાપસિંહ પત્નીના પ્રેમને આધીન થઇ, કાષ્ટ ભક્ષણ કરવાને તૈયાર થયા હતા.


આ પ્રસંગે સર્વે પ્રેમાળ થઇ રહ્યાં, હર્ષિત થએલા શ્રીચંદ્રે તેજ સ્થાને એ પ્રેમ સ્વરૂપ પ્રેમાળનું સ્મરણ રહેવા માટે પ્રેમકપુર નામે એક નગર વસાવ્યું હતું. વિશેષ વર્ષોની પ્રજાઓ તેની સમૃદ્ધિ સહિત ત્યાં આવીને વસી હતી. તે વિષય તેનાથી થોડે દૂર [illegible] કાંઠે એક બીજું નગર પણ વસાવ્યું હતું. પોતાના પિતાના નામથી તે નગરનું નામ પ્રતાપપુર રાખ્યું હતું. મોટી મોટી નગરશિખર હવેલીઓ, અટારીઓ અને વિમાન જેવા જિનપ્રાસાદોથી તેને પૂર્ણ સુશોભિત બનાવ્યું હતું. પ્રતાપપુરની રમણીયતા એવી સરસ બનતી હતી કે, તેને જોઇને [illegible] છે. [illegible] હતા. તે [illegible] વસાવેલી હતી. એવી રીતે પ્રેમકપુર અને [illegible] કરવામાં [illegible] પ્રતાપપુર [illegible] હતું. પિતાના [illegible] સહિત કરી,

સોનાનાણું, રૂપાનાણું, અને તાંબાનાણું પણ શ્રીચંદ્રે એ નગરમાં ચલાવ્યું હતું. પ્રતાપન દન મૂર્તિને ચિરકાળ રાખવા એ મુદ્રાની અંદર તેની પ્રતિમા સાથે રાજચિન્હને સ્થાપિત કરવામાં આવ્યું હતું.

આ અરસામાં કર્કોટક દ્વીપમાંથી સુવેગ રાજાની સાથે નવ રાજકન્યાઓ પાંચસે વાહાણ સહિત ત્યાં આવી હતી, જે રાજકન્યાઓમાં કનકસેના મુખ્ય હતી. સર્વપ્રત્યે ઘણી સમૃદ્ધિ સાથે તે રાજકન્યાઓ શ્રીચંદ્રને અર્પણ કરી અને તેમનો પૂર્વ સંબંધ સર્વની સમક્ષ જાહેર કર્યો; આથી પોતાના પુત્રના પુણ્યની મહાન સમૃદ્ધિ જોઇ, પ્રતાપસિંહના આનંદમાં મોટો વધારો થયો, અને તેણે સાનદાશ્ચર્ય થઇ, પોતાના નિર્મળ હૃદયથી પ્રિય કુમારને અભિનંદન આપ્યું, તેવુંજ અભિનંદન પાળક પિતા લક્ષ્મીદત્ત શેઠે પણ હૃદયથી અને વચનથી પ્રકાશિત કર્યું.

પ્રકરણ ૬૬ મું.

ગુણચંદ્રને જાતિસ્મરણ.



ક સુશોભિત મેહેલમાં તેજસ્વી સિંહાસન ઉપર તેજસ્વી પુરૂષ બેઠો છે, તેની પાસે મંત્રીસમાજ રાજકાર્યની વ્યવસ્થા કરે છે, મંત્રીઓ એક પછી એક રાજકીય કાર્ય વિષે તે પુરૂષને પુછે છે, પણ તેની તરફથી કાંઇ પણ સંતોષકારક જવાબ મળતો નથી. ક્ષણવાર તે હર્ષના આવેશમાં આવી જાય છે, વળી ક્ષણમાં ચિંતાતુર રહે છે, આ દેખાવ જોઇ એક શાણા મંત્રીએ પુછ્યું, રાજેંદ્ર ! આજે શા વિચારમાં છો ? તમારા મુખકમળ ઉપર ક્ષણે હર્ષનાં અને ક્ષણે શોકનાં ચિન્હો જોવામાં આવે છે, તેનું શું કારણ છે ? સિંહાસનપર બેઠેલા પુરૂષે વિચાર કરી જણાવ્યું, મંત્રીઓ ! બીજું કાંઇ નથી. માત્ર રાજપુત્રીનું સ્મરણ થાય છે, ચિરકાળથી વિયુક્ત થયેલી રાજપુત્રીને મળવાની ઉત્કંઠા થઇ છે. જ્યારથી મને તેનું સ્મરણ થવા માંડયું છે, ત્યારથી મારાં દક્ષિણ અંગ ફરકે છે. તેવાં શુભ ચિન્હ જોઇ મને હર્ષ થાય છે, અને જ્યારે તે વાત દુર્લભ માનું છું, ત્યારે પાછી ચિંતા થાય છે, આથી ક્ષણમાં હર્ષ અને ક્ષણમાં ચિંતા થયા કરે છે.

વાંચનારને ભ્રમ પડયો હશે કે, આ સિંહાસનપર બેઠેલો પુરૂષ કોણ હશે ? અને તેની રાજપુત્રી પણ કોણ હશે ? આ સિંહાસનપર બેઠેલો સિંહપુરનો રાજા શુભગાંગ છે, તે ચંદ્રકળાનો પિતા થાય છે. પોતાની પુત્રી ચંદ્રકળાનું તેને સ્મરણ થઇ આવ્યું

છે. આગાઉ તેના સાંભળવામાં આવેલ કે, પોતાનો અમાત્ય શ્રીચંદ, રાજપુત્રી ચંદ્રકળાને સાથે લઈ વિદેશ ગયેલ છે, તે હજુ સુધી આવેલ નથી. ત્યારથી કોઈ કોઈ વાર તેના મનમાં તે વિષેની ચિંતા રહ્યા કરતી હતી, પણ આજે શુભ શુકન થવાથી તેને હૃદયમાં હર્ષ, અને હૃદયમાં ચિંતા રહેલ છે. આજ વખતે એક દૂતે આવી ખબર આપી કે, "સિંહપુરના ઉદ્યાનમાં શ્રીચંદકુમાર પોતાના રાજકુંવરીની સાથે આવેલ છે." અમૃતના સિંચન જેવા આ શબ્દો સાંભળી ગુણચંદ્ર રાજાને પ્રફુલ્લ આનંદ થઇ ગયો. મનવાંછિત સ્ફુરણ થવાથી તેની મનોવૃત્તિમાં શુભ નિમિત્તને માટે મોટો વિશ્વાસ ઉત્પન્ન કર્યો, તે સાથે આર્હત ધર્મ ઉપર વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થઈ. તરતજ પોતે સિંહાસન ઉપરથી બેઠો થયો, અને મંત્રીઓને તેના પુરપ્રવેશનો ઉત્સવ કરવાની આજ્ઞા આપી.

રાજાની આજ્ઞાથી તરતજ સિંહપુરને શણગારવામાં આવ્યું. તોરણ, પતાકા, અને ધ્વજાની શ્રેણીથી સર્વ નગરને અલંકૃત કરવામાં આવ્યું. વિવિધ જાતનાં વાજિંત્રોના નાદથી ગુણચંદ્ર રાજાના દરબારમાં ચારે તરફ ગર્જના થઈ રહી. ઘોડા, હાથી, રથ, અને પેદલ સાથે મોટી સ્વારી તૈયાર થઈ. રાજાની રીતભાતથી સામૈયાની શોભા ભિન્ન બની રહી.

રાજા ગુણચંદ્ર મોટા ઠાઠમાઠથી સિંહપુરના સીમાડામાં સામે આવ્યો. પ્રેમથી ભરપૂર હર્ષે પોતાના અમાત્ય શ્રીચંદને મળ્યો, રાજકુમારી ચંદ્રકળાને જોઈ નેત્રમાંથી હર્ષનાં આંસુની ધારા ચાલી. જો કે ચંદ્રકળા અપરથી પોતાના ઉદ્યાનમાં ફરતી હતી, તથાપિ તેના પિતા ગુણચંદ્ર રાજાની દૃષ્ટિની ઉપર પડી નહિ હતી. ચંદ્રકળા પિતાને મળવાથી પ્રફુલ્લ મુખી થઈ, દૃષ્ટિએ પોતાનાં પૂજ્ય સાસુ સુરસુંદરીને હાથથી ઉપકાર માન્યો. કારણ કે સુરસુંદરીની પ્રેરણાથીજ શ્રીચંદ સિંહપુરમાં આવ્યો હતો. રાજા ગુણચંદ્ર પુત્રીને મળ્યા પછી તરતજ સુરસુંદરીને મળ્યો, અને કુશળ સમાચાર પુછ્યા. અંતઃપુરનો સર્વ પરિવાર આવી ચંદ્રકળાને પ્રેમપૂર્વક મળ્યો. રાજકુમારીને જોઈ સૌભાગ્યવતી સ્ત્રીઓએ મધુર અભિનંદન આપ્યું. સર્વનો પરસ્પર મેળાપ થયા પછી તે સ્વારી મોટી ધામધુમ સાથે નગરમાં આવી. શ્રીચંદકુમાર અને રાજકુમારી ચંદ્રકળાને સિંહપુરની પ્રજાએ વધાવી લીધાં. પ્રજાજનના નેત્રને ઉત્સવ આપતી, તે સ્વારી રાજદ્વારમાં આવી પહોંચી.

આ પ્રસંગે એક ચમત્કારી બનાવ બન્યો. જેવો સ્વારી રાજદ્વાર આગળ આવી, ત્યાં ગુણચંદ્રને મૂર્છા થઈ આવી. તત્કાળ તેનું શરીર નિશ્ચેષ્ટ થઈ પડ્યું. શ્રીચંદ તે જોઈ ગભરાઈ ગયો. તેને સાવધાન કરવા, રાજાને ઉપચારો કરવામાં આવ્યા. રાજા ગુણચંદ્ર પણ ન રોકી શક્યો. તેજ ક્ષણે સુરસુંદરી અને ચંદ્રકળાની સાથે બેઠેલી ... ગુણચંદ્ર ... તે બધી વાતો ... આ વખતે ... ... સિંહપુરને ... [illegible]

શું થયું ? તને અકસ્માત્ મૂર્છા કેમ આવી ? આવા મહોત્સવમાં હર્ષ થવાને બદલે મૂર્છા થવાનું શું કારણ ?

ગુણચંદ્ર સાવધાન થઇ બોલ્યો—મિત્રવર્ગ ! આ નગરની ભૂમિ જોતાંજ મારા હૃદયમાં જુદીજ અસર થઇ ગઇ છે. આ પ્રદેશમાં પૂર્વે હું આવ્યો છું, એવું મને ભાન થઇ આવ્યું, અને તરતજ મારા પૂર્વ જન્મનું સ્મરણ થઇ આવ્યું. પ્રિય મિત્ર ! ખરેખર મને મારા પૂર્વ જન્મનું અહીં સ્મરણ થઇ આવ્યું છે. મારા પૂર્વ જન્મની સ્થિતિ મારી દ્રષ્ટિ આગળ ખડી થઇ ગઇ છે, હું પૂર્વે ધરણ નામે જોષીનો પુત્ર હતો. મારા પિતાનું નામ શ્રીધર અને માતાનું નામ નાગિલા હતું, મારી સ્ત્રીનું નામ શ્રીદેવી હતું, એ પવિત્ર શ્રીદેવી મારી માતા નાગિલાને અપ્રિય થઇ હતી. દૈવયોગે મારેજ હાથે એ સતીનો સંહાર થઇ ગયો હતો. એ પાપનું પ્રાયશ્ચિત કરી હું શુદ્ધ થવાને અધિકારી થયો, પણ મને આ વખતે તે બધો વૃત્તાંત દ્રષ્ટિગોચર થયો છે. મિત્ર ! કમળશ્રીને પણ પોતાના શ્રીદેવીના જન્મનું સ્મરણ થઇ આવ્યું છે, આથી તે પણ મૂર્છા પામી છે. તીર્થારાધનના પ્રભાવથી હું આ ગતિને પામ્યો છું, તેમ શ્રીદેવી બીજે ભવે જિનદત્તા શ્રાવિકા થઇ. જન્મથી તે બ્રહ્મચારિણી રહી, નમસ્કાર મંત્રના પ્રભાવથી હાલ કમળશ્રી થઇ છે. તે વખતે સોમદેવ વિગેરે જે હતા, તે બધા પ્રતિબોધ પામ્યા હતા, હું એક ઉમા નામે બીજી સ્ત્રી પરણ્યો હતો, તેમજ એક ખર્પરા નામે યોગિણી તે પ્રસંગે વિદ્યમાન હતી. પ્રિય મિત્ર ! મારી દ્રષ્ટિ આગળ પૂર્વનો સર્વ સંસાર પ્રત્યક્ષ થઇ આવ્યો છે. આ બધો તીર્થનો, અને નવકાર મંત્રનો મહિમા છે.

ગુણચંદ્રની આ વાર્તા સાંભળી શ્રીચંદ્ર વિગેરે સર્વ સમાજ સાનંદાશ્ચર્ય થઇ ગયો. સર્વેના હૃદયમાં આર્હત ધર્મની ભક્તિ જાગ્રત થઇ, જૈન તીર્થની અને પંચપરમેષ્ટીરૂપ નવકાર મંત્રની પ્રશંસાના ઉદ્ગાર સર્વેના મુખમાંથી નીકળવા લાગ્યા.

મહારાજા શુભગાંગે શ્રીચંદ્રકુમારનું સહકુટુંબ આતિથ્ય કર્યું. પ્રતિદિન નવનવાં ખાનપાનથી, વિવિધ જાતના સત્કારોથી, રાજકીય ક્રીડાઓથી, રસ ભરેલી વાર્તાઓની ગોષ્ટિઓથી, અશ્વવિદ્યા, ગજેંદ્ર શિક્ષા અને મલ્લયુદ્ધના અખેડાઓથી રાજા શુભગાંગે શ્રીચંદ્રકુમારને ઘણો વિનોદ પમાડયો. તે સાથે આર્હત ધર્મના ઉત્સવો, ધર્મની પ્રભાવનાઓ, ચૈત્યપૂજાના મહોત્સવો, અને જ્ઞાનગોષ્ટિના વિનોદથી કુશસ્થળીના યુવરાજને ઘણોજ પ્રસન્ન કરવામાં આવ્યો. કેટલાક દિવસ સુધી આગ્રહ કરી, રાજા શુભગાંગે શ્રીચંદ્રને પોતાની રાજધાનીમાં રાખ્યો.

એક દિવસે સર્વવતીએ રાજકુમારને જણાવ્યું, વત્સ ! જો તમારી ઇચ્છા હોય, તો અહીંથી તમારા મોશાળમાં જઇએ. ઘણાં વર્ષ થયાં મે જન્મભૂમિનાં દર્શન કર્યાં નથી. તમારાં દર્શન કરવાને તમારા માતામહ દીપચંદ્ર રાજા ઘણા આતુર હશે. પુત્ર ! જો મોશાળની રાજધાનીમાં જશો, તો તમારો મોશાળપક્ષ ખુશી થશે. પિતાશ્રી દીપચંદ્ર રાજા

અને મારા દીપકની તમને જોઇ ઘણુંજ ખુશી થશે. તમારા જેવા પરાક્રમી અને ભાગ્ય પાત્ર ભાણેજને જોઇ, મારા પિતૃગૃહમાં આનંદ ઉત્સવ થઇ રહેશે. તમને વધુ સહિત દેખી તમારાં મોશાળીયાંઓ ઘણુંજ પ્રસન્ન થશે. તમારા મોશાળની રાજધાની દીપશિખા નગરી એક ખરેખરા આનંદનું ધામ થઇ પડશે. મોશાળની માનીની પ્રજા તમારું પવિત્ર દર્શન કરી પોતાના હૃદયને પ્રેમાર્દ્ર કરશે.

માતાનાં આવાં વચન સાંભળી શ્રીચંદ ક્ષણવાર વિચારમાં પડ્યો. ક્ષણવારે તેણે નિશ્ચય કર્યો કે, માતાની આજ્ઞા પૂર્ણ કરી જોઇએ. મહોપકારી માતાની મનોવૃત્તિને અનુસરવું, એ આજ્ઞાંકિત પુત્રનો ધર્મ છે. નવ માસ ઉદરમાં રાખી ઉપકાર કરનારી માતાના મનોરથ કયો કુલીન પુત્ર પૂર્ણ ન કરે? માતૃભક્તિથી અંકિત થયેલા પુત્રનું જીવન કૃતાર્થ છે. જેના હૃદયમાં માતૃભક્તિરૂપ પવિત્ર ગંગાનો પ્રવાહ વહ્યા કરે છે, તે પુત્રરત્નને સહસ્ત્રવાર ધન્યવાદ છે. ઉપકારી માતાનાં વચન પ્રમાણે નહીં વર્તનાર અધમ પુત્રોના જન્મને ધિક્કાર છે. ભવિષ્યમાં યોગ્ય વયવાળા પુત્રો પાસેથી આત્મસેવાની આશા રાખનારી માતાને નિરાશ કરનારા પુત્રો નરકનાજ અધિકારી છે.

આવું વિચારી રાજપુત્ર શ્રીચંદે પોતાની માતા સૂર્યવતીને વિનયથી જણાવ્યું. પૂજ્ય માતા! આપની ઇચ્છા પ્રમાણે કરવાને હું તૈયાર છું. મને મારા મોશાળમાં જવાની ઘણી હોંશ છે. માતૃપક્ષના મનરમ્ય સ્થળ મોશાળની મારા હૃદયમાં અભિલાષા છે. દીપશિખા નગરીની રાજધાનીમાં રહી, મોશાળનાં માન મેળવવાને મારો અંતરાત્મા ઉત્કંઠિત થયો છે.

પુત્રનાં આવાં વચન સાંભળી રાજમાતાના હૃદયમાં આનંદ ઉત્પન્ન થયો, અને આજ્ઞાંકિત પુત્રની માતૃભક્તિ જોઇ, તેણીના હૃદયમાં તૃપ્તિ થઇ. પછી શ્રીચંદે સિંહપુરપતિની પાસે આગ્રહથી રજા માગી, અને દીપશિખા નગરી તરફ જવાની સર્વની ઇચ્છા જણાવી. શ્રીચંદ, ચંદ્રકળા અને સૂર્યવતી વિગેરેનું રાજકુટુંબથી જુદું પડવું, એ શુભગાંગ રાજાને ગમ્યું નહીં; પણ તેમના આગ્રહથી છેવટે તેને માંડ માંડ રજા આપવી પડી. ચંદ્રકળા જુદી પડશે, એમ સાંભળી ચંદ્રવતી રાણીને ઘણુંજ માઠું લાગ્યું. નેત્રમાં પ્રેમાશ્રુને ધારણ કરતી ચંદ્રવતી ચંદ્રકળાને મળવા આવી. પરસ્પર પ્રેમાશ્રુને વર્ષાવતાં બંને ગાઢ આલિંગન કરીને ભેટી પડ્યાં.

વિદાયની વખતે શુભગાંગ રાજાએ પોતાના જમાઇ શ્રીચંદનો સારો સત્કાર કર્યો. વિદાયને અર્થે જેટલું આપવું જોઇએ, તેટલું સૈન્ય, વાહન, દાસ, દાસી, રીયાસત અને પોષાક વિગેરે તેણે આ પ્રસંગે આપ્યું. સર્વ પરિવાર સાથે લઇ, શ્રીચંદ દીપશિખા નગરીને માર્ગે વિદાય થયો, અને ત્યાં જઇ તેણે મોશાળ તરફનું મોટું સન્માન સંપાદન કર્યું. સૂર્યવતીના પિતા દીપચંદ રાજાએ પોતાના ભાણેજને ઘણા પ્રેમથી આવકાર આપ્યો, અને તે પ્રસંગે પોતાની રાજધાનીમાં આનંદ ઉત્સવ પ્રવર્તાવ્યો.

પ્રકરણ ૬૭ મું.

શ્રી ધર્મઘોષ મુનિ.



એક સુંદર વન હતું. વિવિધ જાતનાં વૃક્ષોની શ્રેણીથી ઘણું રમણીય લાગતું હતું. કોકિલ, મયૂર, શુક, સારિકા અને બીજાં મધુરભાષી પક્ષીઓના શબ્દોથી શ્રવણેંદ્રિયને તે આનંદ આપતું હતું. સ્થળે સ્થળે તાપસોના આશ્રમો જોવામાં આવતાં હતાં. મુનિઓના સંચારથી ત્યાં રહેલાં વિરોધી પ્રાણીઓ પોતપોતાનાં વૈરને છોડી દેતાં હતાં. સિંહણ મૃગનાં બચ્ચાંને ધવરાવતી હતી, માર્જારી મૂષકના શરીરને પ્રેમથી ચાટતી હતી, મયૂર અને સર્પ પરસ્પર આનંદથી ક્રીડા કરતાં હતાં, શ્યેન પક્ષીની સાથે ચકલાંઓ રમતાં હતાં, અને શીકારી શ્વાન સસલાંને પંપાળતા હતા.

આવા મનોહર ઉદ્યાનમાં એક મહા મુનિ આવી અમુક સ્થળે ઉતર્યા હતા. તે કૃપાળુ અનગાર શાંત થઇ, મુનિ ધર્મની ક્રિયા આચરતા હતા, પ્રતિલેખના અને કાયોત્સર્ગ કરી, તેઓ પરમાત્માને ચિંતવતા હતા. તેમણે મુનિવેષ ધારણ કર્યો હતો, તથાપિ તેમના શરીરની શોભા અનુપમ હતી, વિશાળ લલાટ ઉપર બ્રહ્મતેજ ચળકતું હતું. પ્રત્યેક અંગ તથા ઉપાંગનું સૌંદર્ય ઉત્તમ પ્રકારનું હતું. મુખ ઉપર કરૂણાનાં કિરણો પ્રસારી રહ્યાં હતાં. મંદ હાસ્યની સાથે શાંતિનું સ્વરૂપ જણાતું હતું. તેમનું દર્શનીય સ્વરૂપ જોઇ, પ્રેક્ષકોના હૃદયમાં શાંતની સુધા પ્રસરતી હતી.

આ વખતે વણ્ પુરૂષો મોટા પરિવાર સાથે ત્યાં આવતા હતા. તેમના હૃદય મુનિનાં દર્શન કરવાને ઉત્કંઠિત હતા. મોટા આડંબરથી તેઓ મુનિના આશ્રમ પાસે આવ્યા. તે વણ્ પુરૂષો સર્વના નાયક થઇ આગળ આવ્યા. તેઓએ પાંચ અભિગમ સાચવ્યો, સચિત્ત દ્રવ્યનો ત્યાગ કર્યો. અચિત્તનો સ્વીકાર કર્યો, ખેસ વતી ઉત્તરાસંગ કરી, ગુરૂનું દર્શન થતાંજ તેમનું ઉત્તમાંગ નમ કરી, અંજલિ જોડી, છત્ર, ખડ્ગ, મુકુટ, ઉપાનહ અને ચામર, એ રાજચિન્હનો ત્યાગ કર્યો. પછી ગુરૂને વણ્ પ્રદક્ષિણા કરી, પંચ અંગ નમાવ્યાં, અને મુખથી ઉચ્ચાર એ મંગળ ઉચ્ચાર કર્યો. તેમની પછી પરિવારના લોકોએ પણ ગુરૂને વંદના કરી. સર્વ સમાજ ગુરૂની સન્મુખ ધર્મભક્તિ બતાવવાની ઇચ્છા રાખી તત્પર થઇ રહ્યો. સર્વે પોતપોતાને સ્થાને બેઠા.

વાંચનારને હૃદયમાં શંકા થઇ હશે કે, એ ઉદ્યાન કયું હશે? તે મુનિ કોણ હશે? અને તેમને વંદવાને મોટા પરિવાર સાથે આવેલા વણ્ પુરૂષો પણ કોણ હશે?

આ ઉદ્યાન તે વૈતાઢ્ય ગિરિ ઉપર આવેલું મણિચૂડક નામે વન છે, તેની નજીક

ધર્મઘોષ નામે એક જ્ઞાની મુનિ આવી ચડ્યા છે, તેમને વંદન કરવાને મણિચૂડ અને રત્નચૂડ વિદ્યાધર તથા શ્રીચંદ્રકુમાર આવી ચડેલા છે; એ સર્વ પ્રસંગોની સાથે બીજો ઘણો પરિચય છે. શ્રીચંદ્ર પોતાના સસરા રાજકુંવરની સાથે છે. ગયા પ્રકરણમાં આપણે શ્રીચંદ્રને દીપશિખા નગરીમાં મુકયો હતો, ત્યાંથી અહીં શી રીતે આવ્યો! તે જાણવાની વાંચનારને ઉત્કંઠા થાય એ સ્વાભાવિક છે.

શ્રીચંદ્રકુમાર પોતાના મોસાળની રાજધાનીમાં ઘણા દિવસ રહ્યો હતો. ચંદ્રકળાના વિરહ નિમિત્તે સંકલ્પ કરેલી કેટલીએક ચમેલી બેટી દીપચંદ રાજાએ પોતાના ભાણેજને અર્પણ કરી હતી, તે પછી તેજ સ્થળે શ્રીચંદ્રે કનકદત્તની પુત્રી રૂપવતીનું પાણિગ્રહણ કર્યું હતું. આ સદ્ગુણી સુંદરીએ પોતાનો પવિત્ર પ્રેમ નામ ઠામ સહિત ગોખમાંથી પત્ર નાખીને જણાવ્યો હતો. મોસાળની રાજધાનીમાં ઘણા દિવસ રહીને શ્રીચંદ્ર પાછો પોતાની જન્મની કુશસ્થળમાં આવ્યો હતો. કુશસ્થળની પ્રજાએ પોતાના યુવરાજનાં દર્શન કરવાને માટે ઘણો ઉત્કંઠા દર્શાવ્યો હતો. કુશસ્થળ નગરી યુવરાજના જયધ્વનિથી ગાજી ઉઠી હતી. નગરરચિત ધ્વજાઓથી, રત્ન તથા કનકના કળશોથી અને તોરણની શ્રેણીઓથી નગરીને ઘણી ઉત્સવરંગમાં આણી હતી. શેરીએ શેરીએ અટારી ઉપર ચડેલી શૃંગાર ધારી સુંદરીઓ પોતાના યુવાન રાજાને વધાવા ઉભી હતી, વાજિંત્રોના નાદના પ્રતિધ્વનીઓથી નભોમંડળ ગાજી રહ્યું હતું. મહારાજ પ્રતાપસિંહ અને યુવરાજ શ્રીચંદ્રનો મેળાપ જોઇ, પ્રજાના નયનમાંથી હર્ષાશ્રુની ધારાઓ ચાલતી હતી. આ સમયની પ્રજાની રાજભક્તિ, પ્રજાના હૃદયનો પ્રેમ અને પ્રજાની ઉત્તમ વફાદારી અલૌકિક હતી. ત્યારથી તે ૨૬ સુ- પતિ, તન્મય પ્રધાનવર્ગ અને સેવકવર્ગ આનંદસાગરની તરંગમાળામાં ઉછળતો હતો.

આવી રીતે પોતાની રાજધાની કુશસ્થળમાં શ્રીચંદ્રકુમાર આવ્યો હતો, ત્યાં પ્રથમ શરદઋતુમાં ગંભીરતા પૂર્વ પ્રવેશ કરી પોતાના બધુ જન, મિત્ર વિગેરેને તેણે બોલાવ્યા હતા. જન, મિત્ર પોતાના બન્ધુનો ઉપકાર માની પિતાને ચરણે લાગ્યા હતા. આ કાર્ય કરવાથી શ્રીચંદ્રની સત્કીર્તિમાં મોટો વધારો થયો હતો, અને તેના સદ્ગુણોના ખુલ્લા દિલથી વખાણ કરવામાં આવતા હતા.

આ અરસામાં વિદ્યાધર મણિચૂડ અને રત્નચૂડ, કે જેઓ મેરુ પર્વત ઉપર વિદ્યા સાધવાને ગયા હતા, તેઓ પોતાના પાતાળ નગરમાં આવ્યા, ત્યાં તેમણે ખબર સાંભળ્યા કે, કુશસ્થળના યુવરાજ શ્રીચંદ્રકુમાર પોતાની રાજકન્યાને પરણી ગયા. આવા ખબર સાંભળી તેઓ ઘણા હર્ષ પામ્યા, અને તરત શ્રીચંદ્રને મળવાને વિમાનમાં બેસી કુશસ્થળપુરીમાં આવ્યા. ત્યાં આવી તેમણે પોતાની ઓળખ આપી, અને શત્રુઓને જીતવામાં સહાય કરવાને શ્રીચંદ્રની પ્રાર્થના કરી. જેથી તે કાર્ય કરવાનું વચન આપ્યું હતું. એથી શ્રીચંદ્ર પોતાનું વચન સફળ કરવાને પોતાનાં બન્ને માતાપિતા અને બધી પત્નીઓનો પરિવાર લઇ વિમાનમાં બેસી પાતાળ નગરમાં ગયો હતો. ત્યાં આવી યુદ્ધની સામગ્રી લઇ, ધ્યા વૈતાઢ્ય પર્વત ઉપર ગયાં

વિજયને સૂચવનારાં વાજિંત્રોના ધ્વનિઓથી વનભૂમિને ગજાવતાં તેઓ આ મણિભૂષણ વનમાં આવ્યાં હતાં, ત્યાં તેમણે વનચરના મુખથી સાંભળ્યું કે, અહીં ધર્મઘોષ આચાર્ય આવેલા છે. આ ખબર જાણી શ્રીચંદ્ર બંને વિદ્યાધરોને સાથે લઇ બીજા સર્વ પરિવારથી વીંટાઇને અહીં આચાર્ય વંદના કરવા આવેલો છે. આટલું જાણી હવે વાચનારના હૃદય ઉપર સારું અજવાળું પડયું હશે. આ સમયે પૃથ્વી ઉપર ધર્મઘોષ મુનિ ઘણા પ્રખ્યાત આચાર્ય હતા. તેમણે પોતાના ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનથી ઇતર મતના વાદીઓને પરાભૂત કર્યા હતા. તેમને ઘણા રાજાઓ મોટા આડંબરથી વાંદવાને આવતા હતા. શ્રીચંદ્ર, મણિચૂડ, અને રત્નચૂડ વિગેરે બધો પરિવાર આચાર્યની સન્મુખ વિનયથી બેઠો, તે વખતે સ્ત્રીઓ વિગેરે વિદ્યાધરો પણ તેમને વંદના કરવાને આવ્યા હતા. સર્વ સમાજમાં પ્રતાપી શ્રીચંદ્ર નાયકરૂપે દેખાતો હતો. ગુરૂના મુખની ઉપદેશ વાણી સાંભળવાને તે ઇંતેજારી રાખી રહ્યો હતો.

ઉપકારી આચાર્ય મહારાજ સકળ સમાજને ધર્મશ્રવણમાં ઉત્સુક જોઇ, અતિ પ્રસન્ન થયા. તેમની દ્રષ્ટિ શ્રીચંદ્રની ઉપર પડતાં તેમણે જાણ્યું કે, આ પુરૂષ પુણ્યનો રાશિ છે. દેશના સાંભળવામાં જે બુદ્ધિના આઠ ગુણ કહેલા છે, તે બધા આ ધર્મવીર પુરૂષમાં દેખાઇ આવે છે. શુશ્રૂષા શ્રવણ, ગ્રહણ, ધારણા, ઉહ, અપોહ, વિચાર અને અર્થજ્ઞાન, એ બુદ્ધિના આઠ ગુણ કહેવાય છે. ગુરૂની સેવા અથવા સાંભળવાની ઇચ્છા તે શુશ્રૂષા કહેવાય છે. સાંભળવું અને સાંભળેલું ગ્રહણ કરવું તે ગ્રહણ, જે ગ્રહણ કરેલું હોય તેને ધારવું, તે ધારણા. તેનો તર્ક કરી નિશ્ચય કરવો તે ઉહા. સાંભળતા તેજની કોઇ ચેષ્ટા કરવી તે અપોહ, સાંભળેલાનો વિચાર કરવો તે વિચાર, અને કહેલા અર્થનું જાણવું તે અર્થજ્ઞાન, આ બુદ્ધિના આઠ ગુણ ગુરૂએ શ્રીચંદ્રમાં જોયા હતા.

આચાર્યે પ્રસન્ન હૃદયથી દેશનાનો આરંભ કર્યો. પ્રથમ તેઓ તપસ્યાના પ્રભાવનું વર્ણન કરવાને નીચેનો શ્લોક બોલ્યાઃ—

शिखरिणी.

न नीचैर्जन्मस्यात्तमवति न रोग व्यतिकरो-
नचाप्यज्ञानत्वं विलसति न दारिद्यलसितम् ।
पराभूतिर्नैस्यात् किमपि न दुरापंकिल्ययत-
स्तदेवेष्टमाप्तौ कुरुत निजशक्त्यापि सुतपः ॥ १ ॥

હે ભવિ પ્રાણીઓ ! તમે તમારી શક્તિ પ્રમાણે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિને માટે તપ કરો. જે તપના પ્રભાવથી નીચ કુળમાં જન્મ થતો નથી, રોગ ઉત્પન્ન થતો નથી,

અજ્ઞાન રહેતું નથી, દારિદ્ર આવતું નથી, રોગનાથી પરાભવ થતો નથી, અને કાંઇ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી. ૨

આ શ્લોક કહ્યા પછી મુનિએ વિશેષમાં જણાવ્યું—ભવ્ય જીવો ! તપસ્યાનો પ્રભાવ એવો ઉત્તમ છે. પરોક્ષરીતે તેનો પ્રભાવ તમને કહેવામાં આવ્યો છે, પણ જો તેનો પ્રભાવ પ્રત્યક્ષ જાણવો હોય તો, તે પણ અહિંજ છે. જુઓ, આ કુમાર શ્રીચંદ્ર, કે જેનો પ્રબળ પ્રભાવ પૂરતી રીતમાં પ્રસરી રહ્યો છે, જેનું ચરિત્ર આખી જગતના મહા પુરુષો પણ આશ્ચર્ય પામ્યા છે, અને પામે છે, તે શ્રીચંદ્ર આવી સ્થિતિએ આવ્યા, તેનું કારણ પૂર્વ ભવે કરેલી તપસ્યાથી તેનું ચરિત્ર લોકોત્તર થયું છે.

આચાર્યનું આ વચન સાંભળી સર્વ સભાજન આશ્ચર્ય પામી ગયા. તેમાં પણ સર્વાનાથી શ્રીચંદ્રના હૃદયમાં વિશેષ કૌતુક ઉત્પન્ન થયું. તે વખતે સુધીર વિદ્યાધર વિનયથી બોલી ઉઠ્યો. સ્વામી ! આપનું કહેવું યથાર્થ છે. તપના પ્રભાવ વિના આવી પ્રબળ પુણ્યરાશી થાય નહીં. શ્રીચંદ્રકુમારે સર્વ જગતને ચકિત કરી નાખ્યું છે. દેવતાને દુર્લભ એવી સંપત્તિઓ પણ તેણે અલ્પમાત્રમાં સાધી છે. જે વસ્તુ અનેક વિઘ્ન ભરેલી હોય, અને જે પ્રાપ્ત કરવામાં મરણને શરણ થવું પડે તેવું હોય, તેવી વસ્તુ પણ આ મહાવીર કુમારે ક્ષણવારમાં મેળવેલી છે. તેમજ તે નરના પુણ્ય યોગે આ મહારાજા પ્રતાપસિંહ જેવા પિતા, સૂર્યવતી માતા, ચંદ્રકલા વિગેરે વધૂઓ અને ગુણચંદ્ર જેવા મિત્ર પ્રાપ્ત થયા છે. આથી અમને ખાત્રી થાય છે કે, પ્રથમ શ્રીચંદ્રે પૂર્વે કાંઇ પણ તપ કરેલું હોવું જોઇએ.

પુનઃ શ્રીચંદ્ર બોલ્યો—ગુરુવર્ય ! મેં પૂર્વે શું તપ કર્યું હતું ? તે જાણવાની ઇચ્છા છે, તો આપ કૃપા કરી જણાવશો. તે સાંભળી આચાર્ય તત્કાળ નીચેની ગાથા ઉંચે સ્વરે બોલ્યાઃ—

परवय खिचंमि चंदण भवंमिणुरेण तवस्स माइप्पा ।
अच्चुय इंदो जाओ तह रायाहि राय सिरिचंदो ॥ १ ॥

" હે શ્રીચંદ્ર ! પ્રથમ ઐરવત ક્ષેત્રમાં આગળથી ત્રીજે ભવે તું મનુષ્યભવ પામ્યો હતો, ત્યાં ચંદનશ્રીજ નામ કરી તેં આંબિલવર્ધમાન નામે તપ કર્યું હતું, ત્યાંથી મૃત્યુ પામી અચ્યુતેંદ્ર થયેલ અને તે પછી આ શ્રીચંદ્ર થયો છું."

આ પ્રમાણે સંક્ષેપથી પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળી શ્રીચંદ્રે અંજલી જોડી વિનંતિ કરી, સ્વામી ! કૃપા કરી તે વૃત્તાંત વિસ્તારથી સંભળાવો. શ્રીચંદ્રની વિનંતિથી અને બીજા શ્રોતાઓને ઉપકાર થશે, એવી ધારણાથી આચાર્યે શ્રીચંદ્રના પૂર્વ ભવનો વૃત્તાંત નીચે પ્રમાણે કહેવા માંડ્યો —

વિજયને સુચવનારાં વાજિંત્રોના ધ્વનિઓથી વનભૂમિને ગજાવતાં તેઓ આ મણિભૂષણ વનમાં આવ્યાં હતાં, ત્યાં તેમણે વનચરના મુખથી સાંભળ્યું કે, અહીં ધર્મઘોષ આચાર્ય આવેલા છે. આ ખબર જાણી શ્રીચંદ્ર બંને વિદ્યાધરોને સાથે લઇ બીજા સર્વ પરિવારથી વીંટાઇને અહીં આચાર્ય વંદના કરવા આવેલો છે. આટલું જાણી હવે વાંચનારના હૃદય ઉપર સારું અજવાળું પડ્યું હશે. આ સમયે પૃથ્વી ઉપર ધર્મઘોષ મુનિ ઘણા પ્રખ્યાત આચાર્ય હતા. તેમણે પોતાના ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનથી ઇતર મતના વાદીઓને પરાભૂત કર્યા હતા. તેમને ઘણા રાજાઓ મોટા આડંબરથી વાંદવાને આવતા હતા. શ્રીચંદ્ર, મણિચૂડ, અને રત્નચૂડ વિગેરે બધો પરિવાર આચાર્યની સન્મુખ વિનયથી બેઠો, તે વખતે રત્નાંગ વિગેરે વિદ્યાધરો પણ તેમને વંદના કરવાને આવ્યા હતા. સર્વ સમાજમાં પ્રતાપી શ્રીચંદ્ર નાયકરૂપે દેખાતો હતો. ગુરૂના મુખની ઉપદેશ વાણી સાંભળવાને તે ઇંતેજારી રાખી રહ્યો હતો.

ઉપકારી આચાર્ય મહારાજ સકળ સમાજને ધર્મશ્રવણમાં ઉત્સુક જોઇ, અતિ પ્રસન્ન થયા. તેમની દ્રષ્ટિ શ્રીચંદ્રની ઉપર પડતાં તેમણે જાણ્યું કે, આ પુરૂષ પુણ્યનો રાશિ છે. દેશના સાંભળવામાં જે બુદ્ધિના આઠ ગુણ કહેલા છે, તે બધા આ મનસ્વીર પુરૂષમાં દેખાઇ આવે છે. શુશ્રૂષા શ્રવણ, ગ્રહણ, ધારણા, ઉહ, અપોહ, વિચાર અને અર્થજ્ઞાન, એ બુદ્ધિના આઠ ગુણ કહેવાય છે. ગુરૂની સેવા અથવા સાંભળવાની ઇચ્છા તે શુશ્રૂષા કહેવાય છે. સાંભળવું અને સાંભળેલું ગ્રહણ કરવું તે ગ્રહણ, જે ગ્રહણ કરેલું હોય તેને ધારવું, તે ધારણા. તેનો તર્ક કરી નિશ્ચય કરવો તે ઉહા. સાંભળતાં તેની કોઇ ચેષ્ટા કરવી તે અપોહ, સાંભળેલાનો વિચાર કરવો તે વિચાર, અને કહેલા અર્થનું જાણવું તે અર્થજ્ઞાન, આ બુદ્ધિના આઠ ગુણ ગુરૂએ શ્રીચંદ્રમાં જોયા હતા.

આચાર્યે પ્રસન્ન હૃદયથી દેશનાનો આરંભ કર્યો. પ્રથમ તેઓ તપસ્યાના પ્રભાવનું વર્ણન કરવાને નીચેનો શ્લોક બોલ્યાઃ—

शिखरिणी.

न नीचैर्जन्मस्यात्नभवति न रोग व्यतिकरो-
नचाप्यज्ञानत्वं विलसति न दारिद्र्यलसितम् ।
पराभूतिर्नस्यात् किमपि न दुरापंकिलयत-
स्तदेवेष्टप्राप्तौ कुरुत निजशक्त्यावै सुतपः ॥ १ ॥

હે ભવિ પ્રાણીઓ ! તમે તમારી શક્તિ પ્રમાણે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિને માટે તપ કરો. જે તપના પ્રભાવથી નીચ કુળમાં જન્મ થતો નથી, રોગ ઉત્પન્ન થતો નથી.

ચંદનનો પ્રેમ અંશ પણ ઘટ્યો નહીં. એક વર્ષ સુધી ગઢ જોઈ, પછી ચંદનના પુણ્ય દિવ્ય પાપને નિષ્ફળ કરે. લોકાપવાદને કારણે ધીરજની અનુપમે ચિત્તનો વેગ ધર્યો, પતિના ઘરથી અહીંથી ઠરીને પુત્ર થઈ ગયું, અને તેજ ચિત્તમાં તે વન દિન ધર્મ લાગ્યો: વળી અહીંથી અગ્નિ એકનિષ્ઠાથી અર્હંત ધર્મની ઉપાસના પણ કરતી હતી.

એક વર્ષે કૃપાપુર આવેલો ચંદન પોતાના નગરમાં આવ્યો, તેને જોઈ માત-પિતા પ્રમુખ પુરીજનો વિસ્મય પામી અહીંથી અભય થઈ. આ ઉત્તમ નિમિત્તે ચંદન મંત્રીએ મોટા ઉત્સવથી પ્રવેશ ઉત્સવ કર્યો, અને અનેક લોકોમાં પ્રગટ તથા અનુમોદન આપ્યાં. એમ ચંદનને ઉત્તમ આવેલો જોઈ, અહીંથીનું ધર્મધ્યાન સારૂં કરવા લાગ્યા.

વળી કેટલોક કાળ ગયા પછી નરેન્દ્રકુમાર રાજા થયો, ચંદન મંત્રી થયો, તેમ જ તે નગરનો પણ થયો. આ અવસરમાં જ્ઞાનસૂરિ નામે એક મુનિરાજ તે નગરમાં આવી સમસ્ત મુનિજનોનાં દર્શન કરવાને રાજા નરેન્દ્ર, મંત્રી ચંદન તથા રાજકુંવર તેને વંદના કરવાને આવ્યાં, તેમની સાથે નગરના શ્રાવક અને શ્રાવિકા લોકોનાં પણ ટોળેટોળાં આવવા લાગ્યાં. દેશી પરિષદ અને ચંદનની સ્ત્રી અહીંથી પણ ત્યાં આવી હતી. સર્વ બેઠા બાદ પછી મુનિવરે નીચે પ્રમાણે ધર્મોપદેશ આપ્યો.

नवनादिव नवनीतं पुष्पादिव परिमलं जलधेः ।
मुक्ताफलमिव संसारात् धर्मः सारं मनुष्यभवात् ॥ १ ॥
संसारे मानुष्यं सारं मानुष्यके च कौलीन्यम् ।
कौलीन्ये धर्मित्वं धर्मित्वे चापि सदयत्वम् ॥ २ ॥

ઉદધિમાંથી જેમ માખણ સાર છે, પુષ્પમાંથી જેમ સુગંધ સાર છે, અને સમુદ્રમાંથી જેમ મુક્તાફળ સાર છે. તેમ મનુષ્ય ભવમાંથી ધર્મ સાર છે. સંસારમાં સાર મનુષ્યપણું છે, મનુષ્યપણામાં કુળવાનપણું સાર છે. કુળવાનપણામાં ધર્મીપણું સાર છે, અને ધર્મીપણામાં દયાળુપણું સાર છે.

આ પ્રમાણે દેશના આપી: પછી રાજા નરેન્દ્રે વિનયથી પૂછ્યું: સ્વામી! આ મંત્રી ચંદનને કયા કર્મથી અહીંથીનો વિયોગ થયો, અને પાછો કયા ધર્મથી મેળાપ થયો? તે કૃપા કરી કહો. પછી કૃપાળુ મુનિવર નીચે પ્રમાણે બોલ્યા—

અહીં સર્વ પશ્ચિમ દિશામાં હવે, મેરપર્વત પાસે ... વન, ... ચૌરાસ વર્ષ

આ જંબૂદ્વીપના વિદેહ ક્ષેત્રમાં પૃથ્વી નામે નગરી છે. ત્યાં જયદેવ નામે
રાજા હતો. તેણે પોતાના પરાક્રમથી શત્રુઓને વશ કરી લીધા હતા. તેને જયાદેવી
રાણી હતી અનુક્રમે ગૃહસ્થાવાસ ભોગવતાં તેમને **નરદેવ** નામે એક પુત્ર થયો.
જયદેવને **વર્દ્ધન** નામે એક મંત્રી હતો. તેની સ્ત્રીનું નામ **વલ્લભાદેવી** હતું. તેને ચ
નામે પુત્ર થયો હતો. મંત્રી વર્દ્ધન ઘણો ગુણી હતો, અને તેથી તે રાજાનો પ્રિયમિત્ર
પડયો હતો. રાજકુમાર નરદેવ અને મંત્રિપુત્ર ચંદન એ બંને સાથે રહેતા હતા.
વય થતાં તેમને એકજ નિશાળમાં કોઇ પંડિતની પાસે ભણવા બેસાર્યા, અનુક્રમે તે
સર્વ કળામાં કુશળ થયા, બંને સરખાજ પ્રીતિ અને સરખી વિદ્વતાને ધારણ કર
થયા. એમ કરતાં તેઓ બંને યૌવનવયને પ્રાપ્ત થયા.

ક્ષિતિપ્રતિષ્ટિત નગરમાં **પ્રજાપાળ** નામે એક રાજા છે, તેને **દેવી** નામે રા
થી **અશોકશ્રી** નામે પુત્રી થઇ હતી. એ રાજકુમારી ભ્રમરીની જેમ યૌવન વય
પુષ્પને પ્રાપ્ત કરી, ખીલી નીકળી હતી. અશોકશ્રીનું અનુપમ અને ચમત્કારી સૌંદર્ય જો
રાજા પ્રજાપાળે તેનો સ્વયંવર કરવાનો નિશ્ચય કર્યો. સ્વયંવરની કુંકુમપત્રિકાઓ
સ્થળે મોકલવામાં આવી. આ પ્રસંગ ઉપર કુમાર નરદેવ પોતાના મિત્ર ચંદનને લ
તેણીના સ્વયંવરમાં આવ્યો. વિવિધ દેશના રાજાઓ સ્વયંવર મંડપમાં એકઠા થ
રાજકુમારી અશોકશ્રી પૂર્વ જન્મના સંબંધથી સર્વ રાજકુમારોને છોડી, મંત્રીપુત્ર ચ
નને વરી. કુમાર નરદેવ તે જોઇ, મનમાં હર્ષ પામ્યો. ચંદન રાજકન્યાને વરી ઘેર આવ્યો
તે વાત પ્રજાપાળ રાજાએ જાણી. પછી તેણે **શ્રીકાંતા** નામે પોતાની એક ભાણેજ
નરદેવની સાથે પરણાવી. તે વિવાહ મોટા ઉત્સવથી કરવામાં આવ્યો. બંને મિત્રો સાથે
નવવધૂના શૃંગાર સુખના સંપાદક થયા.

મંત્રીપુત્ર ચંદનને પરણે જ્યારે ૭ માસ થયા, એટલે પૂર્વ કર્મના ઉદયથી તે
દેશાંતર જવાનો વિચાર થયો. સેવા વૃત્તિને ધિક્કારનારો ચંદન, વ્યાપાર વૃત્તિથી પોતાન
ઉદય કરવા પિતાની આજ્ઞા લઇ, સમુદ્ર માર્ગે ચાલી નીકળ્યો.

ચતુર ચંદને પોતાની સાથે પાંચ વહાણુ લીધાં હતાં, તે રત્નદ્વીપમાં આવ્યો
ત્યાં વેપાર કરતાં તેને અનગળ દ્રવ્યનો લાભ મળ્યો, ત્યાંથી તે કોણપપુરમાં આવ્યો,
આવતા સમુદ્ર માર્ગમાં તોફાન થયું. તોફાનમાં ચંદનનું વહાણુ ડુબી ગયું, દૈવયોગે એ
પાટીયું ચંદનને હાથ આવ્યું. બીજાં જે ચાર વહાણુ હતાં, તે દૈવયોગે શબર મંદિરમ
તણાતાં ગયાં. તે સ્થળે મુક્તાફળ ઉત્પન્ન થતાં હતાં, જેનાથી તે વાહાણુ પુરાઇ ગયાં
ચંદન પાટીયાનાં સાધનથી બાર વર્ષે કોણપપુરને કાંઠે આવ્યો.

ચંદનના વહાણુમાંથી એક બીજો માણસ પણ પાટીયું લઇને નીકળી ગયો હતો
તે ફરતો ફરતો પૃથ્વી નગરમાં આવ્યો. તેણે ચંદનનાં વહાણુ ડુબવાની વાર્તા તેને ઘે
જણાવી, આથી ચંદનનાં માતાપિતા અને તેની સ્ત્રી અશોકશ્રી ઘણાં દુઃખીયાં થયાં. ચંદ
નના પિતા વર્દ્ધન મંત્રીએ બીજાં વહાણો મોકલી, સમુદ્રમાં ચંદનની શોધ કરાવી, પણ

ચંદનનો પત્તો ક્યાંય પણ લાગ્યો નહીં. સાત વર્ષ સુધી રાહ જોઈ, પછી ચંદનના મૃત્યુ વિષે બધાને નિશ્ચય થયો. લોકાપવાદને લઈને શીળવતી અશોકશ્રીએ વિધવાનો વેષ ધારણ કર્યો, પતિના શોકથી અશોકશ્રી શરીરે કૃશ થઈ ગઈ, અને તેજ ચિંતામાં તે રાત દિવસ રુદન કરવા લાગી; પણ અશોકશ્રી પ્રતિદિન એકનિષ્ઠાથી આર્હત ધર્મની ઉપાસના પણ કરતી હતી.

બાર વર્ષે કોશ્યપુર આવેલો ચંદન પોતાના નગરમાં આવ્યો, તેને જોઈ માતા-પિતા પર્યંત ખુશી થયાં. વિયોગ ભાગેલી અશોકશ્રી પ્રસન્ન થઈ. આ ઉત્સવ નિમિત્તે વર્ધન મંત્રીએ મોટા ઉત્સવથી ધાર્મિક ઉત્સવો કર્યા, અને અનેક પ્રકારનાં પ્રદાન તથા અનુકંપાદાન આપ્યાં. લોક ચંદનને ફરીને આવેલો જોઈ, અશોકશ્રીનું ધર્મરૂપ કલ્પવૃક્ષ સફળ થયું, એમ કહેવા લાગ્યા.

પછી કેટલેક કાળ ગયા પછી નરદેવકુમાર રાજા થયો, ચંદન મંત્રી થયો, તેમજ તે નગરશેઠ પણ રહ્યો. આ અરસામાં જ્ઞાનસૂરિ નામે એક મુનિરાજ તે નગરમાં આવી ચડ્યા. મુનિરાજનાં દર્શન કરવાને રાજા નરદેવ, મંત્રી ચંદન તથા રાજકુટુંબ અને મંત્રીકુટુંબ તેને વંદના કરવાને આવ્યું, તેમની સાથે નગરના ધાર્મિક અને આસ્તિક લોકો-નાં પણ ટોળેટોળાં આવવા લાગ્યાં. રહેલી સ્ત્રીઓ અને ચંદનની સ્ત્રી અશોકશ્રી પણ ત્યાં આવ્યાં હતાં. સર્વ વંદન કરી રહ્યા પછી મુનિવરે નીચે પ્રમાણે ધર્મદેશના આપી.

दध्नादिव नवनीतम् पंकादिव पद्ममृतं जलधेः ।
मुक्ताफलमिव वंशात् धर्मः सारं मनुष्यभवात् ॥ १ ॥
संसारे मानुष्यं सारं मानुष्यके च कौलीन्यम् ।
कौलीन्ये धर्मित्वं धर्मित्वे चापि सदयत्वम् ॥ २ ॥

દહીંમાંથી જેમ માખણ સાર છે, કાદવમાંથી જેમ કમળ સાર છે, સમુદ્રમાંથી જેમ અમૃત સાર છે, અને વાંસમાંથી જેમ મુક્તાફળ સાર છે, તેમ મનુષ્ય ભવમાંથી ધર્મ સાર છે. સંસારમાં સાર મનુષ્યપણું છે, મનુષ્યપણામાં કુળવાનપણું સાર છે, કુળવાનપણામાં ધર્મીપણું સાર છે, અને ધર્મીપણામાં દયાળુપણું સાર છે.

આ પ્રમાણે દેશના આપી; પછી રાજા નરદેવે વિનયથી પૂછ્યું, સ્વામી ! આ મંત્રી ચંદનને ક્યા કર્મથી ભાર્યાનો વિયોગ થયો, અને વળી ક્યા ધર્મથી યોગ થયો ! તે કૃપા કરી બતાવો. પછી કૃપાળુ મુનિવર નીચે પ્રમાણે બોલ્યા:—

ઇતિ સર્વ ધર્મિક વિષયમાં હશે, મેરુપંત ... ... અંબ ચીરાગ ...

જાય, અને કમળ પર્વતની શિલા ઉપર ઉગે, તોપણ ભાવી કર્મની રેખા ફરતી નથી. પર્વતના શિખર ઉપર જાઓ, સમુદ્રનું ઉલ્લંઘન કરીને પાતાળમાં જાઓ, તોપણ વિધિએ લલાટમાં જે લખ્યું હોય, તે થાય છે; રાજાથી કાંઇ થતું નથી. સુખ દુઃખ કરવામાં પોતા સિવાય બીજું કોઇ કારણ નથી. જે સુકૃત તથા દુષ્કૃતનો કરનાર આત્મા છે, તેજ તેમાં કારણ છે. કોટી કલ્પે પણ કરેલાં શુભાશુભ કર્મને ભોગવ્યા વિના છુટકો નથી, માટે કરેલાં શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાં પડે છે. કર્મને માટે લૌકિક શાસ્ત્રમાં એક નીચેનો શ્લોક લખે છે:—

ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्मांडभांडोदरे—
विष्णुर्येन दशावतारगहने क्षिप्तः पुनः संकटे ।
रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं कारितः—
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥ १ ॥

" જે કર્મે આ બ્રહ્માંડરૂપ પાત્રને બનાવવામાં બ્રહ્માને કુંભારની જેમ કબજે કર્યો છે, જે કર્મે વિષ્ણુને દશ અવતાર લેવાના સંકટમાં નાખ્યો, જે કર્મે શંકરને હાથમાં ખોપરી લઈ ભિક્ષા માગવાને ફેરવ્યો, અને જે કર્મથી સૂર્ય ગગનમાં ભમ્યા કરે છે, તેવાં કર્મને નમસ્કાર છે. "

આ પ્રમાણે દેશના આપી જ્ઞાનસૂરિએ મંત્રી ચંદન શેઠના પૂર્વ ભવની વાત જણાવી. મંત્રીશ્વર ! આથી ત્રીજે ભવે તું સુલસ નામે શેઠ હતો, અને આ અશોકા કોઇ કુળપુત્રની ભદ્રા નામે કન્યા હતી. સુલસ અને ભદ્રા બન્ને પરણ્યાં, તે અવસ્થામાં તેમણે વિયોગ નિમિત્તનું કર્મ બાંધ્યું હતું. તેથી સુલસને ભદ્રાની સાથે ચોવીશ વર્ષનો વિયોગ થયો હતો.

એક વખતે કોઇ પુરૂષ કુવામાં પડી ડુબતો હતો, તેવે વખતે સુલસ ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો. તે પુરૂષને ડુબતો જોઇ સુલસના હૃદયમાં દયા ઉપજી; તરતજ તેણે દોરી નાંખી તે માણસને કુવામાંથી બહાર કાઢ્યો. આ પ્રયોગથી તેણે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. પછી સુલસે પોતાની સ્ત્રી ભદ્રાની સાથે રહી, પાંચસો આંબેલ કર્યાં હતાં. આંબેલ તપના મહાન્ પ્રભાવથી તેઓએ પ્રભાવિક પુણ્ય ઉપાર્જન કર્યું. દૈવયોગે તે બન્ને કાળધર્મને પ્રાપ્ત થયાં. પુણ્યના સર્વોત્તમ પ્રભાવથી તેઓ બન્ને દેવલોકમાં ગયાં, દેવલોકનું સુખ સંપાદન કરી ત્યાંથી ચવીને સુલસનો જીવ આ ચંદન થયો છે, અને ભદ્રાનો જીવ આ અશોકશ્રી થયો છે. પૂર્વ ભવના સંબંધથી અશોકશ્રી રાજપુત્રી છતાં, આ ચંદન શેઠને વરી છે. પૂર્વનાં અવશેષ રહેલાં બીજાં કર્મને લઇને આ ચંદન અને અશોકશ્રીને વિયોગ રહ્યો હતો. જે પુરૂષને તેણે કુવામાંથી બાહેર કાઢ્યો હતો, તેણે ઘણી તપસ્યા કરી હતી, તેથી તે મૃત્યુ પામીને આ નરદેવ રાજા થયો છે. પૂર્વના ઉપકારને લઇને તેની ચંદનની સાથે મૈત્રી થઇ છે.

મુનિવરનાં આ વચન સાંભળી સર્વ સમાજ ચકિત થઈ ગયો. પવિત્ર હૃદયવાળા ચંદનના મનમાં વધારે વધારે અસર થઈ. તેનાથી પૂર્વ ભવ સ્મર્યો. તેની મનોવૃત્તિ અર્હંત ધર્મ તરફ સ્થિર આકર્ષાવા લાગી. તેના હૃદય ઉપર શ્રેષ્ઠીજીના સત્કારની જેમ સારી રીતે અસર થયું. જૈન મુનિવરોની તરફ તેની અત્યંત ભક્તિ વધવા લાગી. પછી મુનિને વિનયથી નમન કરી, ચંદન અંજલિ જોડી બોલ્યો—"કૃપાળુ મુનીશ્વર ! આપે મારા હૃદયનું અંધકાર દૂર કર્યું છે, અજ્ઞાનના મલિન પંકમાંથી મારો ઉદ્ધાર કર્યો છે. ઉપદેશ રૂપી અમૃતથી મારા અંતરમાં ધર્મની રૂચી પ્રગટ થઈ છે. મારા પૂર્વભવના જ્ઞાન તરફ પૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે. સ્વામી ! મારે આપને એટલુંજ પુછવાનું છે, કે હવે મુનિવરોના હિત માટે ભોગવવાનાં કર્મ બાકી છે કે નહીં ? જો તે કર્મ ભોગવવાનાં બાકી હોય, તે જેવી રીતે તે કર્મમાંથી મારો છુટકારો થાય, તેવો ઉપાય બતાવો. આપ પરોપકારી છો, આપની તપસ્યાના પ્રભાવથી અનેક જીવોનો ઉદ્ધાર થાય છે. આપની દેશનાએ મારા હૃદયને આનંદ પ્રાપ્ત કર્યો છે. મારા અંતરનું તત્વ આપે શુભ ગવેષ રત્નની જેમ મને પ્રત્યક્ષ કર્યું છે. પૂજ્ય મહારાજ ! મને કર્મરૂપિનો મહાન ભય છે. મને એ ભયમાંથી મુક્ત કરો."

ચંદનની આવી પ્રાર્થના સાંભળી, મુનીશ્વરના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ આવી. કૃપાળુ અણગાર હસતા હસતા બોલ્યા—"ભદ્ર ! તારા હૃદયની નિર્મળતા જોઈ મને આનંદ થાય છે, તું ખરેખર ઉપદેશને પાત્ર છું. તારા જેવા શ્રાવકને જોઈ ઉપદેશકને પરમ શાન્તિ થાય છે. ધર્માત્મા ! જો તારે કર્મના કઠોર કષ્ટમાંથી મુક્ત થવું હોય, તો એક સર્વોત્તમ ઉપાય છે. આંબેલ વર્ધમાન તપનું તું આચરણ કર, એ તપ તપસ્યામાં પ્રખ્યાત છે. કર્મરૂપ વૃક્ષોને નષ્ટ કરવામાં તે ખરેખર કુહાડી છે. પ્રત્યક્ષ શાસ્ત્રને પ્રકાશન કરનાર નિર્ગ્રંથ વર્ણવે છે. આંબિલ તપના પ્રભાવથી ઘણાં પ્રાણીઓ પરમ સિદ્ધિએ પહોંચ્યા છે. આંબેલના તપરૂપ તરણીના પ્રકાશથી અજ્ઞાન અંધકારનો નાશ થઈ જાય છે. પવિત્ર આ તપમાં અનુક્રમે ચઢવાથી એવી ભાવ છે, તેના સંપૂર્ણપણામાં ઉપવાસ આવે છે. એ શ્રેણીના ક્રમથી કરેલી તપસ્યા મોક્ષપદને આપે છે. મોક્ષરૂપ રાજ્યલક્ષ્મીની એ નિસરણી છે. ભદ્ર ચંદન ! તમે અને આ પ્રિયા એ તપસ્યાનો આરંભ કરો. મન, વચન અને કાયાની શુદ્ધિથી એ મહા તપની આરાધના કરો, જેથી તમારે અવશેષ કર્મ ભોગવવાં પડશે નહીં."

મુનિવરનાં આવાં વચન શ્રવણ કરી, ચંદન અને ભદ્રાએ તે મહા તપનો આરંભ કર્યો. નિર્ધન વણકરની તે તપસ્યા તેમણે એક નિષ્ઠાથી આરાધવા માંડી. ચંદન શેઠને ઘેર હરિ નામે એક સેવક હતો, અને બીજી તેની એક ધર્મમાતા દાસી હતી, તેમજ તેના પાડોશની બીજી સેવા કરનારી સ્ત્રીઓ હતી, તે બધાએ આ દંપતિની સાથે આંબેલ તપની આરાધના કરવા માંડી. એ ઉગ્ર તપસ્યા તેમણે નિષ્કામપણાથી અને પવિત્ર બુદ્ધિથી આચરી હતી. દેહ, દ્રવ્ય, પુત્ર અને બીજા મોહ પદાર્થોની કંઈપણ જરાપણ રાખ્યા નહીં. રસનો ત્યાગ કરી,

રસના ઇંદ્રિયને વશ કરી, તેમણે રૂક્ષ આહાર કરવા માંડયો. સંયમથી સર્વ ઇંદ્રિયોને તાબે કરી, હૃદયમાં સંવેગનો રંગ પ્રગટ કર્યો. એ મહા તપસ્યાને તેના મિત્ર નરદેવે હૃદયથી અનુમોદન આપ્યું હતું. વિધિથી તપનું પારણું કરી, તેમણે એ મહા તપનું ઉદ્યાપન કર્યું. પૂર્ણ વિધિથી કરેલા ઉદ્યાપનને પ્રસંગે સાત ક્ષેત્રોમાં અગણિત દ્રવ્યનો વ્યય કર્યો, તે પ્રસંગે પાત્રદાન અને અનુકંપાદાન ઘણી ઉદારતાથી કરવામાં આવ્યાં. આથી કરીને તેમને પુણ્યનું પોષણ અને અશુભનું શોષણ થયું, અને કર્મથી નિર્મળ થયાં. છેવટે બંને દંપતી સંયમ લઇ મૃત્યુ પામ્યાં. પુણ્યવાન્ ચંદન અચ્યુતેંદ્ર થયો, અને ભદ્રા સામાનિક દેવતા થઇ.

ધર્મઘોષ મુનિ કહે છે—હે શ્રીચંદ્ર ! તે ચંદનશેઠનો જીવ અચ્યુતેંદ્રપણાથી ચવીને તું શ્રીચંદ્ર થયો. તારો મિત્રરૂપ સામાનિક દેવતા થયેલ ભદ્રાનો જીવ ત્યાંથી ચવીને આ ચંદ્રકળારૂપે તારી સ્ત્રી થઇ અવતર્યો. પૂર્વ ભવના સ્નેહથી તેણીએ તારીપર પરમ પ્રેમ ધારણ કર્યો હતો. જે નરદેવ હતો, તે કેટલાએક ભવમાં ભમીને સિંહપુરમાં ધરણ નામે બ્રાહ્મણ થઇ અવતર્યો, તે ભવે સત્રુંજય તીર્થની સેવા કરતાં મૃત્યુ પામીને આ શ્રીચંદ્રનો મિત્ર ગુણચંદ્ર થયેલ છે. પેલો હરિદાસ અને ધાવમાતા મૃત્યુ પામીને પૂર્વના પુણ્યયોગે આ લક્ષ્મીદત્ત શેઠ અને લક્ષ્મીવતી થઇ અવતર્યાં છે, જેમણે પૂર્વના સ્નેહ સંબંધને લઇ શ્રીચંદ્રનું પાલનપોષણ કર્યું હતું. પેલી પાડોશીની સોળ સ્ત્રીઓ આંબેલ તપના પ્રભાવથી મૃત્યુ પામીને દેવતા થઇ, ત્યાંથી ચવીને તેઓ આ ભવે રાજપુત્રીઓ થઇ, શ્રીચંદ્રની પ્રેમવતી સોળ સ્ત્રીઓ થઇ છે, સુલસના ભવમાં જે યોગિની વેસ્યા હતી, તે મોહિની નામે બીલડી થઇને અવતરી છે, જેને શ્રીચંદ્રની ઉપર ઘણો પ્રેમ પ્રગટ થયો હતો.

ભદ્રજનો ! આ પ્રમાણે તમારા પૂર્વ ભવનો વૃતાંત છે. પૂર્વ ભવના સંબંધ વિના પ્રેમ પ્રગટ થતો નથી. પ્રેમનો પ્રવાહ દિવ્ય છે, તે પ્રવાહ પૂર્વ સંબંધના આલંબનથી વહે છે. સ્નેહ એ દિવ્ય વસ્તુ છે, તેની મહત્તા અલૌકિક છે. જે કોઇ પ્રાણીને અમુક પ્રાણી ઉપર સ્નેહ થાય, તો તે પૂર્વના સંબંધનું સૂચન છે. સચેતનની વાત તો એક તરફ રહી, પણ જે અચેતન—જડ પદાર્થો છે, તેઓમા પણ સ્નેહની મુદ્રાની અસર હોય છે. વિશેષે કરીને એ બાબત સ્ત્રી પુરૂષમાં વધારે જોવામાં આવે છે. સ્ત્રી પુરૂષની અંતરની પ્રકૃતિની ગતિ ધીરેધીરે એકજ રીતે થવાની તરફ લગભગ એકજ વસ્તુની ઉપર દંપતિનો વિરાગ અને એકજ વિષય ઉપર ચાહ ઉત્પન્ન થય છે. એકાકાર થવું અથવા વશીભૂત થવું, એજ પૂર્વ પ્રેમનો ધર્મ છે. દરેક સંસારમાં તેના દ્રષ્ટાંતો જોવામાં આવે છે. જો પૂર્વ સંબંધનો પવિત્ર તાર બંધાયો હોય, એકમેકના સ્વભાવ... પુરૂષ અને સ્ત્રીનો પરસ્પરનો સ્વભાવ કંઇક અનુરંજિત થશે ને થશે. કદાચ મનનું ... ન થશે નહિ, તો એકબીજાને અનુરૂપ થશે. ક્રોધી પણ ... કોનીમાં મળવાથી ક્રોધી અને ... અથવા અક્રોધી ક્રોધી થશે. પૂર્વના સંબંધ–થા પશુત્વ દેવત્વની તરફ ખેંચાય છે, નહિ તો પશુત્વ દેવત્વને ખેંચી નીચે લઇ જાય છે. દિવ્ય જ્ઞાની મહાત્માનાં આવાં વચન સાંભળતાંજ તે શ્રોતાઓના હૃદયપર વિચિત્ર જાતની અસર થઇ ગઇ, ધર્મવીર શ્રીચંદ્રના હૃદયમાં તત્કાળ વિચાર ચક્ર ફરી ગયું. બુદ્ધિતત્વમાં

અકસ્માત્ પ્રગટ થઇ ગયો. તેની સ્મરણશક્તિ વિકાસ પામી. સ્મરણશક્તિની અસરથી દૃષ્ટિ આગળ પૂર્વ ભવનાં સ્વરૂપ ખડાં થતાં, જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેની સાથે ચંદ્રકળા વિગેરેને પણ પોતપોતાના પૂર્વ ભવ દૃષ્ટિગત થયા. ગુણચંદ્રે પણ પૂર્વ ભવનો વૃત્તાંત સ્મરણ માર્ગે અવલોક્યો. સુધીર વિદ્યાધરની પુત્રી રત્નવતી જાતિસ્મરણ થતાં પ્રેમથી શ્રીચંદ્રને વરી. શ્રીચંદ્રે વૈર બુદ્ધિ છોડી, સર્વ વિદ્યાધરોને ખમાવ્યા. ગુરૂની સાક્ષીએ રત્નચૂડે પોતાનો અપરાધ જણાવી ખમાવ્યો. મણિચૂડ અને રત્નચૂડ પણ એક બીજાને ખમાવી નમી પડ્યા.

પછી વિદ્યાધરપતિ વિગેરે બધા ગુરૂને વંદના કરી પોતાના નગરમાં ગયા. મણિચૂડે વૈરબુદ્ધિ છોડી પોતાના વિરોધી વિદ્યાધરોને નગરપ્રવેશ કરાવ્યો. દક્ષિણ અને ઉત્તર શ્રેણીના વિદ્યાધરોના રાજાએ અનેક દાસી સાથે પોતાની પુત્રીઓને શ્રીચંદ્રની સાથે પરણાવી. રત્નચૂડા, રત્નવતી, મણિચૂડા, મણિમાળા અને રત્નકાંતા વિગેરે બીજી જે વિદ્યાધરની પુત્રીઓ હતી, તે બધીને શ્રીચંદ્ર પ્રેમપૂર્વક પરણ્યો. તેમના વિવાહમાં વિદ્યાધરોએ કરમોચન સમયે ઘણું દ્રવ્ય અર્પણ કર્યું; તે સાથે આકાશગામિની અને કામરૂપિણી વિગેરે સિદ્ધ વિદ્યાઓ પણ અર્પણ કરવામાં આવી. સુધીર વિગેરે એકસો ને દશ વિદ્યાધરોના રાજાઓએ મળીને તે મહોત્સવ કર્યો હતો.

શ્રીચંદ્રના પુણ્ય પ્રભાવથી અને તેના અનુપમ સામર્થ્યથી પ્રસન્ન થયેલા વિદ્યાધરોએ તેને વિદ્યાધરોનું ચક્રવર્તી પદ આપ્યું. વિદ્યાધરોની સામ્રાજ્ય લક્ષ્મીએ પ્રતાપના પ્રતાપી કુમારને રાજ્યાભિષેક કર્યું. સર્વ સ્થળે જયધ્વનિ પ્રવર્તી રહ્યો. શ્રીચંદ્ર પોતાનાં માતપિતા અને બીજો પરિવાર લઇ વિવિધ પ્રકારથી શાશ્વત ચૈત્યની યાત્રા કરી, અને વિદ્યાધરોની રાજધાનીની રમણીયતા પ્રેમપૂર્વક અવલોકન કરી. યાત્રામાં ફરતા એવા રાજકુમારની આસપાસ વિદ્યાધરોની મહાન્ સમૃદ્ધિ પરિવૃત થઇ પ્રકાશતી હતી. ઉજ્જ્વળ સમુદ્રના જેવું વિદ્યાધરોનું સૈન્ય તેની સાથે વિચરતું હતું. વિદ્યાધર વીરોના વિચિત્ર રંગ બેરંગી પોષાકોથી અને શસ્ત્રોના ચળકાટથી ગગન ઉપર વિચિત્રતાની ભાત પડતી હતી. તેની અંદર વિજળીની જેમ ચમકારી ચળકાટ પડ્યો હતો. તેના નિશાનના ધ્વનિથી બહુ વર્ગ ગાજી રહ્યો હતો. સુરેન્દ્રના આવાસ મહીંથી પૃથ્વીપર વિમાન થયું હતું. આકાશમાં ઉંચી ધોળી ધજાઓ બગલીઓની જેમ દેખાતી હતી. આ વખતે કવિઓ શ્રીચંદ્રને મેઘની ઉપમા આપતા હતા, અને તે ઉપમાની પુષ્ટિ નીચેની કવિતાથી કરતા હતા:—

* નીલાંબુ ધ્વનિ ગીતક્ષ ગજે ભ્રમિત યથા,
મદ નર્તક મેઘોથ વિ. લિખિ મૃગ ય.દ.

શુક્લ ધ્વજ બગલી સ્ફુરે, દારિદ્ર તાપ વિલાસ,
સઘળે શસ્ય વધારતો, શોષે કુમતિજ વાસ. ૨.

સજ્જન મોર ઉલ્લાસતો, શ્રીચંદ્ર નૃપ જળધાર;
અપર રાજ ગ્રહ તેજનો, સંધે સર્વ પ્રચાર." ૩.

શ્રીચંદ્રરૂપી મેઘ નીશાનના ધ્વનિથી શત્રુજનને ગર્જાવતો હતો, મદઝરતા હસ્તીઓના મદજળથી પૃથ્વીપર છંટકાવ કરતો હતો, ધોળી ધ્વજાઓરૂપ બગલીઓને ફરકાવતો હતો; દારિદ્રરૂપ તાપને શમાવતો હતો, પ્રશંસારૂપ ધાન્યને વધારતો હતો, કુમતિરૂપ જવાસાને શોષવતો હતો, સજ્જનરૂપ મોરને ઉલ્લાસ કરાવતો હતો, અને બીજા દુષ્ટ રાજાઓરૂપ ગ્રહના તેજના પ્રચારને દૂર કરતો હતો.

આ પ્રમાણે શ્રીચંદ્ર મહારાજા વિદ્યાધરોનું આધિપત્ય સંપાદન કરી, તે દેશમાં કેટલોક સમય રહ્યો હતો. વિદ્યાધરોની વિદ્યાઓથી, તેમના રાજ્યવૈભવથી અને તેમની જાહોજલાલીથી પરિપૂર્ણ આનંદ સંપાદન કરતાં છતાં શ્રીચંદ્રની મનોવૃત્તિમાં કોઇપણ વિકારો થયા નહોતા. આર્હત ધર્મની ઉપાસનામાં તે તલ્લીન રહેતો હતો, શ્રાવકના સદાચારો તેણે જરા પણ સજી દીધા નહોતા, જૈન પર્વો, જૈન મહોત્સવો અને જૈન ધર્મની ક્રિયાઓમાં તેનો અબાધિત રાગ રહ્યો હતો, રાજકીય વૈભવના મહાન્ સુખને તે લઘુ જાણતો હતો, રાજભોગને તે અસ્થિર જાણતો હતો, વનિતાઓના વિલાસને તે વિદ્યુતવિલાસ સમજતો હતો, વિદ્યાધરોની રાજ્યલક્ષ્મી, ચમત્કારી વિદ્યાઓ, દિવ્ય સુખની પરંપરા અને વિદ્યાધરીઓનો શ્રૃંગાર, તે બધાં તેના ધાર્મિક હૃદયને ધર્મના પવિત્ર માર્ગમાંથી આકર્ષણ કરી શક્યાં નહોતાં. તે સર્વમાં અનાસક્ત થઇ ધર્મક્રિયાને પૂર્ણ આદર આપતો હતો. આથી કરીને તેના પુણ્યનો પ્રભાવ પ્રતિદિન વૃદ્ધિ પામતો હતો.



રાજ્યાભિષેક.



પ્રમાણે શ્રીચંદ સિંહપુરનો ચારનો ઘણ [illegible] સાથે કુશ-
સ્થળમાં આવ્યો હતો. તે વખતે કુશસ્થળની [illegible] નામે પોતાના
કુશળ રાજ્યને ભારે આદર આપ્યો હતો. એક વખતે પુત્રની મહાન્
સમૃદ્ધિ તરફ ધ્યાન રાખી જોઈને હર્ષપૂર્વક [illegible] પ્રતાપસિંહે વિચાર
કર્યો કે, કુશળ શ્રીચંદ હવે રાજ્યાંગ પદને કરવાને પૂર્ણ અધિકારી
થયો છે. કુશસ્થળનું રાજ્ય સિંહાસન એક સર્વ રીતે યોગ્ય કુમાર
રાજાને આરૂઢ કરવાને ઇચ્છે છે. પ્રભુ કૃપા રાજ્યચિંતાનો ત્યાગ કરવાથી હું હવે શાંત
થયો છું. રાજ્યસુખના ભારથી મુક્ત થવાની અને કેવળ ઈશ્વર ધ્યાન
જેવો સ્વતંત્ર પુત્ર રાજ્યનો ધુરંધર હોય, તે પછી અમારે માટે રાજ્ય ચિંતાથી આતુર
રહેવું જોઈએ! રાજ્યસુખ અને સાંસારિક સુખનો અંત થતો, ઈશ્વરના મહાન્ સુખને
ચોખ્ખા કરવાનો હવે સમય આવ્યો છે. ઈશ્વરના પવિત્ર પ્રેમમાં મગ્ન થઈ, આ અધિક
સુખનો અધિકાર સંપાદન કરવાને હવે યોગ્ય થયો છે.

આ પ્રમાણે વિચારી પ્રતાપસિંહે પોતાના પુત્ર શ્રીચંદને રાજ્યાભિષેક કરવાનો
નિશ્ચય કર્યો. પોતાના એ નિશ્ચયને વધારે દૃઢ કરવાને રાજ્યના હિતચિંતક સચિવ વર્ગને
બોલાવી, તેણે એક બેઠી સભા ભરી, તે સભાની અંદર સામંતો, મંત્રીઓ અને ઉત્તમ
સલાહકારોને બોલાવ્યા અને તે દિવસ રાજ્યના અધિકારી વિદ્વાનો, અને રાજ્યાભિષેકને
યોગ્ય તેવાં સાધન કરવામાં આવ્યાં.

જ્યારે સભા મંડપ ચીકાર ભરાઈ રહ્યો, અને શ્રીચંદને રાજ્યાભિષેક કરવાનો
નિશ્ચય મહારાજાએ જણાવ્યો, એટલે સર્વ તરફથી ઉત્તમ પ્રકારની તેમાં સંમતિ મળી;
તે વિચાર સાંભળતાં સર્વે હર્ષમાં [illegible] આનંદ વ્યાપી રહ્યો. આ વખતે પ્રતિહારે
આવી મહારાજાને જણાવ્યું કે, કેટલાએક રાજાઓ રાજસભા તરફ અહીં આવવાની રજા
ચાહે છે. તે સભાની પ્રતિષ્ઠા આપની [illegible] અને તેણે તેમનો સત્કાર પ્રવેશ
કરાવવાની આજ્ઞા આપી.

પ્રથમ કુંડલપુરનો રાજા આવ્યો. પ્રતાપસિંહને અને શ્રીચંદને પ્રણામ કરી, તે
આસન ઉપર બેઠો. તે વખતે તેણે બેઠી બેઠી સભા એક રત્નની શ્રીચંદની આગળ મૂક્યું
કરી પોતાની ભેટ તરીકે અર્પણ કર્યું. [illegible] રાજાએ હર્ષથી શ્રીચંદને
વિનંતિ કરી કે, આપ કૃપા કરી અમારાથી કરેલ ભેટ આદર સહિત સ્વીકારો. તે વખતે
સભાજને કે જે પૂછ્યું તેણે સર્વ ઉત્તર આપ્યો, જે સભાને સેવકોને વધારે

આશ્ચર્ય પામી ગયા. પછી શ્રીચંદ્રે પિતાની આજ્ઞા લઇ, તે વાનરીના નેત્રમાં કૃષ્ણાંજનનો પ્રયોગ કર્યો, એટલે તે સુર સુંદરી જેવી થઇ ગઇ. તેનું મનોહર સ્વરૂપ જોઇ, સભ્યજન ચકિત થઇ ગયા. લજ્જાથી નીચું મુખ કરી રહેલી એ રાજબાળાને શ્રીચંદ્રે સ્વીકારી. પ્રસન્ન મુખી રમણી પોતાના સસરાને ચરણમાં નમી પડી, અને પછી સાસુને વાંદવા ગઇ. તે દરમીયાન અરિમર્દન રાજા પોતાના પુત્ર મદનપાળની નિંદા કરતો આવ્યો. અને તેણે શ્રીચંદ્રને નમન કર્યું. મદનપાળ પણ લજ્જા વનીત થઇ, શ્રીચંદ્રને નમી પડ્યો. ત્યાર પછી તરતજ શિલ્પીની સાથે ઘણાં રત્નો લઇને પેલી મોહિની આવી, એ જૈન ધર્મના પ્રભાવથી બાળ બ્રહ્મચારિણી રહી હતી, તે શ્રીચંદ્રની પાદુકાને પ્રણામ કરી દિવસ નિર્ગમન કરતી, અને માનવ જન્મને સફળ કરતી, તે ભિલ્લ બાળા આ સંસારના પારને પામી હતી. તે પછી શિવમતી બ્રાહ્મણીનો પણ ત્યાં યોગ થયો, નાયકપુરનો દેશ તેને સોંપવામાં આવ્યો, અને ધનના મોટા ભંડારો ભેટ કરવામાં આવ્યા.

પછી મહારાજા પ્રતાપસિંહે રાજ્યાભિષેકના ઉત્સવનો સમારંભ કર્યો. શુભ દિવસે અને શુભ મુહૂર્તે શ્રીચંદ્રના રાજ્યાભિષેકની ક્રિયા કરવામાં આવી. કુશસ્થળી રાજધાની આનંદ ઉત્સવથી ગાજી રહી, ઘેર ઘેર મંગળ ગીત અને જયધ્વનિ થઇ રહ્યાં, પ્રત્યેક પૌરજન તે ઉત્સવમાં સામેલ થયાં, શ્રીમતી ચંદ્રકળાને પટરાણીનું પદ આપવામાં આવ્યું, અને તેની નીચે બીજી સોળ પટરાણીઓ સ્થાપવામાં આવી. કનકાવળી પદ્મશ્રી, મદનસુંદરી, રત્નચૂલા, રત્નવતી, પ્રિયંગુમંજરી, મણિચૂલા, તારાલોચના, ગુણવતી, ચંદ્રમુખી, ચંદ્રલેખા, તિલકમંજરી, કનકા, કનકાવતી, સુલોચના અને સરસ્વતી એ સોળ પટરાણીઓ મુખ્ય હતી. તેના નીચે બીજી સોળ અને આઠ મુખ્ય મળી છત્રીશ પટરાણીઓ થઇ હતી. તે શિવાય બીજી સોળ રાણીઓનો પરિવાર થયો હતો. ચંદ્રાવળી, રત્નાવળી, રત્નકાંતા, ધનવતી, ચતુરા અને કોવિદા વિગેરે બીજી પાંચહજાર ભોગનારણી હતી. તેઓ લાવણ્ય, રૂપ, સૌભાગ્ય અને ક્રીડાના સ્થાનરૂપ હતી. પૂર્વનાં ભોગ્ય કર્મથી શ્રીચંદ્રને તેમનો યોગ મળી આવ્યો હતો.

રાજ્યાભિષેક કર્યાં પછી શ્રીચંદ્ર કુશસ્થળીનો મહારાજા થયો. લૌકિક રાજ્ય પ્રાપ્ત થતાં પણ તે ધર્મના રાજ્યને ભુલી ગયો નહોતો. પુણ્યના પ્રભાવથી તેણે જે જે ધન ઉપાર્જન કરેલું, તેનો તે સદુપયોગ કરતો, અને સાત ક્ષેત્રમાંજ દ્રવ્યનો વ્યય કરી, તે અતુલિત પુણ્ય ઉપાર્જન કરતો હતો. જે જે વિદ્યાઓ તેણે પૂર્વે સિદ્ધ કરી હતી, તે તે વિદ્યાઓના બળથી તે અનેક દેશને તાબે કરતો. એવી રીતે તેણે અલ્પ સમયમાંજ ત્રણ ખંડ સાધી લીધા હતા. ચતુરંગ બળ, અનુપમ રાજ્યની રીયાસત, અને બુદ્ધિનો મહાન વૈભવ, એ ત્રિવિધ પ્રકારથી તે નવીન ઇંદ્રના જેવો શોભતો હતો. કલ્પવૃક્ષની જેમ તે પોતાની પ્રજાની આશાઓને પુરતો હતો. પ્રજા તેના નિર્મળ યશનું ગાન કરતી હતી. મનમાં જે જે ઇચ્છાઓ થતી, તે બધી ઇચ્છાઓને તે લીલા માત્રમાંજ પુરી કરતો હતો. સ્પર્શ મણિના યોગથી જેમ લોહ સુવર્ણ થાય, તેમ દરિદ્રી અને દુરિયત જનો તેના સમાગમથી

ભગવાન્ અને વૈભવ વિરાગી થતા હતા. ૭ અનુજોનાં વિવિધ જાતનાં સુખ તે ભોગવતો હતો.

આ પ્રમાણે સર્વ ગુણસંપન્ન શ્રીચંદ્ર કુંડલપુરમાં મહાન્ સમૃદ્ધિ સંપન્ન કરી, નીતિ રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં નીતિરૂપ કલ્પલતા ચારે તરફ ફેલાઈ રહી હતી. સોળ હજાર દેશ તેની આજ્ઞાને ઉઠાવતા હતા. હાથી, ઘોડા, રથ અને પેદલ તથા દિવ્ય વસ્તુની સમૃદ્ધિથી તે ઇંદ્રની પ્રભુતા દેખાડતો હતો.

મહીમંડળ ઉપર લોકરાજ્ય, અને ધર્મરાજ્ય વધારનાર મહારાજા શ્રીચંદ્રે જે જે પોતાના સંબંધી અને સહાયક હતા, તેઓની સારી કદર જાણી હતી. સુધીર વિદ્યાધરને ઉત્તર શ્રેણીનું, અને રત્નચૂડ મણિચૂડને દક્ષિણ શ્રેણીનું રાજ્ય આપ્યું હતું. પોતાના [illegible] જય વિજય વિગેરે ચારે બંધુઓને ચાર દેશનાં રાજ્યો આપી, તેઓને સુખી કર્યાં હતા. ધર્મના સામ્રાજ્યને વધારનાર શ્રીચંદ્રે બધા મહીમંડળને જિન પ્રાસાદોથી મંડિત કરી દીધું. અને જિનેંદ્રના ધવલ વિહારરૂપ હારથી ભૂમિરૂપ ભામિનીને વિભૂષિત કરી દીધી. જગત્ ઉપર તેણે બહુ વખતનું નિષ્કંટક રાજ્ય પ્રવર્તાવ્યું. દાનમાં કલ્પવૃક્ષ જેવા શ્રીચંદ્ર મહારાજાએ યાચકોને ધનાઢ્ય કરી દીધા હતા. વિદ્યાધરોના ચક્રવર્તી [illegible] પોતાના [illegible] પરિવારમાં મોટો વધારો કર્યો હતો. [illegible] તેમનો અધિકાર ધર્મરુચિ [illegible] નિધાન એવા નાગને મુખ્ય [illegible] હતા અને તે સર્વની [illegible] ખીજા અમ- [illegible] ઉપર [illegible] હતા. તેટલામ [illegible] જોડી, મસ્તકપર [illegible] મુખ્ય [illegible] [illegible]

આ સિવાય શ્રીચંદ મહારાજાએ પોતાના ઉત્પાદક અને પાલક માતાપિતા તથા પરિવારને લઇ, મોટી યાત્રાઓ કરી હતી. આથી શ્રીચંદ ભૂમિપતિ અને સંઘપતિ પૂર્ણ રીતે બન્યો હતો. નિત્ય વિવિધ પ્રકારની પૂજા ભણાવી, તે પૂજાના પવિત્ર પ્રભાવને વધારતો હતો. તેના રાજ્યમાં કોઇ ગિરિ, કે ગામ એવું નહોતું, કે જેમાં જિનાલય ન હોય. વળી તે ષડ્ આવશ્યકની ક્રિયા કરવામાં તત્પર રહેતો હતો, તેણે મનનો મોટો જય કરી, જ્ઞાનના અસંખ્ય ભંડારો કરાવ્યા હતા. આવી મહા સત્તા પ્રાપ્ત થતાં પણ તે પિતાની આજ્ઞા લઇનેજ દરેક કામ કરતો હતો. સઘળા કુવ્યાપારનો તે ત્યાગ કરતો હતો, અને ચારે પર્વમાં શુભ ધ્યાન આચરતો હતો.

શ્રીચંદના મહાન્ રાજ્યમાં ચોરી, વ્યભિચાર, છળ, કપટ અને નિંદિત આચાર થતો નહીં, અને આખા રાજ્યમાં અમારી ઘોષણા થતી હતી. શ્રીચંદના નીતિ રાજ્યમાં પ્રજાને સ્વર્ગનું સુખ મળતું હતું. લોકો નિશ્ચિંત અને નિર્ભય થઇ, આત્મસાધન કરતા હતા.

પ્રકરણ ૬૯ મું.

ગુરૂનાચાર્ય.



કુશસ્થળીમાં આનંદ ઉત્સવ થઇ રહ્યા હતો. શ્રીચંદની રાજનીતિથી પ્રજા રંજન થતી હતી. ધર્મ, અર્થ અને કામને સાધવામાં શ્રીચંદે પૂર્ણ કુશળતા મેળવી હતી. શ્રીચંદ જેવા નીતિમાન રાજાથી કુશસ્થળી રાજધાની [illegible] હતી. શ્રીચંદ રાજ્યના વૈભવના વિલાસમાં મગ્ન રહેતાં પણ, રાજ્યોની [illegible] કરતો હતો, તે હમેશાં નિયમિત રીતે સમય પ્રમાણે પ્રવર્તન કરી, બીજાઓને દ્રષ્ટાંતરૂપ બનતો હતો. અમુક વખતે અમુક કામ કરવું એવો નિયમશીલ તેનું આહ્નિક ચાલતું હતું. આવશ્યક ક્રિયાના તે સારી રીતે આલંબન રહેતો હતો. ધનદાન, [illegible] વિગેરે કરવામાં તેનું [illegible] ઉત્તમ પ્રકારનું દેખાતું હતું. કવિઓ, વિદ્વાનો અને [illegible] તેની [illegible] [illegible] હતા. [illegible] [illegible] [illegible] તેનું [illegible] [illegible] [illegible] [illegible] દુર્ગુણો તેને આક્રાંત કરવા સમર્થ થયા નહોતા, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] એ ચાર [illegible] [illegible] દૂર રહેતા હતા. [illegible] [illegible] [illegible] [illegible] ઉત્કર્ષનો [illegible] થયો નહોતો. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહોતું.

આ રીતે [illegible] [illegible] શ્રીચંદ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

એક વખતે અમિતર મહારાજા શ્રીચંદ રાજસભામાં બેઠા હતા, તેની આગળ ઉચ્ચ આસન ઉપર પ્રતાપસિંહ બીરાજ્યો હતો, મંત્રિ, સામંત વગેરે સર્વ પરિવાર ત્યાં હાજર હતો. આ વખતે એક પુરાન પુરૂષ દોડતો આવ્યો, અને દરવાનની રજા લઇ અંદર જવાની રજા મેળવી રાજસભામાં આવ્યો. ભૂમિપર મસ્તક નમાવી તે પુરૂષે વિનયથી કહ્યું—પૂજ્ય ગુરૂ મહારાજ અને વિદ્યાધર સાર્વભૌમ મહારાજાધિરાજ શ્રીચંદ ! આજે આપણા ઉદ્યાનમાં એક જ્ઞાની સૂરીશ્વર પધાર્યા છે. આ ખબર સાંભળી પ્રતાપસિંહ, શ્રીચંદ અને તેનો પરિવાર ખુશી ખુશ થયો. દેહ રોમાંચિત પણ ત્યાં થયા, તે આ દ્રષ્ટાંત જાણીને અતિ આનંદ પામ્યા. શ્રીચંદે વધામણી કહેનારને સારૂં ઇનામ આપ્યું. પછી એ ખબર અંતઃપુરમાં પટ્ટરાણીમાં આવી, એટલે સુવર્ણની, પદ્મશ્રીની વિગેરે રાજમહેલો અને ચંદ્રકળા વિગેરે રાણીઓ ત્યાં આવી હાજર થઇ. કુશસ્થળમાં ખબર ફેલાઇ ગઇ, એટલે બીજા રહેવાસી પણ સૂરીશ્વરનાં દર્શન કરવાને ઉત્સુક થયા. મહારાજા શ્રીચંદની આજ્ઞાથી અગ્રણીને વાંચ જવાની મોટી તૈયારી થવા માંડી. મોટા આડંબરથી રાજાની તમામ રીદ્ધિ સિદ્ધિરૂપે સ્વારીમાં આવી.

મહા જ્ઞાની મુનિચંદ્ર તે સમયે જગતમાં વિખ્યાત હતા. અહંત મુનીશ્વરોમાં તેઓ જ્ઞાન સંયમ ક્રિયાવંત હતા, તેમના ઉપદેશે આખા વિશ્વની ઉપર સારી અસર કરી હતી, ભરતખંડની અંદર પ્રભાતમાં તે આચાર્યની ધર્મકીર્તિ ઘણી પ્રસાર થઇ હતી. મુનિધર્મનું પૂર્ણ સ્વરૂપ તેનામાં દેખાતું હતું: એ મહાન્ આચાર્ય ગ્રહણ કરવાના ગુણવાળા હતા. જાણે મૂર્તિમાન્ ધર્મનો પુંજ હોય, એવા તે દેખાતા હતા. પાંચ મહા વ્રતને તેમણે વિશેષ દ્રઢપણે ધારણ કર્યાં હતાં, દશ પ્રકારનો યતિધર્મ, સત્તર પ્રકારનો સંયમ, દશ પ્રકારનું વૈયાવચ્ચ, અને નવ પ્રકારનું બ્રહ્મચર્ય તેઓ એકનિષ્ઠાથી પાળતા હતા. જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ ત્રણ રત્નોથી તેઓ પ્રકાશતા હતા. નિદાન (નિયાણું) કર્યા વગર બાર પ્રકારનું તપ આચરતા હતા. અને ક્રોધ આદિ ચાર કષાયોનો નિગ્રહ કરતા હતા. આ પ્રકારે ચરણ સીત્તરી તેઓ સારી રીતે પ્રતિપાદન કરતા હતા, તેવીજ રીતે કરણ સીત્તરીમાં પણ તેઓ આગળ પડતા રહેતા હતા. આહાર, વસ્ત્ર, પાત્ર અને ઘર, એ ચાર પ્રકારની પિંડ વિશુદ્ધિ તેઓ સારી રીતે આચરતા હતા. પાંચ સમિતિ, બાર ભાવના, બાર પ્રતિમા, પાંચ ઇંદ્રિયોનો નિરોધ, પચીશ પ્રકારની પ્રતિલેખના, ત્રણ ગુપ્તિ અને ચાર અભિગ્રહ. આ કરણ સીત્તરીના ભેદનો તેઓ હંમેશ આશ્રય લેતા હતા.

આવા મહાન્ પ્રભાવિક મુનિચંદ્રને વંદના કરવાને ઉત્સાહપૂર્વક મોટા આડંબરથી આવ્યો. ઉદ્યાનની પાસે આવી રાજા પ્રતાપસિંહ અને શ્રીચંદ વાહનોમાંથી દૂર થઇ, નગ્ન પગે સૂરીશ્વરની પાસે આવ્યા. આચાર્યની આગળ તેમને પાંચ અભિગમ સાચવી, ત્રણ પ્રદક્ષિણા કરી, અને શ્રીચંદ પરિવાર સહિત બેઠા. તેમના હાથમાં કેટલાકની ભેટ પણ હતી. એ પ્રમાણે તેઓને આપી સૂરીશ્વરને પ્રદક્ષિણા વંદના કરી. તેની સમ રહેલા

અને મારી શક્તિ લઘુ ગણાય, તેવા અનેક ચક્રવર્તીઓ, અને મહારાજાઓએ આ લોક રાજ્યને છોડીને સંયમ ગ્રહણ કીધેલું છે. આ અસાર સંસારનું સ્વરૂપ જાણી લઇ, પોતાના આત્માના ઉદ્ધારને માટે તેમણે ચારિત્રનો મહાન્ માર્ગ લીધેલો છે. આ સંસાર, આ શરીર, આ વૈભવ, અને બધા દૃશ્યમાન મોહક પદાર્થો અસ્થિર છે. આવા અસ્થિર પદાર્થો ઉપર મોહ રાખવો તે નિષ્ફળ છે. હવે તો સંયમ લઇ આ મનુષ્ય જીવનને કૃતાર્થ કરવું.

આવોજ વિચાર રાજમાતા સૂર્યવતીના હૃદયમાં પણ થયો હતો, તે સિવાય લક્ષ્મીદત્ત શેઠ, લક્ષ્મીવતી શેઠાણી, અને બીજા ઘણા પ્રજાજનો પણ સંયમ લેવાને ઉત્સુક થયા હતા.

મહારાજા પ્રતાપસિંહ મહા વ્રત લેવાને શ્રીચંદ્રની આજ્ઞા પોતાની ને પ્રગટ જણાવી, અને આત્મ સાધન કરવાનો સંયમ સ્વીકાર્યો. એટલે પિતૃભક્ત શ્રીચંદ્રે કેટલીક વાર પિતૃભક્તિ દર્શાવી, અને પિતૃ વિયોગનું દુઃખ જણાવ્યું. પણ છેવટે તે પ્રસંગે મહાત્મા પિતાના વિચારને સંમત થયો.

શ્રીચંદ્રે પોતાના પિતા પ્રતાપસિંહનો દીક્ષા મહોત્સવ ઘણા ઠાઠમાઠથી કર્યો, અઠ્ઠાઈ મહોત્સવ કરી વિવિધ પ્રકારની પૂજા ભણાવવામાં આવી, પુષ્કરાવર્ત મેઘની જેમ અખંડ દાન આપવામાં આવ્યું. હજાર પુરુષો વહન કરે, તેવી શિબિકામાં બેસાડી મોટો વરઘોડો કાઢવામાં આવ્યો. શુભ દિવસે અને શુભ લગ્ને ગુણાચાર્ય ગુરુવર્યના પૂર્ણ અનુગ્રહને સંયમ રાજ્ય ઉપર સ્થાપિત કર્યા. તેની સાથેજ સૂર્યવતી, લક્ષ્મીદત્ત શેઠ, લક્ષ્મીવતી અને બીજા ઘણા પ્રજાજનોએ પણ વ્રત ગ્રહણ કર્યું હતું. આ સમયે બીજા કેટલાએક ક્ષત્રિયો અને શ્રેષ્ઠીઓ દેશ વિરતિ વ્રત ગ્રહણ કર્યાં હતાં. રાજા શ્રીચંદ્રે પણ પત્ની સહિત સમકિતપૂર્વક બાર વ્રત ગ્રહણ કર્યાં હતાં, તે સિવાય બીજા કેટલાએક અભિગ્રહ નિયમો તેણે લીધા હતા. ગુરુની આજ્ઞાથી તેણે પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યું છે. સ્વામી ' આપના ચરણથી હું [illegible] વ્રતનું પાલન કરીશ. આઠ આચાર અને ચાર આગાર [illegible] હું ભાવપૂર્વક લઈશ. મુનિ ! તમે તારક છો, જગતના ઉદ્ધારક છો, તમારા જેવા [illegible] ઉદ્ધારને માટે છો. તમારા જેવા [illegible] [illegible]

પ્રાંક ભજ્યું. જે અન્ય મતના પાખંડી અને કુલિંગી હોય, તેમને ન ભજું. લૌકિક દેવની સેવના ન કરૂં. હમેશાં દાનશીલ થઉં, સાધર્મિની આશાતના વર્જું. પરિગ્રહને ગણતા કરૂં, દેવદ્રવ્ય તથા ગુરુદ્રવ્યનો ઉપભોગ ન આચરૂં, તેનો ઉપભોગ કરનારનો સંગ પણ ન કરૂં, અપ્રાર્થ પાપ સ્થાનને સેવું નહિ. ભોગ ઉપભોગમાં અભક્ષ્ય તથા અનંતકાયના ત્યાગના પચ્ચખાણ કરૂં, આર્ત, રૌદ્ર વિગેરે અશુભ ધ્યાનનો ત્યાગ કરૂં, આઠ પ્રમાદ વિગેરે દુરાચારથી દૂર રહું, અનર્થદંડ ચાર ત્રિકરણ શુદ્ધિથી આરાધું, મધ્ય પંચાદી પ્રકારના અતિચારથી દૂર રહું, પાંચ પ્રકારની ધર્મ સંલેખના કરૂં, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની આનંદપૂર્વક સેવના કરૂં. તે વિશાય આર્હત ધર્મનો જે શુદ્ધ સદાચાર છે, તેનું યથાશક્તિ પાલન કરૂં. મુનીશ્વર ! આ પ્રમાણે મારા હૃદયમાં ધર્મભાવના પ્રગટ થઇ છે. દેવ, ગુરૂ અને ધર્મના પ્રસાદથી આપે ઉપદેશ કરેલ આર્હત ધર્મના મહાત્મ્યને મેં જાણ્યું છે. મારા મનુષ્યભવને કૃતાર્થ કરવાનું કારણ આપ પ્રત્યક્ષ બન્યા છો. આપે ઉપદેશ કરેલા સમ્યક્ત્વના તીવ્ર પ્રસાદથી મારૂં અજ્ઞાનરૂપ અંધકાર દૂર થઇ ગયું છે.

આ પ્રમાણે કહી શ્રીચંદ ઉભો થયો. તેણે પોતાના ઉપકારી ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરી, અને શુદ્ધ હૃદયથી ભક્તિપૂર્વક વંદના કરી, પછી ઉંચે સ્વરે નીચેની ગાથા બોલ્યો:—

सम्मत्तमूलो गुणआलवालो,
सिद्धप्पवालो वयसंवसालो ।
निरुप्पवम्मो वरकप्परुक्खो,
फलेउ मे सासय सुक्ख मुक्खो ॥ १ ॥

“ સમકીતરૂપ મૂળવાળો, ગુણરૂપ ક્યારાવાળો, શીલરૂપ પત્રે પુષ્પ અને વ્રતરૂપ શાખા સહિત, એવો ઉદાર ધર્મરૂપ ઉત્તમ કલ્પવૃક્ષ શાશ્વત સુખરૂપ મોક્ષરૂપ અર્થે ફલિત થાઓ. ” ૧

શ્રીચંદની ગુરૂભક્તિ જોઇ, સુદત્તાચાર્ય મહાત્મા પ્રસન્ન થઇ ગયા. શ્રીચંદની પવિત્ર ભાવના જોઇ તેમની મનોવૃત્તિમાં ધાર્મિક આનંદ ઉભરાઇ ગયો. તત્કાળ તેઓએ ત્યાંથી વિહાર કરવાની ઇચ્છા કરી. ગુરૂશ્રીની સાથે રાજર્ષિ પ્રતાપસિંહ, મુનિવર્ય લક્ષ્મીદત્ત, સાધ્વી સૂર્યવતી, સાધ્વી લક્ષ્મીવતી અને બીજો પરિવાર વિહાર કરવાને તૈયાર થયો. પૂર્વ બંધને લઇને શ્રીચંદ અને તેના કુટુંબને ક્ષણવાર વિયોગરૂપ ઉત્પન્ન થયું. પૂર્વે વર્ણિત પ્રસંગે પોતાના સ્વામીની નરસિંહ મૂર્તિને પ્રેમ ભક્તિથી વંદના કરી, અને નયનમાંથી અશ્રુધારા વર્ષાવતી. ભૂતળરૂપ ક્ષેત્ર ઉપર દેશનાની ધારા વર્ષાવનાર બોધિબીજરૂપ વિવિધ ધાન્યને ઉત્પન્ન કરનાર સુદત્તાચાર્યરૂપ મેઘમાળી સર્વ રાજકીય ગુતિવાળી પરિવારને લઇ જગતના ઉપકારની બુદ્ધિએ અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા પ્રયાણમાન થઇ, ત્યાંથી વિહાર કરવા નીકળ્યા.

સુવ્રતાચાર્યની દેશનાએ કુશસ્થલીની પ્રજા ઉપર ભારે અસર કરી હતી, તેથી કેટલાએક ચારિત્રધારી, કોઇ બાર વ્રતધારી અને કોઇ સમ્યક્ત્વના ધારક બન્યા હતા. તે પછી રાજા શ્રીચંદ્ર કુટુંબ સહિત હૃદયમાં ગુરૂભક્તિની ભાવના ભાવતો રાજદ્વારમાં આવ્યો, અને તેણે પોતાના શાસનથી દેશમાં આર્હત ધર્મનો વિજયવાવટો ફરકાવ્યો હતો.

મહા મુનિ પ્રતાપસિંહ વિગેરેએ સુવ્રતાચાર્યની સાથે વિહાર કર્યો હતો. આચાર્યે એ નવા દીક્ષિત મુનિઓને મુનિ ધર્મનો ઉપદેશ કર્યો હતો, ચારિત્રના ભંડારને આપનારા મુનિના આચાર તેમને શીખડાવવામાં આવ્યા હતા. કોઇએ પૂર્વ શ્રુતનું અધ્યયન કર્યું. કોઇ અગીયાર અંગમાં પારંગત થયા, કોઇએ વિનય શિક્ષાને સંપાદન કરી, આગમનો સાંગોપાંગ અભ્યાસ કર્યો. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિગુપ્ત અને ચરણ કરણના ધામરૂપ બનેલા અને વિષય કષાયને નિવારતા તેઓ પૂર્ણ રીતે સંયમને સાધતા હતા. દશ અને બાર સંયમના ગુણથી તેઓ વિરાજીત હતા, છઠ્ઠ અને અઠ્ઠમ તપને તેઓ આદરતા હતા, ઉગ્ર વિહાર કરી પરીષહોને સહન કરતા હતા, આતાપના વિગેરે આચરી બાર પ્રતિમાને વહેતા હતા, અભિગ્રહ ગ્રહણ કરી, બાર પ્રકારના તપને આચરતા તેઓ ગુણ સ્થાનનું આરોહણ કરતા હતા.

પ્રકરણ ૭૦ મું.

જયણાનું મહાત્મ્ય.

सुट्ठु तवं कुणंतो जयणाविहूणो न पावए सिद्धिं ।

सुसढुव्व लहइ दुक्खं किंतुण जीवो तवविहूणो ॥ १ ॥

" જે જીવ સારી રીતે તપસ્યા કરે, પણ જો જયણાથી રહિત હોય, તો તે સિદ્ધિને પામતો નથી; પણ તે સુસઢ (સુભાદ્ર) ની જેમ દુઃખ પામે છે. ૧ "



યણા એ અર્હંત ધર્મનું ખરેખર તત્ત્વ છે, જયણા દયા ધર્મની માતા છે, જયણા એજ ધર્મનું પાલન છે, જયણાથી તપ અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે, એટલુંજ નહિ, પણ જયણાથી સત્વર મોક્ષ મળે છે. જયણાની સાથે જ્ઞાન, દર્શન અને ચારિત્રનો સંકેત હોય તો, મનોહર મુક્તિલક્ષ્મી સત્વર મેળવી શકાય છે. કદિ જપ, તપ અને પંચેંદ્રિય પ્રબળ હોય, પણ જો જયણા ન હોય, તો તે સર્વ અરણ્ય પુષ્પની જેમ નિષ્ફળ છે.

આવી જયણાને માટે રાજાએ પ્રભવસિંહને તેમના ગુરૂ સુરતાચાર્યે સારો બોધ આપ્યો હતો. તે જ્ઞાનવિભૂષિત આચાર્યે એક વખતે પોતાના શિષ્ય મંડળ વચ્ચે જયણાને માટે ઘણું વિવેચન કર્યું હતું. અને તેથી કરીને ઘરં અનગાર રૂપે પોતાના મુનિ ધર્મની અંદર જયણાને પ્રથમ પદ આપ્યું હતું. અને જયણાનું પાલન કરવાને યાવજ્જીવિત અભિગ્રહ ધારણ કર્યો હતો.

વાંચનાર ! તમને પણ જયણાને માટે ઉત્સાહ ઉત્પન્ન થયો હશે. આ આનંદ મંદિરના વાચકોને જયણાનું મહાત્મ્ય અવશ્ય જાણવું જોઈએ. આ વાર્તાના નાયક શ્રીચંદ્રના ઇતિહાસમાં જેવી રીતે આંબિલ તપનું મહાત્મ્ય મુખ્ય છે, તેવી રીતે બીજી તરફ જયણાનું મહાત્મ્ય પણ મુખ્ય છે. સનાતન જૈન માર્ગમાં જયણાનો પ્રભાવ અનાદિ કાળથી ગવાય છે. જયણાના પ્રભાવ માટે સુસઢ—સુભદ્રનો ઇતિહાસ જૈન આગમમાં પ્રખ્યાત છે. તે ઇતિહાસ આનંદ મંદિરના વાચકની આગળ સર્વ રીતે દર્શનીય છે.

પૂર્વે વિશાલા નગરીમાં એક ચેટક નામે રાજા હતો. તે દેશવિરતિ વ્રતથી અલંકૃત થઈ પોતાના માનવ જીવનને કૃતાર્થ કરનારો હતો. એક વખતે તે નગરીના ઉદ્યાનમાં ગૌતમ ગણધર આવી ચડ્યા. વનપાલની વધામણીથી તે ખબર જાણી ચેટક રાજા મોટા આડંબરથી ગણધરને વાંદવા આવ્યો. પંચ અભિગમપૂર્વક પાસે આવી તેણે મુનીશ્વરોને વંદના કરી. પરોપકારી ગણધર મહાનુભાવે ધર્મદેશના આપી. દેશનાને પ્રસંગે તપસ્યાનો વિષય ચાલ્યો, તે વિષયમાં મુનિવરે આંબિલ વર્ધમાન તપનો મહિમા વિશેષ વર્ણવ્યો. તેમણે એ તપોમહિમાનો વિધિ શ્રી વીરભગવંતે કહેલ અંતગડ સૂત્રના આધારથી જણાવતાં કહ્યું કે, આંબિલ વર્ધમાનમાં એક એક આંબિલ વધતાં સો આંબિલ સુધી વધાય છે. અને અંતે ઓળી થાય છે; તેમાં પારણાનો આરંભ છે. એક ઓળીને છેડે જો શક્તિ હોય, તો ઉપવાસ થાય, નહીં તો પારણું કરવું પડે છે. પાંચ હજાર આંબિલ થાય, ત્યારે ઓળીના સો ઉપવાસ થાય છે, અને તેમાં ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીશ દિવસનું પરિમાણ છે.

આ તપના મહાત્મ્યમાં ગણધરે આપણા શ્રીચંદ્ર રાજાનો દૃષ્ટાંત જણાવ્યો હતો. પ્રતાપી શ્રીચંદ્રે ચંદનના ભવમાં આંબિલ વર્ધમાન નામે મહા તપ આચર્યું હતું. તે તપસ્યાના પ્રભાવથી તે મહા પ્રતાપિક થયો છે. તેનો બધો દૃષ્ટાંત ગૌતમે ચેટક રાજાને કહ્યો છે, અને આપણે અહીં સુધી વાંચીને જાણ્યું છે. આ આનંદ મંદિરનો ઉદ્ભવ ગણધરના મુખમાંથીજ થયો છે.

એક વખતે ગૌતમ ગણધરે ઉપદેશ પ્રસંગે જયણાનું મહાત્મ્ય દર્શાવતાં જણાવ્યું કે જયણા ન રાખવાથી જપ તપ વિગેરે વ્યર્થ થાય છે. અને દુઃખી થવું પડે છે, તેના દૃષ્ટાંતમાં સુસઢ નામના એક ક્ષત્રકનું નામ આપ્યું. એટલે ચેટક રાજાએ પુછ્યું કે, સ્વામી ! સુસઢ કોણ હતો ? તેણે જયણાને માટે શું કર્યું હતું ? એ મને વિસ્તારથી વાંચી કહો. આ જ્યારે ચેટક રાજાએ પુછ્યું એટલે શ્રીગૌતમ ગણધર બોલ્યા કે, એક વખત રાજગૃહી

નગરીમાં શ્રી વીર ભગવંત સમોસર્યા હતા. તેમની સાથે ચૌદ હજાર મુનિઓ હતા. તેમણે પર્ષદામાં યતનાનો પ્રતિબોધ આપતાં મને સુભદ્ર શ્રાવકની વાર્તા કહી સંભળાવી હતી. સુભદ્ર શ્રાવક ધર્મનો અનુરાગી અને તપસ્વી હતો, પણ જયણા પાળવામાં પ્રમાદ કરવાથી તે સંસારના પારને પામી શકયો નહોતો.

ભરતક્ષેત્રમાં અવંતી દેશની અંદર સંભુક નામે એક ગામ હતું, ત્યાં સુજ્જશિવ નામે એક દરિદ્રી અને નિર્દય બ્રાહ્મણ રહેતો હતો, તેને યજ્ઞયશા નામે સ્ત્રી હતી. તેણીના ઉદરમાંથી સુજ્જશ્રી નામે એક પુત્રી થઇ હતી. તે એવી અભાગણ હતી કે, તેના જન્મ વખતેજ તેની માતાનું મૃત્યુ થયું, અને ઘરમાં કેટલીએક હાની થઇ હતી.

હે ચેટકરાજા! તે વખતે મેં શ્રી વીરપ્રભુને પુછયું કે, એ સુજ્જશ્રી દુર્ભગા કેમ થઇ? ત્યારે પ્રભુએ જણાવ્યું કે, ભરતક્ષેત્રમાં આવેલા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં અરિમર્દન રાજા હતો. તે સુજ્જશ્રી તે ભવે વરકાંતા નામે તે રાજાની રૂપવતી સ્ત્રી હતી, તેણીને એક બીજી શોકય હતી, તેને એક પુત્ર હતો. એક વખતે શ્રીકાંતાએ ચિંતવ્યું કે, જો આ શોકયનો પુત્ર મરી જાય, તો મારે ઠીક થાય; બધું રાજ્ય મારા પુત્રનેજ મળે; અથવા જો તે શોકય મરી જાય, તોપછી રાજાનો બધો ભોગ મારી સાથેજ રહે. આવા દુર્ધ્યાનથી તેણીએ અશુભ કર્મ બાંધ્યું, અને ત્યાંથી મૃત્યુ પામીને આ સુજ્જશ્રી થઇ અવતરી હતી. પૂર્વના પાપથી તે દુર્ભાગી થઇ હતી.

હે ગૌતમ! સુજ્જશ્રી માતા વગરની થઇ, એટલે તેના પિતાએ જે તે સ્ત્રીઓની પ્રાર્થનાઓ કરી, તેને સ્તનપાન કરાવી મોટી કરી. જેમ જેમ તે મોટી થતી, તેમ તેમ તે સુજ્જશિવ વધારે દુઃખી થતો હતો. જ્યારે સુજ્જશ્રી આઠ વર્ષની થઇ, એટલે બાર વર્ષનો દુકાળ પડયો. લોકોમાં ભારે ભુખમરો ચાલવા લાગ્યો; આથી સુજ્જશિવ પણ ઘણો દુઃખી થયો. ક્ષુધાથી પીડિત થઇ, તેણે પુત્રીનું માંસ ખાવા સુધીના વિચાર કર્યા. પછી તેણે તેવા કુવિચારને માટે અફસોસ કરી, છેવટે સુજ્જશ્રીને વેચી દેવાનો નિશ્ચય કર્યો. પછી ગોવિંદ નામના એક ધનાઢય બ્રાહ્મણને ત્યાં સુજ્જશ્રીને વેચી દીધી. પુત્રીના વેચવાથી તેની ગામમાં નિંદા થવા લાગી, એટલે તે ગામ છોડીને પરદેશ ચાલ્યો ગયો. પરદેશમાં પણ દ્રવ્યના લોભથી જેનાં તેનાં બાળકો વેચવા માંડયાં, અને ઘણું ધન એકઠું કર્યું, અને તે દ્રવ્યથી રત્ન ખરીદ કર્યા. તેમ કરતાં કરતાં સુજ્જશિવે દુકાળનાં આઠ વર્ષ પસાર કર્યાં.

અહીં ગોવિંદ બ્રાહ્મણને પણ સુજ્જશ્રીના આવવાથી લક્ષ્મીનો ક્ષય થઇ ગયો. જીવને જેમ આયુષ્ય ચાલ્યું જાય, અને અંજલિમાંથી જળ ચાલ્યું જાય, તેમ તેના ઘરમાંથી ધન ચાલ્યું ગયું, હવે તેને દુકાળ પ્રસાર કરવાની ચિંતા થઇ પડી. કુટુંબનો નિર્વાહ શી રીતે કરવો? તેને માટે ફાંફાં મારવા લાગ્યો. સુજ્જશ્રીના ઉદરથી કેટલાએક સંતાનો થયાં હતાં, તે બધાનું પોષણ કરવાને તેની પાસે કાંઇ પણ સાધન ન હતું. કોઇ વાર રાજદરબારમાં યાચના કરવા જતો, ત્યારે ધાન્ય વિગેરે કાંઇક લાવતો હતો.

એક વખતે એવું બન્યું કે, કોઇ ગોકુલી નામે ગોવાલણ મહી વેચવાને ગોવિંદને ઘેર આવી ચડી, તે ચોખાને બદલે મહીની માટલી આપતી હતી. ગોવિંદ રાજ્યમાંથી એક *આઢક જેટલા ચોખા લાવેલો, તેથી તેણે તેણીનું મહી ખરીદવાનો સુજસશ્રીને કહ્યું કે, આપણા ઘરમાં જે ચોખા છે તે આપી, આ મહી ખરીદ કર. તરત સુજસશ્રી ચોખા લેવાને ઘરમાં ગઇ, ચારે તરફ જોયું, પણ કોઇ ઠેકાણે ધાન્ય જોવામાં આવ્યું નહીં. પછી તે એક બીજા ઘરમાં ગઇ, ત્યાં પોતાનો જ્યેષ્ઠપુત્ર વેશ્યાની સાથે રતિવિલાસ કરતો જોવામાં આવ્યો. માતાને જોઇ પુત્ર ઉંચે સ્વરે બોલ્યો, માતા ! અહીંથી ચાલી જા, નહીં તો મારી નાખીશ. એમ કહેતાંજ સુજસશ્રી મૂર્છા ખાઇ. અકસ્માત્ પૃથ્વીપર પડી ગઇ. તત્કાળ ગોવિંદ ઘેરે આવ્યો, મૂર્છા વળવાના ઉપાય કર્યા. ક્ષણ વારે તે બેઠી થઇ બોલી, સ્વામી ! હું ધાન્ય લેવાને ઘરમાં આવી, ત્યાં મેં એક અકાર્ય જોયું. તે જોતાંજ મને જાતિસ્મરણ થયું. અને તેથી મૂર્છા આવી. મારી મનોવૃત્તિમાં પૂર્વભવનું સ્વરૂપ ખડું થયું. મને સંવેગ પ્રગટ થયો છે. આ સંસારનાં પૌદ્ગલિક સુખ તરફ મને તિરસ્કાર ઉપજે છે. સ્વજન, બંધુ, સર્વ સ્નેહી તો સ્વાર્થી છે, મેં અનેક કષ્ટ વેઠી, જે પુત્રને ઉછેર્યો, અને યૌવનવય સુધી પહોંચાડયો, તે પુત્ર દુષ્ટ કાર્ય કરવા તત્પર થયો, અને તે કાર્યને માટે તેણે મારો ઘાત કરવાનું પણ જણાવ્યું. અહા ! મારામાં કેવો મોહ પ્રબળ છે? પુત્રને માટે મેં મારા જીવનને સ્વાર્થી કર્યું. હું માનવભવને હારી ગઇ, મોક્ષરૂપ વૃક્ષના બીજરૂપ સમકિતને મેં ધારણ કર્યું નહીં, દર્શનશુદ્ધિ જિનરાજની દ્રવ્યપૂજા, ભાવ-પૂજા અને ત્રિકાળ જિનસ્તુતિ એ કાંઇ પણ મેં આચર્યાં નહીં, આ સંસારરૂપ સાગરને તરવાનું નાવ મેં હાથે કરીને ડુબાવી દીધું. પરોપકાર, સામાયિક, પૌષધ, તપ, પર્વ-આરાધન અને જ્ઞાનાભ્યાસ વિગેરે બીજાં સુકૃત્યો મારાથી થઇ શક્યાં નહીં. અજાગલના સ્તન જેવા મારા નિરર્થક જીવનને ધિક્કાર છે.

સ્વામી ! હવે હું દેશથી અને સર્વથી ધર્મ આચરવાનો આદર કરૂં. આ માનવ જન્મ દુર્લભ છે. જ્યાં સુધી શરીરમાં આયુષ્ય છે, ત્યાં સુધીમાં જ્ઞાન, દર્શન અને ચા-રિત્રની સેવના કરવા તત્પર થઉં. હજુ આત્મસાધન કરવાનો સમય છે. જ્યાં સુધી આ શરીરમાં ઇંદ્રિયો અખંડ છે, ત્યાં સુધી કાંઇ પણ ધર્મ સાધન થઇ શકશે. જો જરારૂપ રાક્ષસી આવી આ શરીરને પકડશે, તો પછી કાંઇપણ બની શકશે નહીં. તે પહેલાં મારે ચેતવું જોઇએ.

આ પ્રમાણે સુજસશ્રી જાતિ સ્મરણના બળથી પ્રતિબોધ પામી ગઇ, તેણીનાં વચન સાંભળી ગોવિંદને પણ પ્રતિબોધ થયો. ગોવિંદે પોતાની પ્રિયાને સંવેગ વિષે અનુ-મોદન આપી, વ્રત લેવાની ઇચ્છા જણાવી. બંને દંપતીએ તત્કાળ શ્રુત કેવળી આચાર્યની પાસે દીક્ષા લીધી. જ્ઞાન અને ચારિત્ર ગુણને ઘણો કાળ આરાધી બેઓ તેજ ભવે સિદ્ધ

* એક જાતનું દાણાનું માપ.

થયાં. આ વૃત્તાંત સાંભળી ગૌતમે આશ્ચર્ય પામી પુછ્યું કે, સ્વામી ! ગોવિંદ બ્રાહ્મણે પૂર્વે શું સુકૃત કર્યું હશે, કે જેથી તે એજ ભવમાં સિદ્ધ થશે ? પ્રભુ બોલ્યા—ગૌતમ ! તેણે પૂર્વભવે શલ્ય રહિત થઇ યતનાથી આલોચના કરી હતી. ગુરૂએ આપેલા પ્રાયશ્ચિત્તને તેણે યથાર્થ રીતે આચરી, અને શુદ્ધ ચારિત્રને આરાધી ઉત્તમ સુકૃત સંપાદન કર્યું હતું. અને ઇંદ્રની મુખ્ય પટરાણી થઇ, ત્યાંથી ચવીને એ બ્રાહ્મણી સુલભબોધિ થઇ હતી. અને તેનાથી ગોવિંદે સિદ્ધિસુખ મેળવ્યું હતું, તે સાંભળી ગૌતમે ફરીવાર પુછ્યું. સ્વામી ! એ બ્રાહ્મણી પૂર્વે શી રીતે સાધ્વી થઇ હતી ? તે કૃપા કરી કહો. પ્રભુ બોલ્યા, તે બ્રાહ્મણી પૂર્વે એક ગચ્છનો નાયક મુનિ હતો, તેણે ગચ્છના પ્રવર્તનમાં ઘણી રીતે માયા, અને ઉગ્ર કપટ આચરેલ, તેથી તેણે સ્ત્રી વેદ બાંધ્યો હતો. ગચ્છપતિ સાધુ થતાં પણ તેણે પોતાનું ચારિત્ર સારી રીતે સાધ્યું નહીં, તેણે માયાની રચના કરી ગુરૂને ભ્રમમાં નાખ્યા, તથાપિ ગુરૂ તે માયા પ્રવચનની પ્રતિકૂળ જોઇ, તે પ્રમાણે વર્ત્યા નહીં, અને એક અણુમાત્ર પણ માયાની છાયા લીધી નહીં.

પૂર્વે તે ભરતખંડમાં ચોક રત્નનો સ્વામી હતો. એક દિવસે ગુરૂની પાસેથી દેશના સાંભળી તેના હૃદયમાં સારી અસર થઇ ગઇ. સંસારથી ભય પામી, તેણે સંયમ લીધો. સારી રીતે શાસ્ત્રનો અભ્યાસ કરી, તે ગીતાર્થ થયો, અને સૂરિપદનો અધિકારી થયો. આવી સ્થિતિએ પહોંચ્યો હતો, તથાપિ તેના પૂર્વ કર્મનો દોષ અવશેષ રહ્યો, તેથી તેને સ્ત્રીરૂપે થવું પડ્યું હતું. ગૌતમ ! તે બ્રાહ્મણે જે માયા કરી હતી, તે લાખ ભવને અંતરે પણ નડી હતી, તે વૃત્તાંત સાંભળો.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં શ્રી સામાન્ય નામે લોકમાન્ય રાજા હતો, તેને રૂપી નામે ગુણપાત્ર પુત્રી હતી. તે રૂપ અને લાવણ્યમાં રંભા જેવી હતી. અનુક્રમે તે રાજબાળાને યૌવન વયમાં પરણાવી. દુષ્કર્મને યોગે તે બાળા તરતજ વિધવા થઇ. એ દુઃખથી રાજપુત્રીને અતિ કષ્ટ ભર્યું વૈધવ્ય દુઃખ પ્રાપ્ત થયું. પુત્રીને દુઃખી જોઇ સામાન્ય રાજા તેને બોધ આપ્યો કે, પ્રિય સુતા ! કર્મનું બળ અનિવાર્ય છે. તેને માટે વિશેષ દુઃખ ધરવું નહીં. તું સુજ્ઞ છું, તેં આર્હત વાણી સાંભળી છે, અજ્ઞાન જેવો અમર્ષ પુરૂષ તેણ વાં સુધી બંધ રહ્યો હતો, તેથી ઉદય આવેલું કર્મ ભોગવ્યા વિના છુટકો નથી. હે પુત્રી ! શુદ્ધ હૃદયથી અર્હંત ધર્મની ઉપાસના કર, ત્રિકાળ જિનપૂજા આચર, સાત ક્ષેત્રોમાં દ્રવ્ય વાપર, અને સાધર્મિ જનની સેવા કર. વળી તું પવિત્ર ભાવથી જૈન સાધુ સાધ્વીની આરાધના કરજે. પિતાના આવા હિતકારી વચન સાંભળી રૂપવતી રૂપીએ ભણ્યું. "પિતાજી ! જો આજ્ઞા આપો તો કાષ્ઠ ભક્ષણ કરી, આ દુઃખમાંથી હું મુક્ત થાઉં. મારે હવે વધારે [illegible] જીવવાની મમતા નથી. આ સંસારમાં રહેવાની મારી ઇચ્છા નથી. પુત્રીના આવા વિચાર જાણી રાજા ખુશી થયો, તેના મનમાં આવ્યું કે, આ પુત્રીને ધન્ય છે. આવી વૈરાગ્યવતી પુત્રી મારા ઘરમાં છે, તેથી મારા ઘરની શોભા છે. [illegible] ભાવનાને નિઃશંક રાખવાને તેની કેવી પ્રીતિ છે ! મારે પુત્ર નથી, તો આ પુત્રીજ મારો પુત્ર [illegible] આવું વિચારી રાજાએ રૂપીને કહ્યું, વત્સે ! તું ધીરજ રાખી

આ ઘરમાં રહે. [illegible] વિચાર [illegible] હું [illegible] થયો છું. [illegible] રીતે [illegible] રક્ષણ કરવાને સમર્થ છે. વળી મારે પુત્ર નથી, તો તને હું પુત્ર તરીકે માનીશ. [illegible] પુત્ર છું. એમ [illegible] મારે [illegible] વિપરીત વિચાર કરવો નહીં. જિન [illegible] ધર્મની આરાધના કર. [illegible] કરવાથી [illegible] નથી તો [illegible] માટે તારે [illegible] ધર્મની આરાધના કરવી [illegible] નથી.

[illegible] અને અભ્યંતર [illegible] આરાધના [illegible] અરિહંત, [illegible] ઉપાધ્યાય, [illegible] અને [illegible] એ વિગેરે અનેક [illegible] ધર્મનું આરાધન કરવું. [illegible] પુછો ! [illegible] તે [illegible] વચનને [illegible] રહી, અહંત ધર્મની ઉપાસના કરવાનો નિશ્ચય [illegible] નિર્ગમન કરવા લાગી. અને [illegible] અનેક પ્રકારનો ધર્મ [illegible] લાગી.

[illegible]

શીળ પરમ સૌભાગ્ય છે,
શીળ પરમ છે રૂપ;
શીળ પરમ જીવિત છે,
શીળ વશે સવિ ભૂપ. ૧

સુપુરૂષને શીળ રાખવું,
પ્રાણ તજી પણ એદ;
પ્રાણ ધારણ સ્થીતિ વિશ્વને,
[પણ] સંતને શીળશું નેહ ૨

આ સુબોધક કવિતાનું સ્મરણ કરી શીલસન્નાહ કુમારે વળી વિચાર્યું કે, આ રૂપીની દ્રષ્ટિમાં પૂર્ણ વિકાર છે, વળી તેણીના હાથમાં રાજસત્તા છે, માટે આ વખતે અહીંથી ચાલ્યા જવું યોગ્ય છે. આવું વિચારી તે સામંતકુમાર કાંઈ પણ બહાનું બતાવી ત્યાંથી ચાલ્યો ગયો, અને પોતાના પવિત્ર શીળનું ખંડન થવાના ભયથી તે નગરને છોડીનો દેશાંતર તરફ રવાને થયો.

કુમાર શીલસન્નાહ ત્યાંથી આગળ જતાં એક હિરણ્યોત્કર નામના નગરમાં આવ્યો, તે નગરનો વિચારસાર નામે રાજા હતો. સેવા કરવાની ઇચ્છાથી સામંતકુમાર તેની પાસે આવ્યો. રાજાએ તેને પોતાની સેવામાં રાખ્યો. એક વખત રાજા વિચારસારે તેને પુછ્યું કે, તમે કયા નગરમાં રહો છો ? અને કોણ છો ? આજ સુધી તમે કોની સેવા કરી છે ? તમારૂં નામ શું છે ? તમારા હાથમાં આ શેની મુદ્રા છે ? આ પ્રમાણે રાજાએ પુછવાથી સામંતકુમારે તેના બધા ઉત્તરો આપ્યા, પણ હાથની મુદ્રા ઉપર જે નામ હતું, તે કહ્યું નહીં. ત્યારે રાજાએ પુછ્યુ, એ મુદ્રા વિષે શું છે ? તે કહો. સામંતકુમાર બોલ્યો—સ્વામી ! આ મુદ્રામાં જે નામ છે, તે જમ્યા પહેલાં લેવાય તેવું નથી. જેનું નામ એ મુદ્રા ઉપર છે, તે માણસ નેત્ર વિકારી છે, અથવા ચક્ષુ કુશીલ છે, તેવાનું નામ લેવાથી પાપ લાગે છે, તેમજ જો તે નામ ભોજન કર્યા પહેલાં લીધું હોય, તો ત્રણ દિવસ સુધી ખાવાને આહાર પણ મળતો નથી, તે સાંભળી રાજાને આશ્ચર્ય થયું. તત્કાળ રસોઇનો તૈયાર થાળ ત્યાં મંગાવ્યો, અને કુમારને કહ્યું—હું તેનું નામ લઇને પછી તુરત જમવા બેસીશ. જોઇએ મને શું થાય છે ?

કુમાર બોલ્યો—રાજેંદ્ર ! કદિ તમને વિઘ્ન થાય તો શું કરવું ? રાજા બોલ્યો—કુમાર ! જો આ વખતે ભોજનમાં વિઘ્ન થાય; તો મારે પરિવાર સાથે ચારિત્ર લેવું. તત્કાળ સામંત કુમારે ધર્મનું ચિંતવન કરી, " ચક્ષુ કુશીલ રૂપી " એવું નામ લીધું, અને રાજાને પણ લેવરાવ્યું. તે વખતે શાસન દેવીએ ચિંતવ્યું કે, " આ કુમારનું પણ રાખવું અને ધર્મનો પ્રભાવ વધારવો. " આવું ચિંતવી નગરની બહાર એક મોટું શત્રુનું સૈન્ય વિકુર્વ્યું. તત્કાળ એક અનુચરે આવી ખબર આપ્યા કે, મહારાજ ! આપણા નગરને દુશ્મનોએ ઘેરી લીધું છે. આ ખબર સાંભળતાંજ રાજા આશ્ચર્ય પામી ગયો, અને

રૂપીના નામની તેને પ્રતીતિ આવી ગઈ. તે વખતે કુમાર ધીરમલ્લે વિચાર્યું કે, આ ખરે-ખરો સ્વામિભક્તિનો સમય આવ્યો છે. આ વખતે મારે પ્રાણાર્પણ કરીને પણ સ્વામીનું કામ કરવું જોઈએ. જગતમાં સ્વામી ભક્તનાં નામ અમર અને પ્રસરી રહ્યાં છે; માટે હું આજથી અનશન વ્રત લઈ, મારા ધીરજ વ્રતની પરીક્ષા કરું. આવું વિચારી ધીરસંપદ કુમાર સૈન્યની સામે એકલો આવ્યો. તેણે સૈન્યની નજીક આવી જણાવ્યું કે, હું સજ્જ છું, મારી સામે યુદ્ધ કરવા આવો. તે સાંભળતાંજ સૈનિકો હોકારા કરી, તેની ઉપર ધસી આવ્યા, ત્યાં શાસન દેવીના પ્રભાવથી બધા સૈનિકો ચિત્રવત્ થઈ રહ્યા. તે વખતે શાસન દેવી આકાશમાં પ્રગટ થઈ નીચે પ્રમાણે ગાન બોલી:—

કમલી ડગે કુળ પર્વત, હેરે જલધિ મર્યાદ,
વિધુ તાપે રવિ શીતળો, કદાપિ દેવ અતિશય વાદ. 1
પણ સુધીર સ્વધર્મનો, ન ડગે [illegible] પ્રમાદ,
નિર્મળ [illegible] [illegible], [illegible] ધીર [illegible]. 2
[illegible] [illegible] [illegible], [illegible] દેવ [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]. 3

[illegible]

ુ બોલ્યા, ગૌતમ ! એ સામંતકુમાર પૂર્વ ભવે મુનિ હતો. મણિ અને તૃણ તથા અને પાષાણ તેને સરખાં હતાં. નિરાબાધ સંયમને તે પાળતો હતો. એક વખતે ાએ અનાભોગથી વચનનો દંડ કર્યો, આથી તેણે પ્રચંડ અભિગ્રહ લઇને એવું ત કર્યું કે, યાવજ્જીવિત સુધી મૌન વ્રત ગ્રહણ રાખવું, એવી રીતે સંયમની આ- કરતાં તેણે કાળ કર્યો, અને તે પ્રથમ કલ્પમાં દેવતા થયો, ત્યાંથી ચવીને આ સા- ાર શીલસન્નાહ થયો, અને પૂર્વના સંયમ બળથી તે સુલભ બોધિ તથા જાતિસ્મ- ાનવાળો થયો.

હે ગૌતમ ! આ પ્રમાણે તેના પૂર્વ ભવનો વૃત્તાંત છે. હવે તે શીલસન્નાહ ુનિએ અવધિ જ્ઞાનથી પોતાનું અલ્પ આયુષ્ય જાણીને અજિત વિગેરે તીર્થંકરોએ કરેલા સમેતશિખર તીર્થ તરફ જવાને વિહાર કર્યો. ત્યાં માર્ગમાં ક્ષિતિપ્રતિષ્ઠિત ાવ્યું. મહા મુનિ શીલસન્નાહ ત્યાં સમોસર્યા, એ ખબર રૂપી રાજાને પડી, એ- પરિવાર સહિત જ્ઞાની મુનીશ્વરને વાંદવા આવી. ઉપકારી મુનિરાજે તે પ્રસંગે ધર્મ આપી. દેશના એટલી બધી અસરકારક આપી, કે જેથી રૂપી રાજાની મનોવૃત્તિ ગઇ. તેણે શીલસન્નાહ મુનિને વંદના કરી, અને મહા વ્રત લેવાને માટે પ્રાર્થના ુનિવરે તેણીને પરિવાર સાથે દીક્ષા આપી રૂપી સાધ્વી થઇ ગુરૂનાં વચન ઉપર ઇ, પાંચ આચારને પાળવા લાગી. મુનિરાજ શીલસન્નાહે બધો પરિવાર લઇ, ખર તરફ વિહાર કર્યો. અનુક્રમે તેઓ ત્યાં આવી પહોંચ્યા અજિતનાથ વિગેરે સ્પર્શથી પવિત્ર કરેલા એ તીર્થરાજને ત્રિકરણ શુદ્ધિથી વંદના કરી, પછી એક ઉપર તેઓ આરૂઢ થયા. ત્યાં મુનિઓના પરિવાર સાથે મુનીશ્વરે સલેખના ્તે પ્રસંગે રૂપી સાધ્વીએ વિનયથી શીલસન્નાહ મુનિને વિનંતી કરી કે, ભગવન્ ! ી મને પણ સલેખના આપો. ગુરૂ પ્રેમથી બોલ્યા—સાધ્વી ! તમારે જો ા લેવી હોય, તો પૂર્વનાં પાપરૂપ પંકને ધોવા આલોચના લઇને શુદ્ધ થાઓ. ાણે કહી, તે મહાનુભાવ નીચેની ગાથા બોલ્યાઃ—

શુદ્ધ ભીંતે જેમ શોભિએ, ચિત્રતણી જેમ રેખ,
તેમ નિઃશલ્ય થયા પછી, જે કીજે તે વિશેષ. ૧

સલેખણા ને જોષણા, એ જિન શાસન સાર,
કર્મ કપાવની સલેખણા, જોષણા શરીર આહાર ૨

આ પ્રમાણે ગાથાનો ઉચ્ચાર કરી, તે મહા મુનિએ બધા ગુણહાર વિષે વિવે- ે બતાવ્યું, અને મનુષ્ય ભવનાં દશ દ્રષ્ટાંતો આપી, માનવ જીવનની દુર્લભતા બતાવી.

આ બધું સાંભળ્યા પછી રૂપી સાધ્વીએ આક્ષેપ કરી કહ્યું, સ્વામી ! આપ લેખણા આપો છો, પણ મારે આપને એક કહેવાનું છે. પૂર્વે જે આપને મેં

[illegible] ને [illegible] જોઈ નહતા. [illegible] કરીને [illegible] મને [illegible] ધર્મ [illegible] આ [illegible] કરી, [illegible] કરી, જપ, તપ, અને નિયમ [illegible] અને [illegible] કેમ [illegible] નહિ. [illegible] એ [illegible] પણ [illegible] કર્યું [illegible]

[illegible] અને [illegible] અને [illegible] કરે. [illegible] પ્રભુએ [illegible]

[illegible]

તેજ અગ્નિ તેની ચિતાનો અગ્નિ થયો. સ્વયંવરમાં આવેલા રાજાઓ તેના ઋણુઓ થયા. આ બનાવથી સુલક્ષણાને અને તેણીનાં માતાપિતાને ભારે શોક થઇ પડ્યો.

કેટલોક સમય વિત્યા પછી રાજા જંબુશાલિમે સુલક્ષણાને કહ્યું, બ્હેન ! અફસોસ કરીશ નહીં, જે કર્મ યોગે થવાનું હોય, તે થાય છે. હવે તો તારે આત્મસાધન કરવું, ત્રિકરણ શુદ્ધિથી જૈન ધર્મની આરાધના કરવી, દાન, શીળ, તપ અને ભાવ, એ ચતુર્વિધ ધર્મની તું સેવા કર, ઇચ્છા પ્રમાણે દાન કરી યાચકોને સંતુષ્ટ કર, આ રાજ્યલક્ષ્મી તારી છે, જેટલો વ્યય કરવો હોય, તેટલો વ્યય કરી આર્હત ધર્મની ઉપાસના કર, તારૂં કર્તવ્ય શું છે ? તેને માટે હમેશાં નીચેની કવિતા સ્મરણમાં રાખ.

" વિવસ [1]પ્રીતિપતિકા સતિને,
ભણવું શાસ્ત્રનું સુણવુંજી;
સંમતિ સુશીલ [2]સમણીની કાજે,
એહજ ચિતમાં સુણવુંજી. " ૧

રાજાએ આ પ્રમાણે બોધ આપી, સુલક્ષણાને ધર્મ પરાયણ કરી દીધી.

એક વખતે તે નગરના ઉદ્યાનમાં જિનભૂષણ નામે જિનવર આવી ચડ્યા. દેવતાઓને તેમનું સમવસરણ રચ્યું. ઉદ્યાનપાળકે વધામણી આપી, એટલે રાજા જંબુશાલિમ પોતાના પરિવાર સાથે ત્યાં પ્રભુને વાંદવા આવ્યો. રાજા નિર્મળ હૃદયથી પ્રભુની સ્તુતિ કરી, યોગ્ય આસને બેઠો. પ્રભુએ સંસારની અનિત્યતા ઉપર દેશના આપી. દેશનાના પ્રભાવથી રાજા, અને તેના પરિવારના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. તરતજ રાજા પરિવાર સહિત દીક્ષા લેવાને ઉજમાળ થયો. કૃપાળુ પ્રભુએ રાજાને સપરિવાર દીક્ષા આપી, તે સાથે સુલક્ષણાએ પણ દીક્ષા લીધી. રાજા વિગેરેને સર્વ એકરથ વીર મુનિને સોંપ્યા, અને સુલક્ષણા એક સાધ્વીજીને સોંપી. તેઓ અનુક્રમે દ્વિવિધ શિક્ષા સંપાદન કરી, સંયમ ધર્મના વિધાનોમાં પ્રવીણ થઇ ગયાં.

એક વખતે સુલક્ષણા સાધ્વી પ્રવર્તિનીના કહેવાથી વસતિની શુદ્ધિને માટે કાંઇક પ્રદેશને ઉદ્દેશીને અનુશોધ કરવાને બાહેર ગઇ, ત્યાં કોઇ કર્ણિકોને જોયા, અને ચકચક પક્ષીઓનો સંયોગ તેણીના જોવામાં આવ્યો. તે સાથે તેમનાં બીજા પ્રેમ વિલાસનાં ચિન્હો પણ જોવામાં આવ્યા. તે જોતાંજ સુલક્ષણા વિહ્વળ થઇ ગઇ, તેણીની મનોવૃત્તિમાં વિકાર ભાવ ઉત્પન્ન થયો. તેણીએ મનમાં આ પ્રમાણે ચિંતવ્યું—" અહા ! આ પક્ષી કેવાં પુન્યવાન છે ? તેનો સ્વતંત્રપણે કેવો વિલાસાનંદ ભોગવે છે ? આવો આનંદ મેં ભોગવ્યો નહીં. હું બાલ્યવયમાં વૈધવ્યપણું પ્રાપ્ત કરી આવું સાધ્વીપણાનું દુઃખ ભોગવું છું " આ પ્રમાણે ચિંતવી સુલક્ષણા ક્ષણવાર વિચારમાં પડી. તે પછી પોતે ચારે

1 [illegible]

થાતું તેણીએ ચિંતવ્યું કે, " અરે ! આ શું બન્યું ! હું કોણ છું ! મારો આચાર શું છે ! હું એક ચારિત્રધારી સાધ્વી છું. મારે આવો કુવિચાર ન કરવો જોઇએ. અને વિશેષે આકરી, એ કેવું વિપરીત ! જિનભગવંતે અનગારનો આચાર જે વર્ણવ્યો છે, તે મર્યાદા છે. ઉત્તમ અનગારે અનુચિત એવું કાંઇ પણ જોવું ન જોઇએ. સંયમનું મૂળ જિતેંદ્રિયપણુંજ છે. જિતેંદ્રિય એવા સંયમીઓએ પણ વિષયથી સાવધાન રહેવાનું છે. વિષ, વિષથી પણ વધારે હાનિકારક છે. તેને માટે નીચેની સંસ્કૃત કવિતા મનન છેઃ—

" एकवर्णानिरेकेण विषविषयोर्मह दंतरम् ।

विषंतु भक्षितं हंति विषयाः स्मरणादपि " ॥ १ ॥

" વિષ અને વિષય, એ બન્નેમાં એક અક્ષરના વધારાથી ઘણું અંતર છે. વિષ ભક્ષણથી મારે છે, અને વિષયો સ્મરણ કરવાથી મારે છે. " ૧

આવું વિચારી તેણીએ ખાતી કુટતાં કુટતાં ઘણો આક્રંદ કર્યો. અરેરે ! મેં મારા ચારિત્રને ક્ષણવારમાં દૂષિત કરી દીધું [illegible] આજ સુધી રાખેલ શીયરત્ન મેં ક્ષણમાં ગુમાવી દીધું [illegible] વિપરીત [illegible] ગુરૂને પણ શી રીતે કહેવાય ! જો હું આ વાત નહીં કહું, તો [illegible] હરણ [illegible] અને [illegible] સુધી મારી શુદ્ધિ નહીં થાય

આ પ્રમાણે ચિંતવતી [illegible] પાસે આવવા નીકળી, ત્યાં [illegible] થયો, આ તેણીને [illegible] પૂર્વે [illegible] દીધાં [illegible] પણ તે [illegible] ત્યાં તે- [illegible] હતી [illegible] કરી, તે [illegible] છે [illegible] હું કોણ છું ! [illegible] જેવી કુલીન સાધ્વીએ [illegible] ન કરવી જોઇએ. [illegible] હું [illegible] છું ! મારે આવા [illegible] છે, અને તે [illegible] કરવાની શી જરૂર છે ! તેનું [illegible] સાધ્વીનાથી [illegible]

[illegible]

કર્મની ગતિ વિચિત્ર છે. દુર્ધ્યાનને યોગે સુલક્ષણા મૃત્યુ પામીને એક નગરમાં કોઇ વેશ્યાને ઘેર ખંડુકા નામે સ્વરૂપવતી દાસી થઇને અવતરી. ઘણા કામી પુરૂષો તેને ચાહતા હતા, પણ તેની જે અક્કા કુટણી હતી, તે તેણીને વિઘ્ન કરતી હતી. છેવટે અક્કાએ તેણીને ઘરની બહાર કાઢવાનો નિશ્ચય કર્યો. તે વખતે વળી તેણીએ વિચાર્યું કે, આ રૂપવતી છે, માટે સર્વે કામિજન તેણીને ઇચ્છે છે. વળી તેણીની વાણીમાં માધુર્ય છે, માટે જો તે વધી જશે, તો મને દુઃખ આપશે; તેથી તેને રાત્રે વિરૂપા કરી નાખું. આવું ચિંતવતી અક્કા રાત્રે સુતી, ત્યાં ખંડુકાને રાત્રે સ્વપ્નમાં કોઇ વ્યંતરે આવીને જણાવ્યું કે, તારી અક્કા તારે માટે વિપરીત ચિંતવે છે. તત્કાળ તે જાગ્રત થઇ કુટ્ટિનિકાથી ભય પામતી ઉઠીને ત્યાંથી છુપી રીતે નાશી ગઇ.

૭ માસ સુધી ભમતી તે દાસી એક ગામમાં આવી ચડી, ત્યાં કોઇ ધનાઢયના કુળપુત્રની દૃષ્ટિએ પડી. તે મોહ પામીને તેણીને પોતાના ઘરમાં લઇ ગયો. તે કુળપુત્રના ઘરમાં તેની એક વિવાહિત સ્ત્રી હતી, તેણીએ શોકયનું શલ્ય દૂર કરવાનો ઉપાય કરવા માંડયો. એક વખતે ખંડુકાને ચુડેલની જેમ વળગી, અને તેની યોનિમાં તપેલી કોશ નાખી, તેને મારી નાખી. પછી તેના શરીરના કટકા કરી શ્વાન તથા પક્ષીઓને ખવરાવી દીધા. તેવામાં કુળપુત્ર ઘરે આવ્યો, ત્યાં તેણે આ વૃત્તાંત જાણ્યો. તત્કાળ પૂર્વ કર્મના યોગથી તેના હૃદયમાં વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો. સંસારના સ્વરૂપને ધિક્કારી તે કોઇ મુનિની પાસે ગયો, અને શુદ્ધ હૃદયથી મહા વ્રતધારી થયો. સંયમને યથાર્થ રીતે પાળી, છેવટે તે સિદ્ધિ પદનો અધિકારી થયો.

સુલક્ષણાનો જીવ આ સંસારમાં ભમી ભમીને એક ચક્રવર્તીની સ્ત્રી રત્નરૂપે અવતર્યો. ત્યાંથી પાછો છઠ્ઠી નારકીમાં ગયો, ત્યાંથી પાછો ભવમાં ભ્રમણ કરી શ્વાન યોનિમાં આવ્યો. ત્યાં મૈથુનક્રીડા કરતાં ગુહ્ય ભાગમાં બાણ વાગવાથી તેમાં કીડા પડ્યા, અને આખરે મૃત્યુ પામી વેશ્યાના ઉદરમાં પુત્રીરૂપે થયો. ત્યાં બે માસના ગર્ભમાંજ વેદના સહન કરી મૃત્યુ પામ્યો. એવી રીતે તેને નવાણું ભવ થયા પછી દારિદ્રથી પીડિત એવા માનવ ભવમાં તે સ્ત્રીરૂપે ઉત્પન્ન થયો. તે જન્મ પામતાંજ તેનાં માતાપિતા મૃત્યુ પામી ગયાં. તે બાળાને કોઇ ગોવાળણે ઉછેરી મોટી કરી. તે ભવમાં દહીં દૂધ વેચતી, અને અનુચિત કામ કરતી તે કર્મજાળ બાંધવા લાગી. ત્યાંથી મૃત્યુ પામી અનેક ભવમાં વધ, બંધન અને મરણનાં દુઃખ અનુભવી કોઇ બ્રાહ્મણને ઘેર અવતરી. પછી દેવી, વ્યંતરી, બ્રાહ્મણ અને ચામુંડ દેવીના ભવ કરી, દુષ્ટ બીલાડાના ભવમાં તેનો અવતાર થયો. ત્યાંથી નરકે ગઇ, તેણીને સાત ભવ સુધી ક્રૂર પાપના અવતાર લેવા પડ્યા. પછી મનુષ્ય, માછલું, નારકી, ક્રૂર અનાર્ય સ્ત્રી, છઠ્ઠી નારકી, કોઢીયો પુરૂષ, સાતમી નારકી, દૃષ્ટિવિષ સર્પ, અને પાંચમી નારકીમાં ઉત્પન્ન થઇ, તેણે અત્યંત કષ્ટ સહન કર્યાં.

જ્યારે પદ્મનાભ જિનેશ્વરનો વારો આવશે, ત્યારે તે સુલક્ષણાનો જીવ ફરતો ફરતો એક ગામમાં ખુંપણા દેહવાળી સ્ત્રીરૂપે ઉત્પન્ન થશે. એક વખતે તેના શરીરના ગુહ્ય ભાગમાં

વધુંદર પેથપાથી તે અતિ દુઃખી થશે. પછી તે ખુધરી શ્રી પદ્મનાભ પ્રભુના સમ
ણમાં આવી ચડશે, પ્રભુનાં દર્શન થતાંજ તેણીની બધી પીડા નાશ પામી જશે. તેણી
પોતાના પૂર્વ ભવને માટે પુછશે. એટલે પ્રભુ તેણીને તેણીના બધા ભવનો વૃત્તાંત
પછી સુલસશ્રાના ભવમાં જે આલોયણા ન લીધેલ, તેનું કારણ આ દુઃખ છે, એમ
તેણી પ્રભુ પાસે આલોયણા લેશે, અને નિઃશલ્ય થઇને કર્મરૂપ મળને દૂર કરી
ત્યાર પછી તે દુઃખી બાળા ચારિત્ર લઇને મોક્ષે જશે.

શીલસન્નાહ મુનિ કહે છે, હે રૂપી સાધ્વી ! એ સુલસશ્રીનો વૃત્તાંત જાણી
પણ આલોયણા લઇ, શલ્યને દૂર કરજે. માયાથી કોઇ વાત છુપાવીશ નહીં, નહીં તો
ચારિત્ર નિષ્ફળ થશે. આ પ્રમાણે મુનિએ સમજાવ્યું, તે છતાં તે રૂપી સાધ્વી સાચે
માની નહીં, અને બોલી કે, મેં તમને શીલ પરીક્ષાને માટેજ જોયા છે, કામવિ
જોયા નથી. આવા દુરાગ્રહથી તેણીએ ઓવેદ બાંધ્યો, અને ત્યાંથી મૃત્યુ પામીને વિદ્યુ
દેવતામાં જ્યોતીઓના વાહનપણે દેવીરૂપે ઉત્પન્ન થઇ, ત્યાંથી ચવીને નઠારી સ્થિતિ
બ્રાહ્મણની પુત્રી થઇ. તે અભાગણી તથા દુર્ગંધા થઇ, પીડાઇને તિર્યંચમાં આવી.
આનુપી, વળી પાછી તિર્યંચણી થઇ, અને ઉંદરની બેડની બહુ દુઃખ પામી. રૂપી આ
ભવથી માંડીને તેણીએ એક લાખમાં ત્રણ ભવ ઓછા કર્યા. પછી કર્મયોગે અકામ નિ
થતાં તે સહજ ધર્મગુણ પામીને મનુષ્ય ભવમાં પાછી અવતરી, ત્યાં ચારિત્ર લઇ સૂરિ
અધિકારિણી થઇ. પ્રવચનને અનુસારે ગચ્છને દીપાવી, પૂર્વ ભવની માયાનાં બીજને
તે ઇંદ્રની ઇંદ્રાણી થઇ. ત્યાંથી ચવીને અહીં સંયુક નામના બ્રાહ્મણની સ્ત્રી થઇ, ત્યાં
સ્મરણ થવાથી પ્રતિબોધ પામી, અને અત્યારે આ સુલસબોધી થઇ, તે રૂપી સાધ્વી
ભ્રમણ કરી, એ ગોવિંદ બ્રાહ્મણ થઇને સિદ્ધિપદને પ્રાપ્ત થઇ.

ગૌતમે પુનઃ પ્રભુને પુછ્યું, સ્વામી ! તે રૂપી સાધ્વી સાત આઠ ભવ સુધીને
ભવના ભ્રમણમાં કેમ પડી ! પ્રભુ બોલ્યા, ગૌતમ ! શીલસન્નાહસૂરિએ બોધ આપ્યો
તેણીના મનમાં કાંઇ આવ્યું નહીં. તે માયાના સ્વરૂપને સમજી નહીં, તેથી તેણીને
ભવ કરવા પડયા હતા. માયા કેવી નઠારી છે ! તેને માટે નીચેનું પ્રાકૃત કાવ્ય પ્રખ્યાત છે

માયા વિશવલ્લીની મૂલી,
માયા ભવરહસ્ય ધુગા;
માયા શરણુ ધર્મની ચ્યા,
ધન્ય જેણે માયા ઉન્મૂલી. ૧

જો રૂપીએ તેવી માયા ન કરી હોત, તો તે સાધ્વીપણામાંજ તેજ ભવમાં સિ
પામત. પણ ભવિતવ્યતાના યોગે તેણીની મતિ મુંઝાઇ ગઇ હતી. આ પ્રમાણે રૂપી સાધ્
ચારિત્ર દેખીને શીલસન્નાહ મુનિ પોતે નિઃશલ્ય થયા પછી ઉત્તર દિશાના...

તેમણે ચૈત્યવંદન કર્યું. મુનિજનના પરિવારથી વીંટાઇને તેમણે પર્યંકાસન કર્યું. પછી પંચપરમેષ્ઠીનું ધ્યાન કરી, ચાર કષાય છોડી, ચાર શરણુ લઇ અને ચાર આહારનાં પચ્ચખાણુ લઇ, તેમણે પાદોપગમ અનશન લીધું. શુક્લ ધ્યાનમાં આરૂઢ થઇ, એક માસ સુધી ધ્યાન કરી, તે શીલસન્નાહ મુનીશ્વર અનંત સુખના અનુભવી થયા, અને માયા શલ્યને દૂર કરવાનો પ્રભાવ તેમણે બધા જગને દર્શાવી આપ્યો.

ગૌતમે પ્રભુને પુછ્યું, સ્વામી! પેલી સુજ્જશ્રી આહેરણીનું શું થયું? તે કૃપા કરો. ગૌતમ! જ્યારે સુજ્જશ્રીએ પેલી ગોવાલણુને ગોખારૂપ મૂલ્ય આપ્યું નહીં. એટલે તેણીએ કહ્યું કે, મારા મહીનું મૂલ્ય આપ. મને ઠગીને ક્યાં જઇશ? નહીં તો મારી સાથે ગોકુળમાં આવ. જો તું વિનયથી રહીશ, તો તને હું પુત્રી તરીકે રાખીશ. પછી સુજ્જશ્રી તે ગોવાલણુની સાથે તેને ઘેર ગઇ, અને ત્યાં સારી રીતે રહેવા લાગી.

સુજ્જશ્રીનો પિતા પેલો સુજ્જશિવ આભિરુ દેશમાં મનુષ્ય, પશુ, ધાન્ય વિગેરેનો વેપાર કરી ઘણું ધન કમાયો. તેણે ધનનું સુવર્ણ, અને સુવર્ણનાં રત્ન કર્યાં. તે રત્નના સંચયને ઘણી સંભાળથી રાખતો હતો. ધન એવું દુઃખરૂપ છે કે, તેને માટે ઘણા દુઃખીજ થવાય છે. તે વિષે શાસ્ત્રકાર નીચેનું કાવ્ય લખે છે:—

धनानामर्जने दुःखं दुःखं तदनु रक्षणे ।
आये दुःखं व्यये दुःखं धिगर्थं दुःखभाजनम् ॥ १ ॥

" ધન મેળવવામાં દુઃખ, મેળવ્યા પછી તેનું રક્ષણ કરવામાં દુઃખ, આવકમાં દુઃખ અને ખર્ચમાં દુઃખ, તેથી એ દુઃખપાત્ર ધનને ધિક્કાર છે. " ૧

આ પ્રમાણે તે આભિરુ ધનાઢ્ય થયો. એક વખતે તેણે મનમાં ચિંતવ્યું કે, આટલું ધન કમાયો, પણ સ્વદેશમાં રહી, તેનો ઉપયોગ કર્યા વિના સંતોષ થતો નથી. માટે સ્વદેશમાં જવું યોગ્ય છે. આવું વિચારી તે સ્વદેશ તરફ ચાલ્યો. માર્ગમાં જ્યાં સુજ્જશ્રી પેલી ગોવાળણને ઘેર રહી છે, તેજ ગામમાં આવ્યો. સુજ્જશ્રી નવયૌવના થઇ હતી. તેના શરીરમાં તારૂણ્ય ખીલી નીકળ્યું હતું, તે વખતે દેશોને વાંકાળ પ્રાપ્ત થયો, એટલે સુજ્જશિવ તે ગામમાં વિશ્રાંત થયો. ગામમાં ફરતાં તે નવયૌવના સુજ્જશ્રી તેના જોવામાં આવી. તેણીના સૌંદર્યથી સુજ્જશિવ મોહિત થઇ ગયો. તેણે રત્ન આપવાની લાલચ બતાવી, તે સુજ્જશ્રીને વશ કરી. સુજ્જશ્રીએ તે રત્નની કીમત જાણવી [illegible] કહી. ગોવાળણે દશ કોટી ધન આપી, તે રત્નો ખરીદ કર્યાં. સુજ્જશિવ આભિરે રત્નને તે રત્ન વેચાતાં આપ્યાં, અને ઉપરાંત તેની પાસે ત્યાં રહેવા એક જાતની [illegible] ગોકુળ વસાવવાને ખેતીવાડી યોગ્ય જમીન માગી લીધી. આભિરે સ્વસ્તિ કરી, તે ભૂમિ ધનમાં [illegible] સુજ્જશ્રી તે કાળે આભિરુની સાથે [illegible] અને [illegible] રહ્યાં, અને વિષય સુખ ભોગવવા લાગ્યાં.

એક દિવસે કોઇ બે મુનીશ્વર વિહાર કરતા ત્યાં આવી ચડ્યા. દમનકપત્ની તેમને વંદના કરવાને આવી. મુનિઓને વંદના કરતાં તે પ્રત્યક્ષ રુદન કરવા લાગી. પોતાની પ્રિયાને રુદન કરતી જોઇ દમનકવિરે પુછ્યું, પ્રિયા ! રુદન કેમ કરે છે ! આ મુનિઓનાં દર્શન થયાં રુદન કરવાનું શું કારણ છે ! દમનકથી બોલી—પ્રાણેશ ! મારી જન્મ વખતમાં મારા સ્વામિની સાથ મુનિઓને અનિષ્ટમતાં, અને પંચાસે વંદના કરતાં હતાં, આ મુનિઓને જોઇને મને તે સાંભરી આવ્યાં. આથી મને રુદન આવ્યું. વળી આવા ઉત્તમ અનગારની સેવા પણી દુર્લભ છે. એ વાત પણ યાદ આવી. દમનકવિરે તેણીને પુછ્યું કે, તારી સ્વામિની કોણ હતી ! અને તે ક્યાં હતી ! દમનકપત્ની પોતાને પૂર્વ વૃત્તાંત એકાંતે કહી સંભળાવ્યો. તે વૃત્તાંત સાંભળતાં દમનકવિર પશ્ચાત્તાપના સાગરમાં મગ્ન થઇ, ચિંતવવા લાગ્યો, અહા ! આ શું આશ્ચર્ય ! આ મારી પુત્રી થઇ, જેણી સાથે મેં વેર કૃત કર્યું. અહા ! કર્મની ગતિ કેવી વિચિત્ર છે ! આ જગતને વિકાર છે. કદાચિત કષ્ટને કારણ કર્યું. તે અનુચિત છે. અરે કર્મ ! તારી કલા કેવળ છે: મેં કુળમાં આ પુત્રીને વેચી હતી. હું તેનો પાલક પિતા થઇ, તેનોજ ભર્તા થઇ, હવે આ તેનોજ ભોક્તા થયો. અહા ! કેવો અનર્થ ! મેં મારા આત્માને બગાડ્યો. આથી આત્મનિંદા કરી, તે અગ્નિમાં બળી મરવાને તૈયાર થયો. તેણે નગરની બહાર કાષ્ઠની ચિતા તૈયાર કરી, તેમાં અગ્નિ પ્રજ્વલિત કરવા માંડ્યો, પણ અગ્નિ પ્રગટ્યો નહીં; તે જોઇ લોકો કહેવા લાગ્યા કે, આ કેવો પાપી છે કે જેના અંગને અગ્નિ પણ બાળતો નથી. પછી નગરજનોએ તે બનેને દંપતિને નગરની બહાર કાઢી મુક્યાં. આ દમનને કોઇને પ્રભુને પુછ્યું, સ્વામી ! તે પાપીને અગ્નિએ કેમ બાળ્યો નહીં ! પ્રભુએ ઉત્તર આપ્યો, ગૌતમ ! તેનું બીજું કાંઇ કારણ નથી, તેની ચિતામાં જે કાષ્ઠ હતાં, તેમાં કાંઇ દહન શક્તિ નહતી.

પછી તે બને દંપતિ વિદેશમાં ચાલ્યાં ગયાં. ચાલતાં ચાલતાં કોઇ એક ગામ આવ્યું ત્યાં કોઇ મુનિને જોયા. મુનિ તેમની પાસે આવ્યા હતા. તેમની પાસે જતાં કોઇ એક ભગવાન સૂરિવરનાં દર્શન થયાં. ધર્મ કરતી હતી તે પછી દંપતિએ તેમના ચરણ કમળમાં વંદના કરી. દમનકવિરે મુનિવર તેના આત્માને અનુસરીને વિનંતિ કરી કે, આ મહા પાપીનો ઉદ્ધાર થાય તેવો ઉપદેશ આપો. મુનીશ્વર તેના આત્માને અનુકૂળ નીચેની કવિતા મધુર સ્વરથી બોલ્યા—

"ધર્મ કરે આરિ ધર્મ કરે, વિરતિ લેને ધર્મ કરે,
ત્યાગ ધર્મ ગ્રહણ આચરજો, એ આચાર દ્વારા વરે. ધર્મ. ૧

નેત્ર તણી કિરણ એમજ, કામ ક્રોધ વિવર્જન કરે,
જડ ચાલતો ... આવ મન ગઇ દિન આવે. ધર્મ. ૨

દશ દ્રષ્ટાંતે દુર્લભ વલ્લભ, લાધો એ નરભવ સખરો,
તેહ મુધા મમ હારો ભવિયાં, ફરી આવત નાહીં દુસરો. ધર્મ. ૩

કર્મ મર્મકે વશ થેં હોવત, કબહી પાપ પંક પસરો,
સો પણ આલોયણ શુદ્ધ હોવત, જો મિલે મતિધર સુગુરો. ધર્મ. ૪

જ્યું ઘૃત નિર્મળ નિર્જળ જસમેં, ત્યું ચારિત્રકો ધર્મ નરો,
અવિચળ સુખ લંભનકે હેતે, એહ પરમ ઉપાય ધરો. ધર્મ. ૫

વિષય કષાય પ્રમાદિક, એ કાઢો કલિમલ કચરો,
જન્મ જરા મરણાદિક ભ્રમરા, ભવિ ભવ ભવમાં નાહીં ફરો. ધર્મ. ૬

જ્ઞાનવિમળ ગુણ ગુરૂના પદકજ, પ્રેમે કરીને તે અનુસરો,
પરમ નિધાન ધ્યાન ધર્મનું, એહીજ મંદિર ભેય વિસરો. ધર્મ. ૭

સૂરીશ્વરે આ પ્રમાણે ધર્મદેશના આપી. તે સાંભળી સુજ્જશિવે પોતે કરેલાં પાપનો બધો વૃત્તાંત કહ્યો, અને તેની આલોયણાને માટે વિનતી કરી. ગુરૂએ તેનો શુદ્ધ ભાવ જોઇને આલોયણા આપી. આલોયણામાં જે બારે તપ કહ્યું, તે પ્રમાણે તેણે શુદ્ધ હૃદયથી આચર્યું. પછી સુજ્જશિવે સુજ્જશ્રી સહિત દીક્ષા લેવાની પ્રાર્થના કરી, એટલે સૂરિએ કહ્યું કે, આ સુજ્જશ્રી સગર્ભા છે, માટે તેનાથી દીક્ષા લેવાશે નહીં. પછી સુજ્જશિવે એકલા દીક્ષા લીધી. વિધિ સહિત સંયમ ધર્મને પાળી, સુજ્જશિવ છેવટે નિષ્કર્મ થયો.

છવીશ વર્ષ અને તેર દિવસ સુધી ચારિત્ર પર્યાય પાળી, અંતે પાદપોપગમ અનશન આરાધી, કર્મને ખપાવી, કેવળી થઇ તે સિદ્ધિ પદને પ્રાપ્ત થયો.

ગૌતમ ગણધર બોલ્યા—સ્વામી ! સુજ્જશિવ જેવો મહા પાપી અંતર્ગડ કેવળી થઇ, પરમ સુખનો પાત્ર થયો, તેનું શું કારણ ? પ્રભુ બોલ્યા—ગૌતમ ! તે સુજ્જશિવે શુદ્ધ ભાવથી પ્રાયશ્ચિત લઇ, સંયમની આરાધના કરી હતી. ક્ષપક શુકલ ધ્યાનના પસાયથી તેનાં દુષ્કૃત દુર થયાં હતાં.

ગૌતમે પુનઃ વિનયથી પુછ્યું કે, સ્વામિ ! સુજ્જશિવની સ્ત્રી સુજ્જશ્રીનું પછી શું થયું ? તે ગર્ભિણીની શી અવસ્થા થઇ ? તે કહેવાની કૃપા કરો. પ્રભુએ કહ્યું—ગણધર ! તે સુજ્જશ્રીએ પ્રસવ કાળે ગર્ભની પીડાથી એવું ચિંતવ્યું કે, આ ગર્ભ મને અતિ પીડા આપે છે, માટે તેનો નાશ કરૂં. આવા રૌદ્ર ધ્યાનથી મૃત્યુ પામી, તે છઠી નરકે પડી, તેણીએ જન્મ આપેલા બાળકને એક શ્વાન લઇ ગયો. શ્વાને તે બાળકને કુંભારના ચક્ર ઉપર મુકયો. શ્વાન તેનું ભક્ષણ કરવા જતો હતો, ત્યાં કુંભાર આવી પહોંચ્યો. કુંભારને કાંઇ સંતાન ન હતું, તેથી તેણે પોતાની સ્ત્રીને આપ્યો, અને તેનો જન્મોત્સવ

હતો. પુત્રનું સુસઢ એવું નામ પાડવામાં આવ્યું. માતપિતાએ તેને લાલનપાલન કરી મોટો કર્યો. સુસઢ કુંવરની ઉંમરમાં પ્રવીણ થયો હતો, તથાપિ તેનું હૃદય ધાર્મિક હતું.

એક વખતે તે ગામમાં કોઈ જ્ઞાની મુનિ આવી ચડ્યા, તેને વાંદવાને આવતા લોકોની સાથે સુસઢ પણ આવી ચડ્યો. મુનિના મુખની વાણી સાંભળી સુસઢના મનમાં સંવેગ પ્રાપ્ત થયો, તેણે તત્કાળ તે મુનિની પાસે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી સુસઢ સાધુએ ગુરુની સેવના, છઠ્ઠ અટ્ઠમ વિગેરે તપની આરાધના અને માસક્ષમણ કરી પોતાના ચારિત્રને દીપાવ્યું. કર્મની સત્તા પ્રબળ છે, આથી ઉત્તમ મુનિ કેટલોક કાળ ગયા પછી સંયમમાં શિથિલ થઈ ગયો. જેમ અનિયંત્રિત અશ્વ અવળો થાય, તેમ તે અવળો થઈ ગુરુની શિક્ષાને માન્યા વગર માત્ર તપસ્યાજ કરવા લાગ્યો. તેના મનમાં તપને માટે સારો ભાવ હતો. સંયમના બીજા ધર્મને તેણે મુખ્યપણે આદર્યા નહીં. ગુરુ તેને કહેતા કે, વત્સ! એકલું તપ શા કામનું છે? તું યતના (જયણા) રાખીને તપસ્યા કર. ગુરુની આવી શિક્ષા પણ તે માનતો નહીં, અને જયણા રાખ્યા શિવાય તપસ્યા કરતો, અને તેનેજ ઉત્તમ સંયમ માનતો હતો.

સુસઢની આવી વર્તણુક જોઈ ગુરુના હૃદયમાં દયા આવી. ગુરુએ મનમાં વિચાર્યું કે, આ મુનિ ચારિત્રધારી તપસ્યા કરે છે, પણ તેની તે તપસ્યા યતના વિના વૃથા છે, માટે તેના હિતની ખાતર તેને યથાશક્તિ બોધ આપવો, તે છતાં જો તે અલ્પ મતિ માને નહીં, તો પછી તેનાં કર્મ જાણે. આવું વિચારી એક વખતે ગુરુએ સુસઢને બોલાવી આ પ્રમાણે કહ્યું:—

વત્સ! હવે દીર્ઘ વિચાર કર, શુદ્ધ ભાવથી યતનાનો આદર કર. જયણાનો પ્રકાર દિવ્ય છે. જયણા વિના તારી તપસ્યા કાયને કલેશકારક થઈ પડશે. યતનાને માટે નીચેની ગાથા સમજી હમેશાં તેનું મનન કર્યા કર.

समिइ कसाय गारव, इंदियमय बंभचेरगुत्तीय ।
सज्झाण विणय तव एग, सहीओय जयणा सुविहियाणं ॥ १ ॥

જયણાથી પાંચ સમિતિયાનું પાલન થાય છે, કષાય, ગારવ અને ઇંદ્રિય મદથી દૂર રહે છે, બ્રહ્મચર્ય, ગુપ્તિ, સ્વાધ્યાય, વિનય અને તપ નિરાબાધ થાય છે, તેમજ ગુરુની આજ્ઞામાં પ્રવર્તાય છે.

શિષ્ય! જયણાને માટે જેવો ઉત્તમ અભિપ્રાય છે, તેવોજ ગુરુની આજ્ઞામાં પણ છે. શિષ્ય અનંત રીતે કાંઈ પણ કાર્ય કરવાનો અધિકારી નથી. કદિ ને કાંઈ ઉત્તમ

પ્રકારનું હોય, તોપણ ગુરૂની આજ્ઞા સિવાય કરેલું કાર્ય તેનું પૂર્ણ ફળ આપતું નથી. જેને માટે નીચેનું પ્રાકૃત કાવ્ય સ્મરણીય છે.

" આપ બુદ્ધિએ સુંદર કર્યું, તે સુંદર ન હોય,
એ ગુરૂ વચન થકી કર્યું, તે શાસનમેં સોહ. ૧ "

વળી યતનાને માટે પણ તેમજ કહ્યું છે:—

" યતના પૂર્વક તપ કરો, જેથી ભવને વામો,
આજ્ઞા યતના જો મળે, તો શિવસુખને પામો. ૧ "

ગુરૂએ આ પ્રમાણે ઘણું કહ્યું, પણ સુમઙ્ગલના હૃદયમાં જરા પણ ઉતર્યું નહીં. તે ગુરૂની અવજ્ઞા કરી, અને જયણાને વિસારી કષ્ટ ભરેલાં તપ કરવા લાગ્યો. આવી વર્તણૂક રાખી ગુરૂની સાથે વિહાર કરવા લાગ્યો. છેવટે ગુરૂએ તેને પ્રાયશ્ચિત લેવાને કહ્યું, તથાપિ તે પ્રાયશ્ચિત લીધા વગર સ્વતંત્રતાથી વર્તવા લાગ્યો. ગુરૂ શિક્ષા આપે, તોપણ તેની દરકાર રાખે નહીં. જ્યારે આમ હદ ઉપરાંત સુમઙ્ગલનું પ્રવર્તન જોવામાં આવ્યું, એટલે ગુરૂએ તેને સંઘની સમક્ષ પોતાના ગચ્છની બહાર કાઢ્યો. ગચ્છની બાહેર રહીને પણ તે જયણા વગર ઉગ્ર તપસ્યા કરવા લાગ્યો. ષટ્કાય જીવની વિરાધનાને નહીં ગણતાં કેવળ તપસ્યામાંજ તે તલ્લીન રહેવા લાગ્યો. આ પ્રમાણે યતના રહિત ચારિત્રને પાળતાં, તે સુમઙ્ગલનો કાળ આવ્યો. મૃત્યુ પામ્યા પછી તપના પ્રભાવથી તે સૌધર્મ દેવલોકમાં ઇંદ્ર સામાનિક દેવતા થયો. હે ગૌતમ! હવે તે સુમઙ્ગલનું આયુષ્ય આ પ્રમાણે છે. સૌધર્મ દેવલોકમાંથી ચવીને તે ભરતક્ષેત્રમાં વાસુદેવ થઈને અવતરશે, ત્યાંથી સાતમી નારકે ઉત્પન્ન થઈ દુર્ગતિનો અવતાર પ્રાપ્ત કરશે. તે જાતે અતિ [illegible] શેઠ, મરીને અનંત કાળમાં ભમશે, અને પછી ચતુર્ગતિના મોટા ફેરામાં પડશે. હે ગૌતમ! જયણા વિના કેવી અનંત દુઃખ છે? તેને માટે તે સુમઙ્ગલ પૂર્ણ દૃષ્ટાંતરૂપ છે. તેણે અતિ મહાન્ તપસ્યા કરી હતી, અને પોતાના શરીરને મોટા કષ્ટનું ભાજન બનાવ્યું હતું, તથાપિ યતના વિના તેનો ઉદ્ધાર થયો નહીં. આ અનંત સંસારને તે તરી શક્યો નહીં, એટલુંજ નહીં, પણ [illegible] કષ્ટ [illegible] તેવી રીતે જે માણસ ગુરૂનાં વચનની [illegible] ન કરે, તે સુમઙ્ગલની જેમ બહુ દુઃખી થાય છે. જો ગુરૂની આજ્ઞાથી તેણે [illegible] હોત, [illegible] પ્રાપ્ત કરી શકત. [illegible] છે, તે [illegible] જો ગુરૂની આજ્ઞાએ કરવામાં આવ્યો હોત, તો તેજ [illegible]

[illegible] કરી [illegible] છે કે, જે કાંઈ [illegible] ક્રિયા કરો, તે યતના [illegible] થી [illegible], તો તમે [illegible] કરશો. [illegible] તમે [illegible] નહીં. [illegible]

થયા છે. તેવા ચારિત્રધારી તપસ્વીઓના કરતાં ગૃહસ્થ શ્રાવકો ઘણે દરજ્જે સારા છે. જેને માટે નીચેની પ્રભુના મુખની વાણી પ્રમાણભૂત છે.

जिणदिक्खं वि गहीउ, जयणविहूणा कुणंति विव्ववरं ।
जिणआण खंडगाजे, गोयम गिहिणोवि अज्जहिया ॥ १ ॥

" હે ગૌતમ ! જિનદીક્ષા લઈ જયણાવિના જે તીવ્ર તપસ્યા કરે છે, તેઓ જિન આજ્ઞાને ખંડન કરનારા છે, તેઓનાથી ગૃહસ્થ શ્રાવકો વધારે સારા છે. "

ગૌતમ રાજાને ગૌતમે આ પ્રમાણે કથા કહી, તે સાંભળી ગૌતમ ઘણો ખુશી થયો, તેની પવિત્ર મનોવૃત્તિમાં જયણાને માટે બહુ માન ઉત્પન્ન થયું.

સુનન્દાએ પણ રાજા પ્રતાપસિંહને બનાવવાને માટે સારો બોધ આપી, તેના હૃદયને ધર્મમય બનાવી દીધું હતું, તેથી તેમના હૃદયમાં વિરાગના નવા રંગ જામ્યાનું મનન થયા કર્યું હતું. જયણા જૈન મતની જીવદયા છે, જયણા ચારિત્રનો ચમત્કાર છે, જયણા સંયમની રેખા છે, જયણા સ્યાદ્વાદની સીમા છે, અને જયણા શિવ સુખની જનની છે. આવાં નિર્મળ વચનો, તે રાજા પ્રતાપસિંહના અને તેમના દીક્ષિત પરિવારના મુખકમળમાંથી હમેશાં નીકળતાં હતાં.

પ્રકરણ ૭૨ મું.

શ્રીચંદ્રનું સંયમ રાજ્ય.



માર શ્રીચંદ્ર એક વખતે સભા મંડપમાં બેઠા હતા, સામંત અને મંત્રીના પરિવારથી તે પરિવૃત હતા. સભાજનો દેખાવ શાંત હતો. હમેશના રીવાજ પ્રમાણે ખાસ અધિકારીઓ પોતપોતાનું કર્તવ્ય નિવેદન કરવાને અને રાજ્યતંત્રની આવશ્યક નવી આજ્ઞાઓ મેળવવાને ત્યાં આવ્યા હતા. રાજ્યને લગતી જુદી જુદી વ્યવસ્થાને માટે વાતચીત થતી હતી, ન્યાયમૂર્તિ શ્રીચંદ્ર દીર્ઘ દ્રષ્ટિથી તે વ્યવસ્થામાં પોતાની યોગ્ય સંમતિ આપતા હતા.

આ વખતે દ્વારપાળે આવી પ્રણામ કરી જણાવ્યું કે, કોઈ ગૃહસ્થ ગુરૂ આપને મળવાને દ્વાર ઉપર ઉભા છે. કહો, શી આજ્ઞા છે ? તરતજ ચતુર મહારાજાએ તેને સત્વર પ્રવેશ કરવાની આજ્ઞા આપી ગૃહસ્થ ગુરૂને આવતા જોઈ, કુશસ્થળ પતિ ઉભો થયો. નમસ્કાર કરી તેમને પોતાની પાસે યોગ્ય આસન ઉપર બેસાડી મહારાજાએ પ્રશ્ન-

જતા પૂર્વક આગમનનું પ્રયોજન પુછ્યું. ગૃહસ્થ ગુરૂએ સહર્ષ વદને જણાવ્યું, રાજેંદ્ર! આવવાનું કારણ બીજું કાંઇ નથી. તમારા જેવા જૈન રાજાઓના આશ્રયથી મને કોઇ વાતની અપેક્ષા નથી, અત્યારે ભારતવર્ષ ઉપર આર્હત ધર્મનો ઉદ્યોત થઇ રહ્યો છે, જૈન મુનિઓના મુખમાંથી પ્રગટ થતી જિનવાણી જયવંતી પ્રસરે છે, શ્રાવક પ્રજાનો શિષ્ટાચાર સર્વ સ્થળે પ્રશંસનીય પ્રવર્તી રહ્યો છે, દરેક સ્થળે શ્રાવિકાઓ સતિ ધર્મની ધુરાને ધારણ કરી, જૈન ધર્મના શીળવ્રતનું માહાત્મ્ય પ્રગટ કરી રહી છે, સ્થાવર, અને જંગમ જીવો નિર્ભય રીતે વર્ત્તે છે, આર્ય દેશના દરેક ખુણામાં શ્રીચંદ્ર મહારાજના પ્રતાપનો પ્રકાશ પડી રહ્યો છે, આપના પ્રૌઢ પ્રતાપને લઇને સર્વત્ર અમારી ઘોષણા પ્રવર્તી રહી છે. મારા આવવાનું પ્રયોજન બીજું નથી, પણ આપના પિતા રાજર્ષિ પ્રતાપસિંહ મહારાજના મને દર્શન થયાં, અને તેમનો સંયમ જોઇ, મને જે અનહદ આનંદ થયો છે, તે જણાવવાને હું ખાસ આપની પાસે આવ્યો છું. અહા! શું તેમનું ચારિત્ર! શું તેમના સંયમનો પ્રભાવ! તે મારાથી વર્ણન થઇ શકે તેમ નથી. જેમને માટે કવિઓ નીચેની કવિતા ગાય છે.

તપ જપ સંયમ ખપ કરે, ન ધરે મનમાં માપ,
કામ ક્રોધ મદ માન જે, ભાગે ભવના તાપ. ૧

વિનયી ને વત્સલ જે, દયા ધીર દમવંત,
દુષ્કર તપ આરાધતા, શમ દમ સુધા સંત. ૨

ક્રિયા કરંતા વિધિપણે, સાધે અક્રિય યોગ,
સંયમના ભોગી થયા, જનથી હોવે અભોગ. ૩

ધ્યાન જ્ઞાનમાં મગ્ન છે, ભવ વનના કાર,
મન રહે નિજ આતમાં, નહિ પરભાવ વિકાર. ૪

મદનરૂપરે નિત્ય મલપતા, ભેદે કપટનો કોટ,
વિકટપણે દુર્ધર છે, દેતા પરિસહ દોટ. ૫

ચોટ કરે કર્મોપરે, ધ્યાનાનળના ગોટ,
ઉડતી રહન ન રહી, પુરે જેમ રજ કોટ. ૬

કશા ભય મુખથી નહિ, તે મુનિ તણું વ્યાખ્યાન,
પ્રવચન સ્મરણ અનુસરે, કરે ન તાણાવાણ. ૭

રાજેંદ્ર! તે મહા મુનિ રાજર્ષિના સંયમની પ્રશંસા મુખથી કહી શકાય તેવી નથી. એ મહા મુનિ ચારિત્ર ધર્મના યથાર્થ રીતે આરાધક છે. મોહના ૧૪ દોષ, અઢાર—વિધિ વહ્નિતત્વને સ્પષ્ટ દોષો તેઓ દૂર કરી, પોતાના સંયમનો નિર્વાહ કરે છે, પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને તે સમ્યક્ પ્રકારે ધારણ કરે છે, ગુણ સંયમ

નિરાબાધ એ ચરિત્રનું મહા રાજ્ય તેમનામાં દૃઢ રીતે જામ્યું છે. તેઓ વાચના ઉત્તમને અભ્યાસન આપે છે, દશ પ્રકારનાં વૈયાવચ્ચ કરે છે, વિનયના બધા ભેદ આચરે છે, તેઓ શંખના જેવા નિરંગ, દર્પણ જેવા ઉજ્જવળ, ગેંડાના શીંગડા જેવા એકાકી, શરભના જેવા બહાદુર, સિંહના જેવા દુર્ધર, અને પરીષહને સહન કરનાર, કમળની જેમ અસંગી, આકાશની જેમ નિરાલંબ, કાચબાની પેઠે ગુપ્તેંદ્રિય, ચંદ્રબિંબની જેમ સૌમ્ય, સૂર્યની જેમ પ્રતાપી, પૃથ્વીની જેમ સર્વંસહ, શરદ ઋતુના જળની જેમ મળ રહિત સંવરવાળા, વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહારી, અને ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત છે. આવા ગુણના ધારક છતાં તેમનું ચિત્ત દંભ રહિત છે. ઘણે ભાગે તેઓ શુદ્ધ મને રહે છે. નિરતિચારપણે રહેવાને દશ પ્રકારનાં પ્રત્યાખ્યાન આચરે છે. કંઈ પરીષહોના નિયમથી વિચરે છે, નિયમકર યોગ પ્રતિક્રમણ કરે છે, વળી ઘણે શિષ્ય કુશળ આદી, અભ્યાસને નિરંતર તથા અપ્રમાદી ગાળે છે. મુનિ વર્ગને વિવિધ ક્રિયાઓ આચરે છે, વિધ્યાદિકમાં ઉંડા તથા બહુશ્રુતની રીતિએ વંદના ક્રમ આચરે છે, પંચ આચારને ઉત્કૃષ્ટ રીતે સેવે છે, વસતિમાં એકાકી રહી, આત્મ સંલેખનો ત્યાગ કરે છે, ગ્રીષ્મ ઋતુમાં ચોથ, છઠ, અને આઠ વિગેરેનો તપ કરે છે, શિશિર ઋતુમાં છઠ, અઠ્ઠમ, તથા દશમાદિ તપ કરે છે, વર્ષામાં અઠ્ઠમ, દશમ તથા દુવાલશ તપ કરે છે, તપને અંતે નિર્દોષપણે આહાર પાણી કરે છે; વળી સત્તાવીશ પ્રકારની આચારાદિને શુદ્ધ હૃદયે સેવે છે. એ મહાદેવ સ્વાધ્યાયમાં ઉપયોગ કાળ એકાગ્રે ધ્યાન કરે છે. જ્ઞાન, જ્ઞાની જ્ઞાનભક્તિ અને જ્ઞાનના ઉપકરણોનો વિનય કરી વર્તે છે. સૂત્રપાઠમાં અધ્યયનને પૂર્ણ કરેલ કાળ ક્રમપૂર્વક સ્વાધ્યાય આચરે છે. સર્વ જ્ઞાની જ્ઞાનની આશાતના દૂર કરી, જ્ઞાનનું બહુ માન કરે છે. બહુ માન સાથે હૃદયમાં તેની ઉપર પોતાના ગુરુથી પણ અધિક પ્રીતિ ધારણ કરે છે. ઉપધાન તપની વિધિથી જ્ઞાનની આરાધના કરે છે. " જ્ઞાન આપનાર ઉપકારી ગુરુને અપલાપ કરનારો પ્રાય નિગોદનું ભ્રમણ કરે છે. " એવું જાણતાં તેઓ પોતાના ગુરુ જ્ઞાન આપનાર ગુરુની ઓળખાણ નહીં કરતાં બહુ માન કરે છે. વળી તેમના હૃદયમાં નીચેના શ્લોકનું મનન કાયમ રહ્યા કરે છે:—

एकाक्षरप्रदातारं यो गुरुं नैवमन्यते ।
श्वानयोनिशतं गत्वा चांडालेष्वपि जायते ॥ १ ॥

" એક અક્ષર આપનાર ગુરુને જે માન આપતો નથી, તે શ્વાનની યોનિમાં સો વાર જઈ, પછી ચાંડાલમાં ઉત્પન્ન થાય છે. "

રાજેંદ્ર ! તે સિવાયના બોલ પણ ચરિત્રના ઉત્તમ ગુણોને તેઓ ધારણ કરે છે. તેઓએ ચિત્તમાં આ આચારનાં ઉપર અનુપમ સંયમ ધર્મને દીપાવ્યો છે, તેમના સંયમની કીર્તિને સર્વને આશ્ચર્યમાં જૈન શાસનનો ઉદ્યોત થઈ રહ્યો છે. તે સાથે તેઓ સારા

વિહાર કરી, મહાન્ ઉપકાર કર્યા કરે છે, પોતાની દેશનાથી અનેક ભવ્યોને પ્રતિબોધ આપે છે, તેમનાં દર્શનથીજ ઘણાઓ સંયમના આરાધક થઇ જાય છે, તેમને વંદના કરવામાજ હૃદયનાં પરિણામ દિવ્ય થઇ જાય છે.

આ પ્રમાણે પોતાના સંયમધારી પિતાનું માહાત્મ્ય ભરેલું ચારિત્ર સાંભળી શ્રીચંદ્રના હૃદયમાં ચારિત્રબીજ પ્રગટ થઇ આવ્યું. તેની પવિત્ર મનોવૃત્તિમાં ધર્મની પ્રબળ વાસનાઓ બંધાઇ ગઇ; તરતજ તેણે નિશ્ચય કર્યો કે, હવે આ શ્રાવક જીવનને કૃતાર્થ કરવાનો માર્ગ શોધવો જોઇએ. પિતાશ્રીએ પોતાના પશ્ચિમ જીવનને સુધાર્યું છે, તેમને પગે ચાલી મારે પણ જીવનને સુધારવું જોઇએ. આવો વિચાર કરી, મહાનુભાવ શ્રીચંદ્રે પોતાની પૂર્વોપાર્જિત વિદ્યાઓનો ઉપયોગ ધર્મ કાર્યમાં કરવા માંડ્યો. ચમત્કારી વિમાનો બનાવીને વિધિ પ્રમાણે જિન યાત્રાઓ કરવા માંડી. ઘણી વાર મોટા સંઘ કાઢીને પોતાના નરભવને સાર્થક કરવા માંડ્યો, માનવ જીવનનો પૂર્ણ લાભ લેવાની ઇચ્છાથી તેણે દીન અને યાચકોને અગણિત દાન આપવા માંડ્યાં.

પ્રિય વાચક ગણ ! જો તમારે માનવ જીવન કૃતાર્થ કરવા આર્હત ધર્મરૂપ અમૂલ્ય રત્ન સંપાદન કરવું હોય, તો આપણી વાર્તાના નાયક શ્રીચંદ્રનું આ છેલ્લું જીવનચરિત્ર એક ચિત્તે વાંચી તેનું મનન કરજો.

ધર્મવીર શ્રીચંદ્રે પોતાની ઉત્તર વયમાં ધર્મનાં મહાન્ કાર્યો કરવા માંડ્યાં હતાં. વૈતાઢ્ય તથા નંદીશ્વર ઉપર રહેલાં શાશ્વત ચૈત્યોને પણ શ્રીચંદ્ર સહકુટુંબ વાંદવા ગયો હતો. તે મહાનુભાવ અઢાર પ્રકારે કુશળતા કરી સૌની સાથે પ્રેમ રાખતો, અને શ્રાવકના નિયમોને પાળતો હતો. અલ્પ સમયમાં તો તે ધર્મી મહાનુભાવે ભારતની ભૂમિને જિન ચૈત્યોથી મંડિત કરી દીધી. ચૈત્યોની શ્રેણી જાણે ભૂમિરૂપ ભામિનીનો હાર હોય, તેમ શોભતી હતી, તેણે ચૈત્યોની ઉપર એટલાં બધાં તોરણો અને ધ્વજાઓ ઉન્નત કર્યા હતાં કે, જાણે તેના યશના રાશિઓ હોય, તેવાં તે દેખાતાં હતાં. સાત વ્યસનને દૂર કરનારા શ્રીચંદ્રે સેંકડો જિનબિંબોની સ્થાપના કરી હતી. અસંખ્ય ધર્મશાળાઓ બંધાવી હતી, અને સેંકડો જ્ઞાનના ભંડારો ભરાવ્યા હતા; તે શિવાય બીજી શુભ કરણી તે અપરંપાર કરતો હતો. પોતાની પત્નીઓની સાથે રથયાત્રા કરી, જિનાલયમાં વિવિધ જાતની પૂજાઓ ભણાવતો હતો. ટુંકામાં તે મહાનુભાવે પોતાના શ્રાવક જીવનને ઉન્નતિના ઉર્ધ્વ શિખર ઉપર મુકયું હતું.

આ પ્રમાણે ધાર્મિક માર્ગમાં પ્રવર્તતો શ્રીચંદ્ર ધર્મ, અર્થ, અને કામ, પરસ્પર નિરાબાધ રીતે સાધતો હતો. સ્વદાર સંતોષથી વર્તનારા તે ધર્મવીરને સોળ પુત્રો, અને સત્તર પુત્રીઓ થઇ હતી. એ સર્વમાં પૂર્ણચંદ્ર નામે એક પ્રતાપી પુત્ર હતો, તે સર્વ કળાઓને ધારણ કરનારો, અને માતા પિતાની ભક્તિવાળો હતો. કેટલાએક ગુણમાં તો તે શ્રીચંદ્રનું પ્રતિબિંબરૂપ હતો, બીજા પુત્રો પણ સર્વ કળાઓમાં પ્રવીણતા મેળવી, પિતાની ધર્મ તથા નીતિની કીર્તિને વધારતા હતા.

[illegible] જીવનને ચરિત્ર [illegible] તરફ દોરી જવાની ઇચ્છાથી શ્રીચંદ્રે પોતાની અવસ્થામાં [illegible] તે કુશે પુત્રોને વહેંચી આપ્યાં હતાં. પ્રથમ જ્યેષ્ઠ પુત્ર પૂર્ણચંદ્રને પોતાના વડિલોપાર્જિત કુશસ્થળના રાજ્ય ઉપર બેસાર્યો હતો, તેનો રાજ્યાભિષેક [illegible] મોટા ઉત્સવથી કરવામાં આવ્યો હતો. બીજા કનકસેન કુમારને નવલાખ દેશનું રાજ્ય આપ્યું હતું. ત્રીજા [illegible] કુમારને કુંડળપુરનું રાજ્ય અને રત્નચંદ્ર કુમારને [illegible] ગિરિનું રાજ્ય આપ્યું હતું. કનકચંદ્રને [illegible] દેશનું રાજ્ય આપ્યું હતું. મદનાના પુત્ર મદનચંદ્રને મગધ દેશનો રાજા કર્યો હતો. અને શિવચંદ્રને [illegible] દેશ ઉપર રાજ્યાભિષેક કર્યો હતો. [illegible]ચંદ્રને નંદીપુરનું રાજ્ય સોંપ્યું [illegible] પુત્રોને દેશના પ્રમાણે રાજ્યો વહેંચી આપી શ્રીચંદ્ર નિશ્ચિંત થયો. આ પ્રમાણે પોતાના બધા રાજ્યની વ્યવસ્થા [illegible] સર્વ રીતે તૈયાર થયો હતો. હવે રાજ્યથી પરમ સંતુષ્ટ થયેલા શ્રીચંદ્રે હવે [illegible] સિંહાસન ઉપર આરૂઢ થવાની ઇચ્છા કરી, અને હવે તે સંયમ [illegible]

તેણે આ સંસારનું સ્વરૂપ તરફ અનિત્ય ભાવના ભાવન કરી. તેણે વિચાર્યું કે,: આ સંસારનું [illegible] સ્પષ્ટ છે, [illegible] [illegible]ની જેમ અસ્થિર છે, કમળની પાંખડી ઉપર પડેલાં જળનાં બિંદુની જેમ આ જીવિત ચપળ છે, સ્ત્રી, પુત્ર, અને પરિવાર [illegible] જેમ [illegible]માં આવે છે, અને જાય છે, ત્યારે હવે સંયમ લીધા વગર [illegible] કરવું યોગ્ય છે. પુનઃ [illegible] આ માનવજન્મ પ્રાપ્ત થતો નથી, માનવજન્મરૂપ ચિંતામણિ રત્નને વ્યર્થ રીતે ગુમાવી દેવું ન જોઈએ.

આ પ્રમાણે શ્રીચંદ્ર વિચાર કરતો હતો, ત્યાં એક વનપાળ દોડતો આવ્યો. તેણે આવી મહારાજાને ખબર આપ્યા કે, મહારાજ! આપણા ઉદ્યાનમાં ધર્મઘોષ સૂરીશ્વર પરિવાર સહિત પધારેલા છે. આ વધામણીથી [illegible] શ્રીચંદ્રને હર્ષ પ્રગટ થયો. તેણે એકદમ ઉઠીને વનપાળને સત્કાર કરી ઘણું દાન આપ્યું. અને [illegible] મોટા આડંબરથી તૈયારી કરી, મહારાજાની આજ્ઞાથી [illegible] તૈયાર થઈ ગયું. [illegible] અને [illegible] પોતાના પરિવાર સાથે મહારાજાની [illegible] [illegible] [illegible] શ્રીચંદ્રની સ્વારી સૂરીશ્વરની સન્મુખ ચાલી [illegible] મહારાજાની [illegible] [illegible] [illegible] નગરીમાં અને ઠેર ઠેર [illegible] [illegible]ને [illegible] કરી, [illegible] [illegible] અને [illegible], તે સ્વારી ઉદ્યાનમાં [illegible] શ્રીચંદ્રે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] — [illegible] ! આ [illegible] [illegible] દુઃખ છે, [illegible] [illegible] અને [illegible] શરીર, તે ઉપર [illegible] દુઃખ છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible]

પહુતા હોવ, ત્યાં સુધીમાં ઉત્તમ ગુરૂના યોગથી શાસ્ત્ર શ્રવણ કરવું જોઇએ. બહાનો શુદ્ધ ઉપયોગ કરી, પડિત વીર્યના ઉલ્લાસથી આરંભેલા કાર્યને યાવજ્જીવિત પાળવું જોઇએ, અને સર્વ રીતે દેશવિરતી ધર્મના બધા લાભ મેળવી સર્વ વિરતિ ચારિત્ર ધર્મની શુદ્ધ ભાવના ભાવવી જોઇએ. " આ ગૃહાવાસ છે, તે પાશરૂપ છે, વિષય ભોગમાં આતુર એવી ઇંદ્રિયો અનર્થ કરનારી છે, અને સ્ત્રીઓ આ સંસાર સાગરમાં પાતાળની નદીઓ છે. " એમ જાણી સુકૃતની શ્રેણી તરફ મનોવૃત્તિ લગાડવી જોઇએ. જે પુરૂષ આ ક્ષણ પરિભોગી ધનાદિ પદાર્થો નરકમાં સહાય કરનારા છે, એમ મનમાં ચિંતવ્યા કરે, તે ખરેખરો શ્રાવક કહેવાય છે. આટલું કહી સૂરીશ્વર નીચેની ગાથાઓ બોલ્યાઃ—

ચિંતે મનમાં એહવું, લઉં સર્વ વિરતિ કે વાર,
આગમ ભણિ પ્રતિમા વહું, વળી કરૂં ઉગ્ર વિહાર.
ગીતારથ ગુરૂ સેવના, પંચ પ્રકાર સઝાય,
ધર્માદિક બહુ ભાવના, એવા મનોરથ થાય.
તે સંયોગ મળે છતે, ન કરે ઢીલ લગાર,
તે સામગ્રી સવિ મળી, અફળ કરે છે ગમાર.

આ ગાથાઓ સાંભળી મહારાજા શ્રીચંદ્ર પરોક્ષ ખુશી થઇ ગયા; આથી કરીને તેના હૃદયની વૈરાગ્ય ભાવનાને પરિપૂર્ણ પુષ્ટિ મળી, નિદ્રાળુને જેમ બીછાનું મળે, તૃષાતુરને જેમ અમૃત મળે, અને નિર્ધનને જેમ ધન મળે, તેમ તેને આ ઉત્તમ ઉપદેશ મળતાં તેના હૃદય ઉપર સારી અસર થઇ. તરતજ તે સંયમ લેવાને ઉત્સુક થઇ ગયો. પછી તેણે નગરમાં આવી જાહેર ઉદ્ઘોષણા કરાવી કે, " શ્રીચંદ્ર રાજા સંયમ લે છે, માટે જેની ઇચ્છા હોય, તેણે તેમાં સામેલ થવું. " કુશસ્થળમાં એ વાત બધે સ્થળે પ્રસરી ગઇ. મહારાજા શ્રીચંદ્રે પોતાના પુત્ર પૂર્ણચંદ્રની રજા લીધી. આજ્ઞાંકિત પુત્રને પિતાના વિયોગનો જો કે થયો, તથાપિ તેણે પિતાની સંયમની ઇચ્છાને અનુમોદન આપ્યું. પૂર્ણચંદ્રે પિતાના દીક્ષોત્સવનો સમારંભ કર્યો, તે પ્રસંગે આખા નગરને વિવિધ જાતની શોભાથી અલંકૃત કરવામાં આવ્યું. મોટા ઠાઠમાઠથી અઠ્ઠાઇ મહોત્સવનો સમારંભ કરાવ્યો. દીક્ષાના શુભ મુહૂર્તના દિવસે બાજતી તમામ દીવાજમ સાથે મોટો વરઘોડો તૈયાર કરાવ્યો. હાથી, ઘોડા, રથ અને પેદલની પંક્તિઓ શૃંગાર ધારણ કરી, સ્વારીમાં તૈયાર થઇ. કુશસ્થળી નગરીએ અલંકારની શોભા ધારણ કરી, જાણે કે તે રૂડ મુનિનાં તમામ નરજન મહોત્સવની દીક્ષા જોવાને દર્શન કરવાને બહાર નીકળી પડ્યાં.

મોટા આડંબરથી મહારાજાની દીક્ષા સ્વારી સૂરીશ્વરની પાસે આવી. દૂરથી શિબિકામાંથી ઉતરી મહારાજા સૂરીશ્વરની પાસે આવ્યા, સૂરીશ્વરને વિધિથી વંદના કરી. તેણે આભૂષણો અને અલંકારો દૂર કરી દીધા. [illegible] [illegible]

સૂરીશ્વરે ચતુર્વિધ સંઘની સમક્ષ વિધિ મંત્રના ઉચ્ચાર સાથે શ્રીચંદ્રને દીક્ષા આપી. કુશસ્થલના સંઘની ચતુર્વિધ પ્રજાએ પોતાના પૂર્વપાલક મહારાજાની ઉપર વાસક્ષેપ નાખ્યો, તે વખતે વાજિંત્રોના અને જયકારના ધ્વનિથી ગગન મંડળ ગાજી રહ્યું. કુશસ્થલના વિશાળ રાજ્યનો મહારાજા હવે સંયમ રાજ્યનો મહારાજા થયો. ધર્મઘોષસૂરિએ ઉચી દેશના કરી, પોતાના રાજર્ષિ શિષ્યને સંયમની ગ્રહણા અને આસેવનારૂપ બે પ્રકારની શિક્ષા આપી.

ચારિત્ર ધર્મના બધા નિયમો શીખી, રાજર્ષિ શ્રીચંદ્ર એક પ્રતીક્ષ મુનિ થયા. તેમની સાથે બીજા રાજાના કુટુંબ વર્ગે અને રાજકીય પુરૂષોએ પણ દીક્ષા લઇ, પોતાનાં આત્મ જીવન કૃતાર્થ કર્યાં. રાજર્ષિ શ્રીચંદ્રનું પ્રવર્તન જેવી રીતે ગૃહાવાસમાં ઉત્કૃષ્ટ હતું, તેવીજ રીતે તેનું પ્રવર્તન સંયમ માર્ગમાં પણ ઉત્કૃષ્ટ રીતે પ્રવર્તતું હતું. એ રાજર્ષિના ચારિત્ર રૂપનું યશોગાન ભૂતળની ઉપર ચારે તરફ થવા લાગ્યું. રાજકવિઓ અને ધર્મ કવિઓ તેના ચારિત્ર રૂપનું આલંકારિક યશોગાન નીચેના પ્રમાણે કરતા હતા.

અધ્યાત્મ વસંત રૂપે, વિરતિ ફુલી વનરાય,
કુમતી અવિરતિ આકરી, વિકસિત શુભ ભાવ.
સુમતિ કોકિલ ટહુકતી, સંયમ સાજને પોષ.
ચરણ કરણ કુસુમે રૂપે, મંજરી સરસ વિશેષ.
સમ રસ જલનાં છાંટણાં, શુભ રુચિ લાલ ગુલાલ,
કરૂણારસ બોધિ ભરી, સુબોધ વચન બહુ પ્યાર.
ઉત પિચકારી અતિ ઘણા, ભાવના હોકાર,
ઉચિત વિનય ભજે કરી, ગુણે ઉપશમિ તાલ.
ભલા ભેરી ન ફેરીયાં, સુમેરૂ જે નવ ચંદ,
વિવિધ હેતુ ઘરે કરી, ચાલે તેહ સંઘ.
ચઉવિધ સંઘ ઉવરંગીરે બહુયશકાર.
ઋદ્ધિ સિદ્ધિ અનુભવદીક્ષા, વધિ ને વિનય સાર.
સુમતિ ગુપ્તિ પરિવાર શું, વિવેક ચંદન માંહ.
ભર ભરના ભાવના, (તે) આતમા રસ સુખકાર.
ચારિત્ર રજને ઉદ્યાપના, મોહ રાજ્યની વિરામ,
ધર્મ ધ્યાન સિદ્ધાસને, ઉત્તમ ભર વિશ્રામ.
એમેર નર બહુ ખેલતા, ચારિત્ર ચંદ્ર નિરંતર,
સાવે ધ્યાન એ ધીર રમે, આત્મ રંજન મહત્વ.

પ્રકરણ ૭૨ મું.

શ્રીચંદ કેવળી.



ચનાર ! હવે આપણી વાર્તાનો અંત આવ્યો છે. વાર્તાના નાયકનું તે બધું જીવનચરિત્ર તેં જોયું છે. પુણ્યનો પ્રભાવ કેવો બળવાન્ છે ! સુકૃતની શ્રેણીનો મહિમા કેવો અદ્ભુત છે ! તેનું તને હવે પૂર્ણ ભાન થયું હશે. હવે આપણી વાર્તાનો પવિત્ર નાયક પોતાના જીવનની સમાપ્તિ કયાં કરે છે ! તેજમાત્ર જોવાનું છે. જૈન માર્ગના અનુયાયીઓના જીવનનું પરિણામ કેવું ઉત્તમ આવે છે ! તેવો બોધ લઇ તું તારા જીવનનો મહા માર્ગ સુધારજે.

રાજર્ષિ શ્રીચંદ્રે સંયમ લીધા પહેલાં પોતાનાં બધાં કર્તવ્યો પુરાં કર્યાં હતાં. પિતા પ્રતાપસિંહ, માતા સૂર્યવતી, ઉપપિતા લક્ષ્મીદત્ત અને ઉપમાતા લક્ષ્મીવતી, એ ચાર ચૂર વર્ગ સંયમ માર્ગને સુધારી, નિર્વાણ પદને પામ્યાના ખબર જાણી, શ્રીચંદ્રે મહોત્સવપૂર્વક તેમના નિર્વાણ સ્થાનમાં ચાર સ્તૂપ કરાવ્યાં હતાં; જે યાવચ્ચંદ્ર દિવાકર સુધી શ્રીચંદ્રની માતૃપિતૃ ભક્તિને સુચવતાં રહ્યાં હતાં. છેવટનું એ કર્તવ્ય પૂર્ણ કરી, શ્રીચંદ્ર પુત્ર જીવનની કૃતાર્થતા માનતા હતા.

હવે શ્રીચંદ્ર રાજર્ષિ સંયમ ધર્મના ધુરંધર થયા હતા. તેણે જગતને ચારિત્ર ધર્મનો ચળકાટ બતાવી આપ્યો હતો. તે મહાનુભાવ ગુરૂ સેવાથી ગીતાર્થ અને ગુણપાત્ર થયા હતા. ચારિત્રરૂપ ચંદ્રમાં ચકોરરૂપ બની, તેઓ સંયમ માર્ગના મનોજ્ઞ મુસાફર બન્યા હતા, અનેક અભ્યાસી મુનિઓને ભણાવતા, અને ભણતા હતા, પોતાના સંયમી શરીરની આસપાસ બ્રહ્મચર્યની નવ વાડ રાખી હતી. બ્રહ્મચર્યરૂપ કિલ્લાના બળથી તેમણે વિષય વિકારો અને કામરૂપ યોદ્ધાઓને હરાવી દીધા હતા. તેમણે મર્યાદાથી દ્વાદશાંગીનું પઠન કરી, અને સૂત્ર તથા અર્થનું મનન કરી, તેનું રહસ્ય પોતાના મતિમંદિરમાં સ્થાપ્યું હતું. તેમની દ્રષ્ટિમાં પૂર્ણ રીતે સમભાવ પ્રકાશતો હતો. દરેક કાર્યનો આરંભ ગુરૂની આજ્ઞાપૂર્વક થતો હતો, સંતોષરૂપ અગસ્તિથી લોભરૂપી મહાસાગરને તેમણે શોષી લીધો હતો, અને અહોનિશ જ્ઞાનરૂપ સૂર્યથી કપટરૂપ અંધકારને દૂર કર્યું હતું.

હવે રાજર્ષિ શ્રીચંદ્ર કેવળજ્ઞાનની સમીપ આવી પહોંચ્યા. તેમની રાજ્યાવસ્થામાં જે વીરતા હતી, તે સંયમાવસ્થામાં પ્રકાશિત થવા માંડી. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષા, એ ભાવનાને હૃદયમાં સ્થાપી, એ ધર્મવીર રાજર્ષિએ પોતાનાં અકલ અને અતુલ બળથી કર્મરૂપ શત્રુના કટક ઉપર ચઢાઇ કરવા માંડી, તેમાં સત્વ પ્રધાન ગુણવાળા ચારિત્ર ધર્મરૂપ એક બળવાન્ રાજાની તેમણે સહાય લીધી હતી. શુભ મનરૂપ ભૂમિ ઉપર

તેઓ ક્રમે કંચનપુર નગર પધાર્યા અને તેની પાસે વિજયપુર પર્વતનું શીત શિખર રમણીય, તેમાં તે ચરિત્ર ધર્મના આનંદનો અનુભવ કરવા લાગ્યા: જિનની એકાગ્રતાથી ધર્મધ્યાનરૂપ અગ્નિ પાસે નાખી, અપ્રમત્તરૂપ ભૂમિકાની અંદર તે દૃઢતાથી રહેવા લાગ્યા: આત્મવીર્ય ઉલ્લાસથી અપૂર્વ કરણ રૂપ ધર્મ ધ્યાનને શુક્લધ્યાન શ્રેણિની મદદ લઈ, તેમણે મન ઉપર વિજય મેળવી, ક્ષપકશ્રેણિને આરોહણ કરી, સંજ્વલનો હણે. પછી અનાદિ કર્મ ઘાત ચંપોયેલે ઉપર મોહનીય હણ્યો, ક્ષય પ્રભાવ વિજયનો કોઈ વિઘ્ન અને સત્ય વિગેરે પ્રકૃતિના પ્રભાવના વિજય મેળવ્યા, મિથ્યાત્વને ઉપાડી દઈ, ગયે, ઉદય, ઉદીરણા, સત્તા ઝૂકી છેદી. તેમ તેમણે અપ્રમત્ત ગુણઠાણા સુધી તેઓ આવી પહોંચ્યા હતા. અને પછી કરેલ સંજ્વલની રચના કરી, તેમણે તેની વિશેષ ઉજ્જ્વલતા મેળવી ભાવ લીધો હતો.

ક્ષાયક ધ્યાનના પહેલા પાયા સુધીની વિભક્તી ક્રમ કર્યું પછી રાજર્ષિ શ્રીચંદ ઉપર શ્રેણીમાં આરૂઢ થયા ગયા. એ શ્રેણીની અનંત શક્તિથી તેમણે ચાર ઘાતી કર્મ પાંચ ઘાત્યાં, અને અત્યારે કર્મો વિજય થયા પછી લોકાલોકને પ્રગટ કરનારું તેમનામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ આવ્યું.

કેવળજ્ઞાનના પ્રભાવથી તે મહાનુભાવે હૃદયમાં રહેલા નિર્મળ જ્ઞાનની ભાવ સહિત વિશ્વને જોવા માંડ્યું.

કેવળજ્ઞાન એ સર્વોત્તમ જ્ઞાન છે. એ જ્ઞાનના પ્રભાવથી સિદ્ધ સ્થિતિનો માર્ગ સાનિધ્ય થાય છે; કેવળજ્ઞાનનું માહાત્મ્ય ભિન્ન છે, તેની ભિન્ન અને અદ્ભુત શક્તિ પરમ આનંદ ઉત્પન્ન કરે છે. કેવળજ્ઞાનના યોગથી આત્માની પૂર્ણ નિર્મળતા પ્રગટ થાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની એ પરિસીમા છે. રત્નત્રયીની સમગ્રતા કેવળજ્ઞાનથીજ દેખાય છે. આ જગતના અનંત પ્રદેશમાં પ્રગટ થતાં સર્વે પદાર્થો કેવળીનેજ ગમ્ય છે. સમ્યક્ ધર્મના સમાચરણનું પૂર્ણ સાધન કેવળજ્ઞાનની પ્રતિષ્ઠાજ છે.

આવું કેવળજ્ઞાન સંપાદન કરી મહા યોગી શ્રીચંદ આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયા. તેમની નિર્મળ આત્મપ્રભુને અગમ્યની વિશેષ શોભા લાગી; તેમને પરમાનંદરૂપ સુખનો પૂર્ણ અનુભવ થવા લાગ્યો. રાજર્ષિ શ્રીચંદ હવે ખરેખરા શ્રીચંદ કેવળી થયા. આ અનંત વિશ્વમાં અને અનંત કેવળીઓની શ્રેણીમાં તેઓ ભળી ગયા. તેમના કેવળજ્ઞાનના સ્વરૂપનાં દર્શન કરી, મેધાવિન ભરેલા જૈન ભાઇઓ નીચેની કવિતા આલાપે છે.

ક્ષપક શ્રેણિકી શક્તિ અનંતી, જિનને કર્મ ખપાવે.
જ્ઞાન અનંત અનંત લહે તબ, જ્યોત નિરંજન ભાવે.
ઘનઘાતિક કર્મ ચાર પ્રકૃતિ, શિવ ભાવિ વન ખપાવે. ૧
કેવળજ્ઞાન લહે ચણ ધરે, સુખ ભવ ભ્રમણ, ધ્યાન શુક્લ રોધ ધ્યાવે ૨

મહાનુભાવ શ્રીચંદ્ર રાજર્ષિ કેવળી થયા, એ ખબર અવધિજ્ઞાનથી જાણી લઇ, સર્વ સુર અસુરોનાં ટોળાં તેમના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવાને ભૂમિપર આવ્યા. તે કેવળી ભગવંત સુવર્ણના કમળ ઉપર રહેલા સિંહાસનની અંદર આરૂઢ થયા. પોતાની વાણીની પ્રભાવથી તેઓ ભવિજનના હૃદયના અંધકારને દૂર કરતા હતા. કેવળીની ઉપદેશ ગિરાથી પરિતૃપ્ત થઇ, સર્વ પર્ષદા આનંદ પામી. કેવળજ્ઞાનનો મહોત્સવ કરી, સુર અસુરો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. પછી કેવળી ભગવાને ત્યાંથી વિહાર કર્યો. આર્યદેશના અનેક ભવિજનોને પ્રતિબોધ આપી, તેઓએ પોતાના કેવળીપણાના જીવનને સારી રીતે કૃતાર્થ કર્યું. પોતાને હાથે સોળહજાર ધર્મવીરોને દીક્ષા આપી, અને આઠહજાર સાધ્વીઓ કરી. કેટલાએકને સમકિતધારી કર્યા, કેટલાએકને બારવ્રતધારી શ્રાવક બનાવ્યા, અને સમતા ગુણથી વૈર-વિરોધ શમાવી, તેમણે હજારો જીવોના ઉપકાર કર્યા.

પ્રિય વાંચનાર ! જો તારામાં શ્રાવક ધર્મ હોય, અને તેં સમ્યક્ત્વનો સ્વાદ સંપાદન કર્યો હોય, તો આ મહાનુભાવ શ્રીચંદ્ર કેવળીને પરોક્ષ પ્રણામ કરજે. તેમનું આનંદ જીવન ચરિત્ર વાંચવાથી જો તારામાં કૃતજ્ઞતા અને ધાર્મિક શ્રદ્ધા પ્રગટ થઇ હોય, તો તે મહાત્માની મહાવ્રતના જગત પ્રત્યેના ઉપકારનું સ્મરણ કરજે અને તેમના જેવું ધાર્મિક જીવન નિર્માણ કરવાની ભાવના ભાવી, તારા હૃદયમાં ઉમદા આશાને અવકાશ આપજે. આવા પરોપકારી જૈન વીરોથી ભારતમાં જૈન શાસનનો ઉદય થયો છે. ભારતની અંદર પ્રભાવક હજારો નર પુરૂષોએ જન્મ્યાં છે. ધર્મરૂપ કલ્પવૃક્ષનું સિંચન કરનારા જેમના મહાત્માઓ થયા છે. તેમની ધર્મ કીર્તિ ભારતના ચારે ખુણામાં પ્રસરેલી છે, અને ભારતી પ્રજા તેમનું વંદનાપૂર્વક ભક્તિ પણ કર્યા કરે છે.

પ્રકરણ ૭૨ મું.

ઉપસંહાર.



પ્રિય વાંચનાર ! [illegible] આનંદ મંદિર [illegible] થયાં છે. [illegible] આનંદ [illegible] કરી, [illegible] છે. [illegible] કેવળી [illegible] થઇ, [illegible] છે, [illegible] શ્રીચંદ્ર કેવળી [illegible] થયા છે [illegible] જૈન [illegible] કરી હતી. [illegible] [illegible]

જેના સર્વ જીવનમાં તે ધર્મવીરે અજિત વર્ધમાન તપનો પૂર્ણ પ્રેમ દર્શાવ્યો હતો,
અને એ મહાત્માનું પવિત્ર જીવન અત્યારની જૈન પ્રજા પર્વ કરેલું હતું. આ ચરિત્રમાં
અજિત નામના એક શ્રેષ્ઠીનું દૃષ્ટાંત શ્રીચંદ્ર જોગ છે. એ તપનો તેજસ્વી સૂર્ય
સંસારરૂપ ઉદયાચલ ઉપર એક વાર ઉદિત થયો હશે.

કેવળજ્ઞાનથી વિભૂષિત એવા શ્રીચંદ્ર કેવળી અત્યારની જૈન પ્રજાની આગળ વર્ધમાન તપનો એક અદ્ભુત પ્રભાવ દર્શાવી, આ વિશ્વમાંથી વિદાય થયા હતા. અંત સમયે યોગી પુરુષ કર્મ ક્ષય કરી નિર્બંધ થઈ તેઓ નિર્વાણ પદને પ્રાપ્ત થયા હતા. તે કાળે એ મહાનુભાવ અનશન કરી, મહાત્મા આત્મપૂર્વક ઉત્તમ સ્થાનમાં આરૂઢ થયા હતા.

શ્રીચંદ્ર કેવળીના પરિવારમાં ગુણચંદ્ર વિગેરે મુનિવરોએ પણ ઘણાં કર્મો ક્ષય કર્યા હતા. ચંદ્રકળા વિગેરે સાધ્વીઓ પણ એક ભવમાં સર્વ ક્ષય ઉપર કેવળજ્ઞાનની અધિકારિણી થઈ હતી.

પ્રિય વાચક ! હવે તારી મનોવૃત્તિમાં વિચાર થયો હશે કે, જૈન વીર મંડળમાં શ્રેષ્ઠ પદ ધરનારા શ્રીચંદ્રે પોતાના જીવનમાં વિજય મેળવી, અને વર્ધમાન તપનો મહાન પ્રભાવ દર્શાવી, ધાર્મિક જીવનને ઉજ્જ્વળ કર્યું હતું. શ્રીચંદ્ર લક્ષ્મીના તેના જીવનનું મૂળ હતું. ઉત્તમ શિક્ષણ અને ચારિત્ર તેના ચિત્તને વિનોદ આપનારાં હતાં. તે મહાવીરે પોતાના બધા જીવનમાં ધર્મને માટેજ આત્મ સમર્પણ કર્યું હતું. ઉપરથી તેની ઊંચી દીક્ષા કેવળજ્ઞાનમાંજ પૂરી થઈ હતી. આ માનવ જીવનમાં આનંદની હદ નથી. ધર્મની ઉત્તમ શક્તિમાંથી જીવદયામાં આવીને અર્હંત પદ સુધી પણ પહોંચાય છે. વસ્તુના સ્મરણથી જીવન મનુષ્યનું મન ધર્મને માટે દૃઢ થાય, અને તેને ઉન્નતિના માર્ગમાં દોરવાથી લઈ જવાય, એ વાત શ્રીચંદ્રે આપણને પ્રત્યક્ષ કરાવી છે. સુંદર ચરિત્ર છે, એ વાત પૂર્વેથીજ સિદ્ધ થતી આવી છે, તથાપિ તેવા ચરિત્ર પઠનમાં રહીને અખંડ આનંદની સ્થિરતા પ્રાપ્ત કરી શકાય, એ વાતનો ઉત્તમ બોધ આવા મહાનુભાવના ચરિત્રથી આપણને મળે છે. એ બોધને હૃદયના ઉચ્ચ પ્રદેશમાં સ્થાપી આવા મહાન નરના ચરિત્રનું સારું મનન કરી અનુકરણ કરવાને પ્રયત્ન કરવો, અને અજિત વર્ધમાન જેવી તપસ્યાઓ આચરી સુજ્ઞની શ્રેણીના ઉત્તમ સ્થાન ઉપર પહોંચવા યત્ન કરવો, એજ જૈન જીવનનું સાર્થક છે. તે સાર્થક સંપાદન કરવાને વિમલસૂરિનું વચન પણ સદા સ્મરણમાં રાખવું જોઈએ.

રૂપાળો રૂપાળોરે મુજ આતમ સુરંગ રૂપાળો,
શ્રી જિનરાજ રૂપથી સમ્યગ્ દર્શન ધરે, ચરિત્રથી રૂ પામોરે. મુજ એ આંકણી
એ શ્રીચંદ્ર ચરિત્રને ભણતાં, અનુભવ આવી મળે છે.
તરનાર તરે મન ધરતે, એક નિર્મળ મન હૃદયરે.

મુજ ૧

વિવિધ ગ્રન્થના ભાવ ગ્રહીને, સાર પરે સંકલીયો,
નવ રસ યદ્યપિ એમાં દીસે, પણ નવમા રસમાં ભળીયોરે. મુજ. ૩

દર્શન જ્ઞાન સ્વરૂપ છે એમાં, નહીં કિહાં વયણે ખળીયો,
પણ મૂઢને મન તેહ ન ભીંજે, જેમ ધનજ્યે મગ સળીયોરે. મુજ. ૪

પંચાંગી સંમત ગીતારથ, અભ્યાસી પથ તળિયો,
અહો અર્થ જેમ અદત્ત ન લાગે, જ્ઞાની ન હોયે છલ છળીયો. મુજ. ૫

ખળ અંતર મીઠાશ ન ધારે, જેમ જેમ પીલુનો કળીયો,
ઉપકૃતિ ન કરે ને કરતાં વારે, જેમ તરૂવર બાવળિયો. મુજ. ૬

સજ્જન સજ્જનતા નવિ મૂકે, જેમ અગર અગ્નિપર જળિયો,
ચંદન ઉધો કરે સુરભિતા, જે વાંસલો લઈ નિર્દલિયો. મુજ. ૭

સુસ્વર સુકવિને હૃદય વિકસ્વર, તસ મુખથી સાંભળિયો,
અધિક સ્વાદ દીયે સાકર લવે, મિશ્રિત મોદક દળીયો. મુજ. ૮

મૂઢ રહે એ સુણિને કોરો, ભોર માંહે જેમ ઠળિયો,
સ્યાદ્વાદનું રૂપ લહે નવિ, આપમતિ બાકુલિયો. મુજ. ૯

શ્રોતા જન નિસુણીને હર્ષે, જેમ જોઈ જળધિ ઉછળિયો,
અજ્ઞાની એમાં મુંઝાયે, જેમ ગોધો પંકે કળિયો. મુજ. ૧૦

મારે તો ગુરૂ ચરણ પસાયે, અનુભવ આવી મળીયો,
વિશેષે ગુણિના ગુણ ભણતાં, મન માંહે ઘી ઢળિયો. મુજ. ૧૧

અંતર ભાવ ન સૂઝે તેને, જે હોયે મોહે છળિયો,
તેહ સદાગમ સચિત્ર પસાયે, મિથ્યા ભ્રાંતિ તમ ટળિયો. મુજ. ૧૨

એહ ચરિત્ર પવિત્ર ભણંતે, આજે દહાડો વળિયો,
જ્ઞાનવિમલસૂરિ ચરણ કૃપાથી, મંગળ કમળા મળિયો. મુજ. ૧૩

॥ સમાપ્ત. ॥

૩૧ શ્રી દેશોન્નતિનો સરળ માર્ગ	...૦-૨-૬	૦
૩૨ શ્રી મુંહપત્તી સંગ્રહ	...૦-૨-૦	૦
૩૩ શ્રી શામ્યશતકમ્	...૦-૫-૦	૦
૩૪ શ્રી સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો સંવાદ	...૦-૧-૩	૦
૩૫ શ્રી જૈન શાળોપયોગી અંકગણિત ભાગ ૧ લો ...	...૦-૧-૬	૦
૩૬ શ્રી પ્રવેશ પોથી ભાગ ૧ લા ૨ જાના અર્થ ...	...૦-૧-૦	૦
૩૭ શ્રી તપાગચ્છીય સાર્થ પંચપ્રતિક્રમણ સૂત્ર (પૂર્તિ)...	...૦-૬-૦	૦
૩૮ શ્રી મુક્તિસુંદરીનો સ્વયંવર	...૦-૩-૦	૦
૩૯ શ્રી જૈન શાળોપયોગી ગુજરાતી લઘુ વ્યાકરણ ...	...૦-૨-૬	૦-
૪૦ શ્રી આનંદ રત્નાવળી	...૦-૨-૬	૦-
૪૧ શ્રી જૈન બાળ ગરબાવળી	...૦-૨-૬	૦-
૪૨ શ્રી દાનવીર રત્નપાળ	પાકું ૦-૧૨-૦	
,, ...	કાચું ૦-૮-૦	૦-
૪૩ શ્રી જૈન ઇતિહાસ	પાકું ૦-૧૦-૦	૦-
,, ...	કાચું ૦-૬-૦	૦-
૪૪ શ્રી જૈન સતી મંડળ ભાગ ૧ લો	પાકું ૧-૪-૦	૦-
,, ...	કાચું ૧-૦-૦	
૪૫ શ્રી તત્ત્વનિર્ણય પ્રાસાદ...	પાકું ૧-૨-૦	
,, ...	કાચું ૦-૧૪-૦	૦-
૪૬ શ્રી ઉપદેશ રત્નાકર ભાગ ૧ લો...	પાકું ૧-૧૨-૦	
,, ...	કાચું ૧-૮-૦	૦-
૪૭ [illegible] સાથ પંચપ્રતિક્રમણ [illegible] ...	પાકું ૧-૦-૦	૦-
,, ...	કાચું ૦-૧૨-૦	

આ પુસ્તકો પડતર કિંમતે કરતાં ઓછી કિંમતે વેચાય છે, માટે દરેક [illegible] [illegible] [illegible] ખરીદ કરશો, એવી આશા છે. [illegible] [illegible] [illegible]; માટે [illegible] [illegible] [illegible] [illegible]

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ—પાલીતાણા

જૈન બુકસેલર મેઘજી હીરજી,

ઠે૦ [illegible] [illegible] [illegible]—મુંબઈ